આચાર્ય શ્રી હસ્તીમલજી પ્રણિત

# જૈન ધર્મ નો મૌલિક ઇતિહાસ

પ્રથમ ભાગ

સંક્ષિપ્ત આવૃત્તિ

## તીર્થંકર ખંડ

# જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ

(સંક્ષિપ્ત)

પ્રથમ ભાગ : તીર્થંકર ખંડ


મૂળ રચના

લેખક અને નિર્દેશક

**આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજ**

**સંપાદક મંડળ**

આચાર્ય દેવેન્દ્રમુનિ, મુનિ લક્ષ્મીચંદજી

પં. શશીકાંત ઝા, ડૉ. નરેન્દ્ર ભાનાવત

ગજસિંહ રાઠૌડ



**પ્રકાશક**

**સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ**

**જયપુર**

## આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજ પ્રણિત

પુસ્તક : જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ (સંક્ષિપ્ત)

પ્રથમ ભાગ : તીર્થંકર ખંડ

પ્રકાશક : સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ
દુકાન નં. ૧૮૨-૧૮૩ની ઉપર, બાપુ બજાર,
જયપુર-૩૦૨ ૦૦૩ ફોન : ૦૧૪૧-૨૫૭૫૯૯૭
ફેક્સ : ૦૧૪૧-૨૫૭૦૭૫૩

મુદ્રક : સસ્તું પુસ્તક ભંડાર
અમદાવાદ ફોન : ૦૭૯-૨૨૧૧૦૦૬૨

© : સર્વાધિકાર સુરક્ષિત

નિર્ણય : 2010 (આચાર્ય હસ્તી જન્મ શતાબ્દી)

પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨

મૂલ્ય : ₹. 75/-

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય - શીર્ષક | પાના નં. |
|---|---|---|
| ૧. | પ્રકાશકીય : અપૂર્વ નિર્ણય | ૧ |
| ૨. | પોતાની વાત : ધાર્મિક ઈતિહાસ નું આકર્ષણ | ૮ |
| ૩. | સંપાદકીય : ભગીરથ પ્રયાસ | ૨૪ |
| ૪. | કાળચક્ર અને કુલકર | ૨૯ |
| ૫. | ભગવાન શ્રી ઋષભદેવ | ૩૪ |
| ૬. | પ્રથમ ચક્રવર્તી ભરત | ૬૫ |
| ૭. | ભગવાન શ્રી અજિતનાથ | ૮૫ |
| ૮. | ચક્રવર્તી સગર | ૯૭ |
| ૯. | ભગવાન શ્રી સંભવનાથ | ૯૯ |
| ૧૦. | ભગવાન શ્રી અભિનંદન | ૧૦૨ |
| ૧૧. | ભગવાન શ્રી સુમતિનાથ | ૧૦૪ |
| ૧૨. | ભગવાન શ્રી પદ્મપ્રભ | ૧૦૯ |

| ક્રમ | વિષય - શીર્ષક | પાના નં. |
|---|---|---|
| ૧૩. | ભગવાન શ્રી સુપાર્શ્વનાથ | ૧૧૧ |
| ૧૪. | ભગવાન શ્રી ચંદ્રપ્રભ | ૧૧૩ |
| ૧૫. | ભગવાન શ્રી સુવિધિનાથ | ૧૧૫ |
| ૧૬. | ભગવાન શ્રી શીતલનાથ | ૧૧૭ |
| ૧૭. | ભગવાન શ્રી શ્રેયાંસનાથ | ૧૧૯ |
| ૧૮. | ભગવાન શ્રી વાસુપૂજ્ય | ૧૨૨ |
| ૧૯. | ભગવાન શ્રી વિમલનાથ | ૧૨૪ |
| ૨૦. | ભગવાન શ્રી અનંતનાથ | ૧૨૬ |
| ૨૧. | ભગવાન શ્રી ધર્મનાથ | ૧૨૮ |
| ૨૨. | ચક્રવર્તી મઘવા | ૧૩૦ |
| ૨૩. | ચક્રવર્તી સનતકુમાર | ૧૩૧ |
| ૨૪. | ભગવાન શ્રી શાંતિનાથ | ૧૩૪ |
| ૨૫. | ભગવાન શ્રી કુંથુનાથ | ૧૩૮ |
| ૨૬. | ભગવાન શ્રી અરનાથ | ૧૪૦ |
| ૨૭. | ભગવાન શ્રી મલ્લિનાથ | ૧૪૨ |
| ૨૮. | સુભૂમ ચક્રવર્તી | ૧૫૮ |
| ૨૯. | ભગવાન શ્રી મુનિસુવ્રત | ૧૬૨ |
| ૩૦. | ચક્રવર્તી મહાપદ્મ | ૧૬૩ |
| ૩૧. | ભગવાન શ્રી નમિનાથ | ૧૬૭ |
| ૩૨. | ચક્રવર્તી હરિષેણ | ૧૬૯ |
| ૩૩. | ચક્રવર્તી જયસેન | ૧૭૦ |
| ૩૪. | ભગવાન શ્રી અરિષ્ટનેમિ | ૧૭૧ |
| ૩૫. | બ્રહ્મદત્ત ચક્રવર્તી | ૨૩૨ |
| ૩૬. | ભગવાન શ્રી પાર્શ્વનાથ | ૨૫૫ |
| ૩૭. | ભગવાન શ્રી મહાવીર | ૨૮૭ |
| ૩૮. | પૂજ્ય આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજનો સંક્ષિપ્ત પરિચય | ૪૧૩ |
| ૩૯. | સંદર્ભ ગ્રંથ સૂચિ | ૪૧૬ |
| ૪૦. | વિદ્વાનોના લેખ | ૪૨૩ |

## બે શબ્દ

'જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ'ના એકથી ચાર ભાગનું ગુજરાતી અનુવાદ પ્રકાશનનો આ પ્રસંગ જૈન સાહિત્યના ઈતિહાસનો અપૂર્વ અવસર છે. સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ - જયપુર દ્વારા હિન્દીમાંથી ગુજરાતી અનુવાદનો પ્રકલ્પ હાથ ધરાયો હતો. વર્તમાન આચાર્ય પ. પૂ. ૧૦૦૮ શ્રી હીરાચન્દ્રજી મહારાજ સાહેબ આદિ સંતોની અવિરત અમીદૃષ્ટિનું જ આ પરિણામ કે પૂજ્ય આચાર્ય શ્રી તથા સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળના સંપાદક મંડળે આ મૂલ્યવાન ઈતિહાસ ગ્રંથોના ગુજરાતી સંક્ષિપ્ત સંસ્કરણની જવાબદારી અમને સોંપી. જૈનશાસનની સેવાના આ સાહિત્યયજ્ઞમાં જોડાવાનું અમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું એ અમારા જીવનનું નોંધપાત્ર પ્રકરણ છે. દેવ-ગુરુ-ધર્મની કૃપા વગર ચિરકાલીન મૂલ્ય ધરાવતાં કાર્યોમાં સહભાગી થવાનું શક્ય બનતું નથી.

પ્રસ્તુત ગુજરાતી ગ્રંથ પ્રાગટ્ય પર્વે આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. અનુવાદકાર્ય કે પ્રકાશનમાં ક્યાંય ક્ષતિ કે દોષ રહી ગયો હોય તો તે અમારો છે. સહૃદય અભ્યાસુ, ભાવકો, શ્રાવકો અમારી ક્ષતિ તરફ ધ્યાન દોરશે તો અમને ગમશે. વિરલ જ્ઞાનયાત્રાના સહયાત્રી બનવાનું સહુને ભાવપૂર્વક નિમંત્રણ છે.

આપના કરકમળમાં સંક્ષિપ્ત સંસ્કરણ છે. વિશેષ અભ્યાસ કરવા ઈચ્છતા ભાવકે મૂળ ઈતિહાસ ગ્રંથો વાંચવા અમારો વિનમ્ર અનુરોધ છે.

પ્રાતઃ સ્મરણ, પ. પૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી હીરાચન્દ્રજી મહારાજ સાહેબ આદિ સંતોની અભિવંદના સાથે સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળના વરિષ્ઠોનો આભાર માની વિરમું છું.

આભાર

**પાલડી, અમદાવાદ**
**તા. ૨૮-૧-૨૦૧૨,**
**મહા સુદ-૫ (વસંત પંચમી)**

**- પદમચંદ જવાહરલાલ કોઠારી**
**- ચેનરાજ જવાહરલાલ કોઠારી**

# પ્રકાશકીય

## અપૂર્વ નિર્ણય

ઈતિહાસ વસ્તુતઃ વિશ્વનાં કોઈ પણ દેશ, ધર્મ, સંસ્કૃતિ, સમાજ અથવા જાતિના અતીતને જોવા - સમજવાનું એકમાત્ર દર્પણ-તુલ્ય સાધન છે. કોઈ પણ ધર્મ, રાષ્ટ્ર કે જાતિના અભ્યુદય, ઉત્થાન, પતન અને પુનરુત્થાન તથા આધ્યાત્મિક ઉત્કર્ષ અને અપકર્ષમાં નિમિત્ત બનનારા લોક-નાયકોના જીવનવૃત્તનાં ક્રમબદ્ધ સંકલન, આલેખનનું નામ જ ઈતિહાસ છે. ઉદય, ઉત્થાન, પતનની પૃષ્ઠભૂમિ અને ઉત્કર્ષ તથા અપકર્ષની કારણ-ભૂત ઘટનાઓનું નિધાન હોવાના લીધે, ઈતિહાસને માનવતા તથા ભાવિ પેઢીઓ માટે દિશા-બોધક, પથ-પ્રદર્શક માનવામાં આવ્યું છે. ભૂતકાળમાં સુદીર્ઘ અતીતથી લઈને વર્તમાનમાં અદ્યાવધિ કયા ધર્મ, રાષ્ટ્ર, જાતિ અથવા વ્યક્તિએ કયા પ્રશસ્ત પથ ઉપર આરૂઢ થઈ, એના ઉપર નિરંતર પ્રગતિ કરીને ઉત્કર્ષના ઉચ્ચતમ શિખર ઉપર પોતાની જાતને અધિષ્ઠિત કરી અને કોણે ક્યારે-ક્યારે, ક્યા પ્રકારની સ્ખલનાઓ કરી, કેવા પ્રકારના કુપથ ઉપર આરૂઢ થઈ ધર્મ, સંસ્કૃતિ, રાષ્ટ્ર, સમાજ, જાતિ અથવા સ્વયંનું અધઃપતન કર્યું, રસાતલની તરફ પ્રયાણ કર્યું. ઈતિહાસમાં નિહિત આ તથ્યોમાંથી માર્ગદર્શન મેળવીને પ્રત્યેક વ્યક્તિ સમાજ અને રાષ્ટ્ર પ્રગતિના પ્રશસ્ત પથ ઉપર આરૂઢ થઈ પોતાની જાતને ઉન્નતિના ઉચ્ચતમ શિખર ઉપર પ્રતિષ્ઠાપિત કરી સમષ્ટિનું કલ્યાણ કરવામાં સક્ષમ થઈ શકે છે. આ જ કારણથી માનવ સભ્યતામાં ઈતિહાસનું મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું છે. ઈતિહાસ વાસ્તવમાં અતીતના અવલોકનનાં ચક્ષુ છે.

જે વ્યક્તિને પોતાનાં સંસ્કૃતિ, ધર્મ, રાષ્ટ્ર, સમાજ અથવા જાતિના ઈતિહાસનું જ્ઞાન નથી, જો એને ચક્ષુવિહીનની સંજ્ઞા આપવામાં આવે તો કોઈ અતિશયોક્તિ નથી. જે પ્રકારે ચક્ષુવિહીન (અંધ) વ્યક્તિ પથ-કુપથનું જ્ઞાન ન હોવાથી ડગલે ને પગલે વિપત્તિઓનો સામનો કરે છે અથવા પરાશ્રિત થઈને રહે છે, એ જ પ્રમાણે પોતાનાં ધર્મ, સમાજ, સંસ્કૃતિ અને જાતિના ઈતિહાસથી નિતાંત અનભિજ્ઞ વ્યક્તિ પણ, નથી સ્વયં ઉત્કર્ષના પથ ઉપર આરૂઢ થઈ શકતો કે નથી પોતાની સંસ્કૃતિ - ધર્મ, સમાજ અથવા જાતિને અભ્યુત્થાનની તરફ અગ્રેસર કરવામાં પોતાનું યોગદાન આપી શકતો આ બધાં તથ્યોથી એ જ નિષ્કર્ષ નીકળે છે કે

કોઈ પણ ધર્મ, સમાજ, સંસ્કૃતિ અથવા જાતિની સર્વતોમુખી ઉન્નતિના માટે એના સર્વાંગીણ શૃંખલાબદ્ધ ઈતિહાસનું હોવું અત્યંત આવશ્યક છે.

શ્રુતશાસ્ત્ર - પારગામી મહાન જૈનાચાર્ય પ્રારંભથી જ આ તથ્યથી સારી રીતે પરિચિત હતા. અતઃ એમણે પ્રથમાનુયોગ, ગંડિકાનુયોગ, નામાવલી આદિ ગ્રંથોમાં જૈન ધર્મના સંપૂર્ણ ઈતિહાસને સુરક્ષિત રાખ્યો. યદ્યપિ આ ત્રણેય ગ્રંથ કાળના પ્રભાવથી વિસ્મૃતિની ગહન-ગર્તામાં વિલીન થઈ ગયા અને આજે એમાંનો એક પણ ઉપલબ્ધ નથી, તથાપિ આ ગ્રંથોમાં જૈન ધર્મના ઈતિહાસથી સંબંધિત કયા-કયા તથ્યોનું પ્રતિપાદન કરવામાં આવ્યું હતું, એનો સ્પષ્ટ ઉલ્લેખ 'સમવાયાંગ સૂત્ર, નંદિસૂત્ર અને પઉમચરિયં'માં આજે પણ ઉપલબ્ધ છે. ઉત્તરવર્તી આચાર્યોએ પણ આ દિશામાં સમયે-સમયે નિર્યુક્તિઓ, ચૂર્ણિઓ, ચરિત્રો, પુરાણો, કલ્પો તથા સ્થવિરાવલીઓ આદિની રચના કરી જૈન ઈતિહાસની થાતી(થાપણ - પૂંજી)ને સુરક્ષિત રાખવામાં કોઈ પ્રકારની ત્રુટી નથી રાખી. આ ગ્રંથોમાં પ્રમુખ છે - 'પઉમચરિયં, કહાવલી, તિત્થોગાલીપઈન્નય, વસુદેવહિન્ડી, ચઉવન્નમહાપુરિસચરિયં, આવશ્યકચૂર્ણિ, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પરિશિષ્ટપર્વ, હરિવંશપુરાણ, મહાપુરાણ, આદિપુરાણ, હિમવંત સ્થવિરાવલી, પ્રભાવક ચરિત્ર, કલ્પસૂત્રીયા સ્થવિરાવલી, નંદિસૂત્રીયા સ્થવિરાવલી, દુસ્સમાં સમણસંઘથયં આદિ. આ ગ્રંથોની અતિરિક્ત ખારવેલના હાથી ગુફાના શિલાલેખ અને વિવિધ અન્ય સ્થાનોથી પ્રાપ્ત થયેલ શિલાલેખો અને તામ્રપત્રોમાં જૈન ઈતિહાસનાં મહત્ત્વપૂર્ણ તથ્ય યત્રતત્ર સુરક્ષિત રાખેલાં અથવા વિખરાયેલા પડેલા છે. આ ગ્રંથો અને શિલાલેખોની ભાષા સર્વસામાન્ય નથી, પણ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પ્રાચીન કન્નડ, તમિલ, તેલુગુ, મલયાલમ આદિ પ્રાંતીય ભાષાઓ છે. ઉપર લિખિત ગ્રંથોમાં જે ઐતિહાસિક તથ્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એ બધાનું સમોચિત અધ્યયન-ચિંતન પછી અત્યંત મહત્ત્વની સામગ્રીને કાળ-ક્રમાનુસાર વીણી-વીણીને લિપિબદ્ધ કરવાથી તીર્થંકરકાળના જૈન ધર્મનો ઈતિહાસ તો સર્વાંગીણ સુંદર રૂપે તરીને સામે આવે છે, પરંતુ તીર્થંકર કાળથી ઉત્તરવર્તીકાળનો વિશેષતઃ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણના પશ્ચાત્ લગભગ સાત શતાબ્દીઓ સુધીનો જૈન ધર્મનો ઈતિહાસ એવો પ્રચ્છન્ન, વિશૃંખલ, અંધકારપૂર્ણ, અજ્ઞાત અથવા અસ્પષ્ટ છે કે એને પ્રકાશમાં લાવવાનું સાહસ કોઈ વિદ્વાન નથી કરી શક્યો. જે કોઈ વિદ્વાને એનો પ્રયાસ કર્યો, પણ એણે પ્રયાસ પછી હતાશ થઈને એવું લખીને

વિશ્રામ લઈ લીધો કે - 'દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ'ના પશ્ચાત્ પાંચસો-છસ્સો (૫૦૦-૬૦૦) વર્ષનો જૈન ઈતિહાસ નિતાંત અંધકારપૂર્ણ છે. એને પ્રકાશમાં લાવવાના સ્રોત વર્તમાનમાં અનુપલબ્ધ છે.

જૈન ધર્મના સર્વાંગીણ ક્રમબદ્ધ ઈતિહાસનો આ અભાવ વસ્તુતઃ લાંબા સમયથી ખટકતો આવી રહ્યો હતો. એપ્રિલ - ૧૯૩૩માં આયોજિત અજમેરના બૃહદ્ સાધુ-સંમેલનમાં અનેક આચાર્યો અને શ્રાવક-શ્રાવિકાઓએ જૈન ધર્મના ઈતિહાસના નિર્માણની દિશામાં પ્રયાસ કરવાનો નિર્ણય લીધો. જૈન કૉન્ફરન્સે પણ એમનાં વાર્ષિક અધિવેશનોમાં આ ત્રુટીને પૂરી કરવા સંબંધમાં અનેક વખત પ્રસ્તાવ પસાર કર્યા, પણ આ દુસાધ્ય કાર્યને હાથમાં લેવાનું સાહસ કોઈએ પણ ન કર્યું, કારણ કે આ મહાન કાર્યને પૂરું કરવા માટે અથાગ પરિશ્રમ અને સાધના કરનારા કોઈ પુરુષાર્થી મનીષીની આવશ્યકતા હતી.

અંતતોગત્વા (આખરે) સન ૧૯૬૫માં યશસ્વિની રત્નવંશ શ્રમણ પરંપરાના આચાર્યશ્રી હસ્તીમલજી મહારાજે શ્રમસાધ્ય અને સમયસાધ્ય ઈતિહાસના નિર્માણના આ અતિ દુષ્કર કાર્યને દૃઢ સંકલ્પની સાથે એમના હાથમાં લીધું. સન ૧૯૬૫ અર્થાત્ સંવત ૨૦૨૨ના બાલોતરા ચતુર્માસ-કાળમાં મહામનીષી, લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજના નિર્દેશનમાં ન્યાયમૂર્તિ શ્રી ઈન્દ્રનાથ મોદી, જૈન ધર્મના શીર્ષ વિદ્વાન શ્રી દલસુખભાઈ માલવણિયા, ડૉ. નરેન્દ્ર ભાનાવત આદિ સાથે પરામર્શ કરીને ઈતિહાસ સમિતિનું ગઠન (રચના) કરવામાં આવ્યું. ન્યાયમૂર્તિ શ્રી મોદીને સમિતિના અધ્યક્ષ, શ્રી સોહનલાલ કોઠારીને મંત્રી અને શ્રી પૂનમચંદ બડેરને કોષાધ્યક્ષ નીમવામાં આવ્યા. ઈતિહાસ સમિતિ દ્વારા અનેક વિદ્વાન સંતોને ઈતિહાસનિર્માણના આ કઠિન કાર્યમાં સક્રિય સહયોગ આપવા માટે અનેક વખત વિનમ્ર પ્રાર્થનાઓ કરવામાં આવી.

બાલોતરા ચાતુર્માસની અવધિ સમાપ્ત થતાં જ આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજે આ ગુરુતર કાર્યને પૂરું કરવાના દૃઢ સંકલ્પની સાથે ગુજરાત તરફ વિહાર કર્યો. મરુસ્થળ અને ગુજરાત પ્રદેશમાં વિહાર કરતા-કરતા આચાર્યશ્રીએ પાટણ, સિદ્ધપુર, પાલનપુર, ખેડા, ખંભાત, લીંબડી, વડોદરા, અમદાવાદ વગેરે નગરોના શાસ્ત્રાગારો, પ્રાચીન હસ્તલિખિત જ્ઞાનભંડારોના અથાગ જ્ઞાન-સમુદ્રનું મંથન કર્યું, પ્રાચીન જૈન વાઙ્મયનું અધ્યયન કર્યું અને સહસ્રો પ્રાચીન ગ્રંથોમાંથી સારભૂત ઐતિહાસિક સામગ્રીનું અથાગ

પરિશ્રમથી સંકલન કર્યું, જે આજે 'વિનયચંદ્ર જ્ઞાનભંડાર શોધ સંસ્થાન, લાલભવન, જયપુર'માં સુરક્ષિત છે. સન ૧૯૬૬(સંવત ૨૦૨૩)ના અમદાવાદ ચાતુર્માસમાં ઇતિહાસલેખનનું કાર્ય પ્રારંભ કર્યું. પણ સન ૧૯૭૦ના જૂન મહિના સુધી આ કાર્યમાં અપેક્ષિત પ્રગતિ થઈ ન શકી. એનું એક મોટું કારણ એ હતું કે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને જૂની રાજસ્થાની (રાજસ્થાની-ગુજરાતી મિશ્રિત) ભાષાઓમાં નિર્બાધ ગતિ રાખવાવાળો એવો કોઈ વિદ્વાન ઇતિહાસ સમિતિને ન મળી શક્યો, જે આ ભાષાઓના સાહિત્યનું નિષ્ઠાપૂર્ણ અધ્યયન કરી, એમાંથી સારભૂત ઐતિહાસિક સામગ્રીને આચાર્યશ્રીની સામે પ્રસ્તુત કરી શકે. આ તરફ આચાર્યશ્રી સ્વયં સામગ્રીના સંકલન, આલેખન અને ચિંતન-મનનમાં નિરત (મગ્ન) રહ્યા. એમણે એમના ગુજરાત પ્રદેશના વિહારકાળમાં વિભિન્ન જ્ઞાનભંડારોમાં ઉપલબ્ધ મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક પટ્ટાવલીઓનું ચયન અને સંશોધન કર્યું તથા એમના આધારે એક સંક્ષિપ્ત, ક્રમબદ્ધ અને ઐતિહાસિક કાવ્યની રચના કરી. એ પટ્ટાવલીઓમાંથી લગભગ અડધી સામગ્રીનું ડૉ. નરેન્દ્ર ભાનાવતના સંપાદનમાં ઇતિહાસ સમિતિએ સન ૧૯૬૮માં 'પટ્ટાવલી પ્રબંધ સંગ્રહ' નામક ગ્રંથનું પ્રકાશન કર્યું.

મહાપુરુષો દ્વારા ચિંતિત સર્વાંગી-હિતનાં કાર્યો વધુ સમય સુધી અવરૂદ્ધ (અવરોધાયેલું/રોકાયેલું) નથી રહેતા, એ ચિર સત્ય ૧૯૭૦ના મે મહિનામાં આચાર્યશ્રીના જયપુર નગરમાં શુભાગમનની સાથે ચરિતાર્થ થયું. જૈન પ્રાકૃત, અપભ્રંશ વગેરે બધી પ્રાચ્ય ભાષાઓનું સમુચિત જ્ઞાન રાખનારા જે વિદ્વાનની છેલ્લા પાંચ-છ વર્ષોથી શોધ હતી, તે વિદ્વાન અનાયાસે જ મળી ગયા. રાજસ્થાન વિધાનસભાના એ દિવસો દરમિયાન નિવૃત્તિ પામેલા શ્રી ગજસિંહ રાઠૌડ, (જૈન ન્યાય-વ્યાકરણ તીર્થ, સિદ્ધાંત વિશારદ) ઇતિહાસના સંપાદનનું કાર્ય સંભાળ્યું.

'સમવાયાંગ, આચારાંગ, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ' આદિ શાસ્ત્ર, 'આવશ્યક ચૂર્ણિ, ચઉવન્નમહાપુરિસચરિયં, વસુદેવહિન્ડી, તિલોયપણ્ણત્તી, સત્તરિસયદ્વાર, પઉમચરિયં, ગચ્છાચારપઈણ્ણય, અભિધાનરાજેન્દ્રકોષ (૭ ભાગ), ષટ્ખંડાગમ, ધવલા, જયધવલા' વગેરે અનેક પ્રાકૃત ગ્રંથો, સર મોન્યોરની 'મોન્યોર-મોન્યોર સંસ્કૃત ટૂ ઇંગ્લિશ ડિક્શનરી' આદિ આંગ્લ ભાષાના ગ્રંથો, 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, આદિપુરાણ, મહાપુરાણ, વેદવ્યાસનાં બધાં પુરાણોની સાથે સાથે હરિવંશપુરાણ' આદિ સંસ્કૃત ગ્રંથો અને પુષ્પદંતના 'મહાપુરાણ' આદિ અપભ્રંશના ગ્રંથોનું આડોલન (અવલોકન)

કરવામાં આવ્યું અને પછી અલ્પ સમયમાં જ મેડતા ચાતુર્માસાવધિ સમાપ્ત થતા જ 'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ' પ્રથમ ભાગની પાંડુલિપિને પ્રેસમાં આપી દેવામાં આવી. પ્રથમ ભાગ પૂર્ણ થતાં જ મેડતા ધર્મસ્થાનમાં ઇતિહાસના દ્વિતીય ભાગના આલેખનનો પ્રારંભ કરી દેવામાં આવ્યો.

જૈન ધર્મના ઇતિહાસના અભાવની ચતુર્થાંશ પૂર્તિમાત્રથી જ આચાર્યશ્રીને ઘણો હર્ષ થયો, જૈનસમાજમાં હર્ષની લહેર તરંગિત થઈ ઊઠી અને જૈન ઇતિહાસ સમિતિનો ઉત્સાહ સો ગણો વધી ગયો. પ્રથમ ભાગના પ્રકાશનની સાથે-સાથે જ એના અંતિમ અંશને સમિતિએ 'ઐતિહાસિક કાળના ત્રણ તીર્થંકર'નામથી પૃથક્ ગ્રંથના રૂપમાં પ્રકાશિત કરાવ્યો. જૈન-અજૈન બધી પરંપરાના વિદ્વાનોએ મુક્તકંઠે આ ઐતિહાસિક કૃતિ અને કૃતિકાર આચાર્યશ્રીની ખૂબ-ખૂબ પ્રશંસા કરી. આચાર્યશ્રીએ એમની લેખનીના ચમત્કારથી ઇતિહાસ જેવા નીરસ વિષયને પણ એવો સરસ અને સંમોહક બનાવી દીધો કે સહસ્રો શ્રદ્ધાળુ અને સ્વાધ્યાયી પ્રતિદિન એનું પારાયણ (પઠન) કરે છે.

સન ૧૯૭૪માં આચાર્યશ્રીએ 'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ' બીજો ભાગ પણ પૂર્ણ કરી દીધો, જેને ઇતિહાસ સમિતિએ ૧૯૭૫માં પ્રકાશિત કર્યો. એનું પણ જૈન ધર્મમાં વ્યાપક સ્વાગત થયું. આ ગ્રંથ સંબંધમાં જૈન વિદ્વાન શ્રી દલસુખભાઈ માલવણિયાએ એમના આંતરિક ઉદ્‌ગાર નિમ્નલિખિત શબ્દોમાં વ્યક્ત કર્યા છે : "જૈન ધર્મના મૌલિક ઇતિહાસના રોચક પ્રકરણ અને આપની પ્રસ્તાવના વાંચી. તમે આ ગ્રંથમાં જૈન ઇતિહાસની ગૂંચવણોને ઉકેલવામાં જે પરિશ્રમ કર્યો છે, જેવી તટસ્થતા દેખાડી છે, તે દુર્લભ છે. ઘણા સમય સુધી તમારો આ ઇતિહાસ ગ્રંથ પ્રામાણિક ઇતિહાસના રૂપમાં કાયમ રહેશે. નવાં તથ્યોની સંભાવના હવે ઓછી જ છે. જે તથ્યો તમે એકત્ર કર્યાં છે અને એમને યથાસ્થાને ગોઠવ્યાં છે, તે એક સુજ્ઞ ઇતિહાસના વિદ્વાનનું યોગ્ય કાર્ય છે. આ ગ્રંથને વાંચીને તમારા પ્રત્યે જે આદર હતો, તેમાં વધારો થયો છે."

એક ગવેષક વિદ્વાન જ બીજા ગવેષક વિદ્વાનના શ્રમનું સાચું આકલન/ મૂલ્યાંકન કરી શકે છે. આચાર્યશ્રી અને એમની અમર ઐતિહાસિક કૃતિના વિષયમાં એનાથી વધુ શું લખી શકાય ?

સન ૧૯૭૫ના અંતિમ ચરણમાં 'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ' તૃતીય ભાગ માટે સામગ્રી એકઠી કરવાના કાર્યનો પ્રારંભ કરી દેવામાં આવ્યો, દેવર્દ્ધિક્ષમાશ્રમણના સ્વર્ગારોહણ પછી લગભગ સાતસો-આઠસો

(૭૦૦-૮૦૦) વર્ષો સુધી ભારતના વિભિન્ન ભાગોમાં ચૈત્યવાસી પરંપરાનું એકાધિપત્ય રહ્યું. એ સમયે ભગવાન મહાવીરની વિશુદ્ધ પરંપરાનાં સાધુ-સાધ્વીઓનું ભારતનાં જનપદોમાં વિચરણ તો દૂર, એમનાં પ્રવેશ માટે પણ રાજ્ય તરફથી પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. ફળસ્વરૂપ મૂળ પરંપરાનાં શ્રમણ-શ્રમણીઓ અને શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યા આંગળીઓના વેઢા પર ગણાય તેટલી જ રહી ગઈ હતી.

વિશુદ્ધ શ્રમણધર્મમાં મુમુક્ષુઓનું દીક્ષિત થવું તો દૂર, અનેક પ્રાંતોમાં વિશુદ્ધ શ્રમણાચારનું નામ સુધ્ધાં લેવાનું લોકો ભૂલી ગયા હતા. નવોદિત ચૈત્યવાસી પરંપરાને જ લોકો ભગવાનની મૂળ વિશુદ્ધ પરંપરા માનવા લાગ્યા હતા. એ સંક્રાંતિકાળમાં વિશુદ્ધ મૂળ પરંપરા ક્ષીણથી ક્ષીણતર થઈ, લુપ્ત તો નહિ, પરંતુ સુપ્ત અથવા ગુપ્ત થઈ ગઈ હતી.

આ રીતે જે ચૈત્યવાસી પરંપરાએ ભગવાન મહાવીરની વિશુદ્ધ મૂળ પરંપરાને પૂર્ણતઃ નષ્ટ કરવાનો લગભગ સાતસો-આઠસો વર્ષ સુધી નિરંતર પ્રયાસ કર્યો. એમની પટ્ટ-પરંપરાઓને નષ્ટ કરી, એમનાં સ્મૃતિ-ચિહ્ન સુધ્ધાં ભૂંસવાનો પ્રયાસ કર્યો. અંતતોગત્વા (આખરે) એ ચૈત્યવાસી પરંપરા સ્વયં વીર નિર્વાણની વીસમી સદી આવતા-આવતા આ ધરાતળથી વિલુપ્ત થઈ ગઈ. સાતથી આઠ શતાબ્દીઓ સુધી દેશમાં ઘણા મોટા પ્રમાણમાં છવાયેલી રહેવા છતાં પણ એની માન્યતાના ગ્રંથ, પટ્ટાવલી વગેરેના રૂપમાં કોઈ પણ સાક્ષ્ય અથવા પ્રમાણ આજે ઉપલબ્ધ નથી. આ જ કારણોસર દેવર્દ્ધિક્ષમાશ્રમણના પશ્ચાદ્‌વર્તી કાળના ઇતિહાસની કડીઓને શોધવા અને એને શૃંખલાબદ્ધ અને ક્રમબદ્ધ કરવામાં ભારે પરિશ્રમ કરવો પડ્યો, અનેક કઠણાઈઓ સહન કરવી પડી, પરંતુ પંન્યાસ શ્રી કલ્યાણ વિજયજી મહારાજ દ્વારા લખવામાં આવેલી અનેક નોટબુકોને સૂક્ષ્મ અને શોધદૃષ્ટિથી વાંચવાથી વિશુદ્ધ મૂળ પરંપરાના કેટલાક સંકેત મળ્યા. મહાનિશીથ, તિત્થોગાલીપઈન્નય, જિનવલ્લભસૂરિસંઘપટ્ટક, મદ્રાસ વિશ્વ-વિદ્યાલયમાં અવસ્થિત ઓરિએન્ટલ મેન્યુસ્ક્રિપ્ટ્સ લાઈબ્રેરી, મેકેન્જી કલેક્શન આદિ તેમજ જૂના જર્નલ્સના અધ્યયનથી વી. નિ. સં. ૧૦૦૦ થી ૨૦૦૦ સુધીના તિમિરાચ્છન્ન(અંધકારભર્યા)કાળથી સંબંધિત કેટલીક ઐતિહાસિક સામગ્રી પ્રાપ્ત થઈ. યાપનીય સંઘ સંબંધમાં ખોજ (શોધ) કરતી વખતે ભટ્ટારક પરંપરાના ઉદ્‌ભવ અને વિકાસ સંબંધમાં ૩૪૯ શ્લોકોનો એક ગ્રંથ મેકેન્જીના સંગ્રહમાં પ્રાપ્ત થયો. કર્ણાટકમાં યાપનીય સંઘ સંબંધમાં પણ થોડાં ઘણાં ઐતિહાસિક તથ્યો મળ્યાં. આ બધાંને આધાર બનાવી જૈન ઇતિહાસના ચારેય ભાગ પ્રકાશિત કરવામાં આવ્યા.

આ ગ્રંથના પ્રણયન-પરિવર્દ્ધન-પરિમાર્જનમાં શ્રદ્ધેય આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજે જે પ્રયાસ કર્યો, કલ્પનાતીત શ્રમ કર્યો, એના માટે એ મહાસંત પ્રત્યે આંતરિક આભાર પ્રગટ કરવા માટે કોષમાં ઉપયુક્ત શબ્દ જ નથી. સ્વ. આચાર્યશ્રીના સુશિષ્ય વર્તમાન આચાર્ય શ્રી હીરાચંદ્રજી મહારાજ આદિએ આ વિરાટકાર્યમાં ઘણા શ્રમની સાથે જે એમનો અમૂલ્ય સમય આપ્યો, એના માટે અમે આચાર્યશ્રી પ્રત્યે હાર્દિક આભાર પ્રગટ કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાળાના પ્રધાન સંપાદક શ્રી ગજસિંહ રાઠૌડે સંપાદન, તથ્યાન્વેષણ આદિમાં જે નિષ્ઠાપૂર્વક સહયોગ આપ્યો છે, એને ક્યારેય ભૂલી નહિ શકાય.

'જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ' સુવિધાની દૃષ્ટિથી ચાર ખંડો(ભાગો)માં પ્રકાશિત કરવામાં આવ્યો છે અને દરેક ભાગ ૮૫૦ થી ૯૦૦ પૃષ્ઠોનો છે. ચારેય ભાગોનાં કેટલાંયે સંસ્કરણ પ્રકાશિત થઈ ચૂક્યાં છે.

ઘણા સમયથી થઈ રહેલ વિદ્વાનો અને જિજ્ઞાસુઓની માંગના લીધે સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળે 'જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ'ના ચાર ભાગોનું સંક્ષિપ્ત સારરૂપ સંસ્કરણ હિંદી, અંગ્રેજી તેમજ ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવાનો અભૂતપૂર્વ નિર્ણય લીધો, પરિણામસ્વરૂપે પ્રથમ ખંડનું આ સંક્ષિપ્ત રૂપ ગુજરાતી ભાષામાં પાઠકોનાં હસ્તકમળોમાં સોંપતા અમને ઘણી પ્રસન્નતા થઈ રહી છે. ગુજરાતી ભાષામાં 'જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ' પ્રકાશન કરવામાં અ.ભા.રત્ન હિતૈષી શ્રાવક સંઘના રાષ્ટ્રીય ઉ. પ્રમુખ શ્રી પદમચંદજી. જે. કોઠારી તથા તેમના ભ્રાતાશ્રી ચેનરાજજી જે. કોઠારી અમદાવાદ વાળાઓએ, શુદ્ધીકરણ તથા પ્રકાશન કામ, પ્રુફરીડિંગ, શુદ્ધીકરણમાં જે સહયોગ કર્યો છે તે પ્રત્યે અમે હાર્દિક કૃતજ્ઞતા જ્ઞાપિત કરીએ છીએ.

આ પ્રથમ ખંડના હિંદી સંક્ષિપ્તીકરણમાં અમને શ્રી રામગોપાલ મિશ્રા અને શ્રી દિલીપકુમાર વયા 'અમિત'નો સહયોગ પ્રાપ્ત થયો. સાહિત્યકાર ડૉ. દિલીપ ધીંગે એનું સંપાદન કર્યું. શ્રી ભૂપેન્દ્ર જૈને ટાઇપ-સેટિંગ કર્યું. બધા સહયોગકર્તાઓ પ્રત્યે અમે હાર્દિક કૃતજ્ઞતા જ્ઞાપિત કરીએ છીએ.

| | | |
|---|---|---|
| **પી. શિખરમલ સુરાણા** | **સંપતરાજ ચૌધરી** | **વિરદરાજ સુરાણા** |
| **અધ્યક્ષ** | **કાર્યાધ્યક્ષ** | **મંત્રી** |

**સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ**

## પોતાની વાત

### ધાર્મિક ઇતિહાસનું આકર્ષણ

*- આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજ*

કોઈ પણ દેશ, જાતિ, ધર્મ અથવા વ્યક્તિના પૂર્વકાલીન ઈતિવૃત્તને ઈતિહાસ કહેવામાં આવે છે, મહાપુરુષોનો મહિમા પ્રગટ કરતી ભાવિ પેઢીને તદનુકૂળ આચરણ/અનુગમન કરવાની પ્રેરણા પ્રદાન કરવાની ભાવના જ ઈતિહાસ-લેખનનો ઉદ્દેશ્ય છે. ધાર્મિક ઈતિહાસની ઉપલબ્ધિ અન્ય વિષયોના ઈતિહાસના સમાન પ્રચુર માત્રામાં દષ્ટિગોચર નથી થતી, પરિણામસ્વરૂપે અધિકાંશતઃ લોકો એવું જ સમજે છે કે જૈન ધર્મનો કોઈ પ્રાચીન અને પ્રામાણિક ઈતિહાસ ઉપલબ્ધ નથી. વાસ્તવમાં એવી વાત નથી. જૈન ધર્મના ઈતિહાસ ગ્રંથ યદ્યપિ ચિરકાળથી ઉપલબ્ધ છે, તથાપિ પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં આબદ્ધ હોવાના લીધે તથા ઐતિહાસિક ઘટનાઓનું આલેખન ક્રમબદ્ધ ન હોવાના લીધે સર્વસાધારણ માટે આકર્ષક અને સર્વપ્રિય ન બની શક્યા. સાથે જ સાંસારિક દશ્યો, મોહક પદાર્થો તથા માનવજીવનના સ્થૂલ વ્યવહારો પ્રત્યે પાઠકોનું જેવું આકર્ષણ હોય છે, એવું ધર્મ અથવા ધાર્મિક ઈતિહાસ પ્રત્યે નથી હોતું.

### જૈન ધર્મનો ઇતિહાસ

ધર્મનો સ્વતંત્ર ઈતિહાસ નથી હોતો. ધાર્મિક મહાપુરુષોના જીવન અને એમના ઉપદેશ જ ધર્મના પરિચાયક છે. ધાર્મિક માનવોનો ઈતિહાસ જ ધર્મનો ઈતિહાસ છે. ધાર્મિક પુરુષોમાં આચાર-વિચાર, એમનો દેશમાં પ્રચાર-પ્રસાર અને વિસ્તારનું ઈતિવૃત્ત જ ધર્મનો ઈતિહાસ છે. સમ્યક્ વિચાર અને સમ્યક્ આચારથી રાગાદિ દોષોને જીતવાનો માર્ગ જ જૈન ધર્મ છે. ધર્મના અસ્તિત્વના વિષયમાં શાસ્ત્રકારોએ કહ્યું છે કે - 'જેમ પંચાસ્તિકાયાત્મક લોક હંમેશને માટે છે, એ જ પ્રકારે આચારાંગ આદિ દ્વાદશાંગી ગણિપિટક રૂપ સમ્યક્શ્રુત પણ અનાદિ છે. આ અવસર્પિણી કાળની અપેક્ષાથી ભોગયુગ પછી ધર્મનો આદિકાળ અને દૂષમકાળના અંતે ધર્મવિચ્છેદ થવાથી એનો અંતકાળ પણ કહી શકાય છે. આ ઉદ્ભવ અને અવસાનની મધ્યની અવધિનું ધાર્મિક ઈતિવૃત્ત જ ધર્મનો પૂર્ણ ઈતિહાસ છે.

પ્રસ્તુત ઇતિહાસ ભારતવર્ષ અને આ અવસર્પિણી કાળની દૃષ્ટિથી છે. અવસર્પિણી કાળના તૃતીય આરકના અંતે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ થયા અને એમનાથી જ દેશમાં વિધિપૂર્વક શ્રુતધર્મ અને ચારિત્રધર્મનો પ્રાદુર્ભાવ થયો, અતઃ ક્ષેત્ર તથા કાળની દૃષ્ટિથી એને જૈન ધર્મનો આદિકાળ કહેવામાં આવ્યો છે.

## ગ્રંથનું નામકરણ

જૈન શાસ્ત્રો અનુસાર આ અવસર્પિણી કાળમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ અને ૯ પ્રતિવાસુદેવ એવા ૬૩ ઉત્તમ પુરુષ થયા છે. પ્રકૃતિના નિયમાનુસાર માનવસમાજના શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક સંરક્ષણ અને સંવર્ધન માટે લોકનાયક અને ધર્મનાયક બંનેનું નેતૃત્વ આવશ્યક માનવામાં આવ્યું છે. ચક્રી અથવા અર્ધચક્રી, જ્યાં માનવસમાજમાં વ્યાપ્ત પાપાચારનું દમન દંડભયથી કરે છે અને જનતાને નીતિમાર્ગ પર આરૂઢ કરે છે, ત્યાં ધર્મનાયક તીર્થંકર ધર્મતીર્થની સ્થાપના કરી ઉપદેશો દ્વારા લોકોનું હૃદય-પરિવર્તન કરી એમના મનમાં પાપની પ્રત્યે ઘૃણા ઉત્પન્ન કરે છે.

તીર્થંકર માનવના અંતરમનની આત્મશક્તિને જાગૃત કરી એને વિશ્વાસ અપાવે છે કે એનાં સુખ-દુઃખનો નિર્માતા એ પોતે છે. એવા તીર્થંકરોનો પ્રાચીન ગ્રંથોના આધારે અહીં પરિચય આપવામાં આવ્યો છે. અતઃ આ ગ્રંથનું નામ 'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ' રાખવામાં આવેલ છે.

## ઇતિહાસનો મૂળાધાર

ઇતિહાસલેખનમાં આધારભૂત પ્રાચીન ગ્રંથોનો મૂળભૂત આધાર દૃષ્ટિવાદ છે. દૃષ્ટિવાદના પાંચ ભેદોમાં ચોથો અનુયોગ જૈન ધર્મના ઇતિહાસનું મૂળ સ્રોત અથવા ઉદ્ભવસ્થાન માની શકાય છે. પ્રથમાનુ-યોગમાં - (૧) તીર્થંકરોના પૂર્વભવ (૨) દેવલોકમાં ઉત્પત્તિ (૩) આયુ (૪) ચ્યવન (૫) જન્મ (૬) અભિષેક (૭) રાજ્યશ્રી (૮) મુનિદીક્ષા (૯) ઉગ્રતપ (૧૦) કેવળજ્ઞાનોત્પત્તિ (૧૧) પ્રથમ પ્રવચન (૧૨) શિષ્ય (૧૩) ગણ અને ગણધર (૧૪) આર્યાપ્રવર્તિની (૧૫) ચતુર્વિધ સંઘનું પરિમાણ (૧૬) કેવળજ્ઞાની (૧૭) મનઃપર્યવજ્ઞાની (૧૮) અવધિજ્ઞાની (૧૯) શ્રુતજ્ઞાની (૨૦) વાદી (૨૧) અનુત્તરોપપાતવાળા (૨૨) ઉત્તર

વૈક્રિયવાળા (૨૩) સિદ્ધગતિને પ્રાપ્ત થનારા (૨૪) સિદ્ધિમાર્ગ (૨૫) પાદપોપગમનમાં તપની અંતક્રિયા કરવાવાળા, એમનું વર્ણન કરવામાં આવ્યું છે. આ જ પ્રકારના અન્ય પણ અનેક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

મૂળ પ્રથમાનુયોગની જેમ ગંડિકાનુયોગમાં કુલકર, તીર્થંકર, ચક્રવર્તી, દશાર્હ, બળદેવ, વાસુદેવ, ગણધર અને ભદ્રબાહુ ગંડિકાનું વર્ણન છે. એમાં હરિવંશ તથા ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળનું ચિત્રણ પણ કરવામાં આવ્યું છે. ઉપરોક્ત ઉલ્લેખોથી એ સ્પષ્ટ થઈ જાય છે કે જૈન ધર્મનો સંપૂર્ણ પ્રામાણિક ઇતિહાસ બારમા અંગ દૃષ્ટિવાદમાં વિદ્યમાન હતો. અતઃ ડૉ. હર્મન જેકોબીનો એ અભિમત છે કે - 'રામાયણની કથા જૈનોના મૂળ આગમમાં નથી, એ વાલ્મીકિય રામાયણ અથવા અન્ય હિંદુ ગ્રંથોમાંથી ઉધાર લેવામાં આવી છે,'' નિતાંત ભ્રાંતિપૂર્ણ અને નિરાધાર સિદ્ધ થાય છે.

પ્રથમાનુયોગ ધાર્મિક ઇતિહાસનું પ્રાચીનતમ શાસ્ત્ર અને જ્ઞાત-અજ્ઞાત્, ઉપલબ્ધ-અનુપલબ્ધ ગ્રંથોનું મૂળસ્રોત માનવામાં આવ્યું છે. આજે શ્વેતાંબર તથા દિગંબર પરંપરામાં, એના આગમ-ગ્રંથો અને 'આવશ્યક-નિર્યુક્તિ'માં યત્ર-તત્ર ઇતિહાસની જે ઝલક મળે છે, એ બધી પ્રથમાનુયોગની જ દેન છે. કાલપ્રભાવજન્ય ક્રમિક સ્મૃતિ-શૈથિલ્યના કારણે શનૈઃ શનૈઃ ચતુર્દશ પૂર્વોની સાથે-સાથે ઇતિહાસનો અક્ષય ભંડાર પ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ રૂપ એ શાસ્ત્ર આજે વિલુપ્ત થઈ ગયા.

## ઇતિહાસ લેખનમાં પૂર્વાચાર્યોનો ઉપકાર

'પ્રથમાનુયોગ' અને 'ગંડિકાનુયોગ'ના વિલુપ્ત થઈ જવા પછી જૈન ઇતિહાસને સુરક્ષિત રાખવાનું શ્રેય એકમાત્ર પૂર્વાચાર્યોની શ્રુતસેવાને છે. આગમાશ્રિત નિર્યુક્તિઓ, ચૂર્ણિ, ભાષ્ય અને ટીકા આદિ ગ્રંથોના માધ્યમથી એમણે જે ઉપકાર કર્યા છે, તે આજના ઇતિહાસ-ગવેષકો માટે ઘણા જ સહાયક સિદ્ધ થઈ રહ્યા છે. અહીં કેટલાક ગ્રંથકારો અને લેખકોનું કૃતજ્ઞતાવશ સ્મરણ કરવું આવશ્યક સમજીએ છીએ :

૧. **વિમલસૂરિએ** વી. નિ. સં. ૫૩૦માં ***'પઉમચરિયં'*** આદિ ગ્રંથોની રચના કરી.

૨. **યતિવૃષભે** વી. નિ. સં. ૧૦૦૦ પછી ***'તિલોયપણ્ણત્તી'*** આદિ ગ્રંથોની રચના કરી.

૩. આચાર્ય ભદ્રબાહુએ વી. નિ. સં. ૧૦૦૦ થી ૧૦૪૫ની વચ્ચે *'દશવૈકાલિક, આવશ્યક'* આદિ દસ સૂત્રો ઉપર નિર્યુક્તિની રચના કરી.

૪. સંઘદાસ ગણીએ વી. નિ. સં. ૧૦૦૦ થી ૧૦૫૫ની વચ્ચે *'બૃહત્કલ્પ ભાષ્ય'* અને *'વસુદેવહિન્ડી'*ની રચના કરી.

૫. જિનદાસ ગણી મહત્તરે વી. નિ. સં. ૧૨૦૩મા *'આવશ્યક'* અને *'નંદિ ચૂર્ણિ'* આદિ ગ્રંથોની રચના કરી.

૬. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વી. નિ. સં. ૧૨૦૩મા *'વિશેષાવશ્યક-ભાષ્ય'*ની રચના કરી.

૭. જિનસેને વી. નિ. સં. ૧૩૧૦મા *'આદિપુરાણ'* અને *'હરિવંશ-પુરાણ'*ની રચના કરી.

૮. આચાર્ય શીલાંકે વી. નિ. સં. ૧૩૯૫મા *'ચઉવન મહાપુરિસ-ચરિયં'*ની રચના કરી.

૯. આચાર્ય ગુણભંદ્રે વી. નિ. સં. ૧૪૨૫મા *'ઉત્તરપુરાણ'*ની રચના કરી.

૧૦. રવિષેણે વી. નિ. સં. ૧૪૪૮મા *'પદ્મપુરાણ'*ની રચના કરી.

૧૧. પુષ્પદંતે વી. નિ. સં. ૧૪૮૬ થી ૧૪૯૨માં અપભ્રંશ ભાષામાં *'મહાપુરાણ'* નામક ઇતિહાસ-ગ્રંથની રચના કરી.

૧૨. આચાર્ય હેમચંદ્રએ વી. નિ. સં. ૧૬૯૬-૧૬૯૯મા *'ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર'* ઇતિહાસ-ગ્રંથની રચના કરી.

૧૩. ધર્મસાગર ગણીએ વી. નિ. સં. ૧૯૩૪મા *'તપાગચ્છ પટ્ટાવલી સૂત્રવૃત્તિ'* નામક ઇતિહાસ-ગ્રંથની પ્રાકૃત-સંસ્કૃતમાં રચના કરી.

૧૪. ભદ્રેશ્વરે વી. નિ. સં.ની સત્તરમી શતાબ્દીમાં *'કહાવલી ગ્રંથ'*ની રચના કરી.

૧૫. અગસ્ત્ય સિંહે *'દશવૈકાલિક સૂત્ર'* ઉપર ચૂર્ણિની રચના કરી.

જાગૃત સંતો અને લેખકોએ અનેક સ્થવિરાવલીઓ, પટ્ટાવલીઓ વગેરે લખીને તેમજ અન્ય અનેક જ્ઞાત-અજ્ઞાત વિદ્વાનોએ પ્રાંતીય ભાષાઓમાં રચનાઓ કરીને ઇતિહાસની શ્રીવૃદ્ધિ કરી. આ બધાની પ્રત્યે અમે હૃદયથી કૃતજ્ઞતા પ્રગટ કરીએ છીએ.

## ઇતિહાસની વિશ્વસનીયતા

ઉપરોક્ત પર્યાલોચન પછી એમ દૃઢતાપૂર્વક કહી શકાય છે કે આપણો જૈન-ઈતિહાસ ઘણા ઊંડા સુદૃઢ પાયા પર ઊભેલો છે. આ કોઈ દંતકથા અથવા કલ્પનાના આધારે નહિ, પણ પૂર્વાચાર્યોની પ્રામાણિક અવિરત પરંપરાથી પ્રાપ્ત છે. અતઃ એની વિશ્વસનીયતામાં લેશમાત્ર પણ શંકાની શક્યતા નથી રહેતી. જેવું કે આચાર્ય વિમલસૂરિએ એમના 'પઉમચરિયં'માં લખ્યું છે -

**'નામાવલિય નિબદ્ધં આયરિયપરમ્પરાગયં સવ્વં ।**
**વોચ્છામિ પઉમ ચરિયં, અહાણુપુવ્વિં સમાસેણ ॥'**

અર્થાત્ 'આચાર્ય પરંપરાગત બધો ઈતિહાસ જે નામાવલીમાં નિબદ્ધ છે, તે સંક્ષેપમાં હું કહીશ.' એમણે ફરી કહ્યું છે -

'પરંપરાથી થતી આવેલી પૂર્વગ્રંથોના અર્થની હાનિ અને કાળનો પ્રભાવ સમજીને વિદ્વાનોએ ખિન્ન (ઉદાસ) ન થવું જોઈએ.' યથા -

**એવં પરમ્પરાએ પરિહાણિ પુવ્વગંથ અત્થાણં ।**
**નાઊણ કાલભાવં ન રુસિયવ્વં બહુજણેણં ॥**

એનાથી પ્રમાણિત થાય છે કે - 'પ્રાચીન સમયમાં નામાવલીના રૂપમાં સંક્ષિપ્ત રૂપે ઈતિહાસને સુરક્ષિત રાખવાની પદ્ધતિ બહુમાન્ય હતી. એ પ્રકારે નામાવલી-નિબદ્ધ ઈતિહાસ પ્રાચીન અને પ્રામાણિક હોવાથી એની વિશ્વસનીયતામાં કોઈ શંકા રહેતી નથી.'

## તીર્થંકર અને કેવળી

કેવળી અને તીર્થંકરોમાં વીતરાગતા અને જ્ઞાનની સમાનતા હોવા છતાં પણ અંતર છે. ઘાતી-કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાનનું ઉપાર્જન કરવાવાળો કેવળી કહેવાય છે. તીર્થંકરો જેવું જ એમનામાં કેવળજ્ઞાન અને કેવળદર્શન હોય છે, છતાં પણ તે તીર્થંકર નથી કહેવાતા. આદિનાથ ઋષભદેવથી વર્ધમાન મહાવીર સુધીના ચોવીસે-ચોવીસ અરિહંત કેવળી હોવાની સાથે-સાથે તીર્થંકર પણ છે. તીર્થંકર ત્રિજગતના ઉદ્ધારક હોય છે. તે સ્વકલ્યાણની સાથે-સાથે પરકલ્યાણની પણ વિશિષ્ટ યોગ્યતા રાખે છે. એમનો દેવ, દાનવ, માનવ, પશુ-પક્ષી બધાં ઉપર ઉપકાર હોય છે. તેઓ જન્મથી જ કેટલીક વિલક્ષણતાઓ લઈને આવે છે, જે કેવળીમાં નથી હોતી. જેમકે, તીર્થંકરના શરીર ઉપર ૧૦૦૮ લક્ષણ હોય છે, જે કેવળીમાં નથી હોતા. કેવળીમાં વિશિષ્ટ વાક્-અતિશય, નરેન્દ્ર-દેવેન્દ્ર કૃત પૂજાતિશય નથી હોતું. એમનામાં

અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચરિત્ર અને અનંત વીર્ય હોય છે; પણ મહાપ્રાતિહાર્ય નથી હોતું. તીર્થંકરોની સાથે (૧) અશોક વૃક્ષ, (૨) સુરકૃત પુષ્પવૃષ્ટિ, (૩) દિવ્ય ધ્વનિ, (૪) ચામર, (૫) સ્ફટિક સિંહાસન, (૬) ભામંડળ, (૭) દેવ દુંદુભિ અને (૮) છત્ર-ત્રય - એ અતિશય હોય છે, એને પ્રાતિહાર્ય કહે છે. તીર્થંકરની ૩૪ અતિશયમયી વિશેષતાઓ હોય છે. એમની વાણી પણ ૩૫ વિશિષ્ટ ગુણોવાળી હોય છે. તે અતિશય સામાન્ય કેવળીમાં નથી જોઈ શકાતાં.

## તીર્થંકરોનું બળ

તીર્થંકર ધર્મતીર્થના સંસ્થાપક અને સંચાલક હોય છે અતઃ એમનું વીર્યબળ જન્મથી જ અમિત હોય છે. એમનું બળ નરેન્દ્ર (ચક્રવર્તી) અને સુરેન્દ્ર કરતાં પણ અનેકગણું વધારે માનવામાં આવ્યું છે. વિશેષાવશ્યક ભાષ્ય અને નિર્યુક્તિમાં એને ઉપમા આપીને કહેવામાં આવ્યું છે, યથા વાસુદેવથી બેગણું બળ ચક્રવર્તીનું અને ચક્રવર્તી કરતાં પણ અપરિમિત બળ તીર્થંકરનું બતાવવામાં આવ્યું છે. ઉદાહરણાર્થ, કૂપ (કૂવો) તટ ઉપર બેઠેલા વાસુદેવને સાંકળો વડે બાંધીને સોળ હજાર રાજા એમની સેનાઓની સાથે બધી શક્તિ લગાવીને ખેંચે, ત્યારે પણ તે લીલા કરતા-કરતા બેસીને ભોજન કરતા રહે, તલમાત્ર પણ હાલે-ડોલે નહિ.

તીર્થંકરોનું બળ ઈન્દ્રોને પણ એટલા માટે જ હરાવી દે છે કે એમનામાં તન-બળની સાથે-સાથે અતુલ મનોબળ અને અદમ્ય આત્મબળ હોય છે. અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મમાં જેનું મન સદા રમમાણ રહે છે, એને દેવ પણ નમસ્કાર કરે છે, દેવ-દેવેન્દ્ર પણ એવા તીર્થંકરોની સેવામાં લાગી રહે છે. એવી સ્થિતિમાં કથા-સાહિત્યમાં નવજાત શિશુ વર્દ્ધમાન દ્વારા ચરણાંગુષ્ઠ(પગના અંગૂઠા)થી સુમેરુ પર્વતને પ્રકંપિત કરી નાખવાની વાતને ઈતિહાસ અસંભવ કે અતિશયોક્તિપૂર્ણ નથી કહી શકતું, કારણ કે તીર્થંકરનાં અતુલ બળ અને પરાક્રમ સમક્ષ આવી ઘટનાઓ સાધારણ સમજવી જોઈએ.

## તીર્થંકર અને ક્ષત્રિય કુળ

સાધના અને સિદ્ધાંતમાં તીર્થંકરોએ સર્વત્ર ગુણ, તપ અને સંયમની પ્રધાનતા બતાવી છે, ક્યાંયે જાતિ અથવા કુળની પ્રધાનતા નથી માની. એવી સ્થિતિમાં પ્રશ્ન ઊઠે છે કે તીર્થંકરોનો જન્મ ક્ષત્રિય કુળમાં જ શા માટે માનવામાં આવ્યો છે ? શું એમાં જાતિવાદની ગંધ નથી ?

બ્રાહ્મણ બ્રહ્મચર્ય - સત્ય - સંતોષપ્રધાન ભિક્ષાજીવી હોય છે, જ્યારે કે ક્ષત્રિય ઓજસ્વી, તેજસ્વી, રણક્રિયાપ્રધાન પ્રભાવશાળી હોય છે. ધર્મ-શાસનના સંરક્ષણ અને સંચાલનમાં સત્ય, શીલ આદિ ગુણોની સાથે-સાથે ઓજસ્વિતાની પણ આવશ્યકતા હોય છે. બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન વ્યક્તિ - શાંત, સુશીલ અને મૃદુ સ્વભાવવાળો હોય છે, તેજપ્રધાન નહિ. એના દ્વારા કરવામાં આવેલો અહિંસા-પ્રચાર પ્રભાવોત્પાદક નથી હોતો. ક્ષાત્ર-તેજવાળી વ્યક્તિ શસ્ત્રાસ્ત્ર અને રાજ-વૈભવને સાહસપૂર્વક ત્યાગી અહિંસાની વાત કરે છે, તો એનો પ્રભાવ અધિક હોય છે. એ જ કારણ છે કે જાતિવાદથી દૂર રહીને પણ જૈન ધર્મએ તીર્થંકરોનો ક્ષાત્રકુળમાં જ જન્મ માન્યો છે. ઋષભદેવથી ભગવાન મહાવીર સુધીના બધા તીર્થંકર ક્ષાત્રકુળના વિમલ ગગનમાં ઉદિત થઈ, સંસારમાં વિમલ જ્યોતિ ફેલાવતા રહ્યા અને કઠોરથી કઠોર કર્મને કાપવામાં પણ એમના તપોબળથી સિદ્ધિ પ્રાપ્ત કરતા રહ્યા.

## તીર્થંકરની સ્વ-આશ્રિત સાધના

દેવ-દેવેન્દ્રોથી પૂજિત થયા પછી પણ તીર્થંકર એમની તપ-સાધનામાં સ્વાવલંબી હોય છે, તે ક્યારેય કોઈ પણ દેવ, દાનવ અથવા માનવનો આશ્રય નથી ઇચ્છતા. જ્યારે શ્રમણ ભગવાન મહાવીરને દેવેન્દ્રએ નિવેદન કર્યું : "ભગવન્ ! તમારા ઉપર ભયંકર કષ્ટ અને ઉપસર્ગ આવવાના છે. આજ્ઞા હોય તો હું તમારી સેવામાં રહીને તમારાં કષ્ટોનું નિવારણ કરવા માંગુ છું." જવાબમાં પ્રભુએ એવું કહ્યું : સ્વયં દ્વારા બાંધેલ કર્મ સ્વયં જ કાપવાનાં હોય છે, બીજાની મદદથી કર્મફળનો ભોગ આગળ-પાછળ ભલે જ થઈ જાય, પણ કર્મ કપાતાં નથી." તીર્થંકર સ્વયં જ કર્મ કાપીને અરિહંતપદ પ્રાપ્ત કરે છે. આ ભાવથી પ્રભુએ શૂલપાણિ યક્ષના ઉપસર્ગ અને એક જ રાતમાં સંગમકૃત વીસ (૨૦) ઉપસર્ગોને સમતાપૂર્વક સહન કર્યા. એટલું જ નહિ, એમણે ક્યારેય પણ એમના કષ્ટ-નિવારણાર્થે એ યક્ષ-યક્ષિણીઓને યાદ પણ ન કર્યાં, જે તીર્થંકરના શાસન-રક્ષકના રૂપમાં રહે છે અને વખતોવખત શાસનની સંકટથી રક્ષા અથવા તીર્થંકરના ભક્તોની ઇચ્છા પૂર્ણ કરતા રહે છે.

એ પ્રમાણે એમની કઠોરતમ દિનચર્યા અને જીવનચર્યાથી તીર્થંકરોએ સંસારને એ શિક્ષા આપી કે પ્રત્યેક વ્યક્તિએ સાહસની સાથે પોતાનાં કર્મોને કાપવામાં જોડાઈ જવું જોઈએ. ફળભોગના સમયે ગભરાઈને ભાગવું વીરતા નથી. અશુભ ફળને ભોગવવામાં ધીરતાની સાથે મંડી રહેવું અને શુભ વિચારોને મનમાં રાખીને કર્મ કાપવું જ વીરતા છે. વાસ્તવમાં આ જ શાંતિનો માર્ગ છે.

## તીર્થંકરોનો અંતરકાળ

એક તીર્થંકરના નિર્વાણ પછી બીજા તીર્થંકરના નિર્વાણ સુધીના કાળને મોક્ષપ્રાપ્તિનો અંતરકાળ કહે છે. એક તીર્થંકરના જન્મથી બીજા તીર્થંકરના જન્મ સુધી અને એકની કેવળોત્પત્તિથી બીજાની કેવળોત્પત્તિ સુધીનો પણ અંતરકાળ હોય છે. પણ આ અંતરકાળ નિર્વાણકાળની અપેક્ષાએ બતાવવામાં આવ્યો છે. 'પ્રવચન સારોદ્ધાર' અને 'તિલોય-પણ્ણત્તી'માં આ દૃષ્ટિથી તીર્થંકરોનો અંતરકાળ બતાવવામાં આવ્યો છે. તીર્થંકરોના અંતરકાળોમાં એમના શાસનવર્તી આચાર્ય અને સ્થવિર તીર્થંકર-વાણીના આધારે ધર્મતીર્થનું અક્ષુણ્ણ સંચાલન કરે છે. પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવથી સુવિધિનાથ સુધીના ૮ અને શાંતિનાથથી મહાવીર સુધીના ૮ - આ કુલ ૧૬ અંતરોમાં સંઘરૂપી તીર્થનો વિચ્છેદ ન થયો. પણ સુવિધિનાથથી શાંતિનાથ સુધીના ૭ અંતરોમાં ધર્મતીર્થનો વિચ્છેદ થઈ ગયો.

સંભવ છે એ સમયે કોઈ ખાસ રાજનૈતિક અથવા સામાજિક સંઘર્ષના કારણે જૈન ધર્મ ઉપર ઘણું મોટું સંકટ આવ્યું હોય. આચાર્ય અનુસાર સુવિધિનાથના પછી અને શીતલનાથની પૂર્વે એટલો વિષમ સમય હતો કે લોકો જૈન ધર્મની વાત કરવામાં પણ ભય પામતા હતા. કોઈ ધર્મશ્રવણ માટે પણ તૈયાર ન હતું. આ પ્રકારે ચતુર્વિધ સંઘમાં નવી વૃદ્ધિ ન થવાથી તીર્થનો વિચ્છેદ થઈ ગયો.

વાસ્તવિકતા એ છે કે ભગવાન ઋષભદેવથી સુવિધિનાથ સુધીના અંતરમાં દૃષ્ટિવાદને છોડીને બાકી ૧૧ અંગશાસ્ત્ર વિદ્યમાન રહ્યાં, પણ સુવિધિનાથની શાંતિનાથ સુધીનાં અંતરોમાં ૧૨ અંગશાસ્ત્રોનો પૂર્ણ વિચ્છેદ થયાનો માનવામાં આવ્યો છે. શાંતિનાથથી મહાવીરના પૂર્વ સુધી પણ દૃષ્ટિવાદનો જ વિચ્છેદ થાય છે, અન્ય અગિયાર (૧૧) અંગશાસ્ત્રોનો નહિ. આ પ્રકારે ઋષભદેવથી ભગવાન મહાવીર સુધી ૨૪ તીર્થંકરોના શાસનકાળમાં ૭ અંતરોને છોડીને નિરંતર ધર્મતીર્થ ચાલતો રહ્યો. સંખ્યામાં ન્યૂનાધિક થવા છતાં પણ ક્યારેય પણ ચતુર્વિધ સંઘનો અભાવ નથી થયો, કારણ કે ધર્મશાસ્ત્ર ૧૧ અંગ પરંપરાથી સુરક્ષિત રહ્યો. શાસ્ત્રરક્ષા જ ધર્મરક્ષાનું સર્વોપરી સાધન છે.

## વિચાર અને આચાર

સામાન્ય રૂપે જોવામાં આવે છે કે સારામાં સારો મહાત્મા પણ ઉપદેશમાં જેવા ઉચ્ચ વિચારો પ્રસ્તુત કરે છે, આચારમાં એમને અનુરૂપ નથી હોતા. પરંતુ તીર્થંકરોના જીવનની એ વિશેષતા છે કે તેઓ જે પ્રકારના

ઉચ્ચ વિચાર પ્રસ્તુત કરે છે, એવા જ એમના આચાર, સમુચ્ચાર અને પ્રચાર પણ હોય છે. એમના આચાર એમના વિચારોથી ભિન્ન અથવા વિપરીત નથી હોતા. તથાપિ કેટલાંયે સ્થળોએ તીર્થંકરોના જીવનની ઘટનાઓ જોઈને સાધારણ વ્યક્તિને શંકાઓ થઈ શકે છે. ઉદાહરણાર્થ, કેટલાક આચાર્યોએ લખ્યું છે કે - 'ભગવાન મહાવીરે દીક્ષા ગ્રહણ કર્યા પછી જેવો વિહાર કર્યો કે, એક દરિદ્ર બ્રાહ્મણ માર્ગમાં આવીને કરુણાજનક સ્થિતિમાં એમની પાસે યાચના કરવા લાગ્યો. દયાથી દ્રવિત થઈ પ્રભુએ દેવદૂષ્યનો એક ભાગ ફાડીને એને આપી દીધો.' પ્રશ્ન ઉઠાવી શકાય છે કે સાધુના માટે ગૃહસ્થને રાગવૃદ્ધિનું કારણસ્વરૂપ વસ્ત્રાદિ દાનમાં આપવાનો નિષેધ કરવાવાળા પ્રભુ સ્વયં એવું કેવી રીતે કરી શકે છે ! વસ્ત્ર ફાડીને આપવા પૂરતી સીમિત દયા નથી હોતી. પ્રભુમાં અનંત દયા હોય છે, સંભવ છે કે પ્રભુની સેવામાં રહેનારા સિદ્ધાર્થ આદિ કોઈ દેવે એવું કર્યું હોય. એ સ્થિતિમાં આચાર્યો દ્વારા એવું લખવું સંગત હોઈ શકે છે.

આ જ પ્રકારે તીર્થંકરોનું સદાસર્વદા અપરિગ્રહી હોવા ઉપરાંત પણ દેવકૃત છત્ર, ચામર આદિ વિભૂતિઓની વચ્ચે રહેવું સાધારણ જનતા માટે શંકાનું કારણ બની શકે છે. વાસ્તવમાં તીર્થંકરના તીર્થંકર નામકર્મના ઉદયની સાથે જ આ વિભૂતિઓ સમર્પિત કરી સ્વયં દેવગણ એમની મહિમા કરે છે. તીર્થંકરની દેવકૃત પૂજા અને ભક્તિનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. કારણ કે દેવકૃત મહિમાના સમયે તીર્થંકરને કેવળજ્ઞાન થઈ ચૂક્યું હોય છે, તે પૂર્ણપણે વીતરાગી બની ચૂક્યા હોય છે. હા, આજના પરિપ્રેક્ષ્યમાં શાસનપ્રેમીઓએ તીર્થંકરના નામ અને વ્યવહારનું મિથ્યાનુકરણ ન કરવું જોઈએ.

## નિશ્ચય અને વ્યવહાર

વીતરાગ અને કલ્પાતીત હોવાના કારણે તીર્થંકર વ્યવહારની મર્યાદાઓમાં બંધાયેલા નથી હોતા. આટલું હોવા છતાં પણ તીર્થંકરોએ આપણને નિશ્ચય અને વ્યવહારરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો અને સ્વયંએ વ્યવહાર - વિરુદ્ધ પ્રવૃત્તિ નહિ કરી. છતાં પણ આચાર્યોએ કેવળજ્ઞાન પછી ભગવાનનું રાત્રિમાં વિહાર કરી મહાસેન વન પધારવું માન્યું છે. જોવા જઈએ તો કેવળજ્ઞાની માટે રાત-દિવસનો ભેદ નથી હોતો, છતાં પણ આ વ્યવહાર વિરુદ્ધ છે. 'બૃહત્કલ્પ સૂત્ર'ની વૃત્તિ અનુસાર પ્રભુએ વ્યવહાર-પાલન-હેતુ ભૂખ અને તરસથી પીડિત સાધુઓને જંગલમાં સહજ અચિત જળ અને અચિત તલના હોવા છતાં પણ ખાવા-પીવાની અનુમતિ નથી આપી.

આ પ્રમાણે એ સ્પષ્ટ છે કે તીર્થંકરોનો આચાર વિચારાનુગામી અને વ્યવહાર અવિરુદ્ધ હોય છે. નિશ્ચયમાર્ગના પૂર્ણ અધિકારી હોવા છતાં પણ વ્યવહાર-વિરુદ્ધ પ્રવૃત્તિ નથી કરતા. તીર્થંકરોનો રાત્રિ-વિહાર ન કરવો અને મલ્લીનાથના કેવળજ્ઞાન પછી પણ સાધુસભામાં ન રહી સાધ્વી-સભામાં રહેવું વગેરે વ્યવહાર-વિરુદ્ધ પ્રવૃત્તિ ન કરવાનું જ પ્રમાણ છે.

## તીર્થંકરકાલીન મહાપુરુષ

ભ. ઋષભદેવથી મહાવીર સુધીના ૨૪ તીર્થંકરોના સમયમાં અનેક એવા મહાપુરુષ થયા, જેઓ રાજ્યાધિકારી હોવા છતાં પણ મુક્તિગામી માનવામાં આવ્યા છે. એમાંના ૨૪ તીર્થંકરોની સાથે ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ - કુલ મેળવીને ૫૪ મહાપુરુષ માનવામાં આવ્યા છે. એમાં ૯ પ્રતિવાસુદેવોને જોડવાથી ૬૩ શલાકા-પુરુષ થઈ જાય છે.

ભરત ચક્રવર્તી ભગવાન ઋષભદેવના સમયમાં થયા. જે ઋષભદેવના પુત્ર હતા અને એ સર્વમાન્ય છે કે એમના જ નામથી આપણા દેશનું નામ ભારત પડ્યું. સગર ચક્રવર્તી બીજા તીર્થંકર ભ. અજિતનાથના સમયમાં તથા મઘવા અને સનત્કુમાર ક્રમશઃ ભ. ધર્મનાથ અને શાંતિનાથના અંતર-કાળમાં થયા ભગવાન શાંતિનાથ, કુંથુનાથ અને અરહનાથ ચક્રવર્તી અને તીર્થંકર બંને છે. આઠમા ચક્રવર્તી સુભૂમ ભ. અરનાથ અને મલ્લીનાથના અંતરકાળમાં થયા. નવમા ચક્રવર્તી પદ્મ ભગવાન મલ્લીનાથ અને ભગવાન મુનિસુવ્રતના અંતરકાળમાં થયા. દસમા ચક્રવર્તી હરિષેણ ભ. મુનિસુવ્રત અને ભગવાન નમિનાથના અંતરકાળમાં થયા. અગિયારમા ચક્રવર્તી જય ભ. નમિનાથ અને ભ. અરિષ્ટનેમિના અંતરકાળમાં તથા બારમા ચક્રવર્તી બ્રહ્મદત્ત ભ. અરિષ્ટનેમિ અને ભ. પાર્શ્વનાથના મધ્યવર્તી કાળના થયા. નવ (૯) વાસુદેવોમાંથી ત્રિપૃષ્ઠ આદિ પાંચ વાસુદેવ ભગવાન શ્રેયાંસનાથ આદિ ૫ તીર્થંકરોના કાળમાં થયા. ભગવાન અરનાથ અને મલ્લિનાથના અંતરકાળમાં પુંડરીક તથા ભ. મલ્લીનાથ અને મુનિસુવ્રતના કાળમાં દત્ત નામના વાસુદેવ થયા. ભગવાન મુનિસુવ્રત અને નમિનાથના અંતરકાળમાં લક્ષ્મણ વાસુદેવ તથા ભ. અરિષ્ટનેમિના સમયમાં શ્રીકૃષ્ણ વાસુદેવ થયા.

વાસુદેવ આદિની જેમ ૧૧ રુદ્ર, ૯ નારદ અને અનેક બાહુબલી આદિ ૨૪ કામદેવ પણ માનવામાં આવ્યા છે. (૧) ભીમાવલી, (૨) જિતશત્રુ, (૩) રુદ્ર, (૪) વૈશ્વાનર, (૫) સુપ્રતિષ્ઠ, (૬) અચલ, (૭) પુંડરિક, (૮) અજિતધર, (૯) અજિતનાભિ, (૧૦) પીઠ અને (૧૧) સત્યકિ - આ ૧૧ રુદ્ર માનવામાં આવ્યા છે. (૧) ભીમ, (૨) મહાભીમ, (૩) રુદ્ર, (૪) મહારુદ્ર, (૫) કાળ, (૬) મહાકાળ, (૭) દુર્મુખ, (૮) નરમુખ અને

(૯) અધોમુખ નામના ૯ નારદ થયા. એ બધા ભવ્ય અને મોક્ષમાર્ગી માનવામાં આવ્યા છે. પ્રથમ રુદ્ર ભગવાન ઋષભના સમયમાં, બીજા રુદ્ર ભ. અજિતનાથના સમયમાં ત્રીજા રુદ્રથી નવમા રુદ્ર સુધીના સુવિધિનાથ આદિ સાત તીર્થંકરોના સમયમાં, દસમા રુદ્ર ભ. શાંતિનાથના સમયમાં અને અગિયારમા રુદ્ર ભ. મહાવીરના સમયમાં થયા, અંતિમ બંને રુદ્રને નરકના અધિકારી માનવામાં આવ્યા છે.

પ્રસ્તુત ગ્રંથનો મુખ્ય વિષય ધાર્મિક ઈતિહાસલેખન હોવાના લીધે એમાં ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ આદિનું વિસ્તૃત વર્ણન નથી કરવામાં આવ્યું. ચક્રવર્તીઓમાં ભરત અને બ્રહ્મદત્ત ચક્રવર્તીનું, વાસુદેવોમાં શ્રીકૃષ્ણનું અને પ્રતિવાસુદેવોમાં જરાસંધનું ઐતિહાસિક દૃષ્ટિકોણથી સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે. રુદ્ર અને નારદો માટે 'તિલોયપણ્ણત્તી'ના ચતુર્થ મહાધિકારમાં પઠનીય સામગ્રી ઉલ્લિખિત છે.

ભ. મહાવીરના ભક્ત રાજાઓમાં શ્રેણિક, કુણિક, ચેટક, ઉદાયન આદિ પ્રમુખ રાજાઓનો પરિચય આપવામાં આવ્યો છે. શ્રેણિક, ભ. મહાવીરના કાળમાં પ્રભાવશાળી રાજા રહ્યા છે. એમણે શાસનસેવાથી તીર્થંકર ગોત્રનું ઉપાર્જન કર્યું. એમનાં પૂર્વબદ્ધ નિકાચિત કર્મોના કારણે એને પ્રથમ નરકભૂમિમાં જવું પડ્યું. એણે એના નરકગતિના બંધને કાપવા માટે બધા પ્રકારના પ્રયત્ન કર્યા, પણ બધા જ પ્રયત્ન નિષ્ફળ રહ્યા. અંતે એણે સમજી લીધું કે એનું નરકગમન અવશ્યંભાવી છે.

## તીર્થંકર અને નાથ સંપ્રદાય

તીર્થંકરોનો ઉલ્લેખ જૈન સાહિત્યના સિવાય વેદ, પુરાણ વગેરે વૈદિક અને ત્રિપિટક આદિ બૌદ્ધ-ગ્રંથોમાં પણ ઉપલબ્ધ થાય છે. પણ એ બધામાં ઋષભ, સંભવ, સુપાર્શ્વ, અરિષ્ટનેમિ આદિ રૂપમાં જ મળે છે, ક્યાંય પણ નાથ પદથી યુક્ત તીર્થંકરોનાં નામ ઉપલબ્ધ નથી થતા. આ જ સ્થિતિ 'સમવાયાંગ, આવશ્યક અને નંદી સૂત્ર'માં પણ છે. એવામાં સહજ જ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે તીર્થંકરોના નામની સાથે 'નાથ' શબ્દ ક્યારે અને કયા અર્થમાં પ્રયુક્ત થવા લાગ્યો.

શબ્દાર્થની દૃષ્ટિથી વિચાર કરીએ તો 'નાથ' શબ્દનો અર્થ સ્વામી છે. પ્રત્યેક તીર્થંકર ત્રિલોક સ્વામી અને મહાન ગુણોથી સંપન્ન હોય છે. અતઃ એમના નામની સાથે 'નાથ' ઉપપદનું લાગવું નિતાંત ઉપર્યુક્ત અને ઉચિત છે. પ્રભુ, નાથ, દેવ, સ્વામી આદિ શબ્દ એકાર્થક છે, અતઃ તીર્થંકરના નામની સાથે દેવ, નાથ, પ્રભુ, સ્વામી આદિ ઉપપદ લગાવવામાં આવ્યાં

છે. સર્વપ્રથમ 'ભગવતી સૂત્ર'માં ભગવાન મહાવીરનું અને 'આવશ્યક સૂત્ર'માં અરિહંતોનું ઉત્કીર્તન કરીને 'લોગનાહેણં', 'લોગનાહાણં' વિશેષણથી એમને લોકનાથ કહ્યા છે. ચોથી શતાબ્દીની આસપાસ થયેલા દિગંબર આચાર્ય યતિવૃષભે એમના ગ્રંથ 'તિલોયપણ્ણત્તી'માં કેટલાંક સ્થાનોમાં 'તીર્થંકરોના નામની આગળ 'નાથ' શબ્દનો પ્રયોગ કર્યો છે. એમણે તીર્થંકરોના નામની આગળ નાથ શબ્દની જેમ 'ઈસર' અને 'સામી' પદોનો પણ ઉલ્લેખ કર્યો છે. એનાથી એટલું તો સુનિશ્ચિત અને નિર્વિવાદ રૂપે કહી શકાય છે કે ચોથી શતાબ્દીમાં યતિવૃષભના સમયમાં તીર્થંકરોના નામની સાથે 'નાથ' શબ્દનો પ્રયોગ લખવા-વાંચવા અને બોલવામાં આવવા લાગ્યો હતો. જૈન તીર્થંકરોના નામની સાથે લાગેલા 'નાથ' શબ્દની લોકપ્રિયતા ધીરે ધીરે એટલી વધી કે શૈવમતી યોગી એમના નામની સાથે 'નાથ' શબ્દ જોડવા લાગ્યા. યથા જેમકે - મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ આદિ. ફળસ્વરૂપ આ સંપ્રદાયનું નામ જ 'નાથ સંપ્રદાય'ના રૂપમાં પ્રચલિત થઈ ગયું.

અન્ય સંપ્રદાયના સાધારણ લોકો જે આદિનાથ, અજિતનાથ આદિ તીર્થંકરોના ઈતિહાસ અને એના મહિમાથી સર્વથા અનભિજ્ઞ છે, ગોરખનાથની પરંપરાને નીમનાથી, પારસનાથી નામ આવી ભ્રમણામાં પડી શકે છે કે ગોરખનાથથી નેમનાથ, પારસનાથ થયા કે નેમનાથ, પારસનાથથી ગોરખપંથી થયા. સાચી સ્થિતિ એ છે કે મસ્ત્યેન્દ્રનાથ જેને નાથ સંપ્રદાયના પ્રવર્તક માનવામાં આવે છે, એમનો કાળ ઈ.સ.ની આઠમી શતાબ્દી માનવામાં આવ્યો છે, જ્યારે કે તીર્થંકર ભગવાન નેમનાથ, પારસનાથ અને જૈન ધર્માનુયાયી હજારો વર્ષો પહેલાંના છે. નેમનાથ, પાર્શ્વનાથથી ૮૩ હજાર વર્ષ પહેલાં થઈ ચૂક્યા છે. બંનેમાં મોટો કાળભેદ છે. અતઃ ગોરખનાથથી નેમનાથ, પારસનાથ થવાની તો સંભાવના જ નથી હોઈ શકતી. હા, નેમનાથ, પારસનાથથી ગોરખનાથની સંભાવના કરી શકાય છે, પણ વિચાર કરતા એ પણ સાચી નથી લાગતી. કારણ કે ભ.પાર્શ્વનાથ વિક્રમ સંવતથી ૭૨૫ વર્ષથી પણ અધિક પહેલાં જ થઈ ચૂક્યા છે જ્યારે કે ગોરખનાથને વિદ્વાનોએ બપ્પારાવળના સમકાલીન માન્યા છે. બનવાજોગ છે કે ભ. નેમનાથના વ્યાપક અહિંસા-પ્રચારનો નાથ પરંપરા ઉપર પ્રભાવ પડ્યો હોય અને પાર્શ્વનાથના કમઠ (મઠ ન હોવો) પ્રતિબોધની કથાથી નાથ પરંપરાના યોગીઓનાં મન પ્રભાવિત થયાં હોય, જેના ફળસ્વરૂપ નાથ સંપ્રદાયમાં નીમનાથી, પારસનાથી પરંપરા પ્રચલિત થઈ હોય. જેમકે, પ્રસિદ્ધ ઈતિહાસજ્ઞ હજારી પ્રાસાદ દ્વિવેદીએ એમના પુસ્તક 'નાથ સંપ્રદાય'માં લખ્યું છે - "ચાંદનાથ સંભવતઃ પ્રથમ સિદ્ધ હતા કે જેમણે ગોરક્ષામાર્ગનો સ્વીકાર કર્યો હતો. એ જ શાખાના નીમનાથી અને પારસનાથી, નેમિનાથ અને પાર્શ્વનાથ નામક જૈન તીર્થંકરોના અનુયાયી માલૂમ પડે છે. નેમિનાથ અને પાર્શ્વનાથ નિશ્ચય જ ગોરખનાથના પૂર્વવર્તી હતા."

## ઐતિહાસિક માન્યતાઓમાં મતભેદ

અહીં આ સમસ્યા ઉપર વિચાર કરવો અપ્રાસંગિક નહિ હોય કે જ્યારે જૈન ઇતિહાસનો મૂળાધાર બધાનો એક છે તો વિભિન્ન આચાર્યોના લખવામાં મતભેદ શા માટે ?

વાસ્તવિકતા એ છે કે જૈન પરંપરાનું સંપૂર્ણ શ્રુત ગુરુ-શિષ્ય પરંપરાથી પ્રાયઃ મૌખિક જ ચાલતું આવી રહ્યું છે. એક જ ગુરુના વિભિન્ન શિષ્યોમાં મૌખિક જ્ઞાનના ક્ષયોપશમમાં ન્યૂનાધિકતા દૃષ્ટિગોચર થાય છે, ફળ-સ્વરૂપ એક જ વાત અલગ-અલગ રૂપે એમની સ્મૃતિમાં રહે છે. આ સ્થિતિ જ્યારે અતિ સન્નિકટ(નજીક-નજીકની)ની ઘટનાઓની હોય છે, તો અતિ પ્રાચીન ઐતિહાસિક ઘટનાઓ સંબંધમાં કેટલાક મતભેદોનું થવું સ્વાભાવિક છે. કાળપ્રભાવ, સ્મૃતિભેદ અને દૃષ્ટિભેદના અતિરિક્ત (સિવાય) લેખક અને વાચકના દૃષ્ટિદોષના કારણે પણ માન્યતાઓમાં કેટલોક ભેદ આવી જાય છે. પાઠકોએ આ પ્રકારના મતભેદથી ખિન્ન થવાની અપેક્ષાએ જોઈને ગૌરવનો અનુભવ કરવો જોઈએ કે તીર્થંકરોનાં માતા-પિતા, જન્મ-સ્થાન, ચ્યવન-નક્ષત્ર, ચ્યવન સ્થળ, જન્મ-નક્ષત્ર, વર્ણ, લક્ષણ દીક્ષાકાળ, દીક્ષાતપ, સાધનાકાળ, નિર્વાણકાળ આદિ માન્યતાઓમાં શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરાઓમાં પ્રાયઃ સામ્ય છે. નામ, સ્થાન, તિથિ વગેરેનો ભેદ શ્રુતિભેદ કે ગણનાભેદથી થઈ ગયો છે, એનાથી મૂળ વસ્તુમાં કોઈ અંતર નથી પડતું.

કેટલાક એવા પણ મતભેદ છે, જે પરંપરાથી વિપરીત હોવાને લીધે મુખ્ય રૂપે વિચાર કરવા યોગ્ય છે. જેમ બધા આચાર્યોએ ક્ષત્રિય કુંડને મહારાજ સિદ્ધાર્થનું નિવાસસ્થાન માન્યું છે, પણ આચાર્ય શીલાંકે એને સિદ્ધાર્થનું વિહારસ્થળ (Resort) માન્યું છે. 'આચારાંગ' અને 'કલ્પસૂત્ર'માં નંદીવર્ધનને શ્રમણ ભ. મહાવીરના જ્યેષ્ઠ ભાઈ લખ્યા છે, જ્યારે કે આચાર્ય શીલાંકે નંદીવર્ધનને ભ. મહાવીરના નાના ભાઈ બતાવ્યા છે. 'ભગવતી સૂત્ર'માં ગોશાલક દ્વારા સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર અણગાર ઉપર તેજોલેશ્યાનો પ્રયોગ - પ્રક્ષેપણ અને સમવસરણમાં મુનિદ્વયનું પ્રાણાંત થવાનું બતાવ્યું છે, જ્યારે કે આચાર્ય શીલાંકે 'ચઉવન્નમહાપુરિસચરિયં'માં ગોશાલક દ્વારા પ્રક્ષિપ્ત તેજોલેશ્યાથી કોઈ મુનિના મૃત્યુનો ઉલ્લેખ નથી કર્યો. એમણે લખ્યું છે કે - 'ગોશાલક અને સર્વાનુભૂતિ અણગાર દ્વારા પ્રક્ષેપિત તેજોલેશ્યાથી થનારા અનર્થને રોકવા માટે ભ. મહાવીરે શીતલલેશ્યા પ્રગટ કરી. એના પ્રબળ પ્રભાવને સહન ન કરી શકવાના કારણે તે તેજોલેશ્યા ગોશાલક ઉપર

પડીને એને સળગાવવા લાગી. તેજોલેશ્યા(તપ દ્વારા પ્રાપ્ત કરેલી શક્તિ)ની તીવ્ર જ્વાળાથી ભયભીત થઈ ગોશાલક ભ. મહાવીરનાં ચરણોમાં પડી ગયો. પ્રભુનાં ચરણોની કૃપાથી એના ઉપર આવેલ તેજોલેશ્યાનું ઉપસર્ગ શાંત થઈ ગયું. ગોશાલકને પોતાના દુષ્કૃત્ય ઉપર પશ્ચાત્તાપ થયો, જેના પ્રભાવથી એણે શુભલેશ્યા પ્રાપ્ત કરી અને મૃત્યુ બાદ અંતે અચ્યુત સ્વર્ગમાં દેવરૂપથી ઉત્પન્ન થયો.' આચાર્ય શીલાંક જેવા શાસ્ત્રજ્ઞ મુનિ દ્વારા પરંપરાગત માન્યતાથી વિપરીત લખવાનું કોઈ કારણ અવશ્ય હોવું જોઈએ. આટલા મોટા વિદ્વાન એમ જ વગર-વિચાર્યે લખી નાખે, એ વાત ઉપર વિશ્વાસ નથી થતો. આ વિષય વિદ્વાનોની ગહન ગવેષણાની અપેક્ષા રાખે છે.

## તીર્થંકરકાલીન પ્રચાર-નીતિ

તીર્થંકરોના સમયમાં દેવ, દેવેન્દ્ર અને નરેન્દ્રોનો પૂર્ણરૂપે સહયોગ હોવા છતાં પણ જૈન ધર્મનો દેશ-દેશાંતરોમાં વ્યાપક પ્રચાર કેમ નહિ થયો ? તીર્થંકરકાળની પ્રચારનીતિ કેવી હતી ? જેના લીધે ભરત જેવા ચક્રધર, શ્રીકૃષ્ણ જેવા શક્તિધર અને મગધનરેશ શ્રેણિક જેવા ભક્તિધરોના સત્તાકાળમાં પણ દેશમાં જૈન ધર્મનો વ્યાપક પ્રચાર ન થઈ શક્યો. સાધુ-સંત અને શક્તિશાળી નરેશો અને ભક્તોએ પ્રચારક મોકલીને તથા અધિકારીઓ પાસે રાજાજ્ઞા પ્રસારિત કરી અહિંસા અને જૈન ધર્મનો વ્યાપક પ્રચાર કેમ ન કરાવ્યો ? આ પ્રકારના પ્રશ્નો સહેજે જ મસ્તિષ્કમાં ઉત્પન્ન થઈ શકે છે.

તત્કાલીન સ્થિતિનું સાચું અવલોકન કરતા જ્ઞાત થાય છે કે તીર્થંકરોના માર્ગમાં પ્રચારનું મૂળ સમ્યગ્-વિચાર અને આચાર-નિષ્ઠા જ માનવામાં આવી છે. એમના ઉપદેશનું મૂળ લક્ષ્ય હૃદય-પરિવર્તન રહેતો હતો. આ જ કારણ છે કે ભગવાને એમની પાસે આવેલા શ્રોતાઓને સમ્યગ્દર્શન આદિ માર્ગનું જ્ઞાન કરાવ્યું, પરંતુ કોઈને આગ્રહપૂર્વક એમ નહિ કહ્યું કે - 'તારે અમુક વ્રત ગ્રહણ કરવા પડશે.' ઉપદેશ-શ્રવણ પછી જે પણ ઇચ્છાપૂર્વક સાધુધર્મ અથવા શ્રાવકધર્મ ગ્રહણ કરવા માટે ઊભો થતો હતો. એને એમ જ કહેવામાં આવતું - 'યથા-સુખમ્' અર્થાત્ જેમાં સુખ હોય એમાં પ્રમાદ ન કરો. ભાવના ઉત્પન્ન થયા પછી શું કરવું ? એનો નિર્ણય શ્રોતા ઉપર જ છોડી દેવામાં આવતો. પ્રચારની અપેક્ષા એ આચારની પ્રધાનતા હતી.

જૈન સાધુ સાર્વજનિક સ્થાનમાં રોકાતા, ભેદભાવ વગર બધી જાતિઓનાં અનિંદ્ય કુળોમાંથી ભિક્ષા ગ્રહણ કરતા અને બધાને ઉપદેશ આપતા હતા. બોધ મેળવી કોઈ સ્વેચ્છાથી ધર્મ ગ્રહણ કરવા માંગે તો એને દીક્ષિત

કરવામાં આવતો. એ સમયે સ્થિતિ એવી હતી કે સમાજના શુભ વાતાવરણમાં અનાયાસે જ લોકો ધર્માનુકુળ જીવન જીવી શકતા હતા. સંસ્કારોના પાયા એટલા દૃઢ હતા કે અનાર્ય લોકો પણ એમના પ્રભાવથી પ્રભાવિત થઈ જતા. પ્રચારની રીત એ હતી કે કોઈ વિશિષ્ટ પુરુષને આ પ્રકારે પ્રશિક્ષિત કરવો કે તે હજારોને ધર્મનિષ્ઠ બનાવી શકે. આજની સ્થિતિ એ સમય કરતાં ભિન્ન છે. આજે અનાર્ય દેશમાં પણ આર્યજન આવતા-જતા રહે છે અને અનાર્ય લોકો પણ ભારતની આર્યધરા ઉપર રહેવા લાગ્યા છે. એકબીજા પર પરસ્પર પ્રભાવ પડે છે. આવી સ્થિતિમાં જરૂરી છે કે એમનામાં અહિંસા, સત્ય અને સદાચારનો ખૂલીને પ્રચાર કરવામાં આવે. એમને ખાદ્ય-અખાદ્યનો ભેદ અને સ્વરૂપ સમજાવવામાં આવે, નહિ તો વધતી જતી હિંસા અને માંસાહારના યુગમાં નિર્બળ મનવાળા ધાર્મિક લોકો અનાર્યોથી પ્રભાવિત થઈ ધર્માનુકૂળ આચાર-વ્યવહારથી વિમુખ થઈ જશે. પ્રચાર આવશ્યક છે, પણ તે આપણી સંસ્કૃતિના અનુરૂપ હોવો જોઈએ. આપણી પ્રચારનીતિ આચારપ્રધાન અને જ્ઞાનપૂર્વક હૃદયપરિવર્તનની ભૂમિકા ઉપર જ આધારિત હોવી જોઈએ. આ જ તીર્થંકરકાલીન સંસ્કૃતિના અનુરૂપ પ્રચારનો માર્ગ હોઈ શકે છે અને એનાથી જ આપણે જિનશાસનનું હિત કરી શકીએ છીએ.

## આજના ઇતિહાસલેખક

જૈન ઇતિહાસના અનેક પ્રામાણિક આધાર હોવા છતાં પણ કેટલાક વિદ્વાન એને જોયા વગર જ જૈન ધર્મ અને તીર્થંકરોના વિષયમાં ભ્રાંતિપૂર્ણ લેખ લખી નાખે છે, એ આશ્ચર્ય અને ખેદનો વિષય છે. ઇતિહાસજ્ઞએ પ્રામાણિક ગ્રંથોનું અધ્યયન કરી જે ધર્મ અથવા સંપ્રદાયના વિષયમાં લખવું હોય, પ્રામાણિકતાથી લખવું જોઈએ. સમુચિત અધ્યયન અને મનન વગર કહેલી - સાંભળેલી વાતના આધારે લખી નાખવું ઉચિત નથી.

ગોશાલક દ્વારા મહાવીરનું શિષ્યત્વ સ્વીકારવું અને આજીવક મત ઉપર મહાવીરના મતનો પ્રભાવ શાસ્ત્રસિદ્ધ થવા છતાં પણ એવું લખવું કે - 'મહાવીરે ગોશાલક પાસેથી અચેલધર્મ સ્વીકાર કર્યો, કેટલું ભ્રાંતિપૂર્ણ અને ખોટું છે. આજે પણ કેટલાક વિદ્વાન જૈન ધર્મને વૈદિક મતની શાખા બતાવવાની વ્યર્થ ચેષ્ટા કરે છે, આ એમની ગંભીર ભૂલ છે. આપણે આશા જ નહિ પૂર્ણ વિશ્વાસ કરીએ છીએ કે આપણા વિજ્ઞ ઇતિહાસજ્ઞ એના તરફ વિશેષ સતર્ક રહી જૈન ધર્મ જેવા ભારતના એક પ્રમુખ ધર્મનો સાચો પરિચય પ્રસ્તુત કરી રાષ્ટ્રને તદ્વિષયક જ્ઞાનના સાચા આલોક(પ્રકાશ)થી પ્રકાશિત કરશે.'

## ગ્રંથ પરિચય

'જૈન-ધર્મનો મૌલિક ઇતિહાસ' નામનો પ્રસ્તુત ગ્રંથ પ્રથમાનુયોગની પ્રાચીન આગમીય પરંપરા અનુસાર લખવામાં આવ્યો છે. આ તીર્થંકર ખંડમાં તીર્થંકરોના પૂર્વભવ, દેવગતિની આયુ, ચ્યવન, ચ્યવનકાળ, જન્મ, જન્મકાળ, રાજ્યાભિષેક, વિવાહ, વર્ષીદાન, પ્રવ્રજ્યા, તપ, કેવળજ્ઞાન, તીર્થસ્થાપના, ગણધર, પ્રમુખ આર્યા, સાધુ-સાધ્વી આદિ પરિવારમાન તેમજ કરવામાં આવેલા વિશેષ ઉપકારનો પરિચય આપવામાં આવ્યો છે. ઋષભદેવથી મહાવીર સુધીના ૨૪ તીર્થંકરોનો પરિચય 'આચારાંગ, જમ્બૂ-દ્વીપપ્રજ્ઞપ્તિ, સમવાયાંગ, આવશ્યક' આદિ સૂત્ર, 'આવશ્યકનિર્યુક્તિ, આવશ્યકચૂર્ણિ, પ્રવચનસારોદ્ધાર, સત્તરિસયદ્વાર અને દિગંબર પરંપરાના મહાપુરાણ, ઉત્તરપુરાણ, તિલોયપણ્ણતી આદિ પ્રાચીન ગ્રંથોના આધારે લખવામાં આવ્યા છે. મતભેદનાં સ્થાનોમાં 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, આગમીયમત અને સત્તરિસય પ્રકરણ'ને સામે રાખી શાસ્ત્રસંમત મતને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું છે.

ઐતિહાસિક તથ્યોની ગવેષણા માટે જૈન સાહિત્ય સિવાય વૈદિક અને બૌદ્ધ સાહિત્યમાંથી પણ યથાશક્ય સામગ્રી સંકલનનું લક્ષ્ય રાખ્યું છે અને ગવેષણામાં કોઈ સાહિત્યની ઉપેક્ષા નથી કરવામાં આવી. મૌલિક ગ્રંથોના અતિરિક્ત આધુનિક લેખકોના સાહિત્યનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. ભગવાન પાર્શ્વનાથના અધ્યાયમાં સંપાદક મંડળના પરામર્શદાતા શ્રી દેવેન્દ્ર મુનિ શાસ્ત્રીનાં સાહિત્યનું અને ભ. મહાવીરના અધ્યાયમાં શ્રી વિજયેન્દ્ર સૂરિ, શ્રી કલ્યાણવિજય આદિના સાહિત્યનો યથેષ્ટ પ્રયોગ કરવામાં આવ્યો છે.

લખતી વખતે એ વાતનું ધ્યાન રાખવામાં આવ્યું છે કે કોઈ પણ તથ્ય શાસ્ત્ર અને નિર્ગ્રંથ પરંપરાથી વિપરીત ન હોય તથા ક્યાંય પણ સાંપ્રદાયિક અભિનિવેશવશ કોઈ અપ્રામાણિક વાત ન આવવા પામે. આ ખંડમાં મુખ્યરૂપે તીર્થંકરોનો જ પરિચય છે, અતઃ આને 'તીર્થંકર ખંડ' કહેવામાં આવ્યો છે.

*('જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ'(વિસ્તૃત)ના પ્રથમ ભાગમાંથી ઉદ્ધૃત અંશ લેવામાં આવેલો)*

# સંપાદકીય...

## ભાગીરથ પ્રયાસ

સંસારના વિવિધ વિષયોમાં ઈતિહાસનું પણ ઘણું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. ઈતિહાસને ધર્મ, દેશ, જાતિ, સંસ્કૃતિ તેમજ સભ્યતાનો પ્રાણ માનવામાં આવ્યો છે. વાસ્તવમાં ઈતિહાસ માનવની એ જીવનશક્તિ છે, જેનાથી નિરંતર અનુપ્રાણિત થઈ મનુષ્ય ઉન્નતિ તરફ અગ્રેસર થઈને અંતે પોતાના ચરમલક્ષ્યને પ્રાપ્ત કરી લે છે. આમ તો સંસારમાં સત્તા, સન્માન, સમૃદ્ધિ અને સંતાન બધાંને પ્રિય છે, પણ તત્ત્વદર્શીઓએ ગહન ચિંતન પછી ઐહિક સુખોને ક્ષણભંગુર સમજીને ધર્મને સર્વોપરી સ્થાન આપ્યું છે, યથા *'ધર્મ એવ હતો હન્તિ, ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।'* અર્થાત્ જેણે પોતાના ધર્મની રક્ષા નથી કરી એનું બધું જ નષ્ટ થવાની સાથે તે પણ નષ્ટ થઈ ગયો અને જેણે ધર્મની રક્ષા કરી, ધર્મએ એને દરેક પ્રકારે સુરક્ષિત રાખ્યો. એની કોઈ પ્રકારે હાનિ ન થવા દીધી.

ચિંતકોએ સંસારની સારભૂત વસ્તુઓનું ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામક ચાર ભાગમાં વર્ગીકરણ કર્યું છે. એમાં પણ ધર્મને મૂર્ધન્ય (પ્રથમ) સ્થાન આપ્યું છે. એ ધર્મના મહત્ત્વને સારી રીતે સમજવાનું માધ્યમ એ ધર્મનો ઈતિહાસ છે. ઈતિહાસ આપણને આપણા અતીત(ભૂતકાળ)ની ભૂલોથી પરિચિત કરાવી ભવિષ્યમાં એનાથી બચવા અને સારાપણાને દૃઢતાની સાથે ગ્રહણ કરી એના સધિયારે (સથવારે) ઉન્નતિના પથ ઉપર અગ્રેસર થવાની પ્રેરણા આપે છે.

જૈનસમાજ, વિશેષ કરીને શ્વેતાંબર સ્થાનકવાસી સમાજમાં જૈન ધર્મના પ્રામાણિક ઈતિહાસની ખોટ ચિરકાળથી ખટકી રહી હતી. સમાજ દ્વારા ચિરાભિલાષિત આ કાર્યને સંપન્ન કરવાની દૃષ્ટિએ આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજે - *'સ્વાન્તઃ સુખાય - પરજનહિતાય'*ની ભાવનાથી પ્રેરિત થઈ જૈન ધર્મનો પ્રારંભથી લઈ આજ સુધીનો ખરો, પ્રામાણિક, સર્વાંગપૂર્ણ, શૃંખલા-બદ્ધ, ક્રમબદ્ધ ઈતિહાસ લખવાનો ભગીરથ પ્રયાસનો પ્રારંભ કર્યો. વાસ્તવમાં આ દુઃસાધ્ય અને ગુરુતર (મહત્ત્વપૂર્ણ) દાયિત્વને પોતાના ખભા ઉપર લેવાનું અદ્‌ભુત સાહસ આચાર્યશ્રી જેવા મહાન દૃઢવ્રતીના વશમાં જ હતું.

ઇતિહાસલેખન જેવા કાર્ય માટે ઉત્કટ સાહસ, અથાગ પરિશ્રમ, અવિરત-અડગ અધ્યવસાય, ગહન અધ્યયન, ઉચ્ચકોટિની સ્મરણશક્તિ, અથાગ જ્ઞાન, તીવ્ર બુદ્ધિ, પૂર્ણ નિષ્પક્ષતા, ક્ષીર-નીર વિવેકપૂર્ણ નિર્ણયશક્તિ વગેરે શ્રેષ્ઠ અને ઉચ્ચકોટિના ગુણોનું હોવું અનિવાર્ય છે. આ બધા ગુણ આચાર્ય-શ્રીમાં વિદ્યમાન છે. ઇતિહાસલેખનનું કાર્ય લેખક પાસે એ વાતની અપેક્ષા રાખે છે કે - 'તે પોતાનો અધિકાધિક સમય લેખનને આપે. નિયમિત ધ્યાન, સ્વાધ્યાય, અધ્યાપન, વ્યાખ્યાન, પ્રવચન, સંઘ-વ્યવસ્થા, વિહારાદિ અનિવાર્ય કાર્યોના કારણે પહેલેથી જ પોતાની અતિવ્યસ્ત દિનચર્યાના નિર્વહણની સાથે-સાથે આચાર્યશ્રીએ 'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ'નો આ પ્રથમ ભાગ પૂર્ણ કરવામાં જે વર્ણનાતીત શ્રમસાધ્ય કાર્ય સંપન્ન કર્યું છે, તે આચાર્યશ્રી જેવા સદૃશ અસાધારણ મનુષ્ય જ કરી શકે છે.

આ મહાન કાર્યને પૂરું કરવામાં આચાર્યશ્રીને સુદીર્ઘ કઠોર પરિશ્રમ અને ગહન ચિંતન-મનન-અધ્યયન કરવું પડ્યું. શ્રમણજીવન અને આચાર્ય-પદના દૈનિક દાયિત્વોનું નિર્વહન કરવાની સાથે-સાથે અહર્નિશ ઇતિહાસલેખનમાં તન્મયતાની સાથે લીન રહેવા છતાં પણ આચાર્યશ્રીના પ્રશસ્ત ભાલ (કપાળ) ઉપર થાકની નાની-અમથી રેખા સુધ્ધાં પણ ક્યારેય દૃષ્ટિગોચર ન થઈ. મુખારવિંદ ઉપર એ જ સહજ સ્મિત, આંખોમાં મહાર્ઘ મુક્તાફળ જેવી સ્વચ્છ-અદ્‌ભુત ચમક હંમેશાં અક્ષુણ્ણ વિરાજમાન રહેતી.

જૈન ધર્મ તથા એનો ઇતિહાસ અનાદિ તથા અનંત છે. એને કોઈ એક ગ્રંથ અથવા અનેક ગ્રંથોમાં સંપૂર્ણ રૂપે આબદ્ધ કરવાનો પ્રયાસ કરવો વસ્તુતઃ અનંત આકાશને ભેટવા સમાન અસંભવ અને અસાધ્ય છે. છતાં પણ પ્રસ્તુત ગ્રંથમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ દ્વારા ધર્મતીર્થની સ્થાપનાથી પ્રારંભ કરી અંતિમ તીર્થંકર ભ. મહાવીરના નિર્વાણકાળ સુધીના જૈન ધર્મનો સંક્ષિપ્ત અને ક્રમબદ્ધ ઇતિહાસ પ્રસ્તુત કરવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો છે. સાથે જ કુળકરકાળ અને અવસર્પિણી તથા ઉત્સર્પિણી કાળને ભેગા કરી ૨૦ કોડાકોડી સાગરના પૂર્ણ કાળ-ચક્રનું એક રેખાચિત્રની જેમ અતિ સંક્ષિપ્ત સ્થૂલ વિવરણ પણ યથાપ્રસંગ આપવામાં આવ્યું છે.

વર્તમાન અવસર્પિણી કાળના તૃતીય આરકની સમાપ્તિમાં ૯૯૬ વર્ષ, ૩ મહિના, ૧૫ દિવસ ઓછા ૧ લાખ પૂર્વેનો સમય અવશેષ રહ્યો ત્યારે ભરત ક્ષેત્રમાં સર્વપ્રથમ ભગવાન ઋષભદેવે ધર્મતીર્થની સ્થાપના કરી. એ સમયથી જ આ અવસર્પિણીકાલીન જૈન ધર્મના ઇતિહાસનો પ્રારંભ થાય છે.

ચતુર્થ આરકના સમાપ્ત થવામાં જ્યારે ૩ વર્ષ અને ૮।। મહિના અવશેષ રહ્યા ત્યારે ભગવાન મહાવીરનું નિર્વાણ થયું ત્યાં સુધીનો ઇતિહાસ આ ગ્રંથમાં આબદ્ધ છે. એક પ્રકારે આ ઇતિહાસ એક ક્રોડાક્રોડી સાગર, ૭૦ શંખ, ૫૫ પદ્મ, ૯૯ નીલ, ૯૯ ખરવ, ૯૯ અરબ, ૯૯ કરોડ, ૯૯ લાખ અને ૫૭ હજાર વર્ષનો અત્યંત સંક્ષિપ્ત ઇતિહાસ છે.

આપણો ભૂતકાળ ઘણો આદર્શ, સ્વર્ણિમ અને સુંદર રહ્યો છે. આપણા પ્રમાદના કારણે જ તે ધૂમિલ (ધૂંધળો) થઈ રહ્યો છે. આજે પણ ભારતીય દર્શનની સંસારના ઉચ્ચકોટિના તત્ત્વચિંતકો ઉપર ઉમદા છાપ છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ સમયે-સમયે એવો સ્પષ્ટ અભિમત વ્યક્ત કર્યો છે કે ભારતીય દર્શન અને ચિંતકોનું સંસારમાં હરહંમેશ સર્વોચ્ચ સ્થાન રહ્યું છે અને ભારતીય સંસ્કૃતિ માનવ સંસ્કૃતિની આદિ સ્રોત છે. સર્વતોમુખી ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ આપણા પૂર્વજ અત્યાધિક આગળ હતા, એ તથ્ય આપણા ધાર્મિક ગ્રંથ અને અનેક શાસ્ત્ર સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરે છે. અમોઘ શક્તિઓ, અમોઘ બાણ, આગ્નેયાસ્ત્ર, વાયવ્યાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, રૌદ્રાસ્ત્ર, રથમૂસલાસ્ત્ર (અત્યધિક સંહારક અને ભીષણ સ્વચાલિત અસ્ત્ર), મહાશિલાકંટક (અદ્‌ભુત પ્રક્ષેપણાસ્ત્ર) વગેરે સંહારક અસ્ત્ર-શસ્ત્રોનું નિર્માણ અને પ્રયોગ આપણા પૂર્વજ જાણતા હતા, એ આપણા પ્રાચીન ગ્રંથ સ્પષ્ટપણે ઘોષિત કરે છે. પણ આપણો સંમોહ અને મતિવિભ્રમ આપણને આ સત્યને સ્વીકારવાથી રોકે છે.

ઇતિહાસ સાક્ષી છે કે જ્યાં સુધી ભારતીયોએ પોતાના ઉજ્જ્વળ અતીતના ખરા ઇતિહાસને વિસ્મૃત નથી કર્યો ત્યાં સુધી ઉન્નતિના ઉચ્ચતમ શિખર પર આરૂઢ રહ્યાં પણ જે દિવસથી પોતાના ઇતિહાસને ભુલાવ્યો, એમના પતનનો પ્રારંભ થયો. જો ખરેખર આપણે ખોવાયેલી પ્રતિષ્ઠા અને ગરિમાને પુનઃ પ્રાપ્ત કરવા માંગીએ છીએ તો આપણે આપણા ઇતિહાસનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત કરવું પડશે. કારણકે ઇતિહાસ એવા દાદર (સીડી) છે કે જે હંમેશાં ઉપરની તરફ લઈ જાય છે અને ક્યારેય નીચે નથી પડવા દેતો. આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજે આ સત્યને ધ્યાનમાં રાખી 'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ'ના રૂપમાં આપણને એક મહાન, સબળ અને અક્ષય પોથી પ્રદાન કરી છે, જેમાં જીવનને સમઉન્નત બનાવનારા પ્રશસ્ત માર્ગની સાથે સાથે 'સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્'ના દર્શન પ્રાપ્ત થાય છે.

પૂજ્ય આચાર્યશ્રીએ જૈન ધર્મના ઈતિહાસના સંબંધમાં જે નોટ્સ (લખાણ), લેખ વગેરે સામગ્રી તૈયાર કરી, તે એટલા વિપુલ પ્રમાણમાં છે કે જો એમાંથી સંપૂર્ણ મહત્ત્વપૂર્ણ અંશને પ્રકાશનાર્થે લાવવામાં આવે તો તીર્થંકર-કાળના પ્રસ્તુત ગ્રંથની સમાન કેટલાયે ભાગ તૈયાર થઈ જાય. અતઃ પ્રમુખ ઐતિહાસિક સામગ્રીને વીણીને અત્યંત સંક્ષિપ્ત રૂપમાં આ ગ્રંથમાં સ્થાન આપવામાં આવ્યું છે. પ્રસ્તુત ગ્રંથના આદ્યોપાંત - (અતિથી ઈતિ / સંપૂર્ણ) અધ્યયનથી ધર્મ અને ઈતિહાસના વિજ્ઞ પાઠકોને એ વિદિત થશે કે આચાર્યશ્રીએ ભારતીય ઈતિહાસને અનેક નવીન ઉપલબ્ધિઓથી સમૃદ્ધ કર્યું છે. પ્રસ્તુત ગ્રંથમાં કાળચક્ર અને કુળકરનું તુલનાત્મક વિશ્લેષણ, ધર્માનુકૂળ લોક વ્યવસ્થા, શ્વેતાંબર-દિગંબર પરંપરાઓની તુલના, ભગવાન ઋષભદેવ અને ભરતનો જૈનેતર પુરાણોમાં ઉલ્લેખ, હરિવંશની ઉત્પત્તિ, અરિષ્ટનેમિનું શૌર્ય-પ્રદર્શન તથા એમના દ્વારા અદ્‌ભુત રહસ્યનું ઉદ્‌ઘાટન, વૈદિક સાહિત્યમાં અરિષ્ટનેમિ અને એમનું વંશ વર્ણન, ભગવાન પાર્શ્વનાથનો વ્યાપક અને અમીટ પ્રભાવ, આર્ય કેશીશ્રમણ, ગોશાલકનો પરિચય ભ. મહાવીરની પ્રથમ શિષ્યા, મહાશિલાકંટક યુદ્ધ, રથમુસળ સંગ્રામ, ઐતિહાસિક દૃષ્ટિથી નિર્વાણકાળ તથા ભગવાન મહાવીર તથા બુદ્ધના નિર્વાણનું ઐતિહાસિક વિશ્લેષણ આદિ શીર્ષકોમાં આચાર્યશ્રીની લલિત - લેખનકળાના ચમત્કારની સાથે-સાથે એમનું વિરાટ સ્વરૂપ, મહાન વ્યક્તિત્વ, વિલક્ષણ બહુમુખી પ્રતિભા, પ્રકાંડ પાંડિત્ય અને આધિકારિકતાના દર્શન થાય છે.

પ્રસ્તુત ગ્રંથ મૂળ આગમો, ચૂર્ણિઓ, વૃત્તિઓ અને પ્રાચીન પ્રામાણિક ગ્રંથોના આધારે લખવામાં આવ્યો છે. આ ગ્રંથમાં વર્ણિત પ્રાયઃ બધાં તથ્ય ધર્મ અને ઈતિહાસના મૂળ ગ્રંથોમાંથી લેવામાં આવ્યાં છે તથા જૈન ધર્મનો ઈતિહાસ એના પ્રારંભિક મૂળ કાળથી લખવામાં આવ્યો છે. અતઃ એનું નામ 'જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ' રાખવામાં આવ્યું છે. તીર્થંકરોની ધર્મ-પરિષદ આદિનાં સ્થળો માટે સમવસરણ તથા આગળનાં સ્થળો માટે સમવશરણ લખવામાં આવ્યું છે. અર્થાત્ એમાં ચારેય તરફથી આવીને બધા પ્રકારના જીવ તીર્થંકર ભગવાનનું શરણ ગ્રહણ કરે છે, એટલા માટે એ સમવશરણના નામથી સંસારમાં પ્રસિદ્ધ છે. સમવસરણની આ વ્યાખ્યા અધિક સચોટ અને પ્રભાવપૂર્ણ પ્રતીત થાય છે. અતઃ પ્રસ્તુત ગ્રંથમાં આગળ જતા સમવશરણ શબ્દનો પ્રયોગ જ ઉચિત પ્રતીત થયો.

ગ્રંથના સંપાદનકાળમાં મને આગમ-સાહિત્યની સાથે-સાથે અનેક પ્રાચીન અને અર્વાચીન ગ્રંથોને વાંચવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. એમનામાં એકત્રિત અપાર ઐતિહાસિક સામગ્રી અમૂલ્ય છે. એ નિઃસંદેહ કહી શકાય છે કે પ્રામાણિક ઐતિહાસિક સામગ્રીના દૃષ્ટિકોણથી જૈન ધર્મ અન્ય બધા ધર્મોની અપેક્ષાએ વધુ સમૃદ્ધ છે. આટલી અધિક સામગ્રીના સ્વામી હોવા છતાં પણ જૈન ધર્માવલંબી ચારેય તરફથી એવું કહી રહ્યા છે કે - 'જૈન ધર્મનો પ્રામાણિક ઇતિહાસનો અભાવ અમને ખટકી રહ્યો છે.' અતઃ જૈન ધર્મના એક સર્વાંગી પ્રામાણિક ઇતિહાસનું નિર્માણ કરવામાં આવવું જોઈએ. એનું કારણ સંભવતઃ એ છે કે જૈન ધર્મનો ઇતિહાસ પ્રાકૃત, અપભ્રંશ અને સંસ્કૃતના વજ્ર કબાટોમાં બંધ પડ્યો છે અને જે બહાર છે તે યત્ર-તત્ર વિભિન્ન ગ્રંથ-ભંડારોમાં વિખરાયેલો પડ્યો છે. પરિણામે સર્વસાધારણ માટે બોધગમ્ય ભાષામાં ક્રમબદ્ધ અને સર્વાંગપૂર્ણ જૈન ઇતિહાસ આજે સમાજની સમક્ષ ઉપલબ્ધ નથી.

આવશ્યકતા હતી એવા ભાગીરથની જે સુદૂરનાં વિભિન્ન સ્થળોમાં અવરોધાયેલા ઇતિહાસના અજસ્ર નિર્મળ સ્રોતો અને એની ધારાઓને એકસાથે પ્રવાહિત કરી ઉત્તાલ-તરંગિણી અને કલકલ નિનાદિની ઇતિહાસ-ગંગાને સર્વસાધારણના હૃદયમાં પ્રવાહિત કરી દે. જૈનસમાજના સૌભાગ્યથી આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજના રૂપમાં એ ભાગીરથ એમને મળી ગયા છે અને એમના ભગીરથ પ્રયત્નોના ફળસ્વરૂપે પ્રગટ આ 'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ' રૂપી પહેલી ગંગાધારા તમારા તરફ વહી રહી છે. આશા છે કે, સમગ્ર જૈનસમાજ ઉન્મુક્ત હૃદયથી એનું સ્વાગત જ નહિ કરશે, પરંતુ એમાં ગળાડૂબ થઈને (ઓતપ્રોત થઈને) અને અમૃત-પાન કરીને પોતાની જાતને ધન્ય સમજશે. આ ગ્રંથનાં પઠન-પાઠનથી માનવસમાજ જો આત્માની ઉન્નતિની સાથે-સાથે સામાજિક, ધાર્મિક તથા રાષ્ટ્રીય ઉન્નતિની તરફ અગ્રેસર થઈ શક્યો તો આચાર્યશ્રીને પરમ સંતોષ પ્રાપ્ત થશે.

**ગજસિંહ રાઠોડ**

**ન્યા. વ્યા. તીર્થ, સિદ્ધાંત વિશારદ**

('જૈનધર્મનો મૌલિક ઇતિહાસ'(વિસ્તૃત)ના પ્રથમ ભાગમાંથી)

## કાળચક્ર અને કુળકર

જૈનશાસ્ત્રો અનુસાર સંસાર અનાદિ કાળથી સતત ગતિશીલ ચાલતો આવી રહ્યો છે. એનો ન તો ક્યારેય આદિ છે કે ન તો ક્યારેય અંત. પ્રત્યેક જડ-ચેતનનું પરિવર્તન નૈસર્ગિક, ધ્રુવ અને સહજ સ્વભાવ છે. સમસ્ત દૃશ્યમાન જગત મૂળ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે, પણ હંમેશાં પરિવર્તનશીલ હોવાના લીધે પર્યાયની દૃષ્ટિથી અનિત્ય છે. દિવસ પછી રાત્રિ, ફરી રાત્રિ પછી દિવસ, પ્રકાશ પછી અંધકાર, અંધકાર પછી પ્રકાશ, આગમન, ગમન-પુનરાગમન અને પ્રતિગમનનું ચક્ર અનાદિ કાળથી અવિરત ચાલતું આવી રહ્યું છે. અભ્યુદય પછી અભ્યુત્થાન અને અભ્યુત્થાનની પરાકાષ્ઠા પછી પતન અને પૂર્ણ પતન પછી ફરી અભ્યુદય વગેરે. આ પ્રમાણે સચરાચર જગતનો અનાદિ કાળથી અવિરત ક્રમ ચાલતો આવી રહ્યો છે. સંસારના આ અપકર્ષ-ઉત્કર્ષમય (સારા-ખરાબ) કાળચક્રને અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળની સંજ્ઞા આપવામાં આવી છે. કૃષ્ણપક્ષનો ચંદ્રના ક્રમિક હ્રાસની જેમ હ્રાસોન્મુખ કાળને અવસર્પિણી કાળ અને શુક્લપક્ષના ચંદ્રના ક્રમિક ઉત્કર્ષની જેમ વિકાસોન્મુખ કાળને ઉત્સર્પિણી કાળના નામથી ઓળખવામાં આવે છે.

આપણે બધા આ સમયે હ્રાસોન્મુખ અવસર્પિણી કાળ સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ. અવસર્પિણીના પ્રથમ આરામાં પૃથ્વી પરમોત્કૃષ્ટ રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને સર્વોત્કૃષ્ટ સમૃદ્ધિઓથી સંપન્ન હોય છે. આ સમયના જીવોને (પ્રાણીઓ) જીવનોપયોગી બધી સામગ્રી કલ્પવૃક્ષોથી વગર-પ્રયાસે મળી જાય છે. અતઃ એમનું જીવન સ્વયંમાં મગ્ન અને પરમ સુખમય હોય છે. સહજ-સુલભભોગ્ય સામગ્રીના ઉપભોગમાં મસ્ત માનવમન સામે ચંચળતા, ચિંતન-મનન અને વિચાર-સંઘર્ષનું કોઈ કારણ ઉપસ્થિત નથી થતું. આ સમયનો મનુષ્ય બધા પ્રકારની ચિંતાઓથી મુક્ત, ઐહિક આનંદથી ઓત-પ્રોત જીવન વ્યતીત કરે છે, આને ભોગયુગની સંજ્ઞા આપવામાં આવે છે.

પ્રકૃતિના પરિવર્તનશીલ સ્વભાવને કારણે એ સ્થિતિમાં ક્રમશઃ પરિવર્તન આવે છે અને પૃથ્વીનો એ પરમ ઉત્કર્ષકાળ શનૈઃ શનૈઃ (ધીમે-ધીમે) અપકર્ષની તરફ ગતિશીલ થાય છે. ફળસ્વરૂપ પૃથ્વીનાં રૂપ, રસ,

માધુર્ય આદિ બધા ગુણોમાં ક્રમિક હ્રાસ આવતો રહે છે, જેનો પ્રભાવ મનુષ્ય ઉપર પણ પડે છે અને એના શારીરિક વિકાસ અને માનસિક સુખ-શાંતિમાં પણ હ્રાસ થવાનો પ્રારંભ થઈ જાય છે.

જેમ-જેમ માનવની સુખ-સામગ્રીમાં ઊણપ આવે છે અને એણે અભાવનો સામનો કરવો પડે છે, તેમ-તેમ એનું શાંત મસ્તિષ્ક વિચાર-સંઘર્ષનું કેન્દ્ર બનતું જાય છે. અભાવથી અભિયોગોનો જન્મ થાય છે. આ ઉક્તિ અનુસાર અભાવની સાથે-સાથે વિચાર-સંઘર્ષ અને અભિયોગ પણ વધી જાય છે. આ પ્રકાર અપકર્ષોન્મુખ અવસર્પિણી કાળના ત્રીજા આરાનો જ્યારે અડધાથી પણ વધારે કાળ વ્યતીત થઈ જાય છે, ત્યારે પૃથ્વીનાં રૂપ, રસ, ગંધ, ઉર્વરતા આદિ ગુણોનો અત્યાધિક માત્રામાં હ્રાસ થઈ જાય છે. કલ્પવૃક્ષોના વિલુપ્ત થઈ જવાના કારણે જીવનોપયોગી સામગ્રી પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ નથી થતી. અભાવની અનનુભૂત સ્થિતિમાં જનમનમાં ક્રોધ, લોભ, છળ-પ્રપંચ, વેર-વિરોધની પાશવિક પ્રવૃત્તિઓ વધતા-વધતા દાવાનળનું રૂપ ધારણ કરી લે છે, જેમાં સંપૂર્ણ માનવસમાજ સળગવા લાગે છે. અશાંતિની અસહ્ય આગ જ્યારે એની પરાકાષ્ઠાએ પહોંચી જાય છે, તો મનુષ્ય શાંતિ માટે વિહ્વળ થઈ ઊઠે છે.

પરિણામસ્વરૂપ એ માનવસમાજમાંથી જ કેટલીક વિશિષ્ટ પ્રતિભા-સંપન્ન વ્યક્તિનો સંયોગ મેળવી, ભૂમિમાંથી દટાયેલાં બીજની જેમ ઉપર આવે છે, જે એ ત્રસ્ત માનવોને ભૌતિક શાંતિનો માર્ગ પ્રદર્શિત કરે છે.

## પૂર્વકાલીન સ્થિતિ અને કુળકર કાળ

માનવસમાજમાં એવી વિશિષ્ટ બળ, બુદ્ધિ અને પ્રતિભાસંપન્ન વ્યક્તિ જ કુળોની સ્થાપના કરે છે, જેના કારણે તે કુળકર કહેવાય છે. એમની દ્વારા અસ્થાયી વ્યવસ્થા કરવામાં આવે છે, જેનાથી તાત્કાલિક સમસ્યાઓનું આંશિક સમાધાન થાય છે. જ્યારે વધતી જતી સમસ્યાઓનું સમાધાન કુળકરોના સામર્થ્યની બહાર થઈ જાય છે, તો સમયના પ્રભાવ અને જનતાના સદ્ભાગ્યથી કોઈ અલૌકિક-પ્રતિભાસંપન્ન વ્યક્તિનો જન્મ થાય છે, જે તેજપૂર્ણ નર-રત્નના રૂપમાં ધર્મતીર્થનો સંસ્થાપક થઈને લોકોને નીતિ અને ધર્મની શિક્ષા આપીને મનુષ્ય જાતિને પરમ

શાંતિ અને સુખના સારા માર્ગે આરૂઢ કરે છે. એ જ સમયે મનુષ્યજાતિના સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ઈતિહાસનો સૂત્રપાત થાય છે.

ભ. ઋષભદેવના પૂર્વવર્તી માનવ, સ્વભાવથી શાંત, શરીરથી સ્વસ્થ અને સ્વતંત્ર જીવન જીવવાવાળા હતા. એમનામાં ભૌતિક મર્યાદાઓનો અભાવ હતો. તેઓ સહજભાવથી વ્યવહાર કરતા, ન કોઈ પાસે સેવા-સહયોગ ગ્રહણ કરતા અને ન કોઈને સેવા-સહયોગ અર્પિત કરતા. ૧૦ પ્રકારનાં કલ્પવૃક્ષોમાંથી સહજ-પ્રાપ્ત ફળ-ફૂલોથી તેઓ એમનું પોતાનું જીવન ચલાવતા હતા અને રોગ-શોકરહિત હતા. જ્યારે ધીમે-ધીમે કલ્પ-વૃક્ષોથી પ્રાપ્ત સામગ્રીની માત્રા (પ્રમાણ) ક્ષીણ થવા લાગી તો અભાવ અને આવશ્યકતાની પૂર્તિ માટે પારસ્પરિક સંઘર્ષની સ્થિતિ ઉત્પન્ન થવા લાગી. એ સમયે એમણે એકબીજા સાથે જોડાઈને નાનાં-નાનાં કુળોની વ્યવસ્થા બનાવી. કુળોની વ્યવસ્થા કરનારાઓને કુળકર કહેવામાં આવ્યા.

વિમલવાહન પહેલાં કુળકર થયા. કોઈક સમયે વનમાં ફરતા-ફરતા એક માનવ-યુગલને કોઈ શ્વેતવર્ણ સુંદર હાથીએ જોયા અને એમને પોતાની પીઠ ઉપર બેસાડી દીધા. લોકો એ ગજારૂઢ (હાથી ઉપર બેઠેલા) એ યુગલને જોયાં તો ઉજ્જ્વળ વાહન ઉપર હોવાના કારણે એમને 'વિમલવાહન' કહીને બોલાવ્યા અને હાથી ઉપર સવાર હોવાના કારણે પોતાનાથી વધુ પ્રભાવશાળી સમજીને એમના નેતા બનાવી દીધા. નેતા બનીને વિમલવાહને બધા માટે મર્યાદા નિશ્ચિત કરી, જેનું ઉલ્લંઘન કરવાથી દંડની ઘોષણા કરી.

જ્યારે કોઈ મર્યાદાનું ઉલ્લંઘન કરતું તો એને 'હા' - 'તેં શું કર્યું ?' કહીને લજ્જિત અને દંડિત કરવામાં આવતો. એ કાળનો લજ્જાશીલ અને સંકોચી પ્રવૃત્તિનો માનવ એને જ સર્વસ્વહરણ (બધું જ લઈ લીધું હોય તે) જેવો કઠોર દંડ માનતો અને પછી ક્યારેય કોઈ અપરાધ ન કરતો. 'હા'કારની આ દંડનીતિ ઘણા સમય સુધી ચાલતી રહી. કાળાન્તરમાં વિમલવાહનની ચંદ્રજસા યુગલિનીથી બીજા કુળકર ચક્ષુષ્માનનો યુગલના રૂપમાં જન્મ થયો. આ પ્રકારે ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા કુળકર થયા. તત્કાલીન મનુજ કુળોની વ્યવસ્થા કરવાના કારણે તે 'કુળકર' કહેવાયા. વિમલવાહન અને ચક્ષુષ્માન સુધી 'હા'કારની દંડનીતિ

પ્રભાવિત રહી. જ્યારે અપરાધીને 'હા' કહેવાથી કામ ન ચાલતું ત્યારે જરા ઊંચા સ્વરમાં 'મા' કહેવામાં આવતું અર્થાત્ 'નહિ કરો.' એનાથી લોકો અપરાધ કરવાનું છોડી દેતા. આ 'મા'કાર નીતિ કહેવાઈ, જે ત્રીજા અને ચોથા કુળકર સુધી પ્રભાવિત રહી. સમયની રૂક્ષતા અને સ્વભાવની કઠોરતાના કારણે જ્યારે 'હા'કાર અને 'મા'કાર નીતિનો પ્રભાવ ઓછો થવા લાગ્યો, તો 'ધિક્કાર' નીતિનો આવિર્ભાવ થયો, જે પાંચમા, છઠ્ઠા અને સાતમા કુળકરના સમયમાં ચાલતી રહી.

## કુળકર : એક વિશ્લેષણ

અવસર્પિણી કાળના ત્રીજા આરાના પાછલા ત્રીજા ભાગમાં જ્યારે ભૂમિની ફળદ્રુપતા ઓછી થવા લાગી તો કલ્પવૃક્ષોનાં ફળોના ઉત્પાદનમાં પણ ઘટ આવવા લાગી. એ સમયે માત્ર કલ્પવૃક્ષો ઉપર આશ્રિત રહેનારા લોકોએ વૃક્ષો ઉપર સ્વામિત્વ ભાવનાને લઈ અરસપરસમાં વિવાદ કરવા લાગ્યા. જ્યારે આ વિવાદ વ્યાપક ક્લેશનું રૂપ ધારણ કરવા લાગ્યો ત્યારે અવ્યવસ્થા ફેલાવા લાગી, તો લોકોએ સાથે મળીને વિવાદને શાંત કરી વ્યવસ્થા બનાવી રાખવા માટે કોઈ વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિને પોતાના નેતાના રૂપમાં સ્વીકાર કર્યા. એવા કેટલાંયે કુળ બન્યા અને કુળની વ્યવસ્થા કરનારી એ વ્યક્તિને કુળકર કહેવામાં આવી. કુળકરોની વ્યવસ્થા અને કાર્યક્ષેત્રની દૃષ્ટિથી મતૈક્ય હોવા છતાં પણ કુળકરોની સંખ્યા સંબંધમાં શાસ્ત્રોમાં મતભેદ છે. 'જૈનાગમ-સ્થાનાંગ, સમવાયાંગ અને ભગવતી તથા આવશ્યક ચૂર્ણિ અને આવશ્યક નિર્યુક્તિ'માં ૭-૭ કુળકર બતાવવામાં આવ્યા છે. જેમકે - (૧) વિમલવાહન, (૨) ચક્ષુષ્માન, (૩) યશોમાન, (૪) અભિચંદ્ર, (૫) પ્રસેનજિત, (૬) મરુદેવ અને (૭) નાભિ. પરંતુ 'મહાપુરાણ'માં ચૌદ અને 'જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ'માં પંદર કુળકર બતાવવામાં આવ્યા છે.

'જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ'માં પઉમચરિયંનાં ૧૪ નામોની સાથે ઋષભને જોડીને ૧૫ કુળકર બતાવ્યાં છે, જે અપેક્ષાએ સંખ્યાભેદ હોવા છતાં પણ બાધક નથી. ૧૪ કુળકરોમાં પ્રથમના ૬ અને ૧૧મા ચંદ્રાભને છોડીને શેષ ૭ નામ 'સ્થાનાંગ' અનુસાર જ છે. સંભવ છે પ્રથમ ૬ કુળકર, જે

લોકોના ક્ષેમ કુશળની સંભાળ અને માર્ગદર્શન આદિનો ભાર સંભાળતા રહ્યા હોય અને અંતના ૭ કુળકરોના સમાન દંડ, વ્યવસ્થા આદિમાં સક્રિય ભાગ ન લઈ રહ્યા હોય, જેના કારણે એમને પ્રમુખ ન માનતા ગૌણ માનવામાં આવ્યા હોય. એ જ પ્રકારે ઋષભદેવને યૌગલિક વ્યવસ્થા સમાપ્ત કરી નવી રાજ્ય-વ્યવસ્થા સ્થાપિત કરવાના કારણે પ્રથમ ભૂપતિ (રાજા) માની કુળકરોમાં ન ગણવામાં આવ્યા હોય, અને સંભવ છે કે - 'જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ'માં કુળનો સામાન્ય અર્થ માનવસમૂહ લઈ એમની પણ મોટા કુળકરના રૂપમાં ગણના કરી લીધી હોય.

જૈન સાહિત્યની જેમ વૈદિક સાહિત્યમાં પણ આ પ્રકારનું વર્ણન ઉપલબ્ધ છે. ત્યાં કુળકરોના સ્થાને પ્રાયઃ 'મનુ' શબ્દનો પ્રયોગ થયો છે, સંભવતઃ એ લોકોની મનનશીલ પ્રવૃત્તિના કારણે 'મનુ' નામકરણ કરવામાં આવ્યું હોય. 'મનુસ્મૃતિ'માં 'સ્થાનાંગ'ના સાત કુળકરોની જેમ 'સાત મહાતેજસ્વી મનુ' આ પ્રમાણે બતાવવામાં આવ્યું છે - સ્વયંભૂ, સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવત, ચાક્ષુષ અને વૈવસ્વત.

અન્યત્ર ૧૪ મનુઓનો ઉલ્લેખ મળે છે, જેમાં સાતમા વૈવસ્વતના પછી સાવર્ણિ, દક્ષસાવર્ણિ, બ્રહ્મસાવર્ણિ, ધર્મસાવર્ણિ, રુદ્રસાવર્ણિ, રૌચ્ય-દેવસાવર્ણિ, ઈન્દ્રસાવર્ણિ આ ૭ નામોનો ઉલ્લેખ 'શ્રીમદ્ ભાગવત'માં અષ્ટમ્ મનુનાં રૂપમાં મળે છે. 'માર્કંડેયપુરાણ'માં વૈવસ્વત પછી ૫ સાવર્ણિ, તથા રૌચ્ય અને ભૌત્ય એ ૭ મનુ બીજા માનવામાં આવ્યા છે. 'મત્સ્યપુરાણ, દેવી ભાગવત અને વિષ્ણુપુરાણ'માં સ્વાયંભુવથી સાવર્ણિ સુધીના આ ૮ મનુઓ પછી રૌચ્ય, ભૌત્ય, મેરુસાવર્ણિ, ઋભુ, ઋતુધામા અને વિશ્વકસેન - આ ૧૪ મનુઓનો ઉલ્લેખ મળે છે.

૧૪ મનુઓનું કાળપ્રમાણ સહસ્ર યુગ માનવામાં આવ્યો છે. મનુઓના વિસ્તૃત પરિચય માટે 'મત્સ્યપુરાણ'ના ૯મા અધ્યાયથી ૨૧મા અધ્યાય સુધી અને પ્રાચીન જૈન ગ્રંથ 'તિલોયપણ્ણત્તી'ના ચતુર્થ મહાધિકારની ૪૨૧ થી ૫૦૯ સુધીની ગાથાઓ વાંચવા જેવી છે. ઉપરોક્ત તુલનાત્મક વિવેચનથી ભારતીય માનવોની આદિ વ્યવસ્થાની ઐતિહાસિકતા ઉપર સારો એવો પ્રકાશ પડે છે.

# ભગવાન શ્રી ઋષભદેવ

## તીર્થંકર પદપ્રાપ્તિના ઉપાયો

ભગવાન ઋષભદેવ માનવસમાજના આદિ વ્યવસ્થાપક અને પ્રથમ ધર્મનાયક તીર્થંકર થયા. જ્યારે ત્રીજા આરાના ૮૪ લાખ પૂર્વે, ૩ વર્ષ અને ૮॥ માસ અવશેષ રહ્યા ત્યારે અંતિમ કુળકર મહારાજ નાભિની પત્ની મરુદેવીની કૂખે ભગવાન ઋષભદેવનો જન્મ થયો. તીર્થંકર જેવા મહા મહિમામય પદના અધિકારી હોવાની પાછળ ભગવાન ઋષભદેવની વિશિષ્ટ સાધનાઓ રહેલી છે. 'જ્ઞાતાધર્મકથા'માં તીર્થંકર નામગોત્રના ઉપાર્જન માટે ૨૦ સ્થાનોની આરાધના આવશ્યક કારણભૂત માનવામાં આવી છે :

(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) પ્રવચન (૪) ગુરુ (૫) સ્થવિર (૬) બહુશ્રુત (૭) તપસ્વી મુનિની ભક્તિ અને સેવા (૮) નિરંતર જ્ઞાનમાં ઉપયોગ (૯) નિર્દોષ સમ્યક્ત્વનું પાલન (૧૦) ગુણવાનોનો વિનય (૧૧) વિધિપૂર્વક ષડાવશ્યક કરવું (૧૨) શીલ અને વ્રતનું નિર્દોષ પાલન (૧૩) વૈરાગ્યભાવની વૃદ્ધિ (૧૪) શક્તિપૂર્વક તપ અને ત્યાગ (૧૫) ચતુર્વિધ સંઘને સમાધિ ઉત્પન્ન કરાવવી (૧૬) વ્રતીઓની સેવા (૧૭) અપૂર્વજ્ઞાનનો અભ્યાસ (૧૮) વીતરાગનાં વચનો ઉપર શ્રદ્ધા (૧૯) સુપાત્રદાન અને (૨૦) જિનશાસનની પ્રભાવના કરવી.

એવું જરૂરી નથી કે વીસે-વીસ બોલોની આરાધના કરવામાં આવે. કોઈ પણ એક-બે બોલોની ઉત્કૃષ્ટ સાધના તથા-અધ્યવસાયોની ઉચ્ચતાથી પણ તીર્થંકર બનવાની યોગ્યતા અર્જિત કરી શકાય છે. 'તત્ત્વાર્થસૂત્ર અને મહાપુરાણ'માં તીર્થંકર બનવા માટે સોળ કારણભૂત ભાવનાઓનું આરાધન આવશ્યક માનવામાં આવ્યું છે, એમાં સિદ્ધ, સ્થવિર અને તપસ્વીના બોલ નથી, એ બધાનો અંતર્ભાવ ષોડશ-કારણ ભાવનાઓમાં થઈ જાય છે. ભગવાન ઋષભદેવના જીવે કયાંથી કયા ભવમાં આ બોલોની આરાધના કરી, એને જાણવા માટે એમના પૂર્વભવોનો પરિચય આગળ આપવામાં આવી રહ્યો છે.

## ભગવાન ઋષભદેવના પૂર્વભવ અને સાધના

ભ. ઋષભદેવનો જીવ કોઈ ભવમાં મહાવિદેહના ક્ષિતિપ્રતિષ્ઠ નગરમાં ધન્ના નામક વણિક હતો. ધન્નાની પાસે વિપુલ સંપદા હતી. દૂર દેશ-દેશાવરમાં એનો વ્યાપાર ચાલતો હતો. એક વખત એણે ઘોષણા કરાવી કે - 'જે કોઈએ

પણ અર્થોપાર્જન માટે વિદેશ જવું હોય, તે મારી સાથે આવે, એને દરેક પ્રકારની સુવિધા આપવામાં આવશે.' આ ઘોષણા સાંભળી હજારો લોકો એની સાથે જવા ઊપડ્યા. આચાર્ય ધર્મઘોષને પણ વસંતપુર જવું હતું. નિર્જન જંગલ પાર કરવા માટે સહજ પ્રાપ્ત સંયોગોને અનુકૂળ સમજી તે પણ પોતાની શિષ્ય મંડળી લઈને ધન્ના શેઠની સાથે ચાલવા લાગ્યા. શેઠે એમના અનુચરોને આદેશ આપ્યો કે - "આચાર્યના ભોજન આદિનું પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવે." આચાર્યએ જણાવ્યું કે - "શ્રમણોને એમના માટે બનાવેલું આધાકર્મી, ઔદ્દેશિક આદિ દોષયુક્ત આહાર નિષિદ્ધ છે."

કેટલાક દિવસો પછી ચોમાસું આવ્યું અને ઘનઘોર ઘટાઓ એકદમ ઊમટી આવીને વરસવા લાગી. સાર્થવાહે (વણિકે) ઋતુની પ્રતિકૂળતા જોઈને વનમાં જ સુરક્ષિત સ્થાને ચોમાસું વિતાવવાનો નિશ્ચય કર્યો. આચાર્ય ધર્મઘોષ પણ ત્યાં જ એક દોષરહિત સ્થાન ઉપર રોકાયા. જંગલમાં વધુ સમય સુધી રોકાવાને કારણે વણિકની સંપૂર્ણ ખાદ્યસામગ્રી સમાપ્ત થઈ ગઈ. લોકો વનનાં ફળ, કંદમૂળ વગેરેથી જીવન વિતાવવા લાગ્યા. ચોમાસું સમાપ્ત થતાં જ ધન્નાશેઠને એકદમ જ આચાર્યની યાદ આવી ગઈ. તે પશ્ચાત્તાપ કરતો-કરતો આચાર્યની પાસે ગયો અને આહાર લેવાની અભ્યર્થના કરવા લાગ્યો. આચાર્યએ એને શ્રમણાચારની મર્યાદા સમજાવી, જે અનુસાર દોષયુક્ત આહારની સાથે-સાથે શ્રમણોને માટે ફળ-ફૂલ વગેરે લીલા પદાર્થ પણ અગ્રાહ્ય છે. વિધિ-અવિધિનું જ્ઞાન પ્રાપ્ત કરી શેઠે પરમ ઉલ્લાસથી મુનિને વિપુલ ઘૃત(ઘી)નું દાન કર્યું અને જીવનમાં પહેલી વખત ત્યાં જ એને સમ્યગ્દર્શનની ઉપલબ્ધિ થઈ. અતઃ પહેલાંના અનંત ભવોને છોડીને અહીંથી ઋષભદેવના પ્રથમ ભવની ગણન કરવામાં આવી છે. ઋષભદેવના ૧૩ ભવોમાં આ પ્રથમ ભવ છે.

ધન્ના વણિકના ભવમાંથી નીકળીને દેવ તથા મનુષ્યના વિભિન્ન ભવ પાર કરીને ઋષભદેવનો જીવ સુવિધિ વૈદ્યને ત્યાં પુત્ર રૂપમાં ઉત્પન્ન થયો. આ ઋષભદેવનો ૯મો ભવ હતો. એમનું નામ જીવાનંદ રાખવામાં આવ્યું. જીવાનંદના ૪ અંતરંગ મિત્ર હતા - પહેલો રાજપુત્ર મહીધર, બીજો શ્રેષ્ઠીપુત્ર, ત્રીજો મંત્રીપુત્ર અને ચોથો વણિકપુત્ર. એક વખત જ્યારે તે એના મિત્રોની સાથે ઘરમાં વાર્તાલાપ કરી રહ્યો હતો, તો એક દીર્ઘ-તપસ્વી મુનિ ભિક્ષાર્થે પધાર્યા. મુનિના શરીરમાં કૃમિ-કુષ્ઠનો વ્યાધિ ઉત્પન્ન થયો હતો. રાજપુત્ર મહીધરે મુનિની વિપન્ન (દીન) સ્થિતિ જોઈને જીવાનંદને

કહ્યું : "મિત્ર, તું લોકોની ચિકિત્સા કરે છે, પણ ખેદની વાત છે કે તપસ્વીમુનિ માટે કંઈ કરવા માટે તત્પર નથી." ઉત્તરમાં જીવાનંદે કહ્યું : "આ રોગની ચિકિત્સા માટે રત્નકાંબળો, ગોશીર્ષચંદન અને લક્ષપાક તેલ નામક ત્રણ વસ્તુઓ આવશ્યક છે અને મારી પાસે માત્ર લક્ષપાક તેલ છે, અન્ય વસ્તુઓ ન હોવાના લીધે હું કંઈ પણ કરી શકવા અસમર્થ છું." એવું સાંભળી મહીધરે ચારેય મિત્રોની સાથે એ વસ્તુઓ ઉપલબ્ધ કરવાની ઇચ્છાથી બજાર તરફ પ્રસ્થાન કર્યું અને નગરમાં એક મોટા વેપારીને ત્યાં જઈને રત્નકાંબળો અને ગોશીર્ષચંદનની માગણી કરી. વેપારીએ આ બંને વસ્તુઓની કિંમત ૧-૧ લાખ સ્વર્ણ મુદ્રાઓ કહી અને આ બંને વસ્તુઓના આવશ્યકતાનું કારણ પૂછ્યું. કારણ જાણી વેપારી યુવકોની શ્રદ્ધા-ભાવનાથી ઘણો પ્રભાવિત થયો અને વિચારવા લાગ્યો કે - 'કેમ નહિ, હું પણ મુનિસેવાના આ પવિત્ર કાર્યનો લાભ ઉઠાવું ' અને એણે કોઈ પણ પ્રકારનું મૂલ્ય લીધા વગર જ એ બંને વસ્તુઓ આપી દીધી.

વૈદ્યપુત્ર જીવાનંદ અને એના ચારેય સાથીઓ એ વસ્તુઓને લઈને મુનિની પાસે ગયા. જીવાનંદે વંદન કરી પહેલાં મુનિના શરીર ઉપર લક્ષપાક તેલનું મર્દન (માલિશ) કર્યું. રુવાંટીનાં છિદ્રો વાટે તેલ શરીરમાં સમાતા જ કુષ્ઠકૃમિ (કોઢના જીવાણુ) બેબાકળા થઈ બહાર નીકળવા લાગ્યા, ત્યારે જીવાનંદે રતનકાંબળાથી તપસ્વીના શરીરને ઢાંકી દીધું, જેનાથી બધા કીડાઓ કાંબળામાં આવી ગયા. ત્યારે વૈદ્યે એ કાંબળો એક પશુના મૃત-કાળજા (કલેજા) ઉપર નાંખી દીધો અને તે બધા કીડાઓ એ મૃત-કાળજામાં સમાઈ ગયા. અંતે જીવાનંદે મુનિના શરીર ઉપર ગોશીર્ષ-ચંદનનો લેપ કર્યો. આ પ્રમાણે ત્રણ વાર માલિશ કરીને જીવાનંદે એના ચિકિત્સા-કૌશલ્યથી એ તપસ્વી મુનિને પૂર્ણરૂપે રોગમુક્ત કરી દીધા. મુનિની આ પ્રકારની નિઃસ્પૃહ અને શ્રદ્ધા-ભક્તિપૂર્ણ સેવાથી જીવાનંદ આદિ મિત્રોએ મહાન-પુણ્યલાભ મેળવ્યો. મુનિને પૂર્ણરૂપે સ્વસ્થ જોઈને એમનું અંતર મન ગદ્‌ગદ થઈ ગયું. મુનિએ એમને ત્યાગ અને વૈરાગ્યપૂર્ણ ઉપદેશ આપ્યો, જેનાથી પ્રભાવિત થઈને જીવાનંદે એના ચારેય મિત્રોની સાથે શ્રાવકધર્મ ગ્રહણ કર્યો. ત્યાર બાદ શ્રમણધર્મ ગ્રહણ કરીને એની વિધિવત્ આરાધના કરી પાંચેય મિત્રો અચ્યુતકલ્પ નામક બારમા સ્વર્ગમાં દેવપદના અધિકારી બન્યા.

દેવાયુ પૂર્ણ કરી જીવાનંદના જીવે પુષ્કલાવતી વિજયમાં મહારાજ વજ્રસેનની રાણી ધારિણીને ત્યાં પુત્રરૂપે જન્મ ગ્રહણ કર્યો. ગર્ભકાળમાં

માતાએ ૧૪ મહાસ્વપ્ન જોયાં. વજ્રસેને પોતાના એ પુત્રનું નામ વજ્રનાભ રાખ્યું, જે આગળ જતા ચક્રવર્તી બન્યો. એના અન્ય ચાર મિત્ર બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ નામથી એના સહોદર ભાઈના રૂપમાં ઉત્પન્ન થયા અને માંડલિક રાજા બન્યા. એમના પિતા તીર્થંકર વજ્રસેને કેવળી થઈને જ્યારે દેશના આરંભ કરી ત્યારે પૂર્વજન્મના સંસ્કારવશ ચક્રવર્તી વજ્રનાભ પણ દીક્ષિત થઈ ગયા. એમણે દીર્ઘકાળ સુધી તપસ્યા કરી અને અર્હદ્ભક્તિ આદિ વીસેવીસ સ્થાનોની સમ્યક્ આરાધના કરી, એ જ જન્મમાં તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું અને અંતે આયુષ્ય પૂર્ણ કરી સર્વાર્થસિદ્ધ નામક અનુત્તર વિમાનમાં અહમિન્દ્ર દેવ થયા.

## જન્મ

વજ્રનાભનો જીવ દેવભવની આયુ (વય) પૂર્ણ થતા સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યુત થઈ અષાઢ કૃષ્ણા ચૌદશે ઉત્તરાષાઢા નક્ષત્રના યોગમાં માતા મરુદેવીની કૂખમાં ઉત્પન્ન થયા. એ રાત્રિના પાછલા પ્રહરમાં માતા મરુદેવીએ નિમ્ન ૧૪ શુભ સ્વપ્ન જોયાં : (૧) વૃષભ (૨) ગજ (૩) સિંહ (૪) લક્ષ્મી (૫) પુષ્પમાળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજા (૯) કુંભ (૧૦) પદ્મસરોવર (૧૧) ક્ષીરસમુદ્ર (૧૨) વિમાન (૧૩) રત્નરાશિ અને (૧૪) નિધૂર્મ અગ્નિ.

તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કરી જે જીવ નરકભૂમિથી આવે છે, એમની માતા 'વિમાન'ની જગ્યાએ 'ભવન'ને સ્વપ્નમાં જુએ છે, જ્યારે કે દેવલોકથી આવનારની માતા વિમાનનું સ્વપ્ન જુએ છે. સંખ્યા અનુસાર તીર્થંકર અને ચક્રવર્તીની માતા સમાન રૂપે ૧૪ સ્વપ્નો જ જુએ છે. દિગંબર પરંપરામાં મત્સ્ય-યુગલ અને સિંહાસન - આ બે વધારીને ૧૬ સ્વપ્ન બતાવ્યાં છે.

અહીં એ સ્મરણીય છે કે અન્ય બધા તીર્થંકરોની માતાઓ પ્રથમ સ્વપ્નમાં હાથીને મોઢામાં પ્રવેશ કરતો જુએ છે, જ્યારે કે મરુદેવીએ પ્રથમ સ્વપ્નમાં વૃષભને પોતાનાં મોઢામાં પ્રવેશ કરતો જોયો. સ્વપ્ન જોઈ જાગૃત થયેલી મરુદેવી મહારાજ નાભિની પાસે આવી અને સ્વપ્ન સંબંધી વૃત્તાંત એમને કહ્યો. મહારાજ નાભિએ પોતાની ઔત્પાતિકી (જન્મથી મળેલ) બુદ્ધિથી સ્વપ્નાંઓનું ફળ સંભળાવ્યું. ગર્ભકાળ સાનંદ સમાપ્ત થતા ચૈત્ર કૃષ્ણ અષ્ટમીએ ઉત્તરાષાઢા નક્ષત્રમાં માતા મરુદેવીએ પુત્રરત્નને જન્મ આપ્યો. ક્યાંક-ક્યાંક અષ્ટમીની જગ્યાએ નવમીએ જન્મ થવાનું લખ્યું છે,

જે સંભવતઃ ઉદયતિથિ-અસ્તતિથિની દૃષ્ટિથી લખવામાં આવ્યું હોય. વૈદિક પરંપરાના ધર્મગ્રંથ 'શ્રીમદ્ ભાગવત'માં પણ પ્રથમ મનુ સ્વાયંભુવના મન્વંતરમાં જ એમના વંશ જ અગ્નિધ્રથી નાભિ અને નાભિથી ઋષભદેવનો જન્મ થવાનું માનવામાં આવ્યું છે. આ પ્રકારે વૈદિક પરંપરાના ધર્મગ્રંથોમાં પણ લગભગ જૈન પરંપરાનાં આગમોની સમાન જ ભગવાન ઋષભદેવનો જન્મ થવાનું માનવામાં આવ્યું છે. જે સમયે ભ. ઋષભદેવનો જન્મ થયો, બધી દિશાઓ શાંત હતી, સંપૂર્ણ લોકમાં ઉદ્યોત (આલોક) થઈ ગયો. થોડી ક્ષણ માટે નારક જીવોને પણ વિશ્રાંતિ પ્રાપ્ત થઈ.

ત્રિલોકપૂજ્ય, સંસારના સર્વોત્કૃષ્ટ તીર્થંકરપદની પુણ્ય પ્રકૃતિઓનો બંધ કરીને જ્યારે મહાન આત્મા જન્મ ગ્રહણ કરે છે, એ સમયે ૫૬ દિશા-કુમારીઓ અને ૬૪ દેવેન્દ્રોના આસન પ્રકંપિત થાય છે. અવધિ-જ્ઞાનના ઉપયોગ દ્વારા જ્યારે એમને વિદિત થાય છે કે તીર્થંકરનો જન્મ થઈ ગયો છે, તો તે બધા અનાદિકાળથી પરંપરાગત દિશાકુમારીકાઓ અને દેવેન્દ્રોએ જીતાચારના અનુસાર પોતાની અદ્ભુત દેવઋદ્ધિની સાથે પોત-પોતાની મર્યાદા અનુસાર તીર્થંકરના જન્મગૃહ તથા મેરુ પર્વત અને નંદીશ્વર દ્વીપમાં ઉપસ્થિત થઈ ઘણા જ હર્ષોલ્લાસપૂર્વક જન્માભિષેક આદિના રૂપમાં તીર્થંકરનો જન્મ મહોત્સવ ઊજવે છે. આ સંસારનો એક અનાદિ-અનંત-શાશ્વત નિયમ છે. એ જ નિયમાનુસાર બધા દેવ-દેવેન્દ્રોએ પ્રભુનો જન્માભિષેક મહોત્સવ અને જન્મનો અષ્ટાહ્નિકા મહામહોત્સવ ઊજવ્યો. મહારાજ નાભિ અને એમની પ્રજાએ પણ ઘણા હર્ષોલ્લાસથી પ્રભુનો જન્મોત્સવ ઊજવ્યો.

## નામકરણ, વંશ અને ગોત્ર

મરુદેવીએ ગર્ભકાળના પ્રારંભમાં જોયેલાં મહાસ્વપ્નોમાં સર્વપ્રથમ સર્વાંગ-સુંદર વૃષભને જોયો હતો અને શિશુના ઉરુસ્થળ (હૃદય) ઉપર પણ વૃષભનું શુભલક્ષણ (લાંછન-ચિહ્ન) હતું, અતઃ માતા-પિતાએ એમના પુત્રનું નામ ઋષભ રાખ્યું. ભાગવતકાર (શ્રીમદ્ ભાગવત)ના મંતવ્યાનુસાર સુંદર શરીર, વિપુલ કીર્તિ, બળ, તેજ, યશ અને પરાક્રમ આદિ સદ્ગુણોના કારણે મહારાજ નાભિએ એમનું નામ ઋષભ રાખ્યું. દિગંબર પરંપરાના ગ્રંથોમાં વૃષભદેવ નામ ઉપલબ્ધ થાય છે. વૃષભદેવ જગતમાં જ્યેષ્ઠ છે, શ્રેષ્ઠ છે તેઓ જગત માટે હિતકારક ધર્મરૂપી અમૃતની વર્ષા કરનારા છે, એટલે ઈન્દ્રએ એમનું નામ વૃષભ દેવ રાખ્યું.

ઋષભકુમાર જે સમયે લગભગ ૧ વર્ષના હતા ત્યારે એક દિવસે દેવરાજ ઈન્દ્ર પ્રભુની સેવામાં ઉપસ્થિત થયા. એ સમયે એમના હાથમાં એક ઈક્ષુદંડ(શેરડીનો સાંઠો) હતો. બાળકે ઈક્ષુની તરફ હાથ વધાર્યો. ઈન્દ્રે એ ઈક્ષુદંડ પ્રભુને આપ્યો. પ્રભુએ શેરડીના રસનું પાન કર્યું. સંભવતઃ આ જ કારણે પ્રભુના વંશનું નામ 'ઈક્ષ્વાકુ' અને ગોત્રનું નામ 'કાશ્યપ' પડી ગયું. ભગવાનના જન્મની ભૂમિ પણ 'ઈક્ષ્વાકુભૂમિ' કહેવાઈ.

ભગવાન ઋષભદેવ જે સમયે માતાના ગર્ભમાં આવ્યા, એ સમયે કુબેરે હિરણ્ય-વૃષ્ટિ કરી, એટલે એમનું નામ 'હિરણ્યગર્ભ' પણ રાખવામાં આવ્યું. ભ. ઋષભદેવ કર્મ અને ધર્મના આદિ પ્રવર્તક હતા, અતઃ જૈનાચાર્યો તથા જૈન ઈતિહાસવિદોએ એમને 'આદિનાથ' કહીને સંબોધિત કર્યા. પરિણામસ્વરૂપે જનસાધારણમાં, શતાબ્દીઓથી ભગવાન ઋષભદેવ આદિનાથના નામથી પણ વિખ્યાત છે.

## બાળક ઋષભનો આહાર

આગમોના વ્યાખ્યા-સાહિત્યની જેમ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ આદિ તથા કહાવલી આદિ ગ્રંથોમાં પ્રાપ્ત ઉલ્લેખોથી પ્રગટ થાય છે કે શિશુ-તીર્થંકર સ્તનપાન કરતા ન હતા. દેવ-દેવેન્દ્રોએ પ્રભુ ઋષભને જન્મ ગ્રહણ કરતા જ એમના હાથના અંગૂઠામાં અમૃત અથવા મનોજ્ઞ પૌષ્ટિક રસનું સ્થાપન કરી દીધું હતું. ભૂખ લાગવા પર શિશુ ઋષભ પોતાનો અંગૂઠો મોઢામાં મૂકી દેતા અને એના વડે વિભિન્ન પ્રકારના પૌષ્ટિક રસ ગ્રહણ કરતા. ભ. ઋષભ જેમ-જેમ મોટા થતા ગયા તેમ-તેમ દેવતાગણ એમને ફળાદિ મનોજ્ઞ આહાર પર્યાપ્ત માત્રામાં આપતા રહ્યા. 'કહાવલી' અનુસાર ભ. ઋષભદેવે પ્રવ્રજિત થતા પહેલાં સુધી પોતાના સંપૂર્ણ ગૃહસ્થજીવન-કાળમાં દેવો દ્વારા લાવવામાં આવેલાં દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રોનાં ફળોનો આહાર અને ક્ષીરસાગરનાં જળનું જ સેવન કર્યું.

## અભૂતપૂર્વ ઘટના

ભ. ઋષભદેવની બાળલીલાઓ ઘણી અદ્‌ભુત અને જનમાનસને આહ્‌લાદિત, આત્મવિભોર અને સંમોહિત કરનારી હતી. એમના નયનાભિરામ અલૌકિક સૌંદર્યને જોવા માટે આવનારાઓનો તાંતો (ભીડ) લાગેલો રહેતો હતો. પ્રભુના એક-એક મધુર સ્મિત ઉપર, એક-એક મનોહારી બાળલીલા

ઉપર માતા મરુદેવી અને પિતા નાભિરાજ આત્મવિભોર થઈ આનંદ-સાગરની તરંગોમાં ઝૂમી ઊઠતાં હતાં.

આ પ્રમાણે બધા લોકો પ્રભુની બાળલીલાઓનાં અનિર્વચનીય સુખનો આનંદ લઈ રહ્યાં હતાં કે તે વખતે એક દિવસ એ કાળ માટે અશ્રુત અને અભૂતપૂર્વ ઘટના ઘટી. વનમાં એક યૌગલિક (બાળક-બાળકી) યુગલ બાળક્રીડા કરી રહ્યું હતું. સહસા એ બળકના માથા ઉપર તાડવૃક્ષનું ફળ પડ્યું અને એનું મૃત્યુ થઈ ગયું. આ અદૃષ્ટપૂર્વ ઘટનાને જોઈને લોકો સહેમી ઊઠ્યા. બાળકીને વનમાં એકલી જોઈ વિસ્મિત યૌગલિક એને નાભિરાજ પાસે લઈ ગયાં અને એમણે આખી ઘટના ઘણા આશ્ચર્યની સાથે નાભિરાજને સંભળાવી. નાભિરાજે એમને સમજાવતાં કહ્યું કે - 'એનાથી એ જ પ્રગટ થઈ રહ્યું છે કે કાળ પડખું બદલી રહ્યો છે, આ ઘટના એની જ પૂર્વસૂચના માત્ર છે.' નાભિરાજે એ બાળકીને પોતાના ભવનમાં રાખી અને કહ્યું કે - "સમય આવતાં એ ઋષભકુમારની ભાર્યા (પત્ની) બનશે." એ બાળકીનું નામ સુનંદા રાખવામાં આવ્યું. સુનંદા પણ ઋષભકુમાર તથા સુમંગલાની સાથે રહેવા અને બાળ-સુલભ ક્રીડાઓ (રમતો) કરવા લાગી.

## જગદ્ગુરુ તીર્થંકર

બધા તીર્થંકર ગર્ભમાં આવવાના પૂર્વે ચ્યવનકાળથી જ મતિ, શ્રુત અને અવધિ - આ ત્રણ જ્ઞાનોના ધારક હોય છે. ભ. ઋષભદેવ પણ સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવનના સમયે જ આ ત્રણેય જ્ઞાનના ધારક હતા. જાતિસ્મરણ-જ્ઞાનથી એમને પોતાના પૂર્વભવોનું સમ્યક્ પરિજ્ઞાન હતું. અતઃ એમને કોઈ કલાગુરુ અથવા કલાચાર્યની પાસે શિક્ષા ગ્રહણ કરવાની જરૂર ન હતી. તેઓ સ્વયં જ સમસ્ત વિદ્યાઓના નિધાન અને નિખિલ કલાઓના પારગામી જગદ્ગુરુ હતા.

## ઋષભદેવના વિવાહ

ભગવાને બાળલીલાઓ કરતા-કરતા કિશોર અવસ્થામાંથી પસાર થઈ યૌવનના ઊંબરે પગ મૂક્યો. જ્યારે ઇન્દ્રએ જોયું કે પ્રભુ વિવાહયોગ્ય અવસ્થાને પામ્યા છે, તો એમણે નાભિરાજ સાથે પરામર્શ કરી કુમાર ઋષભના વિવાહ સુમંગલા અને સુનંદા બંનેની સાથે સંપન્ન કરવાનો નિર્ણય લીધો. એ સમયે લોકો માટે વિવાહકાર્ય નિતાંત નવીન અને કુતૂહલનો

વિષય હતો. માટે સ્વયં ઇન્દ્ર અને ઇન્દ્રાણીએ એ વિવાહ સંબંધી બધાં કાર્યો સંભાળ્યાં. આ વિવાહથી પૂર્વ યૌગલિક કાળમાં નર-નારી શિશુ યુગલ માતાની કૂખમાંથી એકસાથે જન્મ લેતા અને સમય આવતા પતિ-પત્નીના રૂપમાં પરિવર્તિત થઈ જતા હતા. પોતાના યુગની આ નિતાંત નવીન અને બધાથી પહેલી વિવાહ-પ્રક્રિયાને જોવા માટે યૌગલિકોનો એક વિશાળ સમૂહ નાભિરાજને ત્યાં એકત્ર થઈ ગયો. એમણે ભાવિ માનવ-સમાજના હિતમાં કાલપ્રભાવથી વધતી જતી વિષયવાસનાને વિવાહ-સંબંધથી સીમિત કરી માનવજાતિને વાસનાની ભઠ્ઠીમાં પડવાથી બચાવવા માટે વિવાહ પરંપરાનું સૂત્રપાત કર્યું.

વિવાહ સમારંભ કેટલાયે દિવસો સુધી ચાલતો રહ્યો અને સમગ્ર વાતા-વરણ આનંદથી ઓત-પ્રોત રહ્યું. સ્વયં નાભિરાજ અને મરુદેવી પોતાના પુત્ર ઋષભકુમારને વરરૂપમાં તૈયાર બે નવવધૂઓની સાથે જોઈ પુલકિત થઈ રહ્યાં હતાં અને અપાર આનંદનો અનુભવ કરી રહ્યાં હતાં. આ પ્રમાણે વિવાહસંપન્ન થઈ જવા પર ઋષભદેવ સુમંગલા અને સુનંદાની સાથે સુખી દામ્પત્ય જીવન વિતાવવા લાગ્યા.

## ભોગભૂમિ તથા કર્મભૂમિનો સંધિકાળ

આમ તો, આ અવસર્પિણી કાળના પ્રથમ કુળકરના સમયથી જ કાળ પડખું બદલવા લાગ્યો હતો, પણ નાભિરાજના સમયમાં સ્થિતિ પૂર્ણરૂપે બદલાઈ ચૂકી હતી. જ્યારે ભોગભૂમિના અંત અને કર્મભૂમિના ઉદયનો સંધિકાળ સમીપ આવ્યો તો કલ્પવૃક્ષ નામ માત્ર માટે શેષ રહી ગયા હતા. ભૂખ અને અભાવથી માનવ ત્રાહિ-ત્રાહિ કરવા લાગ્યો હતો. અત્યાર સુધી લોકો કંઈ પણ કર્યા વગર જ બધા પ્રકારનાં સુખોને ભોગવી રહ્યાં હતાં, પણ હવે વિના કંઈ કર્યે ભોજન અને પાણી મળવું અસંભવ હતું. ભૂખ અને અભાવથી સંત્રસ્ત લોકો નાભિરાજની પાસે પહોંચ્યા અને એમને પોતાની સ્થિતિથી અવગત કરાવ્યા. નાભિરાજ પોતાના પુત્ર ઋષભકુમારના બુદ્ધિ-કૌશલ્ય અને અલૌકિક ગુણોથી સારી રીતે પરિચિત હતા. એમણે પોતાના પુત્રને સંકટગ્રસ્ત માનવતાનું માર્ગદર્શન કરવા માટે કહ્યું.

કુમાર ઋષભદેવે લોકોને આશ્વાસન આપતાં કહ્યું કે - "કલ્પવૃક્ષોથી પ્રાપ્ત ફળોના અતિરિક્ત વનમાં ઊગતા શાલી આદિ અન્નનું સેવન કરો,

ઇક્ષુરસનું પાન કરો. વનમાં અનેક પ્રકારનાં કંદ-મૂળ, ફળ-ફૂલ અને પત્ર વગેરે છે, જેમનું સેવન કરી ક્ષુધા (ભૂખ) શાંત કરી શકાય છે.'' એમણે વનમાં ખાવાયોગ્ય ફળ-ફૂલો અને વનસ્પતિઓથી એમને પરિચિત કરાવ્યાં. હવે લોકો ભ. ઋષભદેવના બતાવેલા રસ્તાથી પોતાનું જીવન-યાપન કરવા લાગ્યાં અને એમને જ બધી કામનાઓને પૂર્ણ કરવાવાળું કલ્પવૃક્ષ સમજવા લાગ્યા.

આ પ્રમાણે કંદ-મૂળ અને ફળ-ફૂલની સાથે-સાથે તેઓ કાચા અનાજનો પણ ઉપયોગ કરવા લાગ્યા, જેનાથી કેટલાક લોકોને અપચા અને ઉદરવિકાર- (પેટસંબંધી સમસ્યા)ની ફરિયાદ થવા લાગી. જ્યારે લોકોએ પોતાની આ સમસ્યા ઋષભકુમારની સન્મુખ જણાવી તો એમણે કહ્યું કે - ''શાલી આદિ ધાન્યોનાં છોતરાં કાઢી હથેળીમાં સારી રીતે મસળીને ખાઓ તથા ઓછી માત્રામાં સેવન કરો તો સારું રહેશે.'' એવું કરવાથી જ્યાં સુધી અનાજ કાચું હતું ત્યાં સુધી તો કોઈ સમસ્યા ન રહી, પણ પાકેલા અનાજને ખાવાથી જૂની સમસ્યા ફરી ઉપસ્થિત થઈ. હવે કુમારે એમને કહ્યું કે - ''પાકેલા અનાજને પહેલાં પાણીમાં પલાળો, પછી મુઠ્ઠી અથવા બગલમાં થોડીવાર રાખી ગરમ કર્યા પછી ખાઓ, તો કોઈ બાધા ઉત્પન્ન થશે નહિ.'' એવું કરવાથી થોડાક સમય સુધી તો કોઈ કષ્ટ ન થયું, પણ આગળ જતા ઓછું ગરમ અનાજ ખાવાને લીધે ફરી અપચા અને પીડા આદિની સમસ્યા ઉત્પન્ન થઈ, તો સમયાનુસાર એમણે લાકડીઓને ઘસીને અગ્નિ ઉત્પન્ન કરવાની અને અગ્નિનો પ્રયોગ કરી ભોજન પકવવાની કળા શીખવાડી.

ચૂર્ણિકારે લખ્યું છે કે - 'એક દિવસ વનમાં વાંસ વૃક્ષમાં વાયુવેગથી ઘર્ષણના કારણે અનાયાસે જ આગ ઉત્પન્ન થઈ ગઈ. આગ ભૂમિ ઉપર પડી અને ઘાસ અને સૂકાં પાંદડાંઓને સળગાવવાં લાગી. યૌગલિકોએ ચમકના કારણે અંગારાને રત્ન સમજીને પકડવાનો પ્રયાસ કર્યો, પણ સ્પર્શતા જ જ્યારે હાથ દાઝ્યા તો આગના અંગારાને ફેંકીને તેઓ ઋષભકુમારની પાસે પહોંચ્યા અને આખી વાર્તા કહી સંભળાવી. ઋષભે કહ્યું : ''આ આગ છે, આ આગમાં કાચા ધાનને પકવીને ખાવામાં આવે તો ઉદરવિકારની કોઈ ફરિયાદ નહિ રહે.'' ત્યાર પછી એમણે માટીને ભીની કરી અને એ માટીના પાત્રને બનાવવાનું શીખવ્યું, એમાં ભોજન પકવવાની કળા શીખવી. ઋષભકુમારે એમની સમસ્યાનું સમાધાન કર્યું. અતઃ યૌગલિક એમને વિધાતા અને પ્રજાપતિ કહેવા લાગ્યા અને એમની

શીતળછાયામાં સમયે-સમયે સાચું માર્ગદર્શન મેળવી શાંતિપૂર્વક જીવન વિતાવવા લાગ્યા. આ પ્રકારે ભોગયુગ અને કર્મયુગના સંક્રાતિકાળમાં ઋષભદેવે ૧૪ લાખ પૂર્વ સુધી એક કુળકરના સમાન યૌગલિકોની સંભાળ રાખી. આ જ કારણ છે કે આગમીય-વ્યાખ્યાના ગ્રંથોમાં આચાર્યોએ *'જઈયા કિર કુલકરો ઉસભો'* આ ગાથાપદોના રૂપમાં ઋષભદેવની યશોગાથાઓનું ગાન કર્યું છે.

## ઋષભદેવનો પરિવાર

જ્યારે ઋષભદેવનું આયુષ્ય ૬ લાખ પૂર્વનું થયું તો સુમંગલાએ પુત્ર અને પુત્રીના એક યુગલના રૂપમાં ભરત અને બ્રાહ્મીને જન્મ આપ્યો. એના થોડા જ સમય પછી સુનંદાએ પણ પુત્ર-પુત્રીના એક યુગલના રૂપમાં બાહુબલી અને સુંદરીને જન્મ આપ્યો. સુમંગલાએ કાલાન્તરમાં પુનઃ ૪૯ વખત ગર્ભ ધારણ કરી ૪૯ યુગલ-પુત્રોને જન્મ આપ્યો. આ પ્રકારે દેવી સુમંગલાએ ૯૯ પુત્રો તથા ૧ પુત્રી અને દેવી સુનંદાએ એક પુત્ર અને એક પુત્રીની માતા બની. આ પ્રમાણે ઋષભદેવના ૧૦૦ પુત્ર અને બે પુત્રીઓ કુલ મેળવીને ૧૦૨ સંતાનો હતાં. તે બધાં વજ્રઋષભ-નારાચ સંહનન, સમચતુરસ્ર સંસ્થાનના ચરમશરીરી હતા. દિગંબરાચાર્ય જિનસેને ઋષભદેવના ૧૦૧ પુત્ર માન્યા છે.

દેવી સુમંગલાએ પ્રથમ ગર્ભધારણના સમયે ૧૪ મહાસ્વપ્ન જોયાં. સ્વપ્નાંઓને જોઈને દેવી સુમંગલા ઋષભદેવના શયનકક્ષમાં ગઈ અને એમને પોતાનાં સ્વપ્નો કહી સંભળાવી સ્વપ્નફળ જાણવાની જિજ્ઞાસા પ્રગટ કરી. ઋષભદેવે કહ્યું કે - "આ સ્વપ્નો ઉપર વિચાર કરવાથી એવું પ્રતીત થાય છે કે તું એક મહાન પુણ્યશાળી ચરમશરીરી પુત્રની માતા બનશે, જે આગળ જતા સંપૂર્ણ ભૂ-ખંડનો ચક્રવર્તી સમ્રાટ બનશે." ગર્ભકાળ પૂર્ણ થતા દેવી સુમંગળાએ ભરત અને બ્રાહ્મીને જન્મ આપ્યો. ભરતનાં ચરણોમાં ચૌદ રત્નોનાં ચિહ્નો હતાં.

## પ્રશિક્ષણ

ત્રિકાળજ્ઞ ભ. ઋષભદેવ જાણતા હતા કે ભોગયુગ સમાપ્તિની તરફ છે અને કર્મયુગ આવવાનો છે. જેમાં પ્રાકૃતિક સુખ-સુવિધાઓનો અભાવ હશે અને માનવસમાજે પોતાના પરિશ્રમ વડે જીવનનિર્વાહ કરવો પડશે. ત્યારે

એમણે એ વિચાર કર્યો કે - 'જો ભરત આદિ સો (૧૦૦) કુમારો તથા બ્રાહ્મી અને સુંદરીને કામમાં આવનારી બધી કલાઓ અને વિદ્યાઓનું સમુચિત પ્રશિક્ષણ આપવામાં આવે, તો સમય આવવા પર સમગ્ર માનવતા માટે કલ્યાણકારી રહેશે. મારાં બધાં સંતાનો એ સમયે દૂર-દૂરનાં સ્થળોએ જઈને ત્યાંના લોકોને એ કાર્યકલાપોની જાણકારી આપી એમના જીવનને સરળ અને સુખમય બનાવવામાં સહાયક થશે.'

આ પ્રકારનો દૂરદર્શિતાપૂર્ણ વિચાર મનમાં આવતાં જ પ્રભુએ સર્વપ્રથમ પોતાની પુત્રી બ્રાહ્મીને જમણા હાથથી ૧૮ પ્રકારની લિપિઓનું જ્ઞાન કરાવ્યું અને સુંદરીને ડાબા હાથથી ગણિતનું જ્ઞાન કરાવ્યું. એ પછી જ્યેષ્ઠપુત્ર ભરતને પુરુષોની ૭૨ કલાઓ અને બાહુબલીને પ્રાણી-લક્ષણનું જ્ઞાન કરાવ્યું. પછી પ્રભુએ પોતાની બંને પુત્રીઓને મહિલાઓની ૬૪ કલાઓની શિક્ષા આપી. આ પ્રકારે અવસર્પિણી કાળના આદ્ય વિદ્યાર્થીઓના રૂપમાં ભરત આદિ ભાઈઓએ પોતાની બહેનો બ્રાહ્મી અને સુંદરીની સાથે પોતાના પિતા આદ્યગુરુ ભ. ઋષભદેવનાં ચરણોમાં બેસીને ઘણી જ નિષ્ઠાપૂર્વક લેખન, ચિત્રકલા, સંગીતકલા, આયુર્વેદ, અર્થશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, રણશાસ્ત્ર આદિ બધા પ્રકારની વિદ્યાઓ અને કલાઓનું અધ્યયન કરી એ કલાઓમાં નિષ્ણાતતા પ્રાપ્ત કરી.

## ઋષભનો રાજ્યાભિષેક

પ્રકૃતિનું રૂપ ઘણી તીવ્રતાથી પરિવર્તિત થવા લાગ્યું. પ્રકૃતિ દ્વારા મળેલી કલ્પવૃક્ષ આદિ બધા પ્રકારની સુવિધાઓ ધીરે-ધીરે લુપ્ત થઈ ગઈ. કંદ-મૂળ, ફળ-ફૂલ, ધન-ધાન્ય આદિની ઉત્પતિ અલ્પ ને અપર્યાપ્ત થઈ ગઈ. ઔષધિઓ, વનસ્પતિઓની અદ્‌ભુત શક્તિ પ્રભાવહીન થઈ ગઈ. આ પ્રમાણે જીવનનિર્વાહની સામગ્રીની માત્રા અપર્યાપ્ત થવાના કારણે અભાવની સ્થિતિ ઉત્પન્ન થઈ. અભાવના પરિણામસ્વરૂપ અભિ-યોગોમાં વૃદ્ધિ થઈ. અભાવગ્રસ્ત માનવના મસ્તિષ્કમાં અપરાધવૃત્તિએ ઘર બનાવ્યું. લૂંટફાટ વધવા લાગી, પારસ્પરિક કલેશ વધવા લાગ્યો, લોકના શાંતિપૂર્ણ અને સૌમ્ય સ્વભાવમાં પરિવર્તન આવવા લાગ્યું, લોકોમાં કટુતા (કડવાશ) ઉત્પન્ન થવા લાગી.

પરિણામ સ્વરૂપે અંતિમ કુળકરો દ્વારા પ્રચલિત 'ધિક્કાર'ની દંડ-નીતિ પણ નિતાંત નિષ્ક્રિય, નિષ્ફળ અને નિષ્પ્રભાવી સિદ્ધ થવા લાગી. આ પ્રકારની સંકટપૂર્ણ સ્થિતિથી ગભરાઈ યૌગલિક સમાજ એકત્રિત થઈ પોતાના ઉપકારી,

પથપ્રદર્શક ઋષભદેવની પાસે પહોંચ્યા અને એમને વસ્તુસ્થિતિથી પરિચિત કરાવતા પ્રાર્થના કરી કે - "લોકોમાં અશાંતિ, ક્લેશ, લૂંટ-ફાટ આદિ આપસધિક પ્રવૃત્તિઓની વૃદ્ધિને રોકીને અમારા જીવનનિર્વાહની સમુચિત વ્યવસ્થા માટે માર્ગદર્શન આપવાની કૃપા કરો."

ઋષભદેવે યૌગલિકોને આશ્વાસન આપતાં કહ્યું કે - "હવે આ ભૂમિ ઉપર કર્મયુગ પદાર્પણ કરી ચૂક્યો છે, ફળસ્વરૂપ તમારે તમારા જીવન-નિર્વાહ માટે કઠોર શ્રમ કરવો પડશે." યૌગલિકોને એમના અંધકારપૂર્ણ ભવિષ્યમાં એક આશાની કિરણ દૃષ્ટિગોચર થઈ. એમની નિરાશા દૂર થઈ અને એમણે દૃઢ સંકલ્પના સ્વરમાં કહ્યું : "પ્રભો ! અમે આંપના ઈંગિત્ (ઈશારા)માત્ર ઉપર કઠોરથી પરિશ્રમ કરવા તૈયાર છીએ." આ સાંભળી ઋષભદેવ બોલ્યા : "આવી સ્થિતિમાં તમે લોકો તમારું જીવન સુખી અને સમૃદ્ધ બનાવવામાં સફળ થશો.

અપરાધ-નિરોધ માટે દંડનીતિ અને દંડવ્યવસ્થાની આવશ્યકતા હોય છે, જેનું સંચાલન રાજા દ્વારા થાય છે. રાજાના એ પદ ઉપર રાજ્યના વૃદ્ધજનો, પ્રજાજનો દ્વારા અભિષેક કરવામાં આવે છે, અને તે જ પરિ-સ્થિતિ અનુસાર નીતિમાં સંશોધન અને સંવર્ધન કરે છે." આમ સાંભળતાં જ યૌગલિકોએ હર્ષવિભોર થઈને કહ્યું : "તમે જ અમારા રાજા છો. અમે હમણાં જ તમારો રાજ્યાભિષેક કરીએ છીએ." આથી કુમાર ઋષભે કહ્યું : "મહારાજ નાભિ જ આપણા પૂજ્ય છે. તમે લોકો એમની જ સેવામાં ઉપસ્થિત થઈ નિવેદન કરો."

યૌગલિકોએ નાભિ કુળકરની સેવામાં ઉપસ્થિત થઈ, આખી સ્થિતિ એમની સમક્ષ રજૂ કરી. યૌગલિકોની વાત સાંભળી નાભિરાજે કહ્યું : "હું તો હવે વૃદ્ધ થઈ ચૂક્યો છું. સારું થશે કે તમે લોકો ઋષભદેવને જ તમારા રાજા બનાવી લો. વસ્તુતઃ તેઓ જ આ સંકટપૂર્ણ સ્થિતિથી તમારો ઉદ્ધાર કરવામાં સર્વથા સક્ષમ અને રાજ્યપદ માટે પણ બધી રીતે સુયોગ્ય છે."

નાભિ કુળકરની આજ્ઞા મેળવી યૌગલિક લોકો ઘણા પ્રસન્ન થયા. તે લોકો તરત જ ઋષભદેવની પાસે પહોંચ્યા અને પરમ પુલકિત તથા હર્ષવિભોર કંઠથી બોલ્યા : "મહારાજ નાભિએ તમને જ રાજાપદ ઉપર અભિષિક્ત કરવાની અનુમતિ આપી છે, અતઃ અમે લોકો હમણાં જ પવિત્ર જળ લાવીને તમારો અભિષેક કરીએ છીએ." અને તે લોકો હર્ષથી ઉછળીને પદ્મ સરોવરની તરફ ગયા.

એ જ સમયે દેવરાજ શક્રનું સિંહાસન ચલાયમાન થયું. પ્રભુ ઋષભદેવના મહારાજ્યાભિષેકનો સમય નજીક આવેલો જાણી પોતાનાં બધાં દેવી-દેવતાઓની સાથે પ્રભુની સેવામાં પહોંચ્યા. દિવ્ય વસ્ત્રાલંકારોથી સુસજ્જિત કરી પ્રભુ ઋષભદેવને એક દિવ્ય રાજસિંહાસન ઉપર સ્થાપિત કરી, ઘણા હર્ષોલ્લાસથી એમનો રાજ્યાભિષેક કર્યો. આકાશમાંથી દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, ત્યાર બાદ મહારાજ નાભિએ પણ પોતાના પુત્રનો રાજ્યાભિષેક કર્યો. દેવાંગનાઓએ મંગળગીત ગાયાં.

એ જ સમયે યૌગલિકોનો વિશાળ સમૂહ પદ્મ સરોવરનું જળ લઈ પ્રભુ ઋષભદેવનો અભિષેક કરવા પહોંચ્યો. પ્રભુને રાજસિંહાસન પર આસીન જોઈ, એ લોકોના હર્ષનો પાર ન રહ્યો. એમણે પદ્મ સરોવરનું જળ ઋષભદેવનાં ચરણોમાં રેડી એમનો રાજ્યાભિષેક કર્યો. 'મહારાજાધિરાજ ઋષભદેવની જય'થી વાયુમંડળ ગૂંજી ઊઠ્યું. યૌગલિકોના આ વિનીત સ્વભાવને જોઈને દેવરાજ શક્રએ ઇક્ષ્વાકુ ભૂમિના એ પ્રદેશ ઉપર કુબેરને આદેશ આપી એક વિશાળ નગરીનું નિર્માણ કરાવ્યું અને એનું નામ વિનીતાનગરી રાખ્યું, જે કાળાન્તરમાં પોતાના અભેદ્ય, અજેય અને અયોધ્યા પ્રતાપના કારણે અયોધ્યા નામથી વિખ્યાત થઈ.

આ પ્રમાણે ભગવાન ઋષભદેવ આ અવસર્પિણી કાળના પ્રથમ રાજા બન્યા. એમણે ત્યાં સુધી ચાલતી આવી રહેલી કુળકર વ્યવસ્થાને સમાપ્ત કરી નવીન રાજ્ય-વ્યવસ્થા સ્થાપિત કરી. પ્રભુના રાજસિંહાસન પર આસીન થતાં જ કર્મયુગનો શુભારંભ થયો અને અત્યાર સુધીની યોગભૂમિ, કર્મ-ભૂમિના રૂપમાં રૂપાંતરિત થઈ. મહારાજ ઋષભદેવે એમની પ્રજાને કર્મક્ષેત્રમાં ઊતરવાનું આહ્‌વાન કર્યું અને કર્મભૂમિના અભિનવ નિર્માણનું મહાન કાર્ય પોતાના હાથમાં લીધું. જે સમયે ભગવાન ઋષભદેવનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો એ સમયે એમની વય ૨૦ લાખ પૂર્વની હતી.

## સમર્થ રાષ્ટ્રનું નિર્માણ

રાજ્યાભિષેક પછી મહારાજ ઋષભદેવે રાજ્યની સુવ્યવસ્થા માટે સર્વપ્રથમ આરક્ષક વિભાગની સ્થાપના કરી. આરક્ષક દળ સુગઠિત કર્યું. આ દળના અધિકારી 'ઉગ્ર' નામથી ઓળખાયા. ત્યાર બાદ એમણે રાજકીય વ્યવસ્થામાં પરામર્શ માટે એક મંત્રીમંડળનું નિર્માણ કર્યું અને એ મંત્રીઓને પૃથક્-પૃથક્ વિભાગોનું ઉત્તરદાયિત્વ સોંપ્યું. વિભિન્ન વિભાગોના

ઉચ્ચાધિકારીઓને 'ભોગ' નામથી સંબોધવામાં આવ્યા, ત્યાર પછી સંપૂર્ણ રાષ્ટ્રને બાવન જનપદોમાં વિભક્ત કરી એમનું શાસન ચલાવવા માટે સુયોગ્ય વ્યક્તિઓનો મહામાંડલિક રાજાઓના રૂપમાં રાજ્યાભિષેક કર્યો. મહામાંડલિકે રાજાઓને અધીન અનેક નાનાં-નાનાં રાજ્યોનું ગઠન કર્યું અને એમનું શાસન ચલાવવા માટે રાજાઓને એ રાજ્યોના સિંહાસન પર બેસાડ્યા.

એ બધા નાના-મોટા શાસકોને એમનું ઉત્તરદાયિત્વ સમજાવતાં કહ્યું : "જે પ્રમાણે સૂર્ય પોતાની રશ્મિઓ દ્વારા જલાશયોમાંથી, એમને કોઈ હાનિ પહોંચાડ્યા વગર થોડું-થોડું જળ બાષ્પના રૂપમાં ખેંચે છે, એ જ પ્રકારે શાસનવ્યવસ્થા ચલાવવા માટે પ્રજા પાસે થોડો-થોડો કર લેવામાં આવે અને જે પ્રકારે સૂર્ય દ્વારા બાષ્પ(વરાળ)ના રૂપમાં ગ્રહણ કરેલું જળ પાછળથી વાદળ વર્ષાઋતુમા સમાન રૂપે સર્વત્ર પહોંચાડી દે છે, એ જ પ્રકારે પ્રજા પાસે કરના સ્વરૂપમાં લીધેલું ધન પ્રજાના હિતનાં કાર્યોમાં ખર્ચ કરવામાં આવે."

આ પ્રકારે રાજ્યોનું ગઠન કર્યા પછી મહારાજ ઋષભે રાજાઓના એક પરામર્શ મંડળની સ્થાપના કરી, જે મહારાજની સાથે શાસન સંબંધી વિચારોનું આદાન-પ્રદાન કરી શકે. મહારાજે એ રાજાઓને મહામાંડલિક, માંડલિક, રાજન્ય, ક્ષત્રિય આદિ ઉપાધિઓથી વિભૂષિત કર્યા. રાષ્ટ્રની સુરક્ષા માટે મહારાજ ઋષભે ચાર પ્રકારની સેનાની રચના કરી અને એમના ઉચ્ચ અધિકારીઓના રૂપમાં સેનાપતિઓની નિયુક્તિ કરી.

અપરાધ-નિરોધ માટે કઠોર નિયમોની સાથે નિમ્નલિખિત દંડ-વ્યવસ્થા પ્રચલિત કરી :

૧. પરિભાષણ : સાધારણ અપરાધ માટે અપરાધીને કઠોર, આક્રોશપૂર્ણ શબ્દોમાં દંડિત કરવા.

૨. મંડળી બંધ : અપરાધીને નિયત સમય માટે સીમિત ક્ષેત્ર, મંડળમાં રોકી રાખવો.

૩. ચારક બંધ : અપરાધીને બંદીગૃહમાં બંધ રાખવો.

૪. છવિચ્છેદ : માનવતાદ્રોહી, રાષ્ટ્રદ્રોહી અથવા વારંવાર જઘન્ય અપરાધ કરનારના શરીરનાં અંગોનું છેદન કરવું.

આ દંડનીતિઓ સંબંધમાં કેટલાક આચાર્યોનો અભિમત છે કે - 'અંતિમ બે નીતિઓ ભરત ચક્રવર્તીના શાસનકાળમાં પ્રચલિત થઈ હતી.

પરંતુ નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુના મંતવ્યાનુસાર બંધ અને ઘાત નીતિ પણ ઋષભદેવના શાસનકાળમાં જ પ્રચલિત થઈ ગઈ હતી.' અપરાધીને શોધી કાઢવા અને દંડ અપાવવા માટે અનેક પદાધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી હતી.

## પ્રજાને પ્રશિક્ષણ : ગ્રામો-નગરોનું નિર્માણ

શાસન, સુરક્ષા અને અપરાધ-નિરોધની વ્યવસ્થા કર્યા પછી મહારાજ ઋષભદેવે કર્મભૂમિના કાર્યકલાપો માટે પોતાની પ્રજાને સ્વાવલંબી બનાવવાની યોજના બનાવી. એમણે પ્રજાના હિત માટે અસિ, મસિ અને કૃષિ કર્મ તથા ૧૦૦ શિલ્પોની શિક્ષા આપી. શિલ્પકારોના રૂપમાં પહેલા કુંભકારનું કર્મ શિખવાડ્યું, પછી વસ્ત્રો માટે પટકાર કર્મ, ગૃહ-નિર્માણ માટે વર્ધકી કર્મ, પછી ચિત્રકાર કર્મ અને કેશ તથા નખો માટે નાપિત કર્મ નામક પાંચ મૂળ શિલ્પકર્મોની શિક્ષા આપી. આ પાંચ મૂળ શિલ્પોના ૨૦-૨૦ ભેદોથી ૧૦૦ પ્રકારનાં કર્મ ઉત્પન્ન થયાં. આ બધાં શિલ્પો તેમજ કૃષિ આદિ કાર્યો માટે ઋષભદેવે પોતાના ૧૦૦ પુત્રોને પહેલેથી જ પ્રશિક્ષિત કરી રાખ્યા હતા. જેનાથી જનસાધારણને પ્રક્ષિક્ષણ આપવામાં ઘણો સહયોગ મળ્યો. લોકો સશક્ત અને વિશાળકાય હતા. એમણે કઠોર પરિશ્રમ કર્યો. ખેતરોમાં હળ ચલાવીને બીજ નાખ્યાં. સમયે-સમયે વર્ષા થઈ, લીલાછમ ખેતરો લહેરાવાં લાગ્યાં. કેવળ પ્રકૃતિ ઉપર નિર્ભર રહેતો આવેલો માનવ પોતાના પરસેવાની કમાણી જોઈ પ્રસન્ન થઈ ઝૂમી ઊઠ્યો. મહારાજ ઋષભદેવ, એમનાં બધાં પુત્ર-પુત્રીઓ અને એમનાથી પ્રશિક્ષિત લાખો શિલ્પી તેમજ કલાકાર સ્વર્ગોપમ સુંદર રાષ્ટ્રના નિર્માણ માટે કટિબદ્ધ થઈ ચૂક્યાં હતાં.

મહારાજ ઋષભના એક જ ઈંગિત (ઈશારા) પર એમનાથી પ્રશિક્ષણ મેળવેલ શિલ્પીઓએ પોતાનાં સમસ્ત ઉપકરણોની સાથે મહારાજનો આજ્ઞાપત્ર લઈ વિભિન્ન જનપદોમાં મહારાજાઓ તથા રાજાઓની પાસે અને પછી ત્યાંથી રાજ્યાધિકારીઓનાં દળોની સાથે રાષ્ટ્રના ખૂણે-ખૂણામાં પહોંચી ત્યાંના સ્થાનીય નિવાસીઓનો શ્રમજીવી સહયોગ મેળવી ગ્રામો, નગરો, પાટનગરો સંવાહો આદિનું નિર્માણ પ્રારંભ કરી દીધું. જોત-જોતામાં સંપૂર્ણ રાષ્ટ્ર ગગનચુંબી ઈમારતો અને ભવનોથી મંડિત ગ્રામો, નગરો અને પાટનગરોથી સુસંપન્ન થઈ ધરા સ્વર્ગતુલ્ય સુશોભિત થઈ ઊઠી.

## કલાજ્ઞાન અને લોકકલ્યાણ

મહારાજ ઋષભદેવે લોકનાયક અને રાષ્ટ્રસ્થવિરના રૂપમાં વિભિન્ન વ્યવહારોપયોગી વિધિઓથી પણ જનસમાજને પરિચિત કરાવ્યો. એ સમયે તેઓ ગૃહસ્થપર્યાયમાં હતા. અતઃ પરિગ્રહની હેયતા(મહત્તા)ને સમજવા છતાં પણ એના ત્યાગી ન હતા. એમણે માનવસમાજને અભક્ષ્ય ભક્ષણથી બચાવી સાત્ત્વિક જીવન જીવવા માટે અસિ, મસિ અને કૃષિ કર્મની શિક્ષા આપી અને સમજાવ્યું કે - 'આવશ્યકતાવશ કયારેક દોષવૃત્તિ કરવી પણ પડે, તો પાપને પાપ સમજી, નિષ્પાપ જીવનની તરફ ચાલવાનું જ લક્ષ્ય હોવું જોઈએ, એ જ સમ્યગ્દર્શન છે.'

આ પ્રકારે એમણે કર્મયુગના આગમન સમયે ભોળા લોકોને સુખપૂર્વક જીવવાની કળા શીખવીને માનવતાને ભટકવાથી બચાવી. આ એમનો માનવતા ઉપર મહાન ઉપકાર છે. માનવતાના કલ્યાણ માટે એમણે એમના પુત્રોના માધ્યમથી પુરુષો માટે ૭૨ કળાઓની શિક્ષા આપી, સાથે જ એમણે મહિલાઓના જીવનને પણ ઉપયોગી ને શિક્ષાસંપન્ન બનાવવું આવશ્યક સમજ્યું. પોતાની પુત્રી બ્રાહ્મીના માધ્યમથી એમણે લિપિજ્ઞાન તો આપ્યું, સાથે જ મહિલાઓ માટે ઉપયોગી ૬૪ કળાઓ પણ શીખવાડી.

## વર્ણવ્યવસ્થાનો પ્રારંભ

ભ. ઋષભદેવે સર્વપ્રથમ માનવને સહઅસ્તિત્વ, સહયોગ, સહૃદયતા, સહિષ્ણુતા, સુરક્ષા અને સૌહાર્દનો પાઠ ભણાવી માનવના હૃદયમાં માનવ પ્રત્યે ભ્રાતૃભાવનો જન્મ આપ્યો. એમણે ગુણ-કર્મ અનુસાર વર્ણ-વિભાગ કર્યા, જન્મને પ્રધાનતા ન આપી. લોકોને સમજાવ્યા કે - 'બધા પોત-પોતાનું કામ કરતા કરતા એક-બીજાની સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરે, કોઈને પણ તિરસ્કારની ભાવનાથી ન જુએ.'

ભગવાન આદિનાથની પૂર્વે ભારતવર્ષમાં કોઈ વર્ણ અથવા જાતિ-વ્યવસ્થા ન હતી. લોકોની એક જ જાતિ હતી. માનવ જાતિ, જેમાં ઉચ્ચ-નીચનો ભેદ ન હતો. બધા લોકો બળ, બુદ્ધિ અને વૈભવમાં પ્રાયઃ સમાન હતા. પ્રાપ્ત સામગ્રીથી બધાને સંતોષ હતો, પ્રેમ હતો. જ્યારે લોકોમાં વિષમતા વધી ને લોકોમાં લોભ-મોહનો સંચાર થયો, તો ભગવાન આદિનાથે વર્ણવ્યવસ્થા સૂત્રપાત કરી. એ સમયના માનવને સુંદર, સુખમય અને શાંત જીવન વિતાવવા માટે સહઅસ્તિત્વનો પાઠ ભણાવવાની સાથે

સુચારુ રૂપે સમાજવ્યવસ્થાની આધારશિલા રાખી. જે લોકો શારીરિક દૃષ્ટિએ વધુ સુદૃઢ હતા, શક્તિ-સંપન્ન હતા, એમને લોકોની રક્ષાના કાર્યમાં નિયુક્ત કરી ઓળખાણ માટે એ વર્ગને ક્ષત્રિય વર્ણની સંજ્ઞા આપી. જે લોકો કૃષિ, પશુ-પાલન અને વસ્તુઓના ક્રય-વિક્રયનું વિતરણ કરવામાં અથવા વિત્ત-વાણિજ્યમાં નિપુણ સિદ્ધ થયા એ લોકોના વર્ગને વૈશ્ય વર્ણની સંજ્ઞા આપવામાં આવી. જે કાર્યોને કરવામાં લોકો પ્રાયઃ અનિચ્છા વ્યક્ત કરતા હતા, એ કાર્યોને કરવામાં પણ જે લોકોએ તત્પર થઈ જનસમુદાયની સેવામાં અભિરુચિ દેખાડી, એમને શૂદ્ર વર્ણની સંજ્ઞા આપવામાં આવી. આ પ્રમાણે ઋષભદેવના સમયમાં માત્ર ત્રણ વર્ણોની ઉત્પત્તિ થઈ - ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર.

આપણા દેશના આદિ ભૂપતિ ઋષભદેવનું રાજ્ય નિતાંત લોક-કલ્યાણની ભાવનાઓથી ઓતપ્રોત હતું. મહારાજ ઋષભદેવમાં પદલિપ્સા (લાલસા) લેશમાત્ર પણ ન હતી. એમને તો પ્રજાએ સ્વતઃ રાજા બનાવ્યા હતા અને એમણે પણ એકમાત્ર જનહિતાય, લોકકલ્યાણની ભાવનાથી અનુશાસન-પ્રિય, સ્વાવલંબી, સુસભ્ય સમાજની સંરચનાનો ભાર સંભાળ્યો હતો. માત્ર પ્રકૃતિ ઉપર નિર્ભર રહેનારાઓ પ્રકૃતિ-પુત્રોનાં માથા ઉપરથી જ્યારે કલ્પવૃક્ષની સુખદ છાયા ઊઠી ગઈ, તો ઋષભદેવે પોતાનો વરદ હાથ એમના માથા પર રાખ્યો અને એમને સુખી અને સ્વાવલંબી જીવન માટે ૧૦૦ શિલ્પ તથા અસિ, મસિ અને કૃષિ કર્મોની અંતર્ગત આવનારા બધા કાર્ય-કલાપોનું જ્ઞાન એ લોકોને સ્વયં તથા પોતાનાં પુત્ર-પુત્રીઓના માધ્યમે કરાવ્યું. પોતાના ઉત્તરોત્તર વધતા અનુભવના આધારે માનવ તીવ્રગતિથી નિરંતર આગળની તરફ વધતો જ રહ્યો. એ બધાનું સુખદ પરિણામ એ આવ્યું કે આપણા દેશનું ભૂમંડળ લીલાછમ ખેતરો, મોટા-મોટા બગીચાઓ, યાતાયાતના માટે નિર્મિત પ્રશસ્ત પથો, ગગનચુંબી ઈમારતો, ભવનો આદિથી મંડિત થઈ ઊઠ્યું. ધીમે-ધીમે અભાવ-અભિયોગનું આ ધરાથી નામ સુધ્ધાં ભૂંસાઈ ગયું.

## વર્ષીદાન અને દીક્ષા

આ પ્રમાણે ઋષભદેવે પ્રથમ નરેન્દ્ર અને લોકનાયકના રૂપમાં ૬૩ લાખ પૂર્વ સુધી રાજ્યનું સંચાલન કરી, પ્રેમ અને ન્યાયપૂર્વક પ્રજાનું પરિપાલન કર્યું. ત્યાર બાદ સ્થાયી શાંતિ પ્રાપ્ત કરવા અને પવિત્ર જીવન જીવવા માટે

યોગમાર્ગ અપનાવવાનો નિશ્ચય કર્યો. એમને વિશ્વાસ હતો કે - 'અધ્યાત્મ-સાધના વગર મનુષ્યને સ્થાયી શાંતિ નથી મળી શકતી.' આમ વિચારી એમણે પોતાના જ્યેષ્ઠ પુત્ર ભરતને રાજ્યનો ઉત્તરાધિકારી બનાવ્યો અને શેષ ૯૯ પુત્રોને પૃથક્-પૃથક્ રાજ્યોના અધિકાર સોંપીને ગૃહસ્થજીવનથી છુટકારો લઈ આત્મ-સાધનાના માર્ગે આગળ વધવાનો સંકલ્પ લીધો.

પ્રભુના આ નિર્ણયનો આભાસ મેળવી લોકાંતિક દેવોએ પોતાનાં કર્તવ્યનું પાલન કરતા પ્રભુને પ્રાર્થના કરી કે - 'તે સંપૂર્ણ જગતના કલ્યાણાર્થે ધર્મતીર્થ પ્રગટ કરે.' લોકાંતિક દેવોની પ્રાર્થના સાંભળી ભગવાને વર્ષીદાન પ્રારંભ કર્યું અને પ્રતિદિન પ્રભાતની પુણ્ય વેળાએ ૧ કરોડ ૮ લાખ સ્વર્ણમુદ્રાઓનું દાન કરવા લાગ્યા. પ્રભુએ આ દાન નિરંતર ૧ વર્ષ સુધી કર્યું. આ પ્રકારે ૧ વર્ષમાં કુલ ૩ અરબ ૮૮ કરોડ ૮૦ લાખ સ્વર્ણમુદ્રાઓનું દાન કર્યું. આ દાન દ્વારા એમણે લોકોના મનમાં એવી ભાવના ભરી દીધી કે - 'દ્રવ્યનું મહત્ત્વ એના ભોગમાં નહિ પરંતુ એના ત્યાગમાં છે.'

અંતે ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થજીવનમાં વિતાવી ચૈત્ર કૃષ્ણ નવમીના દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ઋષભદેવે દીક્ષાર્થે અભિનિષ્ક્રમણ કર્યું. એમણે રાજ્ય-વૈભવ અને પરિવારને છોડીને સમસ્ત ભોગસામગ્રીને તિલાંજલિ આપી અને દેવ-માનવોના વિશાળ સમૂહની સાથે વિનીતા નગરીમાંથી નીકળીને ષષ્ટમ્‌ભક્ત (છઠ)ના નિર્જળ તપની સાથે અશોક વૃક્ષની નીચે મુનિ-દીક્ષા સ્વીકારી અને સિદ્ધોની સાક્ષીમાં પ્રતિજ્ઞા કરી - ***'સવ્વં અકરણિજ્જં પાવ-કમ્મં પચ્ચક્ખામિ'*** અર્થાત્ - 'હિંસા આદિ પાપકર્મ અકરણીય છે, અતઃ હું એમનો સર્વથા ત્યાગ કરું છું.' એ પછી માથાના વાળનો ચતુર્મુષ્ટિકલોચન (ચારે તરફથી મુઠ્ઠીથી વાળ ખેંચવા) કરી પ્રભુએ બતાવ્યું કે - 'માથાના વાળની જેમ જ આપણે પાપોને પણ જડમૂળથી ઉખાડી ફેંકવાનાં છે.' ઇન્દ્રની પ્રાર્થનાથી એમણે એકમુષ્ટિ (મુઠ્ઠી) જેટલા વાળ રહેવા દીધા.

પ્રભુના આ અપૂર્વ ત્યાગ અને તપને જોઈને દેવો, દાનવો અને માનવોનો વિશાળ સમૂહ ચિત્રવત્ રહી ગયો. એમના ત્યાગથી પ્રભાવિત થઈ ક્ષત્રિય વંશના ૪૦૦૦ અન્ય રાજકુમારોએ પણ એમની સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. એમને પ્રવ્રજ્યા શ્રી ઋષભદેવે નહિ આપી, પરંતુ એમણે સ્વયં જ પ્રભુનું અનુસરણ કરી કેશ-લોચન આદિ ક્રિયાઓ કરી અને સાધુ બની પ્રભુની સાથે વિચરણનો પ્રારંભ કર્યો. આ પ્રકારે સંયમિત જીવનની નિર્મળ સાધનાનો સંકલ્પ લઈ ઋષભદેવ પ્રથમ મુનિ/શ્રમણના રૂપમાં વિશ્વવંદ્ય થયા.

## વિદ્યાધરોની ઉત્પત્તિ

ભ. ઋષભદેવ જ્યારે સાવદ્ય-ત્યાગરૂપ અભિગ્રહ લઈ નિર્મોહ-ભાવથી વિચરવા લાગ્યા, તો નમિ અને વિનમિ નામક બે રાજકુમાર, જે કચ્છ અને મહાકચ્છના પુત્ર હતા, ભગવાનની સેવામાં ઉપસ્થિત થયા અને બોલ્યા : "ભગવન્ ! તમે બધાને યોગ્ય સામગ્રી આપી છે, અમને પણ આપો." આ પ્રાર્થના પછી તેઓ પ્રભુની પાછળ લાગી રહ્યા. એક વાર દેવરાજ ઈન્દ્ર પ્રભુની પાસે આવ્યા તો એમણે આ બંને કુમારોને ભગવાન પાસે એ જ પ્રાર્થના કરતા જોયા. એમણે રાજકુમારોને કહ્યું કે - "ભગવાન વીતરાગ છે, એમની પાસે યાચના કરવી ઠીક નથી. તમારી સેવા નિષ્ફળ ન થાય એ માટે હું તમને પઠન(વાંચવા)માત્રથી સિદ્ધ થતી ૪૮૦૦૦ વિદ્યાઓ આપું છું, જેમાં ગૌરી, ગાંધારી, રોહિણી અને પ્રજ્ઞપ્તિ ચાર મહાવિદ્યાઓ છે; એમના સહારે તમે લોકો વિદ્યાધર બની પોત-પોતાનાં નગર સ્થાપિત કરી સુખથી રહો. નમિ અને વિનમિએ દેવેન્દ્રની આજ્ઞાનું પાલન કરી વૈતાઢ્ય પર્વતની દક્ષિણ અને ઉત્તર શ્રેણીમાં ક્રમશઃ ૫૦ અને ૬૦ નગર વસાવીને વિભિન્ન દેશોમાંથી સુલભ્ય લોકોને બોલાવીને પોતાને ત્યાં વસાવ્યાં. આ પ્રમાણે નમિ અને વિનમિએ ૮-૮ નિકાયોનું વિભાજન કર્યું અને વિદ્યાબળના પ્રભાવથી દેવોની સમાન સુખ ભોગવતા વિચરવા લાગ્યા, અને આ પ્રમાણે 'વિદ્યાધર'ની પરંપરાનો પ્રાદુર્ભાવ થયો."

## પ્રથમ પારણા

દિગંબર પરંપરાના 'તિલોયપણ્ણત્તિ' નામક ગ્રંથમાં દીક્ષા ગ્રહણ કરતી વખતે ભગવાનના ૬ ઉપવાસના તપનો ઉલ્લેખ મળે છે. આચાર્ય જિનસેન અનુસાર ૬ મહિનાનું અનશન અને શ્વેતાંબર પરંપરામાં છઠ્ઠતપ (બેલા) કરવાનો ઉલ્લેખ છે. શ્રમણ બન્યા પછી ઋષભદેવ દીર્ઘકાળ સુધી અખંડ મૌનવ્રતી થઈ અનાસક્ત ભાવથી, ઘોર અભિગ્રહનો સંકલ્પ લઈ ગ્રામાનુગ્રામ ભિક્ષા માટે ભ્રમણ કરતા રહ્યા, પણ એમને ભિક્ષા પ્રાપ્ત ન થતી, કારણ કે જનસાધારણને ભિક્ષા અથવા એની વિધિનું જ્ઞાન ન હતું. સાથેના ૪૦૦૦ શ્રમણ એ પ્રતીક્ષામાં હતા કે ભગવાન એમની માટે કંઈક વ્યવસ્થા કરશે. પણ ઘણા સમય સુધી ભગવાન કંઈ બોલ્યા નહિ તો તેઓ ભૂખ-તરસથી સંત્રસ્ત થઈ વલ્કલધારી તાપસ થઈ ગયા. તે પુનઃ ઘરે તો નહિ ગયા, પણ કષ્ટ-સહિષ્ણુતા અને વિવેકના અભાવથી સમ્યક્સાધનાથી

વિચલિત થઈ પરિવ્રાજક થઈ ગયા અને વનમાં રહી ફળ-ફળાદિથી પોતાનું જીવનયાપન કરવા લાગ્યા.

ભ. આદિનાથ તો વીતરાગ હતા, આ પરિસ્થિતિમાં સમચિત થઈ અગ્લાન ભાવથી વિચરણ કરતા રહ્યા. ભાવુક ભક્તજન એમને જોઈ પ્રસન્ન થતા, મોંઘીદાટ વસ્તુ, વસ્ત્રાભૂષણ, રથ, વાહન, ફળ-ફૂલ આદિ પ્રસ્તુત કરી ગ્રહણ કરવાની પાર્થના કરતા; પણ વિધિપૂર્વક ભિક્ષા આપવાનું ધ્યાન કોઈને ન હતું, પરિણામસ્વરૂપ ભ. ઋષભદેવએ બધી અગ્રહણીય ભેટોને છોડીને ઊંધા પગે ખાલી હાથ પાછા ફરતા.

આ પ્રમાણે ભિક્ષા માટે વિચરણ કરતા એમને લગભગ ૧ વર્ષ કરતાં પણ વધુ સમય થઈ ગયો, છતાં પણ એમના મનમાં કોઈ ગ્લાનિ ઉત્પન્ન ન થઈ. ભ્રમણ કરતા-કરતા એક દિવસ પ્રભુ કુરુ જનપદના હસ્તિના-પુરમાં પધાર્યા, ત્યાં બાહુબલીના પૌત્ર અને રાજા સોમપ્રભના પુત્ર શ્રેયાંસ યુવરાજ હતા. એમણે રાત્રે સ્વપ્નમાં જોયું - 'સુમેરુ પર્વત કાંતિહીન (ચમકહીન) થઈ ગયો છે. એને મેં અમૃતથી સિંચિત કરી પુનઃ ચમકાવ્યો છે. સુબુદ્ધિ શ્રેષ્ઠીને સ્વપ્ન આવ્યું કે સૂર્યની હજારો કિરણો પોતાના સ્થાનથી ચલાયમાન થઈ રહી હતી. કે શ્રેયાંસે' એમને પુનઃ સૂર્યમાં પ્રસ્થાપિત કરી દીધાં, જેનાથી સૂર્ય વધુ પ્રકાશમાન થઈ ગયો. મહારાજ સોમપ્રભને સ્વપ્ન આવ્યું કે - 'શત્રુઓ સાથે યુદ્ધ કરતી વખતે શ્રેયાંસે કોઈ સામંતને સહાયતા પ્રદાન કરી અને સામંતે એ સહાયતાના બળે શત્રુસેનાને પાછળ ધકેલી દીધી. બીજા દિવસે ત્રણેએ મળીને પોત-પોતાનાં સ્વપ્નો ઉપર વિચાર કર્યો તો એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા કે - 'શ્રેયાંસને કંઈક વિશેષ લાભ થવાનો છે.'

એ દિવસે પુણ્યોદયથી ભ. ઋષભદેવનું હસ્તિનાપુરમાં પદાર્પણ થયું. પ્રભુનાં દર્શન મેળવી લોકો અત્યંત પ્રસન્ન અને પુલકિત થયાં. શ્રેયાંસકુમારે રાજમાર્ગ પર ભ્રમણ કરી રહેલા ભગવાન ઋષભદેવને જોયા તો એમનાં દર્શન કરતા જ શ્રેયાંસના મનમાં જિજ્ઞાસા થઈ અને ચિંતન કરતાં-કરતાં એમને જ્ઞાનાવરણના ક્ષયોપશમથી જાતિ સ્મરણ જ્ઞાન થઈ ગયું. પૂર્વ-ભવની સ્મૃતિથી એમણે જાણ્યું કે - 'આ આરંભ-પરિગ્રહથી સંપૂર્ણ ત્યાગી પ્રથમ તીર્થંકર છે અને એમને નિર્દોષ આહાર આપવો જોઈએ.'

સંયોગથી એ સમયે સેવકગણ રાજભવનમાં ઈક્ષુરસ(શેરડીનો રસ)નું પાત્ર લઈને પહોંચ્યા. પરમ પ્રસન્ન થઈ શ્રેયાંસકુમાર સાત-આઠ ડગલાં ભગવાનની સામે ચાલીને ગયા, પ્રદક્ષિણા કરી અને વંદનપૂર્વક સ્વયં ઈક્ષુરસનું એક પાત્ર લઈ ત્રિકરણ શુદ્ધિથી પ્રતિલાભ આપવાની ભાવનાથી

ભગવાનની સામે ઉપસ્થિત થઈ બોલ્યા : "પ્રભો ! શું ખપ છે ?" ભગવાને અંજલિપુટ (ખોબો) આગળ ધર્યો અને શ્રેયાંસે પ્રભુની અંજલિમાં ઈક્ષુરસ રેડી દીધો. ભગવાન અછિદ્રપાણિ હતા. આથી રસનું એક ટીપું પણ નીચે ન પડ્યું. શ્રેયાંસને ઘણી પ્રસન્નતા થઈ. દેવોએ પંચ-દિવ્યની વર્ષા કરી અને 'અહો દાનં, અહો દાનં'ની ધ્વનિથી આકાશ ગુંજી ઊઠ્યું.

ભગવાન આદિનાથે બધાથી પહેલાં જગતને તપનો પાઠ ભણાવ્યો, તો શ્રેયાંસકુમારે સર્વપ્રથમ ભિક્ષાદાનની વિધિ માનવસમાજને બતાવી. એ યુગના તે પ્રથમ ભિક્ષાદાતા થયા. પ્રભુનાં પારણાંનો તે અક્ષયકરણી વૈશાખ શુક્લ તૃતીયનો દિવસ હોવાને લીધે લોકોમાં અક્ષય-તૃતીયા અથવા અખાત્રીજના નામથી પ્રસિદ્ધ થયો. આ દિવસ આજે પણ 'સર્વજન-વિશ્રુત પર્વ' માનવામાં આવે છે. ભરત ચક્રવર્તીએ શ્રેયાંસકુમારના ઘરે જઈ તેમનું અભિનંદન અને સન્માન કરતા કહ્યું કે - "વત્સ ! તું આ અવસર્પિણી કાળનો પ્રથમ દાનતીર્થ સંસ્થાપક છે, અતઃ તને પ્રણામ છે."

અહીં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે - 'ભગવાન ઋષભદેવે ચૈત્ર કૃષ્ણ અષ્ટમીના દિવસે ષષ્ઠભક્ત અથવા બેલેની તપસ્યાથી પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને જો બીજા વર્ષે વૈશાખ શુક્લ તૃતીયાએ પ્રથમ પારણાં કર્યાં, તો એ એમની એક વર્ષની તપસ્યા ન થઈને તેર મહિના અને દસ દિવસની તપસ્યા થઈ. આવી સ્થિતિમાં ***'સંવચ્છરેણ ભિક્ખા લદ્ધા ઉસહેણ લોગનાહેણ'*** 'સમવાયાંગ સૂત્ર'ના આ ઉલ્લેખની સાથે સંગતતા નથી બેસતી, જે અનુસાર આદિનાથના પ્રથમ તપને 'સંવત્સર તપ' કહેવામાં આવ્યું છે. વસ્તુતઃ આ એક ઘણો પ્રાચીન અને બહુચર્ચિત પ્રશ્ન છે અને એના સમુચિત સમાધાનના રૂપમાં એવું કહી શકાય છે કે - 'સૂત્રોમાં અનેક સ્થળોએ સૂત્રના મૂળ લક્ષણવાળી સંક્ષેપાત્મક શૈલી અપનાવી કાળગણના કરતી વખતે મોટાકાળની સાથે જ્યાં નાનોકાળ પણ સંમિલિત છે, ત્યાં પ્રાયઃ નાનાકાળને છોડી માત્ર મોટાકાળનો ઉલ્લેખ કરવામાં આવે છે.'

વાસ્તવમાં દીક્ષાના સમયે ભગવાન ઋષભદેવ દ્વારા ગ્રહણ કરવામાં આવેલ બેલે(છઠ્ઠ)નું તપ ભિક્ષા ન મળવાના કારણે ૧૨ મહિના કરતાં પણ વધુ સમય સુધી ચાલતું રહ્યું અને જ્યારે શ્રેયાંસકુમાર પાસેથી પ્રભુને ભિક્ષા મળી તો શાસ્ત્રમાં એ જ સૂત્ર-લક્ષણાનુસારિણી સંક્ષેપ શૈલીમાં એ ઘટનાનો ઉલ્લેખ ***'સંવચ્છરેણ ભિક્ખા લદ્ધા ઉસહેણ લોગનાહેણ'*** આ

રૂપમાં કર્યો. આ એક વ્યવહાર-વચન છે. વ્યવહાર-વચનમાં ૧ વર્ષથી ઉપરનો સમય અલ્પ હોવાના લીધે ગણનામાં એનો ઉલ્લેખ ન કરી મોટાભાગે સંવત્સર કહી દેવામાં આવ્યો છે. દીક્ષાકાળથી ભિક્ષાકાળ સુધી ૧૩ માસ અને ૧૦ દિવસ પ્રભુ ઋષભદેવ નિર્જળ અને નિરાહાર રહ્યા. એ સમયને શાસ્ત્રમાં વ્યવહારની ભાષામાં 'સંવચ્છર' કહેવામાં આવ્યો, સંભવ છે કે વ્યવહાર ભાષાનું આ જ રૂપ કાળાન્તરમાં રૂપાંતરિત થઈ તે વર્ષીતપના નામથી અભિહિત કરવામાં આવ્યો હોય.

ભગવાન ઋષભદેવના પ્રથમ તપ સંબંધમાં આ તથ્ય હંમેશાં ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે - 'પ્રભુએ દીક્ષા ગ્રહણ કરતી વખતે જે તપ અંગીકાર કર્યું હતું, તે શ્વેતાંબર પરંપરાની માન્યતાનુસાર બેલેનો (છટ્ઠ)અને દિગંબર પરંપરાનુસાર ૬ માસનું તપ હતું. તપના દિવસોમાં ભલે જે મતભેદ હોય, પણ પારણાની તિથિ વૈશાખ શુક્લ તૃતીયા જ સર્વમાન્ય છે.' અને દીક્ષાતિથિ ચૈત્ર કૃષ્ણ નવમીથી પ્રથમ પારણાકાળ ૧૩ માસ અને ૧૦ દિવસ થાય છે.

વસ્તુતઃ જોવા જઈએ તો માનવતા પર ભગવાન ઋષભદેવના અસીમ ઉપકાર છે. પ્રકૃતિના સુખદ ખોળામાં મોટા થયેલા અને જીવનની પ્રત્યેક આવશ્યકતા માટે માત્ર પ્રકૃતિ પર નિર્ભર રહેવાવાળા યૌગલિક માનવસમાજના માથા પરથી જ્યારે પ્રકૃતિએ પોતાનો હાથ હટાવી લીધો તો આદિ-લોકનાયક ઋષભદેવે જ એમને સ્વાવલંબી અને આત્મ-નિર્ભર રહેવાની વિદ્યાઓ અને કલાઓનું જ્ઞાન કરાવ્યું. લોકોને ભૌતિક ક્ષેત્રમાં સુખી, સમૃદ્ધ બનાવ્યા પછી એમનો જન્મ-જરા-મૃત્યુનાં દુઃખોથી છુટકારો આપનારા સત્પથના જ્ઞાન-હેતુ ઉત્કૃષ્ટ સાધના કરી. સાધના દ્વારા કૈવલ્યપ્રાપ્તિ પછી મુક્તિસેતુ ધર્મતીર્થની સ્થાપના કરી. જેની શરણ લઈ અનાદિ કાળથી જન્મ-મરણની ઘંટીમાં પિસાતી આવી રહેલી માનવતા એનાથી મુક્તિ મેળવવામાં સફળ થાય છે.

ભ. ઋષભદેવે એક એવી માનવ સંસ્કૃતિનું સર્જન કર્યું, જે સહ-અસ્તિત્વ, વિશ્વ-બંધુત્વ આદિ ઉચ્ચ અને ઉત્તમ માનવીય વિશેષતાઓથી પરિપૂર્ણ પ્રાણીમાત્રના માટે ઈહલોક અને પરલોક, બંનેમાં કલ્યાણકારી છે. પરિણામસ્વરૂપ ભગવાન આદિનાથ ઋષભદેવ માનવમાત્રના આરાધ્યદેવ બની ગયા. ભારતના બધા પ્રાચીન ધર્મગ્રંથોમાં એમને એ જ સાર્વભૌમ

સ્થાન પ્રાપ્ત છે, જે જૈનગ્રંથોમાં, ઋગ્વેદ, અથર્વવેદમાં એમનાં ગુણગાન છે. 'શ્રીમદ્ ભાગવત, શિવપુરાણ, કૂર્મપુરાણ, બ્રહ્માંડપુરાણ, મનુસ્મૃતિ, બૌદ્ધ ગ્રંથ 'આર્યમંજુશ્રી સૂરસાગર' આદિ ગ્રંથોમાં નાભિપુત્ર ઋષભદેવનું યશોગાન છે અને પુરાણોમાં એમને ભગવાનના આઠમા (૮)માં અવતાર માનવામાં આવ્યા છે. એમના પ્રથમ પારણાથી સંબંધિત અક્ષય-તૃતીયાના પર્વનું મહત્ત્વ વૈદિક પરંપરામાં પણ એટલી જ શ્રદ્ધા અને ભક્તિનું પ્રતીક અને પુણ્યપ્રદાતા છે.

## કૈવલ્યપ્રાપ્તિ

પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી પ્રભુ ૧૦૦૦ વર્ષ સુધી ગ્રામાનુગ્રામ વિચરણ કરતા-કરતા તપશ્ચરણ દ્વારા આત્મસ્વરૂપને પ્રકાશિત કરતા રહ્યા. અંતે પ્રભુ પુરિમતાલ નગરની બહાર શકટમુખ નામક ઉદ્યાનમાં ફાગણ કૃષ્ણ એકાદશના દિવસે, દિવસના પૂર્વ ભાગમાં, ઉત્તરાષાઢા નક્ષત્રના યોગમાં અષ્ટમ-તપ(અટ્ઠમ)ની સાથે ધ્યાનાવસ્થિત થયા અને ક્ષપકશ્રેણીથી ચાર ઘાતીકર્મોને નષ્ટ કરી કેવળજ્ઞાન, કેવળદર્શનની ઉપલબ્ધિ કરી. એમને આ જ્ઞાન એક વટવૃક્ષની નીચે થયું, તેથી વટવૃક્ષને ભ. આદિનાથનું ચૈત્યવૃક્ષ માનવામાં આવે છે, અને ભારતદેશમાં વટવૃક્ષને આદર અને ગૌરવની દૃષ્ટિથી જોવામાં આવે છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિની સાથે ભગવાન ઋષભદેવ અરિહંત થઈ ગયા અને એમનામાં અરિહંતોના ૧૨ ગુણ પ્રગટ થયા.

## તીર્થંકરોની વિશેષતા

સામાન્ય કેવળીની અપેક્ષાએ તીર્થંકરમાં કેટલીક ખાસ વિશેષતાઓ હોય છે, જેમને અતિશય નામથી ઓળખવામાં આવે છે, અને જેમને 'સમવાયાંગ સૂત્ર'માં ***'ચોતીસં બુદ્ધાઈસેસા'*** અને ***'પણતીસં સચ્ચવયણાઈસેસા પણ્ણતા'*** કહેવામાં આવ્યા છે. શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયોમાં સંખ્યા સમાન હોવા છતાં પણ એમાં અંતર છે. શ્વેતાંબર પરંપરામાં ૩૪ અતિશયોને મૂળભૂત ૪ ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે - ***'અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, પૂજાતિશય તથા વાગતિશય'***; જ્યારે દિગંબર પરંપરામાં એને ત્રણ (૩) ભાગોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. જન્મના અતિશય, કેવળજ્ઞાનના ૧૦ અતિશય તથા ૧૪ દેવકૃત અતિશય છે.

શ્વેતાંબર ગ્રંથ 'સમવાયાંગ'માં તીર્થંકરોના આહારને ચર્મચક્ષુ દ્વારા અદૃશ્ય-પ્રચ્છન્ન માન્યો છે, જ્યારે દિગંબર પરંપરામાં સ્થૂલ આહારનો અભાવ અને નીહાર નહિ થવું માનવામાં આવ્યું છે.

'સમવાયાંગ'ના છઠ્ઠા અતિશય આકાશગત ચક્રથી ૧૧મા અશોકવૃક્ષ સુધીના અતિશય દિગંબર પરંપરામાં નથી. એના સ્થાને નિર્મળ દિશા, સ્વચ્છ આકાશ, ચરણની નીચે સ્વર્ણકમળ, આકાશમાં જય-જયકાર, જીવો માટે આનંદદાયક, આકાશમાં ધર્મચક્રનું ચાલવું અને અષ્ટમંગળ - આ ૭ અતિશય માનવામાં આવ્યા છે.

'સમવાયાંગ'ના તેજોમય ભામંડળના સ્થાને દિગંબર પરંપરામાં કેવળી અવસ્થાનો ચતુર્મુખ અતિશય માન્યો છે. છાયારહિત શરીર, આકાશગમન અને નિર્નિમેષ ચક્ષુ જે દિગંબર પરંપરામાં જોવા મળે છે, સમવાયાંગ અથવા શ્વેતાંબર પરંપરામાં નથી. આ રીતે સંકોચ, વિસ્તાર અને સામાન્ય દૃષ્ટિભેદને છોડીને બંને પરંપરાઓમાં તીર્થંકરોને ૩૪ અતિશયોથી સંપન્ન માનવામાં આવ્યા છે. સાથે જ સમવસરણમાં તીર્થંકર ભગવાનની મેઘ-સદૃશ વાણી ૩૫ અતિશયોની સાથે અવિરત રૂપથી પ્રવાહિત થાય છે, જેને 'તીર્થંકરની વાણીના ૩૫ ગુણ' પણ કહેવામાં આવે છે.

## ભરતનો વિવેક

જે સમયે ભગવાન ઋષભદેવને કેવળજ્ઞાનની ઉપલબ્ધી થઈ, એ સમયે સંપૂર્ણ લોકમાં જ્ઞાનનો પ્રકાશ થઈ ગયો. સમ્રાટ ભરતને જે સમયે પ્રભુનાં કેવળજ્ઞાનની સૂચના મળી, એ સમયે એક દૂતે આયુધશાળા(શસ્ત્રશાળા)માં ચક્રરત્ન ઉત્પન્ન થવાની સૂચના પણ આપી. આચાર્ય જિનસેન અનુસાર એમને પુત્રરત્નપ્રાપ્તિની ત્રીજી સૂચના પણ એ સમયે મળી.

એકીસાથે ત્રણ શુભ સૂચનાઓ મેળવી મહારાજ ભરત અસમંજસમાં પડી ગયા કે - 'કયા માંગલિક કાર્યનો મહોત્સવ પહેલા મનાવવામાં આવે ?' પણ સમ્યક્ વિવેકના આધારે એમણે નિર્ણય લીધો કે - 'ચક્રરત્ન અને પુત્રરત્નની પ્રાપ્તિ તો અર્થ અને કામનું ફળ છે. આ બંને ઉપલબ્ધિઓ નશ્વર અને ભૌતિક છે, પણ પ્રભુનું કેવળજ્ઞાન ધર્મનું ફળ છે અને શાશ્વત છે. અતઃ પહેલાં પ્રભુચરણોની વંદના અને ઉપાસના કરવી જોઈએ, કારણ કે કેવળજ્ઞાન જ બધાં કલ્યાણોનું મૂળ અને મહાલાભનું કારણ છે.' આમ વિચારી ચક્રવર્તી ભરત પ્રભુ ઋષભદેવના ચરણ-વંદન માટે ચાલી નીકળ્યા.

## પ્રથમ દેશના અને તીર્થ સ્થાપના

કેવળજ્ઞાન દ્વારા જ્ઞાનની પૂર્ણ જ્યોતિ મેળવી લીધા બાદ ભગવાને જ્યાં પ્રથમ દેશના (ઉપદેશ/બોધ) આપી, એ સ્થાનને અને ઉપદેશ-શ્રવણાર્થ ઉપસ્થિત નર-નારી સમુદાય, દેવ-દેવી અને તિર્યંચ સમુદાયને સમવસરણ કહે છે. આચાર્યોએ સમવસરણની વ્યાખ્યા કરતા કહ્યું છે કે - 'સાધુ-સાધ્વી આદિ સંઘનું એકત્ર થવું અથવા વ્યાખ્યાન-સભાને સમવસરણ કહે છે. તીર્થંકરની પ્રવચન-સભાને પણ સમવસરણ કહેવામાં આવે છે.'

આમ તો કેવળજ્ઞાની અને વીતરાગી થઈ ગયા પછી ભ. ઋષભદેવ ધારત તો એકાંત સાધનાથી પણ મુક્તિ મેળવી શકતા હતા, છતાં પણ એમણે દેશના આપી. એનાં કારણોમાં પ્રથમ તો એ છે કે જ્યાં સુધી દેશના આપી ધર્મતીર્થની સ્થાપના નથી કરવામાં આવતી. ત્યાં સુધી તીર્થંકર નામકર્મનો ભોગ નથી થતો. બીજું, જેમકે, 'પ્રશ્નવ્યાકરણ સૂત્ર'માં કહેવામાં આવ્યું છે - 'સમસ્ત જગજીવોની રક્ષા અને દયા માટે ભગવાને પ્રવચન આપ્યું. અતઃ ભ. ઋષભદેવને શાસ્ત્રમાં પ્રથમ ધર્મોપદેશક તથા વૈદિક પુરાણોમાં દશવિધ ધર્મના પ્રવર્તક માનવામાં આવ્યા છે.'

જે દિવસે ભગવાન ઋષભદેવે પ્રથમ દેશના આપી, તે ફાગણ કૃષ્ણ એકાદશનો દિવસ હતો. એ દિવસે ભગવાને શ્રુત અને ચારિત્ર ધર્મનું નિરૂપણ કરીને રાત્રિભોજન - વિરમણ સહિત અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ રૂપ પાંચ મહાવ્રત ધર્મનો ઉપદેશ આપ્યો. પ્રભુએ સમજાવ્યું કે - 'માનવજીવનનું લક્ષ્ય ભોગ નહિ, યોગ છે; રાગ નહિ, વિરાગ છે; વૃત્તિઓનું દમન નહિ, પણ જ્ઞાનપૂર્વક શમન છે.'

ભગવાનની અમૃતવાણીથી નીકળેલા એ ત્યાગ-વિરાગપૂર્ણ ઉદ્‌ગારોને સાંભળી સમ્રાટ ભરતના ઋષભસેન આદિ પાંચસો (૫૦૦) પુત્રો અને સાતસો (૭૦૦) પૌત્રોએ શ્રમણ સંઘમાં અને બ્રાહ્મી આદિ પાંચસો (૫૦૦) સન્નારીઓએ શ્રમણી સંઘમાં દીક્ષા ગ્રહણ કરી. મહારાજ ભરત સમ્યક્‌દર્શી (શ્રાવક) થયા. શ્રેયાંસકુમાર આદિ સહસ્રો નર-પુંગવો અને સુભદ્રા આદિ સન્નારીઓએ સમ્યક્‌દર્શન અને શ્રાવકવ્રત ગ્રહણ કર્યું. આ પ્રકારે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ આ ચાર પ્રકારના સંઘ સ્થાપિત થયા. ધર્મતીર્થની સ્થાપના કરવાના કારણે ભગવાન ઋષભદેવ પ્રથમ તીર્થંકર કહેવાયા.

ઋષભસેને પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને ત્રણ પૃચ્છાઓથી એમણે ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ભગવાનના ચોર્યાસી (૮૪) ગણધરોમાં પ્રથમ ગણધર ઋષભસેન થયા.

ઋષભદેવની સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરનાર જે ૪ હજાર વ્યક્તિઓ કષ્ટથી ગભરાઈને તાપસ થઈ ગયા હતા, એમણે પણ જ્યારે ભગવાનના કેવળજ્ઞાનોત્પત્તિ અને ધર્મતીર્થ પ્રવર્તનની વાત સાંભળી તો કચ્છ અને મહાકચ્છને છોડી શેષ બધા ભગવાનની સેવામાં આવ્યા અને આર્હતી પ્રવ્રજ્યા ગ્રહણ કરી સાધુ સંઘમાં સંમિલિત થઈ ગયા.

## માતા મરુદેવીની મુક્તિ

માતા મરુદેવી પોતાના પુત્ર ઋષભદેવનાં દર્શન માટે ચિરકાળથી વ્યાકુળ હતી. પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી ૧૦૦૦ વર્ષ વ્યતીત થઈ જવા છતાં પણ તે પોતાના પ્રિય પુત્રને એકવાર પણ જોઈ ન શકી. પુત્રની સ્મૃતિમાં પ્રતિપળ એમની આંખોમાંથી અશ્રુધારા પ્રવાહિત થતી રહેતી હતી. ભરતની વિપુલ રાજ્યવૃદ્ધિ જોઈ એમને ઉપાલંભ આપતા પ્રાયઃ કહેતી હતી કે - 'તું અમિટ ઐશ્વર્યનો ઉપભોગ કરી રહ્યો છે, પણ મારો લાડકો ઋષભ ન જાણે ક્યાં કઈ સ્થિતિમાં હશે ?' અતઃ ભરતે જ્યારે ભગવાન ઋષભદેવના કેવળજ્ઞાનના સમાચાર સાંભળ્યા તો તત્કાળ માતા મરુદેવીની સેવામાં પહોંચ્યા અને એમને ઋષભદેવના પુરિમતાલ નગરમાં પધારવાના અને કૈવલ્ય-પ્રાપ્તિના શુભ સમાચાર સંભળાવ્યા. આ સાંભળી માતા મરુદેવી હર્ષાતિરેકથી પુલકિત થઈ ઊઠી અને ભરતની સાથે જ પ્રભુનાં દર્શનાર્થે ચાલી નીકળી.

સમવસરણની નજીક પહોંચી માતા મરુદેવીએ ઋષભદેવની મહિમા-અર્ચા જોઈ તો વિચારવા લાગી કે - 'હું તો વિચારતી હતી કે મારો પુત્ર કષ્ટોમાં હશે, પણ અહીં તો એ અનિર્વચનીય આનંદ-સાગરમાં ગોથા ખાઈ રહ્યો છે.' આ પ્રમાણે વિચાર કરતા-કરતા એમના ચિંતનનો પ્રવાહ બદલાઈ ગયો, તે આર્તધ્યાનથી શુક્લધ્યાનમાં આરૂઢ થઈ અને થોડી જ ક્ષણોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીયનાં સઘન આવરણોને દૂર કરી કેવળજ્ઞાન અને કેવળદર્શનની ધારક બની ગઈ. આયુનો અવસાનકાળ નજીક હોવાના લીધે થોડા જ સમયમાં શેષ ચાર અઘાતીકર્મોને પણ સમૂળ નષ્ટ કરી ગજારૂઢ સ્થિતિમાં જ સિદ્ધ, બુદ્ધ અન મુક્ત થઈ ગઈ.

કેટલાક આચાર્યોની માન્યતા છે કે - 'તે ભ. ઋષભદેવની ધર્મદેશના સાંભળતાં-સાંભળતાં જ આયુ પૂર્ણ થવાથી સિદ્ધ થઈ ગઈ. આ અવસર્પિણી કાળમાં સિદ્ધ થવાવાળા જીવોમાં માતા મરુદેવીનું પ્રથમ સ્થાન છે.'

## ભગવાન ઋષભદેવનો ધર્મ-પરિવાર

ભગવાન ઋષભદેવનો ગૃહસ્થ-પરિવાર વિશાળ હતો, એ જ પ્રકારે એમનો ધર્મ-પરિવાર પણ ઘણો મોટો હતો. આમ જોવા જઈએ તો પ્રભુ ઋષભદેવની વીતરાગ વાણીને સાંભળી કોઈ વિરલો જ એવો હશે જે લાભાન્વિત અને એમના પ્રત્યે શ્રદ્ધામય ન થયો હોય. પણ અહીં વ્રતીઓની દૃષ્ટિથી જ એમના ધર્મ-પરિવારનું વિવરણ પ્રસ્તુત કરવામાં આવી રહ્યું છે. 'જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ' અનુસાર કૌશલિક ઋષભદેવના ધર્મસંઘમાં ગણધર આદિની સંખ્યા આ પ્રમાણે હતી :

ગણધર ૮૪, કેવળી સાધુ ૨૦૦૦૦, કેવળી સાધ્વીઓ ૪૦૦૦૦, મનઃપર્યવજ્ઞાની ૧૨૬૫૦, અવધિજ્ઞાની ૯૦૦૦, ચતુર્દશ પૂર્વધારી ૪૭૫૦, વાદી ૧૨૬૫૦, વૈક્રિય લબ્ધિધારી ૨૦૬૦૦, અનુત્તરોપપાતિક ૨૨૯૦૦, સાધુ ૮૪૦૦૦, સાધ્વીઓ ૩૦૦૦૦૦, શ્રાવક ૩૫૦૦૦૦, શ્રાવિકાઓ ૫૫૪૦૦૦. ભગવાન ઋષભદેવના આ ધર્મ-પરિવારમાં ૨૦ હજાર સાધુઓ અને ૪૦ હજાર સાધ્વીઓ એ પ્રમાણે કુલ મેળવીને ૬૦ હજાર અંતેવાસી સાધુ-સાધ્વીઓએ આઠ કર્મોનો સમૂળ નાશ કરી મોક્ષ પ્રાપ્ત કર્યો. ઘણા અણગાર ઊર્ધ્વજાનુ અને અધોશિર કરી ધ્યાનમગ્ન રહી તપશ્ચર્યાથી પોતાના આત્માને પવિત્ર કરીને વિચરણ કરતા હતા.

## ભ. ઋષભદેવનાં કલ્યાણક

ભ. ઋષભદેવનાં પાંચ કલ્યાણક ઉત્તરાષાઢા નક્ષત્રમાં અને છઠ્ઠું કલ્યાણક અભિજિત નક્ષત્રમાં થયું : (૧) સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવન (૨) જન્મ (૩) પ્રભુજીનો રાજ્યાભિષેક (૪) દીક્ષા (૫) કેવળજ્ઞાન-પ્રાપ્તિ - આ બધા ઉત્તરાષાઢા નક્ષત્રમાં થયા તથા (૬) આઠેય કર્મોને નષ્ટ કરી મોક્ષગમન અભિજિત નક્ષત્રમાં થયું.

## નિર્વાણ-પ્રાપ્તિ

પ્રભુ ઋષભદેવે ૧ લાખ પૂર્વમાં ૧૦૦૦ વર્ષ ઓછા સુધી તીર્થંકરપર્યાયમાં ભારતનાં વિભિન્ન ક્ષેત્રોમાં વિહાર કર્યો. એમણે બહલી, અંડબઈલ્લા-અટક પ્રદેશ, યવન-યૂનાન, પહ્નવ-પર્શિયા, સ્વર્ણભૂમિ જેવાં દૂર-દૂરનાં ક્ષેત્રોમાં પણ વિચરણ કર્યું અને લોકોને ધર્મનો ઉપદેશ આપ્યો. આ ભ. આદિનાથના

ઉપદેશોનું જ પરિણામ હતું કે એ સમયે જૈન ધર્મ દેશના દૂરસ્થ પ્રદેશોમાં સાર્વભૌમ ધર્મના પ્રતિષ્ઠિત પદ ઉપર અધિષ્ઠિત હતો.

ઋષભદેવ ૨૦ લાખ પૂર્વની અવસ્થા સુધી કુમાર અવસ્થામાં અને ૬૩ લાખ પૂર્વ સુધી મહારાજપદ ઉપર, આ પ્રકારે કુલ ૮૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા. પછી અણગાર બની ૧૦૦૦ વર્ષ સુધી છદ્મસ્થ પર્યાયમાં રહ્યા. ૧ લાખ પૂર્વમા ૧૦૦૦ વર્ષ ઓછાં સુધી તે કેવળી-પર્યાયમાં અર્થાત્ તીર્થંકર રૂપમાં રહ્યા. બધું મળીને એમણે ૧ લાખ પૂર્વ સુધી શ્રમણધર્મનું પાલન કર્યું. અંતે આયુ-સમાપ્તિને નિકટ સમજી ૧૦૦૦૦ અંતેવાસી સાધુઓના પરિવારની સાથે અષ્ટાપદ પર્વત ઉપર પાદપોપ-ગમન સંથારો કર્યો. ત્યાં માઘ કૃષ્ણ ત્રયોદશીના દિવસે (તેરશે) અભિજિત નક્ષત્રના યોગમાં દિવસના પૂર્વ ભાગમાં પ્રભુ ઋષભદેવ નિર્વાણને પ્રાપ્ત થયા. પ્રભુની સાથે જે ૧૦ હજાર સાધુઓએ સંથારો કર્યો હતો, તે પણ એમની જ સાથે સિદ્ધ-બુદ્ધ-મુક્ત થયા. એ સમયે ત્રીજા આરકની સમાપ્તિ થવામાં ૮૯ પક્ષ એટલે કે ૩ વર્ષ, ૮ માસ અને ૧૫ દિવસ બાકી હતા.

કાળનો સૂક્ષ્માતિસૂક્ષ્મ-અવિભાજ્ય કાળ, સમય કહેવાય છે. અનાદિ કાળથી આ નિયમ છે કે - ‘એક સમયે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૨ જીવ જ એકસાથે સિદ્ધ થઈ શકે છે, પણ ૫૦૦ ધનુષની ઉત્કૃષ્ટ અવગાહના-વાળા ભ. ઋષભદેવ અને એમના ૧૦૭ અંતેવાસી કુલ મેળવીને ૧૦૮ જીવ એક જ સમયે સિદ્ધ થઈ ગયા. એને વર્તમાન અવસર્પિણી કાળના ૧૦ આશ્ચર્યોમાંથી એક આશ્ચર્ય માનવામાં આવ્યું છે. પ્રભુની સાથે સંથારો કરેલા શેષ ૯૮૯૩ અંતેવાસીઓએ પણ એ જ દિવસે થોડી-થોડી ક્ષણોના અંતરે શુદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ સિદ્ધ ગતિ પ્રાપ્ત કરી. પ્રભુની સાથે મુક્ત થયેલા એ ૧૦ હજાર શ્રમણોમાં પ્રભુના ગણધર, પુત્ર, પૌત્ર અને અન્ય પણ સંમિલિત હતા.

## નિર્વાણ મહોત્સવ

ભગવાન ઋષભદેવનો નિર્વાણ થતાં જ દેવરાજ ઈન્દ્ર આદિ ૬૪ ઈન્દ્રોનાં આસન ચલાયમાન થયાં. તે બધાં પોત-પોતાના દેવ-પરિવારની સાથે અષ્ટાપદ પર્વત ઉપર પહોંચ્યા. દેવરાજ ઈન્દ્રની આજ્ઞાથી ત્રણ ચિતાઓ અને ત્રણ શિવિકાઓનું નિર્માણ કરાવવામાં આવ્યું. સ્વયં ઈન્દ્રએ પ્રભુના પાર્થિવ શરીરને ક્ષીરોદકથી સ્નાન કરાવીને ગોશીર્ષચંદનનો લેપ કરવામાં આવ્યો. અન્ય દેવોએ ગણધરો તથા સાધુઓનાં પાર્થિવ શરીરોને એ પ્રકારે

સ્નાન કરાવ્યાં અને ચંદન લેપ કર્યો. એ પાર્થિવ શરીરોને અતિ સુંદર શિવિકાઓમાં રાખ્યા, ઈન્દ્રોએ પ્રભુની શિવિકાને અને દેવોએ ગણધરો તથા સાધુઓને ઉઠાવીને ચિતાઓની પાસે પહોંચાડ્યા. એ જ ક્રમથી પાર્થિવ શરીરોને એમના અંતિમ સંસ્કાર માટે નિર્મિત ચિતાઓ પર રાખવામાં આવ્યા. શક્રની આજ્ઞાથી અગ્નિકુમારોએ ચિતાઓમાં અગ્નિની વિકુર્વણા(તણખા)થી અને વાયુકુમાર દેવોએ અગ્નિને પ્રજ્વલિત કર્યો. આ પ્રકારે પ્રભુ ઋષભદેવ તથા એમના અંતેવાસીઓના અગ્નિ સંસ્કાર સમાપ્ત કરી એમની ચિતાઓને ક્ષીરોદકથી શાંત કરવામાં આવી. તદુપરાંત દેવરાજની આજ્ઞાથી એ ચિતાસ્થાનો ઉપર ચૈત્ય-સ્તૂપોનું નિર્માણ કરવામાં આવ્યું. 'આવશ્યક નિર્યુક્તિ'માં એ દેવ નિર્મિત ચૈત્ય સ્તૂપોનો ઉલ્લેખ છે.

વૈદિક પરંપરામાં માઘ કૃષ્ણ ચતુર્દશી(ચૌદશ)ના દિવસે આદિદેવનો શિવલિંગના રૂપમાં ઉદ્ભવ થયો હોવાનું માનવામાં આવ્યું છે. ભગવાન આદિનાથનું શિવ-પદ-પ્રાપ્તિનું એનાથી સામ્ય પ્રતીત થાય છે. એ સંભવ છે કે ભગવાન ઋષભદેવની ચિતા પર જે સ્તૂપ નિર્મિત થયો, એ જ આગળ જતા સ્તૂપાકાર ચિહ્‌ન શિવલિંગના રૂપમાં લોકોમાં પ્રચલિત થઈ ગયું હોય.

## જૈનેતર સાહિત્યમાં ઋષભદેવ

જૈન પરંપરાની જેમ વૈદિક પરંપરાના સાહિત્યમાં પણ ઋષભદેવનો વિસ્તૃત પરિચય ઉપલબ્ધ છે. બૌદ્ધ સાહિત્યમાં પણ ભગવાન ઋષભ-દેવનો ઉલ્લેખ મળે છે.

પુરાણોમાં ઋષભના વિષયમાં લખાયું છે કે - 'બ્રહ્માજીએ પોતાનાથી ઉત્પન્ન પોતાના જ સ્વરૂપ સ્વાયંભુવને પ્રથમ મનુ બનાવ્યો. સ્વાયંભુવથી પ્રિયવ્રત, પ્રિયવ્રતથી આગ્નીધ્ર આદિ દસ પુત્ર ઉત્પન્ન થયા. આગ્નીધ્રથી નાભિ અને નાભિથી ઋષભ ઉત્પન્ન થયા. નાભિની પ્રિયા મરુદેવીની કુક્ષિથી અતિશય કાંતિમાન પુત્રનો જન્મ થયો, જેનું નામ ઋષભ રાખવામાં આવ્યું. ઋષભદેવે ધર્મપૂર્વક રાજ્યશાસન કર્યું તથા વિવિધ યજ્ઞોનાં અનુષ્ઠાન કર્યાં. પછી પોતાના પુત્ર ભરતને રાજ્ય સોંપી તપસ્યા માટે પુલહાશ્રમ ચાલ્યા ગયા. જ્યારથી ઋષભદેવે પોતાનું રાજ્ય ભરતને સોંપી દીધું ત્યારથી એ હિમવર્ત લોકમાં ભારતવર્ષના નામથી પ્રસિદ્ધ થયું.'

'શ્રીમદ્ ભાગવત'માં ઋષભદેવને વિષ્ણુના અંશાવતાર માનવામાં આવ્યા છે. એ અનુસાર ભગવાન નાભિનો પ્રેમ સંપાદન કરવા માટે મહારાણી

મરુદેવીના ગર્ભથી સંન્યાસી વાતરશના-શ્રમણોના ધર્મને પ્રગટ કરવાને લીધે શુદ્ધ સત્વમય વિગ્રહથી પ્રગટ થયા. ઋષભદેવના શરીર પર જન્મથી જ વજ્ર, અંકુશ આદિ વિષ્ણુનાં ચિહ્ન હતાં. એમના સુંદર શરીર, વિપુલ તેજ, બળ, ઐશ્વર્ય, પરાક્રમ અને શૂરવીરતાના કારણે મહારાજ નાભિએ એમને ઋષભ (શ્રેષ્ઠ) નામથી સંબોધ્યા.

'શ્રીમદ્ ભાગવત'માં ઋષભદેવને સાક્ષાત્ ઈશ્વર કહ્યા છે. ઈન્દ્ર દ્વારા આપવામાં આવેલી જયંતિ કન્યા સાથે એમનું પાણિગ્રહણ અને એમના ગર્ભથી એમની જ સમાન સો પુત્રોના ઉત્પન્ન થવાનો ઉલ્લેખ છે. 'બ્રહ્માવર્ત- પુરાણ'માં લખ્યું છે કે - 'એમણે પોતાના પુત્રોને આત્મજ્ઞાનની શિક્ષા આપી અને પછી સ્વયં એમણે અવધૂતવૃત્તિ સ્વીકારી લીધી. 'શ્રીમદ્ ભાગવત' માં એમના ઉપદેશોનો સાર આ પ્રમાણે છે - 'મારા આ અવતાર - શરીરનું રહસ્ય સાધારણજનો માટે બુદ્ધિગમ્ય નથી. શુદ્ધ સત્ત્વ જ મારું હૃદય છે અને એમાં જ ધર્મની સ્થિતિ છે. મેં અધર્મને પોતાનાથી ઘણો દૂર - પાછળ ધકેલી દીધો છે, એટલા માટે સત્પુરુષ મને ઋષભ કહે છે. પુત્રો ! તમે સંપૂર્ણ ચરાચર ભૂતોને મારું જ શરીર સમજી શુદ્ધ-બુદ્ધિથી ડગલે ને પગલે એમની સેવા કરો. આજ મારી સાચી પૂજા છે.'

'શ્રીમદ્ ભાગવત'માં એવો પણ ઉલ્લેખ છે - 'ઋષભદેવે પૃથ્વીનું પાલન કરવા માટે ભરતને રાજગાદી ઉપર બેસાડ્યા. સ્વયં ધર્મની શિક્ષા આપવા માટે વિરક્ત થઈ ગયા. કેવળ શરીરમાત્રનો પરિગ્રહ રાખ્યો અને બધું જ ઘર ઉપર રહીને જ છોડી દીધું. તેઓ તપસ્યાના કારણે સુકાઈને તણખલા જેવા થઈ ગયા હતા અને એમના શરીરની શિરાઓ-ધમનીઓ દેખાવા લાગી હતી. 'શિવપુરાણ'માં શિવનો તીર્થંકર ઋષભદેવના રૂપમાં અવતાર લેવાનો ઉલ્લેખ છે.

બૌદ્ધ સાહિત્યમાં લખ્યું છે કે - 'ભારતના આદિ સમ્રાટોમાં નાભિપુત્ર ઋષભ અને ઋષભપુત્ર ભરતની ગણના કરવામાં આવી છે. તેઓ વ્રતપાલનમાં દૃઢ હતા. એમણે હિમવંત ગિર-હિમાલય ઉપર સિદ્ધિ પ્રાપ્ત કરી. 'ધમ્મપદ'માં ઋષભને સર્વશ્રેષ્ઠ વીર કહ્યા છે.' ઋષભદેવને આદિનાથ સિવાય અન્ય પણ કેટલાંયે નામોથી જાણવામાં આવે છે. જેમકે, - 'હિરણ્યગર્ભ, પ્રજાપતિ, લોકેશ, ચતુરાનન, નાભિજ, સૃષ્ટા, સ્વયંભૂ આદિ. આ બધાં નામો પુરાણોમાં પ્રસિદ્ધ દેવ બ્રહ્માના પર્યાય છે. એટલે ક્યાંક-ક્યાંક આ વાતનો ઉલ્લેખ પણ મળે છે કે - 'બ્રહ્મા અને ભગવાન ઋષભદેવ અલગ નથી, પણ એક જ છે.'

ભગવાન ઋષભદેવના વિરાટ વ્યક્તિત્વનું જે શ્રદ્ધાની સાથે જૈન ધર્મના આગમગ્રંથોમાં દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે, બિલકુલ એ જ પ્રકારની અગાધ પ્રગાઢ શ્રદ્ધાની સાથે ભારતના પ્રાયઃ બધા પ્રાચીન ધર્મોના પવિત્ર ગ્રંથોમાં એમના લોકવ્યાપી વર્ચસ્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એમણે માનવસમાજને આ લોકની સાથે-સાથે પરલોકને પણ સુખદ અને સુંદર બનાવવાનો જે માર્ગ દેખાડ્યો, તે ન તો માત્ર માનવ, અપિતુ પ્રાણીમાત્રના માટે વરદાન સિદ્ધ થયું. એમના દ્વારા આવિર્ભૂત લોકનીતિ અને રાજનીતિ જે પ્રમાણે કોઈ વર્ગવિશેષ માટે નહિ, પણ સમષ્ટિના હિત માટે હતી, એ જ પ્રકારે એમના દ્વારા સ્થાપિત ધર્મમાર્ગ પણ સમષ્ટિના કલ્યાણ માટે હતો. આ જ કારણ છે કે - 'ભારતના પ્રાચીન ધર્મગ્રંથોમાં ભગવાન ઋષભદેવને ધાતા, ભાગ્યવિધાતા અને ભગવાન વગેરે સંબોધનોથી અભિહિત કરવામાં આવ્યા છે.'

ઋષભદેવના સમયના વિષયમાં શ્રી રામધારી સિંહ 'દિનકર'નું કથન છે - "...આ દૃષ્ટિએ કેટલાયે જૈન વિદ્વાનોનું એવું માનવું અયુક્તિયુક્ત નથી કે ઋષભદેવ વેદોલ્લિખિત હોવા છતાં પણ વેદપૂર્વના છે." (આજકાલ, માર્ચ-૧૯૬૨, પૃષ્ઠ. ૮)

ડૉ. જિંભર લખે છે - "પહેલા તીર્થંકર ઋષભ થયા, જેમણે માનવને સભ્યતાના પાઠ ભણાવ્યાં." "અતઃ જૈન ધર્મ ભગવાન ઋષભદેવના કાળથી ચાલતો આવી રહ્યો છે." (ધી ફિલૉસૉફી ઑફ ઇન્ડિયા, પૃ. ૨૧૭)

ભગવાન ઋષભદેવ અને સમ્રાટ ભરતનો ઉલ્લેખ વેદના મંત્રો, જૈનેતર પુરાણો, ઉપનિષદો આદિમાં પણ મળે છે.

ભારતના પ્રાચીન ધર્મગ્રંથો - વેદો, વૈષ્ણવ ભાગવત, શૈવ પ્રભૂતિ વિભિન્ન આમ્નાઓ ઉપર વર્ણિત ૧૦ પુરાણો, મનુ સ્મૃતિ અને બૌદ્ધ ગ્રંથ આર્ય મંજુશ્રી આદિના ગરિમાપૂર્ણ ઉલ્લેખો ઉપર ચિંતન-મનનથી સહજ જ વિદિત થઈ જાય છે કે - 'યુગાદિની સંપૂર્ણ માનવતાએ ભગવાન ઋષભદેવને જ સાર્વભૌમ લોકનાયક, સાર્વભૌમ ધર્મનાયક અને સર્વોચ્ચ સાર્વભૌમ હૃદયસમ્રાટના રૂપમાં સ્વીકાર્યા હતા.' ભ. ઋષભદેવ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી નીતિ લોકનીતિના નામથી અને પ્રગટ કરવામાં આવેલ ધર્મમાર્ગ 'વિશ્વધર્મ' અથવા 'શાશ્વતધર્મ'ના નામથી ત્રૈલોક્યમાં વિખ્યાત થયા, જ્યાં વિશ્વધર્મથી તાત્પર્ય સર્વ પ્રકારનાં વિશેષણોથી રહિત કેવળ 'ધર્મ' જ હતો.

## પ્રથમ ચક્રવર્તી ભરત

પ્રવર્તમાન અવસર્પિણી કાળમાં જમ્બૂદ્વીપમાં સ્થિત ભરત ક્ષેત્રનાં છ ખંડોના સાર્વભૌમ ચક્રવર્તી સમ્રાટ ભરત થયા. તેઓ આ ક્ષેત્રના પ્રથમ રાજા અને પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના સો પુત્રોમાં બધાથી મોટા હતા. એમની માતાનું નામ સુમંગલા હતું.

### સંવર્ધન અને શિક્ષા

બધાં શિશુઓનું ઘણા લાડ-કોડમાં લાલન-પાલન કરવામાં આવ્યું. મોટા થતા સ્વયં ઋષભદેવે પોતાનાં સંતાનોને શિક્ષા આપવાનો પ્રારંભ કર્યો. બધા કુમાર કુશાગ્ર બુદ્ધિવાળા હતા અને શીઘ્ર જ પુરુષોચિત ૭૨ કલાઓમાં પારંગત થઈ ગયા. એ જ પ્રકારે બ્રાહ્મી અને સુંદરીએ પણ લિપિ અને ગણિતના સિવાય સ્ત્રિયોચિત ૬૪ કલાઓનું જ્ઞાન ગ્રહણ કર્યું. જે સમયે ભરતની આયુ ૧૪ લાખ પૂર્વની થઈ, એ સમયે એમના પિતા ઋષભદેવનો રાજ્યાભિષેક થયો. ૬૩ લાખ પૂર્વ સુધી ન્યાયપૂર્વક શાસન કર્યા પછી પોતાના પુત્ર ભરતને વિનીતા તથા બાહુબલી આદિ ૯૯ પુત્રોને અન્ય બીજાં રાજ્યોના સિંહાસન પર બેસાડી તેઓ પ્રવ્રજિત થઈ ગયા.

જે સમયે વિનીતાના રાજસિંહાસન ઉપર ભરતનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો એ સમયે એમની વય સિતોતેર (૭૭) લાખ પૂર્વની થઈ ચૂકી હતી. તે ન્યાય અને નીતિપૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યા. તે ઈન્દ્રની સમાન પ્રિયદર્શી, તેજસ્વી, મૃદુભાષી, પરાક્રમી અને સાહસી હતા. તે ઘણા જ ઉદાર, દયાળુ તથા પ્રજાવત્સલ હતા. તેઓ શંખ, ચક્ર, ગદા, પદ્મ, છત્ર, ચામર, ધ્વજ, શશિ, સૂર્ય આદિ ૧૦૦૮ ઉત્તમ લક્ષણોના ધારક હતા. મહારાજા ભરતની કીર્તિપતાકા દિગદિગંતમાં ફરફરવા લાગી.

મહારાજા ભરતના વિનીતાના રાજસિંહાસન પર આસીન થવાના ૧૦૦૦ વર્ષ પછી એમના પ્રબળ પુણ્યોદયના પ્રભાવથી એમની આયુધશાળામાં એક દિવસે દિવ્ય ચક્રરત્ન પ્રગટ થયું. આ જોઈ આયુધશાળાનો રક્ષક ત્વરિત ગતિથી મહારાજ ભરતની સેવામાં ઉપસ્થિત થયો. એણે મહારાજને આયુધશાળામાં દિવ્યચક્રરત્ન પ્રગટ થવાના સમાચાર આપ્યા. આયુધાગારના રક્ષકના મોઢે આ સુખદ સમાચાર સાંભળી મહારાજને અપાર હર્ષ થયો. એમણે રક્ષકને ઈનામ આપીને પૂર્ણરૂપે સંતુષ્ટ કરી રવાના કર્યો.

ત્યાર બાદ વસ્ત્રાભૂષણોથી અલંકૃત થઈ રાજ્યના ઉચ્ચ અધિકારીઓ, પરિજનો, પુરવાસીઓના સમૂહથી ઘેરાયેલા મહારાજ ભરત દિવ્ય ચક્રરત્નનું દર્શન-અભ્યર્થન કરવા માટે આયુધશાળા પહોંચ્યા. ચક્રરત્નને સ્વાગતપૂર્વક વધાવ્યા પછી ભરત પોતાની ઉપસ્થાનશાળામાં પરત ફર્યા અને રાજસિંહાસન પર બેસીને આઠ દિવસ સુધી દિવ્ય ચક્રરત્નની ઉપલબ્ધિનો મહામહિમા-મહોત્સવ ઉજવવાનો આદેશ આપ્યો.

મહોત્સવની અષ્ટાહ્નિકા (૮ દિવસની) અવધિના સમાપનની સાથે જ ચક્રરત્ન આયુધશાળામાંથી નીકળ્યું. સહસ્ર દેવોથી સુસેવિત એ ચક્રરત્ન દિવ્ય વાદ્યોના ગુરુ - ગંભીર - મૃદુઘોષની સાથે આકાશમાં ચાલીને વિનીતા નગરીના મધ્યભાગથી આગળ વધતું-વધતું ગંગાનદીના દક્ષિણી તટથી પૂર્વ દિશામાં સ્થિત માગધતીર્થની તરફ આગળ વધવા લાગ્યું. મહારાજ ભરત પોતાની ચતુરંગિણી સેનાની સાથે વિશાળ અભિષિક્ત હાથી ઉપર સવાર થઈ દિવ્યચક્રનું અનુગમન કરવા લાગ્યા. આકાશમાં ચાલતું ચક્રરત્ન એક-એક યોજનનું અંતર પાર કરી થંભી જતું, ત્યાં જ મહારાજ પોતાની સેનાને રોકી વિશ્રામ કરતા. આકાશમાં સ્થિત દિવ્ય-ચક્રના ચાલતાં જ તેઓ પણ પોતાની સેનાની સાથે આગળ વધતા. માર્ગમાં આવનારા પ્રદેશોના નરેશ એમની આધીનતા સ્વીકારી એમને સમોચિત ભેટ અને ઉપહાર આપતા. આ પ્રકારે પોતાની વિજયપતાકા ફરકાવતા મહારાજ ભરત માગધતીર્થ પહોંચ્યા.

માગધતીર્થની નજીક પહોંચીને મહારાજ ભરતે ૧૨ યોજન લાંબા અને ૯ યોજન પહોળા એક વિશાળ સ્થળે પોતાનો પડાવ નાંખ્યો. પડાવ સુવ્ય-વસ્થિત થવાથી મહારાજ ભરતે માગધતીર્થના અધિષ્ઠાપક દેવની આરાધના-સાધના માટે અષ્ટમભક્તની તપસ્યા કરી, પ્રત્યાખ્યાન કર્યું. તપસ્યા પૂર્ણ થતાં મહારાજે ચક્રરત્ન દ્વારા પ્રદર્શિત પથ ઉપર પોતાના રથને આગળ વધાર્યો અને પોતાની વિશાળ સેનાથી ભૂખંડોને આચ્છાદિત કરીને પૂર્વ દિશામાં માગધતીર્થના તટથી લવણ (ખારા) સમુદ્રમાં પ્રવેશ કર્યો.

પોતાના દિવ્ય ધનુષની પ્રત્યંચા પર પોતાના નામથી સુશોભિત બાણનું સંધાન કર્યું અને પ્રત્યંચાને ખેંચી બાણ છોડી દીધું. ભરત દ્વારા છોડવામાં આવેલું આ બાણ ૧૨ યોજનના અંતરને લાંઘીને માગધ તીર્થાધિપતિના ભવનમાં પડ્યું. ભવનના પ્રાંગણમાં પડેલા આ બાણને જોઈને માગધ તીર્થાધિપતિ દેવ ઘણો જ રૂષ્ટ અને ક્રોધિત થયો. પણ જેવું એણે બાણ પર

અંકિત નામ વાંચ્યું, એનો ક્રોધ શાંત થઈ ગયો. એના મનમાં વિચાર આવ્યો કે - 'જમ્બૂદ્વીપના ભરત ક્ષેત્રમાં ભરત નામક જે ચક્રવર્તી ઉત્પન્ન થયા છે, તે ષટ્ખંડની સાધના માટે આવ્યા છે. વિગત, વર્તમાન અને ભાવિ માગધ તીર્થાધિપનો આ જીતાચાર છે કે ચક્રવર્તીની સમક્ષ ઉપસ્થિત થઈ એમને સમોચિત ભેટ પ્રસ્તુત કરે.'

આ વિચાર મનમાં આવતાં જ માગધ તીર્થાધિપતિ ચક્રવર્તી ભરતને ભેટ આપવા માટે વસ્ત્રાભૂષણ, મુગટ આદિ લઈ ભરતના નામથી સુશોભિત બાણ અને માગધતીર્થનું જળ સાથે લઈ ભરત ચક્રવર્તીની પાસે પહોંચ્યાં. 'જય-વિજય'નો ઘોષ કરીને માગધાપતિએ મહારાજ ભરતને નિવેદન કર્યું કે - 'હું આપના રાજ્યની પૂર્વ દિશાની અંતિમ સીમાનો રક્ષક બની આપને પ્રણામ કરું છું, અને પોતાના તરફથી આપને કંઈક ભેટ સમર્પિત કરું છું, સ્વીકાર કરો.' મહારાજ ભરતે માગધ તીર્થાધિપતિની ભેટનો સ્વીકાર કરી અને એમને યથોચિત સત્કાર-સન્માન આપી વિદાય કર્યા.

માગધતીર્થ કુમારદેવને વિદાય કર્યા પછી મહારાજ પોતાની સેનાના પડાવ ઉપર પરત ફર્યા. અષ્ટમભક્ત તપના પારણા કરી એમણે પોતાના સમસ્ત પરિજનો અને પ્રજાજનોને માગધતીર્થ કુમારદેવનો આઠ દિવસ સુધી મહિમા મહોત્સવ ઉજવવાનો આદેશ આપ્યો. આઠ દિવસનો મહોત્સવ સંપન્ન થતાં જ સુદર્શન નામનું એ ચક્રરત્ન આયુધશાળાથી બહાર નીકળીને દક્ષિણ-પશ્ચિમની વચ્ચેના નૈઋર્ત્ય કોણમાં વરદામતીર્થની તરફ વધ્યું. મહારાજ ભરત પોતાના હાથી ઉપર સવાર થઈ સેનાની સાથે ચક્રનું અનુગમન કરવા લાગ્યા. ચક્રરત્ન દ્વારા પ્રદર્શિત માર્ગ ઉપર સર્વત્ર વિજય પ્રાપ્ત કરતા, વિજિતો પાસેથી આદર-સન્માન અને ભેટ સ્વીકાર કરતા વરદામતીર્થની પાસે પહોંચ્યા. ત્યાં એમણે પોતાની સેનાને પડાવ નાખવાનો આદેશ આપ્યો અને સ્વયં વરદામ તીર્થાધિપતિ દેવની આરાધના-સાધના માટે અષ્ટમભક્ત તપ કર્યું. અષ્ટમભક્ત તપના પૂર્ણ થતાં જ ચક્રરત્ન દ્વારા બતાવેલા માર્ગ ઉપર વરદામતીર્થની તરફ પ્રસ્થાન કર્યું. તીર્થની નજીક પહોંચી લવણ સમુદ્રમાં પોતાનો રથ રોકી મહારાજ ભરતે પોતાનું નામાંકિત સર (બાણ) સંધાન કરી પ્રત્યંચા ખેંચી. વરદામ તીર્થાધિપતિએ પણ એમની અધીનતાનો સ્વીકાર કરતા નિવેદન કર્યું કે - "હું આપને અધીન આપના રાજ્યની દક્ષિણી સીમાનો અંતપાલ છું." મહારાજ ભરતે એમની ભેટ સ્વીકારી અને સમુચિત સત્કાર-સન્માનની

સાથે એમને વિદાય આપી સેના સહિત પડાવ ઉપર આવીને મહારાજે દ્વિતીય અષ્ટમભક્ત તપનું પારણું કર્યું અને આઠ દિવસ સુધી વરદામ તીર્થાધિપતિ દેવનો મહામહોત્સવ ઊજવવાનો બધાને આદેશ આપ્યો.

આ પ્રમાણે ઉપરોક્ત રીતિથી તૃતીય અષ્ટમભક્ત તપનું અનુષ્ઠાન-પૂર્વક મહારાજ ભરત વાયવ્ય દિશાના સમસ્ત ભૂમંડળને પોતાના આધીન કરીને પ્રભાસતીર્થની પાસે પહોંચ્યા. પ્રભાસ તીર્થાધિપતિ દેવે પણ ચક્રવર્તી ભરતને ભેટ પ્રસ્તુત કરી.

ચતુર્થ અષ્ટમભક્ત તપના પ્રભાવથી સિંધુનદીના તટ પર અવસ્થિત સિંધુદેવીને પણ જ્યારે અવધિજ્ઞાનના લીધે જ્ઞાત થયું કે - 'ભરત ક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી સમ્રાટ ભરત ષટ્ખંડના સાધનાર્થે એમની પાસે આવ્યા છે, તો તેણી રત્નજડિત ૧૦૦૮ કુંભ, કળશ અને જાત-જાતનાં દુર્લભ મણિરત્નોની સાથે મહારાજની સામે ઉપસ્થિત થઈ.'

ત્યાર બાદ મહારાજ ભરત ઈશાન કોણમાં વૈતાઢ્ય પર્વતની તરફ વધ્યા. વૈતાઢ્ય પર્વતના દેવની આરાધના માટે કરવામાં આવેલ પાંચમા અષ્ટમભક્ત તપને સમાપ્ત થતાં જ વૈતાઢ્ય દેવનું આસન ડોલી ઊઠ્યું. એમને ભરતના આગમન અને ઉદ્દેશ્યનું જ્ઞાન થયું અને તે ભાવિ સ્ત્રીરત્ન માટે તિલક વગેરે ૧૪ પ્રકારના આભરણ તથા ભરતના તથા ભરતના અભિષેક યોગ્ય અલંકાર અને અન્ય સામગ્રીઓની સાથે એમની સન્મુખ ઉપસ્થિત થયા. ભરતે એમનું સ્વાગત કર્યું. એમની ભેટ સ્વીકારી અને વિદાય આપી.

થોડા સમય પછી ભરત તિમિસ્ર ગુફાની નજીક પહોંચ્યા. છઠ્ઠા અષ્ટમભક્ત તપના સમાપ્ત થતા-થતા તિમિસ્ર ગુફાના કૃતમાલ દેવનું આસન ડોલી ઊઠ્યું. એમને જ્યારે જાણ થઈ કે - 'મહારાજ ભરત પોતાની ષટ્ખંડ સાધનામાં તત્પર છે, તો તેઓ પણ અનેક પ્રકારના વસ્ત્રાલંકાર અને આભૂષણ લઈ મહારાજ ભરતની સેવામાં ઉપસ્થિત થયા. મહારાજે કૃતમાલ દેવની ભેટ સ્વીકારી અને સત્કાર-સન્માનની સાથે એમને વિદાય કર્યાં.'

છઠ્ઠા મહોત્સવના સમાપ્ત થતા મહારાજ ભરતે પોતાના સેનાપતિ સુષેણને ચતુરંગિણી સેનાની સાથે જઈ સિંધુનદીના પશ્ચિમ તટથી લવણ સમુદ્ર અને વૈતાઢ્ય પર્વત સુધીના ભૂખંડને જીતીને ત્યાંથી રત્ન વગેરે વસ્તુઓ ભેટ સ્વરૂપમાં લાવવાનો આદેશ આપ્યો.

સેનાપતિ સુષેણ મહાપરાક્રમી, ઓજસ્વી, બધા પ્રકારની ભાષાઓના વિશેષજ્ઞ, ભરત ક્ષેત્રના દુર્ગમ અને ગુપ્ત બધાં સ્થળોના જાણકાર, શસ્ત્ર

અને શાસ્ત્ર બંને વિદ્યાઓમાં નિષ્ણાત, અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્રમાં પારંગત અને પોતાના અજેય શૌર્ય માટે વિખ્યાત હતો. એણે સૈન્ય શિબિરમાં આવી સુસજ્જિત સેનાની સાથે સિંધુનદીની તરફ પ્રસ્થાન કર્યું.

સિંધુનદી સમીપ જઈ સેનાપતિએ ભરત ચક્રવર્તીનું ચર્મરત્ન ઊંચક્યું. ચર્મરત્ન વિશાળ હોડીના રૂપમાં પરિવર્તિત થઈ ગયું. સેનાપતિ પોતાની સમગ્ર સેનાની સાથે સદલ-બળ એ હોડી પર સવાર થઈ ગયા અને થોડા સમય પછી સિંધુનદીના પશ્ચિમી પ્રદેશમાં ઊતરી પોતાના વિજય અભિયાનનો પ્રારંભ કરી દીધો. એમણે સિંહલ, અંગલોક, યવનદ્વીપ, અરબદેશ, રોમ તથા ઉત્તર દિશામાં વૈતાઢ્ય પર્વત સુધીના બધા દેશો તથા સિંધુ-નદીથી સમુદ્ર સુધીના કચ્છ પ્રદેશ ઉપર વિજય પ્રાપ્ત કર્યો. વિજયી દેશોના અધિપતિઓએ ચક્રવર્તી ભરત માટે ભેટસ્વરૂપ વિભિન્ન બહુમૂલ્ય વસ્તુઓનો વિપુલ ભંડાર સેનાપતિને આપ્યો અને મહારાજ ભરત ચક્રવર્તીને પોતાના સ્વામી અને શરણદાતા સ્વીકાર્યા.

સેનાપતિએ આ બધાને યથોચિત આદર-સન્માન કર્યાં અને શાસન સંબંધિત વાતચીત અને આદેશ આપ્યા પછી વિદાય કર્યા. બધા વિજયી પ્રદેશ ઉપર મહારાજ ભરતની આજ્ઞાનું પ્રસારણ કરી સેનાપતિ પૂર્ણ સેનાની સાથે સિંધુનદીને પાર કરી મહારાજની સેવામાં આવ્યા.

સેના અને સેનાપતિને થોડા સમય સુધી વિશ્રામ આપ્યા પછી એક દિવસ મહારાજ ભરતે સેનાપતિ સુષેણને તિમિસ્ર ગુફાના દક્ષિણ દ્વારના કબાટને (દરવાજો) ખોલવાનો આદેશ આપ્યો. સેનાપતિએ મહારાજની આજ્ઞાનુસાર પૌષધશાળામાં અષ્ટમભક્તના તપ દ્વારા કૃતમાલ દેવની આરાધના કરી અને તપની સમાપ્તિ પર આરાધના-પૂજાની સમસ્ત સામગ્રીની સાથે તિમિસ્ર ગુફાના દક્ષિણી દ્વાર પર પહોંચ્યા. સેનાપતિની સાથે અનેક માંડલિક, વણિકો તથા દાસ-દાસીઓનો સમૂહ પણ હતો. દ્વારની વિધિવત્ પૂજા-અર્ચના કર્યા પછી સેનાપતિએ કપાટોને (દરવાજાને) કરબદ્ધ પ્રણામ કર્યાં અને ભરત ચક્રવર્તીના સર્વશક્તિમાન અને સક્ષમ દંડરત્નથી કબાટ (દરવાજા) ઉપર પૂરા વેગથી ત્રણ વાર પ્રહાર કરવાથી તિમિસ્ર ગુફાના કપાટ ઘોર રવ (અવાજ) કરતા પાછળની તરફ સરક્યા અને પૂરી રીતે દરવાજા ખૂલવાના સમાચાર મહારાજને સંભળાવ્યા, જેને સાંભળી મહારાજ ઘણા પ્રસન્ન થયા. એમણે સેનાપતિને સન્માનિત કર્યા.

એ જ સમયે દિવ્ય ચક્રરત્ન પણ આયુધશાળામાંથી નીકળીને તિમિસ્ત્ર પ્રભાના દક્ષિણી દ્વારની તરફ અગ્રેસર થયું. મહારાજ ભરતે પણ ગુફાના દક્ષિણ દ્વાર પર પહોંચીને ગુફામાં પ્રવેશ કર્યો. આ અંધકારપૂર્ણ તિમિસ્ત્ર પ્રભા નામક ગુફામાં પ્રવેશ કરતી વખતે મહારાજ ભરતે કાકિણીરત્ન હાથમાં લઈ લીધું. એના પ્રભાવથી એ અંધકાર પૂર્ણ તિમિસ્ત્ર ગુફામાં બાર યોજન સુધી પ્રકાશ જ પ્રકાશ થઈ ગયો. એ તિમિસ્ત્ર પ્રભા ગુફાની વચમાં ઉન્મગ્નજલા અને નિમગ્નજલા નામની બે ઘણી ભયાનક મહાનદીઓ વહે છે. આ બંને મહાનદીઓએ ગુફાની પૂર્વ દિશાની ભીંતથી નીકળી પશ્ચિમ દિશાની સિંધુ મહાનદીમાં મળી ગઈ છે. ઉન્મગ્નજલા નદી એનામાં પડનારી કોઈ પણ વસ્તુને ત્રણ વાર ફેરવીને કિનારા ઉપર ફેંકી દે છે. જ્યારે નિમગ્નજલા નદી પોતાની અંદર પડેલી વસ્તુને ત્રણ વાર ફેરવી પોતાના ગહન તળિયે ડુબાડી દે છે.

મહારાજ ભરતે પોતાના વાર્દ્ધિક રત્નને એ બંને નદીઓ ઉપર સુદૃઢ પુલ બનાવવાનો આદેશ આપ્યો, જેના થકી તેઓ પોતાની આખી સેનાની સાથે નદીઓને પાર કરી તિમિસ્ત્ર ગુફાના ઉત્તરી દ્વારની તરફ અગ્રેસર થયા. ભરતના ત્યાં પહોંચતા જ ગુફાના ઉત્તરી દ્વાર કડ-કડ અવાજની સાથે સ્વતઃ (જાતે જ) ખૂલી ગયાં. મહારાજે સેનાની સાથે આગળની તરફ પ્રસ્થાન કર્યું. એ સમયે ભરત ક્ષેત્રના એ ઉત્તરાર્ધ ભાગમાં આપાત નામક ચિલાત અર્થાત્ મ્લેચ્છ જાતિના સમૃદ્ધ અને તેજસ્વી લોકો રહેતા હતા. એમના ભંડાર સ્વર્ણરત્ન, પ્રચુર અન્નથી પરિપૂર્ણ હતા. એમની પાસે બળ અને વાહનોનું બાહુબળ હતું. તે સ્વયં બલિષ્ઠ, હૃષ્ટ-પુષ્ટ, શૂરવીર અને યોદ્ધા તથા સંગ્રામમાં અમોઘ લક્ષ્યવાળા હતા. જ્યારે એ લોકોએ મહારાજની સેનાના અગ્રિમ ભાગને પોતાના ભૂખંડની તરફ વધતા જોયો, તો તેઓ પરસ્પર વિચાર-વિનિમય કરી ભિન્ન-ભિન્ન પ્રકારનાં શસ્ત્રાસ્ત્રોથી સમૃદ્ધ (સજ્જ) થઈ મહારાજ ભરતની સેનાની અગ્રિમ ટુકડી પર તૂટી પડ્યા.

આપાત ચિલાતોના આ પ્રહારથી ભરતની સેનાનો આ અગ્રિમ ભાગ આહત અને ત્રસ્ત થઈ ગયો અને પરાજિત થઈ પલાયન થવા લાગ્યો. પોતાના સૈનિકોની આ હાલત જોઈ મહારાજના સેનાપતિ પોતાના કમલસેન નામક અશ્વ ઉપર સવાર થઈ મહારાજ ભરતનું ખડ્ગરત્ન લઈ આપાત ચિલાતો પર ગરુડ વેગથી ઝાપટ્યા. કિરાતોની સેનાનો કોઈ પણ સુભટ યોદ્ધા સેનાપતિ સુષેણની સામે ટકી ન શક્યો. સેનાપતિના પ્રહારોથી તેઓ એટલા હતપ્રભ, ઉદ્વિગ્ન અને કિંકર્તવ્યવિમૂઢ થયા કે રણભૂમિને છોડી

અનેક યોજન (જોજન) દૂર પાછળની તરફ ભાગી ગયા અને કોઈ રસ્તો ન મળવાથી વિચાર-વિમર્શ કરી સિંધુનદીના તટ ઉપરની રેતીને પાથરણું બનાવી અષ્ટમભક્ત તપની સાથે પૂર્ણરૂપે નગ્ન થઈ ઉપરની તરફ મોઢું રાખી સૂઈ ગયા અને પોતાના કુળદેવતા મેઘમુખ નામક નાગકુમારની આરાધના કરવા લાગ્યા. એ કિરાતોના સામૂહિક અષ્ટમતપના પ્રભાવથી નાગકુમારોનું આસન હલી ઊઠ્યું.

નાગકુમારોએ કિરાતોની નજીક પહોંચી આકાશમાં જ રહીને એમને પૂછ્યું કે - "તમારા કુળદેવતા નાગકુમાર તમારા માટે શું કરી શકે છે ?" કુળદેવતાઓની વાણી સાંભળી કિરાત ઘણા સંતુષ્ટ થયા અને બોલ્યા : "કોઈ દુષ્ટ અમારા દેશ ઉપર આક્રમણ કરી અમારી સ્વતંત્રતા ઝૂંટવવા આવ્યા છે, તમે એમને એના માટે દંડિત કરો. એમની શક્તિને છિન્ન-ભિન્ન કરી એમને ભગાડી દો, જેથી તે પાછા ક્યારેય પણ અમારા દેશ ઉપર આક્રમણ કરવાનું સાહસ ન કરી શકે." કિરાતોની વાત સાંભળી નાગ-કુમારોએ કહ્યું કે - "તમારા ઉપર આક્રમણ કરવાવાળા રાજા ભરત ચક્રવર્તી સમ્રાટ છે, જેમનું કોઈ પણ દેવ, દાનવ અથવા ગંધર્વ કોઈ પણ પ્રકારે નુકસાન નથી કરી શકતું, ન તો એમને હરાવી શકે છે, છતાં પણ તમારા લોકોના સ્નેહના કારણે અમે ભરત રાજાને ઉપસર્ગ કરવા, બાધા પહોંચાડવાનો પ્રયાસ કરીએ છીએ."

કિરાતોને આ પ્રમાણે આશ્વાસન આપી મેઘમુખ નાગકુમારોએ મેઘનું રૂપ ધારણ કરી ભરત રાજાની શિવિર ઉપર ઘનઘોર ઘટાથી ઘોર ગર્જનાની સાથે મૂસળધાર વૃષ્ટિ કરી. આવી અસાધારણ વર્ષાને જોઈ મહારાજ ભરતે પોતાનું ચર્મરત્ન હાથમાં લઈ લીધું જે તરત જ બાર યોજન સુધી વિસ્તૃત થઈ ફેલાઈ ગયું. મહારાજ પોતાની સેનાની સાથે એના પર સવાર થઈ ગયા અને દિવ્ય છત્રરત્નથી બધાને અંદર સમાવી લીધા. આ પ્રકારે આખી સેના પૂર્ણરૂપે સુરક્ષિત થઈ ગઈ. મહારાજે પોતાના મણિરત્નને છત્રની મધ્યમાં રાખી દીધું, જેનાથી અત્યંત ઉજ્જવળ પ્રકાશ થઈ ગયો. સેના માટે બધી આવશ્યક સામગ્રી ચર્મરત્નથી પ્રાપ્ત કરી શકાતી હતી. આ પ્રમાણે આખી સેના ચર્મરત્ન ઉપર છત્રરત્નથી સુરક્ષિત હતી અને આ તરફ અનવરત (એકધારી) મૂસળધાર વૃષ્ટિ થતી રહી. સાત દિવસો સુધી આ જ સ્થિતિ રહી, તો મહારાજ ભરત વિચાર કરવા લાગ્યા કે - 'આખરે એવું કોણ છે કે જે મારા વિજયથી અપ્રસન્ન છે, અને આ પ્રમાણે અમારા માર્ગમાં વિઘ્ન ઉત્પન્ન કરી રહ્યો છે !'

મહારાજને આ પ્રકારે ચિંતિત જોઈ એમના સાંનિધ્યમાં રહેવાવાળા સોળ હજાર દેવગણ દરેક પ્રકારની યુદ્ધની સામગ્રીથી સુસજ્જિત થઈ નાગકુમારોની પાસે પહોંચ્યા અને લલકારતા બોલ્યા કે - "તમે લોકો શા માટે અકારણ જ મહારાજ ભરતને કષ્ટ આપી એમના માર્ગમાં બાધા પહોંચાડી રહ્યા છો ? સારું એ થશે કે તમે લોકો આ અવિવેકપૂર્ણ કાર્ય છોડી પોતાના સ્થાને પાછા વળો, અન્યથા અમે લોકો કંઈક કરવા માટે બાધ્ય થઈ જઈશું." આ સાંભળી નાગકુમારો ઘણા ભયભીત થયા. એમણે તરત જ વર્ષા રોકી દીધી અને બધાં વાદળોને દૂર કરી કિરાતોને કહ્યું કે - "ચક્રવર્તી ભરત મહાન ઋદ્ધિ-સિદ્ધિસંપન્ન શક્તિશાળી સમ્રાટ છે, એમનું કોઈ કંઈ પણ બગાડી શકતું નથી. એમને અસુવિધા પહોંચાડવાનો અમારો બધો પ્રયાસ અને પરિશ્રમ વ્યર્થ જ રહ્યો છે. સારું થશે કે તમે લોકો પણ એમનું આધિપત્ય સ્વીકારી લો અને અનેક પ્રકારનાં બહુમૂલ્ય રત્નો - આભરણો ભેટ ધરી એમની શરણ ગ્રહણ કરો અને એમની પાસે ક્ષમા-યાચના કરો."

નાગકુમારોના ચાલ્યા ગયા પછી કિરાતોએ સ્નાન-ધ્યાન કર્યું અને ભીનાં વસ્ત્રોમાં પોતાના ખુલ્લા વાળની સાથે વિપુલ મણિરત્ન આદિ ભેટસ્વરૂપ લઈને મહારાજ ભરતની શરણમાં પહોંચ્યા અને નિવેદન કરતા બોલ્યા : "મહારાજ, આપ ચિરાયુ થાઓ, ઉત્તરાર્ધ અને દક્ષિણાર્ધ સમસ્ત ભારત ઉપર આપનું એકછત્ર શાસન રહે. અમે આપના સ્વામિત્વમાં રહીને આપની આજ્ઞાનું પાલન કરીશું." આ પ્રમાણે એમણે ભરતની અધીનતા સ્વીકારી લીધી.

મહારાજ ભરતે પોતાના સેનાપતિરત્નને બોલાવીને પૂર્વમાં સિંધુ, દક્ષિણમાં વૈતાઢ્ય પર્વત, પશ્ચિમમાં લવણ સમુદ્ર તથા ઉત્તરમાં હિમવંત પર્વત સુધી સ્થિત સમસ્ત પ્રદેશને જીતવાનો આદેશ આપ્યો. મહારાજની આજ્ઞા અનુસાર ચતુરંગિણી સેનાની સાથે સેનાપતિએ પોતાનો વિજય અભિયાન પ્રારંભ કર્યો. થોડાક જ સમયમાં એમણે બધાં ક્ષેત્રોને જીતીને ચક્રવર્તી ભરતના વિશાળ સામ્રાજ્યના ભાગ બનાવી દીધાં અને એમની પાસે બહુમૂલ્ય ભેટ વગેરે પ્રાપ્ત કરી ચક્રવર્તી ભરતની સમક્ષ પ્રસ્તુત કર્યાં. મહારાજે અતિ પ્રસન્ન થઈ સેનાપતિને સન્માનિત કર્યા અને સેનાને યોગ્ય પારિતોષિક-ઇનામ આપી થોડા સમય સુધી વિશ્રામ કરવા કહ્યું.

એક દિવસ પુનઃ (ફરી) એ ચક્રરત્ન આયુધશાળામાંથી નીકળ્યું અને આકાશમાર્ગથી ઈશાન કોણની તરફ ચાલવા લાગ્યું. મહારાજ પણ સેનાની સાથે ચક્રરત્નનું અનુસરણ કરતા રહીને ચુલ્લહિમવંત પર્વતની પાસે પહોંચ્યા, જ્યાં ચક્રરત્ન આકાશમાં સ્થિર થઈ ગયું. મહારાજે સેનાને પડાવ નાખવાનો આદેશ આપ્યો. મહારાજ ભરતે પૌષધશાળામાં અષ્ટમભક્ત તપ આરંભ કર્યું. અખંડ (ષટ્ખંડ) ભારતની સાધના-હેતુ કરવામાં આવેલું. મહારાજા ભરતનું આ સાતમું અષ્ટમભક્ત તપ હતું. તપની સમાપ્તિએ મહારાજ ભરતે ધનુષ્ય ઉપર સર (બાણ) સંધાન કર્યું અને એને ઉપરની તરફ છોડ્યું. બાણ કેટલાંયે યોજન ઉપર જઈને ચુલ્લહિમવંત ગિરિના કુમાર-દેવના ભવનમાં પડ્યું. પોતાના ભવનના પ્રાંગણમાં પડેલા બાણને ઓળખીને કુમારદેવને આખી સ્થિતિનું જ્ઞાન થયું અને તેઓ વિભિન્ન પ્રકારની બહુમૂલ્ય ઔષધિઓ, પુષ્પમાળાઓ, ગોશીર્ષ-ચંદન તથા અનેક પ્રકારનાં રત્નાભરણ વગેરે લઈ ભરતની સેવામાં ઉપસ્થિત થયા. મહારાજ ભરતે એમની ભેટ સ્વીકારી તથા સત્કાર-સન્માનની સાથે એમને વિદાય આપી.

પછી એમણે એમના રથને પાછળ ફેરવ્યો અને ઋષભકૂટ પર્વતની પાસે આવ્યા. ઋષભકૂટ પર્વતને ત્રણ વાર પોતાના રથ વડે સ્પર્શ કર્યા પછી એમણે એમના કાકિણીરત્નથી પર્વતની પૂર્વીય દીવાલ ઉપર આ પ્રમાણે અભિલેખ લખ્યો - 'અવસર્પિણી કાળના ત્રીજા આરાના દ્વિતીય ભાગમાં ભરત નામક ચક્રવર્તી, હું ભરત ક્ષેત્રનો અધિપતિ પ્રથમ ભૂપતિ અને નરનરેન્દ્ર છું. મેં સમસ્ત ભરત ક્ષેત્ર ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે અને મારો કોઈ પ્રતિશત્રુ નથી.' આ કાર્યને સંપન્ન કરી ભરત પોતાની સેના સહિત પડાવસ્થળે પહોંચ્યા. એમણે પોતાના સાતમા અષ્ટમતપનાં પારણાં કર્યાં અને પોતાની સમસ્ત પ્રજાને ઘણા પ્રકારે પ્રસન્ન કરી હિમવંત ગિરિ કુમારનાં અષ્ટાહ્નિક (આઠ દિવસીય) મહોત્સવ ઉજવવાનો આદેશ આપ્યો.

મહોત્સવ સમાપ્ત થયા પછી ચક્રરત્નનું અનુકરણ કરતા-કરતા મહારાજ ભરત દક્ષિણ દિશામાં વૈતાઢ્ય પર્વતની સમીપ પહોંચ્યા, ત્યાં નમી અને વિનમી નામક વિદ્યાધરો રાજાઓને સાધવા માટે મહારાજ ભરતે આઠમા અષ્ટમભક્ત તપની આરાધના કરી. પરિણામસ્વરૂપ તપ સમાપ્ત થતા-થતા નમી ઉત્તમ વસ્ત્રાભૂષણાદિ અને વિનમી રૂપ, લાવણ્ય અને સ્ત્રીઓચિત સર્વગુણોથી સંપન્ન 'સુભદ્રા' નામક સ્ત્રીરત્ન ભેટના સ્વરૂપમાં સાથે લઈને

મહારાજ ભરતની સેવામાં પ્રસ્તુત થયા. ભરતે એ બંને વિદ્યાધરોની ભેટ સ્વીકારી અને એમને ઉચિત આદર-સત્કાર તથા સન્માન આપી વિદાય કર્યા. પ્રજાએ અષ્ટાહ્નિક મહોત્સવ મનાવ્યો.

મહોત્સવ સમાપ્ત થતા જ ચક્રરત્ન આયુધશાળામાંથી નીકળી ગગન પથે ઈશાન કોણની તરફ ગયું. પોતાની સેનાની સાથે ચક્રરત્નનું અનુગમન કરતા ભરત ગંગાદેવીના ભવન પાસે આવ્યા. ત્યાં પહોંચી ભરતે ગંગાદેવીની આરાધના માટે પૌષધશાળામાં નવમું અષ્ટમ્ભક્ત તપ કર્યું. તપ પૂર્ણ થતાં જ ગંગાદેવી વિભિન્ન મનોહર ચિત્રોથી મંડિત અને રત્નોથી ભરેલા ૧૦૦૮ કુંભ-કળશ તથા રત્નજડિત બે સ્વર્ણ-સિંહાસનોની ભેટ લઈ મહારાજ ભરત સમક્ષ ઉપસ્થિત થઈ. એમણે ગંગાદેવીની આ ભેટનો સહર્ષ સ્વીકાર કરી ઉચિત સત્કાર-સન્માનની સાથે એમને વિદાય કર્યાં. ગંગાદેવીના ગયાં પછી એમણે પોતાના નવમા તપનું પારણું કર્યું અને લોકોને અનેક પ્રકારની સુવિધાઓ આપી સંતુષ્ટ કર્યા અને ગંગાદેવીનો અષ્ટાહ્નિક મહોત્સવ ઉજવવાનો આદેશ આપ્યો.

ગંગાદેવીનો મહોત્સવ સંપન્ન થયા પછી ચક્રરત્ન આયુધશાળામાંથી બહાર નીકળી નભમાર્ગે ગંગાનદીના પશ્ચિમી તટથી દક્ષિણ દિશાની તરફ વધ્યું અને ખંડપ્રપાત ગુફાની નજીક આવી થંભી ગયું. મહારાજે ખંડપ્રપાત ગુફાના અધિષ્ઠાતા નૈત્યમાલ દેવની આરાધના માટે અષ્ટમભક્ત તપ કર્યું આ એમનું દસમું તપ હતું, જેમાં મહારાજે નૈત્યમાલ દેવનું ધ્યાન કર્યું. તપસ્યા પૂર્ણ થતા જ નૈત્યમાલ દેવ ભરતની સન્મુખ ઉપસ્થિત થયા અને હાથ જોડી બોલ્યા : "હું નૈત્યમાલ દેવ આપના રાજ્યમાં રહેવાવાળો, આપનો સેવક છું. આપ મારી આ ભેટ સ્વીકાર કરો." મહારાજ ભરતે નૈત્યમાલની ભેટ સ્વીકારી અને ઉચિત આદર-સન્માનની સાથે એમને રવાના કર્યાં. નૈત્યમાલ દેવના ગયા પછી ભરતે દસમા તપનું પારણું કર્યું. અને નૈત્યમાલ દેવનો અષ્ટાહ્નિક મહોત્સવ ઉજવવાનો આદેશ આપ્યો.

નૈત્યમાલ દેવનો મહોત્સવ સંપૂર્ણ થતાની સાથે જ મહારાજે સુષેણ સેનાપતિરત્નને બોલાવ્યા. મહારાજનો આદેશ મેળવી સેનાપતિએ ગંગાનદીથી પૂર્વમાં લવણ સમુદ્ર સુધી, દક્ષિણમાં વૈતાઢ્ય પર્વત સુધી અને ઉત્તરમાં ચુલ્લહિમવંત પર્યંત સમ-વિષમ બધા પ્રકારના ભૂભાગ ઉપર વિજય અભિયાન કરતા જઈ સંપૂર્ણ લઘુખંડ પર અધિકાર કર્યો.

*થોડા દિવસો સુધી વિશ્રામ કર્યા પછી મહારાજે સુષેણ સેનાપતિરત્નને* બોલાવ્યા. સેનાપતિએ સ્વામીની આજ્ઞાનુસાર ખંડપ્રપાત ગુફાના ઉત્તર દિશાના દ્વાર, તિમિસ્ર પ્રભા ગુફાના દ્વારની જેમ ખોલાવ્યાં અને એની સૂચના મહારાજને આપી. મહારાજે પોતાના કાકિણીરત્નની મદદથી ગુફાને પ્રકાશિત કરી, એમાં પ્રવેશ કર્યો અને દક્ષિણી દ્વારથી ખંડપ્રપાત ગુફાને પાર કરી. ગુફાની બહાર નીકળી મહારાજે સેનાને પડાવની વ્યવસ્થા કરાવી અને સ્વયં પૌષધશાળામાં જઈ નવ નિધિરત્નોની આરાધના-હેતુ અષ્ટમભક્ત તપ પ્રારંભ કર્યું, આ મહારાજનું અગિયારમું અષ્ટમભક્ત તપ હતું. આ તપમાં દર્ભના આસન ઉપર એકાગ્રચિત્ત બેઠેલા મહારાજ નિધિરત્નોનું ચિંતન કરી રહ્યા હતા. અષ્ટમતપ સમાપ્ત થતા-થતા બધાં નિધિરત્ન મહારાજની પાસે જ રહેવા માટે ઉપસ્થિત થયા. એમણે એમના અષ્ટમતપના પારણાં કર્યાં અને પછી ફરી નવનિધિ-રત્નોના અષ્ટાહ્નિક મહોત્સવ ઉજવવાનો આદેશ આપ્યો.

નવનિધિઓના અષ્ટાહ્નિક મહોત્સવ પૂર્ણ થતા મહારાજે પોતાના સેનાપતિને ગંગા મહાનદીના પૂર્વવર્તી લઘુખંડ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો આદેશ આપ્યો. સેનાપતિએ મહારાજની આજ્ઞાનું પાલન કરતા રહીને વિજય અભિમાન પૂર્ણ કર્યું.

એના થોડા સમય પછી એક દિવસે ચક્રરત્ન આયુધશાળામાંથી બહાર નીકળીને આકાશમાર્ગથી ભરત ચક્રવર્તીની વિશાળ સેનાની વચ્ચેથી આગળ વધતું વિનીતા નગરીની તરફ અગ્રેસર થયું. આમ જોઈ મહારાજ ઘણા પ્રસન્ન થયા. એમણે સેનાને વિનીતાની તરફ પ્રસ્થાન કરવાનો આદેશ આપ્યો. ૬૦ હજાર વર્ષની અવધિ(સમય)માં સંપૂર્ણ ભરત ક્ષેત્રના ષટ્ખંડોની વિજયયાત્રા સંપૂર્ણ કર્યા પછી સમ્રાટ ભરત એમની મુખ્ય રાજધાની વિનીતા તરફ ફર્યા. બધાથી આગળ અષ્ટ મંગળ, એમની પાછળ પૂર્ણ કળશ, ઝારી, દિવ્ય છત્ર, વૈડૂર્ય રત્નમય વિમલ દંડયુત છત્રધર ચાલવા લાગ્યા. એમની પાછળ અનુક્રમશઃ ૭ એકેન્દ્રિયરત્ન, નવ નિધિરત્ન, ૧૬ હજાર દેવ, ૩૨ હજાર મહારાજા, સેનાપતિ આદિ ૫ રત્ન ચાલી રહ્યાં હતાં. એમની પાછળ હજારોની સંખ્યામાં ઋતુકલ્યાણિકા, જનપદ કલ્યાણિકા, નાટક કરવાવાળા, રસોઈયા, ચતુરંગિણી સેના, ઘણા બધા રાજા, ઈશ્વર, યુવરાજ, તલવર, વણિકો, ખડ્ગધર, દંડધર, ક્રીડા કરતા ગાયક, વાદક, નર્તક, એ પછી શણગારાયેલા અશ્વ ચાલી રહ્યા હતા.

એમની પાછળ હસ્તીરત્ન પર આરૂઢ મહારાજ ભરત હતા. એમની પાછળ અશ્વરથોની શ્રેણીઓ (કતાર) ચાલી રહી હતી.

વિનીતા નગરીની સમીપ પહોંચી સેનાને પડાવ નાખવાનો આદેશ આપી મહારાજ ભરતે વિનીતા રાજધાનીના દેવની આરાધના-હેતુ અષ્ટમભક્ત તપ કર્યું. તપ પૂર્ણ કર્યા પછી હાથી ઉપર સવાર થઈ હજારો દેવી-દેવતાઓ અને રાજા-પ્રજાના વિશાળ જનસમૂહની સાથે નગરીમાં પ્રવેશ કર્યો. નવ મહાનિધિઓ તથા ચતુરંગિણી સેનાએ નગરમાં પ્રવેશ નહિ કર્યો. વિનીતા નગરીને નવવધૂની જેમ શણગારવામાં આવી હતી. ભરત પોતાના રાજભવનના ભવ્ય સુશોભિત દ્વાર ઉપર પહોંચ્યા. હાથી ઉપરથી ઊતરીને રાજભવનમાં ઉપસ્થિત લોકોનું સ્વાગત-અભિવાદન સ્વીકારતા-સ્વીકારતા ત્યાં પોતાના બારમા અષ્ટમભક્ત તપનું પારણું કર્યું અને સુખપૂર્વક રહેવા લાગ્યા.

પોતાના રાજ્યાભિષેકનો ઉચિત સમય જાણી એક દિવસ મહારાજ ભરત પૌષધશાળામાં જઈ અષ્ટમભક્ત તપમાં સંલગ્ન થયા. તપ પૂર્ણ થયા પછી આભિયોગિક દેવોને બોલાવી એમને વિનીતા નગરીના ઈશાન ખૂણામાં એક મોટો અભિષેક મંડપ તૈયાર કરવાની આજ્ઞા આપી. ષટ્ખંડની સાધનાના પશ્ચાત્ વિનીતા નગરીમાં મહારાજ ભરતે જે કુબેરોપમ ઋદ્ધિની સાથે નગરમાં પ્રવેશ કર્યો હતો, એ જ પ્રકારની ઋદ્ધિની સાથે મહારાજ ભરત પોતાના રાજપ્રાસાદમાંથી પ્રસ્થાન કરી વિનીતા નગરીના મધ્યમાં થઈને રાજધાનીના ઈશાન કોણમાં નિર્મિત અભિષેક મંડપમાં પ્રવિષ્ટ થયા. ત્યાં એમનો મહર્દ્ધિક, મહામૂલ્યવાન મહારાજ્યાભિષેક સંપન્ન થયો. રાજ્યાભિષેક થયા પછી મહારાજ પુનઃ પોતાના રાજમહેલમાં ફર્યા અને સ્નાનાદિથી નિવૃત્ત થઈ અષ્ટમભકત તપનું પારણું કર્યું. પ્રજાએ બાર વર્ષ સુધી એમના મહારાજ્યાભિષેકનો મહોત્સવ ઉજવ્યો.

મહારાજ ભરતના રાજ્યમાં સમસ્ત પ્રજા પૂર્ણરૂપથી સુખી અને સમૃદ્ધ હતી. લોકો પોતાના કર્તવ્યનું પાલન કરીને સુખમય જીવન વ્યતીત કરી રહ્યા હતા. સંપૂર્ણ ભરતક્ષેત્ર ઉપર એમનું એકછત્ર રાજ્યશાસન હતું. એમના સૈન્યની શક્તિ અજેય અને અભેદ્ય હતી. એમણે એક હજાર વર્ષ ઓછા છ લાખ પૂર્વ સુધી ચક્રવર્તીના રૂપમાં પોતાની પ્રજાનું પાલન કર્યું. એમના રાજ્યકાળમાં રાજા અને પ્રજા બંનેની સમૃદ્ધિમાં અતુલનીય અભિવૃદ્ધિ થઈ.

## ભરતની અનાસક્તિ

ભારતવર્ષનું એકછત્ર સાર્વભૌમ સામ્રાજ્ય મેળવીને પણ ભરતના મનમાં શાંતિ ન હતી. પોતાના નવ્વાણું ભાઈઓને ખોઈને નશ્વર રાજ્યના માટે પોતાના ભાઈઓના મનમાં જે અંતર્દ્વન્દ્વ એમણે ઉત્પન્ન કર્યું, એનાથી એમના મનમાં ખેદ હતો. પરિણામસ્વરૂપ સંપૂર્ણ ભરત ક્ષેત્ર ઉપર શાસન કરવા છતાં પણ એમના મનમાં એની પ્રત્યે કોઈ આસક્તિ ન હતી.

એક વખત ઋષભદેવ ભગવાન પોતાના શિષ્યોની સાથે વિનીતા નગરીના ઉદ્યાનમાં વિરાજમાન હતા. પ્રભુની દિવ્ય દેશના થઈ રહી હતી. એક શ્રોતાએ પૂછ્યું : "પ્રભો ! ચક્રવર્તી ભરત કઈ ગતિમાં જશે ?" પ્રભુએ કહ્યું : "મોક્ષમાં." પ્રશ્નકર્તા મંદ સ્વરે બોલી ઊઠ્યો : "અહો ! ભગવાનના મનમાં પણ પુત્રના પ્રત્યે પક્ષપાત છે."

આ વાત ભરતના કાનો સુધી પહોંચી, તો ભરતને દુઃખ થયું કે - 'એમના કારણે ભગવાન પર આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.' એ વ્યક્તિના મનમાં ભગવાનની વાણી પ્રત્યે ઉત્પન્ન સંદેહના નિરાકરણ માટે એમણે એ વ્યક્તિને બોલાવીને કહ્યું : "તેલથી ભરેલો આ વાટકો લઈ વિનીતા નગરીના બજારોમાં ચક્કર લગાવીને આવ, પણ ધ્યાન રહે, જો વાટકામાંથી તેલનું એક પણ ટીપું નીચે પડશે તો તને ફાંસી આપવામાં આવશે."

ભરતના આદેશાનુસાર એ વ્યક્તિ પૂરી વિનીતા નગરીમાં ફરી આવી. આ સમયે નગરીમાં જાત-જાતના મનોરંજક કાર્યક્રમો થઈ રહ્યા હતા, પણ મૃત્યુની બીકે એને કોઈની તરફ નજર સુધ્ધાં ઉઠાવવાનો અવસર નહિ આપ્યો. અતઃ જ્યારે મહારાજે એ વ્યક્તિને નગરમાં ચાલી રહેલા નાટક આદિ જોવાના વિષયમાં પૂછ્યું તો એ વ્યક્તિએ ઉત્તર આપ્યો : "જેના માથે મોતનો ભય હોય, એ નાટક વગેરે કેવી રીતે જોઈ શકે છે ?" એના પર ભરતે કહ્યું : "ભાઈ, જે પ્રકારે તું એક જીવનના મૃત્યુ-ભયથી સંત્રસ્ત થવાના કારણે નાટક વગેરે ન જોઈ શક્યો, એ જ પ્રકારે મારી સામે તો સુદીર્ઘકાળની મૃત્યુ પરંપરાનો ભય છે, જેના કારણે હું સામ્રાજ્ય સુખ અને લીલાનો ઉપભોગ કરવા છતાં પણ એમાં આસક્ત નથી થઈ શકતો. હું તનથી સંસારના સુખનો ઉપભોગ કરવા છતાં પણ મનથી પ્રાયઃ નિર્લિપ્ત જ રહું છું."

ભરતના આ કથનને સાંભળી એ વ્યક્તિના મનમાં ભગવાન ઋષભદેવની વાત પ્રત્યે જે શંકા હતી તે દૂર થઈ ગઈ. ભરતના જનહિતકારી શાસનના કારણે જ આ દેશનું નામ ભારતવર્ષ પ્રસિદ્ધ થયું.

## પરિવ્રાજક મતનો પ્રારંભ

'આવશ્યક નિર્યુક્તિ' આદિ શ્વેતાંબર ગ્રંથો અનુસાર ભગવાનની દેશના સાંભળી અને સમવસરણની અદ્‌ભુત મહિમા જોઈ સમ્રાટ ભરતનો પુત્ર મરીચિ પણ પ્રભુ-ચરણોમાં દીક્ષિત થઈ ગયો, પણ સુકુમારતાને કારણે એક વખત ગ્રીષ્મકાળના ભીષણ તાપથી પીડિત થઈને તે સાધનાના માર્ગથી વિચલિત થઈ ગયો. એ મનોમન વિચારવા લાગ્યો કે - 'સંયમના આ ગુરુતર ભારને હું થોડો સમય પણ વહન નથી કરી શકતો, તો મારે શું કરવું જોઈએ ?' એણે વિચાર્યું કે - 'વ્રતપર્યાયમાં આવીને પાછા પરત ફરવાથી લોકો કાયર કહેશે, પણ સાથે જ જો સાધુરૂપમાં રહીને સંયમનું પાલન નથી કરતો તો આત્મવંચના થશે. અતઃ પોતાની સ્થિતિ અનુસાર નવીન વેશ ધારણ કરી વિચરવું જોઈએ.' એણે શ્રમણધર્મથી અલગ વેશની કલ્પના કરી :

૧. 'જિનેન્દ્રમાર્ગના શ્રમણ મન, વચન અને કાયાના અશુભ વ્યાપાર રૂપ દંડથી મુક્ત, જિતેન્દ્રિય હોય છે, પણ હું એમનાથી મુક્ત નથી, અતઃ પ્રતીકના રૂપમાં ત્રિદંડ રાખીશ.'

૨. 'શ્રમણ સર્વથા હિંસાના ત્યાગી હોય છે, અતઃ મુંડિત હોય છે. પણ હું સ્થૂલ હિંસાથી નિવૃત્ત રહીશ અને શિખા રાખી ક્ષુર(માથે) મુંડન કરાવીશ.'

૩. 'શ્રમણ-ધન-કંચનરહિત, અપરિગ્રહ અને શીલયુક્ત હોય છે, પણ હું પરિગ્રહી અને શીલરહિત છું, અતઃ ચંદન વગેરેનો લેપ કરીશ.'

૪. 'શ્રમણ નિર્મોહી હોવાથી છત્ર નથી રાખતા, પણ હું મોહ સહિત હોવાથી છત્ર ધારણ કરીશ અને ઉપાનહ અથવા ખડાઉ પણ પહેરીશ.'

૫. 'નિર્મળ મનોવૃત્તિના પ્રતીક શ્રમણ નિરંબર અથવા શુક્લાંબર હોય છે, પણ હું કષાયથી ક્લુષિત હોવાના લીધે કષાય અથવા ગેરુરંગ(કેસરી)નાં વસ્ત્ર ધારણ કરીશ.'

૬. 'શ્રમણ પાપના ભયથી સચિત્ત જળનો ઉપયોગ નથી કરતા, પણ હું પરિમિત જળનો ઉપયોગ સ્નાન-પાન આદિના માટે કરીશ.'

આ પ્રમાણે પરિવ્રાજક વેશની કલ્પના કરી મરીચિ ભગવાનની સાથે વિચરણ કરવા લાગ્યો. જે લોકો મરીચિની પાસે આવી ધર્મની પૃચ્છા કરતા, તે એ બધાને દશવિધ શ્રમણ ધર્મની શિક્ષા આપતો ને ભગવાનનાં

ચરણોમાં શિષ્ય બનવા માટે મોકલી આપતો એક વખત ભરતે ભગવાનને પ્રશ્ન કર્યો કે - "શું આપની સભામાં કોઈ એવી વ્યક્તિ છે, જે આપના સમાન તીર્થંકર બનશે ?"

એના પર ભગવાને કહ્યું કે - "તારો પુત્ર મરીચિ જે પહેલો પરિવ્રાજક છે, આગળ જતા આ જ અવસર્પિણી કાળમાં મહાવીરના નામથી ચોવીસમો તીર્થંકર થશે. એના પહેલા તે પ્રથમ વાસુદેવ અને મૂકા નગરીમાં ચક્રવર્તી પણ હશે." આ સાંભળી ભરત અતિ પ્રસન્ન થયા અને મરીચિની પાસે જઈ એનું અભિવાદન કરતા બોલ્યા : "મરીચિ ! ભગવાને કહ્યું છે કે - 'તું ચોવીસમા તીર્થંકરના રૂપમાં જન્મ લેશે.' અતઃ હું તને વંદન કરું છું." આ સાંભળી મરીચિની પ્રસન્નતાની સીમા ન રહી. એણે કહ્યું : "મારુ કુળ કેટલું ઊંચું છે, દાદા પ્રથમ તીર્થંકર, પિતા પ્રથમ ચક્રવર્તી અને હું ભાવિ તીર્થંકર, શું આનાથી પણ વધારે સારું કોઈ ઉચ્ચકુળ હશે ?"

આ પ્રમાણે કુળમદના કારણે મરીચિએ નીચ ગોત્રનો બંધ કરી લીધો. આગળ જતા એણે કપિલ રાજકુમારને પોતાનો શિષ્ય બનાવ્યો. જે પુરાણો અનુસાર યોગશાસ્ત્ર અને સાંખ્યદર્શનના પ્રવર્તક માનવામાં આવે છે. કપિલમુનિશ્રીથી જ વ્યવસ્થિત રૂપે પરિવ્રાજક પરંપરાનો આરંભ થયો.

## બ્રાહ્મી અને સુંદરી

ભગવાન આદિનાથના સો પુત્રોમાં જે પ્રકારે ભરત અને બાહુબલી પ્રસિદ્ધ છે, એ જ પ્રકારે એમની બંને પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી પણ સર્વજન-વિશ્રુત છે. ભગવાન ઋષભદેવે બ્રાહ્મીના માધ્યમથી જ સમાજને લિપિઓનું જ્ઞાન કરાવડાવ્યું હતું. 'આવશ્યક નિર્યુક્તિ'ના ટીકાકર અનુસાર બ્રાહ્મીનો બાહુબલીની સાથે અને ભરતનો સુંદરી સાથે સંબંધ બતાવવામાં આવ્યો છે. અહીં શંકા એ થાય છે કે - 'જો બંનેને બ્રહ્મચારિણી માનવામાં આવી છે, તો પછી વિવાહ કેવી રીતે ?' સંભવ છે કે એ કાળની લોક-વ્યવસ્થા અનુસાર પ્રારંભમાં બંનેનો સંબંધ ઘોષિત કરવામાં આવ્યો હોય, પણ વૈવાહિક સંબંધ પ્રારંભ થવા પહેલાં જ બંનેએ ભગવાન પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી લીધી હોય.

આચાર્ય જિનસેન અનુસાર સુંદરીએ ભગવાન ઋષભદેવના પ્રથમ પ્રવચનથી જ પ્રતિબોધ મેળવી બ્રાહ્મીની સાથે દીક્ષા ગ્રહણ કરી હતી. પણ શ્વેતાંબર પરંપરા અનુસાર ભરતની આજ્ઞા પ્રાપ્ત ન હોવાના લીધે, તે એ

સમયે પ્રથમ શ્રાવિકા બની. જ્યારે ભરત ષટ્ખંડ પર વિજય વૈજયન્તી ફરકાવવા નીકળ્યા તો સુંદરીએ નિરંતર આયંબિલ વ્રતનો પ્રારંભ કરી દીધો. ૬૦ હજાર વર્ષ પછી જ્યારે ભરત વિજય અભિયાનથી પાછા ફર્યા તો સુંદરીનું ક્ષીણકાય રૂપ અને સંયમની ઉત્કટ અભિલાષા જોઈને એને ભગવાનની સેવામાં રત બ્રાહ્મીની પાસે પ્રવ્રજિત કરાવી દીધી.

શ્વેતાંબર પરંપરાના પશ્ચાદ્વર્તી સાહિત્યમાં બ્રાહ્મીની દીક્ષા તો સંઘની સ્થાપનાની સાથે જ માન્ય કરવામાં આવી, પણ સુંદરીની દીક્ષા બ્રાહ્મીથી ૬૦ હજાર વર્ષ પછી અર્થાત્ ભરત ચક્રવર્તીના દિગ્વિજય પછી માનવામાં આવી છે. પરંતુ બીજી બાજુ ધ્યાનસ્થ બાહુબલીને પ્રતિબોધ આપવા માટે બ્રાહ્મીની સાથે સુંદરીને મોકલવાનો પણ ઉલ્લેખ છે, એ ત્યારે જ સંભવ છે જ્યારે બંનેનું દીક્ષાગ્રહણ સાથે માનવામાં આવે, બીજા પણ ઉપલબ્ધ તથ્યો ઉપર તટસ્થતાથી વિચાર કરવામાં આવે તો 'જમ્બૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ' અને 'કલ્પસૂત્ર'ની ભાવના અનુસાર બ્રાહ્મી અને સુંદરી બંને બહેનોનું સાથે-સાથે દીક્ષિત હોવું જ યુક્તિસંગત અને ઉચિત પ્રતીત થાય છે.

## ઋષભદેવનો પુત્રોને પ્રતિબોધ

ઋષભદેવે પોતાના બધા પુત્રોને પૃથક્-પૃથક્ રાજ્ય આપી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. જ્યારે ભરતે ષટ્ખંડ ઉપર વિજય મેળવ્યો. તો પોતાના ભાઈઓને પણ પોતાના આજ્ઞાનુવર્તી બનાવવા ઇચ્છ્યા. ભાઈઓએ અરસપરસ વિચાર-વિમર્શ કર્યો. પણ કોઈ નિર્ણય ઉપર ન પહોંચી શક્યા. અંતે એમણે એમના સાંસારિક પિતા ભગવાન ઋષભદેવની પાસે જઈને પોતાની સમસ્યા કહી. તેઓ જ્યારે ભગવાનની પાસે પહોંચ્યા તો ભગવાને એમને ભૌતિક રાજ્યની નશ્વરતા બતાવતા આધ્યાત્મિક રાજ્યનું મહત્ત્વ સમજાવ્યું. ભગવાનનાં વચનથી બધા ભાઈ પ્રબુદ્ધ અને વિરક્ત થઈ ગયા. એમણે પંચ મહાવ્રતરૂપ ધર્મને ગ્રહણ કર્યો અને ભગવાનના શિષ્ય બની ગયા.

## અહિંસક યુદ્ધ

સમ્રાટ ભરત સંપૂર્ણ ભારત-ભૂખંડ પર પોતાનું સામ્રાજ્ય સ્થાપિત કરવા માંગતા હતા. એમના ૯૮ ભાઈઓએ દીક્ષા ગ્રહણ કરી એમનો માર્ગ સરળ બનાવી દીધો હતો, છતાં પણ એક બાધા હતી કે બાહુબલીને કેવી રીતે જીતવામાં આવે ? એ વગર ચક્રવર્તિત્વ તથા એકછત્ર રાજ્યની સ્થાપના અસંભવ હતી, તેથી એમણે પોતાના નાના ભાઈ

બાહુબલીને સંદેશ મોકલ્યો કે - 'તે પણ એમની અધીનતા સ્વીકારી લે.' પણ બાહુબલીએ સ્પષ્ટ ના કહી દીધી. ચક્રવર્તી નામકર્મના પ્રાબલ્યના કારણે ભરતને બાહુબલી પર આક્રમણ કરવાનો નિર્ણય લેવો પડ્યો.

ભરતે વિશાળ સેનાની સાથે 'બહલી દેશ'ની સીમા ઉપર આવીને પડાવ નાંખ્યો. બંને સેનાઓમાં થોડા સમય સુધી યુદ્ધ ચાલતું રહ્યું. પણ એનાથી થનારા નરસંહારથી બચવા માટે બાહુબલીએ એક દરખાસ્ત મૂકી કે - 'બંને ભાઈઓ જ મળીને નિર્ણાયક દ્વન્દ્વયુદ્ધ કરી લઈએ.' ભરતે વાત માની લીધી. બંનેમાં દૃષ્ટિ-યુદ્ધ, વાગ્-યુદ્ધ, બાહુ-યુદ્ધ અને મુષ્ટિ-યુદ્ધ થયું અને બધાંમાં જીત બાહુબલીની જ થઈ. નાના ભાઈથી પરાજિત થઈ ભરતને એટલો ઊંડો આઘાત લાગ્યો કે એમણે બાહુબલીના શિરચ્છેદન માટે ચક્રરત્નનો પ્રહાર કર્યો. પહેલાં તો બાહુબલીએ ક્રોધિત થઈ ચક્રને પકડવા ઈચ્છ્યું, પણ તત્ક્ષણ એમના મનમાં વિચાર આવ્યો કે - 'મોટા ભાઈ ભલે મર્યાદા વિરુદ્ધ કામ કરે, પણ એણે ભ્રાતૃવધ જેવું જઘન્ય પાપ ન કરવું જોઈએ.' બાહુબલી ભરતના જ પરિવારનો જ સદસ્ય અને ચરમ-શરીરી હોવાના લીધે ચક્રરત્ન બાહુબલીની પ્રદક્ષિણા કરીને પરત ફર્યું.

હેમચંદ્રના 'ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્રં'ના અનુસાર બાહુબલીએ ભરત પર પ્રહાર કરવા માટે જેવી મુષ્ટિ ઉઠાવી, ત્યારે જ એમને વિચાર આવ્યો - 'ઋષભની કૌટુંબિક પરંપરા હિંસાની નથી, અપિતુ અહિંસાની છે.' પરંતુ ઉઠાવેલો હાથ ખાલી કેવી રીતે જાય ? એમણે પોતાના ઉઠેલા હાથને પોતાના જ મસ્તક ઉપર નાખ્યો અને વાળોનું લોચન કરી શ્રમણધર્મ સ્વીકારી લીધો.

ઋષભદેવની સેવામાં જવાની ઈચ્છા હોવા છતાં પણ બાહુબલીના પગ આગળ ન વધી શક્યા. કારણ કે એમના મનમાં એવો અહંકાર ઉત્પન્ન થયો કે - 'પૂર્વ-દીક્ષિત પોતાના નાના ભાઈઓ પાસે એમ જ કઈ રીતે જાઉં !' ફળસ્વરૂપ તે ત્યાં જ ધ્યાનસ્થ થઈ ગયા અને એક વર્ષ સુધી એ જ અવસ્થામાં ઊભા રહ્યા. શરીર ઉપર વેલાઓ ઊગી નીકળ્યા, સુકોમળ કાયા કરમાઈ ગઈ, પગ ઊધઈની માટીથી ઢંકાઈ ગયા, પણ એમને કેવળજ્ઞાન ન થયું. પ્રભુ ઋષભદેવને બાહુબલીની આ સ્થિતિનું જ્ઞાન થયું, તો એમણે એમને પ્રતિબોધ આપવા માટે બ્રાહ્મી અને સુંદરીને એમની પાસે મોકલી. બંને સાધ્વીઓ તત્કાળ બાહુબલીની પાસે ગઈ અને મૃદુ સ્વરમાં બોલી : "ભાઈ, હાથી ઉપરથી નીચે ઊતરો, હાથી ઉપર બેસીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ નથી થતી." સાધ્વીઓની પ્રેરક, મૃદુ વાણીને સાંભળી બંધુ સમજી ગયા કે તે

અભિમાનના હાથી ઉપર આરૂઢ છે. એમનો બધો અહંકાર નષ્ટ થઈ ગયો અને એમણે પોતાના નાના ભાઈને નમન કરવા માટે પગ ઉઠાવ્યા જ હતા કે એમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ. કેવળી બનીને તેઓ ભગવાનના સમવસરણમાં ગયા અને પ્રભુને વંદન કરી કેવળી-પરિષદમાં બેસી ગયા.

## ભરત દ્વારા બ્રાહ્મણ વર્ણની સ્થાપના

આચાર્ય જિનસેન અનુસાર મહારાજ ભરત જ્યારે ચક્રવર્તી પદથી અલંકૃત થયા, તો એમના મનમાં વિચાર આવ્યો કે - 'એમણે એમના વિપુલ વૈભવ, સાધન અને સંપત્તિનો ઉપયોગ જન-સમાજ માટે હિતકર કોઈ કલ્યાણકારી કાર્યમાં કરવો જોઈએ.' એની સાથે જ એમના મનમાં એવો પણ વિચાર આવ્યો કે - 'બુદ્ધિમાન, બુદ્ધિજીવી લોકોનો એક એવો વર્ગ તૈયાર કરવો જોઈએ કે જે શેષ ત્રિવર્ગના નૈતિક જીવન-નિર્માણમાં બૌદ્ધિક સહયોગ પ્રદાન કરે, જેનાથી સમાજ-અભ્યુન્નતિના પથ ઉપર અગ્રેસર થતો રહે.'

એમણે સમસ્ત શિષ્ટ લોકોને પોતાને ત્યાં આમંત્રિત કર્યા. એમના માર્ગમાં લીલું ઘાસ પથરાવી દીધું. અધિકતર લોકો એનો અર્થ અને આશય સમજી ન શક્યા અને લીલા ઘાસ પર ચાલી ભરતના પ્રાસાદમાં ચાલ્યા આવ્યા. વિવેકશીલ લોકોના મનમાં એવો વિચાર આવ્યો કે - 'લીલા ઘાસમાં પણ જીવ હોય છે, જે આપણા ચાલવાથી મરી જશે અથવા પીડાનો અનુભવ કરશે અને તે લોકો બહાર જ ઊભા રહ્યા.' મહારાજ ભરતે એમની દયા-ભાવનાના વખાણ કર્યા અને એમને બીજા માર્ગથી પ્રાસાદમાં બોલાવ્યા અને સન્માનિત કરી 'માહણ' અર્થાત્ 'બ્રાહ્મણ'ની સંજ્ઞાથી સંબોધિત કર્યા.

'આવશ્યક ચૂર્ણિ' અનુસાર ભરત પોતાના ૯૮ ભાઈઓની પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની વાતથી અધીરા થઈ ઊઠ્યા અને મનમાં વિચારવા લાગ્યા કે - 'આટલી અતુલ સંપદા શું કામની ? જે પોતાના સ્વજનોનાં કામમાં પણ ન આવી શકે ? જ્યારે ભગવાન વિનીતા નગરીમાં આવ્યા તો ભરતે પોતાના દીક્ષિત ભાઈઓને સુખભોગ માટે આમંત્રિત કર્યા, પણ એમણે ત્યાગેલા ભોગોને ગ્રહણ કરવાનો અસ્વીકાર કર્યો.' ત્યારે ભરતે એ પરિગ્રહ ત્યાગી મુનિઓને આહારદાન વગેરે દ્વારા સત્કારવા માંગ્યા, તો પ્રભુએ કહ્યું કે - "સાધુઓ માટે બનાવેલું અથવા લાવેલું ભોજન ગ્રાહ્ય નથી." ત્યારે ભરતે પ્રાર્થના કરી કે - "આવી સ્થિતિમાં મારા માટે બનેલો આહાર સ્વીકાર કરવામાં આવે" તો એમણે એને 'રાજપિંડ' કહી અગ્રાહ્ય બતાવ્યો.

જ્યારે ભરતે પૂછ્યું કે - "શ્રમણોના માટે લાવવામાં આવેલા આ આહાર-પાનાદિનો સદુપયોગ કેવી રીતે થાય ? તો દેવેન્દ્રએ કહ્યું કે - "જે પણ તારાથી ગુણમાં અધિક હોય, એમને આ સામગ્રી આપી આદર-સત્કાર કર." ભરતે બધી સામગ્રી શ્રાવકોને આપી અને કહ્યું કે - "તમે લોકો પોતાની જીવિકા માટે કોઈ વ્યવસાય ન કરો, તમારું કાર્ય શાસ્ત્રોનું શ્રવણ, અધ્યયન, પઠન, મનન તથા ગુરુની સેવા કરવી માત્ર છે. તમારી જીવિકાની વ્યવસ્થા રાજ્યના તરફથી થશે." આ પ્રકારે જે શ્રાવક જીવિકા માટે આવતા, 'માહણ' 'માહણ' કહેતા અને ભોજન ગ્રહણ કરતા. ધીમે-ધીમે આ પ્રકારે જીવિકા માટે આવનારાઓની સંખ્યા નિરંતર અપ્રત્યાશિત રૂપથી વધવા લાગી, તો ભરતે આદેશ આપ્યો કે - "વ્યવસ્થાપક લોકો આગંતુકોની પૂછપરછ કરી પત્તો મેળવે અને માત્ર શ્રાવકોને જ આહાર પ્રદાન કરે." પૂછપરછ દરમિયાન જે લોકો સાચા અને યોગ્ય પ્રતીત થાય એમને જ મહારાજની પાસે પહોંચાડવામાં આવતા અને મહારાજ એમને કાંકિણીરત્નથી ચિહ્નિત કરતા આ લોકો તથા એમના પુત્ર-પૌત્રો પરિગ્રહની પ્રવૃત્તિઓથી અલગ રહી લોકોને 'માહન' 'માહન' 'હિંસા ન કરો'નો ઉપદેશ આપતા આ પ્રકારે 'માહણ' લોકો ઉત્પન્ન થયા. જે કાળાન્તરમાં 'બ્રાહ્મણ' કહેવાવા લાગ્યા.

ભરત દ્વારા પ્રત્યેક શ્રાવકના દેવ, ગુરુ, ધર્મ અથવા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયની આરાધનાના કારણે કાંકિણીરત્નથી ત્રણ રેખાઓ ખેંચવામાં આવતી, જે આગળ જતા યજ્ઞોપવીતના રૂપમાં પરિવર્તિત થઈ. આ પ્રકારે બ્રાહ્મણ વર્ણની ઉત્પત્તિ થઈ. આ રીતે ભગવાન આદિનાથથી લઈને ભરત ચક્રવર્તીના રાજ્યકાળ સુધીમાં ચાર વર્ણોની સ્થાપના થઈ.

## ભરતનું કૈવલ્ય અને મુક્તિ

ભરત એક દિવસ વસ્ત્રાલંકારથી વિભૂષિત થઈ પોતાના શીશમહેલમાં ગયા. ત્યાં અરીસાઓમાં પ્રતિબિંબિત પોતાના સૌંદર્યને જોઈ સ્વયં મુગ્ધ થઈ રહ્યા હતા. પોતાની આંગળીઓની શોભાને નિહાળતી વખતે એમને લાગ્યું કે બધી આંગળીઓની વચ્ચે એક આંગળી શોભાવિહીન છે, કારણ કે એની વીંટી ક્યાંક પડી ગઈ છે. પછી એમના મનમાં વિચાર આવ્યો કે - 'જોઈએ કે વીંટીઓના ન રહેવાથી આંગળીઓ કેવી લાગે છે.' અને એમણે એક-એક કરીને બધી વીંટીઓ ઉતારી દીધી, પછી એમણે બધાં આભૂષણો પણ ઉતારી દીધાં. આભૂષણોના ઉતારતાં જ એમને પોતાનું

શરીર કમળરહિત સરોવર સમાન શોભાવિહીન પ્રતીત થયું. આ જોઈ ભરતના મનમાં એ વિચાર આવ્યો કે - 'શરીરનું બધું આકર્ષણ અસલી (સાચું) નથી, નકલી છે; પ્રાકૃતિક નહિ, કૃત્રિમ છે. એમને અનુભવ થયો કે - 'ભૌતિક અલંકારોથી લદાયેલી સુંદરતા કેટલી સારહીન અને ભ્રામક છે. એના મોહમાં પડી મનુષ્ય પોતાના 'સ્વરૂપ'ને ભૂલી જાય છે.'

ધીરે-ધીરે ભરતના ચિંતનનો પ્રવાહ સમ, સંવેગ અને નિર્વેદની ભૂમિકાએ પહોંચ્યો અને અપૂર્વકરણમાં પ્રવિષ્ટ થતા એમણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય નામક ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું. તેઓ ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળોના સંપૂર્ણ લોકના સમસ્ત પર્યાયોના જ્ઞાતા-દ્રષ્ટા બની ગયા. એમણે સ્વયં સમસ્ત અલંકરણોને ઉતારી દીધાં અને પંચમુષ્ટિ લોચન કર્યું. કેવળીના રૂપમાં ભરત શીશમહેલમાંથી નીકળ્યા અને પોતાના અંતઃપુરના મધ્ય ભાગથી આગળ વધતા બહાર આવ્યા, એમણે દસ હજાર રાજાઓને પ્રતિબોધ આપી શ્રમણધર્મમાં દીક્ષિત કર્યા. પછી એમની સાથે વિનીતા નગરીમાંથી બહાર નીકળીને સુખપૂર્વક વિચરણ કરવા લાગ્યા. લગભગ એક લાખ પૂર્વ સુધી વિચરણ કર્યા પછી તેઓ અષ્ટાપદ પર્વત ઉપર આવ્યા. ત્યાં એમણે એક શિલાપટ્ટ ઉપર ભક્ત-પાનનું પ્રત્યાખ્યાન કરી પાદપોપગમન સંથારો કર્યો. કાળની કામના રહિત એ પાદપોપગમન સંથારામાં સ્થિર રહ્યા.

ભરત કેવળી સિત્તોતેર (૭૭) લાખ પૂર્વ સુધી કુમારાવસ્થામાં રહ્યા. કુમારાવસ્થા પછી એક હજાર વર્ષ સુધી માંડલિક રાજાના પદ પર રહ્યા. ત્યાર બાદ છ લાખ પૂર્વમાં એક હજાર વર્ષ ઓછા સુધી ચક્રવર્તી રહ્યા. આ પ્રકારે કુળ મળીને ત્યાંસી (૮૩) લાખ પૂર્વ સુધી તે ગૃહવાસમાં રહ્યા. શીશમહેલમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયા સુધી તે કોઈ પદ અથવા પર્યાયથી સંબંધિત ન હતા. અતઃ એ કાળને છોડીને એક લાખ પૂર્વમાં કેટલાક ઓછા સમય સુધી એમણે કેવળીપર્યાયનું પાલન કર્યું અને એટલા જ સમય સુધી પ્રતિપૂર્ણ શ્રમણપર્યાયનું આ પ્રમાણે કુલ મેળવીને ૮૪ લાખ પૂર્વની આયુ પૂર્ણ કરી એક મહિના સુધી જળરહિત ભક્ત પ્રત્યાખ્યાનથી ચંદ્રમાની સાથે શ્રવણ નક્ષત્રનો યોગ થતા તેઓ કાળધર્મને પ્રાપ્ત થઈ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા અને અનંત, અક્ષય, શાશ્વત શિવ- પદને પ્રાપ્ત થયા. આ પ્રકારે પ્રભુ ઋષભદેવનાં ચરણચિહ્નો પર ચાલીને એમણે આત્મકલ્યાણ કર્યું.

# ભગવાન શ્રી અજિતનાથ

એવો નિયમ છે કે વર્તમાનમાં જેનું જીવન જેટલું ઉચ્ચ હશે, એની પૂર્વજન્મની સાધના પણ એટલી જ ઉચ્ચ રહી હશે, જૈન ધર્મના બીજા તીર્થંકર ભગવાન શ્રી અજિતનાથની પૂર્વજન્મની સાધના પણ એવી જ ઉત્કૃષ્ટ અને અનુકરણીય હતી. એમના પૂર્વભવોનું વર્ણન આ પ્રકારે છે :

જમ્બૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં સીતા નામની એક મહાનદીના દક્ષિણી તટે એક અતિ સમૃદ્ધ તથા પરમ રમણીય વત્સ નામક એક વિજય છે. ત્યાં સુસીમા નામની એક અતિ સુંદર નગરી હતી. વિમલવાહન નામક મહાપ્રતાપી, ન્યાયપ્રિય, ધર્મપરાયણ અને શાસકના યોગ્ય શ્રેષ્ઠ ગુણોથી સંપન્ન રાજા ત્યાં રાજ્ય કરતા હતા. તે ભોગોથી અલિપ્ત હતા તથા રાજકીય સુખો પ્રત્યે અનાસક્ત હતા. લોકોમાં દાનવીર અને દયાનિધાનના રૂપમાં એમની ખ્યાતિ હતી.

સુખપૂર્વક રાજ્ય કરતા રાજા વિમલવાહન એક દિવસ આત્મ-નિરીક્ષણ કરતા-કરતા વિચારવા લાગ્યા કે - 'માનવજીવન મેળવી પ્રાણીએ શું કરવું જોઈએ ? આ સંસારમાં જન્મ, જરા, મરણરૂપી કાળ-ચક્રનું ન કોઈ આદિ છે, ન કોઈ અંત. ચોર્યાસી લાખ જીવયોનિઓમાં માનવયોનિ એકમાત્ર એવી યોનિ છે, જેમાં પ્રાણી સાધના-પથ ઉપર અગ્રેસર થઈ સાંસારિક દુઃખોથી મુક્ત થઈ શકે છે. મારે પણ આ પાશમાંથી મુક્ત થવા માટેનો સ્વર્ણિમ અવસર પ્રાપ્ત થયો છે. આ માનવજીવનની એક-એક ક્ષણ અમૂલ્ય છે. જે અનંત મૂલ્યવાન સમય નીકળી ગયો, એના માટે હાથ ઘસીને પસ્તાવો કરવાથી કંઈ મળવાનું નથી, પણ હવે જે જીવન શેષ રહ્યું છે, એનાથી અધિકાધિક આધ્યાત્મિક લાભ ઉઠાવવો મારા માટે પરમ હિતકર રહેશે.'

આ પ્રમાણે મહારાજ વિમલવાહને આત્મહિત સાધનાનો સુદૃઢ સંકલ્પ કર્યો હતો કે ઉદ્યાનપાલે એમને પ્રણામ કરી નિવેદન કર્યું કે - "સુસીમાવાસીઓના મહાન પુણ્યોદયથી નગરીની બહાર સ્થિત ઉદ્યાનમાં મહાન તપસ્વી આચાર્ય અરિદમનનું શુભાગમન થયું છે."

આ સમયોચિત સુખદ સંવાદને સાંભળી મહારાજ વિમલવાહનને અનિર્વચનીય આનંદનો અનુભવ થયો અને એમણે વિચાર્યું કે - 'કેવો શુભ સંયોગ છે કે મનમાં શુભ ભાવનાનો ઉદ્ભવ થવાની સાથે સંત-સમાગમનો સુઅવસર પ્રાપ્ત થયો છે.' મહારાજ તરત જ પોતાનાં પરિજનો ને પુરજનોની

સાથે એ ઉદ્યાનમાં પહોંચ્યા. આચાર્ય અરિદમનનું અમરત્વ પ્રદાન કરનારું પ્રવચન સાંભળી વિમલવાહનની વૈરાગ્ય ભાવના વધુ પ્રબળ થઈ ઊઠી. એમણે આચાર્ય દેવને વિનયપૂર્વક પૂછ્યું કે-"અત્યંત દારુણ દુઃખોથી પરિપૂર્ણ આ સંસારમાં નિરંતર પ્રતાડિત અને પીડિત થતા રહેવા છતાં પણ સર્વ સાધારણ પ્રાણીના મનમાં સંસારથી વિરક્તિ નથી ઉત્પન્ન થતી આવી સ્થિતિમાં તમને સંસારથી વિરક્તિ કયા કારણે અથવા કયા નિમિત્તે થઈ?"

જવાબમાં આચાર્યશ્રીએ કહ્યું કે - "વિજ્ઞ વિચારક માટે સંસારમાં ડગલે ને પગલે વૈરાગ્યોત્પાદક નિમિત્ત પ્રસ્તુત થતાં રહે છે, પણ મોહ-મદ અને મમત્વથી આંધળા બનેલ પ્રાણી જોઈને પણ ન જોયું કરી જીવન જીવતો રહે છે. સુલભ-બોધી પ્રાણી તો સ્વાનુભૂત અથવા પરાનુભૂત પ્રત્યેક ઘટનાના નિમિત્તથી તત્ક્ષણ સંસારથી વિરક્ત થઈ જાય છે.

રાજ્ય સિંહાસન પર આરૂઢ થયાના થોડા સમય પછી મેં દિગ્વિજય કરવાનો નિશ્ચય કર્યો અને મારી ચતુરંગિણી સેનાની સાથે વિજય-યાત્રા પર નીકળી પડ્યો. એ યાત્રા સમયે મે એક સ્થળે નંદનવનની સમાન એક અતિ રમણીય ઉદ્યાન જોયું. વાથીકૂપ-તડાગ એવં લતા મંડપોથી આકીર્ણ એ ઉદ્યાન સ્વર્ગ-જેવું પ્રતીત થઈ રહ્યું હતું. આ ઉદ્યાનની મનોહર છટા પર હું મુગ્ધ થઈ ગયો. મારા સામંતો અને સેનાપતિઓની સાથે એ ઉદ્યાનમાં કેટલાક સમય સુધી વિશ્રામ કર્યા પછી પુનઃ દિગ્વિજય માટે પ્રવૃત્ત થયો.

એ વિજયયાત્રામાં મેં અનેક દેશો પર આધિપત્ય જમાવ્યું, પરંતુ એવો નયનાભિરામ ઉદ્યાન પછી ક્યારેય દૃષ્ટિગોચર ન થયો. દિગ્વિજય પછી જ્યારે હું પુનઃ મારી રાજધાનીની તરફ ફર્યો, તો એ ઉદ્યાનને પૂર્ણતઃ વિનષ્ટ અને ઉજ્જડ થયેલો જોયો. ગીચ વિશાળ ફળ-ફૂલથી લદાયેલા વૃક્ષોની જગ્યાએ ઊભેલાં ઠૂંઠાં પ્રેતોની સમાન ભયાવહ લાગી રહ્યા હતા. આ જોઈ મારા-મન-મસ્તિષ્કમાં ઘણો ઊંડો આઘાત લાગ્યો. મને સંપૂર્ણ દૃશ્યમાન જગત ક્ષણભંગુર પ્રતીત થવા લાગ્યું અને મનમાં વિચાર આવ્યો કે - 'સંસારનાં બધાં પ્રાણીઓને વહેલી - મોડી આ સ્થિતિ પ્રાપ્ત થવાની જ છે.'

ત્યાર બાદ જે વિચાર મારા મનમાં આવ્યો એનાથી હું ધ્રુજી ઊઠ્યો, સહેમી ગયો. મેં વિચાર્યું કે - 'અનંત કાળથી જન્મ-મરણની ઘંટીમાં દળાતો આવી રહેલો હું પણ એક સંસારી પ્રાણી છું, સાધારણ જીવ છું અને મારે પણ શીઘ્ર જ આ સ્થિતિનો સામનો કરવો પડશે. જો નહિ સંભાળીશ તો અનંતકાળ સુધી ભવસાગરમાં ભટકવું પડશે. મને સંસાર એક વિશાળ

અગ્નિકુંડ સમાન દાહક પ્રતીત થવા લાગ્યો.' મને એ જ સમયે સંસારથી વિરક્તિ ઉત્પન્ન થઈ ગઈ. મેં એ જ ક્ષણે બધું જ છોડીને શ્રમણધર્મની દીક્ષા ગ્રહણ કરી લીધી, અને ત્યારથી શાશ્વત સુખદાયી પંચ-મહાવ્રતોનું પાલન કરી રહ્યો છું.''

આચાર્યશ્રી અરિદમનનાં પ્રવચનો સાંભળી રાજા વિમલવાહને પણ પોતાના પુત્રને રાજ્યભાર સોંપી શ્રમણધર્મ સ્વીકાર કરી લીધો. મુનિ બન્યા પછી વિમલવાહને ગુરુની સેવામાં રહીને તપશ્ચરણની સાથે-સાથે આગમોનું અધ્યયન કર્યું. સુદીર્ઘકાળ સુધી પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિની વિશુદ્ધ સાધનાની અને અનંત કાળથી સંચિત કર્મોની નિર્જરા કરી. અરિહંત ભક્તિ આદિ ૨૦ બોલોમાંથી કેટલાક બોલોની ઉત્કૃષ્ટ આરાધના કરી અને તીર્થંકર નામ-ગોત્રકર્મનું ઉપાર્જન કર્યું. અંતે અનશનપૂર્વક આયુ પૂર્ણ કરી વિજય નામક અનુત્તર વિમાનમાં તેત્રીસ (૩૩) સાગર આયુવાળા દેવરૂપમાં ઉત્પન્ન થયા.

## ચ્યવન અને ગર્ભ-કલ્યાણક

જમ્બૂદ્વીપના ભરતખંડમાં વિનીતા નામની નગરી હતી. ત્યાં ભગવાન ઋષભદેવના ઈક્ષ્વાકુ વંશમાં અસંખ્ય રાજાઓના રાજ્ય થયા પછી જિતશત્રુ નામક એક મહાન પ્રતાપી અને ધર્મનિષ્ઠ રાજા થયા. એમની મહારાણીનું નામ વિજયા હતું. મહારાણી વિજયા સર્વગુણસંપન્ન, સર્વાંગસુંદરી, રૂપ-લાવણ્યયુક્ત, ધર્મનિષ્ઠ વિદુષી અને પતિવ્રતા નારી હતી. રાજદંપતી ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરીને ઉત્તમ સાંસારિક સુખોનો ઉપભોગ કરીને શ્રમણોપાસક ધર્મનું સુચારુ રૂપે પાલન કરતાં હતાં.

ભ. ઋષભદેવના નિર્વાણથી લગભગ ૭૧ લાખ પૂર્વ ઓછા ૫૦ લાખ કરોડ સાગર પશ્ચાત્ વિમલવાહનનો જીવ વિજય નામક અનુત્તર વિમાનના દેવની ૩૩ સાગરોપમ આયુ પૂર્ણ થતા વૈશાખ શુક્લ ત્રયોદશી-(તેરશ)ની રાત્રિએ રોહિણી નક્ષત્રની સાથે ચંદ્રનો યોગ થવાથી મતિ, શ્રુતિ અને અવધિ જ્ઞાનથી યુક્ત ચિત્રા નક્ષત્રમાં જ વિજય વિમાનમાંથી ચ્યવન કરી મહારાજ જિતશત્રુની મહારાણી વિજયાદેવીના ગર્ભમાં પ્રવિષ્ટ થયો. એ જ રાત્રિના અંતિમ પ્રહરમાં મહારાણી વિજયાદેવીએ અર્ધસુપ્ત-અર્ધ-જાગૃત અવસ્થામાં ચૌદ મહાસ્વપ્ન જોયાં. મહારાણી પરમ પ્રમુદિત (આનંદિત) થઈ પોતાના સ્વપ્નની વાત મહારાજ જિતશત્રુને સંભળાવી. મહારાજા જિતશત્રુ પણ હર્ષવિભોર થયા. એમણે કહ્યું કે - "આપણને મહાપ્રતાપી જગતવંદ્ય પુત્રની પ્રાપ્તિ થશે.''

## બીજા ચક્રવર્તીનું ગર્ભમાં આગમન

એ જ રાત્રે મહારાજ જિતશત્રુના નાના ભાઈ સુમિત્ર વિજયની યુવારાણી વૈજયંતીએ પણ ચૌદ મહાસ્વપ્ન જોયાં. જેમની પ્રભા મહારાણી વિજયાનાં સ્વપ્નોથી થોડી મંદ હતી. બીજા દિવસે મહારાજ જિતશત્રુએ કુશળ સ્વપ્નપાઠકોને બોલાવી સ્વપ્નફળ જણાવવાનો આગ્રહ કર્યો, તો એમણે ચિંતન-મનન પશ્ચાત્ કહ્યું કે - "મહારાણી વિજયાદેવીના ગર્ભથી આ અવસર્પિણી કાળના બીજા તીર્થંકરનો જન્મ થશે અને યુવારાણી વૈજયંતી દેવી દ્વિતીય ચક્રવર્તીની માતા બનશે."

## જન્મ

ગર્ભકાળ પૂર્ણ થતાં માઘ શુક્લ અષ્ટમીની રાત્રિએ ચંદ્રનો રોહિણી નક્ષત્ર સાથે યોગ થતા માતા વિજયાદેવીએ સુખપૂર્વક ત્રિલોક્ય પૂજ્ય પુત્રરત્નને જન્મ આપ્યો. ભ. ઋષભદેવના જન્મ મહોત્સવની જેમ અજિતનાથનો જન્મ મહોત્સવ ઉજવવામાં આવ્યો. પ્રભુના જન્મના થોડા સમય પછી યુવરાજ સુમિત્રની યુવારાણી વૈજયંતીએ પણ પુત્રરત્નને જન્મ આપ્યો, જે આગળ જતા દ્વિતીય ચક્રવર્તી બન્યો. રાજકુળમાં એક સાથે બે-બે પુત્રોના જન્મથી રાજમહેલ ખુશી અને વધામણીના વાતાવરણથી આનંદમય થઈ ગયો. લોકોને જાત-જાતનાં પ્રીતિદાન અને પારિતોષિક આપવામાં આવ્યાં. ચારેય તરફ રાગરંગ, ઉત્સવનું વાતાવરણ હતું. એક શુભ દિવસે મહારાજ જિતશત્રુએ પોતાના બંધુ-બાંધવો, અમાત્યો, સામંતો અને નગરીની ગણમાન્ય વ્યક્તિઓને આમંત્રિત કરી, સમુચિત સન્માન-સત્કાર કર્યા. ઉપરાંત ઘોષણા કરી કે - 'જ્યારથી અમારો આ પુત્ર માતાના ગર્ભમાં આવ્યો ત્યારથી હું પ્રત્યેક ક્ષેત્રમાં અજિત રહ્યો છું, એટલા માટે આ બાળકનું નામ અજિત રાખવું ઉચિત થશે.' લોકોએ હર્ષોલ્લાસથી એમની સહમતિ પ્રગટ કરી. યુવરાજ સુમિત્રના પુત્રનું નામ સગર રાખવામાં આવ્યું.

બંને રાજકુમારોનું લાલન-પાલન અને સંવર્ધન સાથે-સાથે થવા લાગ્યું. બંને શિશુઓએ અનેક વર્ષો સુધી પોતાની બાળલીલાઓથી માતા-પિતા ને પરિજનો-પુરજનોને આનંદિત કર્યા. રાજકુમાર અજિત જન્મથી ત્રણ જ્ઞાનના ધારક હતા. તેઓ બધી વિદ્યાઓ અને કળાઓ જાણતા હતા; અતઃ એમને કંઈ પણ શીખવવાની આવશ્યકતા ન હતી. પણ સગર કુમારને

બધી વિદ્યાઓ અને કલાઓમાં નિપુણ બનાવવા માટે સુયોગ્ય વિદ્વાનોની વ્યવસ્થા કરવામાં આવી. સગર કુશાગ્ર બુદ્ધિવાળા હતા, તેથી નિષ્ઠા અને વિનયપૂર્વક અધ્યયનના ફળસ્વરૂપ નક્કી સમયના પૂર્વે જ તેઓ બધી વિદ્યાઓ ને ૭૨ કળાઓમાં નિષ્ણાત થઈ ગયા. અધ્યયન કાળમાં સગરકુમારને એમના જ્યેષ્ઠ ભ્રાતા અજિત પાસેથી પણ જિજ્ઞાસા સમાધાનમાં ઘણો લાભ મળ્યો.

આ પ્રકારે બાળપણથી કિશોરાવસ્થા અને પછી બંને રાજકુમારના યુવાવસ્થામાં પદાર્પણથી મહારાજ જિતશત્રુએ સુયોગ્ય, રૂપ-લાવણ્યયુક્ત, બધા સ્ત્રીઓચિત ગુણોથી સંપન્ન અનેક રાજકુમારીઓની સાથે એમનો વિવાહ સંપન્ન કરાવ્યો. રાજકુમાર અજિતે પણ ભોગ્ય કર્મોને ઉદિત થયેલ જાણી વિવાહ માટે પોતાની સ્વીકૃતિ આપી દીધી. જ્યારે અજિતકુમારની અવસ્થા ૧૮ લાખ પૂર્વની થઈ ગઈ ત્યારે મહારાજ જિતશત્રુએ સંસારથી વિરક્ત થઈ શ્રમણધર્મ ગ્રહણ કરવાનો એમનો નિશ્ચય અજિતકુમારને જણાવ્યો અને એમને રાજ્યભાર સંભાળવાનો આગ્રહ કર્યો. રાજકુમારે એમના પિતાશ્રીના પ્રવ્રજ્યા ગ્રહણ કરવાના સંકલ્પની સરાહના કરી ને કહ્યું કે - "મોક્ષની સાધના કરવી પ્રત્યેક મુમુક્ષુ માટે આવશ્યક છે અને આવા કાર્યમાં કોઈએ પણ બાધક ન બનતા સાધક જ બનવું જોઈએ. પણ જ્યાં સુધી રાજ્યભારની વાત છે, એને આપ પિતૃસમ શ્રી(કાકા)ને જ આપો, તેઓ યુવરાજ પણ છે અને રાજ્યભાર ગ્રહણ કરવામાં સમર્થ અને સુયોગ્ય પણ છે." રાજકુમાર અજિત પોતાની વાત પૂરી કરે એ પહેલાં જ યુવરાજ સુમિત્ર બોલ્યા : "હું રાજ્યકાર્યની ઝંઝટમાં બિલકુલ પડવા માંગતો નથી, હું તો મહારાજની સાથે જ પ્રવ્રજ્યા ગ્રહણ કરી સાધના-માર્ગને અપનાવીશ." રાજકુમાર અજિતે પોતાના જ્ઞાનોપ-યોગથી જાણ્યું કે - 'સુમિત્ર વિજયને પ્રવ્રજિત થવામાં હજી પર્યાપ્ત વિલંબ છે, અતઃ એમને અનુરોધ કર્યો કે - "તેઓ રાજ્યભાર ગ્રહણ ન કરે તો પણ થોડા સમય માટે ભાવ યતિના રૂપમાં ગૃહવાસમાં જ રહેવાનું કષ્ટ કરે." મહારાજ જિતશત્રુએ પણ પોતાના ભ્રાતાને આજ આગ્રહ કર્યો. યુવરાજ સુમિત્ર એમના અનુરોધને ટાળી ન શક્યા. અતઃ ઘણા ધામ-ધૂમથી કુમાર અજિતના રાજ્યાભિષેકનું આયોજન કરવામાં આવ્યું, ને સિંહાસન પર બેસતાં જ અજિત મહારાજે સગરકુમારને યુવરાજપદ પર અધિષ્ઠિત કરી દીધા.

## પિતાની દીક્ષા : કૈવલ્ય ને મુક્તિ

કુમાર અજિતનો રાજ્યાભિષેક સંપન્ન થતાં જ મહારાજ જિતશત્રુનો અભિનિષ્ક્રમણ સમારોહ થયો. એમણે પ્રથમ તીર્થંકર ઋષભદેવ દ્વારા સ્થાપિત ધર્મતીર્થની પરંપરાના એક સ્થવિર મુનિરાજ પાસે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષિત થયા પછી મુનિ જિતશત્રુએ દીર્ઘકાળ સુધી કઠોર તપસ્યા દ્વારા પોતાનાં ચાર ઘાતીકર્મોને નષ્ટ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું ને અંતે શેષ ચાર અઘાતીકર્મોને વિનષ્ટ કરી અનંત, શાશ્વત, સુખધામ-મોક્ષ પ્રાપ્ત કર્યો.

## મહારાજા અજિતનું શાસન

મહારાજા અજિતે ૫૩ લાખ પૂર્વ સુધી ન્યાય-નીતિપૂર્વક પ્રજાનું પાલન કર્યું. અમિત શક્તિસંપન્ન અજિતના પુણ્યપ્રતાપથી અન્ય રાજાગણ શ્રદ્ધા-ભક્તિથી નતમસ્તક થઈ સ્વતઃ એમને આધીન થઈ ગયા. એમના શાસન-કાળમાં સમસ્ત પ્રજા સુખી, સંપન્ન, સમૃદ્ધ તથા ન્યાય-નીતિ-ધર્મપરાયણ રહી.

એક દિવસ મહારાજ અજિતે એકાંતમાં ચિંતન કરતા વિચાર્યું કે - ‘હવે મારે સંસારના પ્રપંચપૂર્ણ કાર્યકલાપોનો પરિત્યાગ કરી મારા મૂળ લક્ષ્યની સિદ્ધિમાં તત્પર થઈ જવું જોઈએ. નિર્બંધ, નિર્વિકાર અને નિષ્કલંક થવા માટે સાધનામાં હવે જરા પણ વિલંબ ન કરવો જોઈએ.’ મહારાજના મનમાં આ પ્રકારે ચિંતન ચાલી રહ્યું હતું કે લોકાંતિક દેવ એમની સામે ઉપસ્થિત થઈ પ્રાર્થના કરતા બોલ્યા કે - “ભગવન્ ! હવે ધર્મતીર્થનું પ્રવર્તન કરી પ્રાણીઓનો ઉદ્ધાર કરો.” દેવોના ગયા પછી મહારાજ અજિતે યુવરાજ સગરને બોલાવીને કહ્યું કે - “હું બધા પ્રકારના પ્રપંચોનો પરિત્યાગ કરી સાધનાપથ પર અગ્રેસર થવા માંગુ છું, અતઃ તું આ રાજ્યભાર સંભાળ.” મહારાજના મુખમાંથી આ વચન સાંભળી સગર અવાક્ થઈ ગયા. એમનાં નેત્ર સજળ બન્યાં. અવરુદ્ધ કંઠથી બોલ્યા : “મેં તો તમને જ મારાં માતા-પિતા-ગુરુ સર્વસ્વ સમજ્યા છે. હું ક્ષણભર માટે પણ તમારી છાયાથી અલગ નથી રહી શકતો. તમારાથી અલગ થઈને હું આ રાજ્ય તો શું, સમસ્ત વિશ્વનું એકછત્ર રાજ્ય પણ સ્વીકારી નથી શકતો. જો તમે પ્રવ્રજિત થવાનો સંકલ્પ લઈ જ લીધો છે, તો મને પણ તમારી સેવામાં રહેવાની આજ્ઞા આપો.” આમ કહી સગરે પોતાનું મસ્તક એમના મોટા ભાઈનાં ચરણોમાં ધરી દીધું.

ત્રણ જ્ઞાનના ધણી મહારાજ અજિતને વિદિત હતું કે - 'એમનો ભાઈ સગર દ્વિતીય ચક્રવર્તી બનશે, અતઃ એમણે ઘણી આત્મીયતાથી આજ્ઞાપૂર્ણ સ્વરમાં કહ્યું : "યુવરાજ, હજી તારા ભોગ્ય કર્મો અવશિષ્ટ (બાકી) છે. હું તને આજ્ઞા આપું છું કે - 'આ રાજ્યભારને સંભાળીને પ્રજા-પાલનનું તારું કર્તવ્ય પૂરું કર.'' હંમેશાં પિતૃવત્ પૂજિત પોતાના ગુરુતુલ્ય ભ્રાતાનો આદેશ પાળવા સિવાય કોઈ માર્ગ યુવરાજ સગરની સામે ન રહ્યો. મહારાજ અજિતે શુભ તિથિ અને નક્ષત્રમાં સગરકુમારનો રાજ્યાભિષેક કર્યો.

## વર્ષીદાન અને દીક્ષા

યુવરાજ સગરનો રાજ્યાભિષેક કર્યા પછી મહારાજે વર્ષીદાન આપ્યું. તે પ્રત્યેક દિવસે પ્રાતઃકાળ એક કરોડ આઠ લાખ સ્વર્ણમુદ્રાઓનું દાન કરતા હતા. વર્ષીદાન સંપન્ન થતાં જ શક્ર આદિ ચોસઠ (૬૪) ઈન્દ્ર મહારાજની સેવામાં ઉપસ્થિત થયા. શક્રાદિ દેવેન્દ્ર તથા મહારાજ સગરે મહારાજ અજિતના અભિનિષ્ક્રમણ મહોત્સવનું આયોજન કર્યું. મહારાજને વસ્ત્રાભૂષણોથી અલંકૃત કરી સુપ્રભા નામક શિવિકામાં વિરાજમાન કર્યા. નરેન્દ્રોના સમૂહે દેવેન્દ્રોની સાથે મહારાજની પાલખી ઉઠાવી અને વિનીતા નગરીની બહાર સ્થિત સહસ્રામ્રવનમાં પહોંચ્યા. દેવતાઓ અને નર-નારીઓનો વિશાળ સમૂહ મહોત્સવ જોવા માટે ઊમટી પડ્યો. માઘ શુક્લ નવમીએ ચંદ્રના રોહિણી નક્ષત્રની સાથે યોગ થતા અજિત મહારાજે સ્વયં જ વસ્ત્રાલંકાર ઉતાર્યા અને શક્ર દ્વારા સમર્પિત દેવદૂષ્ય ધારણ કર્યું. ત્યાર બાદ પંચમુષ્ટિક લુંચન (લોચ) કરી 'નમો સિદ્ધાણં' પદ વડે સિદ્ધ-ભગવંતોને નમસ્કાર કરી ષષ્ટ ભક્તની તપસ્યા સહિત એક હજાર રાજાઓ/વ્યક્તિઓની સાથે યાવજ્જીવન સામાયિક ચારિત્ર સ્વીકાર કર્યું. દીક્ષા-ગ્રહણ કરતા જ એમને મનઃપર્યવજ્ઞાન પ્રગટ થઈ ગયું.

## છદ્મસ્થકાળ

દીક્ષાગ્રહણના બીજા દિવસે પ્રભુને સાકેત(અયોધ્યા/વિનીતા)માં જ રાજા બ્રહ્મદત્તે એમને ત્યાં ક્ષીરાન્નથી બેલે(છટ્ઠ) તપનું પારણું કરાવ્યું અને તે પ્રભુ અજિતનાથના પ્રથમ ભિક્ષાદાતા થયા. ત્યાં ૫ પ્રકારની દિવ્ય વૃષ્ટિ થઈ. ભગવાન અજિતનાથ દીક્ષિત થયા પછી ૧૨ વર્ષ સુધી છદ્મસ્થાવસ્થામાં ગ્રામાનુગ્રામ વિચરણ કરતા રહ્યા. બાર વર્ષ સુધી બાહ્ય

અને આભ્યંતર તપસ્યા દ્વારા પ્રભુ કર્મસમૂહોને ધ્વંસ્ત કરતા રહ્યા. એક દિવસ પ્રભુ સહસ્રામ્રવનમાં બેલે(છઠ્ઠ)ની તપસ્યાની સાથે ધ્યાનમગ્ન હતા. ધ્યાનાવસ્થામાં ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ ઘાતીકર્મોના સમૂહચ્છેદ કરી યુગપત્ કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિની સાથે તેરમા સયોગી કેવળી નામક ગુણસ્થાનમાં પ્રવેશ કર્યો. આ પ્રમાણે બાર વર્ષ સુધી છદ્મસ્થાવસ્થામાં સાધના કર્યા પછી ભગવાન અજિતનાથ પોષ શુક્લ એકાદશના દિવસે ચંદ્ર અને રોહિણી નક્ષત્રનો યોગ થતા સર્વજ્ઞ - સર્વદર્શી થઈ ગયા. દેવોએ પંચ દિવ્યોની વૃષ્ટિ કરી અને દેવેન્દ્રોએ ત્યાં સમવસરણની રચના કરી. ભગવાનને કેવળજ્ઞાન થવાની સૂચના મહારાજ સગરને મળી. તે તત્કાળ પોતાના અમાત્યો, પરિજનો તથા પુરજનો સાથે સમસ્ત રાજસી ઠાઠની સાથે પ્રભુનાં દર્શન માટે ઉદ્યાનમાં પધાર્યા. સમવસરણમાં પહોંચી મહારાજ સગરે પ્રભુને અમિત શ્રદ્ધા-ભક્તિ અને આહ્‌લાદ સહિત વંદન-નમન કર્યા અને યથાસ્થાને બેસી ગયા. ભગવાન અજિતનાથે દેવો દ્વારા નિર્મિત ઉચ્ચ આસન પર આરૂઢ થઈ સમવસરણમાં પીયૂષવર્ષિણી (અમૃતધારા) અમોઘ દેશના (ઉપદેશ/બોધ) આપી. પ્રભુની દેશનાથી પ્રબુદ્ધ થઈ અનેક વ્યક્તિઓએ શ્રમણ-શ્રમણી અને શ્રાવક-શ્રાવિકા ધર્મ સ્વીકાર કર્યો. ભગવાન અજિતનાથના ૯૫ ગણધર હતા, જેમાં પ્રથમ ગણધર સિંહસેન થયા. પ્રભુની પ્રથમ શિષ્યાનું નામ ફલ્ગુ હતું, જે પ્રભુના સાધ્વીસંઘની પ્રવર્તિની થઈ. આ પ્રકારે તીર્થંકર અજિતનાથે પ્રથમ દેશનામાં શ્રુતધર્મ અને ચારિત્રધર્મની શિક્ષા આપી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

## શાલિગ્રામવાસીઓનો ઉદ્ધાર

ભગવાન અજિતનાથ વિભિન્ન ક્ષેત્રો અને પ્રદેશોમાં શાશ્વત સત્ય ધર્મના ઉપદેશ દ્વારા પ્રાણીઓને મોક્ષમાર્ગે આરૂઢ કરતા રહીને કૌશાંબી નગરીની બહાર ઉત્તર દિશામાં સ્થિત ઉદ્યાનમાં પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. અશોકવૃક્ષની નીચે વિશાળ સિંહાસન પર વિરાજમાન થઈ પ્રભુએ દેશના આરંભ કરી. એ જ સમયે એક બ્રાહ્મણ પોતાની પત્નીની સાથે સમવસરણમાં ઉપસ્થિત થયો અને પ્રભુની પ્રદક્ષિણા તથા વંદન-નમન કર્યા, પછી એમનાં ચરણોની નજીક બેસી ગયો. દેશનાના અનન્તર એ બ્રાહ્મણે હાથ જોડી પ્રભુને પૂછ્યું : "પ્રભુ ! આ

બધું આ પ્રમાણે શા માટે છે ?" પ્રભુએ જવાબ આપ્યો : "આ સમ્યક્ત્વનો પ્રભાવ છે." બ્રાહ્મણે આગળ પૂછ્યું : "કેવી રીતે પ્રભો ?"

પ્રભુએ સમજાવ્યું : "સમ્યક્ત્વનો પ્રભાવ ઘણો મોટો છે. એના પ્રભાવથી વેર શાંત થઈ જાય છે, વ્યાધિઓ નષ્ટ થઈ જાય છે, અશુભ કર્મ વિલીન થઈ જાય છે, અભિપ્સિત (ઇચ્છિત) કાર્ય સિદ્ધ થઈ જાય છે, દેવ આયુનો બંધ થાય છે, દેવ-દેવીગણ સહાયતા (મદદ) માટે સદા સમુદ્યત રહે છે. આ બધાં તો સમ્યક્ત્વનાં સાધારણ ફળ છે. સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ ઉપાસનાથી પ્રાણી સમસ્ત કર્મ-સમૂહને ભસ્મ કરી તીર્થંકરપદ સુદ્ધાં પ્રાપ્ત કરી શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ શકે છે." પ્રભુના મુખેથી આમ સાંભળી બ્રાહ્મણે કહ્યું : "ભગવન્, એવું જ હોય તો, એમાં લેશમાત્ર પણ અન્યથા (શંકા) નથી." એટલું કહી એ બ્રાહ્મણ સંતુષ્ટ મુદ્રામાં પોતાના સ્થાને બેસી ગયો.

દેશનામાં ઉપસ્થિત શ્રોતાઓને આ રહસ્યથી અવગત કરાવવા માટે પ્રભુના મુખ્ય ગણધરે પૂછ્યું : "ભગવન્, બ્રાહ્મણના પ્રશ્ન અને આપના ઉત્તરનું શું રહસ્ય છે ?"

એના પર ભગવાન અજિતનાથે કહ્યું : "અહીંથી થોડાક અંતરે શાલિગ્રામ નામક એક ગામ છે. એ ગામમાં દામોદર નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. એની પત્નીનું નામ સીમા હતું. એમના પુત્રનું નામ શુદ્ધભટ્ટ હતું. શુદ્ધભટ્ટના વિવાહ સમય આવતા સિદ્ધભટ્ટ નામક બ્રાહ્મણની કન્યા સુલક્ષણા સાથે કરવામાં આવ્યો. શુદ્ધભટ્ટ અને સુલક્ષણા સુખપૂર્વક જીવન વ્યતીત કરી રહ્યાં હતાં કે બંનેનાં માતા-પિતા અવસાન પામ્યાં અને એના પછી એમનો બધો ધન-વૈભવ પણ નષ્ટ થઈ ગયો. સ્થિતિ એટલી બધી વણસી ગઈ કે બે ટંકનું ભોજન પ્રાપ્ત કરવું પણ એમના માટે કઠિન થઈ ગયું. આ દરિદ્રતાથી શુદ્ધભટ્ટ એટલો દુઃખી થયો કે એક દિવસ ચુપચાપ પોતાની પત્નીને જણાવ્યા વગર પરદેશ ચાલ્યો ગયો. એનાથી સુલક્ષણાને ઘણો આઘાત લાગ્યો. શોકસાગરમાં ડૂબેલી બધાંથી દૂર એકાકી સુલક્ષણા વૈરાગીની જેમ જીવન જીવવા લાગી. એ જ દિવસોમાં વિપુલા નામક એક પ્રવર્તિની બે અન્ય સાધ્વીઓની સાથે વર્ષાવાસ-હેતુ એ ગામમાં આવી હતી અને સુલક્ષણાના ઘરમાં એક સ્થાન માંગી રહેવા લાગી. સુલક્ષણા પ્રતિદિવસે આ પ્રવર્તિતીના ઉપદેશોને સાંભળતી, જેનાથી એના મનમાં

ધર્મ પ્રત્યે રુચિ જાગૃત થઈ. એના મિથ્યાત્વનાં સ્તરો દૂર થયાં, તો એના અંતરસ્થળમાં સમ્યક્ત્વ પ્રગટ થયું ને એણે સંસારસાગરથી પાર ઉતારનારા જૈન ધર્મનો સ્વીકાર કરી લીધો. એનાથી તેણીના કષાયોનું ઉપશમન થયું અને વિષય-વાસનાઓ પ્રત્યે અરુચિ અને વિરક્તિ ઉત્પન્ન થઈ. સંપૂર્ણ ચતુર્માસમાં એણે અવિરત નિષ્ઠાની સાથે સાધ્વીઓની સેવા-શુશ્રૂષા કરી. વર્ષાવાસ વીતી ગયા પછી સાધ્વીઓએ સુલક્ષણાને બાર અણુવ્રતોના નિયમ ગ્રહણ કરાવી શ્રાવિકા બનાવી અને ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો. સાધ્વીઓના વિહાર કર્યા પછી સુલક્ષણાનો પતિ વિદેશથી વિપુલ ધનરાશિ ઉપાર્જિત કરીને પાછો ફર્યો. પતિના આવવાથી સુલક્ષણા ઘણી જ પ્રસન્ન થઈ. જ્યારે શુદ્ધભટ્ટે એને પૂછ્યું કે - "મારા જવા પછી તેં તારો સમય કેવી રીતે વિતાવ્યો ?" તો સુલક્ષણાએ કહ્યું : "હું આપના વિયોગથી દુઃખી હતી કે ગણિની અહીં પધાર્યાં અને ચાર માસ સુધી આપણા ઘરમાં જ વિરાજીને ઘરને પવિત્ર કર્યું. એમનાં દર્શનથી આપના વિરહનું દુઃખ શાંત થયું અને મેં એમની પાસેથી સમ્યક્ત્વ-રત્ન પ્રાપ્ત કરી મારો જન્મ સફળ કર્યો."

શુદ્ધભટ્ટે જિજ્ઞાસા પ્રગટ કરી કે - "સમ્યક્ત્વ કોને કહે છે અને તે કેવી રીતે થાય છે ?" સુલક્ષણાએ વીતરાગ જિનેન્દ્ર દ્વારા પ્રરૂપિત શાશ્વત ધર્મનું સ્વરૂપ પોતાના પતિને સમજાવતા કહ્યું કે - "રાગદ્વેષ આદિ સમસ્ત દોષોને નષ્ટ કરી વીતરાગ બનેલા અરિહંત પ્રભુ દ્વારા પ્રરૂપિત જૈન ધર્મનો સ્વીકાર કરી સુદેવ, સદ્‌ગુરુ અને શુદ્ધધર્મ પ્રત્યે અટલ શ્રદ્ધા રાખવી જ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વનું જ બીજું નામ સમ્યગ્‌દર્શન છે. સમ્યક્ત્વનાં પાંચ લક્ષણ છે - શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા અર્થાત્ આસ્તિક્ય. સ્વધર્મી બંધુઓને સમ્યક્ત્વમાં સ્થિર રાખવા, પ્રભાવના, ભક્તિ, જિનશાસનમાં કુશળતા અને ચતુર્વિધ તીર્થસેવા, એના પાંચ ભૂષણ છે."

સમ્યગ્‌દર્શન અને જૈન ધર્મના સાચા સ્વરૂપને પોતાની પત્ની પાસેથી સારી રીતે સમજીને શુદ્ધભટ્ટ ઘણો જ પ્રસન્ન થયો. એણે પણ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું ને પતિ-પત્ની બંને સમ્યક્ત્વધારી બનીને જૈન ધર્મના અનુયાયી બની ગયાં. જૈન ધર્મમાં આસ્થા ન રાખનારા ગામના કેટલાક લોકો આ બંનેને શ્રાવક ધર્મનું પાલન કરતા જોઈ એમની નિંદા કરતા રહેતા હતા, પણ તેઓ કોઈને કંઈ પણ કહેતા ન હતા.

કાલાન્તરમાં સુલક્ષણા એક પુત્રની માતા બની. શિયાળાના દિવસો હતા. એક દિવસ પ્રાતઃકાળ શુદ્ધભટ્ટ પોતાના પુત્રને સાથે લઈ 'ધર્મ-અગ્નિષ્ટિકા'ની પાસે ગયો. ત્યાં અનેક બ્રાહ્મણ અગ્નિનું તાપણું કરી રહ્યા હતા. શુદ્ધભટ્ટને પોતાની પાસે આવતો જોઈ એ લોકો આગની ચારેય તરફ એવી રીતે બેસી ગયા કે કોઈ પણ બાજુથી બેસવા માટે સ્થાન ન રહે, સાથે જ બોલ્યા કે - "તું શ્રાવક છે, અતઃ તારા માટે અમારી વચ્ચે કોઈ સ્થાન નથી." અને અટ્ટહાસ્ય કરી એ લોકોએ શુદ્ધભટ્ટનો ઉપહાસ કર્યો. બ્રાહ્મણોના આ તિરસ્કારપૂર્ણ વ્યવહારથી દુઃખી ને ક્રોધિત થઈ શુદ્ધભટ્ટે કહ્યું : "જો જૈન ધર્મ સંસારસાગરથી પાર ઉતારનારો ન હોય, જો અર્હત્ તીર્થંકર સર્વજ્ઞ નહિ હોય, જો સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચરિત્ર મોક્ષનાં માર્ગ નહિ હોય અથવા સમ્યક્ત્વ નામની કોઈ વસ્તુ સંસારમાં ન હોય, તો મારો આ પુત્ર અગ્નિમાં ભસ્મ થઈ જાય અને જો આ બધું હોય તો એનો વાળ પણ વાંકો ન થાય, એને જરા પણ ઊની આંચ ન આવે." એવું બોલીને શુદ્ધભટ્ટે પોતાના પુત્રને અંગારાથી ભરેલી એ અગ્નિવેદીમાં ફેંકી દીધો.

આ જોઈ ત્યાં બેઠેલા લોકો આક્રોશપૂર્ણ ઉચ્ચસ્વરમાં ચીસ પાડી ઊઠ્યા : "હાય ! હાય ! આ અનાર્યએ પોતાના પુત્રને સળગાવી દીધો." પણ જેવી આગ તરફ દૃષ્ટિ નાખીને જોયું કે ત્યાં આગનું નામ સુધ્ધાં ન હતું, એના સ્થાને ત્યાં એક વિશાળ પૂર્ણ વિકસિત કમળ ફૂલ સુશોભિત છે અને એના ઉપર બાળક ખિલખિલાટ હાસ્ય કરતું પોતાની રમતમાં મસ્ત છે. લોકો ચકિત થઈ એ ચમત્કારને જોતા રહી ગયા.

વાત્સવમાં થયું એવું કે જે સમયે શુદ્ધભટ્ટે એના પુત્રને આગમાં ફેંક્યો, એ સમયે સમ્યક્ત્વના પ્રભાવને પ્રગટ કરવામાં તત્પર અને લીન રહેનારી વ્યન્તર જાતિની દેવીએ, જે સંજોગવશાત્ ત્યાં જ ક્યાંક હતી, ઘણી તત્પરતાથી અગ્નિને તિરોહિત (બુઝાવી) કરી; એની જગ્યાએ કમળનું વિશાળ પુષ્પ પ્રગટ કરી બાળકની રક્ષા કરી. એ દેવી પૂર્વજન્મમાં એક સાધ્વી હતી અને શ્રમણધર્મની વિરાધનાના કારણે મૃત્યુ પછી વ્યન્તર જાતિની દેવી થઈ. જ્યારે એણે એક કેવળી પ્રભુ પાસે પોતાના વ્યન્તરી રૂપમાં જન્મ લેવાનું કારણ પૂછ્યું તો એમણે એ વાત સ્પષ્ટ કરી અને સુઝાવ આપ્યો કે - 'તારે સદા સમ્યક્ત્વના પ્રભાવ અને વિકાસને

વધારવા માટે તત્પર રહેવું જોઈએ.' ત્યારથી એ વ્યન્તરી સમ્યક્ત્વના પ્રભાવને પ્રગટ કરવા માટે ઉદ્યત રહેતી હતી.

શુદ્ધભટ્ટ પોતાના પુત્રને લઈને ઘરે પાછો ફર્યો. એણે એની પત્નીને પૂરી વાત જણાવી, તો એણે કહ્યું કે - "તમે આ સારું ન કર્યું ! જો આપણો પુત્ર સળગી જતો તો શું સમ્યક્ત્વ, જિનેન્દ્ર દ્વારા પ્રરૂપિત ધર્મ તથા અર્હત્ પ્રભુનું અસ્તિત્વ નિરસ્ત થઈ જતું ?" ના, એમનું અસ્તિત્વ તો ત્રિકાળ સિદ્ધ છે.

"ત્યાર બાદ બ્રાહ્મણી સુલક્ષણા ગામના એ બધા લોકોને તથા પોતાના પતિને સમ્યક્ત્વમાં સ્થિર કરવા માટે પોતાની સાથે લઈને અહીં આવી છે. બ્રાહ્મણે અહીં આવીને મને એના વિષયમાં પૂછ્યું છે અને મેં પણ એને સમ્યક્ત્વનો જ પ્રભાવ બતાવ્યો છે."

ભગવાન અજિતનાથના મુખે આ વર્ણન સાંભળી બ્રાહ્મણ દંપતીની સાથે આવેલા શાલિગ્રામના નિવાસીઓની આસ્થા સુદૃઢ થઈ. સમવ-સરણમાં ઉપસ્થિત લોકોએ પણ સમ્યક્ત્વ ગ્રહણ કર્યું. શુદ્ધભટ્ટ અને સુલક્ષણાએ એ જ સમયે શ્રમણધર્મની દીક્ષા ગ્રહણ કરી અને અનેક વર્ષો સુધી વિશુદ્ધ શ્રમણાચારનું પાલન કરી સમસ્ત કર્મસમૂહને નષ્ટ કર્યો અને અંતે મોક્ષ પ્રાપ્ત કર્યો.

## પરિનિર્વાણ

અંતે ૭૨ લાખ પૂર્વની આયુ પૂર્ણ કરી અજિતનાથ એક હજાર મુનિઓની સાથે સમેત શિખર ઉપર એક મહિનાના અનશનપૂર્વક ચૈત્ર શુક્લ પંચમી(પાંચમે)એ મૃગશિર નક્ષત્રમાં સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા. એમણે ૧૮ લાખ પૂર્વ કુમારાવસ્થામાં, ૫૩ લાખ પૂર્વથી કંઈક વધારે સમય રાજ્ય-શાસકની અવસ્થામાં, ૧૨ વર્ષ છદ્મસ્થ અવસ્થામાં અને ૧ લાખ પૂર્વમાં થોડા ઓછો સમય કેવળીપર્યાયમાં વિતાવ્યો. ચિરકાળ સુધી એમનું ધર્મ-શાસન જયપૂર્વક ચાલતું રહ્યું, જેમાં અસંખ્ય આત્માઓએ પોતાનું કલ્યાણ કર્યું. એમના ધર્મપરિવારમાં ૯૫ ગણધર હતા. ૨૨૦૦૦ કેવળી, ૧૨૫૦૦ મનઃપર્યવજ્ઞાની, ૯૪૦૦ અવધિજ્ઞાની, ૩૭૦૦ ચૌદપૂર્વધારી, ૨૦૪૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૧૨૪૦૦ વાદી, ૧૦૦૦૦૦ સાધુ, ૩૩૦૦૦૦ સાધ્વીઓ, ૨૯૮૦૦૦ શ્રાવક અને ૫૪૫૦૦૦ શ્રાવિકાઓ હતાં.

## ચક્રવર્તી સગર

વર્તમાન અવસર્પિણી કાળમાં જમ્બૂદ્વીપસ્થ ભરતખંડના દ્વિતીય ચક્રવર્તી મહારાજ સગર થયા. ભગવાન અજિતનાથના તીર્થ પ્રવર્તન કરવાના થોડા સમય પશ્ચાત્ મહારાજ સગરની આયુધશાળામાં દિવ્ય ચક્રરત્ન પ્રગટ થયું. આ મહાન શુભ સંયોગના ઉપલક્ષ્યમાં મહારાજ સગરે પોતાના સંપૂર્ણ રાજ્યમાં આઠ દિવસ સુધી હર્ષોલ્લાસની સાથે મહોત્સવ ઉજવવાનો આદેશ આપ્યો. આ પ્રકારે દિવ્ય ચક્રરત્નને મેળવીને મહારાજ સગરને ત્યાં કુલ ૧૪ રત્ન પ્રગટ થયાં. સગરે ૩૨૦૦૦ વર્ષ સુધી ભરત ક્ષેત્રના છ ખંડોના દિગ્વિજય થઈ સંપૂર્ણ ભરત ક્ષેત્ર ઉપર પોતાનું એકછત્ર સામ્રાજ્ય સ્થાપિત કર્યું. એમને ત્યાં નવ નિધિઓ હતી.

બત્રીસ હજાર મુકુટધારી રાજા સદા એમની સેવામાં તત્પર રહેતા હતા. મહારાજ સગરના અંતઃપુરમાં ૬૪૦૦૦ રાણીઓ અને સહસ્રાશું, સહસ્રાક્ષ, જહ્નુ, સહસ્રબાહુ આદિ સાત હજાર પુત્ર હતા. આચાર્ય શીલાંકના ચોપન (૫૪) 'મહાપુરિસચરિયં' તથા આચાર્ય હેમચંદ્ર દ્વારા રચિત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' અનુસાર સહસ્રાશુ આદિ સાઠ હજાર પુત્ર પોતાના પિતા સગરની આજ્ઞા પ્રાપ્ત કરી સેનાપતિરત્ન, દંડરત્ન આદિ રત્નો અને મોટી સેનાની સાથે ભરત ક્ષેત્રના ભ્રમણ માટે નીકળ્યા. અનેક સ્થાનોએ ભ્રમણ કર્યા પછી તેઓ અષ્ટાપદ પર્વતની પાસે પહોંચ્યા ત્યાં એમણે જિનમંદિરોને જોયાં અને મંદિરોની સુરક્ષા માટે પર્વતની ચારેય તરફ એક ખીણ ખોદવાનો વિચાર કર્યો અને ભવનપતિઓનાં ભવનો સુધી ઊંડી ખીણ ખોદી નાંખી. જહ્નુએ દંડરત્નના પ્રહારથી ગંગાનદીના એક તટને ખોદીને એનું પાણી ખીણમાં ભરી દીધું. ખીણનું પાણી ભવનપતિઓનાં ભવનોમાં જઈ પહોંચ્યું, તો રોષે ભરાઈને નાગકુમારોએ સગરના સાઠ હજાર પુત્રોને દૃષ્ટિવિષથી ભસ્મસાત્ કરી દીધા.

જૈનશાસ્ત્રમાં આ કથાથી સંબંધિત ઘટનાઓનો અથવા ભરત દ્વારા નિર્મિત જિનમંદિરોનો ક્યાંયે ઉલ્લેખ નથી મળતો, અતઃ આ કથા વિમર્શનીય (કાલ્પનિક) પ્રતીત થાય છે સંભવ છે, પુરાણોમાં શતાશ્વમેધીની કામના કરનારા મહારાજ સગરના યજ્ઞાશ્વને ઈન્દ્ર દ્વારા પાતાળલોકમાં કપિલ

મુનિની પાસે બાંધવા અને સગરપુત્રોનું ત્યાં પહોંચી કોલાહલ કરવાથી કપિલ ઋષિ દ્વારા એમને ભસ્મસાત્ કરવાની ઘટનાથી પ્રભાવિત થઈ જૈનાચાર્યોએ આવી કથા પ્રસ્તુત કરી હોય. કંઈ પણ હોય, પણ મહારાજ સગરનો ઈતિવૃત (અંતિમ સમય) ઘણો જ વૈરાગ્યવર્ધક અને શિક્ષાપ્રદ છે.

પોતાના બધા પુત્રોના એકસાથે મરણના સમાચાર સાંભળી મહારાજ સગરને હૃદયવિદારક કષ્ટ થયું. તેઓ કલ્પના પણ નહિ કરી શક્યા કે છ ખંડોના એકછત્ર અધિપતિ, ચૌદ દિવ્યરત્નો, નવ નિધિઓના સ્વામી એક ચક્રવર્તી સમ્રાટની અવસ્થા પણ આવી દીન, અસહાય અને નિરાશાપૂર્ણ હોઈ શકે છે. તેઓ આક્રોશપૂર્ણ ઉપાલંભ કરતા-કરતા વિલાપ કરવા લાગ્યા કે - 'ભૌતિક ઋદ્ધિ અને શક્તિની નિઃસારતાનું આનાથી વધારે મોટું કયું ઉદાહરણ હોઈ શકે છે ?' આનાથી મોટી કઈ વિડંબના હોઈ શકે છે કે ષટ્ખંડાધિપતિ ચક્રવર્તી સમ્રાટ પોતાના પરિવાર સુધ્ધાંની રક્ષા ન કરી શક્યો ? આ સમસ્ત સંસાર એક ભયાનક માયાજાળ, ઈન્દ્રજાળ છે, અવાસ્તવિક અને અસત્ય છે. એના વ્યામોહમાં ફસાવું વ્યર્થ છે. મેં વ્યર્થ જ મારા દુર્લભ માનવજીવનને આ નિઃસાર ઐશ્વર્યની પાછળ નષ્ટ કર્યું. અસ્તુ (હશે), અત્યાર સુધી જે થયું તે થયું, હવે અવશિષ્ટ (બચેલું) જીવન આત્મકલ્યાણમાં લગાવીશ અને મારા માનવજીવનને કૃતાર્થ કરીશ.'

આ પ્રકારે સંસારથી વિરક્ત થઈ સગર ચક્રવર્તીએ પોતાના પૌત્ર ભગીરથને સિંહાસન પર બેસાડીને સ્વયં તીર્થંકર ભગવાન અજિતનાથનાં ચરણોમાં શ્રમણધર્મ ગ્રહણ કરી વિશુદ્ધ સંયમનું પાલન કરીને કેટલીયે ઉગ્ર તપશ્ચર્યાઓ કરી. તપ અને સંયમની અગ્નિમાં ચાર ઘાતીકર્મોનો સમૂળ નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને અંતે અઘાતીકર્મોનો ક્ષય કરી શાશ્વત સુખધામ નિર્વાણને પ્રાપ્ત થયા.

卐

# ભગવાન શ્રી સંભવનાથ

ભગવાન અજિતનાથના ઘણા સમય પછી ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથ થયા. એમણે પૂર્વભવમાં રાજા વિપુલવાહનના રૂપમાં ઉચ્ચ કરણીના ફળસ્વરૂપ તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું.

રાજા વિપુલવાહન ક્ષેમપુરીમાં રાજ્ય કરતા હતા. તે ઘણા પ્રજાવત્સલ હતા. એક વખત એમના રાજ્યમાં ભયંકર અકાળ પડ્યો, જેનાથી વિપુલવાહનને ઘણી ચિંતા થઈ. કરુણાશીલ નૃપતિ પોતાની પ્રજાને ભૂખથી તડપતી ન જોઈ શક્યા. એમણે ભંડારીઓને આજ્ઞા આપી કે - "રાજ્યના અન્નભંડારોને ખોલીને અનાજ પ્રજામાં વહેંચી દેવામાં આવે." એમણે સંતો અને પ્રભુ-ભક્તોની પણ નિયમાનુસાર સંભાળ લીધી. સાધુ-સંન્યાસીઓને નિર્દોષ તથા પ્રાસુક આહાર આપવાની વ્યવસ્થા કરી તથા ધર્મનિષ્ઠ લોકો અને સજ્જનોને પોતાની સમક્ષ ખવડાવીને સંતુષ્ટ કરતા. આ રીતે નિર્મળ ભાવથી ચતુર્વિધ સંઘની સેવા કરી એમણે તીર્થંકરપદનું યોગ્ય શુભકર્મ ઉપાર્જિત કરી લીધું.

એક વખત આકાશમાં વાદળોને બનતા-બગડતા જોઈ એમને સંસારની નશ્વરતાનું જ્ઞાન થયું અને મનમાં વિરક્તિ ઉત્પન્ન થઈ ગઈ. આચાર્ય સ્વયંપ્રભુની સેવામાં દીક્ષિત થઈ એમણે સંયમધર્મની આરાધના કરી અને અંતે સમાધિ-મરણથી કાળધર્મ પામી નવમ-કલ્પ આનત દેવલોકમાં દેવરૂપમાં ઉત્પન્ન થયા.

## જન્મ અને નામકરણ

વિપુલવાહનના જીવે દેવતાના રૂપમાં આયુ સમાપ્ત કર્યા પછી ફાગણ શુક્લ અષ્ટમી ને મૃગશિર નક્ષત્રમાં દેવલોકથી ચ્યવન કરી શ્રાવસ્તી નગરીના મહારાજ જિતારીની મહારાણી સેનાદેવીના ગર્ભમાં પ્રવેશ કર્યો. સેનાદેવીએ તે રાત્રે ચૌદ શુભ સ્વપ્ન જોયા અને મહારાજ જિતારીના મુખે એ સ્વપ્નનું ફળ સાંભળી ઘણી પ્રસન્ન થઈ. નવ મહિના સુધી માતાના ગર્ભમાં રહ્યા પછી માગશર શુક્લ ચતુર્દશી-(ચૌદશ)ના અર્ધરાત્રિના સમયે મૃગશિર નક્ષત્રમાં એમનો જન્મ થયો.

જ્યારથી તેઓ માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી રાજ્યમાં પ્રભૂત (વિપુલ) માત્રામાં સાંબ (ધાન્ય, અનાજ), મગ આદિની ઉત્પત્તિ થઈ અને ભૂમિ ધાન્યથી લચી (લદાઈ ગઈ) પડી, એટલે માતા-પિતાએ એમનું નામ સંભવનાથ રાખ્યું.

## વિવાહ, રાજ્ય અને દીક્ષા

બાળપણ પૂરું કરી જ્યારે સંભવનાથ યુવાન થયા, તો મહારાજ જિતારીએ એમનો પાણિગ્રહણ સંસ્કાર કરાવ્યો અને એમને રાજ્યભાર સોંપી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. પિતાના આગ્રહથી સંભવનાથે વિવાહ તો કર્યા, સિંહાસનારૂઢ પણ થયા, પણ મનથી સાંસારિક સુખ-ભોગથી વિરક્ત રહ્યા. એમને સંસારનો બધો સુખભોગ વિષ-મિશ્રિત સ્વાદિષ્ટ પકવાનની જેમ પ્રતીત થઈ રહ્યો હતો. સંસારના સુખભોગ ભોગવતી વખતે આનંદદાયક લાગે છે, પણ અંતે તો તે આત્મિક ગુણો માટે ઘાતક હોય છે. કેટલી શરમજનક વાત છે કે મનુષ્ય પ્રચુર પુણ્યથી પ્રાપ્ત પોતાનું દુર્લભ-જીવન પરિગ્રહ અને વિષય-વાસનાઓની પૂર્તિમાં નષ્ટ કરી રહ્યો છે. સંભવનાથે વિચાર્યું કે - 'તે સ્વયં ત્યાગમાર્ગના પથિક બની જન-જનને પ્રેરણા આપશે અને સંસારને સમ્યક્ બોધ પ્રદાન કરશે.'

આ પ્રમાણે શુભ-ચિંતન અને પ્રજાપાલનના પોતાના નરેશોચિત (રાજાને શોભે એવું) કર્તવ્યનું પાલન કરીને સંભવનાથે ૪૪ લાખ પૂર્વ અને ચાર પૂર્વાંગ સુધી રાજ્યપદનો ઉપયોગ કરીને પછી સ્વયં વિરક્ત થઈ ગયા. મર્દાયાનુસાર લોકાંતિક દેવોએ પ્રભુ પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાનું નિવેદન કર્યું. વર્ષીદાન પછી સંયમમાર્ગ ઉપર અગ્રેસર થવા ઉદ્યત સંભવનાથના ત્યાગથી પ્રભાવિત થઈ અન્ય એક હજાર રાજા પણ એમની જ સાથે માગશર શુક્લ પૂર્ણિમાએ મૃગશિર નક્ષત્રમાં પંચમુષ્ટિ લોચ કરી સંપૂર્ણ પાપકર્મોનો પરિત્યાગ કરી સંયમધર્મમાં દીક્ષિત થઈ ગયા. સંભવનાથના ત્યાગથી દેવ, દેવેન્દ્ર, માનવ બધા પ્રભાવિત થયા. તેઓ ઇન્દ્રિયો અને માનસિક વિકારો ઉપર પૂર્ણ વિજય પ્રાપ્ત કરી મુંડિત થયા હતા. દીક્ષિત થતા જ એમને મનઃપર્યવજ્ઞાન થયું તથા જન-જનના મન પર એમની દીક્ષાનો ઘણો પ્રભાવ પડ્યો.

દીક્ષાગ્રહણ કરતી વખતે સંભવનાથને નિર્જળ ષષ્ટમ્(છટ્ઠ)-ભક્તનું તપ હતું. દીક્ષાના બીજે દિવસે એમણે શ્રાવસ્તી નગરીમાં રાજા સુરેન્દ્રને ત્યાં પ્રથમ પારણું કર્યું અને તપ કરતા રહીને વિભિન્ન સ્થાનોએ વિહાર કરતા રહ્યા.

## કેવળજ્ઞાન

ચૌદ વર્ષની છદ્મસ્થકાલીન કઠોર તપ-સાધનાથી પ્રભુ સંભવનાથે ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી કારતક કૃષ્ણ પંચમીએ મૃગશિર નક્ષત્રના યોગમાં શ્રાવસ્તીમાં કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ કરી. કેવળજ્ઞાની થયા પછી ધર્મદેશના આપી એમણે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અને ભાવ-તીર્થંકર કહેવાયા.

એમના મુખ્ય શિષ્ય ચારુજી થયા. એમના સંઘમાં ૧૦૨ ગણધર, ૧૫૦૦૦ કેવળી, ૧૨૧૫૦ મનઃપર્યવજ્ઞાની, ૯૬૦૦ અવધિજ્ઞાની, ૨૧૫૦ ચૌદપૂર્વધારી, ૧૯૮૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૧૨૦૦૦ વાદી, ૨૦૦૦૦૦ સાધુ, ૩૩૬૦૦૦ સાધ્વીઓ, ૨૯૩૦૦૦ શ્રાવક અને ૬૩૬૦૦૦ શ્રાવિકાઓ હતાં.

## પરિનિર્વાણ

૧ લાખ પૂર્વમાં ચાર પૂર્વાંગ ઓછાં વર્ષો સુધી કેવળીપર્યાયમાં રહીને તેઓ ચૈત્ર શુક્લ છઠ્ઠના રોજ મૃગશિર નક્ષત્રમાં અનશનપૂર્વક શુક્લધ્યાનના અંતિમ ચરણમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા. એમણે ૧૫ લાખ પૂર્વ વર્ષ સુધી કુમારાવસ્થામાં, ચાર પૂર્વાંગ સહિત ૪૪ લાખ પૂર્વ રાજ્ય-શાસકની અવસ્થામાં અને ૧ લાખ પૂર્વમાં થોડાંક ઓછાં વર્ષ સુધી શ્રમણ અવસ્થામાં વિતાવ્યા. આ પ્રમાણે કુલ મેળવીને ૬૦ લાખ પૂર્વ વર્ષનું એમનું આયુષ્ય હતું.

卐

# ભગવાન શ્રી અભિનંદન

જૈન ધર્મના ત્રીજા તીર્થંકર ભગવાન સંભવનાથ પછી ભગવાન અભિનંદન ચોથા તીર્થંકર થયા. એમનો જન્મ અયોધ્યા નગરીમાં મહારાજ સંવરને ત્યાં થયો. પૂર્વભવમાં મહાબળ રાજાના જન્મમાં એમણે આચાર્ય વિમલચંદ્ર પાસે દીક્ષા લઈને તીર્થંકર ગોત્રના વીસ સ્થાનોની આરાધના કરી અને અંતે કાળધર્મ પ્રાપ્ત કરીને વિજય વિમાનમાં અનુત્તર દેવ થયા. વૈશાખ શુક્લ ચતુર્થીએ પુનર્વસુ નક્ષત્રના યોગમાં વિજય વિમાનથી ચ્યવન કરી તેઓ મહારાણી સિદ્ધાર્થાના ગર્ભમાં આવ્યા. મહારાણીએ ૧૪ મહાસ્વપ્ન જોયાં, જેનાથી રાજા-રાણી બંને ઘણાં પ્રસન્ન થયાં. ગર્ભકાળ પૂર્ણ થતાં માઘ શુકલા દ્વિતીયાએ પુષ્ય નક્ષત્રના યોગમાં મહારાણી સિદ્ધાર્થાએ પુત્રરત્નને જન્મ આપ્યો. જ્યારથી તેઓ ગર્ભમાં આવ્યા હતા, બધે જ પ્રસન્નતા છવાઈ ગઈ હતી. અતઃ માતા-પિતા તથા પરિજનોએ એમનું નામ અભિનંદન રાખ્યું.

જ્યારે અભિનંદન વિવાહયોગ્ય થયા તો મહારાજ સંવરે એમના વિવાહ યોગ્ય કન્યાઓ સાથે સંપન્ન કરાવ્યા. ત્યાર બાદ મહારાજ સંવરના મનમાં સાંસારિક સુખોથી વિરક્તિની ભાવના ઉત્પન્ન થઈ અને એમણે નિવૃત્તિમાર્ગ ગ્રહણ કરવાનો નિર્ણય લઈ કુમાર અભિનંદનને રાજ્ય-સિંહાસન પર અભિષિક્ત કરી મુનિધર્મની દીક્ષા લીધી તથા આત્મ-સાધનામાં લીન થઈ ગયા. મહારાજ બન્યા પછી અભિનંદને અત્યંત કુશળતાથી રાજ્ય-સંચાલન કર્યું અને પોતાના રાજ્યકાળમાં પોતાની પ્રજાને નીતિધર્મ અને કર્તવ્યપાલનની શિક્ષા આપી. અનાસક્ત ભાવથી સાડા છત્રીસ લાખ પૂર્વ સુધી શાંતિ અને ન્યાયપૂર્વક શાસન ચલાવ્યા પછી એમણે દીક્ષા ગ્રહણ કરવાનો નિર્ણય લીધો. લોકાંતિક દેવો દ્વારા પ્રાર્થના કરાતા વર્ષીદાન આપ્યા પછી માઘ શુક્લ દ્વાદશી (બારશ)ના રોજ અભિજિત નક્ષત્રમાં એક હજાર અન્ય રાજાઓની સાથે પંચમુષ્ટિ લોચ કરી સંપૂર્ણ પાપકર્મોના ત્યાગરૂપ સંયમ સ્વીકારી સંસારથી વિરક્ત થઈ ગયા.

દીક્ષા સમયે એમણે બેલે(છઠ્ઠ)ની તપસ્યા કરી. બીજા દિવસે એમણે સાકેતમાં મહારાજ ઈન્દ્રદત્તને ત્યાં પ્રથમ પારણું કર્યું. દેવોએ

પંચદિવ્યોની વર્ષા કરી અને 'અહો દાનં, અહો દાનં'નો ઘોષ કર્યો, દીક્ષા લીધા પછી વર્ષો સુધી ઉગ્ર તપસ્યા કરીને વિચરણ કરતા રહ્યા. મમત્વભાવરહિત સંયમધર્મની સાધના કરીને એમણે ૧૮ વર્ષ સુધી છદ્મસ્થચર્યામાં વિહાર કર્યા પછી પોષ શુક્લ ચતુર્દશીના રોજ અભિજિત નક્ષત્રમાં અયોધ્યા નગરીમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય - આ ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન-કેવળદર્શનની ઉપલબ્ધિ કરી. એ પછી એમણે દેવો અને મનુષ્યોની સભામાં ધર્મદેશના આપી તથા ધર્માધર્મનો ભેદ સમજાવી લોકોને કલ્યાણનો માર્ગ બતાવ્યો તથા તીર્થની સ્થાપના કરવાથી ભાવ-તીર્થંકર કહેવાયા.

ભગવાન શ્રી અભિનંદને સાડા બાર લાખ પૂર્વ સુધી કુમારાવસ્થા, ૮ પૂર્વાંગ સહિત સાડા ૩૬ લાખ પૂર્વ સુધી રાજ્યપદ અને ૧ લાખમાં ૮ પૂર્વાંગ ઓછા પૂર્વ સુધી દીક્ષાપર્યાયનું પાલન કર્યું અને આ પ્રમાણે કુલ ૫૦ લાખ પૂર્વની પૂર્ણ વયના અંતે જીવનકાળની સમાપ્તિ નિકટ સમજી વૈશાખ શુક્લ અષ્ટમીએ પુષ્ય નક્ષત્રના યોગમાં એક મહિનાના અનશનથી એક હજાર મુનિઓની સાથે સકળ કર્મોનો ક્ષય કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ નિર્વાણપદ પ્રાપ્ત કર્યું. એમના પરમ પાવન ઉપદેશોથી અસંખ્ય આત્માઓ એ પોતાનું કલ્યાણ સાધ્યું.

એમના ધર્મપરિવારમાં ૧૧૬ ગણ અને ગણધર હતા. એ સિવાય ૧૪૦૦૦ કેવળી, ૧૧૬૦૦ મનઃપર્યવજ્ઞાની, ૯૮૦૦ અવધિજ્ઞાની, ૧૫૦૦ ચૌદપૂર્વધારી, ૧૯૦૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૧૧૦૦૦ વાદી, ૩૦૦૦૦૦ સાધુ, ૬૩૦૦૦૦ સાધ્વીઓ, ૨૮૮૦૦૦ શ્રાવક અને ૫૨૭૦૦૦ શ્રાવિકાઓનો વિશાળ સમૂહ હતો.

卐

# ભગવાન શ્રી સુમતિનાથ

ચોથા તીર્થંકર ભગવાન અભિનંદન બાદ નવ લાખ કરોડ સાગર જેવી સુદીર્ઘાવધિ (લાંબા સમય) પછી પાંચમા તીર્થંકર ભગવાન સુમતિનાથ થયા.

જમ્બૂદ્વીપના પુષ્કલાવતી વિજયમાં સુસમૃદ્ધ અને સુખી લોકોથી પરિપૂર્ણ શંખપુર નામક એક સુંદર નગર હતું. ત્યાં વિજયસેન નામક રાજા રાજ્ય કરતા હતા. મહારાજ વિજયસેનની મહારાણીનું નામ સુદર્શના હતું. એમને કોઈ સંતાન ન હતું.

એક દિવસ કોઈક ઉત્સવ પ્રસંગે નગરના બધા વર્ગોના નાગરિકો આમોદ-પ્રમોદ માટે એક વિશાળ ઉદ્યાનમાં એકત્રિત થયા. પાલખીમાં આરૂઢ મહારાણી સુદર્શનાએ એ ઉદ્યાનમાં આઠ વધૂઓથી ઘેરાયેલી એક મહિલાને મેળાનો આનંદ લેતાં જોઈ. એમણે ઉત્સુકતાવશ એ મહિલાના વિષયમાં જાણકારી માંગી. પરિચારિકાએ કહ્યું કે - "એ મહિલા આ નગરના શ્રેષ્ઠી નંદિષેણની પત્ની સુલક્ષણા છે. એના બે પુત્ર છે અને આ આઠેય એની પુત્રવધૂઓ છે."

આ સાંભળી મહારાણી સુદર્શનાના મનમાં પોતે નિઃસંતાન હોવાનું ઘણું દુઃખ થયું. એને પોતાની પ્રત્યે ઘણી આત્મગ્લાનિ થઈ કે - 'તે એક પણ સંતાનની માતા ન બની શકી.' તે વિચારવા લાગી કે - 'એ મહિલાનું જીવન, યૌવન, ધન-વૈભવ, ઐશ્વર્ય શું કામનું, જેણે સંતાનસુખ ન જોયુ હોય.' આ પ્રમાણે વિચારતા મહારાણી અગાધ શોકસાગરમાં નિમગ્ન થઈ ગઈ. એને ઉદ્યાનનું વાતાવરણ સ્મશાનતુલ્ય પ્રતીત થવા લાગ્યું. તે તરત મહેલમાં પાછી ફરી.

રાજમહેલમાં પોતાના શયનકક્ષમાં પ્રવેશતાં જ મહારાણી ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગી. એક દાસીએ તત્કાળ જઈ મહારાજને આ સ્થિતિથી અવગત (વાકેફ) કર્યા. મહારાજ આ સમાચાર સાંભળતાં જ મહારાણી સુદર્શનાની પાસે પહોંચ્યા. એમણે મહારાણીના દુઃખનું કારણ જાણવાનો પ્રયાસ કર્યો. જેથી એ માટે જવાબદાર વ્યક્તિને દંડ આપવામાં આવે.

મહારાણીએ કહ્યું : "દેવ ! મારી આ સ્થિતિ માટે સ્વયં હું જ જવાબદાર છું. મને મારા આ નિરર્થક જીવનથી ગ્લાનિ થઈ રહી છે કે -

'હું એક પણ સંતાનની માતા ન બની શકી.''' મહારાજ વિજયસેને રાણી સુદર્શનાને બધી રીતે આશ્વાસન આપતાં કહ્યું કે - "હું ઉચિત ઉપચાર, ઔષધિ આદિ વિવિધ ઉપાયોથી તમારા મનોરથને પૂરો કરવામાં કોઈ કસર રાખીશ નહિ."

એક દિવસ મહારાજ વિજયસેને બેલે(છટ્ઠ)ની તપસ્યા કરી કુળદેવીની આરાધના કરી, જેનાથી પ્રસન્ન થઈ કુળદેવીએ રાજાને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું : "તારે ઉદ્વિગ્ન અને નિરાશ થવાની આવશ્યકતા નથી. શીઘ્ર જ તને એક મહાપ્રતાપી પુત્રની પ્રાપ્તિ થશે." એના થોડા જ દિવસો પછી રાત્રિના અંતિમ પ્રહરમાં મહારાણીએ સ્વપ્નમાં એક કેસરી-કિશોરને એમના મોઢામાં પ્રવેશ કરતો જોયો. મહારાણીના મોઢેથી સ્વપ્નની વાત સાંભળી મહારાજે પ્રસન્ન થઈને કહ્યું : "મહાદેવી ! કુળદેવીના કથનાનુસાર તને સિંહના સમાન પરાક્રમી અને પ્રભાવી પુત્રની પ્રાપ્તિ થવાની છે."

સમય આવતા મહારાણી સુદર્શનાએ એક પરમ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. એને અપાર ખુશી થઈ. રાજ્યભરમાં ઉત્સવ મનાવવામાં આવ્યો. બંદીઓને કારાગારોમાંથી મુક્ત કરવામાં આવ્યા અને લોકોને સમુચિત દાન-સન્માન આદિથી સંતુષ્ટ કર્યા. ઘણા ધામ-ધૂમથી નામકરણ મહોત્સવ આયોજિત કરવામાં આવ્યો અને રાજકુમારનું નામ પુરુષસિંહ રાખ્યું.

રાજસી ઠાઠ-માઠથી રાજકુમારનું લાલન-પાલન થયું. સમય આવતા સુયોગ્ય શિક્ષકો પાસે દરેક પ્રકારની વિદ્યાઓ અને કલાઓની શિક્ષા અપાવી. આ પ્રમાણે દરેક ગુણોથી સંપન્ન રાજકુમારના યુવાવસ્થામાં પ્રવેશ કરવાથી માતા-પિતાએ એમના વિવાહ ઘણા જ હર્ષોલ્લાસપૂર્વક રૂપલાવણ્યવતી અનિંદ્ય સૌંદર્યસંપન્ન આઠ સુલક્ષણા રાજકન્યાઓ સાથે કર્યા. રાજકુમાર પુરુષસિંહ બધાં સાંસારિક સુખોનો ઉપભોગ કરીને આમોદ-પ્રમોદપૂર્ણ સુખમય જીવન વ્યતીત કરવા લાગ્યા.

એક દિવસ રાજકુમાર પુરુષસિંહ મનોવિનોદ માટે શંખપુરની બહાર એક સુરમ્ય ઉદ્યાનમાં પહોંચ્યા. ત્યાં એમણે મુનિવૃંદથી પરિવૃત્ત આચાર્ય વિનયાનંદને એક સુરમ્ય સ્થાન પર બેઠેલા જોયા. એમને જોતાં જ રાજ-કુમારનું હૃદય હર્ષાતિરેકથી પ્રફુલ્લિત થતા રોમ-રોમ પુલકિત થઈ

ઊઠ્યું. તેઓ વિચારવા લાગ્યા કે - 'આ મહાપુરુષ કોણ છે ? જે પરિપૂર્ણ યૌવનકાળમાં જ વિશ્વવિજયી કામદેવ ઉપર વિજય પ્રાપ્ત કરી શ્રમણ બની ગયા છે. હું પણ જઈને ધર્મના વિષયમાં એમની પાસે કંઈક વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરું.' રાજકુમાર આચાર્યશ્રીની સેવામાં ઉપસ્થિત થયા. વંદન-નમન કર્યા પછી રાજકુમારે એમને કહ્યું : "ભગવન્ ! હું એ તો સમજી ગયો છું કે આ સંસાર નિસ્સાર છે, સંસારનાં બધાં સુખ નીરસ છે, કર્મોનો પરિપાક (ફળ) અતિ વિષમ છે, તથાપિ એ બતાવવાની કૃપા કરો કે સંસારસાગરથી પાર ઊતરવામાં કયો ધર્મ સક્ષમ છે ?"

આચાર્ય શ્રી વિનયાનંદ રાજકુમારનો પ્રશ્ન સાંભળી ઘણા જ પ્રસન્ન થયા અને બોલ્યા : "સૌમ્ય, તું ધન્ય છે કે અતુલ રૂપયૌવનની સંપત્તિના સ્વામી હોવા છતાં પણ તારા મનમાં ધર્મ પ્રત્યે જિજ્ઞાસા ઉત્પન્ન થઈ છે. દાન, શીલ, તપ અને ભાવનાના ભેદથી ધર્મ ચાર પ્રકારનો છે. દાન પણ ચાર પ્રકારનાં છે - જ્ઞાનદાન, અભયદાન, ધર્મોપગ્રહદાન અને અનુકંપાદાન!

**ધર્મનો બીજો ભેદ છે** - શીલ પંચ મહાવ્રતોનું પાલન, ક્ષમા, મૃદુતા, સરળતા, સંતોષ, મનને વશમાં રાખવું, પ્રતિપળ-પ્રતિક્ષણ અપ્રમત્ત ભાવથી સજાગ રહી જ્ઞાનારાધના કરવી, પ્રાણીમાત્રને મિત્ર સમજવો તથા સંસારના બધા ક્રિયાકલાપોમાં મધ્યસ્થ ભાવથી નિરીહ, નિસ્સંગ અને નિર્લિપ્ત રહેવું. આ શીલધર્મ છે.

**ધર્મનો ત્રીજો ભેદ છે** - તપધર્મ તપ બે પ્રકારના છે - બાહ્ય તપ અને આંતરિક તપ. અનશન, અવમોદર્ય, કાય-ક્લેશ આદિ બાહ્યતપ છે; અને સ્વાધ્યાય, ધ્યાન, ઇન્દ્રિયદમન આદિ આંતરિક (આભ્યંતર) તપ. આ બંને પ્રકારની તપશ્ચર્યાઓની ઉત્તરોત્તર, અધિકાધિક આરાધના કરવી તપધર્મ છે.

**ચોથા પ્રકારનો ધર્મ છે** - ભાવનાધર્મ. ભાવનાઓ ૧૨ પ્રકારની છે, અતઃ ભાવનાધર્મ પણ ૧૨ પ્રકારના છે. જેમકે, (૧) અનિત્ય ભાવના (૨) અશરણ ભાવના (૩) સંસાર ભાવના (૪) એકત્વ ભાવના (૫) અન્યત્વ ભાવના (૬) અશુચિ ભાવના (૭) આસ્રવ ભાવના (૮) સંવર ભાવના (૯) નિર્જરા ભાવના (૧૦) લોકસ્વરૂપ ભાવના (૧૧) બોધિદુર્લભ ભાવના અને (૧૨) ધર્મ ભાવના.

જે મુમુક્ષુ આ બાર ભાવનાઓમાંથી કોઈ એક ભાવનાનો પણ વિશુદ્ધ મનથી ઉત્કટ ચિંતન-મનન નિધિધ્યાસન (આચરણ) કરે છે, તે સુનિશ્ચિતરૂપે શીઘ્ર જ શાશ્વત શિવસુખનો અધિકારી થઈ જાય છે. આ રીતે આચાર્યશ્રીએ દાન-શીલ-તપ-ભાવનારૂપ ધર્મનું સવિસ્તાર વિવેચન કર્યું.

આચાર્ય વિનયાનંદના મુખારવિંદથી ધર્મના વાસ્તવિક સ્વરૂપને સાંભળી રાજકુમાર પુરુષસિંહના અંતર્ચક્ષુ ઉન્મીલિત (ખુલ્લી જવું) થઈ ગયાં. એમણે હાથ જોડી નતમસ્તક થઈ આચાર્ય વિનયાનંદને નિવેદન કર્યું : "ભગવન્ ! તમે ધર્મનું જે સુંદર સ્વરૂપ બતાવ્યું છે, એનાથી મને નવો પથ દષ્ટિગોચર થયો છે. મને સંસારના ક્રિયાકલાપોની વિરક્તિ થઈ ગઈ છે. મારી તમને એ જ પ્રાર્થના છે કે - 'તમે મને શ્રમણ-ધર્મમાં દીક્ષિત કરી તમારાં ચરણોની શીતળ છાયામાં શરણ આપો.'"

આ પ્રમાણે રાજકુમાર પુરુષસિંહ પોતાનાં માતા-પિતાની આજ્ઞા મેળવી આચાર્ય વિનયાનંદની પાસે દીક્ષિત થયા. શ્રમણધર્મ સ્વીકારીને પછી એમણે ઘણી નિષ્ઠાથી આગમોનું અધ્યયન કર્યું. સુદીર્ઘકાળ સુધી સંયમ-પાલન કરતા કરતા તીર્થંકર નામકર્મ ઉપાર્જનના ૨૦ બોલોમાંથી કેટલાક બોલોની ઉત્કૃષ્ટ આરાધના કરી અને તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. અંતે સમાધિપૂર્વક આયુ પૂર્ણ કરી વૈજયંત નામક અનુત્તર વિમાનમાં ૩૩ સાગરોપમની આયુવાળા મહર્દ્ધિક અહમિન્દ્રના રૂપમાં ઉત્પન્ન થયા.

## સુમતિનાથનો જન્મ અને નામકરણ

વૈજયંત વિમાનની સ્થિતિ પૂર્ણ થયા પછી શ્રાવણ શુક્લની દ્વિતીયાએ મઘા નક્ષત્રમાં પુરુષસિંહનો જીવ વૈજયંત વિમાનમાંથી ચ્યુત થઈ અયોધ્યાપતિ મહારાજ મેઘની રાણી મંગલાવતીના ગર્ભમાં આવ્યો. ત્યાર બાદ માતા મંગલાવતી ગર્ભસૂચક ૧૪ શુભ સ્વપ્ન જોઈ પરમ પ્રસન્ન થઈ. ગર્ભકાળ પૂર્ણ થતાં વૈશાખ શુક્લ અષ્ટમીએ મધ્યરાત્રિના સમયે મઘા નક્ષત્રમાં માતાએ સુખપૂર્વક પુત્રરત્નને જન્મ આપ્યો. બાળકના ગર્ભમાં રહેવાના સમયે મહારાણીએ પોતાની સુમતિના પ્રભાવથી મોટી-મોટી ગૂંચવાયેલી સમસ્યાઓનાં નિરાકરણ કર્યાં હતાં, એટલે બાળકનું નામ સુમતિનાથ રાખવામાં આવ્યું.

## વિવાહ, રાજ્ય અને દીક્ષા

રાજકુમાર સુમતિનાથ જ્યારે યુવાન થયા તો મહારાજે યોગ્ય કન્યાઓની સાથે એમના વિવાહ સંપન્ન કરાવ્યા. ૨૯ લાખ પૂર્વ વર્ષો સુધી રાજ્યપદનો ઉપભોગ કરીને અંતે તેઓ સંયમધર્મ માટે તત્પર થયા. લોકાંતિક દેવોની પ્રાર્થનાથી વર્ષીદાન આપી એક હજાર રાજાઓની સાથે વૈશાખ શુક્લ નવમીએ મઘા નક્ષત્રમાં પંચમુષ્ટિક લોચ કરીને સમસ્ત પાપકર્મ ત્યાગી મુનિ બની ગયા.

## કેવળજ્ઞાન અને દેશના

દીક્ષા ગ્રહણ કરતી વખતે પ્રભુએ ષષ્ટમભક્ત (છટ્ઠ)તપ કર્યું હતું. બીજા દિવસે પ્રભુએ વિજયપુર પધારીને ત્યાંના મહારાજા પદ્મ(પદ્મ)ને ત્યાં પોતાના તપનું પ્રથમ પારણું સ્વીકાર્યું હતું. દીક્ષા ગ્રહણ કરી વીસ વર્ષ સુધી તેઓ છદ્મસ્થાવસ્થામાં રહ્યા અને વિવિધ પ્રકારની તપસ્યા કરીને વિચરણ કરતા રહ્યા. ધર્મધ્યાનથી કર્મનિર્જરા કરી, પછી સહસ્રા-મ્રવનમાં પધારી ધ્યાનાવસ્થિત થયા અને ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી ચૈત્ર શુક્લ એકાદશના દિવસે મઘા નક્ષત્રમાં કેવળજ્ઞાન અને કેવળ-દર્શનની ઉપલબ્ધિ કરી. કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી પ્રભુએ દેવ, દાનવ અને માનવોની વિશાળ સભામાં મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ભાવ-તીર્થંકર કહેવાયા.

ચાલીસ લાખ પૂર્વની આયુમાંથી ભગવાન સુમતિનાથે ૧૦ લાખ પૂર્વ સુધી કુમારાવસ્થા, ૨૯ લાખ ૧૧ પૂર્વાંગ સુધી રાજ્યપદ, ૧૨ પૂર્વાંગમાં ૧ લાખ ઓછા પૂર્વ સુધી ચારિત્ર-પર્યાય પાલન કર્યું અને અંત સમય નજીક જાણી એક માસનું અનશન કર્યું અને ચૈત્ર શુક્લ નવમીએ પુનર્વસુ નક્ષત્રમાં ચાર અઘાતીકર્મોનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ નિર્વાણપદ પ્રાપ્ત કર્યું.

ભગવાન સુમતિ નાથના ધર્મપરિવારમાં ૧૦૦ ગણધરો સિવાય ૧૩૦૦૦ કેવળી, ૧૦૪૫૦ મનઃપર્યવજ્ઞાની, ૧૧૦૦૦ અવધિજ્ઞાની, ૨૪૦૦ ચૌદપૂર્વધારી, ૧૮૪૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૧૦૬૫૦ વાદી, ૩૨૦૦૦૦ સાધુ, ૫૩૦૦૦૦ સાધ્વીઓ, ૨૮૧૦૦૦ શ્રાવક અને ૫૧૬૦૦૦ શ્રાવિકાઓનો વિશાળ સમૂહ હતો.

# ભગવાન શ્રી પદ્મપ્રભ

જૈન ધર્મના છઠ્ઠા તીર્થંકર ભગવાન શ્રી પદ્મપ્રભ થયા. એમના પૂર્વભવમાં તેઓ સુસીમા નગરીમાં મહારાજા અપરાજિત હતા. તેઓ ન્યાય-નીતિ અને ધર્મપૂર્ણ વ્યવહાર કરતા હતા. એક દિવસ સંસારથી વિરક્ત થઈ એમણે પિહિતાશ્રવ મુનિનાં ચરણોમાં સંયમ ગ્રહણ કરી અર્હદ્ભક્તિ આદિ સ્થાનોની આરાધના કરી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. અંત સમયે સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ કરી તેઓ ૩૧ સાગરની પરમ સ્થિતિવાળા ગ્રૈવેયક દેવ થયા.

## જન્મ અને નામકરણ

ગ્રૈવેયક દેવની વય પૂર્ણ થતા અપરાજિતનો જીવ મહા કૃષ્ણ ષષ્ઠીએ ચિત્રા નક્ષત્રના યોગમાં દેવલોકથી ચ્યુત થઈ કૌશાંબી નગરીના મહારાજા ધરને ત્યાં એમની મહારાણી સુસીમાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. મહારાણીએ ૧૪ મહાશુભ સ્વપ્ન જોયાં. ગર્ભકાળ પૂર્ણ થતા કારતક કૃષ્ણ દ્વાદશી-(બારશ)ના રોજ ચિત્રા નક્ષત્રમાં એમનો જન્મ થયો. ગર્ભ-કાળમાં માતા મહારાણી સુસીમાને પદ્મની શય્યા પર સુવાની ઇચ્છા ઉત્પન્ન થઈ અને બાળકના શરીરની આભા પદ્મ સમાન હતી, એટલે માતા-પિતાએ એમનું નામ પદ્મપ્રભ રાખ્યું.

## વિવાહ અને દીક્ષા

બાળપણ પૂર્ણ થતા જ્યારે પદ્મપ્રભએ યૌવનમાં પ્રવેશ કર્યો તો મહારાજ ધરે સુયોગ્ય કન્યાઓની સાથે એમના વિવાહ કરાવ્યા. ૮ લાખ વર્ષ પૂર્વ સુધી કુમારના રૂપમાં રહ્યા પછી શ્રી પદ્મપ્રભએ રાજ્યપદ ગ્રહણ કર્યું. ૨૧ લાખ પૂર્વથી પણ વધુ વર્ષો સુધી રાજ્ય કર્યા પછી ભોગ્ય કર્મોની ક્ષીણતા જાણી તેઓ મુક્તિમાર્ગની તરફ અગ્રેસર થયા. લોકાંતિક દેવોની પ્રાર્થના પર એમણે એક વર્ષ સુધી દાન આપી કારતક કૃષ્ણ ત્રયોદશી(તેરશ)ના દિવસે બે દિવસીય નિર્જળ ષષ્ટમભક્ત તપની સાથે વિધિપૂર્વક દીક્ષા લીધી. એ સમયે રાજન્ય આદિ વર્ગોના એક હજાર અન્ય પુરુષોએ એમની સાથે દીક્ષા ગ્રહણ કરી. બીજા દિવસે બ્રહ્મસ્થળના

મહારાજ સોમદેવને ત્યાં એમનું પારણું થયું. દેવો દ્વારા દાનની મહિમા-હેતુ પંચદિવ્યની વૃષ્ટિ થઈ.

## કેવળજ્ઞાન

૬ મહિના સુધી ઉગ્ર તપસ્યા કરીને છદ્મસ્થાવસ્થામાં વિચરણ કર્યા પછી તેઓ સહસ્રામ્રવનમાં પધાર્યા. ત્યાં ષષ્ટમૃભક્ત તપની સાથે વટવૃક્ષની નીચે કાયોત્સર્ગ મુદ્રામાં સ્થિર થઈ એમણે શુક્લધ્યાનથી ઘાતીકર્મોનો ક્ષય કર્યો અને ચૈત્ર શુક્લ પૂર્ણિમાના દિવસે ચિત્રા નક્ષત્રના યોગમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી પ્રભુએ ધર્મદેશના આપી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અને તેઓ અનંત ચતુષ્ટયના ધારક થઈ લોકાલોકના જ્ઞાતા, દ્રષ્ટા, ઉપદ્રષ્ટા અને ભાવ-તીર્થંકર થયા.

એમના ધર્મપરિવારમાં ૧૦૭ ગણધર, ૧૨૦૦૦ કેવળી, ૧૦૩૦૦ મનઃપર્યવજ્ઞાની, ૧૦૦૦૦ અવધિજ્ઞાની, ૨૩૦૦ ચૌદપૂર્વધારી, ૧૬૮૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૯૬૦૦ વાદી, ૩૩૦૦૦૦ સાધુ, ૪૨૦૦૦૦ સાધ્વીઓ, ૨૭૬૦૦૦ શ્રાવક તથા ૫૦૫૦૦૦ શ્રાવિકાઓની વિશાળ સંખ્યા હતી.

ભગવાન પદ્મપ્રભએ કેવળી બની ઘણાં વર્ષો સુધી સંસારને કલ્યાણ-કારી માર્ગની શિક્ષા આપી. અંતે આયુષ્યની સમાપ્તિ નજીક જોઈ ૧ મહિનાનું અનશન કરી માગશર કૃષ્ણ એકાદશના દિવસે ચિત્રા નક્ષત્રમાં સંપૂર્ણ યોગોનો નિરોધ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ ગયા. એમની કુલ આયુ ૩૦ લાખ પૂર્વ વર્ષની હતી. જેમાંથી ૬ પૂર્વાંગ ઓછાં સાડા સાત લાખ પૂર્વ વર્ષ સુધી કુમાર રહ્યા, સાડા ૨૧ લાખ પૂર્વ વર્ષ સુધી રાજ્ય કર્યું અને ૧ લાખ પૂર્વમાં થોડાં ઓછાં વર્ષ સુધી ચારિત્ર્યધર્મનું પાલન કરી પ્રભુએ નિર્વાણ પ્રાપ્ત કર્યું.

卐

# ભગવાન શ્રી સુપાર્શ્વનાથ

ભગવાન પદ્મપ્રભના પછી સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથ થયા. ભગવાન સુપાર્શ્વનાથ પોતાના પૂર્વભવમાં ક્ષેમપુરીના મહારાજ નંદિસેન હતા. એમણે આચાર્ય અરિદમનની પાસે સંયમ લઈ વીસ સ્થાનોની આરાધના કરી અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. અંત સમયે કાળધર્મ પ્રાપ્ત કરી તેઓ છઠ્ઠા ગ્રૈવેયકમાં અહમિન્દ્રના રૂપમાં ઉત્પન્ન થયો. ગ્રૈવેયકની આયુ પૂર્ણ કરી ભાદરવાની કૃષ્ણ અષ્ટમીના દિવસે વિશાખા નક્ષત્રમાં વારાણસી નગરીના રાજા પ્રતિષ્ઠસેનની રાણી પૃથ્વીની કુક્ષિમાં પ્રવિષ્ટ થયા. એ જ રાતે મહારાણીએ મહાપુરુષના જન્મસૂચક મંગળકારી ચૌદ સ્વપ્ન જોયાં અને ગર્ભકાળની સમાપ્તિએ જેઠ શુક્લ દ્વાદશી(બારશ)ના રોજ વિશાખા નક્ષત્રમાં સુખપૂર્વક પુત્રરત્નને જન્મ આપ્યો.

બારમા દિવસે નામકરણના સમયે મહારાજે 'ગર્ભકાળમાં માતાના પાર્શ્વ - શોભન રહ્યા.' એમ વિચારી એમનું નામ સુપાર્શ્વનાથ રાખ્યું. વિવાહ-યોગ્ય થતા સુપાર્શ્વનાથનો વિવાહ યોગ્ય કન્યાઓ સાથે કરાવવામાં આવ્યો અને ત્યાર બાદ એમને રાજ્યપદ પર સુશોભિત કર્યા. પ્રભુએ ચૌદ લાખ પૂર્વથી થોડાંક વધુ સમય સુધી રાજશ્રીનો ઉપભોગ કરીને પ્રજાને નીતિ અને ધર્મના માર્ગ ઉપર ચાલવાનું શીખવ્યું.

લાંબા સમય સુધી રાજ્ય કર્યા પછી ભોગ્ય કર્મને ક્ષીણ થયેલ જાણીને એમને સંયમ ગ્રહણ કરવાની ઇચ્છા થઈ. લોકાંતિક દેવોના આગ્રહથી એમણે ૧ વર્ષ સુધી દાન આપ્યું અને જેઠ શુક્લ ત્રયોદશી (તેરશ)ના રોજ એક હજાર અન્ય રાજાઓની સાથે દીક્ષા માટે નિષ્ક્રમણ કર્યું. ષષ્ઠભક્ત તપની સાથે ઉદ્યાનમાં પહોંચી પ્રભુએ પંચમુષ્ટિ લોચન કરી સર્વથા પાપોને ત્યાગીને મુનિવ્રત ગ્રહણ કર્યું. બીજા દિવસે પાટલિખંડ નગરના મહારાજા મહેન્દ્રને ત્યાં એમનું પારણું થયું.

૯ મહિના સુધી છદ્મસ્થચર્યામાં વિવિધ પ્રકારનાં તપ કરીને વિચરતા રહ્યા. પછી સહસ્રામ્રવનમાં આવી શુકલધ્યાનમાં સ્થિત થઈ ગયા. પ્રભુએ જ્ઞાનાવરણાદિ ચાર ઘાતીકર્મોનો નાશ કરી ફાગણ શુક્લ ષષ્ઠી(છઠ્ઠ)એ

વિશાખા નક્ષત્રમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું. કેવળી બનીને એમણે દેવ-મનુજોની વિશાળ પરિષદમાં ધર્મદર્શના આપી અને જડ-ચેતનનો ભેદ સમજાવતાં કહ્યું કે - "દૃશ્ય જગતની બધી વસ્તુઓ અહીં સુધી કે તન પણ આપણું નથી. બાહ્ય વસ્તુઓને પોતાની માનવી જ દુ:ખનું મૂળ કારણ છે." એમના આ પ્રકારના સદુપદેશથી હજારો નર-નારી સંયમધર્મના આરાધક બન્યાં. પ્રભુએ ચતુર્વિધ તીર્થની સ્થાપના કરી ભાવ-અરિહંતપદને પ્રાપ્ત કર્યું.

પ્રભુના સંઘમાં ૯૫ ગણ અને ગણધર હતા, જેમાં પ્રમુખ વિદર્ભજી હતા. સાથે જ ૧૧૦૦૦ કેવળી, ૯૧૫૦ મન:પર્યવજ્ઞાની, ૯૦૦૦ અવધિજ્ઞાની, ૨૩૫૦ ચૌદપૂર્વધારી, ૧૫૩૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૮૪૦૦ વાદી, ૩૦૦૦૦૦ સાધુ, ૪૩૦૦૦૦ સાધ્વીઓ, ૨૫૭૦૦૦ શ્રાવક તથા ૪૯૩૦૦૦ શ્રાવિકાઓ પણ પ્રભુના સંઘમાં હતા.

૨૦ લાખ પૂર્વ વર્ષની કુલ આયુમાંથી ૫ લાખ પૂર્વ વર્ષ કુમારાવસ્થામાં, ૧૪ લાખથી કંઈક અધિક પૂર્વ વર્ષ રાજાના રૂપમાં, ૨૦ પૂર્વાંગ ઓછા ૧ લાખ પૂર્વ સુધી સમ્યક્ચારિત્રનું પાલન કર્યા પછી જ્યારે એમને એમનો અંતિમ સમય નિકટ દેખાયો તો ૧ માસનું અનશન કરી પાંચસો મુનિઓની સાથે ચાર અઘાતીકર્મોનો નાશ કરી ફાગણ કૃષ્ણ સપ્તમીએ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ નિર્વાણપદ પ્રાપ્ત કર્યું.

卐

# ભગવાન શ્રી ચંદ્રપ્રભ

ભગવાન સુપાર્શ્વનાથ પછી આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભ સ્વામી થયા. પોતાના પૂર્વભવમાં ધાતકીખંડમાં મંગળાવતી નગરીના મહારાજ પદ્મના રૂપમાં એમણે ઉચ્ચ યોગોની સાધનાઓ કરી, ફળસ્વરૂપ એમને વૈરાગ્ય થયો અને એમણે યુગંધર મુનિની પાસે સંયમ ગ્રહણ કરી દીર્ઘકાળ સુધી ચારિત્રધર્મનું પાલન કરીને વીસ સ્થાનોની આરાધના કરી અને તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. અંત સમયની આરાધનાથી કાળધર્મ પ્રાપ્ત કરી તેઓ વિજય વિમાનમાં અહમિન્દ્રરૂપમાં ઉત્પન્ન થયા.

વિજય વિમાનમાંથી ઊતરી મહારાજ પદ્મનો જીવ ચૈત્ર કૃષ્ણ પંચમીએ અનુરાધા નક્ષત્રમાં ચંદ્રપુરીના રાજા મહાસેનની રાણી સુલક્ષણાને ત્યાં ગર્ભરૂપમાં ઉત્પન્ન થયો. રાણીએ એ જ રાત્રે ચૌદ મહાશુભ સ્વપ્ન જોયાં. ગર્ભકાળ પૂર્ણ થતા મહારાણી સુલક્ષણાએ પોષ કૃષ્ણ દ્વાદશી-(બારશ)ના દિવસે અનુરાધા નક્ષત્રમાં અર્ધરાત્રિના સમયે પુત્રરત્નને જન્મ આપ્યો, જેનો જન્મોત્સવ અતિ-પાંડુ-કંબલ-શિલા ઉપર દેવ-દેવેન્દ્રોએ ઉત્સાહપૂર્વક ઉજવ્યો.

મહારાજ પદ્મસેને બારમા દિવસે પુત્રના નામકરણ માટે લોકોને નિમંત્રિત કરી કહ્યું કે - "બાળકની માતાએ ગર્ભકાળમાં ચંદ્રપાનની ઈચ્છા પૂર્ણ કરી તથા બાળકના શરીરની પ્રભા પણ ચંદ્ર જેવી છે, અતઃ બાળકનું નામ ચંદ્રપ્રભ રાખવામાં આવે છે."

યુવાવસ્થા પ્રાપ્ત કરતા જ મહારાજે ચંદ્રપ્રભના વિવાહ ઉત્તમ રાજકન્યાઓ સાથે કરાવ્યા. અઢી લાખ પૂર્વ વર્ષ સુધી યુવરાજપદ પર રહ્યા. પછી એમને રાજ્યપ્રદ ઉપર અભિષિક્ત કરવામાં આવ્યા. ૬ લાખ પૂર્વ વર્ષથી થોડા વધુ સમય સુધી એમણે રાજ્ય-સંચાલન કરીને નીતિ-ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો.

સંસારનાં ભોગકર્મ ક્ષીણ થયાં જાણી પ્રભુએ શ્રમણ દીક્ષાનો સંકલ્પ કર્યો. લોકાંતિક દેવોની પ્રાર્થના અને વર્ષીદાન પછી એક હજાર રાજાઓની

સાથે ષષ્ટમભક્તની તપસ્યાથી એમનું અભિનિષ્ક્રમણ થયું. પોષ કૃષ્ણ ત્રયોદશી(તેરશ)ના અનુરાધા નક્ષત્રમાં સંપૂર્ણ પાપકર્મોને પરિત્યાગી ભગવાન ચંદ્રપ્રભએ દીક્ષા લીધી. દીક્ષાના બીજા દિવસે પદ્મખંડના સોમદત્ત રાજાને ત્યાં ક્ષીરાન્નથી એમનું પારણું થયું. દેવોએ પંચદિવ્યોની વર્ષા કરી દાનનો મહિમા પ્રગટ કર્યો.

ત્રણ મહિના સુધી છદ્મસ્થચર્યામાં વિચરણ કર્યા પછી પ્રભુ ચંદ્રપ્રભ સહસ્રામ્રવનમાં પધાર્યા. ત્યાં પ્રિયુંગુ વૃક્ષની નીચે શુક્લધ્યાનમાં ધ્યાનાવસ્થિત થઈ ગયા. ફાગણ કૃષ્ણ સપ્તમીએ જ્ઞાનાવરણ આદિ ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી એમણે કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ કરી. પછી દેવ-માનવોની વિશાળ સભામાં શ્રુત અને ચારિત્રધર્મની દેશના આપી એમણે તીર્થની સ્થાપના કરી. ૧ લાખમાં થોડાં ઓછાં પૂર્વ વર્ષ સુધી કેવળીપર્યાયમાં રહી પ્રભુએ જીવોનું કલ્યાણ કર્યું.

એમના ધર્મપરિવારમાં ૯૩ ગણ અને ગણધર, ૧૦૦૦૦ કેવળી, ૮૦૦૦ મનઃપર્યવજ્ઞાની, ૮૦૦૦ અવધિજ્ઞાની, ૨૦૦૦ ચૌદપૂર્વધારી, ૧૪૦૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૭૬૦૦ વાદી, ૨૫૦૦૦૦ સાધુ, ૩૮૦૦૦૦ સાધ્વીઓ, ૨૫૦૦૦૦ શ્રાવક અને ૪૯૧૦૦૦ શ્રાવિકાઓ હતાં.

જે સમયે પ્રભુએ પોતાના જીવનનો અંતકાળ સમીપ જોયો, એ સમયે સમેત શિખર પર એક હજાર મુનિઓની સાથે ૧ મહિનાનું અનશન કર્યું અને અયોગી દશામાં ચાર અઘાતીકર્મોનો ક્ષય કરી ભાદરવા કૃષ્ણ સપ્તમીએ અનુરાધા નક્ષત્રમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું.

એમની કુલ વય ૧૦ લાખ પૂર્વ વર્ષની હતી, જેમાંથી અઢી લાખ પૂર્વ વર્ષ સુધી યુવરાજપદ પર ને સાડા છ લાખ પૂર્વ વર્ષ રાજ્યપદ પર રહ્યા તથા ૧ લાખ પૂર્વમાં થોડાં ઓછાં વર્ષ સુધી પ્રભુએ ચારિત્રધર્મનું પાલન કરી સિદ્ધપદ પ્રાપ્ત કર્યું.

卐

# ભગવાન શ્રી સુવિધિનાથ

તીર્થંકર ચંદ્રપ્રભની પશ્ચાત્ નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથ થયા. તેઓ પુષ્પદંતના નામથી પણ જાણીતા છે. કાકંદી નગરીના મહારાજ સુગ્રીવ એમના પિતા અને રાણી રામાદેવી એમની માતા હતાં.

પુષ્કલાવતી વિજયના ભૂપતિ મહાપદ્મના ભવમાં એમણે સંસારથી વિરક્ત થઈ મુનિ જગન્નંદની પાસે દીક્ષા ગ્રહણ કરી અને ઉચ્ચ કોટિની તપ-સાધના કરીને તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. અંત સમયે અનશન-પૂર્વક કાળધર્મ પામી તેઓ વૈજયંત વિમાનમાં અહમિન્દ્ર રૂપમાં ઉત્પન્ન થયા. વૈજયંત વિમાનમાંથી નીકળી મહાપદ્મનો જીવ ફાગણ કૃષ્ણ નવમીએ મૂળ નક્ષત્રમાં રાણી રામાદેવીના ગર્ભમાં ઉત્પન્ન થયો. રામાદેવીએ એ જ રાત્રે ૧૪ મંગળકારી મહાસ્વપ્ન જોયાં. ગર્ભકાળ પૂર્ણ થતા રામાદેવીએ માગશર કૃષ્ણ પંચમીએ મધ્યરાત્રિમાં મૂળ નક્ષત્રમાં પુત્રરત્નને જન્મ આપ્યો. માતા-પિતા તથા દેવ-દેવેન્દ્રોએ એમનો જન્મ આનંદથી ઉજવ્યો અને ૧૦ દિવસ સુધી કાકંદી નગરીમાં આમોદ-પ્રમોદનું વાતાવરણ રહ્યું.

બાળકના ગર્ભમાં રહેવાના સમયે માતા બધી વિધિથી સુખપૂર્વક રહી, અતઃ નામકરણના સમયે મહારાજ સુગ્રીવે બાળકનું નામ સુવિધિનાથ રાખ્યું. સાથે જ ગર્ભકાળમાં રાણી રામાદેવીને પુષ્પની ઈચ્છા ઉત્પન્ન થઈ, આથી પુષ્પદંત નામ પણ રાખવામાં આવ્યું. ૫૦ હજાર પૂર્વ વર્ષની એમની આયુ થતા વિવાહ યોગ્ય જાણીને યોગ્ય કન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવવામાં આવ્યું. પછી એમને રાજ્યપદ ઉપર સુશોભિત કરવામાં આવ્યા. ૫૦ હજારથી કંઈક વધારે પૂર્વ વર્ષો સુધી એમણે અલિપ્ત ભાવથી રાજ્યનું કુશળતાપૂર્વક સંચાલન કર્યું.

રાજ્યકાળ બાદ સુવિધિનાથની ઈચ્છા સંયમમાર્ગ અપનાવવાની થઈ. લોકાંતિક દેવોએ પોતાના કર્તવ્યાનુસાર પ્રાર્થના કરી. એમણે વર્ષી-દાન આપી એક હજાર રાજાઓની સાથે દીક્ષાર્થે અભિનિષ્ક્રમણ કર્યું. માગશર કૃષ્ણ ષષ્ઠીના દિવસે ભગવાન સહસ્રામ્રવન પહોંચ્યા અને મૂળ

નક્ષત્રમાં સંપૂર્ણ પાપોને પરિત્યાગીને સિદ્ધની સાક્ષીથી દીક્ષિત થયા. દીક્ષા ગ્રહણ કરતા જ એમને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું. બીજા દિવસે શ્વેતપુરના રાજાને ત્યાં પ્રભુનું પરમાન્નથી પારણું થયું. દેવોએ પંચદિવ્યોને પ્રગટ કરી દાનનો મહિમા બતાવ્યો.

૪ માસ સુધી વિવિધ કષ્ટોને સહન કરીને તેઓ ગ્રામાનુગ્રામ વિચરણ કરતા રહ્યા. પછી એ જ ઉદ્યાનમાં આવી પ્રભુ ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ શુક્લધ્યાનથી ઘાતીકર્મોનો ક્ષય કરી માલૂર વૃક્ષની નીચે કારતક શુક્લ તૃતીયાના મૂળ નક્ષત્રમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. કેવળી થઈ સમવસરણમાં પ્રભુએ ધર્મોપદેશ આપ્યો અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ભાવ-તીર્થંકર કહેવાયા.

પ્રભુના ધર્મપરિવારમાં ૮૮ ગણધર, ૭૫૦૦ કેવળી, ૭૫૦૦ મનઃ-પર્યવજ્ઞાની, ૮૪૦૦ અવધિજ્ઞાની, ૧૫૦૦ ચૌદપૂર્વધારી, ૧૩૦૦૦ વૈક્રિય-લબ્ધિધારી, ૬૦૦૦ વાદી, ૨૦૦૦૦૦ સાધુ, ૧૨૦૦૦૦ સાધ્વીઓ, ૨૨૯૦૦૦ શ્રાવક અને ૪૭૨૦૦૦ શ્રાવિકાઓ હતાં.

૧ લાખમાં થોડાં ઓછાં પૂર્વ સુધી સંયમનું પાલન કરી જ્યારે પ્રભુએ પોતાનો આયુકાળ નજીક જોયો તો એક હજાર મુનિઓની સાથે સમેત શિખર ઉપર ૧ મહિનાના અનશન ધારણ કર્યાં. પછી યોગ નિરોધ કરીને ૪ અઘાતીકર્મોનો ક્ષય કરી ભાદરવા કૃષ્ણ નવમીએ મૂળ નક્ષત્રમાં સિદ્ધ, બુદ્ધ ને મુક્ત થઈ નિર્વાણ પ્રાપ્ત કર્યું. કહેવામાં આવે છે કે કાળદોષના કારણે સુવિધિનાથ પછી શ્રમણધર્મનો વિચ્છેદ થઈ ગયો હતો અને શ્રાવક લોકો ઇચ્છાનુસાર દાન આદિનો ઉપદેશ આપવા લાગ્યા હતા. સંભવ છે કે એ કાળ બ્રાહ્મણ સંસ્કૃતિના પ્રચાર-પ્રસારનો પ્રમુખ સમય રહ્યો હોય. દ્વાદશાંગીનો વિચ્છેદ પણ એનું એક કારણ માનવામાં આવે છે.

卐

# ભગવાન શ્રી શીતલનાથ

ભગવાન શ્રી સુવિધિનાથ પછી ભગવાન શ્રી શીતલનાથ દસમા તીર્થંકર થયા. એમનો જન્મ ભદ્દિલપુરના રાજા દેઢરથની રાણી નંદાદેવીના પુત્રના રૂપમાં થયો.

ભગવાન શ્રી શીતલનાથે પોતાના પૂર્વભવમાં સુસીમા નગરીના મહારાજા પદ્મોત્તરના રૂપમાં ઘણાં વર્ષો સુધી રાજ્ય કર્યા પછી 'સ્રસ્તાઘ' નામના આચાર્ય પાસે સંયમ ગ્રહણ કરી કઠિન તપ-સાધનાથી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. અંત સમયમાં અનશન કરી આરાધના-પૂર્વક કાળધર્મને પ્રાપ્ત કરી પ્રાણત સ્વર્ગમાં વીસ સાગરની સ્થિતિવાળા દેવ થયા. વૈશાખ કૃષ્ણ ષષ્ઠીના દિવસે પૂર્વાષાઢા નક્ષત્રમાં પ્રાણત સ્વર્ગથી ચ્યવન કરી પદ્મોત્તરનો જીવ નંદાદેવીના ગર્ભમાં પ્રવિષ્ટ થયો. મહારાણીએ મહામંગલમયી ૧૪ સ્વપ્નો જોયાં. ગર્ભકાળ પૂર્ણ થતા મહા કૃષ્ણ દ્વાદશીના પૂર્વાષાઢા નક્ષત્રમાં પુત્રરત્નને જન્મ આપ્યો. મહારાજ દેઢરથે ઉમંગ અને ઉત્સાહથી જન્મોત્સવ ઉજવ્યો.

મહારાજના શરીરમાં ભયંકર દાહ બળતી હતી, જે વિભિન્ન ઉપ-ચારોથી પણ શાંત થઈ ન હતી. પુત્રના ગર્ભકાળમાં એક દિવસ રાણી નંદાદેવીના કર-સ્પર્શમાત્રથી મહારાજની દીર્ઘકાલીન વેદના અને દાહ શાંત થઈ ગયાં અને એમના તન-મનમાં શીતળતા છવાઈ ગઈ. અતઃ મહારાજે બાળકનું નામ શીતલનાથ રાખ્યું.

શીતલનાથે શૈશવકાળ પૂર્ણ કરી યુવાવસ્થામાં પ્રવેશ કર્યો. માતા-પિતાએ યોગ્ય કન્યાઓની સાથે એમના વિવાહ કરાવ્યા. ૨૫ હજાર પૂર્વ સુધી કુંવરપદ પર રહ્યા પછી પિતાના અત્યાગ્રહથી ૫૦ હજાર પૂર્વ સુધી નિર્લિપ્તભાવથી રાજ્યપદ સંભાળ્યું અને પછી ભોગ્યકર્મના ભોગ ક્ષીણ થયા જાણી દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છા પ્રગટ કરી.

શીતલનાથની દીક્ષા લેવાની ઇચ્છા જાણી લોકાંતિક દેવે એમને પ્રાર્થના કરી. વર્ષીદાન સમાપ્ત થતા પ્રભુ સહસ્રામ્રવનમાં પહોંચ્યા અને ષષ્ઠભક્ત તપસ્યાની સાથે સંપૂર્ણ પાપોને ત્યાગી મહા કૃષ્ણ દ્વાદશીના

પૂર્વાષાઢા નક્ષત્રમાં દીક્ષા ગ્રહણ કરી મુનિ બની ગયા. દીક્ષા લેતા જ એમને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું. બીજા દિવસે અરિષ્ટપુરના મહારાજ પુનર્વસુને ત્યાં પરમાન્નથી પોતાનું પ્રથમ પારણું સંપન્ન કર્યું. એ પછી ૩ માસ છદ્મસ્થચર્યામાં જાત-જાતના પરીષહો(કષ્ટો)ને સહન કરીને પુનઃ સહસ્રામ્રવનમાં પહોંચ્યા અને પીપળના વૃક્ષની નીચે શુક્લધ્યાનમાં સ્થિત થઈ ગયા. શુક્લધ્યાનથી ૪ ઘાતીકર્મોનો નાશ કરી પ્રભુએ પોષ કૃષ્ણ ચતુર્દશી (ચૌદશે)એ પૂર્વાષાઢા નક્ષત્રમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

કેવળી થઈ પ્રભુએ દેવાસુર-માનવોની વિશાળ સભામાં ધર્મદેશના કરી. એમણે સંસારના નશ્વર પદાર્થોની પ્રીતિને દુઃખજનક બતાવી, મોક્ષમાર્ગમાં યત્ન કરવાની શિક્ષા આપી અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ભાવ-તીર્થંકર કહેવાયા.

૨૫ હજાર પૂર્વમાં થોડા ઓછા સમય સુધી સંયમનું પાલન કરી જ્યારે આયુકાળ નિકટ જોયો ત્યારે પ્રભુએ એક હજાર મુનિઓની સાથે ૧ મહિનાનું અનશન કર્યું. અંતે મન, વચન અને કાયિક યોગોનો નિરોધ કરીને સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી વૈશાખ કૃષ્ણ દ્વિતીયાએ પૂર્વાષાઢા નક્ષત્રમાં પ્રભુએ સિદ્ધ, બુદ્ધ ને મુક્ત થઈ નિર્વાણપદ પ્રાપ્ત કર્યું.

એમના ધર્મપરિવારમાં ૮૧ ગણ અને ગણધર, ૭૦૦૦ કેવળી, ૭૫૦૦ મનઃપર્યવજ્ઞાની, ૭૨૦૦ અવધિજ્ઞાની, ૧૪૦૦ ચૌદપૂર્વધારી, ૧૨૦૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૫૮૦૦ વાદી, ૧૦૦૦૦૦ સાધુ, ૧૦૦૦૦૬ સાધ્વીઓ, ૨૮૯૦૦૦ શ્રાવક અને ૪૫૮૦૦૦ શ્રાવિકાઓ હતાં.

卐

# ભગવાન શ્રી શ્રેયાંસનાથ

ભગવાન શ્રી શીતલનાથ પશ્ચાત્ શ્રી શ્રેયાંસનાથ અગિયારમા તીર્થંકર થયા. શ્રી શ્રેયાંસનાથ સિદ્ધપુરી નગરીના મહારાજા વિષ્ણુની મહારાણી વિષ્ણુદેવીના પુત્ર હતા.

પોતાના પૂર્વભવમાં તેઓ પુષ્કરદ્વીપના રાજા નલિનગુલ્મના રૂપમાં ઉત્પન્ન થયા હતા. રાજરોગની જેમ રાજ્યભોગ છોડી ઋષિ વજદંત પાસે દીક્ષા લીધી અને નિર્મોહભાવથી વિચરતા રહીને વીસ સ્થાનોની આરાધના કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કર્યું. અંતે શુભધ્યાનમાં આયુ પૂર્ણ કરી નલિનગુલ્મ મહાશુક્ર કલ્પમાં ઋદ્ધિમાન દેવ થયા.

જેઠ કૃષ્ણ ષષ્ઠીના દિવસે શ્રવણ નક્ષત્રમાં નલિનગુલ્મનો જીવ સ્વર્ગમાંથી નીકળી મહારાણી વિષ્ણુદેવીના ગર્ભમાં ઉત્પન્ન થયો. માતાએ એ જ રાત્રે ૧૪ મહાસ્વપ્ન જોયાં. ગર્ભકાળ પૂર્ણ થતા ફાગણ કૃષ્ણ દ્વાદશી(બારશે)એ પુત્રરત્નનો જન્મ થયો. બાળકના જન્મથી સમસ્ત રાજપરિવાર અને રાષ્ટ્રનું શ્રેય-કલ્યાણ થયું, અતઃ માતા-પિતાએ બાળકનું નામ શ્રેયાંસનાથ રાખ્યું. શ્રેયાંસનાથ જ્યારે યુવાવસ્થામાં પ્રવિષ્ટ થયા, તો પિતાના આગ્રહથી યોગ્ય કન્યાઓની સાથે એમનું પાણિગ્રહણ થયું. ૨૧ લાખ વર્ષની અવસ્થામાં તેઓ રાજ્યપદના અધિકારી થયા. ૨૨ લાખ વર્ષ સુધી ન્યાયપૂર્વક રાજ્યનું સંચાલન કર્યું.

ભોગકર્મના ક્ષીણ થવા પર જ્યારે સંયમ ગ્રહણ કરવાની ઇચ્છા કરી, ત્યારે મર્યાદા અનુસાર લોકાંતિક દેવોએ એમને પ્રાર્થના કરી. મહારાજે આખું વર્ષ પ્રતિદિન દાન કર્યું અને ફાગણ કૃષ્ણ ત્રયોદશી-(તેરશે)એ શ્રવણ નક્ષત્રમાં એક હજાર અન્ય રાજાઓની સાથે બેલે (છટ્ઠ)ની તપસ્યાની સાથે દીક્ષા માટે નિષ્ક્રમણ કર્યું. સહસ્રામ્રવનમાં અશોક વૃક્ષની નીચે સંપૂર્ણ પાપોને ત્યાગીને એમણે વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરી. બીજા દિવસે સિદ્ધાર્થપુરના રાજા નંદને ત્યાં પરમાન્નથી પારણા કર્યાં. દીક્ષાની પશ્ચાત્ ૨ મહિના સુધી છદ્મસ્થ અવસ્થામાં એમણે વિભિન્ન કષ્ટોને અચલ સ્થિરભાવથી સહન કરીને ભિન્ન-ભિન્ન

સ્થાનોએ વિચરણ કર્યું. ષષ્ઠતપમાં મહા કૃષ્ણ અમાસના રોજ ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ, ઘાતીકર્મનો નાશ કરી કેવળજ્ઞાન અને કેવળદર્શનની ઉપલબ્ધિ કરી. આ પ્રકારે કેવળી થઈ પ્રભુ શ્રેયાંસનાથે દેવ-માનવોની વિશાળ સભામાં શ્રુત-ચારિત્રધર્મની દેશના આપી અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ભાવ-તીર્થંકર કહેવાયા.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી ભગવાન શ્રેયાંસનાથ વિચરણ કરતા-કરતા પોતનપુરમાં પધાર્યા. ભગવાનના આગમનના શુભ સમાચાર સાંભળી ત્રિપૃષ્ઠ ઘણા પ્રસન્ન થયા અને પોતાના મોટા ભાઈ અચલ બળદેવની સાથે ભગવાનને પગે લાગવા ગયા. ભગવાનની સમ્યક્ત્વ સુધાયુક્ત વાણીને સાંભળીને બંને ભાઈઓએ સમ્યક્ત્વ ધારણ કર્યું. રાજકુમાર ત્રિપૃષ્ઠ અને અચલ બળદેવ મહારાજ પ્રજાપતિના પુત્ર અને વર્તમાન અવસર્પિણી કાળના ક્રમ પ્રમાણે પ્રથમ વાસુદેવ ને પ્રથમ બળદેવ હતા.

ભ. મહાવીરના પૂર્વજન્મના મરીચિના જીવે જ ત્રિપૃષ્ઠના રૂપમાં જન્મ લીધો. આ તરફ પ્રતિવાસુદેવ અશ્વગ્રીવે નિમિત્તજ્ઞોની ભવિષ્ય-વાણી દ્વારા એના સંહારકના જન્મની વાત જાણી, તો તે ચિંતાતુર બની પોતાના પ્રતિદ્વન્દ્વી(દુશ્મન)ની શોધમાં તત્પર થયો.

જ્યારે શાલિખેતમાં ભયંકર સિંહનો વધ કરી એના આતંકથી લોકોને મુક્ત કરાવનાર ત્રિપૃષ્ઠકુમારના વિષયમાં એણે જાણ્યું, તો એને ખાતરી થઈ ગઈ કે ત્રિપૃષ્ઠ જ એનો સંહારક (મારક) છે. આમ જાણી એણે આ કાર્ય માટે બંને ભાઈઓને શાબાશી આપવાના બહાને પોતાને ત્યાં બોલાવી છળકપટથી મરાવી નાખવાનો નિશ્ચય કર્યો અને આ હેતુથી એણે મહારાજ પ્રજાપતિને સૂચના મોકલી. આ સંદેશના જવાબમાં ત્રિપૃષ્ઠે કહેવડાવ્યું - 'જે રાજા એક સિંહને પણ મારી ન શક્યો, એની પાસે અમે કોઈ પ્રકારનું ઇનામ લેવા તૈયાર નથી.' આ સાંભળી અશ્વગ્રીવ ધૂંઆપૂંઆ થઈ ઊઠ્યો અને સેના લઈ પ્રજાપતિ ઉપર આક્રમણ કર્યું. યુદ્ધના મેદાનમાં વ્યર્થ નરસંહારને રોકવાના ઇરાદાથી ત્રિપૃષ્ઠએ અશ્વગ્રીવને દ્વન્દ્વયુદ્ધ માટે લલકાર્યો, જેમાં ત્રિપૃષ્ઠે અશ્વગ્રીવનો સંહાર કરી અર્દ્ધભરત પોતાને આધીન કરી લીધું.

કોઈ એક દિવસે મધુર સંગીતનો આનંદ લેતા-લેતા ઊંઘવાનો સમય થતા શય્યાપાલકને આદેશ આપ્યો કે - 'મને ઊંઘ આવી જતા સંગીત બંધ કરી દેજે.' મધુર સંગીતની મસ્તીમાં શય્યાપાલક ત્રિપૃષ્ઠની આજ્ઞાનું પાલન કરવાનું ભૂલી ગયો. ત્રિપૃષ્ઠ જ્યારે જાગ્યા તો, સંગીત ચાલતું જોઈ અત્યંત ક્રોધિત થઈ શય્યાપાલકના કાનોમાં ગરમ-ગરમ સીસું રેડાવ્યું, જેનાથી શય્યાપાલક તરફડીને ત્યાં જ મૃત્યુ પામ્યો. આ ક્રૂર કર્મથી ત્રિપૃષ્ઠના સમ્યક્ત્વનો ભાવ ખંડિત થઈ ગયો અને એણે નરક ગતિનો બંધ કર્યો. ૮૪ લાખ વર્ષનું આયુષ્ય ભોગવીને તે સાતમી નરકનો અધિકારી બન્યો.

બળદેવ અચલે જ્યારે ભાઈના અવસાનના સમાચાર સાંભળ્યા તો ભ્રાતૃપ્રેમના કારણે શોકાતુર થઈ કરુણ સ્વરે વિલાપ કરતા-કરતા બેશુદ્ધ થઈ ગયો. મૂર્ચ્છા દૂર થતા વડીલોના સમજાવવાથી અને સ્વ-ચિંતનથી સંસારની અસારતા જાણી સાંસારિક વિષયોથી વિમુખ થઈ એમણે આચાર્ય ધર્મઘોષ પાસે જિનદીક્ષા ગ્રહણ કરી અને તપ-સંયમથી સઘળાં કર્મોનો ક્ષય કરી સિદ્ધ થઈ ગયા. એમનો જીવનકાળ ૮૫ લાખ વર્ષ હતો.

ભ. શ્રેયાંસનાથે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ૨૧ લાખ વર્ષમાં ૨ મહિના ઓછા જેટલો સમય ભૂમંડળ પર વિચરણ કરીને. જીવોને આત્મકલ્યાણનો માર્ગ દેખાડ્યો. મોક્ષકાળ સમીપ જાણી એક હજાર મુનિઓની સાથે અનશન ગ્રહણ કરી શુકલધ્યાનના તૃતીય ચરણમાં અયોગી દશાને પ્રાપ્ત કરી શ્રાવણ શુક્લ ત્રીજના રોજ ઘનિષ્ઠા નક્ષત્રમાં સંપૂર્ણ કર્મોનો ધ્વંસ કરી સિદ્ધ, બુદ્ધ અને મુકત થયા. એમનું આયુષ્ય ૮૪ લાખ વર્ષનું હતું. શ્રેયાંસનાથ ભગવાનના ધર્મકુટુંબમાં ૭૬ ગણધર, ૬૫૦૦ કેવળી, ૬૦૦૦ મનઃપર્યવજ્ઞાની, ૬૦૦૦ અવધિજ્ઞાની, ૧૩૦૦ ચૌદપૂર્વધારી, ૧૧૦૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૫૦૦૦ વાદી, ૮૪૦૦૦ સાધુ, ૧૦૩૦૦૦ સાધ્વીઓ, ૨૭૯૦૦૦ શ્રાવક અને ૪૪૮૦૦૦ શ્રાવિકાઓ હતાં.

卐

# ભગવાન શ્રી વાસુપૂજ્ય

શ્રેયાંસનાથ પછી ભગવાન શ્રી વાસુપૂજ્ય બારમા તીર્થંકર થયા. પોતાના પૂર્વજન્મના તેઓ પુષ્કરાર્દ્ધ દ્વીપના મંગલાવતી વિજયમાં પદ્મોત્તર રાજા હતા. એ જન્મમાં એમણે નિરંતર-અવિરત જિનશાસનની ભક્તિ કરી. એમના મનમાં હંમેશાં એ જ વિચાર આવતો હતો કે - 'લક્ષ્મી ચંચળ છે અને પુણ્યબળ નશ્વર છે, તેથી જીવનનું વાસ્તવિક ધ્યેય મોક્ષપદને પ્રાપ્ત કરવાનું જ હોવું જોઈએ. સંજોગવશાત્ એમનો ભેટો ગુરુ વજ્રનાભ સાથે થયો. એમના ઉપદેશથી વિરક્ત થઈ રાજા પદ્મોત્તરે સંયમ ધારણ કરી કઠોર તપ તથા અર્હદ્ભક્તિ વગેરે સ્થાનોની આરાધના કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કર્યું. અંતિમ સમયે શુભધ્યાનથી કાળધર્મ પ્રાપ્ત કરી તેઓ પ્રાણત સ્વર્ગમાં ઋદ્ધિમાન દેવ બન્યા.

ભારતની પ્રખ્યાત ચંપા નગરીમાં પ્રતાપી રાજા વસુપૂજ્ય રહેતા હતા, એમની રાણી જયાદેવી હતી. પદ્મોત્તરનો આત્મા દેવનું આયુષ્ય પૂર્ણ થતાં જેઠ શુક્લ નવમી(નોમ)ના શતભિષા નક્ષત્રમાં રાણી જયાદેવીના ગર્ભમાં પ્રવેશ્યો. રાણીએ ૧૪ મહાસ્વપ્નો જોયાં અને ગર્ભકાળ પૂરો થતા ફાગણ કૃષ્ણ ચતુર્દશી(ચૌદશ)ના શતભિષા નક્ષત્રમાં પુત્રરત્નને જન્મ આપ્યો. મહારાજ વસુપૂજ્યના પુત્ર હોવાના લીધે એમનું નામ વાસુપૂજ્ય રાખવામાં આવ્યું.

આચાર્ય હેમચંદ્ર અનુસાર વાસુપૂજ્ય અવિવાહિત હતા. જિનસેન આદિ દિગંબર પરંપરાના આચાર્યોનો પણ આ જ મત છે. આચાર્ય હેમચંદ્રના કહેવા પ્રમાણે - 'રાજા વસુપૂજ્યએ યુવરાજ વાસુપૂજ્યને વિવાહયોગ્ય સ્થિતિ પ્રાપ્ત થતા પોતાની અભિલાષા (ઇચ્છા) વ્યક્ત કરતા કહ્યું કે - "તારે પણ પૂર્વ તીર્થંકરોની જેમ વિવાહ, રાજ્ય, દીક્ષા ને તપ-સાધનાની ચાલી આવતી પરંપરાનું પાલન કરવું જોઈએ." વાસુપૂજ્યએ પોતાના પિતાની વાતનો જવાબ આપતા કહ્યું કે - "એ લોકોનાં ભોગકર્મ બાકી હતાં, એવાં મારાં બાકી નથી. ભવિષ્યમાં પણ મલ્લીનાથ, નેમિનાથ વગેરે પણ કુંવારા જ દીક્ષિત થશે, માટે મને પણ કુંવારા જ સંયમમાર્ગ પર જવાની અનુમતિ આપો." આચાર્ય હેમચંદ્રના કહેવા પ્રમાણે - "માતા-પિતાએ એમની વાત માની લીધી અને એમણે લગ્ન કર્યાં વગર તેમજ રાજ્યસુખને ભોગવ્યા વગર દીક્ષા ગ્રહણ કરી." એમ તો આચાર્ય શીલાંકે એમણે લગ્ન કરીને થોડો સમય રાજ્ય કરીને પછી જ દીક્ષા ગ્રહણની વાત લખી છે, હકીકતમાં તીર્થંકરની ગૃહચર્યા

ભોગ્યકર્મ પ્રમાણે જ હોય છે, માટે એમના લગ્ન થવા કે ન થવાનો કોઈ વિશેષ અર્થ નથી રહેતો. વિવાહથી તીર્થંકરના તીર્થંકરત્વમાં કોઈ અડચણ નથી આવતી.

જીવનનાં ૧૮ લાખ વર્ષ પૂર્ણ થતાં લોકાંતિક દેવોના આગ્રહથી વાસુપૂજ્યએ વર્ષીદાન આપ્યાં પછી છસ્સો (૬૦૦) અન્ય રાજાઓની સાથે ચતુર્થભક્તથી દીક્ષા માટે નિષ્ક્રમણ કર્યું તથા ફાગણ કૃષ્ણ અમાસના શતભિષા નક્ષત્રમાં સઘળાં પાપોને ત્યાગી શ્રમણવૃત્તિ સ્વીકારી લીધી. બીજા દિવસે મહાપુરના રાજા સુનંદને ત્યાં પરમાન્નથી પ્રથમ પારણું કર્યું. દેવોએ પંચદિવ્યોનો વરસાદ કરી પારણાનો ઘણો મહિમા કર્યો.

દીક્ષા લઈ ભગવાન વાસુપૂજ્ય ૧ મહિના સુધી ઘણાં કષ્ટો સહન કરી વિચરણ કરતા રહ્યા અને એ જ ઉદ્યાનમાં આવી પાટલા વૃક્ષની નીચે ધ્યાનાવસ્થિત થયા. શુક્લધ્યાનના બીજા ચરણમાં ચાર ઘાતીકર્મોનો નાશ કરી મહા શુક્લ દ્વિતીયા(બીજ)ના રોજ શતભિષાના યોગમાં એમણે ચતુર્થભક્તથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. કેવળી થઈ પ્રભુએ દેવ-દાનવ-માનવોની વિશાળ સભામાં ધર્મદેશના (ઉપદેશ) આપી, તથા ક્ષાન્તિ આદિ દશવિધ ધર્મનાં સ્વરૂપ સમજાવીને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અને ભાવ-તીર્થંકર કહેવાયા. વિહાર કરતા જ્યારે ભગવાન વાસુપૂજ્ય દ્વારકામાં પધાર્યા તો આ કાળના બીજા વાસુદેવ દ્વિપૃષ્ઠ એમના આગમનના સમાચાર સાંભળી ત્યાં પહોંચીને એમની વીતરાગ વાણી સાંભળી સમ્યક્ત્વ ધારક થયા. વિજય બળદેવ પણ સમ્યક્ત્વી બન્યા અને કાળાન્તરમાં મુનિધર્મ અંગીકાર કરી વિજય શિવપદને પામ્યા.

આ પ્રમાણે ભગવાન શ્રેયાંસનાથની જેમ ભગવાન વાસુપૂજ્યનો પણ એ સમયના રાજા-રજવાડાંઓમાં વ્યાપક પ્રભાવ હતો. ૫૪ લાખ વર્ષમાં ૧ મહિનો ઓછો સુધીનાં વર્ષો સુધી કેવળીપર્યાયમાં વિચરણ કરી પ્રભુએ લાખો લોકોને ધર્મસંદેશ આપ્યો અને અંતે ચંપા નગરીમાં ૬૦૦ મુનિઓની સાથે ૧ મહિના સુધી અનશન કરી શુક્લધ્યાનના ચતુર્થ ચરણથી નિષ્ક્રિય થઈ સંપૂર્ણ કર્મોનો લોપ કર્યો અને અષાઢ શુક્લ ચતુર્દશી(ચૌદશ)ના ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ નિર્વાણપદ પામ્યા.

એમના સંઘપરિવારમાં ૬૬ ગણ અને ગણધર, ૬૦૦૦ કેવળી, ૬૧૦૦ મનઃપર્યવજ્ઞાની, ૫૪૦૦ અવધિજ્ઞાની, ૧૨૦૦ ચૌદપૂર્વધારી, ૧૦૦૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૪૭૦૦ વાદી, ૭૨૦૦૦ સાધુ, ૧૦૦૦૦૦ સાધ્વીઓ, ૨૧૫૦૦૦ શ્રાવક અને ૪૩૬૦૦૦ શ્રાવિકાઓ હતાં.

# ભગવાન શ્રી વિમલનાથ

બારમા તીર્થંકર ભગવાન વાસુપૂજ્ય પછી ભગવાન વિમલનાથ તેરમા તીર્થંકર થયા. એમની જન્મભૂમિ કમ્પિલપુર હતી. વિમલ યશધારી મહારાજ કૃતવર્મા એમના પિતા અને મહારાણી શ્યામા એમની માતા હતાં.

પોતાના ગતજન્મમાં ભ. શ્રી વિમલનાથ ધાતકીખંડની મહાપુરી નગરીના રાજા પદ્મસેન હતા. મુનિ સર્વગુપ્તનો ઉપદેશ સાંભળી તેઓ વિરક્ત થયા. દીક્ષા લઈ નિર્મળભાવથી સંયમનું પાલન કરીને વીસ સ્થાનોની આરાધના કરી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. અંતે સમાધિપૂર્વક જીવનકાળ સમાપ્ત કરી આઠમા સહસ્રારકલ્પમાં ઋદ્ધિમાન દેવરૂપે ઉત્પન્ન થયા. દેવલોકથી ચ્યવન કરી પદ્મસેનનો જીવ વૈશાખ શુક્લ દ્વાદશી(બારશ)ના ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં કમ્પિલપુરની મહારાણી શ્યામાના ગર્ભરૂપે પ્રસ્થાપિત થયો. માતાએ એ જ રાત્રે ૧૪ મહાસ્વપ્ન જોયાં અને સુખરૂપ ગર્ભકાળ સમાપ્ત થતા મહા શુક્લ તૃતીયાએ ઉત્તરાભાદ્રપદમાં ચંદ્રયોગ થતા પુત્રરત્નને જન્મ આપ્યો. બાળકના ગર્ભમાં રહેવાના સમયે માતા તન-મનથી નિર્મળ બની રહી, માટે બાળકનું નામ વિમલનાથ રાખ્યું.

વિમલનાથ જ્યારે યુવાન થયા તો માતા-પિતાના આગ્રહથી યોગ્ય કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું. ૧૫ લાખ વર્ષ કુંવરપદમાં વિતાવી રાજ્યભાર સંભાળ્યો. ૩૦ લાખ વર્ષ સુધી ન્યાય-નીતિપૂર્ણ રાજ્યનું સંચાલન કર્યું. ૪૫ લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ થતાં એમણે આર્હતી દીક્ષા લેવાની ઇચ્છા વ્યક્ત કરી.

લોકાંતિક દેવો દ્વારા પ્રાર્થિત પ્રભુએ વર્ષીદાન આપ્યા પછી મહા શુક્લ ચતુર્થીએ ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં એક હજાર રાજાઓની સાથે સહસ્રામ્રવનમાં ષષ્ઠભક્ત તપસ્યા કરી બધાં પાપકર્મોનો લોપ કરી શ્રમણ-દીક્ષા સ્વીકારી લીધી. બીજા દિવસે ધાન્યકટપુરના મહારાજ જયને ત્યાં પરમાન્નથી પારણું કર્યું. ત્યાંથી વિહાર કરી પ્રભુ બે વર્ષ સુધી વિભિન્ન પરિસ્થિતિઓને સમભાવે સહન કરતા વિચરણ કરતા રહ્યા. પછી

દીક્ષાસ્થળે પહોંચી ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઈ ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી પોષ શુક્લ ષષ્ઠીએ ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં બેલેની તપસ્યાથી એમણે કેવળજ્ઞાન મેળવ્યું.

કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પ્રભુ વિહાર કરતા-કરતા દ્વારિકા (દ્વારકા) પહોંચ્યા. ત્યાં સમવસરણમાં તત્કાલીન વાસુદેવ સ્વયંભૂ પણ હાજર થયા. એમણે ત્યાં સમ્યકૂત્વ-ધર્મ સ્વીકારી લીધો, તથા હજારો નર-નારીઓએ પ્રભુની દેશના સાંભળી ચારિત્ર-ધર્મ સ્વીકાર્યો. પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અને ભાવ-તીર્થંકરપદ સાર્થક કર્યું.

એમના સંઘમાં મંદર આદિ ૫૬ ગણ અને ગણધર, ૫૫૦૦ કેવળી, ૫૫૦૦ મનઃ પર્યવજ્ઞાની, ૪૮૦૦ અવધિજ્ઞાની, ૧૧૦૦ ચૌદપૂર્વધારી, ૯૦૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૩૨૦૦ વાદી, ૬૮૦૦૦ સાધુ, ૧૦૦૮૦૦ સાધ્વીઓ, ૨૦૮૦૦૦ શ્રાવક અને ૪૨૪૦૦૦ શ્રાવિકાઓ હતાં.

ભગવાન વિમલનાથના સમયમાં આ કાળના ત્રીજા પ્રતિવાસુદેવ મેરક, વાસુદેવ સ્વયંભૂ અને બળદેવ ભદ્ર થયા. એમના ધર્મશાસનમાં સાધારણ જનતાથી લઈ લોકનાયકો ઉપર પણ જિનધર્મનો સંપૂર્ણ પ્રભાવ હતો. વાસુદેવ સ્વયંભૂના અવસાન બાદ ભદ્રએ મુનિધર્મ સ્વીકારી ૬૫ લાખ વર્ષનો જીવનકાળ ભોગવી અંતિમ સમયની આરાધનાથી મુક્તિ મેળવી.

ભગવાન વિમલનાથે ૧૫ લાખ વર્ષમાં ૨ વર્ષ ઓછાં સમય સુધી કેવળીના રૂપમાં લોકોને સત્યમાર્ગનો ઉપદેશ આપ્યો. પોતાનો અંત સમય સમીપ જાણી છસો સાધુઓની સાથે ૧ મહિનાનું અનશન કર્યું અને અઘાતીકર્મોને નષ્ટ કરી અષાઢ કૃષ્ણ સપ્તમી(સાતમ)એ રેવતી નક્ષત્રમાં શુદ્ધ-બુદ્ધ અને મુક્ત થઈ નિર્વાણપદના અધિકારી બન્યા. એમનું સંપૂર્ણ આયુષ્ય ૬૦ લાખ વર્ષનું હતું.

卐

# ભગવાન શ્રી અનંતનાથ

ભગવાન શ્રી વિમલનાથ પછી ભગવાન અનંતનાથ ચૌદમા તીર્થંકર થયા. અનંતનાથ એમનાં ગતજન્મમાં ધાતકીખંડની અરિષ્ટા નગરીના મહારાજ પદ્મરથ હતા. તે અત્યંત શૂરવીર અને પરાક્રમી હતા. પોતાના પરાક્રમ વડે તેઓએ સમસ્ત મહી-મંડળને જીતી લીધું. પરંતુ થોડા સમય પછી વૈરાગ્યની ભાવના ઉત્પન્ન થતા ચિત્તરક્ષ ગુરુની પાસે સંયમ ધારણ કર્યો અને મોક્ષ-સાધનામાં તન્મય થઈ ગયા. પોતાના તપ અને સંયમની વિશિષ્ટ સાધનાના જોરે તેઓ તીર્થંકર નામકર્મ અધિકારી થયા. અંત સમયે શુભધ્યાનમાં દેહ ત્યાગી દસમા સ્વર્ગના ઋદ્ધિમાન દેવ બન્યા.

શ્રાવણ કૃષ્ણ સપ્તમીએ રેવતી નક્ષત્રમાં પદ્મરથનો આત્મા સ્વર્ગમાંથી નીકળી અયોધ્યાના રાજા મહારાજ સિંહસેનની રાણી સુયશાની કૂખમાં પધાર્યા. માતાએ ૧૪ મહાશુભસ્વપ્ન જોયાં અને ગર્ભકાળ સમાપ્ત થતા વૈશાખ કૃષ્ણ ત્રયોદશી(તેરશ)ના દિવસે રેવતી નક્ષત્રના યોગમાં પુત્રરત્નને જન્મ આપ્યો. દસ દિવસ સુધી પુત્રજન્મનો મહોત્સવ ઉજવ્યા પછી મહારાજ સિંહસેને જ્યારે બાળક ગર્ભમાં હતું ત્યારે 'આક્રમણ માટે આવેલી અપાર અને ઉત્કટ સેના ઉપર વિજય પ્રાપ્ત થયો.' એવું વિચારી બાળકનું નામ અનંતનાથ રાખ્યું.

બાળક અનંત ૭ લાખ ૫૦ હજાર વર્ષ પૂર્ણ કરી તરુણાવસ્થામાં પ્રવેશ્યા, તો મહારાજે યોગ્ય કન્યાઓ સાથે એમના વિવાહ કરાવી રાજ્યપદ પર એમને અભિષિક્ત કર્યા. ૧૫ લાખ વર્ષ સુધી ન્યાય-નીતિ પૂર્ણ રાજ્ય કર્યા પછી મુનિવ્રત ગ્રહણ કરવાનો સંકલ્પ કર્યો. લોકાંતિક દેવોની પ્રાર્થનાથી વર્ષીદાન સંપન્ન કરી વૈશાખ કૃષ્ણ ચતુર્દશી-(ચૌદશ)ના રોજ રેવતી નક્ષત્રમાં એક હજાર અન્ય રાજાઓની સાથે પાપોનો સમૂળગો અંત કરી મુનિધર્મની દીક્ષા ગ્રહણ કરી. આ સમયે મહારાજ અનંતે બેલે(છઠ્ઠ)ની તપસ્યા કરી હતી, જેનું પારણું આગલા દિવસે વર્ધમાન-પુરના વિજય નૃપને ત્યાં પરમાન્નથી પૂર્ણ થયું.

પ્રભુ અનંતનાથ ત્રણ વર્ષ સુધી વિકટ-વિષમ પરિસ્થિતિઓને સમત્વની ભાવનાથી સહન કરતા વિચરણ કરતા રહ્યા. ત્યાર બાદ

સહસ્રામ્રવનમાં પહોંચ્યા અને અશોક વૃક્ષની નીચે ધ્યાનસ્થ થઈ ગયા. શુક્લધ્યાનના બીજા ચરણમાં એમણે ક્ષપકશ્રેણીથી કષાયો(પાપો)નું ઉન્મૂલન (નાશ) કરી ઘાતીકર્મોનો ક્ષય કર્યો અને વૈશાખ કૃષ્ણ ચતુર્દશી (ચૌદશ)એ રેવતી નક્ષત્રમાં અષ્ટમભક્ત તપસ્યાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

કેવળજ્ઞાનની ઉપલબ્ધિ પછી ભગવાન અનંતનાથે ધર્મદેશના (બોધ) આપી અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. ભાવ-તીર્થંકર તરીકે જાણીતા થયા. દ્વારિકાની પાસે પહોંચતા એ સમયના વાસુદેવ પુરુષોત્તમ અને બળદેવ સુપ્રભએ એમનો ઉપદેશ સાંભળીને સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું. બળદેવ સુપ્રભએ ભાઈના દેહાવસાન પછી વૈરાગ્ય ધારણ કરી મુનિધર્મ અંગીકાર કર્યો અને અંતે જીવનલીલા સંકેલી સિદ્ધપદ પ્રાપ્ત કર્યું.

ભગવાન અનંતનાથના સંઘમાં ૫૦ ગણ અને ગણધર, ૫૦૦૦ કેવળી, ૫૦૦૦ મનઃપર્યવજ્ઞાની, ૪૩૦૦ અવધિજ્ઞાની, ૯૦૦ ચૌદપૂર્વધારી, ૮૦૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૩૨૦૦ વાદી, ૬૬૦૦૦ સાધુ, ૬૨૦૦૦ સાધ્વીઓ, ૨૦૬૦૦૦ શ્રાવક તથા ૪૧૪૦૦૦ શ્રાવિકાઓનો બહોળો સમૂહ હતો.

૭ લાખ વર્ષમાં ૩ વર્ષ ઓછા સમય સુધી કેવળીપર્યાયમાં વિચરણ કર્યા પછી પ્રભુ એક હજાર સાધુઓની સાથે ૧ મહિનાના અનશન બાદ ચૈત્ર શુક્લ પંચમી(પાંચમ)ના રોજ રેવતી નક્ષત્રમાં ૩૦ લાખ વર્ષની જીવનલીલા સંકેલીને સઘળાં કર્મોનો વિલોપ કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.

卐

# ભગવાન શ્રી ધર્મનાથ

ભગવાન શ્રી ધર્મનાથ જૈન ધર્મના પંદરમા તીર્થંકર થયા. પોતાના પૂર્વજન્મમાં તેઓ ધાતકીખંડના પૂર્વવિદેહમાં સ્થિત ભદ્દિલપુરના મહારાજ સિંહરથ હતા. તે અતિ પરાક્રમી ને વિપુલ સામ્રાજ્યના અધિપતિ હતા. એમને ધર્મમાં ઘણી આસ્થા હતી. સંસારનાં સકળ સુખોને અસાર સમજી નિર્લેપભાવથી ઈન્દ્રિય-સુખોને પરિત્યાગી એમણે વિમલ-વાહન મુનિની પાસે ચારિત્રધર્મ અંગીકાર કરી તપ-સંયમની સાધના કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કર્યું. લાંબા સમય સુધી સમતા, સંયમ અને તિતિક્ષાની (સુખ-દુઃખ સહન કરવાની વૃત્તિ) સાથે સાધના અને સમાધિપૂર્ણ જીવન-નિર્વાહ કરી તેઓ વૈજયંત વિમાનમાં અહમિન્દ્રના રૂપમાં પ્રગટ થયા. ત્યાંનું આયુષ્ય ભોગવી સિંહરથનો આત્મા વૈશાખ શુક્લ સપ્તમીએ પુષ્ય નક્ષત્રમાં રત્નપુરના મહાપ્રતાપી મહારાજ ભાનુની મહારાણી સુવ્રતાના ગર્ભમાં આવ્યા. મહારાણી સુવ્રતા ૧૪ મહાસ્વપ્ન જોઈ ઘણી પ્રસન્ન થઈ. ગર્ભાવસ્થા પૂર્ણ થતા મહા શુક્લ તૃતીયાએ પુષ્ય નક્ષત્રમાં એમણે પુત્રરત્નને જન્મ આપ્યો. ઘણા હર્ષોલ્લાસથી પુત્રનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. બાળકના ગર્ભમાં રહેવાના સમયે માતાને ધર્મ-સાધનાની ઉત્તમ ઉત્કટ ઈચ્છા થતી રહી, માટે બાળકનું નામ ધર્મનાથ રાખ્યું.

ધર્મનાથ યુવાન થતા પિતાની અભિલાષા પૂર્ણ કરવા માટે વિવાહ સંબંધમાં બંધાયા પછી ૨ લાખ ૫૦ હજાર વર્ષની વયે રાજ્યભાર સંભાળ્યો. ૫ લાખ વર્ષ સુધી સુચારુરૂપે રાજ-કાજ કર્યા પછી દીક્ષા લેવા માટે તત્પર થયા. લોકાંતિક દેવોના આગ્રહથી ધર્મનાથે વર્ષીદાન આપી એક હજાર રાજાઓની સાથે બેલેની તપસ્યા કરતા-કરતા મહા શુક્લ ત્રયોદશી(તેરશ)ના પુષ્ય નક્ષત્રમાં દીક્ષા લીધી. બીજા દિવસે સોમનસ નગરના ધર્મસિંહ રાજાને ત્યાં પરમાન્નથી પારણું કર્યું.

દીક્ષા ગ્રહણ કર્યા પછી ભગવાન ધર્મનાથે વિકટ પરિસ્થિતિઓને વેઠીને ૨ વર્ષ સુધી છદ્મસ્થચર્યામાં વિચરણ કર્યું. એ પછી દીક્ષાસ્થળે જઈ દધિપર્ણ વૃક્ષની નીચે ધ્યાનમગ્ન થઈ શુક્લધ્યાનથી ક્ષપકશ્રેણીકર્મનો નાશ કરવાની પરિપાટીનું આરોહણ કરીને પોષ શુક્લ પૂનમના દિવસે

પુષ્ય નક્ષત્રમાં ઘાતીકર્મોનો અંત આણી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું. કેવળી બની વિશાળ સમવસરણમાં ઉપદેશ આપતા ભ. ધર્મનાથે કહ્યું : "તમે તમારા અંતરના વિકારો સાથે યુદ્ધ કરો, પોતાના સ્વરૂપને સમજો અને સાંસારિક સુખભોગથી વિરત થઈ સહજાનંદના ભાગી બનો." પ્રભુની દેશના સાંભળી હજારોની સંખ્યામાં લોકોએ ચારિત્રધર્મ સ્વીકાર્યો, તીર્થની સ્થાપના કરી પ્રભુ ભાવ-તીર્થંકર થયા.

ભગવાન ધર્મનાથના ધર્મપરિવારમાં અરિષ્ટ આદિ ૪૩ ગણધર, ૪૫૦૦ કેવળી, ૪૫૦૦ મનઃપર્યવજ્ઞાની, ૩૬૦૦ અવધિજ્ઞાની, ૯૦૦ ચૌદપૂર્વધારી, ૭૦૦૦ વૈક્રિયલબ્ધિધારી (બહુરૂપી શક્તિ ધારણ કરનાર) ૨૮૦૦ વાદી, ૬૪૦૦૦ સાધુ, ૬૨૪૦૦ સાધ્વીઓ, ૨૪૪૦૦૦ શ્રાવક અને ૪૧૩૦૦૦ શ્રાવિકાઓનો બહોળો સમૂહ હતો.

અઢી લાખમાં ૨ ઓછાં વર્ષ સુધી કેવળીપર્યાયમાં વિચરણ કરી ભ. ધર્મનાથે લાખો લોકોનો ઉદ્ધાર કર્યો. પોતાનો મોક્ષકાળ નજીક જાણી આઠસો મુનિઓની સાથે એમણે સમેત શિખર ઉપર ૧ મહિના સુધી અનશન કરી જેઠ શુક્લ પંચમીએ પુષ્ય નક્ષત્રમાં સકળ કર્મોનો વિલોપ કરી ૧૦ લાખ વર્ષની વયે સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ નિર્વાણપદ પામ્યા.

## ભગવાન ધર્મનાથના શાસનના તેજસ્વી રત્ન

ભ. ધર્મનાથના મહિમાનાં ગુણગાન સાંભળી વાસુદેવ પુરુષસિંહ ને બળદેવ સુદર્શન પણ પ્રભાવિત થયા. પ્રભુવાણી સાંભળી પુરુષસિંહ અને સુદર્શન સમ્યક્ત્વધારક બન્યા. પ્રતિવાસુદેવ નિશુંભનો વધ કરી પુરુષસિંહ ત્રિખંડાધિપતિ વાસુદેવ બન્યા અને અભિમાની થવાના કારણે મરીને છઠ્ઠા નરકમાં ગયા. સુદર્શન ભ્રાતૃવિયોગમાં વીતરાગી થઈ સંયમી બન્યા અને તપ-સંયમની સમ્યક્-આરાધના કરી મુક્તિ મેળવી. ભગવાન ધર્મનાથના શાસનકાળમાં એમના નિર્વાણ પછી ક્રમશઃ બે ચક્રવર્તી થયા. ત્રીજા ચક્રવર્તી મઘવા તથા ચોથા ચક્રવર્તી સનત્કુમાર.

卐

## ચક્રવર્તી મઘવા

ભરત ક્ષેત્રની શ્રાવસ્તી નગરીમાં સમુદ્રવિજય નામના એક મહાપ્રતાપી રાજા રાજ્ય કરતા હતા. એમની પટરાણીનું નામ ભદ્રા હતું. રાજા-રાણી બંને ઘણા ન્યાયપ્રિય અને ધર્મભીરુ હતાં. એક રાત્રે રાણીએ ૧૪ મંગળ સ્વપ્ન જોયાં. સ્વપ્નપાઠકોએ મહારાજને જણાવ્યું કે - "આ સ્વપ્ન અનુસાર મહારાણીના ગર્ભમાં આવેલ જીવ મોટો થઈ ચક્રવર્તી સમ્રાટ બનશે." ગર્ભાવસ્થા પૂર્ણ થતા મહારાણીએ એક મહાન તેજસ્વી, સુંદર ને સુકુમાર પુત્રને જન્મ આપ્યો. મહારાજ સમુદ્રવિજયે પોતાના આ પુત્રનું નામ મઘવા રાખ્યું. યોગ્ય ઉછેર ને શિક્ષા પછી રાજકુમાર મઘવા જ્યારે યુવાન થયા, તો કુલીન કન્યાઓની સાથે એમના વિવાહ કરાવવામાં આવ્યા. ૨૫૦૦૦ વર્ષ સુધી કુમારાવસ્થામાં વિદ્યાધ્યયન કર્યા પછી મહારાજે એમનો રાજ્યાભિષેક કર્યો. ૨૫૦૦૦ વર્ષ સુધી માંડલિક રાજાના રૂપમાં રાજ્ય કર્યું. એમના શાસનકાળ દરમિયાન એમની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું, જેના ફળસ્વરૂપ મહારાજ મઘવાએ ૧૦૦૦૦ વર્ષ સુધી ષટ્ખંડની સાધના કરી. ૩૯૦૦૦ વર્ષ સુધી ચક્રવર્તી સમ્રાટના રૂપમાં ભારતના છયે છ ખંડો પર શાસન કર્યા પછી શ્રમણધર્મની દીક્ષા લીધી. ૫૦૦૦૦ વર્ષ સુધી વિશુદ્ધ શ્રમણાચારનું પાલન કર્યું અને અંતે ૫ લાખ વર્ષે દેહાંત થતા ત્રીજા દેવલોકમાં દેવના રૂપે ઉત્પન્ન થયા.

ચક્રવર્તી મઘવાના દેવલોકગમનના સંબંધમાં 'તિત્થોગાલી પઈન્નય' નામક પ્રાચીન ગ્રંથમાં ગાથા ક્રમાંક ૫૭માં કહેવામાં આવ્યું છે કે - "૧૨માંથી ૮ ચક્રવર્તી મોક્ષે ગયા. સુભુમ ને બ્રહ્મદત્ત નામક બે ચક્રવર્તી સાતમા નરકમાં તથા મઘવા ને સનતકુમાર નામના બે ચક્રવર્તી ત્રીજા દેવલોકમાં ગયા."

કેટલાક વિદ્વાનોનો મત છે કે - "મઘવા ચક્રવર્તી મોક્ષમાં ગયા, નહિ કે ત્રીજા દેવલોકમાં. એની પુષ્ટિ માટે 'ઉત્તરાધ્યયનસૂત્ર'ના ૧૮મા 'સંજઈજ્જં' અધ્યયનમાં ભરતાદિ મુક્તાત્માઓની સાથે કરવામાં આવેલા મઘવા અને સનતકુમાર ચક્રવર્તીના નામનો ઉલ્લેખને પ્રસ્તુત કરે છે. ઉક્ત અધ્યયનની ૩૫મી ગાથામાં ભરત અને સગર ચક્રવર્તી માટે 'પરિનિવ્વુડે'

૩૮ થી ૪૩ સંખ્યા સુધીની ગાથાઓમાં ભ. શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ તથા ચક્રવર્તી મહાપદ્મ, હરિષેણ અને જયસેનના માટે *'પત્તો ગઈમણુત્તર'* પદનો પ્રયોગ અને એનાથી વિપરીત ૩૬મી ગાથામાં મઘવા ચક્રવર્તી માટે *'પવ્વજ્જમભુવગઓ'* અને ૩૭મી ગાથામાં સનત્કુમાર માટે *'સોવિ રાયા તવં ચરે'* પદ-પ્રયોગ કરવામાં આવ્યા છે. જો ગાથા ૩૭ અને ૩૮ના અંતિમ ચરણ ક્રમશઃ *'મઘવં પરિનિવ્વુડો'* તથા *'પત્તો ગઈમણુત્તરં'* - આ રૂપમાં હોત તો નિશ્ચિત રૂપથી કહી શકાય કે - 'તેઓ મુક્તિમાં ગયા.' સાથે જ 'સ્થાનાંગસૂત્ર'માં સનત્કુમાર ચક્રવર્તીના માટે *'દીહેણં પરિયાએણં સિજ્ઝઈ જાવ સવ્વદુક્ખાણમંતં કરેઈ'* પદ આવ્યું છે, જેનો ભાવ છે કે - 'તેઓ મુક્ત થઈ ગયા.'''

## ચક્રવર્તી સનત્કુમાર

જમ્બૂદ્વીપના ભરત ક્ષેત્રમાં હસ્તિનાપુર નગરના શાસક મહારાજ અશ્વસેન શૌર્ય, શીલ આદિ ગુણોથી સંપન્ન હતા. એમની ધર્મભીરુ રાણી સહદેવીએ ગર્ભસ્થ જીવના પુણ્ય પ્રભાવથી ચૌદ શુભસ્વપ્નો જોયાં અને ઘણી આનંદિત થઈ. યથા સમયે એમણે સુવર્ણ સમાન તેજસ્વી કાંતિમાન પુત્રને જન્મ આપ્યો. જેનું નામ સનત્કુમાર પાડવામાં આવ્યું. યોગ્ય પાલન-પોષણની સાથે સનત્કુમારે કિશોરાવસ્થા પાર કરી યુવાનીમાં પ્રવેશ કર્યો. મહેન્દ્રસિંહ નામક એક અતિ ગુણવાન અને પરાક્રમી સનત્કુમારનો મિત્ર હતો.

એક દિવસ મહારાજ અશ્વસેનને ઉત્તમ જાતના ઘણા બધા ઘોડા ભેટસ્વરૂપ મળ્યા. સનત્કુમાર એમાં સર્વોત્તમ ઘોડા ઉપર સવાર થઈ ગયા. રાજકુમારના બેસતાં જ ઘોડો પવનવેગી બન્યો. રાજકુમારે ઘોડાને રોકવા ઘણો પ્રયત્ન કર્યો, પણ તે એટલો જ વધુ ને વધુ ઝડપથી આગળ વધી ગયો. મહેન્દ્રસિંહ આદિ મિત્રો એની પાછળ ગયા, પણ સનત્કુમાર સુધી ન પહોંચી શક્યા. રાજા અશ્વસેન પોતાના પુત્રના આ રીતે અદૃશ્ય થવાના સમાચાર સાંભળી ઘણા દુઃખી થયા અને સ્વયં જ રાજકુમારની ભાળ મેળવવા નીકળી પડ્યા. મહારાજાની બધી મહેનત નિષ્ફળ થતી જોઈ મહેન્દ્રસિંહે યેન-કેન પ્રકારેણ સમજાવી-પટાવી એમને પાછા

મોકલ્યા અને એકલા જ સનત્કુમારની તપાસમાં આગળ વધ્યા. એક વર્ષ સુધી શોધવા છતાં પણ કુમારનો ક્યાંય પત્તો લાગ્યો નહી. એક દિવસ જંગલમાં એક સ્થળે વિવિધ પ્રકારનાં પંખીઓનો મધુર કલરવ સંભળાયો અને એ દિશામાંથી શીતળ સુગંધિત હવાનો આછો સ્પર્શ પણ પ્રતીત થયો. મહેન્દ્રસિંહ કંઈક આશાવાદી થઈ તે તરફ ગયો. થોડે દૂર જતા ત્યાં રમણીઓના આમોદ-પ્રમોદનો મધુર ધ્વનિ સંભળાયો. નજીક જતા રમણીઓની વચ્ચે પોતાના મિત્ર સનત્કુમારને જોઈ તે આશ્ચર્યચકિત થઈ હર્ષવિભોર થઈ ઊઠ્યો. સનત્કુમારે પણ મહેન્દ્રસિંહને ઓળખી લીધો ને ઊઠીને આલિંગન (ભેટી પડતા) કરતા એનું સ્વાગત કર્યું. પરસ્પર કુશળ-મંગળ પૂછીને મહેન્દ્રસિંહે સનત્કુમારની આપવીતી જાણવા માંગી. તો એણે રમણીઓમાંની એક રમણી તરફ ઈશારો કરતા કહ્યું કે - "મારી વાર્તા મારી કરતાં વિદ્યાધર કન્યા બકુલમતિથી સાંભળવી વધુ ઉચિત રહેશે."

બકુલમતિએ મહેન્દ્રસિંહને સંક્ષેપ(ટૂંકાણ)માં કહ્યું કે - "કેવી રીતે સનત્કુમારે યક્ષની આસુરી શક્તિઓને વીરતાથી પરાસ્ત કરી અને એમને પોતાની અનુચરીના રૂપમાં સ્વીકારી." મહેન્દ્રસિંહ સનત્કુમારની ગૌરવગાથા સાંભળી અત્યંત પ્રસન્ન થયો ને એમને હસ્તિનાપુર અને માતા-પિતાની યાદ અપાવી. સનત્કુમાર આનંદિત થઈ પોતાના પરિવારની સાથે પોતાનાં માતા-પિતાને મળવા માટે ચાલી નીકળ્યો. સનત્કુમારના આગમનના સમાચાર સાંભળી મહારાજ અશ્વસેનને અપાર આનંદ થયો. એમણે મોટા સમારંભની સાથે રાજકુમારનો નગરપ્રવેશ કરાવ્યો અને યોગ્ય સમય જોઈ એમને સત્તાધીશ બનાવ્યા. મહેન્દ્રસિંહને કુમારના સેનાપતિ બનાવી સ્વયં સ્થવિર મુનિની પાસે દીક્ષા ગ્રહણ કરી સાધનાનો માર્ગ પસંદ કર્યો. સનત્કુમારે ધર્મ અને ન્યાય-નીતિથી રાજ્યનું સંચાલન કર્યું. એમની આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ થતાં એમણે છ ખંડો ઉપર વિજય મેળવી ચક્રવર્તીપદ પ્રાપ્ત કર્યું. સનત્કુમારના દેહ-લાલિત્યની પ્રશંસા દેવલોકમાં પણ થવા લાગી. ફળસ્વરૂપ બે દેવતાઓ બ્રાહ્મણ વેશે એમને જોવા આવ્યા. એ સમયે તેઓ સ્નાનપીઠ ઉપર ખુલ્લા શરીરે નાહવા બેઠા હતા, ત્યારે એમનું રૂપલાવણ્ય જોઈ બ્રાહ્મણ દેવતા દંગ

રહી ગયા. સનત્કુમારે એમને કહ્યું : "હમણાં શું જોઈ રહ્યા છો, સ્નાન પછી જ્યારે વસ્ત્રાલંકારોથી સુસજ્જ થઈ રાજ્યસભામાં બેસીશ, ત્યારે જોજો." બ્રાહ્મણોએ એવું જ કર્યું, પણ ત્યાં સુધીમાં સનત્કુમારના રૂપમાં પરિવર્તન આવી ગયું હતું, અને બ્રાહ્મણ મનોમન ખેદ અનુભવવા લાગ્યા. રાજાએ એમના આ હાવભાવનું કારણ પૂછ્યું, તો તેઓ બોલ્યા : "મહારાજ, તમારા સુંદર શરીરમાં તો કીડા પડ્યા છે."

શરીરની ક્ષણભંગુરતા અને નશ્વરતાને જોઈ સનત્કુમાર તત્કાળ વીતરાગી બની ગયા અને સંપૂર્ણ વૈભવ-પરિગ્રહ ત્યજી મુનિ બની ગયા. દીક્ષિત થઈ તેઓ અવિરત બેલે-બેલેનું તપ કરવા લાગ્યા. જેના ફળસ્વરૂપ એમને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ. એક વખત ફરી સ્વર્ગમાં એમના વખાણ થવા લાગ્યા તો એક દેવ એમની ધીરજની પરીક્ષા લેવા આવ્યા. દેવવૈદ્યનું રૂપ લઈ એ મુનિ પાસે ગયા. મુનિએ કહ્યું : "વૈદ્ય ! જો ભવરોગની દવા કરી શકો તો ઠીક છે, નહિ તો દ્રવ્યરોગની દવા તો હું પણ કરી શકું છું."

એવું કહી મુનિએ લોહી નીતરતી આંગળીને થૂક લગાડતા તે તત્કાળ કંચન (સુવર્ણ) સમાન ચમકવા લાગી. દેવ ક્ષોભ અનુભવી ક્ષમા-યાચના કરી અને પોતાના સ્થાને પરત ફર્યા. આ રીતે મહામુનિ સનત્કુમાર ૧ લાખ વર્ષ સુધી સંયમનું પાલન કરી જીવનના સંધ્યાકાળે આરાધના કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ ગયા.

卐

# ભગવાન શ્રી શાંતિનાથ

જૈન ધર્મના સોળમા તીર્થંકર ભગવાન શ્રી શાંતિનાથનું જીવન અત્યંત લોકોપકારક અને પ્રતિભાવંત હતું. એમણે અનેક ગત પૂર્વભવોથી તીર્થંકર-પદની દક્ષતા સંપાદન કરેલી હતી. એમના શ્રીષેણ, યુગલિક આદિના ભવોમાંથી અહીં વજ્રાયુધના જન્મનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે.

ઘણા સમય પહેલાં વિદેહના મંગલાવતી વિજયમાં રત્નસંચયા નામની એક નગરી હતી. ત્યાંના મહારાજ ક્ષેમંકરની રાણી રત્નમાલાની કુક્ષિથી વજ્રાયુધનો જન્મ થયો. મોટા થતા લક્ષ્મીવતી દેવી સાથે એમનાં લગ્ન થયાં. સમય જતા લક્ષ્મીવતીએ એક પુત્રને જન્મ આપ્યો, જેનું નામ સહસ્રાયુધ રાખવામાં આવ્યું. કોઈ એક વખત સ્વર્ગમાં ઈન્દ્રએ દેવોની સામે વજ્રાયુધના સમ્યક્ત્વની પ્રશંસા કરી. બધા દેવગણ ઈન્દ્રના આ કથનથી સંતુષ્ટ થયા, પણ ચિત્રચૂલ નામક એક દેવે એમની કસોટી કરવાની ઈચ્છા પ્રદર્શિત કરી અને ક્ષેમંકરની સભામાં ઉપસ્થિત થયા. સભામાં એમણે કહ્યું કે - "જગતમાં આત્મા, પરલોક અને પાપ-પુણ્ય આદિ કંઈ પણ નથી, લોકો અંધવિશ્વાસુ થઈ કષ્ટ ભોગવે છે." વજ્રાયુધે જવાબ આપ્યો કે - "દેવ ! અવધિજ્ઞાનથી જોતાં ખબર પડશે કે તમે તમારા પૂર્વજન્મમાં કોઈ વિશેષ કાર્ય કર્યું છે, જેના પરિણામે આ ભવમાં તમને દેવત્વ પ્રાપ્ત થયું છે. વર્તમાનની આ ઋદ્ધિ તમારા પૂર્વ-જન્મના પુણ્યપ્રતાપે અને પરિણામે જ છે." વજ્રાયુધની દૃઢતાથી દેવ પ્રભાવિત થયા અને વજ્રાયુધને પોતાની ઈચ્છાનુસાર કંઈક માંગવા કહ્યું. વજ્રાયુધે કહ્યું : "હું એટલું જ ઈચ્છીશ કે - 'તમે સમ્યક્ત્વનું પાલન કરો.' વજ્રાયુદ્ધની નિઃસ્વાર્થ પ્રવૃત્તિથી પ્રસન્ન થઈ દેવે એમને દિવ્યાલંકાર ભેટરૂપે આપી એમના સમ્યક્ત્વની પ્રશંસા કરી.

કાલાન્તરમાં રાજા ક્ષેમંકરે વજ્રાયુદ્ધને રાજ્ય સોંપી દીક્ષા લીધી ને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ભાવ-તીર્થંકર બન્યા. આ તરફ વજ્રાયુધની આયુધ-શાળામાં ચક્રરત્ન પ્રગટ થયું અને એમણે છ ખંડ પૃથ્વીને જીતીને સાર્વભૌમ સમ્રાટપદ પ્રાપ્ત કરી સહસ્રાયુધને યુવરાજ બનાવ્યા. સમય જતાં એમને

રાજ્યની ધુરા સોંપી દીક્ષા લઈ સંયમ-સાધના કરી પાદોપગમન સંથારો કરી ગ્રૈવેયકમાં દેવ થયા. ગ્રૈવેયકમાંથી નીકળી પુંડરીકિણી નગરીના રાજા ઘનરથની રાણી પ્રિયમતીના ગર્ભમાંથી એમના પુત્રરૂપે જન્મ્યા, જેમનું નામ મેઘરથ રાખવામાં આવ્યું. મેઘરથ અતિ બળશાળી અને દયાળુ હતા. મહારાજ ઘનરથે દીક્ષા અંગીકાર કરતા મેઘરથ રાજા બન્યા. રાજા હોવા છતાં પણ તેઓ ધર્મનું પાલન કરતા રહ્યા.

એક દિવસ રાજા મેઘરથ પૌષધશાળામાં સાધનામાં લીન હતા. એક કબૂતર એમના ખોળામાં આવીને પડ્યું. તે ડરનું માર્યું ધ્રૂજી રહ્યું હતું. રાજાએ પ્રેમથી એની પીઠ પર હાથ ફેરવતા એને આશ્વસ્ત કર્યું. એટલામાં એક બાજ આવ્યો અને કબૂતરની માગણી કરવા લાગ્યો. રાજાએ શરણમાં આવેલાને પરત કરવાની ના પાડી, તો એ વાત પર બાજે કહ્યું : "તાજા માંસ વગર મારું જીવવું કઠિન છે. આ રીતે કબૂતરના પ્રાણની રક્ષા કરી આપ મને મરવા માટે વિવશ કરી રહ્યા છો. જો તમે સાચે જ ધર્માત્મા હોવ તો બંનેની રક્ષા કરો."

આ સાંભળી મેઘરથે કહ્યું : "જો એવું જ હોય તો હું કબૂતરના વજનનું મારું માંસ આપું છું, એને ખાઈને તું કબૂતરને છોડી દે." ત્રાજવાં (વજનકાંટો) મંગાવવામાં આવ્યાં. રાજાએ એક પલ્લામાં કબૂતરને મૂક્યું અને બીજામાં પોતાના શરીરનું માંસ કાપીને મૂકવાનું શરૂ કર્યું. જ્યારે કબૂતરવાળું પલ્લું પોતાના સ્થાનેથી હાલ્યું નહિ, તો રાજા સ્વયં સહર્ષ એ પલ્લામાં બેસી ગયા. રાજાના આ અપ્રતિમ ત્યાગને જોઈ બાજ બનેલા દેવે પોતાનું અસલ રૂપ પ્રગટ કરીને બોલ્યા : "મેં ઈન્દ્રની વાતનો અવિશ્વાસ કરી તમને કષ્ટ આપ્યું, તમે મને માફ કરો. તમારી શ્રદ્ધા અને દયા અનુકરણીય છે."

થોડા સમય બાદ મેઘરથે ફરીથી પૌષધશાળામાં અષ્ટમતપ ગ્રહણ કર્યું. ઈશાનેન્દ્રએ સ્વર્ગમાંથી વંદન કરી એમના પ્રત્યે આદર વ્યક્ત કર્યો, તો ઈન્દ્રાણીઓએ એમની દૃઢતાની કસોટી કરવા માંગી. એમણે પૌષધશાળામાં આવી મેઘરથને ધ્યાનમાર્ગેથી ચલિત કરવા માટે વિવિધ કષ્ટો આપ્યાં, પણ તેઓ રાજાને વિચલિત કરી શકી નહિ અને પોતાની

હાર માની પાછી ફરી ગઈ. તપ સમાપ્તિએ રાજાએ દીક્ષા ગ્રહણ કરવાનો નિર્ધાર કર્યો અને પોતાના પુત્રને રાજ્યભાર સોંપી મુનિ ઘનરથની પાસે અનેક સાથીઓની સાથે દીક્ષા ધારણ કરી. એમણે પહેલાં પ્રાણીદયાથી ઉત્કૃષ્ટ પુણ્યનો સંચય કરેલો હતો. હવે તપ અને સંયમની સાધનાથી તીર્થંકર નામકર્મ મેળવી લીધું. છેલ્લા સમયે અનશનની આરાધના કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીસ સાગરના આયુષ્યયુક્ત દેવરૂપે ઉત્પન્ન થયા.

ભ. શાંતિનાથના પિતા હસ્તિનાપુરના મહારાજ વિશ્વસેન હતા, અને એમની માતાનું નામ મહારાણી અચિરાદેવી હતું. મેઘરથનો આત્મા સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યુત થઈ ભાદરવા કૃષ્ણ સપ્તમીના ભરણી નક્ષત્રના યોગમાં રાણી અચિરાના ગર્ભમાં સ્થાપિત થયો. મહારાણીએ શુભમંગળ ચૌદ સ્વપ્નો જોયાં, ગર્ભાવસ્થા પૂરી થતા જેઠ કૃષ્ણ ત્રયોદશી(તેરશ)ના ભરણી નક્ષત્રમાં અર્ધરાત્રિના સમયે મહારાણીએ પુત્રરત્નને જન્મ આપ્યો.

શાંતિનાથના ગર્ભમાં પ્રવિષ્ટ થવાના પહેલાં હસ્તિનાપુરની આસપાસનું ક્ષેત્ર મહામારીથી પીડિત હતું. બધા લોકો ચિંતાતુર હતા. માતા અચરાદેવીએ ગર્ભ ધારણ કરતા જ મહામારી શાંત થવા લાગી અને ધીમે-ધીમે સ્થિતિ સામાન્ય બની, એટલે માતા-પિતાએ પુત્રનું નામ શાંતિનાથ રાખ્યું.

કુમાર શાંતિનાથ જ્યારે ૨૫ હજાર વર્ષના થયા અને તરુણાવસ્થામાં પ્રવેશ્યા તો મહારાજ વિશ્વસેને એમનાં લગ્ન અનેક રાજકન્યાઓ સાથે કરાવ્યાં. થોડા સમય પછી એમને રાજ-કાજ સોંપી સ્વયં મુનિવ્રતધારક થયા. રાજા બન્યા પછી એમની રાણી યશોમતિ દ્વારા એમને એક પુત્ર પ્રાપ્ત થયો, જેવું નામ ચક્રાયુધ રાખવામાં આવ્યું. ૨૫ હજાર વર્ષ સુધી માંડલિક રાજાના રૂપમાં રાજ્ય કર્યા બાદ એમની આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ થતા એમણે છ ખંડો પર પોતાનું આધિપત્ય સ્થાપીને ચક્રવર્તીપદ મેળવ્યું. ૨૫ હજાર વર્ષ સુધી ચક્રવર્તીના રૂપમાં સામ્રાજ્ય ચલાવ્યા બાદ એમને દીક્ષા ગ્રહણ કરવાની તમન્ના થઈ.

લોકાંતિક દેવોની પ્રેરણાથી એમણે વર્ષીદાનની શરૂઆત કરી અને તે પૂરુ થતા જેઠ કૃષ્ણ ચતુર્દશ(ચૌદશ)ના ભરણી નક્ષત્રમાં એક હજાર રાજાઓની સાથે છઠ્ઠભક્ત તપસ્યા કરી દીક્ષા માટે નિષ્ક્રમણ કર્યું. દેવ-

માનવોથી ઘેરાયેલા સહસ્રામ્રવનમાં પહોંચી સિદ્ધ પ્રભુની સાક્ષીમાં દીક્ષા અંગીકાર કરી. બીજા દિવસે મંદિરપુરના મહારાજ સુમિત્રને ત્યાં પરમાન્નથી પારણાં કર્યાં. દેવોએ પંચદિવ્યોનો વરસાદ કર્યો. દીક્ષા ગ્રહણ પછી તેઓ એક વર્ષ સુધી અલગ-અલગ રીતનાં તપ કરીને છદ્મસ્થ વિચરણ કરતા રહ્યા. પછી તેઓ હસ્તિનાપુરના સહસ્રામ્ર ઉદ્યાનમાં આવી ધ્યાનમાં રત થઈ ગયા. એમણે શુક્લધ્યાનથી ક્ષપકશ્રેણી પર બેસીને ઘાતીકર્મોનો નાશ કર્યો અને પોષ શુક્લ નવમીએ ભરણી નક્ષત્રમાં કેવળજ્ઞાન મેળવ્યું.

કેવળી થઈ પ્રભુ શાંતિનાથે દેવ-માનવોની મોટી સભામાં ઉપદેશ આપતા કહ્યું : "સંસારમાં આત્મા જ સર્વોચ્ચ છે અને જે કાર્યથી આત્માનો ઉત્થાન થાય, એ જ કાર્ય શ્રેયસ્કર છે. મનુષ્યજીવન મેળવી જેણે આત્મ-સાધના નથી કરી, એનું જીવન નિષ્ફળ છે." પ્રભુનો ધર્મ-બોધ (દેશના) સાંભળી હજારો લોકોએ સંયમધર્મ સ્વીકાર્યો. ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ભગવાન ભાવ-તીર્થંકર બન્યા.

પ્રભુએ ૨૫ હજાર વર્ષમાં ૧ વર્ષ ઓછું જેટલો સમય કેવળી-પર્યાયમાં વિચરણ કરતા વિતાવ્યો ને લોકોને આત્મ-કલ્યાણનો સંદેશ આપ્યો. જીવનનો અંત નિકટ જાણી નવસો સાધુઓની સાથે ૧ મહિનાનું અનશન કરી જેઠ કૃષ્ણ ત્રયોદશી(તેરશ)ના ભરણી નક્ષત્રમાં ચાર અઘાતીકર્મોનો લોપ કરી સમેત શિખર ઉપર સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ નિર્વાણપદના અધિકારી થયા.

એમનો કુલ જીવનકાળ ૧ લાખ વર્ષનો હતો. એમના ધર્મપરિવારમાં ૩૬ ગણ અને ગણધર, ૪૩૦૦ કેવળી, ૪૦૦૦ મનઃપર્યવજ્ઞાની, ૩૦૦૦ અવધિજ્ઞાની, ૮૦૦ ચૌદપૂર્વધારી, ૬૦૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૨૪૦૦ વાદી, ૬૨૦૦૦ સાધુ, ૬૧૬૦૦ સાધ્વીઓ, ૨૯૦૦૦૦ શ્રાવક તથા ૩૯૩૦૦૦ શ્રાવિકાઓનો બહોળો સમુદાય હતો.

卐

# ભગવાનશ્રી કુંથુનાથ

જૈન ધર્મના સત્તરમા તીર્થંકર ભગવાન કુંથુનાથ થયા, જે ભગવાન શાંતિનાથ પછી થયા. હસ્તિનાપુરના મહારાજા વસુ અને મહારાણી શ્રીદેવી એમનાં માતા-પિતા હતાં.

પોતાના પૂર્વજન્મમાં ભગવાન કુંથુનાથ પૂર્વ-વિદેહની ખડ્ગી નગરીના મહારાજ સિંહાવહ હતા. સંસાર અસાર લાગતા વૈરાગ્ય ધારણ કરી એમણે સંવરાચાર્ય પાસે દીક્ષા લઈ અર્હત્-સિદ્ધ ભક્તિ વગેરે વિશિષ્ટ બોલોની સાધના કરી તીર્થંકર નામકર્મ મેળવ્યું. સમાધિપૂર્વક દેહાંત કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં અહમિન્દ્રના રૂપમાં પ્રગટ્યા.

ત્યાંથી ચ્યુત થઈ સિંહાવહનો આત્મા શ્રાવણ કૃષ્ણ નોમના કૃત્તિકા નક્ષત્રમાં મહારાણી શ્રીદેવીના ગર્ભમાં પ્રવેશ્યો. રાત્રે મહારાણીએ શુભ-મંગળકારી ચૌદ સ્વપ્નો જોયાં. ગર્ભસમય પૂરો થતા વૈશાખ કૃષ્ણ ચતુર્દશી(ચૌદશ)ના કૃત્તિકા નક્ષત્રમાં મહારાણીએ પુત્રરત્નને જન્મ આપ્યો. બાળક જ્યારે માતાના ગર્ભમાં હતો ત્યારે માતાએ કુંથુરત્નોની રાશિ જોઈ, આથી બાળકનું નામ કુંથુનાથ રાખ્યું.

બાળપણ પૂરું કરી યુવાનીમાં ડગ માંડતા કુંથુનાથના વિવાહ રાજ-કન્યાઓ સાથે કરાવવામાં આવ્યા. થોડા સમય પછી મહારાજે એમને રાજ્યપદ ઉપર અભિષિક્ત કર્યા. ૨૨ હજાર વર્ષ સુધી તેઓ માંડલિક રાજાના રૂપમાં રાજ્ય-શાસન કરતા રહ્યા. એક વખત એમની આયુધ-શાળામાં ચક્રરત્ન પ્રગટ થયું, ત્યારે એના પરિણામસ્વરૂપ મહારાજ કુંથુનાથે છ ખંડો પર વિજયપતાકા લહેરાવી અને ૨૩,૭૫૦ વર્ષ સુધી ચક્રવર્તી સમ્રાટના પદે રહ્યા.

ભોગોમાં અનાસક્તિ ઉત્પન્ન થતા દીક્ષાધારણની એમની કામના જાણી લોકાંતિક દેવોએ સંયમમાર્ગે આગળ વધવા વિનંતી કરી, તો પ્રભુએ વર્ષીદાન આપી વૈશાખ કૃષ્ણ પંચમીએ કૃત્તિકા નક્ષત્રમાં એક હજાર ભૂપતિ-ઓની સાથે દીક્ષાર્થે નિષ્ક્રમણ કર્યું તથા સહસ્રામ્રવનમાં જઈ છઠ્ઠભક્ત તપ કરી બધાં પાપોથી વિમુક્ત થઈ વિધિવત્ દીક્ષા ધારણ કરી. દીક્ષા

લેતાં જ એમને મનઃપર્યવજ્ઞાનની ઉપલબ્ધિ મળી. બીજા દિવસે ચક્રપુર નગરના રાજા વ્યાઘ્રસિંહને ત્યાં તેમનું પહેલું પારણું થયું. છદ્મસ્થચર્યામાં એમણે વિધ-વિધ તપો કરીને ૧૬ વર્ષ પછી સહસ્રામ્રવન પહોંચી ધ્યાનમાં લીન થઈ ગયા. ચૈત્ર શુક્લ તૃતીયાએ કૃત્તિકા નક્ષત્રના યોગમાં શુક્લધ્યાનના બીજા ચરણમાં તિલક વૃક્ષની નીચે મોહ અને અજ્ઞાનનો સર્વ પ્રકારે નાશ કરી એમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

કેવળી બન્યા પછી ભ. કુંથુનાથ દેવ-મનુષ્યોના બહોળા સમુદાયને શ્રુત-ચારિત્રધર્મનો બોધ આપી ચતુર્વિધ સંઘનું નિર્માણ કરી ભાવ-તીર્થંકર થયા. એમના સંઘપરિવારમાં સ્વયંભૂ આદિ ૩૫ ગણધર અને ગણ, ૩૨૦૦ કેવળી, ૩૩૪૦ મનઃપર્યવજ્ઞાની, ૨૫૦૦ અવધિજ્ઞાની, ૬૭૦ ચૌદપૂર્વધારી, ૫૧૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૨૦૦૦ વાદી, ૬૦૦૦૦ સાધુ, ૬૦૬૦૦ સાધ્વીઓ ૧૭૯૦૦૦ શ્રાવક અને ૩૮૧૦૦૦ શ્રાવિકાઓ હતાં.

મોક્ષાગમન પાસે જાણી ભગવાન સમેત શિખર પર ગયા. ત્યાં એક હજાર મુનિઓની સાથે ૧ માસનું અનશન કરી વૈશાખ શુક્લ પ્રતિપદા-(એકમ)ના કૃત્તિકા નક્ષત્રમાં સમસ્ત કાર્યોનો લોપ કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા. એમણે કેવળીના રૂપમાં ૨૩,૭૫૦ વર્ષ ગાળ્યાં. એમનું સંપૂર્ણ આયુષ્ય ૯૫ હજાર વર્ષનું હતું.

卐

# ભગવાન શ્રી અરનાથ

ભગવાન શ્રી અરનાથ એ ભ. કુંથુનાથ પછી અઢારમા તીર્થંકર થયા. પોતાના ગતજન્મમાં ભગવાન અરનાથે મહાવિદેહની સુસીમા નગરીના નૃપતિ ધનપતિના રૂપમાં પોતાની પ્રજાને સંયમ ને અનુશાસનપૂર્વક જીવન વ્યતીત કરવાની ઉમદા અને પ્રતિભાવંત શિક્ષા પ્રદાન કરી હતી. કાલાન્તરમાં મહારાજે સંસારથી વૈરાગ્ય લઈ સંવર મુનિની પાસે સંયમધર્મની દીક્ષા લીધી અને આરાધના કરતા રહીને વિચરણ કરવા લાગ્યા. દેવ, ગુરુ અને ધર્મમાં વિનમ્રતાના ગુણથી અને ઉત્તમોત્તમ સાધનાના પ્રભાવથી એમણે તીર્થંકર નામકર્મ પ્રાપ્ત કર્યું. છેવટે સમાધિપૂર્વક કાળધર્મ પામી તેઓ ગ્રૈવેયકમાં મહાર્દ્ધિક દેવ રૂપે થયા.

ત્યાંનો સમય પૂર્ણ કરી ત્યાંથી ધનપતિનો જીવ ફાગણ શુક્લ દ્વિતીયાના રોજ હસ્તિનાપુરના મહારાજ સુદર્શનની રાણી મહાદેવીના ગર્ભમાં પ્રતિસ્થાપિત થયો. મહારાણીએ ચૌદ મહાપુણ્યવંત સ્વપ્ન જોઈ હર્ષાન્વિત થઈ. ગર્ભકાળ સમાપ્ત થતા માગશર શુક્લ દશમીએ રેવતી નક્ષત્રમાં એમણે પુત્રરત્નને જન્મ આપ્યો. ગર્ભાવસ્થા દરમિયાન માતાએ બહુકીમતી રત્નચક્રનો અર (ઓરા) જોયો હતો, માટે બાળકનું નામ અરનાથ રાખ્યું.

કુમાર અરનાથ જ્યારે યુવાન થયા ત્યારે મહારાજે ઉચિત કન્યાઓ સાથે એમનાં લગ્ન કરાવ્યાં. ૨૧ હજાર વર્ષ પછી કુમારનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. ૨૧ હજાર વર્ષ સુધી માંડલિક રાજા તરીકે રાજ કર્યા પછી શસ્ત્રાગારમાં ચક્રરત્ન પ્રગટ થતાં એમણે પોતાનું ષટ્ખંડ વિજય અભિયાન શરૂ કર્યું, જે સંપૂર્ણ થતા તે ચક્રવર્તી સમ્રાટ બન્યા અને બીજા ૨૧ હજાર વર્ષો સુધી પોતાનું એકચક્રીય આધિપત્ય થકી સુશાસન દ્વારા સુશિક્ષા, સુખ-શાંતિ અને સમૃદ્ધિમાં વધારો કર્યો.

ભોગ્યકર્મોનું જોર ઓછું થતાં સાંસારિક વૈભવ ત્યજી સંયમ-સાધનાના માર્ગે આગળ વધવાની ઈચ્છા વ્યક્ત કરી. લોકાંતિક દેવોના અનુનય પર વર્ષીદાન આપી મહારાજે સમગ્ર રાજયધુરા કુમાર અરવિંદના હાથોમાં ધરી. એક હજાર રાજાઓની સાથે સમારંભપૂર્વક

દીક્ષાર્થે નિષ્ક્રમણ કર્યું. સહસ્રામ્રવનમાં જઈ માગશર શુક્લ એકાદશના રેવતી નક્ષત્રમાં છઠ્ઠ-ભક્તની તપસ્યાથી સમૂળ પાપોને ત્યજીને વિધિવત્ દીક્ષા અંગીકાર કરી. દીક્ષા ધારણ કરતા જ એમને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું. બીજા દિવસે રાજપુર નગરમાં રાજા અપરાજિતને ત્યાં પ્રભુએ પરમાન્નથી પારણું કર્યું. ભિન્ન-ભિન્ન અભિગ્રહોને ધારણ કરી ઊંઘ-આળસને વર્જિત ગણી ત્રણ વર્ષ સુધી છદ્મસ્થ સ્થિતિમાં ધ્યાનની સાધનામાં લીન રહ્યા. ત્યાર બાદ તેઓ સહસ્રામ્રવનમાં પહોંચ્યા અને ધ્યાનસ્થ થઈ ગયા. કારતક શુક્લ દશમીએ રેવતી નક્ષત્રના યોગમાં શુક્લધ્યાનથી ક્ષપકશ્રેણી પર આસન થઈ ઘાતીકર્મોનું વિલોપન કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન મેળવ્યું. કેવળી થઈ પ્રભુએ દેવ-માનવોના વ્યાપક સમવસરણમાં ધર્મ-બોધ આપી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અને ભાવ-તીર્થંકર તથા ભાવ-અરિહંત કહેવાયા. ભાવ-અરિહંત અઢાર દોષોથી મુક્ત હોય છે તથા અનંત ચતુષ્ટ્ય અને અષ્ટ મહાપ્રતિહાર્યને ધારણ કરનાર હોય છે.

એમના ધર્મપરિવારમાં કુંભજી આદિ ૩૩ ગણધર અને ૩૩ ગણ, ૨૮૦૦ કેવળી, ૨૫૫૧ મનઃપર્યવજ્ઞાની, ૨૬૦૦ અવધિજ્ઞાની, ૬૧૦ ચૌદપૂર્વધારી, ૭૩૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૧૬૦૦ વાદી, ૫૦૦૦૦ સાધુ, ૬૦૦૦૦ સાધ્વીઓ, ૧૮૪૦૦૦ શ્રાવક અને ૩૭૨૦૦૦ શ્રાવિકાઓ હતાં.

૨૧ હજાર વર્ષમાં ૩ વર્ષ ઓછાની કેવળીચર્યામાં વિચરણ કર્યા પછી મોક્ષકાળ પાસે જાણી તેઓ એક હજાર મુનિઓની સાથે સમેત શિખર પર પહોંચ્યા, ત્યાં ૧ માસનું અનશન ગ્રહી શૈલેશીદશાને પ્રાપ્ત કરી. ચાર અઘાતીકર્મોને સંપૂર્ણપણે નષ્ટ કરી માગશર શુક્લ દશમીએ રેવતી નક્ષત્રના યોગમાં ૮૪ હજાર વર્ષના જીવનકાળમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ નિરંજન-નિરાકાર થયા.

卐

# ભગવાન શ્રી મલ્લીનાથ

ભગવાન શ્રી અરનાથ પછીના ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લીનાથ થયાં. એમનો જન્મ અઢારમા તીર્થંકરના નિર્વાણના ૫૫ હજાર વર્ષ ઓછાં ૧ હજાર કરોડ વર્ષ વીત્યા પછી થયો.

## પૂર્વજન્મ

ભગવાન મલ્લીનાથ એમના પૂર્વજન્મમાં મહાબળ નામક મહારાજા હતા. એમની કથા કંઈક આ પ્રમાણે છે :

ઘણા લાંબા સમય પહેલાં ભૂતકાળમાં જમ્બૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં સલિલાવતી નામક વિજયમાં વીતશોકા નામની એક નગરી હતી. એ નગરીમાં બળ નામનો એક રાજા હતો. એની મહારાણી ધારિણીએ એક રાતે સ્વપ્ન જોયું કે એક કેસરી સિંહ એમના મોઢામાં પ્રવેશ કરી રહ્યો છે. સ્વપ્નપાઠકોએ જણાવ્યું કે - "મહારાણી એક અતિબળશાળી અને પ્રતાપી પુત્રને જન્મ આપશે." યથાસમયે પુત્રજન્મ થતા રાજા બળે એમના આ પુત્રનું નામ મહાબળ રાખ્યું. ઉચિત ઉંમર થતા મહાબળનાં લગ્ન અત્યંત રૂપવતી કમલશ્રી આદિ પાંચસો (૫૦૦) રાજકુમારીઓ સાથે કરવામાં આવ્યાં. આ રીતે રાજકુમાર મહાબળ સાંસારિક ભોગોના ઉપભોગમાં રત થઈ જીવન વ્યતીત કરવા લાગ્યા.

સમય જતા વીતશોકા નગરીના ઈન્દ્રકુંભ ઉદ્યાનમાં સ્થવિર મુનિઓનું પદાર્પણ થયું. મહારાજ બળ પોતાનાં પરિજનો અને પુરજનોની સાથે દર્શન અને પ્રવચનનો લાભ લેવા ત્યાં પહોંચ્યા. મુનિઓનો ઉપદેશ સાંભળી મહારાજના મનમાં દીક્ષા લેવાની પ્રબળ ઈચ્છા જાગી. રાજાએ પોતાના યુવરાજનો રાજ્યાભિષેક કરી સ્થવિરોની સેવામાં ઉપસ્થિત થઈ ભાગવતી-દીક્ષા અંગીકાર કરી. દીક્ષા પછી મહારાજ બળે અનેક વર્ષો સુધી પૂર્ણ નિષ્ઠા અને પ્રગાઢ શ્રદ્ધાથી શ્રમણપર્યાયનું પાલન કર્યું. અંતે ચારુ પર્વત પર સંલેખના-સંથારો કર્યો અને ૧ માસના અનશન સાથે સમૂળગા કર્મનો અંત આણી નિર્વાણ પ્રાપ્ત કર્યું.

આ તરફ સિંહાસન પર બેઠા પછી મહાબળે ન્યાય-નીતિપૂર્ણ પ્રજાનું પાલન કર્યું. એમની મહારાણી કમલશ્રીએ એક ઓજસ્વી પુત્રને જન્મ આપ્યો, જેનું નામ બળભદ્ર રાખવામાં આવ્યું. મહારાજ અને મહારાણીએ

બળભદ્રનું રાજસી ઠાઠ-માઠથી પાલન-પોષણ કર્યું, યોગ્ય કેળવણી પ્રદાન કરી અને સમય આવતા યુવરાજ ઘોષિત કર્યા.

મહારાજ મહાબળના અચલ, ધરણ, પૂરણ, વસુ, વૈશ્રમણ અને અભિચંદ નામના છ સમવયસ્ક મિત્રો હતા. આ સાતેય મિત્રોમાં એટલી પ્રગાઢ મિત્રતા હતી કે એક દિવસે એમણે સંકલ્પ કર્યો કે - 'તેઓ આજીવન્ સાથે રહેશે ને જીવનનાં બધાં કામ, એટલે સુધી કે પરલૌકિક હિત-સાધનાનાં બધાં કામો પણ સાથે રહીને કરશે. વખત જતા ઇન્દ્રકુંભ ઉદ્યાનમાં કેટલાક સ્થવિર શ્રમણોનું આગમન થયું. સાતેસાત મિત્રો પણ શ્રમણદર્શન અને ઉપદેશ-શ્રવણ માટે ત્યાં ગયા. ધર્મોપદેશ સાંભળ્યા પછી મહાબળે કહ્યું કે - "હું મારા પુત્રને રાજ્યનો કારભાર સોંપી દીક્ષા લેવા માંગુ છું." મહાબળની આ વાત સાંભળી બાકીના મિત્રોએ કહ્યું કે - "અમને પણ સંસારથી કયું વિશેષ આકર્ષણ છે ? અમે લોકો પણ તારી સાથે જ પ્રવ્રજ્યા ધારણ કરીશું." બધા મિત્રોએ પોત-પોતાના પુત્રોને રાજ્યનો કારભાર સોંપી પોત-પોતાના હાથો વડે પંચમુષ્ટિ લોચ કરી સ્થવિર મુનિની પાસે શ્રમણધર્મની દીક્ષા અંગીકાર કરી.

શ્રમણધર્મમાં દીક્ષિત થયા પછી એ સાતેય મિત્રોએ સાથે રહીને એકાદશાંગીનું અધ્યયન કર્યું અને પોતાના આત્માને તપ અને સંયમ વડે ભાવિત કરી વિચરણ કરવા લાગ્યા. કાલાન્તરે અરસપરસમાં વિચાર કરી એ સાતેય મુનિઓએ નિર્ણય લીધો કે - 'તેઓ બધા પોતાના તપ અને સાધનાઓ એકસાથે, સમાનરૂપે કરશે.' પોતાના નિર્ણયાનુસાર સાતેય શ્રમણ-મિત્ર એકસાથે, સમાન તપનું આચરણ કરવા લાગ્યા. થોડા સમય પછી મુનિ મહાબળના મનમાં એવો વિચાર સ્ફૂરિત થયો કે - 'શ્રમણધર્મ સ્વીકાર્યા પહેલાં હું મારા બધા જ મિત્રો કરતા ઋદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ ને ઐશ્વર્યમાં ઘણો જ આગળ રહ્યો છું. આ લોકો ક્યારેય મારા સમકક્ષ ન હતા, અતઃ મારે તપના આચરણમાં પણ એમનાથી આગળ જ રહેવું જોઈએ.' આ વિચાર-તરંગથી મહાબળના મનમાં છલ-છદ્મની ભાવના જાગી અને પોતાના અન્ય મિત્રોથી સંતાડી તે એમની સાથે જ એમનાથી આગળની ઊંચી સાધના કરવા લાગ્યો. જેમ છએ છ મુનિ ષષ્ઠભક્ત તપ કરતા, તો મહાબળ અષ્ટમભક્તનું તપ કરતો. ફળસ્વરૂપે મોટા રહેવાની આકાંક્ષા અને ઘમંડની ભાવનાથી મહાબળનું સમ્યક્ત્વ મલિન થયું.

આ પ્રમાણે પોતાના છએ છ મિત્રોની સાથે સંયુક્ત રૂપે લીધેલી સમાન તપસ્યા કરવાની પોતાની પ્રતિજ્ઞા છતાં પોતાના મિત્રોને એના

અંતઃકરણનો ભેદ ન પામવા દેતા અધિક તપસ્યા કરતા રહેવાને લીધે મુનિ મહાબળે સ્ત્રી નામકર્મનો બંધ કરી લીધો. ત્યાર બાદ તમામ પ્રકારના દોષોથી રહિત થઈ વીસ બોલોની ફરી-ફરીને ઉત્કટ આરાધના કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કર્યું. મુનિ મહાબળ આદિ સાતેય શ્રમણો વિવિધ પ્રકારની ઘોર ને અતિઉગ્ર તપસ્યાઓમાં તન્મય રહ્યા. અંતે ચારુ પર્વત પર સંલેખનાની સાથે યાવજ્જીવન અશન-પાનાદિના પ્રત્યાખ્યાન રૂપ પાદપોગમન સંથારો કર્યો. એ સાતેય મુનિઓએ અંતે બે મહિનાની સંલેખના સહિત ૮૪ લાખ પૂર્વ વર્ષની એમની જીવનલીલા સંકેલીને જયંત નામક અનુત્તર વિમાનમાં અહમિન્દ્ર દેવ થયા: મહાબળ પૂર્ણ ૩૨ સાગરની વયવાળા અને અન્ય ૬ શ્રમણ ૩૨ સાગર કરતા થોડાં ઓછાં આયુષ્યવાળા દેવ થયા. આ પ્રમાણે મુનિ મહાબળના ભવવાળા ભગવાન મલ્લીનાથનું જીવન પ્રત્યેક સાધકને સાધનામાં સદૈવ હંમેશાં સાવધાન અને જાગૃત રહેવાની પ્રેરણા આપે છે.

## જન્મ અને નામકરણ

જયંત નામક અનુત્તર વિમાનના દેવભવનું આયુષ્ય પૂર્ણ કરી મહાબળ મુનિનો જીવ ફાગણ શુક્લ ચોથના રોજ અશ્વિની નક્ષત્રના યોગમાં જમ્બૂ-દ્વીપના ભરત ક્ષેત્રની મિથિલા નગરીના રાજા કુંભની મહારાણી પ્રભાવતીદેવીની કુક્ષિમાં પ્રવેશ્યો. એ જ રાત્રે મહારાણીએ ચૌદ અત્યંત શુભસ્વપ્ન જોયાં. બીજા દિવસે સ્વપ્નપાઠકોએ મહારાજને કહ્યું કે - "મહારાજ ! મહારાણીએ જોયેલાં સ્વપ્ન એ જ સંકેત આપે છે કે - 'તમે લોકો શીઘ્ર જ એવા સંતાનના માતા-પિતા બનશો જે ભવિષ્યમાં કાંતો ચક્રવર્તી સમ્રાટ અથવા ધર્મસંઘના સંસ્થાપક તીર્થંકર હશે."

સ્વપ્ન-ફળ સાંભળી મહારાજ-મહારાણી બંને અતિ આનંદિત થયાં. ગર્ભાવસ્થાના સવા નવ મહિના પૂર્ણ થતા માગશર શુક્લ એકાદશની અડધી રાતે ચંદ્ર અને અશ્વિની નક્ષત્રનો યોગ થતા મહારાણીએ અનુપમ શોભા અને કાંતિમાન પુત્રીને જન્મ આપ્યો. દેવ-દેવેન્દ્રો અને રાજા-પ્રજાએ વિધિપૂર્વક પુત્રીનો જન્મોત્સવ ઉજવ્યો. ગર્ભાવસ્થા દરમિયાન માતાને પાંચ પ્રકારનાં ફૂલોની શય્યા(પથારી)ની ઈચ્છા ઉત્પન્ન થઈ હતી, માટે મહારાજે પુત્રીનું નામ મલ્લી ઘોષિત કર્યું.

મલ્લી રાજકુમારી અનુક્રમે દિવસો-દિવસ વૃદ્ધિ પામતી ગઈ. જ્યારે એ ૧૦૦ વર્ષથી કંઈક ઓછી અવસ્થાની થઈ, એમણે એમના અવધિ-

જ્ઞાનથી પોતાના પૂર્વજન્મના છ રાજકુમાર મિત્રોની આજન્મની સ્થિતિનો તાગ મેળવ્યો અને બધું જ જાણીને પોતાની બહેનપણીઓ સાથે સુખરૂપ જીવન વ્યતીત કરવા લાગી. આ દરમિયાન એમણે એમના કુટુંબના પુરુષોને બોલાવી એ પ્રમાણે કહ્યું કે - 'અશોક વાટિકામાં એક વિશાળ મોહન-ઘરનું નિર્માણ કરવામાં આવે, જેની મધ્યમાં છ ગર્ભગૃહોની વચ્ચે એક જાળીદાર ગૃહની રચના કરી, એ જાળીગૃહની વચ્ચોવચ્ચ એક ચબૂતરો બનાવવામાં આવે.' રાજકુમારી મલ્લીના નિર્દેશાનુસાર નિર્માણકાર્ય પૂણ કરી એની સૂચના એમને આપવામાં આવી, રાજકુમારીએ પોતાની જ આબેહૂબ સ્વર્ણ પ્રતિકૃતિ તૈયાર કરાવીને ચબૂતરા પર સ્થાપિત કરાવી દીધી. મૂર્તિ એવી બની હતી કે જોનારને સાક્ષાત્ રાજકુમારી મલ્લીનો જ ભ્રમ થઈ જાય.

એ પ્રતિમાના મસ્તક ઉપર એક કાણું પડાવીને એને કમળપર્ણ વડે ઢંકાવી દીધું. એના પછી રાજકુમારી દરરોજ જે આહાર ગ્રહણ કરતી એનો એક કોળિયો (ગ્રાસ) કાણા વાટે પ્રતિમામાં નાંખી કાણું બંધ કરી દેવામાં આવતું. આ ક્રમ દરરોજ અવિરત ચાલતો રહ્યો.

## અલૌકિક સૌંદર્યની ખ્યાતિ - નામના

ઉન્મુક્ત બાળસહજ સ્વભાવવાળી ભગવતી મલ્લીના અદ્‌ભુત દેહ-લાલિત્ય તથા ઉત્કૃષ્ટ ગુણોની ખ્યાતિ દિગ્‌દિગંતમાં પ્રસરવા લાગી. એ જ દિવસોમાં મલ્લીના પૂર્વભવના બાળમિત્રો - છએ છ રાજાઓને મલ્લી પ્રત્યે જુદાં-જુદાં નિમિત્તોથી પ્રગાઢ સ્નેહ પ્રગટ્યો, એ નિમિત્તોનો સારાંશ આ પ્રમાણે છે :

(૧) મહારાજ મહાબળના પૂર્વજન્મના મિત્ર અચલનો જીવ જયંત વિમાનના દેવનું આયુષ્ય પૂર્ણ થતા કૌશલ દેશની રાજધાની અયોધ્યામાં પ્રતિબુદ્ધિ નામક કૌશલનરેશ થયો. એક સમયે સાકેતપુરમાં રાજા પ્રતિબુદ્ધિએ રાણી પદ્માવતી માટે નાગઘરના યાત્રા મહોત્સવ માટે લાવવામાં આવેલ, એક સુંદર-મનોરમ ગુલદસ્તાને જોઈ પોતાના સુબુદ્ધિ નામક પ્રધાનને પૂછ્યું : "શું તેં ક્યારેય પણ આવો મનોહર ગુલદસ્તો જોયો છે ?" મંત્રીએ ઉત્તર આપ્યો : "મહારાજ ! હું એક વાર આપનો સંદેશો લઈ મિથિલા ગયો હતો. એ સમયે રાજકુમારી મલ્લીના વાર્ષિક-જન્મ-મહોત્સવના પ્રસંગે જે દિવ્ય ગુલદસ્તો મેં જોયો, એની સામે આ ગુલદસ્તો તેના લાખમાં ભાગ બરાબર પણ નથી. સાથે જ સ્વયં રાજકુમારી પણ

અદ્વિતીય સૌંદર્યવતી છે." મલ્લીના સૌંદર્યની પ્રશંસા સાંભળી રાજા પ્રતિબુદ્ધિએ પોતાના એક દક્ષ દૂતને મિથિલાના રાજા પાસે મોકલ્યો અને કહ્યું કે - "તે રાજા કુંભને નિવેદન કરે કે હું એમની રાજકુમારી મલ્લી સાથે લગ્ન કરવા ઇચ્છું છું અને એના માટે હું મારું સમસ્ત રાજ્ય ઓવારવા (ઓળ-ઘોળવા) તૈયાર છું."

(૨) મહારાજ મહાબળના ગતજન્મના બીજા મિત્ર ધરણનો જીવ જયંત વિમાનની દેવાયુ પૂર્ણ થતા અંગ જનપદની રાજધાની ચંપા નગરીના ચંદ્રછાગ નામક અંગરાજ થયો. એ સમયે ચંપા નગરીમાં સાથે મળીને વ્યાપાર કરનારા ઘણા વાણિયાઓ હતા. વ્યાપારીઓ આગબોટથી દૂર-દૂરના દેશોમાં વ્યાપાર કરવા માટે સાગરની મુસાફરી કરતા હતા. એ વ્યાપારીઓમાંનો એક અરહન્નક નામે વ્યાપારી ઘણો જ સમૃદ્ધિશાળી અને ધર્મનિષ્ઠ શ્રમણોપાસક હતો. એક વખત એ અરહન્નક પોતાના કેટલાક વેપારી મિત્રોની સાથે બે વિશાળકાય જહાજો(આગબોટો)માં ભાત-ભાતના મોંઘાદાટ લે-વેચના સામાનને લઈને સમુદ્રીયાત્રાએ નીકળ્યો. એ લોકો ઘણા દિવસોની મુસાફરી કર્યા પછી ઊંચા-ઊંચા તરંગો સાથે રમતા-ઝઝૂમતા પોતાનાં જહાજોમાં સમુદ્રના વક્ષસ્થળને ચીરતા ઘણા આગળ નીકળી ગયા. ચારેય તરફ અગાધ (અફાટ) દરિયાની ઊંચી લહેરો સિવાય કંઈ પણ દેખાતું ન હતું. રાતનો સમય હતો, અચાનક જ આકાશમાં જાત-જાતના ચિત્ર-વિચિત્ર ઉત્પાત થવા લાગ્યા. અચાનક જ વેપારીઓએ જોયું કે એક મેઘના સમાન કાળો અને અત્યંત વિશાળકાય દૈત્ય ભયંકર અટ્ટહાસ કરતો અને કરાલકાલ ભૈરવની જેમ નૃત્ય કરતો-કરતો એમના જહાજની તરફ આવી રહ્યો છે. એણે ગળામાં નરમુંડોની માળા ધારણ કરી હતી અને હાથમાં બેધારું લોહીથી ખરડાયેલ ખડ્ગ હતું. આ દારુણ (ભીષણ) સાક્ષાત્ કાળ સમાન પિશાચને જોઈને બધા વણિક ભયાક્રાંત થઈ એકબીજાને ચોંટી પડ્યા. માત્ર અરહન્નક સ્થિર રહ્યા, એમણે જહાજમાં જ એક સ્થાનને સ્વચ્છ કરી ધૈર્યપૂર્વક ધ્યાન ધરીને સિદ્ધપ્રભુની સ્તુતિ કરી અને આગારની સાથે સંથારાનો પ્રત્યાખ્યાન કર્યો. આ તરફ પિશાચ અરહન્નકની સમીપ આવીને જાત-જાતની વાતોથી એને ગભરાવવા લાગ્યો. અરહન્નક ધીર, ગંભીર અને નિર્ભય થઈ પોતાની સાધનામાં રત રહ્યો. એને આ પ્રમાણે શાંત અને ધ્યાનમગ્ન જોઈ પિશાચ પોતાની નિષ્ફળતા પર નિરાશ અને ક્રોધિત થયો. એણે દશે દશ-દિશાઓને ધ્રુજાવનારી ભયાનક ગર્જના કરી ને અરહન્નકના

જહાજને પોતાની બે આંગળીઓથી ઉઠાવી લીધું અને ઉપર ઊંચી છલાંગ મારતા બોલ્યો : "જો તું હજી પણ તારી આસ્થા અને શ્રમણોપાસનામાં લાગી રહેશે, તો તારા જળયાન(જહાજ)ને દરિયાનાં અફાટ જળના તળિયે ડુબાડી દઈશ." છતાં પણ લેશમાત્ર ડગ્યા વગર અરહન્નક પહેલાંની જેમ જ પોતાનાં ધર્મ, આસ્થા અને સમ્યક્ત્વ પર સ્થિર છે એમ જોઈ પિશાચે જહાજને ધીમે રહીને સમુદ્રની ઉપર મૂકી દીધું અને પોતાના દિવ્ય દેવ રૂપમાં અરહન્નકની સામે પ્રત્યક્ષ પ્રગટ થઈ બોલ્યો : "અરહન્નક ! નિર્ગ્રંથ પ્રવચન પ્રત્યે તારી અડગ આસ્થાથી હું ઘણો પ્રભાવિત થયો છું. જ્યારે વિશાળ દેવસમૂહની સામે દેવરાજ ઇન્દ્રએ તારી શ્રદ્ધા-નિષ્ઠાના વખાણ કર્યા હતા, તો મને એમના કથન પર વિશ્વાસ ન બેસતા, મેં તારી કસોટી કરવા માટે પિશાચ રૂપે તારા માર્ગમાં આ બધાં વિઘ્નો નાખ્યાં, મને એનો ખેદ-અફસોસ છે. ખરું કહેતા તો તારી શ્રમણનિષ્ઠા અને શ્રાવક-ધર્મની જેટલી પણ પ્રશંસા કરવામાં આવે એટલી ઓછી છે." આમ કહી દેવે વારંવાર માફી માંગી અને અરહન્નકને દિવ્ય કુંડળોની બે જોડીઓ ભેટમાં આપી પાછો ફર્યો. દેવના જતાં જ અરહન્નકે પોતાના સાગરી દરિયાઈ સંથારાના પારણા કર્યા ને બધા વેપારીઓ સુખપૂર્વક સમુદ્રની યાત્રા કરવા લાગ્યા. હવા-પવનના વહેણે એમનાં જહાજો એક બંદર પર પહોંચ્યાં. વેપારીઓએ એમનાં જહાજો ત્યાં બંદર પર લંગાર્યા અને ઘણી બધી ક્રય-વિક્રયની સામગ્રીઓ લઈ મિથિલા નગરીમાં પહોંચ્યા. શ્રમણો-પાસક અરહન્નક ભેટમાં આપવાયોગ્ય અન્ય સામગ્રીઓની સાથે દેવદત્ત કુંડળોની એક જોડી લઈને મિથિલાના રાજાને મળવા ગયો. મહારાજે અરહન્નકની સામે જ મલ્લીકુમારીને બોલાવીને કુંડળો એના કાનમાં ધારણ કરાવી દીધા, અને પછી એમણે અરહન્નક અને એના મિત્રોને ત્યાંથી સન્માનપૂર્વક વિદાય કર્યા. પોતાનું કાર્ય પૂર્ણ કરી તેઓ મિથિલાથી આગળ વધ્યા, પાછા જહાજોમાં પ્રવાસ કરતા-કરતા ચંપા નગરીમાં આવ્યા. પોતાની યાત્રા સુખરૂપ પૂરી થયાની અને યાત્રાનું આવશ્યક વર્ણન આપવા અરહન્નક રાજા ચંદ્રછાગ પાસે ગયા, અને સાથે રાજાને ભેટ આપવાયોગ્ય સામગ્રી અને દેવદત્ત કુંડળોની બીજી જોડી પણ લેતા ગયા. ચંપાનરેશ ચંદ્રછાગે ઘણા સ્નેહથી અરહન્નકનું સ્વાગત કર્યું અને સહર્ષ ભેટ સ્વીકારીને પૂછ્યું : "તમે તમારા પ્રવાસમાં ઘણી જગ્યાએ ગયા હશો, શું તમે ક્યાંક કોઈ અત્યંત અદ્ભુત દૃશ્ય કે વસ્તુ જોઈ ?" અરહન્નકે કહ્યું : "મેં મહારાજ કુંભને પણ આ જ પ્રકારનાં દિવ્ય કુંડળો ભેટ કર્યાં, જેને એમણે અમારી

સામે જ પોતાની રાજકુમારી મલ્લીને બોલાવીને પહેરાવી દીધાં. રાજકુમારી મલ્લીના તોલે તો માનવકન્યા શું દેવકન્યા પણ ન આવી શકે." મહારાજે અરહન્નક અને તેના બાકીના મિત્રોનો આદર-સત્કાર કરી વિદાય કર્યા અને પોતાના બધાથી કુશળ-દક્ષ દૂતને બોલાવીને આજ્ઞા આપી કે - "તું મિથિલાનરેશ કુંભ પાસે જઈ એમને આગ્રહ કર કે તેઓ એમની કન્યાનું સગપણ મારી સાથે કરી દે અને એમના આ ઉપકાર માટે હું મારું સંપૂર્ણ રાજ્ય એમને સોંપી શકું છું." મહારાજ ચંદ્રછાગની આજ્ઞા શિરોધાર્ય કરી દૂત તત્કાળ મિથિલા જવા રવાના થયો.

(૩) મહારાજ મહાબળના પૂર્વભવના ત્રીજા મિત્ર પૂરણનો આત્મા જયંત વિમાન પરથી દેવાયુ પૂર્ણ કરી કુણાલા જનપદની રાજધાની કુણાલા નગરમાં રૂપ્પી નામક કુણાલાધિપતિ થયો. જેનું શાસન શ્રાવસ્તી નગરીમાં હતું. એમની મહારાણી ધારિણીએ એક અત્યંત સ્વરૂપવાન કન્યાને જન્મ આપ્યો, જેનું નામ સુબાહુ રાખવામાં આવ્યું. એક વખત મહારાજ રૂપ્પીએ પોતાની કન્યા માટે મજ્જન મહોત્સવનું આયોજન કર્યું. એ મહોત્સવ-હેતુ એક વિશિષ્ટ પ્રકારની નગરી અને મંડપનું નિર્માણ કરવામાં આવ્યાં. મંડપમાં સ્વર્ણ અને રજતના કુંભોથી રાજકુમારીને સ્નાન કરાવવામાં આવ્યું અને જ્યારે એ વસ્ત્રાભૂષણોથી અલંકૃત થઈ પિતા પાસે આશીર્વાદ લેવા આવી તો રાજા રૂપ્પી રાજકુમારીનું અપ્રતિમ સૌંદર્ય જોઈ ચકિત રહી ગયો. એમણે વર્ષધર પુરુષોને બોલાવીને પૂછ્યું : "શું તમારામાંથી કોઈએ સુબાહુ જેવી સુંદર કન્યા જોઈ છે ?" એક વર્ષધર પુરુષે જવાબ આપ્યો : "મહારાજ, એક સમયે અમે મિથિલાનરેશની કન્યા મલ્લી માટે આયોજિત આવા જ અવસરે ઉપસ્થિત હતા. એની સમકક્ષ-તોલે તમારી કન્યા સુબાહુનું સૌંદર્ય લાખમાં ભાગનું પણ નથી." આ સાંભળી કુણાલાધિપતિનો ગર્વ ઠંડો થઈ ગયો અને તે મલ્લીકુમારીને મેળવવા માટે લલચાયો. એણે એના દૂત મિથિલાનરેશની પાસે મોકલ્યો અને સંદેશો આપ્યો કે - 'તેઓ એમની કન્યાનાં લગ્ન શ્રાવસ્તીનરેશ સાથે કરી દે.'

(૪) રાજકુમારી મલ્લીના અલૌકિક - અદ્‌ભુત સૌંદર્યની ખ્યાતિ કાશી-નરેશની પાસે પણ પહોંચી. કાશીનરેશનું નામ શંખ હતું, અને તે એમના ગતજન્મમાં મહારાજ મહાબળના મિત્ર અભિચંદ હતા. કોઈ એક વખતે અરહન્નક દ્વારા અપાયેલાં કુંડળમાંથી એક કુંડળની જોડ તૂટી જતાં મિથિલાનરેશે એમના સુનારો પાસે સંધાવવા માટે આપ્યા, પણ કોઈ

સુનાર આ કામ કરી શક્યો નહિ, જેથી ક્રોધિત થઈ રોષે ભરાઈ મહારાજ કુંભે બધા સ્વર્ણકારોને પોતાના રાજ્યમાંથી નિર્વાસિત કર્યા. નિકાસિત થતા તે બધા સ્વર્ણકાર કાશીનરેશ પાસે પહોંચ્યા અને ત્યાં વસવાટ કરી કામ કરવાની અનુમતિ માંગી, કાશીનરેશે જ્યારે સ્વર્ણકારોને નિર્વાસિત કરવાનું કારણ પૂછ્યું તો એમણે કુંડળવાળી ઘટના કહી અને કુંડળની સાથે રાજકુંવરી મલ્લીના રૂપ-લાવણ્યની પણ ચર્ચા કરતા કહ્યું કે - "મહારાજ, દેવી મલ્લીની સુંદરતામાં જે અલૌકિક કાંતિ છે, તે માનવ-કન્યામાં તો શું, દેવકન્યામાં પણ મળવી દુર્લભ છે." સુનારોના મુખે મલ્લીની સુંદરતાનું વર્ણન સાંભળી રાજા એના પર મુગ્ધ બન્યા. એમણે તત્કાળ પોતાના દૂત સાથે વિવાહનો પ્રસ્તાવ મિથિલા રવાના કર્યો, સાથે એવું પણ કહેવડાવ્યું કે - "એના બદલે કાશીનરેશ પોતાનું વિશાળ રાજ્ય પણ એમને આપવા માટે તૈયાર છે."

(૫) ભગવતી મલ્લીના દેહ-લાલિત્યની નામના ઊડતી-ઊડતી કુરુ સુધી પહોંચી ગઈ. મહારાજ મહાબળના પૂર્વભવના પાંચમા મિત્ર વસુનો જીવ જયંત વિમાનમાંથી સુદીર્ઘ વય પૂર્ણ થતા કુરુ જનપદની રાજધાની હસ્તિનાપુરમાં અદીનશત્રુ નામનો કુરુરાજ થયો. રાજકુંવરી મલ્લીના નાના ભાઈનું નામ મલ્લદિન્ન કુમાર હતું. એ ચિત્રકલાનો શોખીન હતો. એક વખત એણે એના પ્રમોદવનમાં ચિત્રકલાનું એક પ્રદર્શન રાખ્યું. રાજકુમાર મલ્લદિન્ન પોતે પણ પ્રદર્શન જોવા ગયો. ત્યાં તે પોતાની મોટી બહેન મલ્લીને જોઈ અચરજ પામ્યો અને શરમાઈ ગયો. સંકોચથી તે પોતાની બહેનની પાછળની તરફ ખસવાનો પ્રયત્ન કરવા લાગ્યો, તો એમની દાઈમાએ કહ્યું કે - "રાજકુમાર જેને જોઈ રહ્યા છે તે એમની સશરીરી બહેન નથી, પણ એમનું સજીવ લાગતું ચિત્ર છે." આ સાંભળી રાજકુમારને ગુસ્સો આવ્યો અને એણે એ ચિત્રકાર માટે પ્રાણદંડની આજ્ઞા આપી. જ્યારે એને ખબર પડી કે - 'ચિત્રકારે દેવી મલ્લીને નહિ, પરંતુ કોઈ એકાદ વખત એમના પગના અંગૂઠાને જોઈને એના આધારે જ પોતાની કલ્પનાથી રાજકુમારીનું પૂર્ણ ચિત્ર બનાવ્યું હતું' તો ચિત્રકારની અદ્ભુત ચિત્રકલાથી પ્રભાવિત ગણમાન્ય દર્શકો અને અન્ય મહાન ચિત્રકારોના અનુરોધ અને આગ્રહથી રાજકુમારે ચિત્રકારના અંગૂઠા છેદાવીને ત્યાંથી નિર્વાસિત કરવાનો આદેશ આપી દીધો. ચિત્રકાર ત્યાંથી નિર્વાસિત થઈ હસ્તિનાપુર પહોંચ્યો. હસ્તિનાપુરમાં એણે દેવી મલ્લીનું

ચિત્ર મહારાજ અદીનશત્રુને ભેટસ્વરૂપ આપ્યું. ચિત્ર જોઈને ને મલ્લીના સૌંદર્યના વખાણ સાંભળી મહારાજ મંત્રમુગ્ધ બન્યા. એમણે એમના એક કુશળ દૂતને બોલાવી મિથિલા જવા આદેશ કર્યો અને કહ્યું કે - "તે વિદેહનરેશ કુંભની કન્યાને પોતાની પટરાણી બનાવવા માટે વ્યગ્ર છે અને પોતાનું સંપૂર્ણ રાજ્ય પણ આપવા તૈયાર છે."

(૬) મહારાજ મહાબળના પૂર્વજન્મના છઠ્ઠા સાથી વૈશ્રમણનો જીવ જયંત વિમાનથી દેવાયુ પૂર્ણ થતા પાંચાલ જનપદની રાજધાની કામ્પિલ્યપુર નગરીમાં જિતશત્રુ નામક પાંચાલાધિપતિ થયો. નગરમાં રાજાનો ભવ્ય રાજમહેલ હતો, જેમાં ખૂબ જ મોટું ને સુરમ્ય અંતઃપુર હતું. અંતઃપુરમાં મહારાણી ધારિણી સાથે જિતશત્રુની બીજી એક હજાર રાણીઓ હતી, જે બધી જ અનિંદ્ય સુંદરીઓ હતી. મહારાજ કુંભના શાસનકાળમાં જ મિથિલામાં ચોખા નામની એક પરિવ્રાજિકા હતી. ચોખા પરિવ્રાજિકા ઘણી જ શાસ્ત્રજ્ઞ અને પારંગત વિદૂષી હતી. તે મિથિલામાં અલગ-અલગ સ્થળોએ શૌચમૂલકધર્મ, દાનધર્મ અને તીર્થાભિષેક વગેરેનું વ્યાખ્યા સહિત ઉપદેશ-બોધ અને આચરણથી એમનું પ્રદર્શન પણ કરતી હતી. એક સમયે તે અનેક પરિવ્રાજિકાઓ સાથે મિથિલાના રાજભવનમાં ગઈ. ત્યાં તેમણે ભગવતી મલ્લીના અંતઃપુરમાં શૌચધર્મ અને દાનધર્મનું મહત્ત્વ સમજાવતા એનું નિરૂપણ કર્યું. એમનું નિરૂપણ સાંભળ્યાં પછી મલ્લીકુમારીએ પૂછ્યું કે - "ધર્મનો મૂળ કોને માનવામાં આવ્યો છે ?" ચોખાએ કહ્યું કે - "ધર્મને શૌચમૂલક માનવામાં આવ્યું છે, અર્થાત્ ધર્મને માટે શુચિતા અને પવિત્રતા પરમ આવશ્યક છે, એટલા માટે જ્યારે કોઈ વસ્તુ અશુદ્ધ - અપવિત્ર થઈ જાય છે, તો આપણે એને માટી-પાણી વડે ધોઈને પવિત્ર કરીએ છીએ, એ જ પ્રમાણે જળ-સ્નાનથી શરીરની સાથે આત્માને પણ પવિત્ર બનાવી લેવામાં આવે છે." એના પર મલ્લીએ કહ્યું : "આ તો જાણે એવું છે કે જેમ કોઈ લોહીવાળા વસ્ત્રને લોહી વડે જ ધોઈને સાફ કરવાનો પ્રયાસ કરવામાં આવે; એનાથી તો એ વધુ ગંદુ, લોહીયુક્ત અને રક્તવર્ણ થશે. અસત્ય, હિંસા, મૈથુન, પરિગ્રહ, મિથ્યાપ્રદર્શન વગેરે કર્મોથી આત્મા કર્મ-મળમાં લપેટાયેલ હોય છે. આત્મા પર લાગેલો એ કર્મનો મેલ જળ-સ્નાન કે યજ્ઞાદિ કાર્યોથી ક્યારેય દૂર કરી શકાતો નથી, કારણ કે આ બધાં કાર્યો હિંસાત્મક અને પાપાચાર છે. જે પ્રમાણે રક્તરંજિત વસ્ત્રને સ્વચ્છ,

નિર્મળ કરવા માટે એને ક્ષાર(ખાર) વગેરેમાં ડુબાડીને અગ્નિમાં તપાવવામાં (ઉકાળવામાં) આવે છે અને પછી એને શુદ્ધ જળ (પાણી) વડે ધોવામાં આવે છે, એ જ પ્રમાણે પાપકર્મોથી પ્રલિપ્ત આત્માને પણ સમ્યક્ત્વરૂપી ક્ષારમાં બોળી તપશ્ચર્યાના અગ્નિમાં તપાવી સંયમના વિશુદ્ધ જળ (પાણી) વડે ધોઈને જ કર્મના મેલથી મુક્તિ મેળવી શકાય છે."

મલ્લીદેવીનું આ સ્પષ્ટ વિવેચન સાંભળી ચોખા પરિવ્રાજિકા અનુત્તર થઈ ગઈ અને ચુપચાપ એમની તરફ અનિમેષ જોતી રહી ગઈ. થોડા સમય પછી ચોખાએ અન્ય પરિવ્રાજિકાઓ સાથે મિથિલાથી પાંચાલ તરફ પ્રયાણ કર્યું. ત્યાં પહોંચી ચોખા પરિવ્રાજિકા પોતાની શિષ્યાઓને લઈને પાંચાલ રાજ્યના કામ્પિલ્ય નગરમાં પહોંચી અને ત્યાં લોકોને પોતાના શૌચમૂલક-ધર્મનો ઉપદેશ આપવા લાગી. એક દિવસે તે એની શિષ્યાઓની સાથે રાજાના અંતઃપુરમાં ગઈ. રાજાએ એનું સ્વાગત કર્યું અને પોતાના રાણીવાસનાં બહોળાં કુટુંબ સાથે એમનો ધર્મોપદેશ સાંભળ્યો. ધર્મોપદેશના સમયે પણ રાજાનું ચિત્ત એમની સુંદર રાણીઓનાં વસ્ત્ર-ભૂષણોની તરફ જ હતું. તે મનોમન જ એના અતુલ ઐશ્વર્ય પર અભિમાન કરી રહ્યો હતો. ધર્મોપદેશ પૂર્ણ થતાં જ રાજાએ ચોખાને પૂછ્યું : "તમે તમારા ધર્મોપદેશો માટે મોટાં-મોટાં ઐશ્વર્યયુક્ત અંતઃપુરમાં જતાં હશો, શું તમે આવું વિસ્તૃત અને અવર્ણનીય અનિંદ્ય સુંદરીઓથી ભરેલું અંતઃપુર અન્યત્ર ક્યાંયે જોયું છે ?" મહારાજનો પ્રશ્ન સાંભળી ચોખા પરિવ્રાજિકા થોડા સમય સુધી મલકાતી રહી, પછી બોલી : "વિદેહરાજ મિથિલેશની કન્યા મલ્લીકુમારીને અમે જોઈ છે. વસ્તુતઃ તે સંસારની સર્વોત્તમ સુંદરી છે. એની સામે સમસ્ત દેવકન્યાઓ અને નાગકન્યાઓનું સૌંદર્ય ફિક્કું છે. એના રૂપની સામે તમારું આ અંતઃપુર તુચ્છ અને નગણ્ય છે." આટલું કહી ચોખા પોતાના રહેણાંકના સ્થાને જતી રહી. મલ્લીનું સૌંદર્યવર્ણન સાંભળી મહારાજ જિતશત્રુએ પોતાના દૂતને મિથિલા તરફ પ્રયાણ કરવાની આજ્ઞા આપીને કહ્યું કે - "તું મિથિલાનરેશને નિવેદન કર કે - 'હું મારુ સંપૂર્ણ પાંચાલ આપીને પણ એમની કન્યા સાથે લગ્ન કરવા કૃત-સંકલ્પ છું.'"

પ્રતિબુદ્ધિ આદિ છએ છ રાજાઓ દ્વારા મહારાજ કુંભની પાસે મોકલેલા છએ છ દૂતો સંજોગવશાત્ એક જ સાથે મિથિલા પહોંચ્યા અને એક-બીજાને મળ્યા પછી એકસાથે જ રાજાના દરબારમાં ગયા. આદર-અભિવાદન

પત્યા પછી બધા દૂતોએ પોત-પોતાના મહારાજના અભિપ્રાય - મત મહારાજ કુંભની પાસે રજૂ કર્યા. દૂતોના મોઢે છએ છ રાજાઓના કુમારી મલ્લીની સાથેના વિવાહ-પ્રસ્તાવની વાત સાંભળી મહારાજ કુંભના ગુસ્સાની કોઈ સીમા ન રહી. એમણે આવેશમાં આવી જઈ એ દૂતોને કહ્યું : "જઈને પોત-પોતાના રાજાઓને કહી દો કે - 'એમાંના એક પણ રાજા સાથે હું મારી કન્યાના વિવાહ કરીશ નહિ.'" રાજમહેલ-ભવનમાંથી નીકળી બધા દૂતોએ પોત-પોતાના રાજ્યની વાટ પકડી. એમણે પોતાના રાજાઓને મિથિલાનરેશના ક્રોધ અને આવેશાત્મક ઉત્તર સંભળાવ્યો કે - 'મહારાજ કુંભ એમની રાજકુમારીનુ લગ્ન કોઈ પણ શરતે અને કોઈ પણ કિંમતે તમારી સાથે કરવા તૈયાર નથી.'

દૂતોના મોઢે મહારાજ કુંભનો નકારાત્મક જવાબ સાંભળી જિતશત્રુ આદિ છએ છ રાજાઓએ દૂતોના માધ્યમથી અંદરખાને સંદેશ મોકલી નિર્ણય લીધો કે - 'રાજા કુંભે અમારા દૂતોને એકસાથે અપમાનિત કરી એમના મહેલમાંથી કાઢી મૂક્યા અને અમારા આગ્રહ અને અનુરોધને ઠોકર મારી અમારું અપમાન કર્યું છે, એટલે આપણે બધા સાથે મળી મિથિલા ઉપર આક્રમણ કરીએ ને મહારાજ કુંભને પરાસ્ત કરી આપણા અપમાનનો બદલો લઈએ.' આ પ્રમાણે નિર્ણય લઈ બધા રાજાઓએ પોત-પોતાની સેના સાથે મિથિલા તરફ પ્રયાણ કર્યું. જ્યારે મહારાજ કુંભને ખબર પડી કે - 'પ્રતિબુદ્ધિ વગેરે છએ છ રાજા મિથિલા પર આક્રમણ કરવા માટે આવી રહ્યા છે,' તો એમણે એમનું લશ્કર તૈયાર કર્યું અને રાજ્યની સીમા પર એમનો સામનો કરવા માટે એમનાથી પહેલાં પહોંચી ગયા.

થોડી જ વારમાં બધા રાજાઓની વિશાળ સેના આવી ગઈ અને આક્રમણ કરી દીધું. બધા રાજાઓની ભેગી સેના સામે મહારાજ કુંભની સેના વધુ સમય ટકી ન શકી અને પીછેહઠ કરવા લાગી. રાજા કુંભને બધા રાજાઓએ ઘેરી લીધો. પોતાના પ્રાણ સંકટમાં જોઈ રાજા નિરાશ થયા. એમણે તરત જ એમની સેનાને પાછા ફરવાનો આદેશ આપ્યો અને મિથિલા પહોંચી બધાં જ પ્રવેશદ્વારો બંધ કરાવી દીધાં. આ રીતે શત્રુઓના આવાગમનના બધા રસ્તા બંધ કરાવી નગરની રક્ષા-વ્યવસ્થા અને ભવિષ્યની રણનીતિ પર વિચાર કરવા લાગ્યા.

મહારાજ કુંભ એમની સેનાની સાથે પાછા ફર્યા, તો બધા રાજાઓ એમની સેના સાથે એમની પાછળ ગયા અને મિથિલા પહોંચી ચારેય

તરફથી એમને ઘેરી લીધા. મિથિલાનરેશને કોઈ રાજાની સહાયતા મળવી તો દૂર, આમજનતાનું બહાર આવવા-જવાનું પણ મુશ્કેલ થઈ ગયું. આ પ્રમાણે રાજ્યને ઘેરાયેલું જોઈ રાજા કુંભ કિંકર્તવ્ય વિમૂઢ થઈ ગયા. કેટલાયે દિવસો સુધી પોતાના પિતાના દર્શન ન થવાના લીધે મલ્લીકુમારી સ્વયં રાજા પાસે ગઈ, પણ મહારાજ એટલા ચિંતાતુર હતા કે એમનું મલ્લી તરફ ધ્યાન જ ન ગયું. ત્યારે મલ્લીએ મહારાજને પૂછ્યું : "તાત ! શું વાત છે કે આજે તમે આટલા ચિંતાતુર છો કે મારા આવવાની ખબર પણ ન પડી ?" મહારાજે કહ્યું : "એવી વાત નથી, વસ્તુતઃ હું તારા વિષયમાં જ ચિંતિત છું. તારી સાથે વિવાહ કરવાનો પ્રસ્તાવ લઈને છ રાજાઓએ એમના દૂત મારી પાસે મોકલ્યા હતા. મેં એમનો પ્રસ્તાવ અસ્વીકાર કર્યો અને રાજદૂતોને અપમાનિત કરી પાછા મોકલ્યા હતા. માટે હવે એમણે બધાએ સાથે મળી મિથિલા પર આક્રમણ કરી દીધું છે અને મિથિલાને ઘેરીને બેઠા છે. મારી સમજમાં નથી આવતું કે હવે શું કરવામાં આવે ?" પિતાની આ વાત સાંભળી મલ્લીકુમારી બોલી : "તમે એમની પાસે જુદા-જુદા દૂત મોકલી દરેક રાજાને કહો કે - 'તમે એમને તમારી કન્યા આપવા રાજી છો' પછી રાતના સમયે એમને અલગ-અલગ બોલાવી અલગ-અલગ ગર્ભગૃહોમાં રોકાણ કરાવો, પછી મિથિલાનાં બધાં જ પ્રવેશદ્વાર બંધ કરાવી બધા રાજાઓને અહીં રોકી આત્મરક્ષાનો પ્રબંધ કરો." મહારાજે એવું જ કર્યું અને રાત્રિના સમયે છએ છ રાજાઓને અલગ-અલગ બોલાવી અલગ-અલગ ગર્ભગૃહોમાં રોકાણ કરાવ્યું.

સૂર્યોદય થતા જ ગર્ભગૃહના સંવાતક - વાતાયનમાંથી દરેક રાજા રાજકુમારી મલ્લીની એ પ્રતિકૃતિને સાચે જ મલ્લીકુમારી સમજી એના રૂપ-લાવણ્ય પર અત્યંત આસક્ત થઈ મોહી પડી અનિમેષ જોતા રહી ગયા. એ સમયે રાજકુમારી પ્રતિમા-પૂતળા પાસે જઈને પ્રતિમાના માથાના છિદ્ર પરનું ઢાંકણ દૂર કર્યું તો આખું વાતાવરણ અસહ્ય દુર્ગંધયુક્ત થઈ ગયું. બધા રાજાઓએ એમના નાકને એમના ઉત્તરીય કપડા વડે દાબી દઈ બીજી તરફ મોઢું ફેરવી બેસી ગયા.

રાજાઓએ ઉત્તર આપ્યો : "રાજકુમારીજી, અમે આ અસહ્ય દુર્ગંધને લેશમાત્ર પણ સહન નથી કરી શકતા." એના પર રાજકુમારીએ કહ્યું : 'આ કનક-સુવર્ણ પ્રતિમામાં દરરોજ મારા માટે જ બનેલ અત્યંત સ્વાદિષ્ટ ભોજન, પાન અને ખાદ્ય તેમજ સ્વાદ્ય ખોરાકનો માત્ર એક-એક કોળિયો,

-ગ્રાસ નાખવામાં આવતો રહ્યો છે. નાખવામાં આવેલ એ જ આહારના ફળસ્વરૂપ આ પ્રકારની દુર્ગંધમય વિકૃતિ ઉત્પન્ન થઈ શકે છે, તો જાત-જાતના અશૌચથી ભરેલા, જાત-જાતના રોગોના ઘર, અસ્થિ, હાડકાં, ચર્મ-ચામડાથી બનેલા આ શરીરમાં દરરોજ નાખવામાં આવેલ પર્યાપ્ત ખાદ્યાન્નનું પરિણામ કેટલું દુર્ગંધપૂર્ણ હોઈ શકે છે ? માટે હે દેવાનુપ્રિયો ! આ શાશ્વત-સનાતન સત્યને ધ્યાનમાં રાખીને તમારે આ સાંસારિક કામ-ભોગોમાં ફસાવું ન જોઈએ.

યાદ કરો, આપણે સાતે સાત જણા આ જન્મના પહેલાના ત્રીજા જન્મમાં મહાવિદેહ ક્ષેત્રના સલિલાવતી વિજય ક્ષેત્રની રાજધાની વીતશોકા નગરીના સમવયસ્ક સખા, અનન્ય મિત્ર રાજપુત્ર હતા. આપણે જીવનમાં બધાં કામ સાથે જ કર્યાં, શ્રમણદીક્ષા પણ સાથે જ લીધી અને મુનિ બનીને બધાં જ તપ સાથે મળીને સમાન રૂપે કરવાનો નિર્ણય લીધો. મુનિજીવનની પ્રારંભિક અવસ્થામાં તમારા લોકોથી સંતાડીને વધારે તપ કરવાના કર્મના ફળરૂપે મને આ જન્મમાં સ્ત્રી અવતાર મળ્યો. આગળ જતા આપણે બધાએ વિશુદ્ધભાવથી એક સમાન દુષ્કર તપ-સાધના કરી. તીર્થંકર નામકર્મ મળે એવાં વીસ સ્થાનોની સાધના મેં ઉત્કટ રૂપે ઘણી વાર કરી, પરિણામે મેં તીર્થંકર નામકર્મને મેળવ્યું. આપણે બધા પોત-પોતાનાં તપ અને સાધનામાં લીન રહ્યાં. અંતે આપણે બધા સાતેય મુનિઓએ ચારુ પર્વત પર જઈ સંલેખનાપૂર્ણ સાથે જ પાદપોપગમન સંથારા કર્યા અને સમાધિપૂર્વક જીવન સમાપ્ત કરી જયંત નામે અનુત્તર વિમાનમાં અહમિન્દ્ર થયા. તમારા લોકોની જયંત વિમાનની અવધિ મારા કરતાં થોડી ઓછી હોવાના લીધે તમે લોકો મારા કરતાં પહેલાં જ ચ્યુત થઈ આ જન્મમાં છ જનપદોના રાજા બન્યા. મેં મારી ૩૨ સાગરની અવધિ પૂર્ણ કરી અહીં જન્મ લીધો. તમે બધા તમારા દેવભવનું સ્મરણ કરો, જેમાં આપણે શપથ લીધા હતા કે - 'અમે બધા દેવલોકથી ચ્યવન કર્યા પછી એકબીજાને પ્રતિબોધિત કરીશું."

કુમારી મલ્લીના મુખે પોતાના બે પૂર્વજન્મોની કથની સાંભળી બધા રાજા વિચારમગ્ન થયા. એ જ અવસ્થામાં એમને જાતિસ્મરણનું જ્ઞાન થયું. બધા જ રાજા એકસાથે દેવી મલ્લી પાસે પહોંચ્યા. મલ્લીએ કહ્યું : "હું તો સાંસારિક જીવનથી ઉદ્વિગ્ન છું અને પ્રવ્રજિત થઈ જઈશ. તમે બધા તમારી ઈચ્છાનુસાર નિર્ણય લેવા માટે સ્વતંત્ર છો." દેવી મલ્લીની

વાત સાંભળી એમણે કહ્યું કે - "આવી પરિસ્થિતિમાં અમે પણ પ્રવ્રજિત થવાનું પસંદ કરીશું, જેથી પહેલાના ભવની જેમ આ ભવમાં પણ તમારું માર્ગદર્શન મળતું રહે." એ બધા રાજાઓને દેવી મલ્લી એમના પિતા મહારાજ કુંભ પાસે લઈ ગઈ. રાજાઓએ એમના ચરણસ્પર્શ કરી નમન કર્યું. મહારાજે એમનું યોગ્ય આદર-સન્માન કર્યું. પછી તેઓ બધા ત્યાંથી વિદાય લઈ પોત-પોતાનાં રાજ્યોમાં જતા રહ્યા.

દીક્ષા લેવાનો પોતાનો નિર્ણય દેવી મલ્લીએ એમના પિતાને જણાવી એમની પાસે અનુમતિ લઈ વર્ષીદાન શરૂ કર્યું. મહારાજા કુંભે મિથિલા નગરીમાં અનેક સ્થળોએ ભોજનશાળા ખોલાવી દીધી. માંગનારને એની માગણી પ્રમાણે દાન આપવામાં આવ્યું. વર્ષીદાન સમાપ્ત થતા મલ્લી-કુમારીએ પ્રવ્રજ્યા ગ્રહણ કરવાનો વિચાર કર્યો. લોકાંતિક દેવોએ મર્યાદામાં રહી સંયમ ગ્રહણ કરવાની પ્રાર્થના કરી. મહારાજે એમના કુટુંબીજનોને આદેશ આપી તીર્થંકરના નિષ્ક્રમણાભિષેક માટે જરૂરી બધા જ પ્રકારની સામગ્રીઓ જલદી લાવવાની આજ્ઞા આપી. દેવરાજ ઈન્દ્રએ પણ દેવોને આદેશ આપી દેવી મલ્લીના દીક્ષા-સમારંભ માટે દેવો તરફની બધી જ જરૂરી વ્યવસ્થાઓ કરાવડાવી. મહારાજ કુંભની બધી સામગ્રીઓની સાથે દેવતાઓ દ્વારા લાવવામાં આવેલ કળશ વગેરે બધો સામાન પણ મૂકી દેવામાં આવ્યો. નક્કી કરેલા સમયે દેવરાજ અને મહારાજે મલ્લીદેવીનો એ કળશો વડે અભિષેક કર્યો. અભિષેક પત્યા પછી દેવીને સિંહાસન પર બેસાડી ખાસ વસ્ત્રાલંકારથી અલંકૃત કરવામાં આવી. ત્યાર પછી મહારાજે એમનાં કુટુંબીઓને મનોરમા નામક શિવિકા (પાલખી) લાવવા માટે કહ્યું. દેવરાજે પણ કેટલાયે સ્તંભો(થાંભલા)વાળી દિવ્ય અને સુરમ્ય શિવિકા (પાલખી) મંગાવી. દૈવી પ્રભાવથી ઈન્દ્ર દ્વારા મંગાવાયેલી પાલખી મહારાજની મનોરમા પાલખી સાથે એકાકાર થઈ ગઈ. પછી દેવીએ પાલખીમાં બેસી વિશાળ શોભાયાત્રા દ્વારા મિથિલા નગરીના મુખ્ય રાજમાર્ગમાંથી પસાર થતી સહસ્રામ્રવનમાં અશોક વૃક્ષની નીચે આવી. ત્યાં દેવી મલ્લીએ પોતાના હાથો વડે બધાં આભૂષણ ઉતારી સ્વયંના કેશો(વાળ)નો પંચમુષ્ટિ લોચ કર્યો. કેશોને ઈન્દ્રએ શ્વેત વસ્ત્રમાં રાખી ક્ષીરસાગરમાં પધરાવી દીધાં. અષ્ટમતપની સાથે અર્હત્ મલ્લીએ 'ણમોત્થુણં સિદ્ધાણં' બોલીને સિદ્ધોને પ્રણામ કરી સામાયિક ચારિત્ર ધારણ

કર્યું. એ ધારણ કરતા જ ભગવતીને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું અને ચાર જ્ઞાનની ધારિણી બની. એ સમયે પોષ મહિનાના શુક્લ પક્ષના એકાદશનો દિવસ હતો, અને અશ્વિની નક્ષત્રનો યોગ હતો. મહાદેવી સાથે એમના આભ્યંતર પરિષદની ત્રણસો (૩૦૦) સ્ત્રીઓએ અને બાહ્ય પરિષદના ત્રણસો (૩૦૦) પુરુષોએ પણ મુંડન કરી દીક્ષા ધારણ કરી. સાથે જ નંદ, નંદિમિત્ર, સુમિત્ર, બલમિત્ર, ભાનુમિત્ર, અમરપતિ, અમરસેન અને મહાસેન નામક આઠ રાજકુમારોએ પણ પ્રવ્રજ્યા લીધી. ચાર પ્રકારના દેવોએ ભગવતી મલ્લીના અભિનિષ્ક્રમણનું ખૂબ મહિમાગાન કર્યું અને નંદીશ્વર નામક દ્વીપમાં આઠ દિવસીય મહોત્સવ ઉજવ્યો અને પછી એમના લોકમાં સિધાવ્યા.

## કેવળજ્ઞાન

પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી એ જ દિવસે ભગવતી મલ્લી અશોક વૃક્ષ નીચે પદ્માસનમાં ધ્યાન અવસ્થામાં મગ્ન થઈ ગયાં. એમણે શુભ પરિણામ, પ્રશસ્ત અધ્યવસાય અને વિશુદ્ધ લેશ્યાઓ દ્વારા ઘનઘાતિક કર્મોનાં સંપૂર્ણ આવરણોનો નાશ કરનારા અપૂર્વકરણમાં પ્રવેશ કર્યો અને ઘણા ઓછા સમયમાં બાર ગુણસ્થાનો પાર કરી દિવસના પશ્ચિમ પ્રહર(સૂર્યાસ્ત પછી)માં કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરી લીધું. એ દિવસ પોષ શુક્લ એકાદશીની તિથિ અને અશ્વિની નક્ષત્રનો યોગ હતો. આ પ્રમાણે ભગવતી મલ્લીનો છદ્મસ્થકાળ એક પ્રહરથી થોડો વધુ અથવા દોઢ પ્રહરનો રહ્યો. આટલા ઓછા સમયમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન ભ. મલ્લીનાથના પહેલાં અને પછી કોઈ પણ તીર્થંકરને ઉપલબ્ધ થયો ન હતો. આ ભગવાન મલ્લીનાથની વિશિષ્ટતા રહી. ભ. મલ્લીનાથનું પ્રથમ પારણું પણ કેવળજ્ઞાનમાં જ મિથિલાના મહારાજ કુંભના અધીન રાજા વિશ્વસેનને ત્યાં સંપન્ન થયું.

## પ્રથમ દેશના અને તીર્થ સ્થાપના

ભ. મલ્લીનાથને કેવળજ્ઞાન પ્રાપ્ત થવાનો આભાસ થતા જ દેવ-દેવેન્દ્રોએ કેવળજ્ઞાન મહોત્સવ ઉજવીને પંચદિવ્યોની વર્ષા કરી અને એ જ આમ્રવનમાં સમવસરણની રચના કરી. ભગવાનનાં કેવળજ્ઞાન-પ્રાપ્તિના સમાચાર વાયુવેગે સર્વત્ર પ્રસારિત -ફેલાઈ ગયા. મહારાજ કુંભ, મહારાણી પ્રભાવતી, સમસ્ત કુટુંબીજનો, પુરજનો અને વિશાળ જનમેદની ત્યાં

ઉપસ્થિત થઈ. પ્રતિબુદ્ધિ વગેરે છ રાજા પણ પોત-પોતાનો રાજ્યભાર એમના યુવરાજોને સોંપી વિશાળ પાલખીઓમાં બેસી દીક્ષા ગ્રહણ કરવાના ઇરાદાથી સમવસરણમાં પહોંચ્યા. આ પ્રમાણે દેવી-દેવતાઓ અને નર-નારીઓના વિશાળ સમવસરણમાં દેવકૃત ઉચ્ચ સિંહાસન પર બેસી પ્રભુ મલ્લીએ એમની પ્રથમ અમોઘ દિવ્ય દેશનામાં સંસારના દરેક પ્રકારનાં દુઃખોનો અંત આણી જગતના જીવોના કલ્યાણ કરનારા ધર્મના ખરા સ્વરૂપની લોકોને સમજ આપી. ઉપસ્થિત શ્રોતાગણો માટે તો આ સમવસરણનો એક અલૌકિક અનુભવ હતો. સ્વયં મહારાજ કુંભે શ્રાવકધર્મ ને મહારાણીએ શ્રાવિકાધર્મ અંગીકાર કર્યો. જિતશત્રુ વગેરે છએ છ રાજાઓએ શ્રમણધર્મની દીક્ષા ધારણ કરી. આગળ જતા તેઓ ચતુર્દશપૂર્વ-ધર અને ત્યાર બાદ કેવળી થઈ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા. આ રીતે ચતુર્વિધ ધર્મતીર્થની સ્થાપના કરી ભ. મલ્લી ભાવ-તીર્થંકર કહેવાયાં.

ભ. મલ્લીનાથના પ્રથમ શિષ્ય અને પ્રમુખ ગણધરનું નામ ભિષક હતું અને પ્રથમ શિષ્યા અને સાધ્વી સંઘની પ્રવર્તિનીનું નામ બંધુમતી હતું. ભ. મલ્લીનાથના પહેલાં અને પછીના બધા જે તીર્થંકરોની એક જ પ્રકારની પરિષદ હતી. પરંતુ ભ. મલ્લીનાથની સાધ્વીઓની આભ્યંતર (આંતરિક) અને સાધુઓની બાહ્ય પરિષદ નામની બે પરિષદો હતી. ભગવાન મલ્લીનાથે ૫૪૯૦૦ વર્ષો સુધી અનેક ક્ષેત્રોમાં વિચરણ કરતા રહીને લાખો ભવ્ય આત્માઓને ધર્મમાર્ગે દોરીને એમનું કલ્યાણ કર્યું. અંતે ભગવાન સમેત શિખર પર પહોંચ્યા.

ત્યાં એમણે પોતાનાં એક હજાર સાધુ-સાધ્વીઓની સાથે પાદપોપ-ગમન સંથારો કરી નિર્જળ અનશનનું પ્રત્યાખ્યાન કર્યું. શાંત-સ્થિર ભાવથી પ્રભુએ શેષ ચાર અઘાતીકર્મોનો લોપ કરી પોતાનો ૫૫ હજાર વર્ષનો જીવનકાળ સમાપ્ત કરી ચૈત્ર શુક્લ ચતુર્થીની અડધી રાત્રે ભરણી નક્ષત્રના યોગમાં ૧ મહિનાનું અનશન પૂર્ણ કરી એક હજાર સાધુ-સાધ્વીઓની સાથે નિર્વાણ મેળવ્યું.

ભ. મલ્લીનાથના ધર્મસંઘમાં ૨૮ ગણ અને ૨૮ ગણધર, ૩૨૦૦ કેવળી, ૮૦૦ મનઃપર્યવજ્ઞાની, ૨૦૦૦ અવધિજ્ઞાની, ૬૦૦ ચૌદપૂર્વધારી, ૩૫૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૧૪૦૦ વાદી, ૪૦૦૦૦ સાધુ, ૫૫૦૦૦ સાધ્વીઓ, ૨૦૦૦ અનુત્તરોપપાતિક મુનિ, ૧૮૪૦૦૦ શ્રાવક અને ૩૬૫૦૦૦ શ્રાવિકાઓનો વિસ્તૃત સમૂહ હતો.

# સુભૂમ ચક્રવર્તી

ભરત ક્ષેત્રના આઠમા ચક્રવર્તી સમ્રાટ સુભૂમ જૈન ધર્મના અઢારમા તીર્થંકર અને સાતમા ચક્રવર્તી ભગવાન અરનાથ અને ઓગણીસમા તીર્થંકર ભગવાન મલ્લીનાથના અંતરકાલમાં થયા. સુભૂમ હસ્તિનાપુરના પ્રસિદ્ધ મહાશક્તિશાળી રાજા કાર્તવીર્ય સહસ્રાર્જુનના પુત્ર હતા. એમની માતાનું નામ તારા હતું.

આચાર્ય શીલાંકના 'ચઉપ્પન્નમહાપુરિસચરિયં'માં સમ્રાટ સૂભૂમનો પરિચય મળે છે. એ અનુસાર જમ્બૂદ્વીપના ભરતખંડમાં હસ્તિનાપુર નામક એક નગર હતું. એ નગરની પાસે વિશાળ વનમાં તાપસ લોકોનો એક આશ્રમ હતો. એ આશ્રમના પ્રમુખ તપસ્વીનું નામ જમ અથવા યમ હતું. એક દિવસે એક અનાથ બ્રાહ્મણ-બાળ એના મિત્રોથી વિખૂટો પડી અહીં-તહીં ભટકતો-ભટકતો એ આશ્રમમાં આવી પહોંચ્યો. તપસ્વી જમે એ બાળકને પોતાની પાસે રાખ્યો. થોડા વખત પછી એ બાળક સંન્યાસી બન્યો, જેને 'અગ્નિ' નામ આપવામાં આવ્યું. આગળ જતા બાળકના નામની સાથે એના ગુરુનું નામ પણ જોડાઈ ગયું અને એ નામે તેને બોલાવાતા એનું નામ 'જમદગ્નિ' પ્રસિદ્ધ થઈ ગયું. ઘોર તપસ્યા કરવાને લીધે તેમની ગણના તપસ્વીમાં થવા લાગી.

એક વખત રાતના સમયે જ્યારે મહર્ષિ જમદગ્નિ એના આશ્રમના એક ઝાડની નીચે ઘોર તપસ્યામાં મગ્ન હતો, ત્યારે બે દેવ એની પરીક્ષા લેવાના હેતુથી નર-ચાતક અને માદા-ચાતકના રૂપે ઝાડ પર બેસી ગયા. માદા-ચાતકે નર-ચાતકને પૂછ્યું : "આ ઝાડની નીચે એક પગ પર ઊભો રહી તપ કરી રહ્યો છે, શું તે એની તપસ્યાના પ્રભાવથી આગલા ભવમાં સ્વર્ગનાં સુખોનો અધિકારી બનશે ?"

ચાતકે જવાબ આપ્યો : "નહિ."

એથી માદા-ચાતકે આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું : "આખરે શા માટે ? આટલો મોટો તપસ્વી જો સ્વર્ગનાં સુખોનો અધિકારી નહિ થશે તો બીજો કોણ સ્વર્ગનાં સુખોને મેળવી શકે છે ?"

એના અનુસંધાનમાં નર-ચાતકે કહ્યું : "અપુત્રસ્ય ગતિર્નાસ્તિ" આ વચન અનુસાર જેનો પુત્ર નથી હોતો તે મોક્ષ નથી મેળવી શકતો, ભલે તે કેટલોય મોટો તપસ્વી કેમ ન હોય ! આ તપસ્વીને કોઈ પુત્ર નથી."

ઉપરોક્ત વાર્તાલાપ સાંભળી જન્મદગ્નિ વિચારવા લાગ્યા. એમણે વિચાર્યું - 'બંને પક્ષી બરાબર જ તો કહી રહ્યા છે. પુત્ર વગર તપસ્યા કરી મુક્તિ પ્રાપ્ત કરવાની આશા કરવી મૃગજળની પાછળ ભાગવા જેવું છે. અતઃ હું તપસ્યા છોડી પહેલા કોઈ કુળવાન સુંદરી સાથે વિવાહ કરી પુત્ર મેળવવાનો પ્રયત્ન કરીશ.' મનમાં આ વિચાર આવતાં જ બીજા દિવસે ઋષિ જમદગ્નિ એમના દંડ-કમંડળ લઈ મિથિલા તરફ ચાલી નીકળ્યા. મિથિલા પહોંચીને એમણે રાજાને કહ્યું : "હું વિવાહ કરવા માંગુ છું, તમારી ૧૦૦ કન્યાઓમાંથી કોઈ એક રાજકન્યા મને આપી દો."

'આદેશ ન માનતા તપસ્વી કોઈ અનિષ્ટ ન કરી દે,' એવું વિચારી રાજા બોલ્યા : "ભગવન્ ! તમે તમારી ઇચ્છાનુસાર મારી કોઈ પણ રાજકન્યાને પસંદ કરી શકો છો." જમદગ્નિએ રાજાની રેણુકા નામની કન્યાને પસંદ કરી, અને વિવાહ કરી રેણુકાને લઈને તપોવનમાં પાછા ફર્યા.

રેણુકાની એક બહેનનું નામ તારા હતું. તારાના વિવાહ હસ્તિનાપુરનાં કૌરવવંશીય નરેશ કાર્તવીર્ય સહસ્રાર્જુન સાથે થયું હતું. સમય જતા રેણુકાએ એક પુત્રને જન્મ આપ્યો. જમદગ્નિએ એમના એ પુત્રને પોતાનું પરશુ આપી અને એનું નામ પરશુરામ રાખ્યું. એક વખત રેણુકા એની બહેન તારાને ત્યાં ગઈ. હસ્તિનાપુરના રાજમહેલમાં તારાએ રાજસી વૈભવની સાથે એનું આતિથ્ય કર્યું. રાજમહેલના સુખભોગોથી આકર્ષાઈને રેણુકા કાર્તવીર્ય પર મોહિત થઈ ગઈ અને એની સાથે કામ-ભોગોમાં મશગૂલ રહેવા લાગી. જમદગ્નિને જ્યારે આ વાતની જાણ થઈ, તો તે રેણુકાને પોતાના આશ્રમમાં લઈ આવ્યાં. એમણે રેણુકાના ચારિત્ર્યશૈથિલ્યની વાત પુત્ર પરશુરામને કરી, તો પુત્રએ પરશુથી એની માતાનું મસ્તક કાપી નાખ્યું. રેણુકાની હત્યાના સમાચાર સાંભળી કાર્તવીર્ય જમદગ્નિના આશ્રમમાં પહોંચ્યા. ત્યાં રેણુકાના હત્યારા પરશુરામને ન જોતા તપસ્વી જમદગ્નિની જ હત્યા કરી નાંખી. કાર્તવીર્ય દ્વારા પોતાના પિતાની હત્યાના સમાચાર જાણી પરશુરામની ક્રોધની સીમા ન રહી. એણે હસ્તિનાપુર જઈ કાર્તવીર્યને મારી નાંખ્યો અને ક્ષત્રિયોના નાશનો સંકલ્પ લઈ લીધો. પરશુરામે પૃથ્વીને નક્ષત્રિય કરવા માટે ફરી-ફરીને સાત વખત ક્ષત્રિયોનો સામૂહિક સંહાર કર્યો.

કાર્તવીર્યના વધના સમયે તેની રાણી તારા ગર્ભવતી હતી. એણે એનો જીવ બચાવવા માટે વેશ બદલી હસ્તિનાપુરના મહેલને છોડીને એક તપસ્વીના આશ્રમમાં ભૂગર્ભમાં રહેવા લાગી. સમય જતા તેણે એક પુત્રને જન્મ આપ્યો. જેના મોઢામાં જન્મથી જ દાંત અને દાઢો હતી. માતાના

ગર્ભથી નીકળતા જ આ બાળક ભૂમિતળને એની દાઢોથી પકડીને ઊભો થઈ ગયો. માટે માતાએ એનું નામ સુભૂમ રાખ્યું. ભૂગર્ભમાં જ બાળકનું લાલન-પાલન થયું અને ત્યાં જ મોટો થયો. આશ્રમના તપસ્વી-આચાર્યએ સુભૂમને દરેક પ્રકારની વિદ્યાઓ શીખવી. મોટા થતા સુભૂમે એની માતાને પૂછ્યું કે - "મારા પિતા કોણ છે અને આ ભૂગર્ભમાં મને શા માટે રાખ્યો છે ?" સુભૂમના વારંવાર આગ્રહને વશ થઈ તારાએ બધો વૃત્તાંત એને સંભળાવ્યો. પોતાના પિતાના હત્યારાનું નામ સાંભળી સુભૂમ ક્રોધજ્વાળામાં સળગવા લાગ્યો. એણે પૂછ્યું : "મા ! મારો એ પિતૃઘાતી અધમ ક્યાં રહે છે ?" માતાએ કહ્યું : "એ નૃશંસ પાસેના જ નગરમાં રહે છે. પોતાના વડે મરાયેલા ક્ષત્રિયોની સંખ્યાની જાણકારી રાખવા માટે એણે માર્યા ગયેલા ક્ષત્રિયોની એક-એક દાઢ ઉખેડીને બધી દાઢો એક મોટા થાળમાં ભેગી કરી રાખી છે. કોઈક જ્યોતિષે એને કહ્યું છે કે - 'સમય જતા કોઈ એવી વ્યક્તિ આવશે, જેના સિંહાસન પર બેસતાં જ આ દાઢોથી ભરેલો થાળ ખીર ભરેલો થાળ બની જશે.' એ વ્યક્તિ ખીરને પી જશે અને પછી તારો અંત કરશે."

જ્યોતિષની વાત સાંભળી પરશુરામે એક શસ્ત્રાગાર બનાવડાવ્યો. શસ્ત્રાગારમાં એક મંડપમાં એણે એક ઊંચું સિંહાસન મુકાવ્યું, એની પાસે જ એણે એ દાઢોથી ભરેલો થાળ મૂકી દીધો. પરશુરામે એ શસ્ત્રાગારના રક્ષણાર્થે ઘણી મોટી સંખ્યામાં સૈનિકો નિયુકત કર્યા. માતાના મોઢે પરશુરામનું વૃત્તાંત સાંભળી સુભૂમ તરત ત્યાં જવા માટે નીકળી પડ્યો. શસ્ત્રાગારના સૈનિકોનો વધ કરી તે સિંહાસન પર જઈને બેઠો. ત્યાં બેસતાં જ જેવી દાઢો ભરેલા થાળ તરફ નજર નાખી, એ થાળ અદૃષ્ટ શક્તિના પ્રભાવથી ખીરથી ભરેલ થાળમાં રૂપાંતરિત થઈ ગયો. સુભૂમ એ ખીરને ખાવા લાગ્યો. શસ્ત્રાગારના ઘવાયેલા સૈનિકોએ પરશુરામની પાસે જઈ એને માહિતગાર કર્યા.

સૈનિકો પાસે આખી ઘટના જાણી પરશુરામને જ્યોતિષની વાતો યાદ આવી, તે તત્કાળ શસ્ત્રાગારમાં પહોંચ્યા. એમણે જોયું, બાળક સાચે જ એ સિંહાસન પર બેસી નિર્ભય અને નિઃશંક ભાવે ખીર ખાઈ રહ્યો છે. એમણે કઠોરસ્વરે સુભૂમને કહ્યું : "અરે ઓ બ્રાહ્મણના બાળક ! તું કોણ છે અને કોના કહેવાથી આ સિંહાસન પર બેઠેલો છે ? શું તું નથી જાણતો કે થાળમાં મારા દ્વારા વધ કરાયેલા ક્ષત્રિયોની દાઢો રાખવામાં આવેલી છે ? જેને તું ઘણા સ્વાદથી ખાઈ રહ્યો છે ? જો તને ભૂખ જ

લાગી છે તો મારા આ શસ્ત્રાગારમાં ઉત્તમ ભોજનની વ્યવસ્થા છે. જેને ખાઈને તારું પેટ ભરી શકે છે.''

સુભૂમ સહેજ નિર્ભયભાવથી પરશુરામની વાતો પણ સાંભળતો રહ્યો ને ખીર પણ ખાતો રહ્યો. પરશુરામની વાતો પૂરી થતા તે બોલ્યો: "હું કોઈના કહેવાથી નહિ, પણ મારા પરાક્રમના જોરે આ સિંહાસન પર બેઠો છું. હા, હું જાણું છું કે આ થાળમાં ક્ષત્રિયોની દાઢો રાખેલી હતી, પણ હું અદૃષ્ટ શક્તિથી રૂપાંતરિત ખીર ખાઈ રહ્યો છું. હું જોવામાં તાપસ બ્રાહ્મણ જેવો લાગુ છું, પણ હકીકતમાં બ્રાહ્મણ નથી, હું ક્ષત્રિયકુમાર છું અને તારો વધ કરવા માટે આવ્યો છું ! પિતૃઋણથી મુક્ત થવા માટે મારી ભુજાઓ ફરકી રહી છે, માટે વાતો કરવી છોડી શસ્ત્ર લઈ તારું પરાક્રમ બતાવ. હું કાર્તવીર્ય સહસ્રાર્જુનનો પુત્ર છું. તેં સાત વખત પૃથ્વીને ક્ષત્રિયોથી રહિત કરી છે અને હું એકવીસ વાર પૃથ્વીને બ્રાહ્મણરહિત કરીશ, ત્યારે જ મારી ક્રોધજ્વાળાઓ શાંત થશે.''

સુભૂમનો આ લલકાર સાંભળી પરશુરામના રૂંવે-રૂંવા ફફડવા લાગ્યા. એમણે તરત જ પોતાના ધનુષની પણછ ચઢાવી સુભૂમ પર બાણોથી વર્ષા કરી દીધી. પણ સુભૂમે થાળને ઢાલ બનાવી બધાં બાણોને નિષ્ક્રિય કરી દીધાં. આ જોઈ પરશુરામ ચકિત અને હતપ્રભ થઈ ગયા. ધનુષ-બાણને એક તરફ રાખી એમણે એમની પરશુ ઉપાડી, પણ તેને પણ નિષ્પ્રભ થતી જોઈ એમને ઘણી નિરાશા થઈ. થોડી ક્ષણો વિચાર્યા પછી એમણે સુભૂમનું શિશ કાપવા માટે એની ગરદનની તરફ પરશુનો વાર કર્યો, પણ એ પરશુ સુભૂમના પગોમાં જઈ પડી. સુભૂમે અટ્ટહાસ કર્યો ને પરશુરામને મારવા માટે થાળ ઊંચક્યો. સુભૂમના હાથોમાં આવતા જ એ થાળ સહસ્રાર ચક્રની જેમ ચમકવા લાગ્યો. સુભૂમે પરશુરામની ડોકને લક્ષમાં લઈ થાળ ફેંક્યો, જેનાથી પરશુરામનું માથું તાડના ફળની જેમ કપાઈને પૃથ્વી ઉપર આવી પડ્યું. પરશુરામનું મસ્તક કાપવા છતાં પણ સુભૂમનો ગુસ્સો શાંત ન થયો. એણે ભીષણ સંહાર કરી એકવીસ વખત પૃથ્વીને બ્રાહ્મણવિહીન બનાવી.

સમય જતા સુભૂમે સંપૂર્ણ ભરત ક્ષેત્રને એના સામ્રાજ્યમાં ભેગું કરી ચક્રવર્તીપદ પ્રાપ્ત કર્યું. નવ નિધિઓ અને ચૌદ રત્નોના સ્વામી બની સુભૂમ સુદીર્ઘ સમય સુધી વિસ્તૃત સામ્રાજ્યનો અધિપતિ રહ્યો. સમસ્ત સુખોનો ઉપભોગ કરી અંતે એનો જીવનકાળ પૂર્ણ થતા અવસાન પામી ઘોર નરકનો અધિકારી થયો.

# ભગવાન શ્રી મુનિસુવ્રત

શ્રી મુનિસુવ્રત ભગવાન જૈન ધર્મના વીસમા તીર્થંકર થયા. તેઓ એમના પૂર્વજન્મમાં ચંપા નગરીના રાજા સુરશ્રેષ્ઠ હતા. એમણે નંદન મુનિના આશ્રયમાં સંયમ સ્વીકારી અર્હત્‌ભક્તિ જેવાં વીસ સ્થાનોની સમ્યક્-સાધના કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કર્યું. અંતિમ સમયે સમાધિપૂર્વક કાળધર્મ પામી દસમા પ્રાણત દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાંના લોકની અવધિ પૂર્ણ કરી એમનો જીવ શ્રાવણ શુક્લ પૂનમના શ્રવણ નક્ષત્રમાં માતાના ગર્ભમાં પ્રવિષ્ટ થયો. રાજગૃહીના મહારાજ સુમિત્ર એમના પિતા અને મહારાણી દેવી પદ્માવતી એમની માતા હતાં. ગર્ભાવસ્થા પૂરી થતા એમનો જન્મ જેઠ કૃષ્ણ નવમીના દિવસે શ્રવણ નક્ષત્રમાં થયો. ગર્ભાવસ્થાના સમયમાં માતા સમ્યક્ રીતિથી મુનિની જેમ વ્રતપાલન કરતી રહી, માટે મહારાજ સુમિત્રએ એમનું નામ મુનિસુવ્રત રાખ્યું.

યુવાન થતા પિતાએ પ્રભાવતી આદિ અનેક યોગ્ય કન્યાઓ સાથે એમનાં લગ્ન કરાવી થોડા સમય બાદ રાજ્યભાર એમને સોંપી દીક્ષા લઈ લીધી. પિતાની બાદ એમણે રાજ્યનો કાર્યભાર તો સંભાળ્યો, પણ રાજકીય વૈભવ અને ઈન્દ્રિય-સુખથી હંમેશાં અળગા જ રહ્યા. ૧૫ હજાર વર્ષો સુધી શાસન કર્યા પછી એમણે લોકાંતિક દેવોની પ્રાર્થનાથી વર્ષીદાન આપ્યાં, પછી પોતાના જ્યેષ્ઠ (મોટા) પુત્રને રાજ્ય સોંપી ફાગણ કૃષ્ણ અષ્ટમીના દિવસે શ્રવણ નક્ષત્રમાં એક હજાર રાજકુમારોની સાથે દીક્ષા ગ્રહણ કરી. બીજા દિવસે રાજગૃહીના રાજા બ્રહ્મદત્તને ત્યાં બેલેનું પ્રથમ પારણું કર્યું. ૧૧ મહિના સુધી છદ્મસ્ત અવસ્થામાં વિચરીને દીક્ષા લીધેલી, તે ઉદ્યાનમાં ચંપા વૃક્ષની નીચે ધ્યાનમાં બેસી ફાગણ કૃષ્ણ બારશના રોજ કેવળજ્ઞાન અને કેવળદર્શન મેળવ્યાં. કેવળી બની મુનિસુવ્રત સ્વામીએ શ્રુતધર્મ ને ચારિત્રધર્મની દેશના આપી અને હજારો લોકોને દીક્ષા આપી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

એમના ધર્મપરિવારમાં ૧૮ ગણ અને ૧૮ ગણધર, ૧૮૦૦ કેવળી, ૧૫૦૦ મનઃપર્યવજ્ઞાની, ૧૮૦૦ અવધિજ્ઞાની, ૫૦૦ ચૌદપૂર્વધારી, ૨૦૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૧૨૦૦ વાદી, ૩૦૦૦૦ સાધુ, ૫૦૦૦૦ સાધ્વીઓ, ૧૭૨૦૦૦ શ્રાવકો અને ૩૫૦૦૦૦ શ્રાવિકાઓ હતાં.

૩૦ હજાર વર્ષનાં પૂર્ણ આયુષ્યમાં સાડા સાત હજાર વર્ષ સુધી સંયમધર્મની આરાધના કર્યા પછી છેવટના સમયે પ્રભુએ એક હજાર મુનિઓની સાથે ૧ મહિનાના નિર્જળ અનશનથી જેઠ કૃષ્ણ નવમીના રોજ અશ્વિની નક્ષત્રમા સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ ગયા. જૈન ઈતિહાસ અને પુરાણો પ્રમાણે મર્યાદા પુરુષોત્તમ રામ (પદ્મ બળદેવ) અને વાસુદેવ લક્ષ્મણ ભગવાન મુનિસુવ્રતના શાસનકાળમાં જ થયા. રામે ઉત્કૃષ્ટ સાધના વડે સિદ્ધિ મેળવી અને સીતાનો જીવ બારમા સ્વર્ગનો અધિકારી થયો.

# ચક્રવર્તી મહાપદ્મ

વર્તમાન અવસર્પિણી કાળમાં જમ્બૂદ્વીપના ભરત ક્ષેત્રના હસ્તિનાપુર નગરમાં નવમા ચક્રવર્તી સમ્રાટ મહાપદ્મ થયા. તેઓ ભગવાન મુનિ-સુવ્રતની હયાતીમાં થયા.

પ્રાચીન સમયમાં ભરત ક્ષેત્રના આર્યાવર્તખંડમાં હસ્તિનાપુર ઘણું જ પ્રસિદ્ધ અને સમૃદ્ધ નગર હતું. ત્યાં ઋષભદેવના વંશજ પદ્મોત્તર નામના મહાપ્રતાપી રાજા રાજ્ય કરતા હતા. એમની પટરાણીનું નામ જ્વાલા હતું. મહારાણીએ એક રાત્રે સ્વપ્નમાં જોયું કે એક કેસરી સિંહ એમના મોઢામાં પ્રવેશી ગયો છે. રાણીએ એમના સ્વપ્નની વાત રાજાને કહી. સ્વપ્નપાઠકોએ ગણતરી કરીને કહ્યું કે - "મહારાણીના કૂખમાં એક મહાન પુણ્યવંત બાળક આવ્યો છે, જે આગળ જતા અક્ષય કીર્તિનું અર્જન કરશે." ગર્ભકાળ પૂરો થતા મહારાણીએ એક અત્યંત તેજસ્વી પુત્રને જન્મ આપ્યો, જેનું નામ વિષ્ણુકુમાર રાખવામાં આવ્યું.

આગળ જતા મહારાણીએ એક રાત્રે ૧૪ મહાસ્વપ્ન જોયાં. સ્વપ્ન-પાઠકોએ મહારાજ અને મહારાણીની જિજ્ઞાસા શાંત કરતા કહ્યું કે - "મહારાણીની કુક્ષિથી જે પુત્ર જન્મ લેશે તે મોટો થઈ સંપૂર્ણ ભરત ક્ષેત્રનો ચક્રવર્તી સમ્રાટ બનશે." ગર્ભસમય પૂર્ણ થતા મહારાણીએ એક શુભલક્ષણસંપન્ન મહાન તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો, જેનું નામ મહાપદ્મ રાખવામાં આવ્યું. વિષ્ણુકુમાર અને મહાપદ્મ બંને ભાઈઓનું રાજસી ઠાઠ-માઠ સાથે પાલન-પોષણ કરવામાં આવ્યું અને રાજકુમારો માટે આવશ્યક સુયોગ્ય શિક્ષા-દીક્ષાનો પ્રબંધ કરવામાં આવ્યો. બંને ભાઈઓ તીવ્ર બુદ્ધિવાળા હતા અને તરત જ બધા પ્રકારની વિદ્યાઓમાં પારંગત થઈ ગયા અને બાળપણમાંથી તરુણ અવસ્થામાં આવ્યા. વિષ્ણુકુમાર બાળપણથી જ સાંસારિક ક્રિયા-કલાપો અને સુખ-ભોગો પ્રત્યે ઉદાસીન હતા, માટે એમણે જલદી જ માતા-પિતાની આજ્ઞા અને અનુમતિ લઈ શ્રમણધર્મ અપનાવી લીધો, અંગશાસ્ત્રોનું અધ્યયન કર્યું અને કઠોર તપનું આચરણ કર્યું, પરિણામે એમણે અનેક લબ્ધિઓ અને વિદ્યાઓ સહજ પ્રાપ્ત કરી લીધી. આ તરફ મહાપદ્મમાં એક સુયોગ્ય શાસક અને સમ્રાટનાં બધાં જ લક્ષણો ને ગુણોનો વિકાસ થવા લાગ્યો. અતઃ રાજા પદ્મોત્તરે એમને યુવરાજપદે સ્થાપી રાજ્ય-કારભાર સોંપી દીધો.

એ જ દિવસોમાં વીસમા તીર્થંકર મુનિસુવ્રત પ્રભુના શિષ્ય આચાર્ય સુવ્રત અપ્રતિહત વિહાર કરતા-કરતા ઉજ્જૈન(ઉજ્જયિની)માં પધાર્યા. આચાર્યશ્રીના આગમનના સમાચાર સાંભળી ઉજ્જયિનીનરેશ શ્રી વર્મા પોતાના પ્રધાન-અમાત્ય નમુચિ ને અન્ય ગણમાન્ય લોકોની સાથે એમનાં દર્શને ગયા. નમુચિને એના પંડિત્વ પર ઘણો ઘમંડ હતો. ત્યાં બેસી તે વૈદિક કર્મકાંડના વખાણ કરતા-કરતા શ્રમણધર્મની નિંદા (ટીકા) કરવા લાગ્યો. નમુચિના આ કર્મ પર આચાર્ય સુવ્રત તો મૌન રહ્યા પણ એમનાં એક અલ્પવયસ્ક શિષ્ય એની સાથે શાસ્ત્રાર્થ કરી લોકોની સામે એને હરાવી દીધો. નમુચિને ઘણું દુઃખ થયું અને તેણે મનોમન આ અપમાનનું વેર લેવાનો સંકલ્પ કર્યો. બદલાની ભાવનાથી વશીભૂત નમુચિ રાતના અંધકારમાં એક ઉઘાડી તલવાર લઈ એ ઉદ્યાનમાં આવ્યો અને બધાને ગાઢ ઊંઘમાં જોઈ નિર્વિઘ્ન અલ્પવયસ્ક મુનિની પાસે પહોંચી ગયો. મુનિને મારવા માટે એણે બંને હાથો વડે તલવારને દબાવીને પકડી ને બંને હાથ ઉપર ઉઠાવ્યા. તે પૂરી તાકાતથી હાથોને નીચે લાવવા માંગતો હતો, પણ તે એ જ સ્થિતિમાં જડવત્ થઈ ગયો, એના હાથ ઉપરના ઉપર જ રહી ગયા, એના માટે પોતાના પગ ઊંચકવા પણ અશક્ય થઈ ગયા. પોતાની આ સ્થિતિમાં બીજા દિવસે સવારે થનારી દુર્ગતિ, અપકીર્તિ અને કાળા કલંકના વિચારમાત્રથી એના મોઢાનો રંગ ઊડી ગયો. બીજા દિવસે બ્રહ્મમુહૂર્તમાં જ બધાથી પહેલા મુનિઓએ નમુચિને આ હાલતમાં જોયો, પછી મુનિઓનાં દર્શન માટે આવેલા શ્રદ્ધાળુ નાગરિકોએ જોયો અને વાત ફેલાતાં જ આખું નગર નમુચિને આ સ્થિતિમાં જોવા માટે ઊમટી પડ્યું. લોકો નમુચિની ટીકા-ટિપ્પણી કરવા લાગ્યા. જેવો સ્તંભનનો પ્રભાવ પૂરો થયો, તે ગ્લાનિથી પોતાનું મોઢું સંતાડી પોતાના ઘરે ગયો. ઉજ્જયિનીમાં રહેવું તેના માટે અશક્ય બનતા, તે ચુપચાપ ઉજ્જયિની છોડીને રખડતો-રઝળતો હસ્તિનાપુર પહોંચ્યો.

હસ્તિનાપુરમાં જઈ નમુચિ યુવરાજ મહાપદ્મના સંસર્ગમાં આવ્યો અને ધીમે-ધીમે એમનો વિશ્વાસુ બની ગયો. મહારાજે એને મંત્રીપદે નિયુક્ત કર્યો. એ જ દિવસોમાં હસ્તિનાપુરના આધીન સિંહરથ નામનો રાજા વિદ્રોહી થયો. તે હસ્તિનાપુરની આજુબાજુનાં ક્ષેત્રોમાં લૂંટ-ફાટ

કરી પોતાના દુર્ગ(કિલ્લા)માં જતો રહેતો. યુવરાજે સિંહરથને પકડવા માટે પોતાની સેના મોકલી, પણ નિષ્ફળતા હાથ આવી. અંતે મહાપદ્મએ નમુચિને આદેશ આપ્યો કે - 'તે સિંહરથને કેદી બનાવી લાવે.' નમુચિએ વિશાળ સેના વડે સિંહરથના કિલ્લાને ચારેય તરફથી ઘેરી લઈ આવાગમન(અવરજવર)ના બધા જ રસ્તા બંધ કરી દીધા. નમુચિએ કારસ્તાન કરી સિંહરથના કેટલાક દુર્ગરક્ષકોને લાલચ આપી ફોડી લીધા અને એક દિવસે ગુપ્તમાર્ગથી સિંહરથના દુર્ગમાં સેના સાથે જઈને એને બંદી બનાવી લીધો. નમુચિના આ સફળ અભિયાનથી મહાપદ્મ ઘણા પ્રભાવિત થયા ને એને એની ઈચ્છાનુસાર કંઈક માંગવા કહ્યું ! નમુચિએ મહાપદ્મના આ અનુગ્રહ માટે આભાર વ્યક્ત કરી કહ્યું કે - "મહારાજ, તમે આ વચનને તમારી પાસે મારી થાપણ સમજી રાખી મૂકો, હું યોગ્ય સમયે અને જરૂરિયાત ઊભી થતા તમારી પાસે માંગી લઈશ." યુવરાજે નમુચિની પ્રાર્થના માન્ય રાખી. કાલાન્તરમાં મહાપદ્મની આયુધશાળામાં દિવ્ય ચક્રરત્ન પ્રગટ્યું ને એમણે છ ખંડો પર આધિપત્ય સ્થાપી, નવ નિધિઓ અને ચૌદ રત્નોના સ્વામી બન્યા અને ચક્રવર્તી સમ્રાટના પદે શોભાયમાન થયા. જ્યારે તેઓ ભરતખંડના ચક્રવર્તી સમ્રાટના રૂપે હસ્તિનાપુરના સિંહાસન પર બેઠા, ત્યારે એક વાર આચાર્ય સુવ્રત એમના શિષ્યવૃંદની સાથે ત્યાં આવ્યા અને ત્યાંની શ્રદ્ધાળુ જનતાની પ્રાર્થના સાંભળી ચતુર્માસ માટે નગરની બહાર એક ઉદ્યાનમાં રહેવા લાગ્યા. નમુચિએ પોતાના અપમાનનું વેર વાળવાનો યથોચિત સમય જાણી મહાપદ્મને એમના વચન યાદ કરાવ્યા અને કહ્યું કે - "હું મારી પરલૌકિક સિદ્ધિ માટે એક મહાન યજ્ઞ કરવા માંગુ છું, જેની વ્યવસ્થિત રીતે પૂર્ણાહુતિ માટે તમે મને યજ્ઞની પૂર્ણાહુતિ થાય ત્યાં સુધી તમારા સામ્રાજ્યનો સ્વામી બનાવો અને મારી આજ્ઞા એ સમયે બધા માટે માન્ય અને અનુલ્લંઘનીય રહે." સમ્રાટ મહાપદ્મએ નમુચિની વાત માની લીધી.

નાના-મોટા બધા અધિકારી, ગણમાન્ય નાગરિક, ધર્માધ્યક્ષ વગેરેએ નમુચિની પાસે જઈ એને સાધુવાદ આપ્યો અને યજ્ઞની પૂર્ણાહુતિ માટે શુભકામનાઓ આપી. સાંસારિક પ્રપંચ વ્યવહારોથી દૂર રહેવું, શ્રમણધર્મ અને શ્રમણાચારની આ મર્યાદાને ધ્યાનમાં રાખી આચાર્ય સુવ્રત નમુચિની પાસે ન ગયા. એનાથી તે ઘણો નારાજ થયો. સુવ્રતાચાર્ય અને શ્રમણવર્ગ

પ્રત્યે એનું વૈમનસ્ય (વેર) દેખાડવા માટે જ તો એણે આ બધું ષડયંત્ર રચ્યું હતું. તે ક્રોધથી વ્યાકુળ થઈ આચાર્ય સુવ્રત પાસે ગયો અને બોલ્યો : "તમે બધા સાધુઓ સાત દિવસની અંદર મારા રાજ્યની હદ બહાર જતા રહો, ત્યાર બાદ કોઈ પણ શ્રમણ રાજ્યમાં દેખાયો તો મૃત્યુદંડનો ભાગી થશે."

શ્રમણ સંઘને આ ઘોર સંકટમાંથી બચાવવા માટે આર્ય સુવ્રતે એમના શિષ્ય અને મહાન લબ્ધિધારી મુનિ વિષ્ણુકુમારને બોલાવ્યા. એમણે નમુચિને સમજાવવાનો પ્રયાસ કર્યો, પણ નમુચિ એની જીદને વળગી રહ્યો. અંતે એમણે નમુચિને કહ્યું : "કંઈ વાંધો નહિ, ઓછામાં ઓછી ત્રણ ચરણ(પગલાં) ભૂમિ તો મને આપી દે."

નમુચિ તૈયાર થઈ ગયો અને બોલ્યો : "ઠીક છે, એ ત્રણ ચરણ ભૂમિની બહાર જે પણ શ્રમણ-સાધુ રહેશે, એને મારી નાખવામાં આવશે." પછી શું હતું, વિષ્ણુકુમારે વૈક્રિયલબ્ધિના સહારે પોતાનું શરીર વધારવાનું શરૂ કર્યું. જોત-જોતામાં અસીમ આકાશ એમના શરીરથી ઢંકાઈ ગયું. મુનિ વિષ્ણુકુમારનું આ રૂપ જોઈ નમુચિ ભયભીત થઈ જમીન પર પડી ગયો. મુનિ વિષ્ણુકુમારે પોતાનો એક પગ સમુદ્રના પૂર્વ તટે રાખ્યો અને બીજો પગ સાગરના પશ્ચિમ તટે. પછી પ્રલયકારી મેઘગર્જના કરી બોલ્યા : "હવે બોલ નમુચિ ! હું મારું ત્રીજું પગલું ક્યાં મૂકું ?" નમુચિ અવાક્ રહી ગયો. તે પીપળના પાનની જેમ થર-થર ધ્રૂજવા લાગ્યો. ચક્રવર્તી મહાપદ્મ અંતઃપુરથી બહાર આવી, ઘટના સ્થળે પહોંચીને એમણે વિષ્ણુકુમારને ઓળખી એમને નમન કરી ઉપેક્ષાજન્ય અપરાધ માટે ક્ષમાપ્રાર્થના કરી. મુનિ વિષ્ણુકુમાર શાંત થયા. એમણે એમનું વિરાટ સ્વરૂપ સંકોચ્યું. નમુચિ તરફ ક્ષમા-દૃષ્ટિ કરી. શ્રમણ સંઘની રક્ષા માટે કરેલા આ લબ્ધિ-પ્રયોગનું પ્રાયશ્ચિત્ત કરી પાછા પોતાની સાધનામાં મગ્ન થઈ ગયા. તપ-સંયમની સાધનાથી એમણે એમના આઠેય કર્મોનો મૂળથી નાશ કરી શાશ્વત સુખધામ મોક્ષને પામ્યા. ચક્રવર્તી મહાપદ્મએ ૨૦ હજાર વર્ષના જીવનકાળમાં શ્રમણ-ધર્મની દીક્ષા સ્વીકારી અને ૧૦ હજાર વર્ષ સુધી વિશુદ્ધ સંયમનું આચરણ કરી તપ દ્વારા આઠેય કર્મોનો લોપ કરી મોક્ષના અધિકારી થયા.

# ભગવાન શ્રી નમિનાથ

ભગવાન શ્રી નમિનાથ પ્રભુ મુનિસુવ્રત પછીના એકવીસમા તીર્થંકર થયા. તેઓ એમના પૂર્વજન્મમાં પશ્ચિમ વિદેહની કૌશાંબી નગરીના રાજા સિદ્ધાર્થ હતા. કોઈક નિમિત્ત મેળવી તેઓ વૈરાગી બન્યા. એ જ સમયે સુદર્શન મુનિનું આગમન થયું, એમની પાસે દીક્ષા ગ્રહી એમની છત્ર-છાયામાં વિશિષ્ટ તપ-સંયમની સાધના કરી અને તીર્થંકર નામકર્મ પ્રાપ્ત કર્યું. અંત સમયે શુભભાવોની સાથે કાળધર્મ પામી અપરાજિત સ્વર્ગમાં દેવના રૂપે ઉત્પન્ન થયા.

દેવજન્મ સમાપ્ત થતા રાજા સિદ્ધાર્થનો જીવ સ્વર્ગથી ચ્યુત થઈ આસો શુક્લ પૂનમના દિવસે અશ્વિની નક્ષત્રમાં મિથિલાનરેશ વિજયની રાણી વિપ્રાના ગર્ભમાં પ્રવેશ્યો. મહારાણીએ મંગળમય ચૌદ સ્વપ્ન જોયાં અને આનંદિત થઈ યોગ્ય આહાર-વિહાર ને આચરણથી ગર્ભનું રક્ષણ કરવા લાગી. સમય આવતા માતા વિપ્રાદેવીએ શ્રાવણ કૃષ્ણ અષ્ટમીએ અશ્વિની નક્ષત્રમાં કંચનકાય પુત્રને જન્મ આપ્યો. નામકરણના દિવસે મહારાજને લોકોએ જણાવ્યું કે - "જ્યારે આ બાળક માતાના ગર્ભમાં હતો ત્યારે શત્રુઓએ મિથિલાને ઘેરી લીધી હતી. માતા વિપ્રાએ રાજમહેલની અગાશીમાંથી શત્રુઓની તરફ સૌમ્ય દૃષ્ટિ નાખતા જ શત્રુરાજાઓનું હૃદય પરિવર્તન થયું અને તેઓ રાજાનાં ચરણોમાં નમસ્કાર કરવા માટે આવ્યા. આ ગર્ભમાં સ્થિત બાળકનો જ પ્રભાવ હતો, માટે નવજાત શિશુનું નામ નમિનાથ રાખવું યોગ્ય રહેશે."

નમિનાથ જ્યારે યુવાવસ્થાએ પહોંચ્યા ત્યારે મહારાજે યોગ્ય રાજકુંવરીઓ સાથે એમના વિવાહ કરાવ્યા. જ્યારે તેઓ ૨૫૦૦ વર્ષના થયા તો તેમનો રાજ્યાભિષેક ભવ્ય રીતે કરવામાં આવ્યો. નમિનાથે ૫૦૦૦ વર્ષો સુધી રાજ્ય કરી દીક્ષા ગ્રહણ કરવાનો નિર્ણય લીધો. લોકાંતિક દેવોએ નમિનાથને તીર્થ-પ્રવર્તનનો અનુરોધ કર્યો.

મહારાજ નમિનાથે વર્ષીદાન પત્યા પછી રાજકુમાર સુપ્રભને રાજ્ય-ભારની જવાબદારી સોંપી, એક હજાર રાજકુમારોની સાથે દીક્ષા માટે

સહસ્રામ્રવન તરફ પ્રયાણ કર્યું. ત્યાં પહોંચી છઠ્ઠભક્તનું તપ કરી વિધિવત્ સંપૂર્ણ પાપોને પરિત્યાગી અષાઢ કૃષ્ણ નવમીના રોજ દીક્ષા ધારણ કરી. બીજા દિવસે વિહાર કરી પ્રભુ વીરપુર ગયા, જ્યાં મહારાજ દત્તને ત્યાં પરમાન્નથી પ્રથમ પારણું કર્યું. દાનની મહિમા વધારવા માટે દેવોએ પંચદિવ્યોનો વરસાદ વરસાવ્યો. દીક્ષા ગ્રહણ પછી ૯ મહિના સુધી ભગવાન નમિનાથ અનેકાવિધ તપ કરતા-કરતા છદ્મસ્થચર્યામાં વિચરીને પછી એ જ ઉદ્યાનમાં આવી બોરસલી વૃક્ષની નીચે ધ્યાનમગ્ન થઈ ગયા. ત્યાં માગશર કૃષ્ણ એકાદશના રોજ શુક્લધ્યાનની ભીષણ અગ્નિમાં સમગ્ર ઘાતીકર્મોનો વિલોપ કરી કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રાપ્ત કરી ભાવ- અરિહંત કહેવાયા. કેવળી થઈ દેવ-માનવોની વિસ્તૃત સભામાં એમણે દેશના (બોધ) આપી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ભાવ-તીર્થંકર થયા.

એમના ધર્મસમૂહમાં ૧૭ ગણ અને ૧૭ ગણધર, ૧૬૦૦ કેવળી, ૧૨૦૭ મનઃપર્યવજ્ઞાની, ૧૬૦૦ અવધિજ્ઞાની, ૪૫૦ ચૌદપૂર્વધારી, ૫૦૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૧૦૦૦ વાદી, ૨૦૦૦૦ સાધુ, ૪૧૦૦૦ સાધ્વીઓ, ૧૭૦૦૦૦ શ્રાવક અને ૩૪૮૦૦૦ શ્રાવિકાઓ હતાં.

અઢી હજાર વર્ષમાં ૯ મહિના ઓછા જેટલાં વર્ષ સુધી કેવળી-પર્યાયથી ધર્મોપદેશ આપી પ્રભુએ એક હજાર મુનિઓની સાથે સમેત શિખર પર જઈ અનશન ૧ મહિના સુધી કરી અંતે શુક્લધ્યાનના અંતિમ ચરણમાં યોગ-નિરોધ કરી વૈશાખ કૃષ્ણ દશમીએ અશ્વિની નક્ષત્રમાં બધાં કર્મોનો નાશ કરી પ્રભુ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા. એમની સંપૂર્ણ જીવનલીલા ૧૦ હજાર વર્ષની હતી.

મુનિસુવ્રત સ્વામીના ૬ લાખ વર્ષ પછી ભ. નમિનાથ મોક્ષે સિધાવ્યા. તીર્થંકર અને મિથિલાના નમિરાજર્ષિ એક નથી, પરંતુ અલગ-અલગ છે. નામ ને નગરની સામ્યતાના લીધે કેટલાક લેખક બંનેને એક જ સમજવાની ભૂલ કરી બેસે છે.

卐

# ચક્રવર્તી હરિષેણ

ભરત ક્ષેત્રના દસમા ચક્રવર્તી સમ્રાટ હરિષેણ એકવીસમા તીર્થંકર ભગવાન નમિનાથની હયાતીમાં જ થયા.

જમ્બૂદ્વીપના ભરત ક્ષેત્રના પાંચાલ પ્રદેશમાં કામ્પિલ્ય નામક એક નગર હતું, જ્યાં ઇક્ષ્વાકુવંશીય રાજા મહાહરિ રાજ્ય કરતા હતા. એમની રાણી મહિષીએ એક રાત્રે ચૌદ શુભસ્વપ્ન જોયાં. ગર્ભકાળ પૂર્ણ કરી રાણીએ ચક્રવર્તીનાં બધાં લક્ષણોથી યુક્ત એક ઓજસ્વી પુત્રને જન્મ આપ્યો. માતા-પિતાએ પુત્રનું નામ હરિષેણ રાખ્યું. રાજકુમારનું ઘણા પ્રેમ અને રાજસી વૈભવયુક્ત લાલન-પાલન થયું અને યોગ્ય કેળવણી આપવામાં આવી. પુત્રના યુવાન થતા જ અનેક કુળવાન ખાનદાન કન્યાઓ સાથે લગ્ન કરાવવામાં આવ્યાં. ૩૨૫ વર્ષની ઉંમર થતા એમનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

માંડલિક રાજાના રૂપમાં રાજ્ય ચલાવતા ૩૨૫ વર્ષનો સમય વ્યતીત થતા, એમની આયુધશાળામાં એક દિવસે દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું. મહારાજ હરિષેણે ૧૫૦ વર્ષના સમયગાળામાં પૂર્ણ ભરત ક્ષેત્ર પર પોતાનો વિજયધ્વજ લહેરાવી દીધો અને ચક્રવર્તી સમ્રાટ બન્યા. ચૌદ રત્નો અને નવ નિધિઓના સ્વામી બન્યા. ૮૮૫૦ વર્ષો સુધી એમનું સંપૂર્ણ ભરત ક્ષેત્ર ઉપર એકાધિપત્ય રહ્યું. ત્યાર પછી એમના મનમાં વૈરાગ્યની ભાવના જાગૃત થઈ. બધાં સુખોપભોગો અને ઐશ્વર્યને તિલાંજલિ આપી તેઓ શ્રમણધર્મમાં દીક્ષિત થયા. મુનિ હરિષેણે ૩૫૦ વર્ષો સુધી ઘોર તપ કરી વિશુદ્ધ સંયમનું પાલન કરી ૧૦ હજાર વર્ષના જીવનકાળમાં આઠેય કર્મોનો ક્ષય કરી શાશ્વત સુખધામ મોક્ષ પામ્યા.

卐

# ચક્રવર્તી જયસેન

એકવીસમા તીર્થંકર ભગવાન શ્રી નમિનાથના પરિનિર્વાણ પછી એમના જ ધર્મતીર્થ કાળમાં ભરત ક્ષેત્રના અગિયારમા ચક્રવર્તી સમ્રાટ જયસેન થયા.

જયસેનનો જન્મ મગધ રાજ્યની રાજગૃહી નગરીમાં થયો. એમનાં માતા-પિતા અનુક્રમે રાજા વિજય અને રાણી વપ્રા હતાં. રાણીએ એક રાતે ચૌદ મહાસ્વપ્ન જોયાં. સ્વપ્નપંડિતોએ જણાવ્યું કે - "આ સ્વપ્નોની ગણતરી સર્વશ્રેષ્ઠ સ્વપ્નોમાં કરવામાં આવે છે અને એને જોવાવાળી મહિલા ચક્રવર્તી પુત્રની માતા બને છે."

સ્વપ્નફળ સાંભળી રાજા-રાણી તથા પરિવાર અને પુરજનો ઘણાં આનંદિત થયાં. સમય આવતા રાણીએ એક તેજસ્વી અને નયનાભિરામ પુત્રને જન્મ આપ્યો, જેનું નામ જયસેન રાખવામાં આવ્યું. રાજા-રાણીએ એમના પુત્ર માટે ઉચ્ચતમ ઉછેર અને કેળવણીની વ્યવસ્થા કરી અને સમય આવતા યોગ્ય કન્યાઓ સાથે એમનાં લગ્ન કરાવ્યાં. ૩૦૦ વર્ષની ઉંમર થતા મહારાજ વિજયે કુમાર જયસેનને સિંહાસન પર બેસાડી સ્વયં પ્રવ્રજિત થઈ ગયા.

૩૦૦ વર્ષ સુધી માંડલિક રાજા રૂપે રાજ્ય કર્યા પછી રાજા જયસેનની આયુધશાળા - શસ્ત્રાગારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. એમણે એમનું છ ખંડો પર વિજય મેળવવાનું અભિયાન આરંભ કરી ૧૦૦ વર્ષોમાં સંપૂર્ણ ભરત ક્ષેત્ર પોતાના અધિકારમાં લઈ લીધું. ચક્રવર્તી સમ્રાટના રૂપે પ્રતિષ્ઠિત થઈ નવ નિધિઓ અને ચૌદ રત્નોના સ્વામી થયા. ૧૯૦૦ વર્ષો સુધી એકધારું ચક્રવર્તી શાસન કરીને પછી ઐહિક વૈભવનો ત્યાગ કરી દીક્ષા ધારણ કરી ૪૦૦ વર્ષ સુધી સંયમમય મુનિજીવન પસાર કર્યું અને તપ વડે બધાં કર્મોનો નાશ કરી ૩ હજાર વર્ષનો જીવનકાળ સમાપ્ત કરી મોક્ષગમન કર્યું.

卐

# ભગવાન શ્રી અરિષ્ટનેમિ

ભગવાન શ્રી અરિષ્ટનેમિ જૈન ધર્મના બાવીસમા તીર્થંકર થયા. એમને ભ. નેમિનાથ પણ કહેવામાં આવે છે.

## પૂર્વભવ

ભ. અરિષ્ટનેમિ એમના પૂર્વજન્મમાં હસ્તિનાપુરના રાજા શ્રીષેણ ને મહારાણી શ્રીમતીના પુત્ર શંખકુમાર હતા, જે મોટા થઈ શંખરાજાના નામે પ્રખ્યાત થયા. કુમાર જ્યારે બાળક હતા ત્યારે એક દિવસ એમના પિતા શ્રીષેણને એવી સૂચના મળી કે - 'ડાકુ (પલ્લીપતિ) સમરકેતુએ સીમા ઉપર લૂંટ-ફાટ મચાવી મૂકી છે, લોકો આતંકિત થઈ રહ્યા છે; જો સમય રહેતા સમરકેતુને નાથવામાં ન આવ્યો તો હજી વધુ સમસ્યાઓ ઊભી કરી શકે છે.' આ સમાચાર સાંભળતાં જ મહારાજે સેનાને સજ્જ થવાનો આદેશ આપ્યો ને સ્વયં યુદ્ધમાં જવાનો નિશ્ચય કર્યો. કુમાર શંખને આ વાતની જાણ થતા મહારાજને આગ્રહ કરવા લાગ્યા કે - "આવા સાધારણ રાજા સાથે યુદ્ધ કરવા માટે એમને મોકલવામાં આવે, જેથી એમને પણ યુદ્ધ-કૌશલ્ય શીખવા અને પોતાની વીરતા સિદ્ધ કરવાની તક મળે." કુમારના સાહસપૂર્ણ આગ્રહને સાંભળી મહારાજે એને અનુમતિ આપી દીધી. કુમારે ઘણી જ સરળતાથી ડાકુને બંદી બનાવી લીધો, એણે લૂંટેલો માલ-સામાન એના માલિકોને અપાવી દીધો અને બંદીને સાથે લઈ હસ્તિનાપુર તરફ આગેકૂચ કરી. રસ્તામાં કુમાર શંખનો સામનો વિદ્યાધર મણિશેખર સાથે થયો, જે જિતારીની કન્યા યશોમતિનું હરણ કરી એને સાથે લઈ જઈ રહ્યો હતો. કુમારે એને પણ પરાસ્ત કર્યો. યશોમતિ કુમારની વીરતા પર મુગ્ધ થઈ એમને પોતાના સ્વામી માની લીધા. કુમારના શૌર્ય અને યોગ્યતાથી પ્રભાવિત થઈ મહારાજ શ્રીષેણે એમને રાજા બનાવી દીક્ષા ધારણ કરી સાધનામાર્ગ સ્વીકાર્યો તથા કાળાન્તરમાં કેવળજ્ઞાન મેળવ્યું.

મહારાજ શંખ એમની રાણી યશોમતિ પર ઘણા આસક્ત અને મુગ્ધ હતા. એક વખત મહારાજ શંખ શ્રીષેણ મુનિની દેશના સાંભળવા માટે ગયા. દેશના પૂર્ણ થતા એમણે મુનિને પૂછ્યું : "ભગવન્ ! મને યશોમતિથી આટલું આકર્ષણ અને મોહ શા માટે છે ? હું ઈચ્છવા છતાં સંયમમાર્ગે વળી શકતો નથી."

કેવળી મુનિએ થોડીવાર સુધી મૌન ધારણ કર્યા પછી કહ્યું : "તમારા બંનેનો સાત જન્મોનો સંગાથ છે, જેમાં કેટલીયે વાર તમે બંને પતિ-પત્નીના રૂપે સાથે રહ્યાં છો. પૂર્વજન્મના સુદીર્ઘ સંબંધના લીધે જ તમારા બંનેમાં આટલો પ્રગાઢ પ્રેમ છે. હવે પછી દેવનો જન્મ પૂરો કરી આગલા જન્મમાં તું બાવીસમો તીર્થંકર નેમિનાથ બનીશ."

પૂર્વજન્મની આ વાત સાંભળી મહારાજ શંખના મનમાં વૈરાગ્ય જાગ્યો અને એમણે રાજ્યધુરા પુત્રને સોંપી પ્રવ્રજ્યા ધારણ કરી. પ્રવ્રજ્યા લઈ તપ-સંયમની સાથે અર્હત્, સિદ્ધ અને સાધુની ભક્તિમાં ઉત્કૃષ્ટ અભિરુચિ અને ઉત્કટ ભાવનાની સાથે હંમેશાં તત્પર રહેવાના લીધે એમણે તીર્થંકર નામકર્મ ઉપજાવ્યું તથા સમાધિભાવથી જીવન પૂર્ણ કરી અપરાજિત વિમાનમાં અહમિન્દ્ર રૂપે અનુત્તર વૈમાનિક દેવ બન્યા.

## જન્મ અને નામકરણ

મહારાજ શંખનો જીવ અપરાજિત વિમાનમાંથી દેવાયુ પૂર્ણ કરી કારતક કૃષ્ણ દ્વાદશી(બારશ)ના ચિત્રા નક્ષત્રમાં મહારાજ સમુદ્રવિજયની ધર્મશીલા રાણી શિવાદેવીના ગર્ભમાં ઉત્પન્ન થયા. એમણે ચૌદ મહાસ્વપ્ન જોયાં ને ઘણી હર્ષાન્વિત થઈ. ગર્ભાવસ્થા પૂર્ણ થતા શ્રાવણ શુક્લ પંચમીના દિવસે ચિત્રા નક્ષત્રમાં પુત્રને જન્મ આપ્યો. દેવતાઓએ જન્મોત્સવ ઉજવ્યો.

મહારાજ સમુદ્રવિજયે છૂટે હાથે દાન આપી લોકોને સંતોષ આપ્યો. અરિષ્ટનેમિ ઘણા જ સુંદર હતા. શ્યામવર્ણ શરીર ઉપર ૧૦૦૮ શુભ લક્ષણ, શરીર વજ્ર જેવું દૃઢ અને મુખારવિંદ ઘણું જ મનોહર હતું. બારમા દિવસે નામકરણ કરતા મહારાજે કહ્યું કે - "ગર્ભાવસ્થા દરમિયાન આપણે બધા દરેક પ્રકારનાં અરિષ્ટોથી સુરક્ષિત રહ્યા અને માતાએ અરિષ્ટ રત્નમય ચક્ર-નેમિનાં દર્શન કર્યાં, માટે બાળકનું નામ અરિષ્ટનેમિ ઘણું જ યોગ્ય છે. અરિષ્ટનેમિનાં પિતા મહારાજા સમુદ્રવિજય હરિવંશીય પ્રતાપી રાજા હતા, માટે એમના વંશ-પરિચયમાં હરિવંશના ઉદ્ભવનો પરિચય આવશ્યકતા પ્રમાણે નીચે આપવામાં આવે છે.

## હરિવંશની ઉત્પત્તિ

દસમા તીર્થંકર ભગવાન શીતલનાથના શાસનકાળમાં વત્સદેશની કૌશાંબી નગરીમાં સુમૂહ નામનો એક રાજા હતો. એણે વીરક નામની એક

વ્યક્તિની વનમાળા નામની એક ખૂબ સુંદર પત્નીને પોતાની પાસે રાખી લીધી અને તે કૌશાંબીપતિ સુમૂહ પાસે બધાં સુખોનો ઉપભોગ કરવા લાગી. આ તરફ વીરક પત્ની-વિરહમાં વિક્ષિપ્ત થઈ ગયો અને કાળાન્તરમાં બાળ-તપસ્વી બની વનમાં રહેવા લાગ્યો. એક દિવસ રાજા વનમાલાને લઈને વનમાં ફરવા ગયો. ત્યાં એમણે વીરકની દયાજનક હાલત જોઈ. અને બંનેને ઘણું દુઃખ થયું તેમજ પોતાના કુકર્મ પર પશ્ચાત્તાપ કરવા લાગ્યો. અચાનક જ વીજળી પડવાથી બંને મૃત્યુ પામ્યાં, અને આગલા જન્મમાં હરિવાસ નામની ભોગભૂમિમાં યુગલિકના રૂપે ઉત્પન્ન થયાં. કાળાન્તરમાં વીરક પણ અવસાન પામ્યો ને સૌધર્મ કલ્પમાં કિલ્વિષી દેવ થયો. એણે અવધિજ્ઞાનથી જોયું કે સુમૂહ અને વનમાલા હરિ અને હરિણીના યુગલિક રૂપમાં જન્મી સુખરૂપે જીવન વ્યતીત કરી રહ્યાં છે. એણે વિચાર્યું કે - 'મારો અપકાર કરીને પણ આ લોકો સુખી છે, ભોગ-ભૂમિને માણી રહ્યાં છે. એમને મારી તો નથી શકાતાં, પણ એવી જગ્યાએ પહોંચાડી શકાય છે, જ્યાં તીવ્ર બંધયોગ્ય ભોગ ભોગવીને તેઓ દુઃખોની વણઝારમાં ફસાઈ જાય.'

એને ખબર પડી કે ચંપાનરેશનું થોડા સમય પહેલાં અવસાન થયું છે અને લોકો કોઈ બીજી વ્યક્તિને રાજા બનાવવા માટે શોધ-ખોળ કરી રહ્યા છે. એણે તરત જ કરોડ પૂર્વ આયુષ્યવાળા 'હરિ-યુગલ'ને ચિત્તરસ કલ્પવૃક્ષની સાથે ચંપા નગરીમાં પહોંચાડી દીધાં, એમની વયને ઘટાડીને ૧ લાખ વર્ષ અને અવગાહના (ઊંચાઈ) ઘટાડી ૧૦૦ ધનુષ કરી નાંખી અને આકાશવાણી કરી કે - 'આ બંનેને રાજા-રાણી બનાવી સુખપૂર્વક જીવનનિર્વાહ કરો.' આકાશવાણીને દેવવાણી સમજી લોકોએ હરિનો રાજ્યાભિષેક કર્યો. તામસી આહાર અને ભોગ પ્રત્યેની આસક્તિના લીધે હરિ અને હરિણી બંને મૃત્યુ પામીને નરક ગતિના અધિકારી બન્યાં. પણ અહીં એક આશ્ચર્યજનક ઘટના ઘટી, કારણ કે યુગલિકોનું નરકાગમન નથી થતું.

આ 'હરિ-હરિણી' યુગલથી હરિવંશની ઉત્પત્તિ થઈ, જેમાં અનેક શક્તિશાળી, પ્રતાપી અને ધર્માત્મા રાજા થયા, જેમની દ્વારા વસાવાયેલાં કેટલાંયે નગરો આજે પણ વિદ્યમાન છે. હરિવંશની ઉત્પત્તિનો સમય તીર્થંકર શીતલનાથના નિર્વાણ પછીનો તથા ભગવાન શ્રેયાંસનાથના પૂર્વેનો માનવામાં આવે છે.

## હરિવંશની પરંપરા

હરિવંશમાં હરિ પછી જે રાજા થયા એમાંના કેટલાક આ પ્રમાણે છે : (૧) પૃથ્વીપતિ (હરિ-પુત્ર) (૨) મહાગિરિ, (૩) હિમગિરિ (૪) વસુગિરિ, (૫) નરગિરિ, (૬) ઈન્દ્રગિરિ. આ રીતે હરિવંશમાં અગણિત રાજાઓ થયા. વીસમા તીર્થંકર ભગવાન મુનિસુવ્રત પણ આ જ પ્રશસ્ત હરિવંશમાં જન્મ્યા.

માધવ ઈન્દ્રગિરિનો પુત્ર દક્ષ પ્રજાપતિ થયો. દક્ષ પ્રજાપતિની પત્નીનું નામ ઈલા તેમજ પુત્રનું નામ ઈલ હતું. કોઈક કારણસર ઈલા એના પતિ દક્ષ પ્રજાપતિથી રિસાઈને એના પુત્ર ઈલની સાથે તામ્રલિપ્તિ પ્રદેશમાં જતી રહી, જ્યાં એણે ઈલાવર્દ્ધન નામક નગર વસાવ્યું ને પુત્ર ઈલે માહેશ્વરી નગરી વસાવી. રાજા ઈલ પછી એમનો પુત્ર પુલિન સિંહાસન પર બેઠો. એક સ્થાને એક હરિણીને કુંડી બનાવી કુંડાળાકાર મુદ્રામાં સિંહનો સામનો કરતા જોઈ, તો એને એ સ્થાનનો પ્રભાવ જાણી પુલિને એ સ્થાને કુંડિણી નામક નગરી વસાવી. પુલિન પછી વરિમે ઈન્દ્રપુર નગર વસાવ્યું. આ વંશના જ રાજા સંજતીએ વણવાસી અથવા વાણવાસી નગરી વસાવી. આ વંશમાં કુણિમ નામના એક રાજા થયા, જેઓ કોલ્લયર નગરના અધિપતિ હતા. એમનો પુત્ર મહેન્દ્રદત્ત રાજા થયો, જેના અરિષ્ટનેમિ અને મત્સ્ય નામના બે ઘણા પ્રતાપી પુત્ર રાજા થયા. અરિષ્ટનેમિએ ગજપુર અને મત્સ્યએ ભદ્દિલ નામનું નગર વસાવ્યું. આ બંનેના ૧૦૦-૧૦૦ પુત્રો હતા. આ જ હરિવંશના અયધણૂ નામના રાજાએ સોજઝ નામક નગર વસાવ્યું. આગળ જતા મૂલ નામક રાજા થયા. એમના પછી રાજા વિશાલે મિથિલાની સ્થાપના કરી. વિશાલ પછી ક્રમશઃ હરિષેણ, નહષેણ, સંખ, ભદ્ર અને અભિચંદ્ર રાજા થયા. અભિચંદ્રનો પુત્ર વસુ એક ઘણો મોટો અને પ્રસિદ્ધ રાજા થયો, જે આગળ જતા ઉપરિચર વસુના નામથી પ્રસિદ્ધ થયો.

## ઉપરિચર વસુ

ઉપરિચર વસુ હરિવંશનો એક ખ્યાતનામ અને પ્રતાપી રાજા હતો. એણે નાનપણમાં ક્ષીરકદંબક નામક ઉપાધ્યાય પાસે અધ્યયન કર્યું. ઉપાધ્યાયના પુત્ર પર્વત અને મહર્ષિ નારદ પણ એના સહાધ્યાયી હતા. એ સમયે આ ત્રણે શિષ્યોને સાથે જોઈ કોઈક અતિશય જ્ઞાનીએ એના સાધુમિત્રને કહ્યું હતું કે - "આ ત્રણેમાંથી એક તો રાજા બનશે, બીજો

સ્વર્ગનો અધિકારી અને ત્રીજો નરક ગતિ પ્રાપ્ત કરશે.'' જ્યારે આ વાત ક્ષીરકદંબકના કાને પડી તો એમણે વિચાર્યું કે - 'વસુ રાજપુત્ર છે, અતઃ તે તો રાજા બનશે, પણ બાકીના બેમાંથી કોણ નરકને પ્રાપ્ત કરશે, એની ભાળ મેળવવી જોઈએ.' એમણે એક કૃત્રિમ બકરો બનાવ્યો અને એમાં લાક્ષારસ ભરી દીધો. બકરો એકદમ જીવંત લાગી રહ્યો હતો. ક્ષીરકદંબકે નારદને બોલાવી કહ્યું : ''વત્સ, મેં આ બકરાને મંત્ર વડે સ્તંભિત કરી દીધો છે. આજે બહુલા અષ્ટમી છે, માટે સંધ્યા (સાંજ)ના સમયે એને કોઈ એવી જગ્યાએ લઈ જા, જ્યાં કોઈ જોતું ન હોય અને એને મારીને ચુપચાપ પાછો ફર.''

નારદ સાંજના સમયે એ બકરાને પોતાની સાથે લઈ એક નિર્જન સ્થાને ગયો. જ્યારે એણે બકરાને મારવાની ઈચ્છા કરી તો એને મનમાં વિચાર આવ્યો કે - 'અહીં તો બધા તારા અને નક્ષત્ર જોઈ રહ્યા છે.' તે બકરાને લઈને વનમાં ખૂબ અંદર સુધી ગયો, ત્યાં એના મને કહ્યું - 'અહીં બધાં ઝાડપાન અને વનસ્પતિઓ એને જોઈ રહી છે.' હજી આગળ જતા એક નાનું મંદિર (દેવાલય) મળ્યું, જે સાચે જ એકાંતસ્થળ હતું. જેવો નારદ બકરાને મારવા ઉદ્યત થયો કે એના મનમાં વિચાર આવ્યો કે - 'અહીં તો સ્વયં દેવાલયના દેવતા જોઈ રહ્યા છે.' આખરે બકરાને જેમનો તેમ સાથે લઈ નારદ ગુરુ પાસે ગયો અને બધી વાત કહી દીધી. ગુરુએ નારદને સાધુવાદ આપ્યો અને કહ્યું : ''વત્સ ! તેં સારું જ કર્યું, તું જઈ શકે છે, પણ આ વાત કોઈને કરીશ નહિ.''

ત્યાર બાદ ક્ષીરકદંબક એના પુત્ર પર્વતને બોલાવીને બકરો સોંપતા એને પણ એ જ આદેશ આપ્યો. પર્વત બકરાને લઈ એક સૂનસાન ગલીમાં ગયો, જ્યાં એને દૂર સુધી કોઈ ન દેખાતા એને ખાતરી થઈ કે કોઈ એને જોઈ નથી રહ્યું, તો એણે બકરાને કાપી નાંખ્યો અને આશ્રમમાં આવી બધી વાત એના પિતાને કહી. પોતાના પુત્રની વાત સાંભળી ઉપાધ્યાયને ખૂબ ગુસ્સો આવ્યો અને પર્વતને કહ્યું : ''અધમ ! તેં આ શું કર્યું ? તું નથી જાણતો કે આકાશમંડળના દેવ, વનસ્પતિઓ અને અદૃશ્ય રૂપથી ફરનારા ગુહ્યક આપણાં બધાં જ કાર્યોને જુએ છે. બીજું કંઈ નહિ તો તારા મનમાં એવો વિચાર તો આવવો જોઈતો હતો કે - 'સ્વયં તું તો જોઈ રહ્યો છે.' તેં બકરાને મારી જઘન્ય પાપ કર્યું છે. તું અવશ્ય નરકમાં જશે. સારું થશે કે તું મારી સામેથી દૂર થઈ જા.'''

અધ્યયન સમાપ્ત થતા એક-એક શિષ્ય ગુરુ પાસેથી વિદાય લઈ પોત-પોતાના ઘરે ગયા. જ્યારે વસુ ગુરુ ક્ષીરકદંબકની પાસે આશીર્વાદ લેવા ગયા તો ગુરુને ગુરુદક્ષિણા માટે અનુરોધ કર્યો, તો ઉપાધ્યાય બોલ્યા : "વત્સ ! મોટા થઈ રાજા બનીને તારા ગુરુભ્રાતા પર્વત પ્રત્યે પણ સ્નેહ રાખજે, આ જ મારી ગુરુદક્ષિણા હશે."

વસુ આગળ જતા ચેદિ દેશનો રાજા બન્યો. એક વખત આખેટ (શિકાર) કરવા માટે તે જંગલમાં ગયો, જ્યાં એણે એક હરણ(મૃગ)ને નિશાન બનાવી તીર છોડ્યું, પણ તે અધવચ્ચે જ પડી ગયું. પાસે જતા વસુએ જોયું કે ત્યાં એક વિશાળકાય પારદર્શક પથ્થર છે, જે હરણ અને તીરની વચ્ચે હતો, જેનાથી હરણ તો દેખાયું પણ પથ્થર ન દેખાતા એની સાથે ટકરાઈને તીર હરણ સુધી ન પહોંચતાં નીચે પડી ગયું. વસુએ વિચાર્યું - 'આવો પારદર્શક સ્ફટિક પથ્થર મારા જેવા રાજા માટે કામનો પુરવાર થઈ શકે છે.' મહેલમાં જઈ વસુએ એના અમાત્યને માહિતગાર કર્યો તો અમાત્યએ મોટા સ્ફટિકને રાજમહેલમાં મંગાવી સભામંડપમાં મૂકી દીધો, અને તેના ઉપર મહારાજનું સિંહાસન મૂકી દીધું, જેને લીધે લોકોને લાગતું કે - 'રાજાનું સિંહાસન હવામાં અધ્ધર લટકેલું છે.' અતઃ રાજા વસુનું નામ 'ઉપરિચર વસુ'ના નામે પ્રખ્યાત થઈ ગયું.

ઉપાધ્યાય ક્ષીરકદંબકના દેહાવસાન બાદ એમનો એકમાત્ર પુત્ર પર્વત ઉપાધ્યાય બની અધ્યાપનકાર્ય કરવા લાગ્યો. એ એના શિષ્યોને 'અજૈર્યષ્ટવ્યં'નો અર્થ સમજાવવા લાગ્યો કે - "અજ અર્થાત્ બકરો, એટલે કે 'બકરા વડે યજ્ઞ કરવો જોઈએ;' જ્યારે કે વેદોમાં અજનો પ્રયોગ 'જન્મ નહિ લેવાવાળો' અર્થાત્ ન ઊગવાવાળા અનાજ બીજના રૂપમાં કરવામાં આવ્યો છે. નારદને જ્યારે આ વાતની જાણ થઈ તો તરત એની પાસે જઈ સમજાવવા લાગ્યા કે - "એ વેદવાક્યના પરંપરાગત અર્થનો અનર્થ રૂપમાં પરિવર્તિત ન કરે. ઋષિઓએ હંમેશાંથી જ 'અજ'નો અર્થ 'ત્રૈવાર્ષિક-યવ-બ્રીહી' અર્થાત્ 'નહિ ઊગવાવાળું ધાન' કહ્યો છે, નહિ કે બકરો." પણ પર્વત નારદની વાત માન્યો નહિ. તે એની વાત પર દૃઢ રહ્યો, અને કહ્યું કે - "જો મારી વાત ખોટી સાબિત થાય તો મારી જીભ કાપી નાખવામાં આવે, નહિ તો તારી કાપવામાં આવશે." છેલ્લે એવો નિર્ણય લેવામાં આવ્યો કે - 'આ પ્રશ્ન ઉપાધ્યાયના ત્રીજા શિષ્ય અમારા સહાધ્યાયી મહારાજ વસુ સામે મૂકવામાં આવે અને એમનો આપેલો નિર્ણય બંને માટે માન્ય રહેશે.'

પર્વતે આ બધો જ વૃત્તાંત પોતાની માતાને સંભળાવ્યો, તો માતાએ દૃઢપૂર્વક કહ્યું કે - "નારદને તારા પિતા સમ્યક્ શિક્ષાર્થી સમજતા હતા, માટે નારદની વાત જ સાચી હોવી જોઈએ." પર્વત કોઈ પણ સંજોગમાં હાર માનવા તૈયાર ન હતો. છેલ્લે પર્વતની માતા મહારાજ વસુ પાસે ગઈ અને નારદ-પર્વત વચ્ચેના વિવાદની વાત જણાવી. વસુનો 'અજૈર્યષ્ટવ્ય'નો ઉપાધ્યાય દ્વારા બતાવેલો અર્થ પૂછ્યો. રાજાએ નારદના અર્થને જ સંમતિ આપી, તો પર્વતની માતા વ્યથિત અને ચિંતાતુર બની. એણે વસુને કહ્યું : "તારા આ નિર્ણયથી મારા પુત્રનો તો સર્વનાશ થઈ જશે. એના કરતાં સારું છે કે પહેલાં હું જ મારા પ્રાણ ત્યાગી દઉં." એમ કહી તે આત્મહત્યાનો પ્રયાસ કરવા લાગી. આ જોઈ રાજાએ પર્વતની તરફેણમાં નિર્ણય આપવાનું વચન આપ્યું.

બીજા દિવસે વિશાળ જનમેદની એકઠી થઈ. રાજા વસુ એના અધ્ધર દેખાતા સિંહાસન પર બિરાજ્યા, પછી નારદ ને પર્વતે પોત-પોતાની વાત એમની સમક્ષ રજૂ કરી. વાસ્તવિક હકીકત જાણવા છતાં પણ રાજાએ ગુરુમાતા અને ગુરુપુત્રની તરફેણમાં નિર્ણય આપ્યો કે - 'અજૈર્યષ્ટવ્યમ્' અનુસાર યજ્ઞમાં બકરાનો ઉપયોગ કરવો જોઈએ અર્થાત્ યજ્ઞમાં બકરાની બલિ ચઢાવવી જોઈએ." રાજા જાણતા છતાં, અસત્યનો પક્ષ લેવાના લીધે એમનું સિંહાસન સત્ય-સમર્થક દેવતાઓએ ઠોકર મારતા પૃથ્વી પર આવી પડ્યું. તેઓ 'ઉપરિચર'થી 'સ્થળચર' થઈ ગયા. પ્રામાણિકતાને જોઈને પણ મૂઢતાવશ એમણે પર્વતના જ કથનને ખરું ઠરાવ્યું, પરિણામે અદૃશ્ય શક્તિઓ દ્વારા વસુને રસાતળ(પાતાળ)માં ધકેલી દેવાયો. અધર્મપૂર્ણ અસત્ય-પક્ષનું સમર્થન કરવાને લીધે એને નરકમાં જવું પડ્યું. નારદ તો દેવલોકમાં ચાલ્યા ગયા, પણ પર્વતે કાલાન્તરમાં રાજા સગરના શત્રુ મહાકાળ નામના દેવતાની સહાયથી યજ્ઞોમાં પશુબલિને વૈધ (આપવાયોગ્ય) બતાવી એનો સૂત્રપાત કર્યો.

## મહાભારતમાં વસુનું ઉપાખ્યાન

પ્રાચીન સમયમાં ઋષિ-મહર્ષિ, રાજા-મહારાજા 'અજ' અર્થાત્ ત્રૈવાર્ષિકયવ, ઘૃત અને વન્ય ઔષધિઓથી યજ્ઞ કરતા હતા. એ સમયે યજ્ઞમાં પશુબલિનું કોઈ જ સ્થાન ન હતું. યજ્ઞોમાં પશુબલિને ગર્હિત, પાપપૂર્ણ અને ઘોર નિંદનીય ગણવામાં આવતું હતું. એ મહાભારતમાં

ઉલ્લેખિત તુલાધાર, વિચરૂનુ ને ઉપરિચર રાજા વસુનાં ઉપાખ્યાનોમાંથી સ્પષ્ટરૂપે સિદ્ધ થાય છે. 'મહાભારત'ના શાંતિપર્વમાં પણ વાસુદેવ હિન્ડીથી પ્રાયઃ થોડા વધુ અંશોથી હળતું-મળતું ઉપાખ્યાન આપવામાં આવ્યું છે. ચેદિરાજ વસુ દ્વારા અસત્ય પક્ષનું સમર્થન કરાતા વૈદિકી શ્રુતિ 'અજૈર્યષ્ટવ્યમ્'માં આપવામાં આવેલ 'અજ' શબ્દનો અર્થ 'ત્રૈવાર્ષિકયવો'ની જગ્યાએ 'છાગ અથવા બકરો' પ્રતિપાદિત કરવામાં આવ્યો. યજ્ઞોમાં પશુબલિની શરૂઆત થઈ, આ તથ્યને જૈન ને વૈષ્ણવ બંને પરંપરાઓના પ્રાચીન અને સર્વમાન્ય ગ્રંથ એકમતે સ્વીકારે છે. યજ્ઞમાં પશુબલિના વચનમાત્રથી અનુમોદન કરવાને લીધે ઉપરિચર વસુને રસાતળમાં અંધકારપૂર્ણ ઊંડી ખીણમાં ધકેલાવું પડ્યું, આ સંદર્ભમાં 'મહાભારત'માં ઉલ્લેખનીય વસુનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે :

રાજા વસુને ઘોર તપમાં તલ્લીન જોઈ ઇન્દ્રને વહેમ (શંકા) થયો કે - 'જો આ રીતે જ ચાલતું રહ્યું તો એકાદ દિવસ મારું ઇન્દ્રપદ અવશ્ય છીનવાઈ જશે' આ આશંકાથી વિહ્વળ થઈ, ઇન્દ્ર વસુ પાસે ગયો અને એમને તપસ્યાથી વિચલિત કરવા માટે એમને સમૃદ્ધ ચેદિનું વિશાળ રાજ્ય આપવાની સાથે-સાથે સ્ફટિક રત્નજડિત ગગનવિહારી વિમાન અને સર્વજ્ઞ થવાનું વરદાન આપ્યું. વસુની રાજધાની શક્તિમતી નદીના તટ પર હતી. ઇન્દ્ર દ્વારા અપાયેલ આકાશગામી વિમાનમાં વિચરણ કરવાને લીધે એ ઉપરિચર વસુના નામથી પ્રખ્યાત થયા. ઉપરિચર વસુ ઘણા સત્યનિષ્ઠ, અહિંસક અને યજ્ઞશિષ્ટ અન્નનું ભોજન લેનારા હતા. અંગિરસ-પુત્ર બૃહસ્પતિ એમના ગુરુ હતા. ન્યાય-નીતિ અને ધર્મથી રાજ્ય કરીને એમણે મહાન અશ્વમેધ યજ્ઞ કર્યો. એ અશ્વમેધ યજ્ઞમાં સ્વયં બૃહસ્પતિ હોતા તથા શાલિહોત્ર, કપિલ, વૈશંપાયન, કણ્વ આદિ સોળ મહર્ષિ જોડાયેલા હતા. એ મહાન યજ્ઞમાં યજ્ઞ માટે જરૂરી બધી સામગ્રી ભેગી કરવામાં આવી, પણ એમાં કોઈ પણ પશુનો વધ કરવામાં આવ્યો નહીં. રાજા ઉપરિચર વસુએ યજ્ઞમાં પૂર્ણપણે અહિંસક ભાવથી હાજર રહ્યા. વનમાં ઊગેલાં ફળ, મૂળ વગેરે પદાર્થો વડે જ એ યજ્ઞમાં દેવતાઓનો ભાગ નક્કી કરવામાં આવ્યો. વસુના આ રીતના યજ્ઞથી પ્રસન્ન થઈ ભગવાન નારાયણે સ્વયં દર્શન આપી પોતાને માટે અપાયેલ પુરોડાશ (યજ્ઞનો ભાગ) સ્વીકાર્યો. અને આ મહાન અશ્વમેધ યજ્ઞ પૂર્ણ કરી રાજા ઘણા સમય સુધી પ્રજાનું પાલન કરતા રહ્યા.

એક વખત દેવતાઓ અને ઋષિઓમાં યજ્ઞમાં આપનારી આહુતિના વિષયમાં વિવાદ જાગ્યો. દેવગણ ઋષિઓને કહેવા લાગ્યા કે - "'અજૈર્યષ્ટવ્યમ્' અર્થાત્ અજ વડે યજ્ઞ કરવો જોઈએ." આ વિધાનમાં 'અજ' શબ્દનો મતલબ 'બકરો' સમજવો જોઈએ."

એના પર ઋષિઓએ કહ્યું : "યજ્ઞોમાં બીજ(બિયાં)નો ઉપયોગ કરવો જોઈએ, વૈદિક શ્રુતિ પણ આ જ કહે છે. બીજોનું નામ જ અજ છે, અજના નામે બકરાનો વધ કરવો યોગ્ય નથી. જ્યાં ક્યાંયે પણ યજ્ઞમાં પશુઓનો વધ થતો હોય, એ સત્પુરુષોનો યજ્ઞ અથવા ધર્મ નથી."

જે સમયે સુરો અને ઋષિઓ વચ્ચે આ વાદ-વિવાદ (તકરાર) ચાલી રહ્યો હતો, એ સમયે નૃપશ્રેષ્ઠ વસુ પણ આકાશમાર્ગ વિચરણ કરતા એ સ્થાને આવી પહોંચ્યા. એમને આવતા જોઈ બ્રહ્મર્ષિઓએ દેવતાઓને કહ્યું : "આ નરેશ આપણા સંદેહને દૂર કરશે. તેઓ સ્વયં યજ્ઞ કરવા-વાળા, સંપૂર્ણ ભૂતોના હિતેચ્છુ તથા મહાન પુરુષ છે, શાસ્ત્રોની વિરુદ્ધ જાય તેવા નથી." ત્યારે ઋષિઓ અને દેવતાઓએ એકી અવાજે રાજા વસુને પૂછ્યું : "રાજન્ ! કોના વડે યજ્ઞ કરવો જોઈએ ? અન્ન અથવા બકરા વડે ?" રાજાએ એમને જ પૂછ્યું કે - "એમાંથી કોને કયું પ્રિય છે ? 'અજ' શબ્દનો અર્થ કોણ બકરો માને છે અને કોણ અન્ન ?" વસુના આ પ્રશ્નના સંદર્ભમાં ઋષિઓએ કહ્યું : "રાજન્ ! અમારા બધાનો મત એવો છે કે - 'યજ્ઞ અન્ન વડે કરવો જોઈએ' પણ દેવતાઓનું માનવું છે કે - 'છાગ નામના પશુથી યજ્ઞ થવો જોઈએ.' હવે તમે તમારો નિર્ણય અમને જણાવો."

રાજા વસુએ દેવતાઓનો પક્ષ લેતા કહ્યું કે - "'અજ'નો અર્થ છે છાગ અથવા બકરો, માટે બકરા વડે યજ્ઞ થવો જોઈએ." આ સાંભળી બધા ઋષિઓ ક્રોધિત થઈ ગયા અને બોલ્યા : "તમે 'અજ'નો વાસ્તવિક અર્થ અન્ન છે એમ જાણવા છતાં પણ, દેવતાઓનો પક્ષ લઈ બકરો કહ્યો છે, અતઃ તારું આકાશથી પતન થઈ જશે, તારી આકાશમાં વિચર-વાની શક્તિ પણ સમાપ્ત થઈ જશે. તેં જો વેદ-શાસ્ત્ર વિરુદ્ધ કહ્યું હશે તો તું પાતાળમાં સમાઈ જઈશ અને જો અમારી વાત શાસ્ત્ર વિરુદ્ધ હશે તો અમે પતનના ભાગી થઈશું." ઋષિઓનું કથન પૂર્ણ થતાં જ રાજા ઉપરિચર આકાશથી ભૂમિ પર આવી ગયા અને તરત જ પૃથ્વીની નીચે રસાતળ(પાતાળ)માં સમાઈ ગયા.

વસુના આઠ પુત્રોમાંથી છ પુત્ર ક્રમશઃ એક પછી એક સિંહાસન પર બેઠા, પણ સિંહાસન પર બેસવાની સાથે જ કોઈક દૈવીશક્તિ વડે મૃત્યુ પામ્યા. એનાથી ભયભીત થઈ શેષ બે પુત્રો સુવસુ અને પિહદ્ધય શુક્તિમતી નગરીમાંથી પલાયન કરી ગયા. સુવસુ મથુરામાં વસ્યા ને પિહદ્ધયનો ઉત્તરાધિકારી સુબાહુ થયો. સુબાહુ પછી ક્રમશઃ દીર્ઘબાહુ, વજ્રબાહુ, અર્દ્ધબાહુ, ભાનુ અને સુભાનુ થયા. સુભાનુ પછી એમના પુત્ર યદુ હરિવંશના મહાપ્રતાપી રાજા થયા. યદુના વંશમાં સૌરી અને વીર નામના બે પરાક્રમી રાજા થયા. મહારાજ સૌરીએ સૌરિપુર અને વીરે સૌવીર નગર સ્થાપ્યાં.

## ભ. નેમિનાથનું પિતૃકુળ

હરિવંશીય મહારાજ સૌરિના અંધકવૃષ્ણિ અને ભોગવૃષ્ણિ નામના બે પરાક્રમી પુત્ર થયા. અંધકવૃષ્ણિના દસ પુત્ર હતા, જે દશાર્હ નામથી પ્રસિદ્ધ થયા. એમાંના સૌથી મોટા સમુદ્રવિજય અને સૌથી નાના વસુદેવ વિશિષ્ટ પ્રતિભાસંપન્ન અને પ્રભાવશાળી હતા. સમુદ્રવિજય ઘણા જ ઉદાર, ન્યાયપ્રિય અને પ્રજાવત્સલ રાજા થયા. સમુદ્રવિજયે જ પોતાના નાના ભાઈ વસુદેવનું લાલન-પાલન કર્યું. સમય જતા વસુદેવ પણ એમનાં પરાક્રમ અને શૌર્ય માટે પ્રખ્યાત - નામચીન થયા.

## વસુદેવનો પૂર્વભવ

વસુદેવ એમના પૂર્વજન્મમાં નંદિષેણ નામના બ્રાહ્મણ હતા. માતા-પિતા સ્વર્ગે સિધાવતાં કુટુંબીઓએ એમને ઘરમાંથી જાકારો આપ્યો. ઘર ત્યાગ બાદ એમનો ઉછેર એક માળીએ કર્યો. માળીએ એની ત્રણ પુત્રીઓ-માંથી કોઈ પણ એકની સાથે લગ્ન કરાવી આપવાનું આશ્વાસન એને આપ્યું. પણ એ પુત્રીઓમાંથી કોઈએ પણ એની સાથે લગ્ન કરવાની તૈયારી ન બતાવતા એને ઘણું દુઃખ થયું, જેના પરિણામસ્વરૂપ એણે જંગલમાં જઈ આપઘાતનો પ્રયત્ન કર્યો. પણ કોઈક મુનિની એના પર નજર પડતા, એને આ કાર્ય કરતા અટકાવ્યો. મુનિનો બોધપૂર્ણ ઉપદેશ સાંભળી એણે મુનિ પાસે દીક્ષા લીધી ને તપ-સંયમ તેમજ સાધના કરવા લાગ્યો. પોતાના તિરસ્કૃત-જીવનને ઉપયોગી બનાવવા માટે એણે પ્રતિજ્ઞા કરી કે - 'કોઈ પણ રોગગ્રસ્ત સાધુની સૂચના મળતાં જ પહેલાં એની

સેવા કરશે, પછી અન્ન ગ્રહણ કરશે.' કઠોર તપસ્યાના ફળસ્વરૂપ એણે ઘણી લબ્ધિઓ મેળવી, જેનાથી રોગિષ્ઠ સાધુની સેવા માટે એને જે વસ્તુની જરૂરિયાત હોય તે આપોઆપ મળી જતી. પોતાની આ નિઃસ્વાર્થ સેવાને લીધે તે ઘણો પ્રખ્યાત થયો અને મહાન પુણ્યનો સંચય કર્યો. આમ છતાં તેના મનમાં માળી કન્યાઓ દ્વારા અપમાનિત થયાનો ખટકો તો હતો જ, માટે એણે નિદાન કર્યું કે - 'જો મારી તપસ્યાઓનું ફળ હોય તો હું મારા આગલા જન્મમાં સ્ત્રી-વલ્લભ બનું.' મૃત્યુ પછી એની તપસ્યાઓના પ્રભાવ થકી એ દેવલોકમાં પ્રગટ થયા અને ત્યાંની અવધિ પૂર્ણ કરી અંધકવૃષ્ણિને ત્યાં વસુદેવના રૂપે જન્મ લીધો.

## વસુદેવ અને કંસ

વસુદેવનું બાળપણ વ્યવસ્થિત રીતે પસાર થયું. યોગ્ય શિક્ષા-કેળવણી માટે એમને ઉચિત ગુરુ પાસે મોકલવામાં આવ્યા. જ્યારે વસુદેવ વિદ્યાભ્યાસ કરી રહ્યા હતા, તો એક દિવસ એક વ્યાપારી ત્યાં આવ્યો ને એની સાથે એક બાળક પણ હતું. તે બોલ્યો : "આ બાળક કંસ તમારી સેવા કરશે, તમે એને તમારી પાસે રાખી લો." વસુદેવે એની વાત માની. કંસ એની સેવામાં રહી એની સાથે-સાથે વિદ્યાભ્યાસ પણ કરવા લાગ્યો.

એક દિવસ જરાસંધે સમુદ્રવિજયની પાસે દૂત સાથે સંદેશો મોકલાવ્યો - 'સિંહપુરના ઉદંડ રાજા સિંહરથને પકડીને જે મારી સામે ઉપસ્થિત કરશે, એની સાથે હું મારી પુત્રી જીવયશાના વિવાહ કરીશ અને ભેટ-સ્વરૂપે એક નગર પણ આપીશ.' વસુદેવને આની સૂચના મળતાં જ એમણે સમુદ્રવિજયને વિનંતી કરી કે - 'સિંહરથને પકડીને એમની સેવામાં ઉપસ્થિત કરવાની અનુમતિ આપે.' સમુદ્રવિજયે એનો આગ્રહ સ્વીકારીને શક્તિશાળી સેનાની સાથે એમને યુદ્ધ માટે રવાના કર્યા.

સિંહરથ અને વસુદેવ સામસામે યુદ્ધ કરવા લાગ્યા. ઘમસાણ યુદ્ધમાં વસુદેવની સેના પીછેહઠ કરવા લાગી. આ જોઈ વસુદેવે એના સારથી કંસને આદેશ આપ્યો કે - 'એમના રથને સિંહરથ તરફ લેવામાં આવે.' કંસે એવું જ કર્યું, અને વસુદેવે જોત-જોતામાં સિંહરથની સેનાને ખેદાન-મેદાન કરી દીધી. કંસે અદ્‌ભુત રણકૌશલ્ય દેખાડ્યું અને સિંહરથના રથના ચક્રનો ભુક્કો બોલાવી એને બંદી બનાવી લીધો. સિંહરથની આખી સેના ત્યાંથી પલાયન કરી ગઈ. વસુદેવે સિંહરથને બંદી બનાવી સમુદ્રવિજય

સમક્ષ પ્રસ્તુત કર્યો. કુમાર વસુદેવના આ સાહસી કાર્યથી સમુદ્રવિજય ઘણા પ્રસન્ન થયા અને એના સ્વાગતની તૈયારી કરાવી.

એકાંત મેળવી સમુદ્રવિજયે વસુદેવને કહ્યું કે - "જીવયશાનાં લક્ષણોના આધારે જાણવા મળ્યું છે કે - 'વિવાહ પછી એ બંને કુળોનો વિનાશ કરવાવાળી છે,' માટે એની સાથે તારું પાણિગ્રહણ કરવું શ્રેયસ્કર નથી જણાતું." આથી વસુદેવે કહ્યું કે - "આ અભિયાનની સફળતામાં કંસનો ઘણો મોટો ફાળો રહ્યો છે, તેથી પારિતોષિક ઈનામસ્વરૂપે જીવયશા એને આપી શકાય છે." ત્યારે સમુદ્રવિજયે પ્રશ્ન કર્યો કે - "કોઈ ઉચ્ચ કુળની કન્યા એક સાધારણ વણિકપુત્રની સાથે કેવી રીતે લગ્ન કરી શકે છે ?" વસુદેવે કહ્યું કે - "કંસનું શૌર્યયુક્ત કાર્ય તો એવું જ સિદ્ધ કરે છે કે તે એક ક્ષત્રિયપુત્ર જ છે."

હકીકતની તપાસ કરવા માટે જ્યારે વણિકને પૂછવામાં આવ્યું તો એણે કહ્યું : "મહારાજ, વાસ્તવમાં આ મારો પુત્ર નથી, યમુના નદીમાં વહેતી કાંસ્ય-પેટીમાંથી એ મળ્યો, માટે એનું નામ કંસ રાખી દીધું." કાંસ્ય-પેટીમાં એની સાથે એક મુદ્રિકા-વીંટી પણ મળી, જેના પર રાજા ઉગ્રસેનનું નામ જોઈને સમુદ્રવિજયને વિશ્વાસ બેસી ગયો કે - 'કંસ એમનો જ પુત્ર છે.' તેઓ કંસ અને સિંહરથની સાથે તરત જ જરાસંધ પાસે ગયા અને કંસ દ્વારા સિંહરથને બાંદી બનાવવાની ઘટનાનું વર્ણન કરતા જણાવ્યું કે - 'કંસ હકીકતમાં મહારાજ ઉગ્ર-સેનનો પુત્ર છે.' આ સાંભળી જરાસંધ ખુશ થઈ એની પુત્રી જીવયશાનાં લગ્ન કંસ સાથે કરાવી આપ્યાં."

પોતાના પિતા દ્વારા ત્યજાયેલ જાણીને કંસે એમની સાથે બદલો લેવાનો સંકલ્પ કર્યો. જરાસંધના જમાઈ બનતાં જ એણે જરાસંધ પાસે મથુરાનું રાજ્ય માંગી લીધું અને ત્યાં જતા પ્રથમ જ એણે ઉગ્રસેનને કારાવાસમાં ધકેલી દીધા અને સ્વયં ત્યાં શાસન કરવા લાગ્યો.

## વસુદેવનું વ્યક્તિત્વ

વસુદેવનું વ્યક્તિત્વ ઘણું જ આકર્ષક અને પ્રભાવશાળી હતું. રાજમાર્ગ પર તેમને આવતા-જતા જોઈ લોકો એમના મનોહારી સૌંદર્યના મુક્ત કંઠે વખાણ કરતા. સ્ત્રીઓ તો એમની કમનીય (કામણગારી) કાંતિને એકીટસે જોતી જ રહી જતી અને જાણે મંત્રમુગ્ધ થઈ શુદ્ધ-બુદ્ધ ગુમાવી

એમની પાછળ-પાછળ ચાલવા લાગતી. પણ વસુદેવને સંભવતઃ પોતાના આ માદક સૌંદર્યમય યૌવનનો આભાસ સુધ્ધાં ન હતો. એક દિવસ તેઓ ઉપવનોમાંથી હવાફેર કરીને પરત ફર્યા જ હતા કે સમુદ્રવિજયે ઘણા સ્નેહથી કહ્યું કે - "ભાઈ ! તું આ રીતે બહાર ફરીશ નહિ, તારું સુકુમાર કોમળ શરીર ધૂળવાળું થઈ કરમાઈ રહ્યું છે. રાજભવનમાં જ રહીને અન્ય કોઈક કળાઓ અથવા વિદ્યાઓનો અભ્યાસ કરી શકે છે." વસુદેવે એમના મોટા ભાઈની વાત માની લીધી અને રાજભવનમાં જ પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા.

એક દિવસ સમુદ્રવિજય માટે લેપ તૈયાર કરતી એક કુબ્જા દાસીને વસુદેવે પૂછ્યું : "શું આ ઉબટન મારા માટે નથી ?"

દાસીએ કહ્યું : "તમે અપરાધ કર્યો છે માટે મહારાજ તમને ઉત્તમ વસ્ત્રાભૂષણ, વિલેપન વગેરે નથી આપતાં."

જ્યારે વસુદેવે દાસી વડે ના પડાતા પણ જબરજસ્તીથી ઉબટન લઈ લીધું તો દાસીએ છણકો કરતા કહ્યું : "આ રીતનાં આચરણોના લીધે જ તો તમને રાજમહેલમાં રોકી રાખવામાં આવ્યા છે, છતાં પણ અવિનયથી બાજ નથી આવતા."

વસુદેવે સાવધાન થઈ પ્રેમપૂર્વક સંભાષણ વડે એને પ્રસન્ન કરી તો દાસીએ કહ્યું : "ખરેખર તો કેટલાક લોકોએ મહારાજ સમુદ્રવિજયને જણાવ્યું છે કે - 'કુમાર વસુદેવ જ્યારે રાજમાર્ગ પર આવ-જા કરે છે, તો સ્ત્રીઓ એમનું બધું કામકાજ છોડી એમની પાછળ પડી જાય છે અને મુગ્ધ થઈ એમને જોયાં કરે છે.' કેટલીક નવયુવતીઓ તો બધું જ ભૂલી-વિસરીને કુમારના આગમનની વાટ જોતી રહે છે. બધા ઉપર વસુદેવનો જાણે ઉન્માદ છવાયેલો રહે છે. તમારા મોટા ભાઈએ લોકોની આ વાત સાંભળીને તમારા માટે આ ગોઠવણ કરી છે." દાસીના મોઢેથી આ વાત સાંભળી વસુદેવ ચિંતામાં પડ્યા અને વિચાર્યું કે - 'આ સ્થિતિમાં અહીંથી ચુપચાપ નીકળી જવું જ શ્રેયસ્કર થશે' અને સાંજના સમયે વલ્લભ નામના એક સેવકને સાથે લઈ રાજભવનમાંથી બહાર જતા રહ્યા.

જતી વખતે રસ્તામાં એક સ્મશાન આવ્યું, ત્યાં એક મડદું જોયું. કુમારે એમના સેવક પાસે થોડાંક લાકડાંઓ લાવી ચિતા તૈયાર કરવા માટે કહ્યું. જ્યારે ચિતા તૈયાર થઈ ગઈ તો એમણે સેવકને કહ્યું : "જા, મારા શયનખંડમાં જઈ મારું રત્નકરંડક (કરંડિયુ) લઈ આવ. હું થોડુંક દ્રવ્ય-

દાન કરી અગ્નિપ્રવેશ કરીશ." સેવક કુમારના આ બોલ સાંભળી રડમસ થઈ ગયો; પછી બોલ્યો : "જો તમે અગ્નિપ્રવેશ કરવા માંગો છો, તો હું પણ તમારી સાથે જ પ્રવેશ કરીશ." કુમારે કહ્યું : "ઠીક છે, પણ પહેલાં રત્નકરંડિયુ તો લઈ આવ ? અને હા, આ વાત કોઈને કરીશ નહિ."

સેવક નગર તરફ ગયો. વસુદેવે મડદાને ચિતા ઉપર રાખીને આગ લગાવી દીધી. ચિતાની પાસે જ એક ઝાડ ઉપર લાકડી વડે લખીને ટાંગી દીધું કે - 'સાચા સ્વભાવ અને ચરિત્રના હોવા છતાં પણ લોકોએ મારી ઉપર શંકા કરી, માટે મેં મારી જાતને અગ્નિને સમર્પિત કરી દીધી છે.' સેવકના આવતા પહેલાં જ તેઓ ત્યાંથી જતા રહ્યા. રસ્તામાં એક બળદગાડું મળ્યું, જેમાં બેઠેલી એક યુવતી સાસરેથી પોતાને પિયર જઈ રહી હતી. એની સાથે એક વૃદ્ધ પણ હતો. વસુદેવને પગપાળા જતા જોઈ એને દયા આવતા એણે વૃદ્ધને કહ્યું કે - "એને ગાડીમાં બેસાડી દો, રાત્રે આપણે ત્યાં વિસામો લઈ આગળ જતો રહેશે." વૃદ્ધના કહેવાથી વસુદેવ એમની સાથે બેસી ગયા ને એમના ઘરે પહોંચી સ્નાન વગેરે કરી ભોજન કરી વિશ્રામ કરવા લાગ્યા. વિશ્રામ કરતી વખતે પાસેના યક્ષાયતન(યક્ષમંદિર)થી કેટલાક લોકોની અંદરો-અંદરની વાતચીત સાંભળતા ખબર પડી કે - 'એમના અગ્નિપ્રવેશની વાત એ સેવક દ્વારા જાણ થતા પરિવારના લોકો સ્મશાનમાં પહોંચ્યા અને ત્યાં એમનું લખાણ વાંચી અગ્નિપ્રવેશનું કારણ જાણી તેઓ ઘણાં દુ:ખી થયાં અને ચિંતિત થઈ રડતાં-રડતાં બધું જ જરૂરી કર્મકાંડ પતાવી નગરમાં પાછા ફર્યાં.' વસુદેવને લાગ્યું કે સાંસારિક બંધન કેટલું ગૂઢ, રહસ્યમય અને ક્ષણિક છે. સારું છે, લોકોને વિશ્વાસ થઈ ગયો કે - 'હું નથી રહ્યો, માટે મને શોધવાનો પ્રયત્ન કરશે નહિ અને હું નિઃશંક થઈ સ્વતંત્ર વિચરણ કરી શકીશ.'

આખી રાત વિશ્રામ કરી વસુદેવ ત્યાંથી આગળ વધી અલગ-અલગ જગ્યાઓએ ફરતા રહ્યા, અને સાથે-સાથે એમણે ઘણું બધું શીખી લીધું. જાત-જાતની વિદ્યાઓનું અધ્યયન કર્યું અને કેટલાયે પ્રસંગોએ પોતાનાં શૌર્ય અને સાહસનો પરિચય આપ્યો. આ રીતે ફરતા-ફરતા વસુદેવ કૌશલ રાજ્યના પ્રમુખ નગર અરિષ્ટપુરમાં પહોંચ્યા. ત્યાં એમને ખબર પડી કે- 'કૌશલનરેશ રુધિર એમની રાજકુમારી રોહિણીનો સ્વયંવર રચી રહ્યા છે. જેમાં જરાસંઘ, દમઘોષ, પાંડુ, સમુદ્રવિજય, ચંદ્રાભ અને કંસ વગેરે મોટા-

મોટા રાજાઓ આવ્યા છે. વસુદેવ પણ પણવ વાદ્ય હાથમાં લઈને સ્વયંવરના મંડપમાં ગયા અને એક સ્થાન પર બેસી ગયા. અગણિત દાસીઓથી ઘેરાયેલી રોહિણીએ વરમાળા લઈ પ્રવેશ કર્યો કે આખો મંડપ એના સૌંદર્યથી અંજાઈને જડવત્ થઈ ગયો. જે રાજાઓની સામે રોહિણી વરમાળા લઈને ઊભી રહેતી, એમનાં મુખમંડળ સૂર્ય-સમાન ચમકી ઊઠતાં; પણ એના આગળ વધતાં જ જાણે એ ચહેરાઓ રાહુ-ગ્રસ્ત સૂર્યની જેમ નિસ્તેજ થઈ કાળા પડી જતા. વસુદેવે પોતાના વાદ્ય-યંત્ર ઉપર આછો મધુર નાદ કર્યો, જે રોહિણીના કાને પડતાં જ જાણે તે મંત્ર-મુગ્ધ મયૂરીની જેમ મોટા-મોટા મહારાજાઓને પાછળ છોડી વસુદેવની તરફ આગળ વધી ગઈ અને વરમાળા એના ગળામાં નાંખી ચુપચાપ પોતાના અંતઃપુરની તરફ જતી રહી.

મંડપમાં હોબાળો થઈ ગયો. કેટલાક લોકો કહેવા લાગ્યા : "વરણ પણ કર્યું તો એક ગાયકનું." ઘણા રાજાઓને આ અયોગ્ય લાગ્યું.

એકે કૌશલનરેશને કહ્યું : "જો તમારી કન્યા એક ગાયકને જ પ્રેમ કરતી હતી, તો પછી આ સ્વયંવરનું નાટક કરીને ક્ષત્રિય રાજાઓને અપમાનિત કરવાની શું આવશ્યકતા હતી ?"

એથી કૌશલાધીશે કહ્યું : "સ્વયંવરમાં કન્યાને પોતાના પતિને પસંદ કરવાની સ્વતંત્રતા હોય છે. તે જેને પોતાને યોગ્ય ગણે, એને પસંદ કરે છે."

વસુદેવે કહ્યું : "શું કોઈ ક્ષત્રિય માટે ગાવું-વગાડવું નિષેધ છે ? મારા હાથમાં પણવ જોઈ તમે લોકોએ કેવી રીતે જાણી લીધું કે હું ક્ષત્રિય નથી?"

આ સાંભળી દમઘોષે કહ્યું : "અજ્ઞાત વંશવાળાને ચૂંટીને આ રીતે કુળવાન રાજાઓનું અપમાન કરવું યોગ્ય નથી."

વાત વધતી જોઈ કોઈકે સુઝાવ આપ્યો કે - "ગાયક જો પોતાની જાતને ક્ષત્રિય ગણાવે છે, તો એને જ એના વંશ વિશે પૂછી લેવામાં આવે." વસુદેવે કહ્યું : "વ્યર્થ વાદ-વિવાદથી શું ફાયદો ? મારું બાહુબળ જ મારો પરિચય આપશે."

આ સાંભળી જરાસંધે કહ્યું : "બધા ફસાદની જડ સ્વયં કૌશલપતિ જ છે, પકડી લો રાજા રુધિર ને ?"

બધા રાજાઓએ મળીને કૌશલનરેશને ઘેરી લીધો. આ જોઈ અરિંજયપુરના વિદ્યાધર રાજા 'દધિમુખ'ના રથમાં બેસી વસુદેવે બધાને

લલકાર્યા. વસુદેવની લલકાર સાંભળી કેટલાયે રાજા આક્રમણ કરવા માટે ઊભા થયા, તો મહારાજ પાંડુએ કહ્યું : "નહિ, આ ક્ષત્રિયોને શોભતું નથી કે અનેક રાજાઓ મળી કોઈ એક વ્યક્તિ પર આક્રમણ કરે."

જરાસંધે પણ સહમતિ દર્શાવી કહ્યું કે - "હા, એક પછી એક રાજા વારાફરતી એની સાથે યુદ્ધ કરે, જે જીતી જશે, રોહિણી એની જ થશે."

પછી શું હતું ? વસુદેવે એક-એક કરીને શત્રુંજયની જેમ કેટલાયે પરાક્રમી રાજાઓને પળવારમાં પરાસ્ત કરી દીધા, તો જરાસંધે મહારાજ સમુદ્રવિજયને કહ્યું : "સારું થશે કે તમે એની સાથે યુદ્ધ કરી રોહિણીને મેળવો."

જરાસંધનો આગ્રહ સ્વીકારી મહારાજ સમુદ્રવિજયે વસુદેવ ઉપર બાણવર્ષા શરૂ કરી. વસુદેવે એમનાં બાણોને વીંધી નાખ્યાં, પણ એમના ઉપર પ્રહાર કર્યો નહિ. પોતાનાં બાણોને તૂટીને જમીન પર પડતાં જોઈ સમુદ્રવિજય ઘણા કોપાયમાન થયા. એ સમયે વસુદેવે પોતાના નામનું બાણ એમનાં ચરણોની તરફ છોડ્યું. બાણ ઉપર વસુદેવનું નામ જોઈ સમુદ્રવિજય ચકિત થઈ ગયા. બધું જ ભૂલીને આનંદિત થઈ વસુદેવની તરફ દોડ્યા. વસુદેવ પણ એમનું શસ્ત્ર ફેંકી ભાઈના પગમાં પડ્યા. મોટા ભાઈએ નાના ભાઈને હૃદયસરસો ચાંપી દીધો. બાકીના આઠેય ભાઈઓ પણ પ્રફુલ્લિત થઈ એમને મળ્યા. જરાસંધ વગેરે રાજાઓએ કૌશલેશને ભાગ્યશાળી ગણ્યા. એમણે બધાની હાજરીમાં જ ઘણા ધામ-ધૂમથી રોહિણીના વિવાહ વસુદેવ સાથે સંપન્ન કરાવ્યા. વિવાહોત્સવ પૂર્ણ થતા બધા રાજાઓ પોત-પોતાના રાજ્યમાં પરત ફર્યા. સમુદ્રવિજયે કૌશલાધિપતિનો આગ્રહ સ્વીકારી ૧ વરસનો સમય ત્યાં વિતાવી અંતે વસુદેવને ત્યાં થોડો વધુ સમય રોકાવાની અનુમતિ આપી સોરિયપુર તરફ પ્રયાણ કર્યું.

અરિષ્ટપુરમાં રહીને રોહિણીએ એક પુત્રને જન્મ આપ્યો, જેનું નામ બળરામ રાખવામાં આવ્યું, અરિષ્ટપુરમાં હજી થોડો સમય વિતાવીને વસુદેવ, રોહિણી ને અન્ય પત્નીઓ તેમજ પુત્ર બળરામની સાથે ત્યાંથી વિદાય લઈ સોરિયપુર ચાલ્યાં આવ્યાં. થોડા સમય પછી કંસે ત્યાં આવી ઘણા અનુનય-વિનય સાથે આગ્રહ કર્યો કે - 'વસુદેવ સપરિવાર મથુરા આવે.' વસુદેવે કંસની પ્રાર્થનાને માન આપી મથુરા આવી સુખપૂર્વક રાજમહેલોમાં રહેવા લાગ્યા.

## વસુદેવ-દેવકીના વિવાહ અને કંસવધ

એક દિવસ કંસના આગ્રહથી મહારાજ વસુદેવ દેવક રાજાની પુત્રી દેવકીનું વરણ કરવા માટે મૃત્તિકાવતી નગરીમાં ગયા. કંસના અનુરોધ પર દેવકે દેવકીના વિવાહ વસુદેવ સાથે કરાવી દીધા. વસુદેવ દહેજના રૂપમાં મોટા પ્રમાણમાં ધન-સંપત્તિ અને દાસ-દાસીઓ સહિત દેવકીને લઈ મથુરા પહોંચ્યા. કંસ પણ એ માંગલિક પ્રસંગમાં વસુદેવની સાથે મથુરા પહોંચ્યો અને વિનયપૂર્વક વસુદેવને કહ્યું : "આ ખુશીના પ્રસંગે મને પણ મોં-માંગ્યો ઉપહાર આપો."

વસુદેવના 'હા' કહેતા ખુશ થઈ કંસે દેવકીના સાત ગર્ભ માંગ્યા. મૈત્રી-વશ સહજભાવથી કોઈ અનિષ્ટની આશંકા વગર વસુદેવે કંસની વાત સ્વીકારી લીધી. પાછળથી વસુદેવને ખબર પડી કે - 'અતિમુક્તક કુમાર શ્રમણે કંસ-પત્ની જીવયશા વડે એમને જોઈ દેવકીનું આનંદવસ્ત્ર બતાવી ઉપહાસ-મશ્કરી કરવાથી ક્રોધિત થઈ એમણે કહ્યું હતું : "જેના પર પ્રસન્ન થઈ તું નાચી રહી છે, એ દેવકીનો સાતમો પુત્ર તારા પતિ ને પિતાનો ઘાતક હશે." આ ઘટના સાંભળી વસુદેવ જાણી ગયા કે માંગેલા વચનની પાછળ કંસની કઈ મનસા છે ! છતાં પણ એમણે નિર્ણય લીધો કે એક વાર અપાયેલ વચનથી પાછળ નહિ હટીશ, ભલે એના માટે કોઈ પણ હાનિ કેમ ન ઉઠાવવી પડે !

વિવાહ પછી દેવકીએ છ વાર ગર્ભ ધારણ કર્યા, એના જન્મ લેનારા છએ છ સંતાનો સુલસા ગાથાપત્નીને ત્યાં અને સુલસાનાં મૃતસંતાનો દેવકીને ત્યાં હરિણૈગમેષી દેવ વડે એમની દેવમાયાથી અજ્ઞાતરૂપે પહોંચાડવામાં આવતા. વસુદેવએ જ સંતાનોને પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે કંસને સોંપતો અને કંસ પહેલેથી જ મૃત જોઈ એમને ફેંકી દેતો.

જ્યારે દેવકી સાતમી વખત ગર્ભવતી થઈ તો સાત મહાશુભ સ્વપ્ન જોઈ જાગી ગઈ. વસુદેવે સ્વપ્નફળ સંભળાવતાં કહ્યું : "દેવી, તમે એક મહાન ભાગ્યશાળી પુત્રને જન્મ આપશો, જે મોટો થઈ કંસ અને જરાસંધ બંનેનો વિનાશ કરશે."

દેવકીએ કહ્યું : "દેવ, આપણે આપણા આ પુત્રને કોઈ પણ દશામાં બચાવવો પડશે, મારો એક પુત્ર તો જીવતો રહેવો જોઈએ."

કંસને શંકા હતી કે વચનબદ્ધ હોવા છતાં પણ વસુદેવ પોતાના સંતાનને બચાવવાનો પ્રયત્ન કરી શકે છે, એટલે એણે દેવકી ને વસુદેવને બંદીગૃહ(કારાવાસ)માં બંદી બનાવીને રાખ્યા હતા. ૯ મહિના પૂરા થતા જ્યારે દેવકીએ પુત્રને જન્મ આપ્યો તો દિવ્ય પ્રભાવથી બધા ચોકીદારો નિદ્રાધીન થઈ ગયા. વસુદેવ પોતાના પુત્રને લઈને ગોકુળની તરફ ગયા, એ સમયે ધીમો-ધીમો વરસાદ પડતો હતો, દેવતાએ અદૃશ્ય છત્ર ધારણ કર્યું. યમુના પાર કરી તેઓ નંદને ત્યાં ગયા, જ્યાં યશોદાએ એક પુત્રીને જન્મ આપ્યો હતો. વસુદેવે પુત્રીની જગ્યાએ પુત્રને રાખીને પુત્રી દેવકી પાસે લઈ આવ્યા. જ્યારે દાસ-દાસીઓ જાગ્યાં તો, દેવકીની પુત્રીને કંસના હાથોમાં સોંપી દીધી. કંસ એનો ભય ટળી ગયો સમજી આશ્વસ્ત થઈ ગયો. આ તરફ ગોકુળમાં નંદ અને યશોદાને ત્યાં કૃષ્ણનું લાલન-પાલન થતું રહ્યું. બાળપણથી જ કૃષ્ણનાં અદ્‌ભુત શૌર્ય અને પરાક્રમની જાણ થતા કંસને ઘણીવાર એના વિશે શંકા થતા, એને મારી નંખાવવા માટે કેટલીયે વાર જાત-જાતનાં ષડયંત્રો રચ્યાં, પણ તે હંમેશાં નિષ્ફળ જ રહ્યો.

કૃષ્ણ થોડાક મોટા થયા, તો કંસે પોતાના રાજમહેલમાં મલ્લયુદ્ધનું આયોજન કર્યું. કૃષ્ણ અને બળરામ પણ ત્યાં પહોંચ્યા. કંસે ચાણુર અને મુષ્ટિક નામના બે દુર્દાન્ત મલ્લોને તૈયાર કર્યા અને બે મદોન્મત્ત હાથી પણ એમને કચડવા માટે તૈયાર રાખ્યા. પણ કૃષ્ણ ને બળરામે મળીને બંને મલ્લો અને હાથીઓને હણી નાંખ્યા. પોતાના ષડયંત્રને વિફળ થતું જોઈ કંસ ઘણો ક્રોધિત થયો. એણે એના યોદ્ધાઓને એ બંનેને મારી નાખવાનો આદેશ આપ્યો. તરત જ કેટલાક સૈનિકો બંને પર તૂટી પડ્યા. બળરામે સૈનિકોને સંભાળ્યા અને કૃષ્ણએ ક્રોધિત શાર્દૂલ(વાઘ)ની જેમ છલાંગ મારી કંસને સિંહાસન ઉપરથી પૃથ્વી પર પછાડી દીધો અને એનો વધ કરી પ્રજાને એના અત્યાચારોથી મુક્ત કરી.

## જરાસંઘનો પ્રકોપ

કંસના હણાવાથી મહારાજ સમુદ્રવિજયે ઉગ્રસેનને કારાવાસમાંથી મુક્ત કરી એમને મથુરાના રાજા બનાવ્યા. ઉગ્રસેને એમની પુત્રી સત્ય-ભામાના વિવાહ ઘણા ધામ-ધૂમથી કૃષ્ણ સાથે કરાવ્યા, કંસના મૃત્યુ પામવાથી જીવયશા એમ કહીને રાજગૃહની તરફ ચાલી ગઈ કે - 'તે બળરામ અને કૃષ્ણ સહિત બધા દશાર્હ સંતતિઓનો નાશ કરી નાખશે.'

રાજગૃહ પહોંચી એણે આખી ઘટના જરાસંધને કહી. જરાસંધે એની પુત્રીના વૈધવ્યથી દુઃખી થઈ યાદવવંશના વિનાશનો સંકલ્પ કર્યો. એમણે એમના પુત્ર કાલકુમારને આદેશ આપ્યો કે - 'તે વિશાળ સેનાની સાથે યાદવો પર આક્રમણ કરી એમને સમાપ્ત કરી દે.' કાલકુમારે પ્રતિજ્ઞા લીધી કે - 'હું યાદવોને મારીને જ પાછો ફરીશ. જો તેઓ મારા ભયથી અગ્નિમાં પ્રવેશ કરશે તો હું ત્યાં પણ એમનો પીછો કરીશ.'

જ્યારે યાદવોને ખબર પડી કે - 'કાલકુમાર પોતાની વિશાળ સેના સાથે એમની તરફ આવી રહ્યો છે, તો સમુદ્રવિજય ને ઉગ્રસેન પોતાના ૧૮ કરોડ યાદવોને સાથે લઈ દક્ષિણ-પશ્ચિમ સમુદ્ર તરફ જવા લાગ્યા. આગળ જઈ એમણે વિંધ્ય પર્વતની કંદરાઓમાં પડાવ નાખી દીધો. હરિવંશની કુળદેવીએ એમની માયા વડે એ માર્ગ ઉપર એક જ દરવાજાવાળો વિશાળ પર્વત ઊભો કરી દીધો, જેમાં અસંખ્ય ચિતાઓ સળગાવી દીધી. યાદવોનું પગેરું શોધતી જ્યારે કાલકુમારની સેના ત્યાં પહોંચી, તો સળગતી ચિતાઓને જોઈ અવાક્ રહી ગઈ. પાસે જ એક વૃદ્ધ સ્ત્રી વિલાપ કરી રહી હતી. પૂછતાં તેણીએ કહ્યું કે - "જરાસંધના ભયથી બધા યાદવો ભાગી રહ્યા હતા. જ્યારે એમને ખબર પડી કે કાલકુમાર વિશાળ સેનાની સાથે એમની પાછળ-પાછળ આવી રહ્યો છે, તો પોતાના પ્રાણોની રક્ષા માટે કોઈ રસ્તા ન સૂઝતા એમણે ચિતાઓ સળગાવી અને એમાં પ્રવેશ કરી લીધો. હું મારા કુળનો આ રીતે વિનાશ થતો જોઈ સ્વયં પણ અગ્નિપ્રવેશ કરવા જઈ રહી છું." આમ બોલીને તેણી ચિતામાં કૂદી પડી. આ જોઈ કાલકુમારે એના ભાઈઓ અને સાથીઓને કહ્યું કે - "મેં મારા પિતા સામે પ્રતિજ્ઞા લીધી હતી કે - 'જો યાદવો અગ્નિપ્રવેશ કરશે તો હું આગમાંથી પણ એમને ખેંચી-ખેંચીને મારીશ,' માટે હું આગમાં કૂદીને એમનો પીછો કરીશ." આમ કહી હાથમાં ઉઘાડી તલવાર લઈ તે આગમાં કૂદી પડ્યો અને બધાના જોતા-જોતામાં સળગીને રાખ થઈ ગયો. જરાસંધની સેના ખાલી હાથે પરત રાજગૃહે જતી રહી.

## દ્વારિકાનું નિર્માણ

જ્યારે યાદવોને ખબર પડી કે - 'કાલકુમારે અગ્નિમાં પ્રવેશ કરી લીધો અને જરાસંધની સેના રાજગૃહ પરત ફરી છે', તો એ લોકો પ્રસન્ન થઈ સમુદ્ર તટની તરફ આગળ વધવા લાગ્યા. એમણે સૌરાષ્ટ્ર પ્રદેશમાં

રૈવત પર્વતની પાસે પોતાનો પડાવ નાંખ્યો. ત્યાં સત્યભામાએ ભાનુ ને ભામર નામના બે પુત્રોને જન્મ આપ્યો. કૃષ્ણએ ત્રણ દિવસના ઉપવાસ કર્યો અને લવણસમુદ્રના અધિષ્ઠાતા સુસ્થિત દેવતાનું એકચિત્તે ધ્યાન કર્યું. ત્રીજા દિવસે રાત્રે એ દેવે પ્રગટ થઈ શ્રીકૃષ્ણને પાંચજન્ય શંખ, બળરામને સુઘોષ નામક શંખ, રત્ન, વસ્ત્ર વગેરે ભેટો આપી અને યાદ કરવાનું કારણ પૂછ્યું. શ્રીકૃષ્ણએ કહ્યું : "પહેલાંની અદ્ધચક્રીઓની દ્વારિકા નગરીને તમે તમારા અંકમાં સમેટી લીધી છે, હવે તમે એને પાછી આપી દો." દેવે ત્યાંથી તરત જ જળરાશિને ખેંચી લીધી. દેવેન્દ્રની આજ્ઞાથી વૈશ્રવણે ત્યાં ૧૨ યોજન લાંબી ને ૯ યોજન પહોળી દ્વારિકા નગરીનું રાતોરાત નિર્માણ કર્યું. અપાર ધનરાશિથી ભરેલા ભવ્ય પ્રાસાદો, સુંદર જળ-સરોવરો અને ઉદ્યાનો તથા પહોળા રાજપથોનું નિર્માણ કરી દીધું. શુભમુહૂર્ત જોઈ યાદવોએ દ્વારિકાપુરીમાં પ્રવેશ કર્યો અને મહાન સમૃદ્ધિને સુખપૂર્વક ભોગવતા આનંદથી રહેવા લાગ્યા.

## જરાસંધ સાથે યુદ્ધ

જરાસંધના આતંકથી ત્રાસીને યાદવો જ્યારે દ્વારિકા તરફ પ્રયાણ કરી રહ્યા હતા, તે વખતે બાળક અરિષ્ટનેમિ માત્ર ચાર-સાડાચાર વર્ષના હતા. દ્વારિકામાં એમનું પાલન-પોષન થવા લાગ્યું ને બાળપણ સુખેથી વીતવા લાગ્યું. યાદવોએ પણ અહીં રહી ધીમે-ધીમે પોતાની રાજ્યશ્રીનો વિસ્તાર કર્યો અને એમના ઐશ્વર્ય અને સમૃદ્ધિની યશોગાથાઓ દૂર-દૂર સુધી ફેલાવા લાગી. જ્યારે યાદવોના વધતા જતા યશ વિશે જરાસંધને ખબર પડી તો એણે એના એક દૂતને દ્વારિકા મોકલ્યો અને કહેવડાવ્યું કે - "તમે લોકોએ જે છળનીતિનો આશ્રય લઈ મારા પુત્ર કાલકુમારને યમલોક પહોંચાડ્યો છે, એનું વેર જરાસંધ લઈને રહેશે. એણે યાદવોના સર્વનાશનો જે પ્રણ કર્યો છે, એનાથી તમે લોકો જળ, થળ, પાતાળ કોઈની પણ શરણ લઈ બચી નહિ શકો." દૂતની વાત સાંભળી યાદવવીરો અસીમિત ક્રોધે ભરાયા, પણ સમુદ્રવિજયે ઈશારામાત્રથી બધાને શાંત કરતા કહ્યું કે - "જે કંઈ પણ થયું એમાં કોઈક દૈવી શક્તિનો જ હાથ હતો, યાદવોનું છળકપટ નહિ. છતાં પણ તમારા સ્વામીને કહી દો કે તેઓ જે કાર્યનો પ્રારંભ કરી ચૂક્યા છે, એને પૂરું કરે."

દૂતના જતા રહ્યા પછી મહારાજ સમુદ્રવિજયે એમના દશે દશ ભાઈઓ તથા ભોજરાજ ઉગ્રસેન અને બળરામ, કૃષ્ણ વગેરેની સાથે જરાસંધનો પ્રતિકાર કરવાની રણનીતિ પર વિચાર-વિમર્શ કર્યો. ભોજ-રાજનું કહેવું હતું કે - "જરાસંધની સાથે માત્ર એક જ નીતિનો ઉપયોગ કરી શકાય છે, અને તે છે - દંડનીતિ." પણ દંડનીતિ ત્યારે જ કારગત અને શ્રેયસ્કર સિદ્ધ થશે જ્યારે આપણે રણનીતિના અત્યંત મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતનું હંમેશાં ધ્યાન રાખીશું. યુદ્ધમાં રમમાણ પ્રત્યેક વ્યક્તિ અંતિમ પળ સુધી પ્રાણ-પણથી લડતો રહેશે અને એક ક્ષણ માટે પણ વિરમે નહિ." બધા લોકોએ ભોજરાજની વાતનું સમર્થન કર્યું અને સમુદ્ર-વિજય તરફ અપેક્ષાથી જોતા એમણે કહ્યું : "અભિમાની જરાસંધના ગર્વનું ખંડન કરવા માટે આપણે દંડનીતિ અપનાવી જોઈએ, પણ એ પણ આપણા દુર્ગ(કિલ્લા)માં બેસીને નહિ, પરંતુ પોતાની સેનાની સાથે આગળ જઈ સીમા ઉપર જઈ એની સાથે યુદ્ધ કરવું જોઈએ. એનાથી આપણું પૌરુષત્વ પ્રગટે છે અને રાજ્યનો ઘણો મોટો ભાગ આપણા હાથમાં સુરક્ષિત રહે છે. એનાથી શત્રુ વિચલિત અને પ્રભાવિત થાય છે તેમજ પોતાની સેના અને પ્રજા બંનેનું મનોબળ વધે છે."

સમુદ્રવિજયની સલાહ સાંભળી યાદવોની સેનાએ પ્રસ્થાન કર્યું અને થોડા જ દિવસોમાં દ્વારિકાથી ૪૫ યોજન અથવા ૧૮૦ કોસ (૩૬૦ માઈલ) દૂર સરસ્વતી નદીના તટે સ્થિત સિનીપલ્લી ગામની પાસે યુદ્ધ માટે જરૂરી સમતળ ભૂમિ પર પડાવ નાંખ્યો, જેનાથી ૪ યોજન દૂર જરાસંધની સેના પડાવ નાખી ચૂકેલી હતી.

યાદવોની સેનાએ જે સમયે સિનીપલ્લીમાં પડાવ નાખ્યો, એ સમયે કેટલાક વિદ્યાધર-પતિ પોતાની સેનાઓ સાથે મહારાજ સમુદ્રવિજયની પાસે આવ્યા અને બોલ્યા : "મહારાજ ! તમારી પાસે તો અરિષ્ટનેમિ, કૃષ્ણ, બળદેવ, પ્રદ્યુમ્ન, શામ્બ વગેરે એકથી એક ચઢિયાતા મહાપુરુષ યોદ્ધા છે તથા અમે લોકો પણ તમારી સેવામાં ઉપસ્થિત છીએ, અમને યથાશક્તિ સેવા અને સહાયતાનો અવસર આપવામાં આવે. અમે ઈચ્છીશું કે વસુદેવને અમારા સેનાપતિ બનાવવામાં આવે અને શામ્બ તેમજ પ્રદ્યુમ્નને એમની સહાયતા - મદદ માટે રાખવામાં આવે. અનેક શક્તિશાળી વિદ્યાધર રાજા મગધરાજ જરાસંધના મિત્ર છે ને એમની સહાયતા માટે

પોતાની સેનાઓ સાથે આવી રહ્યા છે. અમને પરવાનગી આપો કે અમે એમને રસ્તામાં જ યુદ્ધમાં રોકાયેલા રાખીએ." સમુદ્રવિજયે એમની પ્રાર્થના સ્વીકારી, અને વસુદેવ, શામ્બ તથા પ્રદ્યુમ્નને એમની સાથે મોકલી દીધા. એ સમયે અરિષ્ટનેમિએ વસુદેવને દેવતાઓ દ્વારા બાંધવામાં આવેલી અસ્ત્રોના પ્રભાવનું નિરાકરણ કરનારી ઔષધિ આપી."

આ તરફ જરાસંધના અમાત્ય 'હંસે' એને સમજાવવાનો પ્રયત્ન કરતા કહ્યું : "મહારાજ, કોઈ પણ કાર્યની શરૂઆત કરતા પહેલાં પોતાના હિત અને અહિતના વિષયમાં સારી રીતે વિચારી લેવું જોઈએ. તમે સમુદ્રવિજય અને વસુદેવની શક્તિઓથી પણ સારી રીતે પરિચિત છો. રોહિણીના સ્વયંવર વખતે વસુદેવે એકલે હાથે જ બધા રાજાઓને પરાજિત કર્યા હતા. એના બંને પુત્રો કૃષ્ણ અને બળરામ બંને મહાપ્રતાપી છે. અરિષ્ટનેમિ, બળરામ અને કૃષ્ણની સામે બધા દેવ-દેવેન્દ્ર માથું નમાવે છે. એકલા અરિષ્ટનેમિ પોતાના બાહુબળના જોરે આખી પૃથ્વી જીતી શકે છે. આપણી સેનામાં તમારા સિવાય બીજું કોણ એટલું પરાક્રમી અને બળવાન છે ? મોટા ભાગના મહારથી છળકપટની મદદ વડે કામ ચલાવે છે. તમારા પુત્ર કાલકુમારનો સર્વનાશ સ્વયં કુળદેવીએ છળથી કર્યો. એ દિવસથી સ્વયં ભાગ્ય પણ તમારી સાથે નથી. યાદવો પણ તમારાથી દૂર દ્વારિકામાં જતા રહ્યા હતા, પણ તમે એમને યુદ્ધ કરવા માટે ઉકસાવ્યા છે. હવે પણ તમે યુદ્ધ અટકાવી દો, તો એ લોકો સહર્ષ દ્વારિકા જતા રહેશે." પણ જરાસંધે હંસની નીતિપૂર્ણ વાતો ઉપર ધ્યાન આપ્યું નહિ, અને ઉપરથી એમને અપમાનિત કરી તિરસ્કૃત કર્યા.

બંને સેનાઓએ પોત-પોતાની વ્યૂહરચના ગોઠવી. ગોઠવણ સમાપ્ત થતા જરાસંધે કૌશલનરેશ હિરણ્યનાભને પોતાના સેનાપતિ નીમ્યા. સમુદ્રવિજયે કૃષ્ણના મોટા ભાઈ અનાધૃષ્ટિને યાદવોના સેનાપતિ નીમ્યા. શંખધ્વનિ, રણવાદ્યો અને જયઘોષોથી ગગનમંડળ ગુંજી ઊઠ્યું. બંને તરફના યોદ્ધાઓ ભૂખ્યા સિંહની પેઠે એક-બીજા પર તૂટી પડ્યા. અરિષ્ટનેમિ પણ યુદ્ધ માટે ઉદ્યત થયા, તો દેવરાજ ઈન્દ્રએ દિવ્ય અસ્ત્ર-શસ્ત્રથી સજ્જ જૈવરથ પોતાના સારથી માતલિની સાથે મોકલ્યો. માતલિની પ્રાર્થના સાંભળી અરિષ્ટનેમિ રથ પર આરૂઢ થયા. ઘણી વાર સુધી ભીષણ સંગ્રામ ચાલુ રહ્યો. કોઈ કોઈના વ્યૂહને તોડી ન શક્યા. અંતે જરાસંધની સેના યાદવોના

ગરુડ-વ્યૂહની રક્ષા માટેની પ્રથમ હરોળને તોડવામાં સફળ થઈ, તો કૃષ્ણએ ગરુડધ્વજ ફરકાવી સેનાને સ્થિર કરી અને મહાનેમિ, અર્જુન તથા અનાધૃષ્ટિએ ભીષણ આક્રમણ કરી જરાસંધની સેનાને રફે-દફે કરી નાંખી. એના ચક્રવ્યૂહને ત્રણે તરફથી તોડી નાખ્યો. યાદવસેના શત્રુસેનામાં પ્રવેશીને એમનું દમન કરવા લાગી. ભયંકર યુદ્ધ ખેલાતું રહ્યું. બંને તરફથી કેટલાયે મહારથીઓએ અગત્યનો ભાગ ભજવ્યો, બંને સેનાપતિઓએ ઘણા લાંબા સમય સુધી ભયંકર યુદ્ધ કર્યું. છેલ્લે અનાધૃષ્ટિએ હિરણ્યનાભના માથાને ધડથી અલગ કરી દેતા જરાસંધની સેનામાં હાહાકાર મચી ગયો. સેનામાં ભાગદોડ થવા લાગી. સંજોગવશાત્ સૂર્ય પણ અસ્ત થવાની તૈયારીમાં હતો, અતઃ બંને સેનાઓ પોત-પોતાની શિબિરોમાં પરત ફરી.

બીજા દિવસે જરાસંધે શિશુપાલને સેનાપતિ બનાવ્યો. બંને સેનાઓ પોત-પોતાના ચક્રવ્યૂહ પ્રમાણે રણક્ષેત્રમાં આમને-સામને આવી ઊભી રહી. કૃષ્ણ-બળરામ તરફ ધનુષનો ટંકારવ કરતો જરાસંધ આવ્યો. એનો પુત્ર યુવરાજ યવન પણ ત્વરાથી વસુદેવના પુત્રો પર આક્રમણ કરવા લાગ્યો. સારણકુમારે તલવાર વડે યવનનું માથું વાઢી નાંખ્યું. જેથી ક્રોધે ભરાયેલા જરાસંધે બળરામના પુત્રોનાં માથાં વાઢી દીધાં. શિશુપાલ અસ્ત્રોની સાથે-સાથે કૃષ્ણ પર ગાળો અપશબ્દોની પણ વર્ષા કરવા લાગ્યો. કૃષ્ણએ શિશુ-પાલના ધનુષ, કવચ અને રથનાં ચીંથરાં ઉડાડી દીધાં. શિશુપાલ તલવારનો વાર કરવા માટે કૃષ્ણની તરફ લપક્યો જ હતો કે એમણે એની તલવાર, મુગટ અને માથાને કાપી પૃથ્વી પર ઢાળી દીધાં પોતાના સેનાપતિનો આ રીતે કારમો વધ થતો જોઈ જરાસંધ વિકરાળ કાળની જેમ કૃષ્ણની તરફ ત્રાટક્યો. એકસાથે કેટલાયે યાદવો જરાસંધ પર તૂટી પડ્યા. પણ એણે એકલા હાથે જ કેટલાયે યોદ્ધાઓને સંહાર્યા. જરાસંધના ૨૮ પુત્રોએ બળરામ પર આક્રમણ કર્યું. બળરામે થોડા સમય સુધી એમની સાથે યુદ્ધ કર્યા પછી પોતાના હળ-મૂસળ વડે એ બધાને યમલોક પહોંચાડી દીધા. પોતાના પુત્રોનો આ રીતે કરુણ સંહાર જોઈ જરાસંધે એમના પર ગદાનો વાર કર્યો. બળરામ બેશુદ્ધ થયા. તેઓ બીજી વાર બળરામ પર વાર કરવા જઈ રહ્યા હતા ત્યાં વચ્ચે વિદ્યુતવેગે અર્જુન જઈ ચઢ્યો, ને બંને વચ્ચે ગદાયુદ્ધ થવા લાગ્યું, ત્યારે આ તરફ કૃષ્ણએ જરાસંધના બાકીના ૧૯ પુત્રોનો પણ વધ કર્યો. જરાસંધ ક્રોધથી બેબાકળો થઈ ઊઠ્યો. તે બોલ્યો : "કૃષ્ણ ! બળરામ તો મર્યો જ સમજ, હવે તું પણ મરવા માટે તૈયાર થઈ જા."

આટલું કહી તે કૃષ્ણની તરફ ઝાપટ્યો કે માતલિએ અરિષ્ટનેમિને પ્રાર્થના કરી : "પ્રભો ! યદ્યપિ તમે સંપૂર્ણ સાવદ્યકાર્યોથી વિમુખ છો, પણ આ સમયે તમારે તમારા કુળનો વિનાશ થતો અટકાવવો જોઈએ. આ જરાસંધ તમારી સમક્ષ તુચ્છ કીડા સમાન છે. નાથ ! તમારી થોડી લીલા બતાવો."

## અરિષ્ટનેમિની લીલા અને જરાસંધ વધ

માતલિની પ્રાર્થનાથી અરિષ્ટનેમિએ વગર કોઈ ઉત્તેજનાથી પોતાના પૌરંદર શંખથી ઘોષ કર્યો. એના નાદથી દશે દિશાઓ ધ્રૂજી ઊઠી. યાદવસેના આશ્વસ્ત થઈ નવા જોશથી યુદ્ધ કરવા લાગી. અરિષ્ટનેમિના કહેવાથી માતલિએ રથને ભયંકર ચક્રવાતની જેમ ફેરવ્યો અને અરિષ્ટ-નેમિએ જરાસંધની સેના પર બાણવર્ષા શરૂ કરી અને એમનાં રથો, ધ્વજાઓ, મુગટોના ભુક્કા બોલાવી દીધા અને જરાક જ વારમાં તો યુદ્ધસ્થળ પર જ ૧ લાખ સૈનિકોને રોકીને અવરોધી દીધા. આ સંઘર્ષમાં જરાસંધ મરણતોલ થઈ ગયો. એમના રથની ચક્રવાતી ગતિની આગળ કોઈનું કંઈ ચાલ્યું નહિ. આ બધું થયું ત્યારે વચ્ચે જ બળરામ શુદ્ધિમાં આવ્યા તો એમણે પણ હળ-મૂસળ લઈ શત્રુઓનો વધ કરવા માંડ્યો. પોતાની સેનાની આ દુર્દશા જોઈ જરાસંધ કાળઝાળ થયો અને એણે પોતાનો રથ કૃષ્ણ તરફ આગળ વધારતા કહ્યું : "કૃષ્ણ ! હવે હું તારી છળકપટની લીલાને સદાને માટે સમાપ્ત કરી દેવા માંગુ છું. તેં કંસ અને કાલકુમારને કપટથી માર્યા છે. હવે હું તને જ મારીને જીવયશાના સોગંધ (પ્રતિજ્ઞા) પૂર્ણ કરું છું."

શ્રીકૃષ્ણએ હસીને કહ્યું : "એ તો જીવયશાના અગ્નિપ્રવેશથી પૂર્ણ થશે."

શ્રીકૃષ્ણની વાત સાંભળી જરાસંધ ક્રોધથી ભડકે બળ્યો. એણે ધનુષની પ્રત્યંચા ખેંચી કૃષ્ણ પર તીરોની ઝડી વરસાવી દીધી. પણ કૃષ્ણએ એનાં બાણો અધવચ્ચે જ કાપી નાંખ્યાં, જ્યારે એણે જોયું કે એનું એક પણ અસ્ત્ર કૃષ્ણ પર કારગર ન નીવડ્યું, તો એણે એનું અમોઘ અસ્ત્ર ચક્રનો પ્રહાર કર્યો. કૃષ્ણ તરફ આગળ વધતા ચક્રને જોઈ આખી યાદવસેના ગભરાઈ ગઈ. કેટલાયે યોદ્ધાઓએ એ ચક્ર પર પોતાનાં દિવ્ય અમોઘ અસ્ત્રોથી વાર કર્યો, પણ બધાં નિષ્ફળ રહ્યાં. ચક્ર આગળ વધતું જ રહ્યું. અચાનક જ ચક્રએ પોતાની ધાર વડે કૃષ્ણના વૃક્ષસ્થળે જરાક સરખો પ્રહાર કર્યો ને

પછી ત્રણ વાર એમની પ્રદક્ષિણા કરી એમના જમણા ખભા પર જઈને રોકાઈ ગયું. કૃષ્ણે તત્કાળ પોતાના જમણા હાથની તર્જની પર ચક્રને ધારણ કર્યું. આકાશમાંથી કૃષ્ણ ઉપર સુગંધિત જળ ને પુષ્પોની વૃષ્ટિ થઈ અને આકાશવાણી થઈ - "નવમા વાસુદેવ પ્રગટ થઈ ચૂક્યા છે."

કૃષ્ણે જરાસંધને કહ્યું : "મગધરાજ ! શું આમાં પણ તને કોઈ છળ-કપટ-કાવાદાવા દેખાઈ રહ્યા છે ?"

ઘમંડી જરાસંધે કહ્યું : "જરા મારા આ ચક્રને મારી તરફ ચલાવીને તો જો !" બસ પછી શું હતું, કૃષ્ણએ ચક્રને જરાસંધ તરફ ફેરવ્યું અને જરાસંધનું મસ્તક કપાઈને ધરતી પર ઢળી પડ્યું. યાદવોના વિજયોલ્લાસ અને જયઘોષથી આકાશ ગાજી ઊઠ્યું. અરિષ્ટનેમિએ પણ પોતાનો રથ થંભાવી દીધો અને બધા રાજા એમનાં ચરણોમાં ઝૂકીને ક્ષમા-યાચના કરવા લાગ્યા. એ બધાને લઈ અરિષ્ટનેમિ કૃષ્ણ પાસે પહોંચ્યા. કૃષ્ણએ અરિષ્ટનેમિને આલિંગન આપ્યું. અને અરિષ્ટનેમિના આગ્રહને વશ થઈ એ રાજાઓને એમનું રાજ્ય કૃષ્ણએ પરત કર્યું, અને સમુદ્રવિજયના કહેવાથી જરાસંધના પુત્ર સહદેવને મગધ રાજ્ય આપી દીધું. એ જ સમયે ત્રણ વિદ્યાધરોએ હાજર થઈ એમને સૂચના આપી કે - 'જરાસંધની મદદે આવનારા વિદ્યાધર રાજાઓને વસુદેવ, પ્રદ્યુમ્ન ને શામ્બે રસ્તામાં જ વ્યસ્ત રાખ્યા હતા. પણ જરાસંધના મૃત્યુના સમાચાર મળતાં જ તેઓ આપના શરણે આવ્યા છે. હવે તેઓ બધા અહીં જ આવી રહ્યા છે." થોડી જ વારમાં બધા ત્યાં પહોંચ્યા. યાદવોએ એમના આ વિજયશ્રીના હર્ષોલ્લાસથી ઉત્સવ ઉજવીને દ્વારિકા જતા રહ્યા. ત્યાં સમુદ્રવિજયે અરિષ્ટનેમિને વિવાહ-બંધનમાં બાંધવા માટે ઘણા નિષ્ફળ પ્રયાસો કર્યા.

## અરિષ્ટનેમિ અને કૃષ્ણ

એક દિવસ કુમાર અરિષ્ટનેમિ ફરતા-ફરતા વાસુદેવ કૃષ્ણની આયુધશાળામાં પહોંચ્યા. ત્યાં તેમણે એક અત્યંત પ્રકાશિત ચક્ર, શેષનાગ સમાન ભયંકર ધનુષ, ગદા, તલવાર અને બૃહદાકાર પંચજન્ય શંખ જોયા. શંખ જોતાં કુમારના મનમાં જિજ્ઞાસા જન્મી ને શંખ લેવા માટે જેવો તેઓએ હાથ ઉપાડ્યો કે ત્યાંના ફરજ પરના સૈનિકે વિનમ્રતાથી એમને અટકાવતા કહ્યું કે - "કુમાર ! આ શંખ તો માત્ર શ્રીકૃષ્ણ જ ઉપાડી અને વગાડી શકે છે, સાધારણ વ્યક્તિ માટે એને વગાડવાનું તો દૂર, ઊંચકવું પણ મુશ્કેલ છે."

રક્ષકની વાત હજી પૂરી પણ થઈ ન હતી કે કુમારે શંખને ઊંચકીને હળવેથી હોઠો આગળ લઈ જઈ ફૂંકી દીધો. બસ, પછી શું હતું ? દ્વારિકાના સમુદ્રમાં ઉત્તુંગ તરંગો ઉછળીને જોર-જોરથી અથડાવા લાગી. દ્વારિકાના આજુબાજુનાં ભવનો ડોલવાં લાગ્યાં. હાથી ચિત્કાર કરવા લાગ્યા, કેટલાયે લોકો બેભાન થઈ ગયા. સ્વયં બળરામ અને કૃષ્ણ પણ વિચારમાં પડી ગયા કે શું થયું ? આયુધશાળાના રક્ષકોએ હાજર થઈ કહ્યું કે - "આયુધ- શાળામાં કુમાર અરિષ્ટનેમિએ કુતૂહલવશ પંચજન્ય શંખ વગાડ્યો છે." કૃષ્ણના માનવામાં આવતું ન હતું. તેવામાં અરિષ્ટનેમિ ત્યાં પહોંચ્યા. કૃષ્ણએ એમને પાસે બેસાડીને પૂછ્યું : "શુ તેં પંચજન્ય શંખ વગાડ્યો છે ?"

અરિષ્ટનેમિએ કહ્યું : "હા." કૃષ્ણએ લાડથી કુમારને આલિંગનમાં લઈ કહ્યું : "મને પ્રસન્નતા થઈ રહી છે કે તેં મારો શંખ વગાડ્યો. હું એવું ધારતો હતો કે આ શંખ માત્ર હું જ વગાડી શકું છું, મારા સિવાય બીજું કોઈ નહિ. માટે ચાલ, આપણે વ્યાયામશાળામાં જઈ આપણા બળનું પરીક્ષણ કરીએ."

અરિષ્ટનેમિ સહર્ષ તૈયાર થયા. એમને પોતાના બળનું જ્ઞાન હતું, માટે એમણે વિચાર્યું કે - 'મલ્લયુદ્ધ આદિમાં કૃષ્ણને કષ્ટ પહોંચી શકે છે.' માટે કૃષ્ણને કહ્યું કે - 'આપણે એકબીજાના હાથને નમાવીને પણ બળનું પરીક્ષણ કરી શકીએ છીએ.' કુમારની આ ભાવના સમજીને કૃષ્ણએ એમની જમણી ભુજા-હાથ આગળ કરીને નમાવવા કહ્યું. કુમારે વગર મહેનતે એમની ભુજાને કુમળી કમળની દાંડીની જેમ નમાવી દીધી. કૃષ્ણએ પ્રયત્ન કર્યો, પણ સંપૂર્ણ બળ લગાવવા છતાં પણ તેઓ કુમારના હાથને નમાવી શક્યા નહિ. કુમારના અસીમ બળને જોઈ કૃષ્ણ દંગ રહી ગયા અને બોલ્યા : "કુમાર ! તારા અલૌકિક બળને જોતાં મને ઘણી ખુશી થઈ છે." કૃષ્ણ કુમારને લઈ અંતઃપુરમાં ગયા, સાથે ભોજન કરાવ્યું, અરિષ્ટનેમિને પૂર્ણપણે નિર્વિકાર જાણી કૃષ્ણએ એમના રક્ષકોને આજ્ઞા આપી કે - "એમને બે-રોકટોક અંતઃપુરમાં ક્યારે પણ આવવા-જવા દેવા."

પોતાના નાના ભાઈના અસીમ બળને જોતાં તેઓ આશ્ચર્ય પામ્યા અને સાથે આનંદિત પણ થયા. આટલું અમાપ બળ તો ચક્રવર્તી ને ઇન્દ્રમાં પણ નથી હોતું. આટલી શક્તિનો સ્વામી હોવા છતાં પણ-એ સમસ્ત છ ખંડીય

ભારતને પોતાના હસ્તગત કરવાની તક શા માટે નથી ઝડપતો ! ત્યારે બળરામે જણાવ્યું કે - "એમનામાં રાજ્ય માટેની અભિલિપ્સા રજમાત્ર પણ નથી."

રુક્મિણી આદિ રાણીઓ એમનું ઘણું ધ્યાન રાખતી હતી. સ્વયં કૃષ્ણ પણ એમની સાથે પૂરતો સમય વિતાવતા હતા. એક દિવસ એમના મનમાં વિચાર સ્ફૂર્યો કે - 'મારો ભ્રાતૃ-પ્રેમ ત્યારે જ સાર્થક થશે જ્યારે કુમાર નેમિ વિવાહ કરી દામ્પત્યજીવનનું સુખ ભોગવે ને રાજ્યનું ઐશ્વર્ય ભોગવે. આ ત્યારે જ સંભવ છે જ્યારે કુમાર સાંસારિક સુખ તરફ આકર્ષાય.' આમ વિચારી એમણે એમની બધી રાણીઓને આજ્ઞા આપી દીધી કે - 'તેઓ કુમારનું મન સંસાર તરફ આકર્ષિત કરવાનો પ્રયાસ કરે.'

શ્રીકૃષ્ણના આદેશ ને સંકેત પ્રમાણે રુક્મિણી, સત્યભામા વગેરેએ વસંતોત્સવ ઉજવવાનો કાર્યક્રમ ગોઠવ્યો. કૃષ્ણએ ઘણા આગ્રહ અને અનુરોધ સાથે કુમારને વસંતોત્સવ જોવા અને તેમાં જોડાવા માટે સાથે લીધા. કુમાર નેમિ આ બધી લીલાઓ સહજ નિર્વિકારભાવે જોતા રહ્યા, અને ભાઈ-ભાભીઓની વિવિધ ક્રીડાઓ-રમતો પ્રત્યે લેશમાત્ર પણ આકર્ષાયા નહિ. આ વસંતોત્સવ નિષ્ફળ જવા છતાં રુક્મિણી અને સત્યભામાએ હાર માની નહિ. તેણીઓ જ્યારે પણ તક મળતી ત્યારે કુમારના મનમાં સંસાર પ્રત્યે આસક્તિ જગાવવાનો પ્રયત્ન કરતી અને કહેતી : "આ રીતે એકલવાયા ન રહી જીવનસંગિની બનાવીને પણ જુઓ કે જીવનનું સાચું સુખ શું છે ?" કૃષ્ણ પણ વખતોવખત અનુકૂળતા જોઈ યોગ્ય કન્યા પસંદ કરવાનો સંકેત કરતા રહેતા. આ રીતે બધાં પરિજનોનો આગ્રહ જોઈ અરિષ્ટનેમિ વિચારમાં પડતા કે - 'સંસારનો આ મોહ કેટલો વિચિત્ર છે કે લોકો એમાં પોતે તો બંધાય જ છે, પણ જે બંધાવા નથી ઇચ્છતો તેને પણ બાંધવા માંગે છે, એને પણ એમાં પલોટવા માંગે છે. અનુકૂળતાએ એ જ યોગ્ય રહેશે કે હમણાં હું વચનમાત્રથી એમની વાત માની લઉં અને સમય આવતા પોતાનું કાર્ય કરું.' આમ વિચારી કુમારે લગ્ન માટે સંમતિ આપી.

એમની સ્વીકૃતિથી બધાં પ્રસન્ન થયાં. શ્રીકૃષ્ણ એમની માટે યોગ્ય કન્યા મેળવવા પ્રયત્નશીલ થયા. ત્યારે સત્યભામાએ એમને કહ્યું : "મારી નાની બહેન રાજીમતી દરેક પ્રકારે એમના માટે યોગ્ય છે."

કૃષ્ણ સત્યભામાના આ સુઝાવથી સંતોષ પામતા તરત જ મહારાજ ઉગ્રસેન પાસે પહોંચ્યા. કૃષ્ણના મોઢે અરિષ્ટનેમિ માટે પોતાની પુત્રી રાજીમતીના માંગાની વાત સાંભળી તેઓ ઘણા હર્ષ પામ્યા. તેઓ તરત જ તૈયાર થઈ ગયા. એની જાણ કૃષ્ણએ સમુદ્રવિજયને કરી. આ સાંભળી સમુદ્રવિજયના આનંદનો કોઈ પાર ન રહ્યો, આખરે કયો પિતા પોતાના પુત્રના વિવાહ-પ્રસ્તાવ પર રાજી ન થાય ? વિવાહનો સમય નક્કી કરી બંને તરફથી તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ.

નક્કી કરેલા દિવસ અને તિથિએ કુમાર અરિષ્ટનેમિની જાન ઘણી ધામ-ધૂમથી મહારાજ ઉગ્રસેનના મહેલ તરફ રવાના થઈ. વરયાત્રાનું દૃશ્ય ઘણું જ સંમોહક, મનોહર અને દર્શનીય હતું. સુંદર, સમૃદ્ધ અને સુશોભિત જાનૈયાઓની વચ્ચે નેમિકુમાર વરરાજાના રૂપમાં સંસારના શિરોમણિ, ત્રૈલોક્ય ચૂડામણિની માફક શોભી રહ્યા હતા. કુમારને વરરાજા સ્વરૂપે જોવા લોકોની હકડેઠેઠ મેદની ઊભરાઈ રહી હતી, જે એમને જોઈ શકતો તે પોતાને ભાગ્યશાળી સમજતો. જાન ધીમે-ધીમે રાજા ઉગ્ર-સેનના ભવન પાસે પહોંચી. રાજકુમારી રાજીમતીની બહેનપણી-ઓએ કુમારને જોયા તો આશ્ચર્યચકિત રહી ગઈ. એમણે દોડતાં આવી રાજીમતીને ઘેરી લીધી અને કહેવા લાગી : "તું ખૂબ જ ભાગ્યશાળી છે ! તને કુમાર નેમિનાથ જેવા ત્રૈલોક્ય-તિલક વર સાથે તારાં લગ્ન થશે.' સહેલી-ઓના મોઢેથી નેમિનાથના રૂપના વખાણ સાંભળી રાજીમતીનું મન ગદ્ગદ થઈ રહ્યું હતું અને આંખો શરમથી ઝૂકી જતી હતી. સહેલીઓને વારંવાર ના પાડવા છતાં તેઓ એને ખેંચીને બારી પાસે લઈ આવી, જ્યાંથી એણે નેમિનાથને જોયા. સ્વપ્નમાં પણ કલ્પ્યાં ન હતા તેવા ત્રૈલોક્ય-મણિ નર-રત્ન એને પ્રાણનાથના સ્વરૂપે મળવાના હતા. એ સમજી ન શકી કે એનાં કયાં સુકૃત્યોના ફળ-સ્વરૂપ એને ભગવાન નેમિનાથ જેવા સુંદર વર મળી રહ્યા હતા."

આ તરફ રાજકુમારી કુમારને જોઈને એના ભાગ્ય પર ખુશ અને પ્રમુદિત થઈ રહી હતી અને બીજી તરફ આવતી વખતે નેમિકુમારે પશુઓનાં કરુણ આક્રંદને સાંભળીને જાણવા છતાં પણ પોતાના સારથીને પૂછ્યું : "આ કેવું કરુણ આક્રંદ સંભળાઈ રહ્યું છે ?"

સારથીએ કહ્યું : "સ્વામિન્ ! તમારાં લગ્ન પ્રસંગે વિવિધ ભોજન-સામગ્રી બનાવવા માટે અનેક બકરાંઓ, ઘેટાંઓ તથા વન્ય પશુ-પક્ષી

લાવવામાં આવ્યાં છે. પ્રાણીમાત્રને પોતાના પ્રાણ અત્યંત પ્રિય છે, અતઃ તેઓ આક્રંદ કરી રહ્યાં છે."

નેમિનાથે સારથીને પશુઓના વાડાની તરફ હાથીને લઈ જવાની આજ્ઞા આપી. ત્યાં પહોંચીને નેમિકુમારે જોયું કે અસંખ્ય પશુઓનાં ગળાં તથા પગ દોરડાંઓથી બાંધેલાં હતાં, એ અસંખ્ય પક્ષીઓ પિંજરામાં તથા જાળમાં ફસાયેલાં દીન-ગ્લાન મોઢે ધ્રૂજતી દશામાં બંધ હતાં. કરુણાસાગર નેમિનાથનું હૃદય કરુણાથી દ્રવી ઊઠ્યું. એમણે સારથીને બધાં પશુ-પક્ષીઓને મુક્ત કરવા કહ્યું. અને જોત-જોતામાં બધાં પશુ-પક્ષીને આઝાદ કરી દીધાં. ત્યાર બાદ નેમિનાથે એમનાં બધાં જ આભૂષણ ઉતારીને સારથીને આપી હાથીને એમના ભવન ભણી લઈ જવા કહ્યું. આ જોઈ મહારાજ ઉગ્રસેન કિંકર્તવ્ય-વિમૂઢ થઈ ગયા. કૃષ્ણ આદિ યાદવો કુમારના માર્ગમાં આવી એમને અટકાવવા લાગ્યા.

ત્યારે એમના પિતા સમુદ્રવિજયે પૂછ્યું : "અચાનક જ આ શુભ પ્રસંગથી મોઢું ફેરવી ક્યાં જઈ રહ્યો છે ?"

વૈરાગી નેમિકુમારે કહ્યું : "હે માત-પિતા ! જે પ્રમાણે આ પશુ-પંખી બંધનથી બંધાયેલાં હતાં, એ જ પ્રમાણે તમે અને અમે બધાં કર્મોના પ્રગાઢ બંધનમાં બંધાયેલાં છીએ. જે રીતે મેં એમને બંધનમુક્ત કર્યાં છે, એ જ રીતે હવે હું મારી જાતને કર્મ-બંધનથી હર-હંમેશ માટે મુક્ત કરવાના લક્ષથી કર્મ-બંધન કાપનારી શિવ-સુખ પ્રદાયિની દીક્ષા ગ્રહણ કરીશ."

એમના મોઢે દીક્ષાની વાત સાંભળી માતા શિવાદેવી બેભાન થઈ ગઈ. સમુદ્રવિજય સ્તબ્ધ થઈ ગયા. કૃષ્ણએ કહ્યું : "ભાઈ ! તારા આ વૈરાગ્યયુક્ત વ્યવહારનું કારણ સમજાતું નથી, અચાનક એવી કઈ વાત થઈ ગઈ ?"

અરિષ્ટનેમિએ કહ્યું : "ચક્રપાણે ! દેવ, મનુષ્ય, નરક અને તિર્યંચ ગતિઓમાં ફરી ફરીને વારંવાર જન્મ-મરણના ચક્કરમાં ફસાયેલ પ્રાણી અનંત અને અસહ્ય દુઃખ વેઠે છે. આ જ મારા વૈરાગ્યનું પ્રધાન કારણ છે. અનંત જન્મોમાં અનંત માતા-પિતા, પુત્ર અને બંધુ-બાંધવ વગેરે થઈ ગયાં, પણ કોઈ કોઈનાં દુઃખને વહેંચી ન શક્યું. પોતાના કરેલાં કર્મોનું ફળ બધાંએ જાતે જ ભોગવવું પડે છે. હું તો આ સંસારના કિનારા વગરના પથ પર ચાલી-ચાલીને થાકીને લોથપોથ થઈ ગયો છું, અને અસહ્ય દુઃખને અનુભવી રહ્યો છું. હું મારા, તમારા તેમજ સંસારના

દરેક પ્રાણી માટે પરમશાંતિનો પ્રશસ્તમાર્ગ શોધવા માંગુ છું. મેં નક્કી કરી લીધું છે કે અનંત દુઃખોનાં મૂળભૂત કર્મોનો હું મૂળમાંથી નાશ કરીશ, અને વગર સંયમ ધારણ કર્યે કર્મોનો ક્ષય શક્ય નથી, માટે હું ચોક્કસપણે પ્રવ્રજ્યા ધારણ કરીશ. તમે બધાં ખોટી રીતે મારા માર્ગમાં બાધ્ય ન બનો."

નેમિકુમારની વાત સાંભળી સમુદ્રવિજયે કહ્યું : "વત્સ ! ગર્ભમાં આવવાથી લઈને અત્યાર સુધી તેં ઐશ્વર્યમાં જીવન ગાળ્યું છે. તારું આ સુકોમળ અંગ ઉનાળાના ઘોર તાપ, શિયાળાની ભયંકર ઠંડી અને ભૂખ-તરસ જેવાં અસહ્ય કષ્ટોને સહન કરવા માટે કેવી રીતે સમર્થ થશે ?"

નેમિકુમારે કહ્યું : "તાત્ ! જે લોકો નરકનું દુઃખ જાણે છે, એમની સામે તો તમારાં ગણાવેલાં કષ્ટો-દુઃખો તુચ્છ અને નહિવત્ સમાન છે. તપસ્યાના માર્ગમાં આવનારાં દુઃખોને સહેવાથી કર્મસમૂહ સળગીને ભસ્મ થઈ જાય છે અને અંતે અક્ષય તેમજ અનંત સુખરૂપી મોક્ષ પ્રાપ્ત થાય છે. વિષયજન્ય સુખ તો અંતે નરકનાં દારુણ દુઃખોના દરવાજા જ ખોલે છે. હવે તમે જ કહો કે મનુષ્યએ કયો રસ્તો અપનાવવો જોઈએ ?"

કુમારના પ્રશ્નથી બધાં નિરુત્તર થઈ ગયાં. ખરું જોતા તો એમના કથનમાં આધ્યાત્મિક ચિંતનનું શાશ્વત-સત્ય ઝળકી રહ્યું હતું. 'કુમારે પોતાનો માર્ગ નક્કી કરી લીધો છે.' એવો બધાંને દૃઢ વિશ્વાસ બેસી ગયો. યોગ્ય પ્રસંગ જોઈ લોકાંતિક દેવ નેમિનાથ સમક્ષ પ્રગટ થયા અને એમને પ્રાર્થના કરી કે - "હવે ધર્મતીર્થનું પ્રવર્તન કરો." પ્રભુએ વર્ષીદાન પ્રારંભ કર્યું.

આ સંવાદ સાંભળી રાજીમતી બેશુદ્ધ થઈ ગઈ અને શુદ્ધિમાં આવતાં વિલાપ કરવા લાગી. સખીઓએ સમજાવી કે - "શું થઈ ગયું એ નિર્મોહી તને છોડીને જતા રહ્યા, અન્ય અનેક સુંદર અને સર્વગુણસંપન્ન યાદવ-કુમારો છે. તું તારી મરજી પ્રમાણે કોઈ એકનું વરણ કરી લે."

આટલું સાંભળતાં જ રાજીમતી બોલી : "સંસારમાં નેમિથી શ્રેષ્ઠ કોઈ નથી. મેં મન-વચનથી એમનું વરણ કર્યું છે. હવે મારા કુળને લાંછન લાગવા દઈશ નહિ. હું પણ એ જ માર્ગે અગ્રેસર થઈશ, જે માર્ગે મારા પ્રિયતમે ચાલવાનું પ્રણ લીધું છે."

## અભિનિષ્ક્રમણ અને દીક્ષા

વર્ષીદાન પત્યા પછી નર-નરેન્દ્રો તથા દેવ-દેવેન્દ્રોએ પ્રભુનો અભિ-નિષ્ક્રમણ મહોત્સવ ઘણા આનંદ-ઉલ્લાસ અને અલૌકિક ઠાઠ-માઠથી ઉજવ્યો. પ્રભુનો નિષ્ક્રમણોત્સવની એ બહોળી જનમેદની રાજપથ પરથી પસાર થતી ઉજ્જયંત પર્વતના પરમ રમણીય સહસ્રામ્રવનમાં પહોંચી અશોક વૃક્ષની નીચે રત્નજડિત પાલખીમાંથી ઊતરી નેમિનાથે એમનાં બધાં જ આભરણ ઉતારી દીધાં, જેને ઈન્દ્રએ કૃષ્ણને આપ્યાં. આ રીતે ૩૦૦ વર્ષ સુધી ગૃહસ્થપર્યાયમાં રહી શ્રાવણ શુક્લ છટ્ઠના દિવસે પૂર્વાહ્નમાં ચંદ્રની સાથે ચિત્રા નક્ષત્રના યોગમાં તેલે(અટ્ઠમ)ની તપસ્યા સાથે પ્રભુએ જાતે જ પંચમુષ્ટિ લોચ કર્યો. શક્રએ પ્રભુના કેશોને ઊંચકી લઈ ક્ષીરસાગરમાં પધરાવી દીધા. ત્યારે પ્રભુએ સિદ્ધ-સાક્ષીથી સંપૂર્ણ સાવદ્ય-ત્યાગરૂપ પ્રતિજ્ઞા - પાઠનું ઉચ્ચારણ કર્યું. પ્રભુએ એક હજાર પુરુષો સાથે દીક્ષા ધારણ કરી, અને દીક્ષા ધારણ કરતા જ એમને મનઃપર્યવ નામનું ચોથું જ્ઞાન પણ પ્રાપ્ત થયું. બીજા દિવસે સવારે પ્રભુએ ગોષ્ઠમાં વરદત્ત નામના બ્રાહ્મણને ત્યાં અષ્ટમતપનું પરમાન્નથી પારણું કર્યું. 'અહો દાનમ્, અહો દાનમ્'નો દિવ્ય ઘોષનાદ થયો અને દેવતાઓએ પંચદિવ્યોની વૃષ્ટિ કરી. ત્યાર બાદ પ્રભુએ પોતાનાં ઘાતીકર્મોનો લોપ કરવાના સંકલ્પની સાથે તપ અને સંયમની સાધના શરૂ કરી અને અન્ય બીજા સ્થાને વિહાર કરી ગયા.

## કેવળજ્ઞાન અને સમવસરણ

પ્રવ્રજ્યા ગ્રહણ કરી ૫૪ દિવસો સુધી જાત-જાતનાં તપ કરતાં રહીને પ્રભુ ઉજ્જયંતગિરિ(રેવતગિરિ)માં પધાર્યા અને ત્યાં જ અષ્ટમ-તપથી ધ્યાનસ્થ થઈ ગયા. એક રાત્રિના ધ્યાનથી શુક્લ-ધ્યાનથી અગ્નિમાં મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ વગેરે ઘાતીકર્મોનો નાશ કરી આસો કૃષ્ણ અમાસના પૂર્વાહ્ન કાળમાં ચિત્રા નક્ષત્રના યોગમાં એમણે કેવળજ્ઞાન અને કેવળદર્શન મેળવ્યું.

પ્રભુ અરિષ્ટનેમિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં જ દેવેન્દ્રોએ રૈવતક પર્વત ઉપર અનુપમ સમવસરણની રચના કરી. કૃષ્ણ પણ પોતાના ઉત્તમ હાથી

પર સવાર થઈ દશે દશ દશાર્હો, માતાઓ તથા ભાઈ-ભાંડુઓના વિશાળ સમૂહ તેમજ અર્ધચક્રીની તમામ સમૃદ્ધિની સાથે ભ. નેમિનાથના સમવસરણમાં આવ્યા. ભ. અરિષ્ટનેમિ અષ્ટ મહાપ્રાતિહાર્યોથી અલંકારિત એક અલૌકિક સ્ફટિક સિંહાસન પર વિરાજમાન હતા. પ્રભુનું મુખમંડળ ચારેય દિશાઓમાંથી એક સમાન દેખાઈ રહ્યું હતું. પ્રભુની પ્રદક્ષિણા અને ભક્તિવંદના કરી બધાં પોત-પોતાનાં સ્થાને ગોઠવાયાં. ભગવાને બધાં સમજી શકે એવી વાણીમાં જીવોના અજ્ઞાન-તિમિરનો વિનાશ કરી પરમ દિવ્ય પ્રકાશમાન જ્ઞાનને પ્રગટ કરનારી દિવ્ય દેશના આપી.

## તીર્થ-સ્થાપના

પ્રભુની જ્ઞાન-વૈરાગ્યસભર દેશના સાંભળી બધાંથી પહેલાં વરદત્ત નામના રાજાએ સંસારથી વિરક્ત થઈ તે જ સમયે પ્રભુ-ચરણોમાં દીક્ષિત થવાની વિનંતી કરી. ભગવાને એને દરેક પ્રકારે યોગ્ય સમજી દીક્ષા પ્રદાન કરી. એ જ સમયે કૃષ્ણએ પ્રભુને સવાલ કર્યો કે - "રાજીમતીને આપના પ્રત્યે આટલો બધો અનુરાગ શા માટે છે ?" જવાબમાં એમણે રાજીમતી સાથેના એમના પૂર્વ આઠ જન્મો સંબંધનું વિવરણ સંભળાવ્યું. પૂર્વજન્મનાં આ વૃત્તાંતો સાંભળતાં જ ત્રણ રાજાઓ, જે સમવસરણમાં પધાર્યા હતા અને પૂર્વભવોમાં પ્રભુની સાથે રહ્યા હતા, તરત જ જાતિસ્મરણ જ્ઞાન થઈ જતાં પ્રભુ પાસે દીક્ષા સ્વીકારી લીધી. આ રીતે બે હજાર વ્યક્તિઓએ દેશના પછી તરત જ વરદત્તનું અનુકરણ કરતા દીક્ષા ગ્રહણ કરી. એ બે હજાર એક સાધુઓમાંના વરદત્ત આદિ અગિયાર મુનિઓને પ્રભુએ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય રૂપ ત્રિપદીનું જ્ઞાન આપી ગણધરપદો ઉપર નીમ્યા. ત્રિપદીના આધારે મુનિઓએ બાર અંગોની રચના કરી અને ગણધર કહેવાયા. એ જ સમયે યક્ષિણી આદિ અનેક રાજપુત્રીઓએ પણ દીક્ષા અંગીકાર કરી. પ્રભુએ આર્યા યક્ષિણીને શ્રમણીસંઘની પ્રવર્તિની બનાવી. દશે-દશ દશાર્હો ઉગ્રસેન, શ્રીકૃષ્ણ, બળભદ્ર અને પ્રદ્યુમ્ન આદિએ પણ પ્રભુ પાસેથી શ્રાવકધર્મ અથવા સમ્યક્ત્વધર્મ સ્વીકારી લીધો. મહારાણી શિવાદેવી, રોહિણી, દેવકી અને રુક્મિણી આદિ અનેક સ્ત્રીઓએ શ્રાવિકાધર્મ સ્વીકાર્યો. આ રીતે પ્રભુએ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ તીર્થની સ્થાપના કરી અને ભાવ-તીર્થંકર તરીકે જાણીતા થયા.

## રાજીમતી અને રથનેમિ

અરિષ્ટનેમિ લીલા તોરણેથી પાછા વળી ગયા પછી એમના નાના ભાઈ રથનેમિએ રાજીમતીને જોઈ તો તે એના પર આસક્ત થયો. તે દરરોજ કંઈક ને કંઈક નવી-નવી વસ્તુઓ રાજીમતીને ભેટસ્વરૂપ આપવા લાગ્યો. ભાભી થવાના સંબંધે રાજીમતીનો એની સાથેનો સંબંધ શિષ્ટ હતો અને તે એના વડે અપાયેલી વસ્તુઓ ચુપચાપ સ્વીકારી લેતી હતી, જેના કારણે રથનેમિએ એવું વિચારી લીધું કે તેણી પણ એના પ્રત્યે આકર્ષાઈ છે. માટે જ્યારે પણ કોઈ તક મળતી તો તે રાજીમતી પાસે જતો રહેતો. એક દિવસ એકાંત જોતાં એણે રાજીમતીને કહ્યું : "મુગ્ધે ! ભાઈએ તારી સાથે લગ્ન ન કરી તને ત્યાગવામાં મૂર્ખાઈ કરી છે. હકીકતમાં એ તેમનું દુર્ભાગ્ય જ છે. જો તું ઇચ્છે તો એમનું દુર્ભાગ્ય મારા સદ્‌ભાગ્યમાં પલટાવી શકે છે. જો મારી સાથે લગ્ન કરવા રાજી થઈ જઈશ, તો હું તને મારી પ્રાણેશ્વરી બનાવી આંખોની પલકો (પાંપણો) પર બેસાડીશ."

રાજીમતી એની વાત સાંભળી દંગ રહી ગઈ. તે હવે સમજી શકી કે રથનેમિના આટલા સ્નેહપૂર્ણ વ્યવહારનો ખરો અર્થ શું હતો. એણે રથનેમિને સમજાવ્યો કે - "અરિષ્ટનેમિની વાગ્દત્તા પત્ની બની ચૂકી છે અને તારી મા-સ્વરૂપ ભાભી છે, માટે એના પ્રત્યે તારા મનમાં આવા વિચારો આવવા ન જોઈએ. એટલું જ નહિ, ભલે તારા ભાઈએ એની સાથે વિવાહ ન કર્યા હોય, પણ એમની વાગ્દત્તા પત્ની હોવાના લીધે તે એક વમન-(ઊલટી) કરેલી વસ્તુ સમાન છે. જે પ્રમાણે કોઈ વમન કરેલી વસ્તુનું સેવન કરવું અગ્રાહ્ય અને અભક્ષ્ય હોવાના લીધે વર્જિત છે, એ જ પ્રમાણે કોઈ પારકી સ્ત્રીની ઇચ્છા કરવી પણ ઘૃણાસ્પદ અને શરમજનક છે, નારકીય આયુ બંધ કરાવનાર છે (નરકમાં જવા બરાબર છે), આવો વિચાર કરવો પણ પાપ છે." રાજીમતીની ચતુર તર્કસંગત વાતો સાંભળી રથનેમિ ઘણો ક્ષોભ પામ્યો. થોડા સમય પછી એણે વૈરાગ્ય ધારણ કરી લીધું, અને દીક્ષિત થઈ ભ. નેમિનાથની સેવામાં રેવતાચલ તરફ જતો રહ્યો.

આ તરફ રાજીમતી તન-મનનું શાન-ભાન ગુમાવી દિવસ-રાત નેમિનાથના વિચારોમાં ખોવાયેલી રહેતી. એક વરસના લાંબા ગાળાની વાટ જોયા પછી એણે અરિષ્ટનેમિની પ્રવ્રજ્યાની વાત સાંભળી, તો એનો બધો ઉત્સાહ ઠરી ગયો. એણે વિચાર્યું કે - 'આવી દશામાં એમના માર્ગને અનુસરવું જ મારા

માટે શ્રેયસ્કર રહેશે.' આમ નક્કી કરે તેણે માતા-પિતા પાસે આજ્ઞા લઈને પોતાના સુંવાળા કાળા ભમ્મર કેશોનું સ્વયં લુંચન કરી ધૈર્યતાથી અને મક્કમપણે સંયમમાર્ગનું સમુચિત પાલન કર્યું.

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી એક વાર ભગવાન નેમિનાથ રેવતાચલ ઉપર બિરાજમાન હતા. સાધ્વી રાજીમતી અન્ય અનેક સાધ્વીઓની સાથે એમને વંદન કરવા માટે ત્યાં જવા લાગી, ત્યારે રસ્તામાં મુસળધાર વરસાદ થવા લાગ્યો. વરસાદથી બચવા માટે તે બધી સાધ્વીઓ સુરક્ષિત સ્થળોને શોધવા માટે અહીં-તહીં વિખેરાઈ ગઈ. રાજીમતી પણ નજીકની જ એક ગુફામાં જતી રહી અને ત્યાં પોતાનાં ભીનાં વસ્ત્રો ઉતારીને સુકાવા માટે ફેલાવી દીધાં. એ જ ગુફામાં રથનેમિ મુનિ પહેલેથી જ ધ્યાનમાં બેઠા હતા. ઘોર અંધકારના કારણે રાજીમતી એમને જોઈ શકી નહિ. એકાએક વીજળીના ચમકારાના અજવાળામાં રાજીમતીને નગ્નાવસ્થામાં જોઈ વીતરાગી રથનેમિનું મન ડગી ઊઠ્યું, અને આ તરફ રાજીમતીએ રથનેમિને જોયો તો એકદમ ગભરાઈ ગઈ. એને ગભરાયેલી જોઈ રથનેમિ બોલ્યા : "હે સુરૂપે ! મારો હજી પણ સ્વીકાર કર. આવ, આપણે ઈન્દ્રિય-સુખોને ભોગવીએ. ભુક્તભોગી થઈ આપણે પાછા જિનરાજના માર્ગનું અનુસરણ કરીશું."

રથનેમિને આ રીતે ભગ્નચિત્ત જોઈ રાજીમતી નિર્ભય થઈ પોતાની જાતનું સંવરણ કર્યું અને બોલી : "રથનેમિ ! તું તો સાધારણ પુરુષ છે, મારી સામે સ્વયં વૈશ્રમણ દેવ અથવા દેવરાજ ઈન્દ્ર પણ આવે, તો પણ હું એમને પ્રેમ કરીશ નહિ. નાગ જાતિમાં અગંધન કુળના સાપ હોય છે, જે સળગતી અગ્નિમાં પડવાનું પસંદ કરે છે, પણ વમન કરેલ વિષને ક્યારેય પાછા નથી લેતા. પછી તમે તો ઉત્તમ કુળના મનુષ્ય છો. શું ત્યાગેલા વિષયોને ફરીથી ધારણ કરશો ? રથનેમિ ! તને ધિક્કાર છે."

રાજીમતીના સંયત સ્વભાવ અને હિતેચ્છુ વચનોએ રથનેમિ ઉપર અંકુશનું કામ કર્યું, એમનું મન ધર્મમાં અડગ થઈ ગયું. એમણે ભ. અરિષ્ટનેમિનાં ચરણોમાં જઈ આત્મશુદ્ધિ કરી અને કઠોર તપમાં રત થઈ પોતાના સમગ્ર કર્મસમૂહોને બાળીને શુદ્ધ-બુદ્ધ તેમજ મુક્ત થઈ ગયા. રાજીમતી પણ ભગવચ્ચરણમાં જઈ, તપસંયમની સાધના કરતા-કરતા કેવળજ્ઞાન મેળવીને અંતે નિર્વાણ મેળવ્યું.

## અરિષ્ટનેમિ દ્વારા રહસ્યોદ્‌ઘાટન

ધર્મતીર્થ સ્થાપી.અસંખ્ય લોકોને સાચા માર્ગે વાળી ભ. અરિષ્ટનેમિ અનેક જગ્યાઓએ ભ્રમણ કરતા-કરતા ભદ્દિલપુર નગરમાં પધાર્યા. ત્યાં એમની દેશના સાંભળી અનીકસેન, અજિતસેન વગેરે છ ભાઈઓએ વૈરાગ્ય ધારણ કરી એમનાં ચરણોમાં દીક્ષિત થયા. તે બધા ભાઈ-મુનિઓ છટ્ઠ-છટ્ઠ ભક્તની અવિરત તપસ્યા કરતા રહીને વિચરણ કરવા લાગ્યા.

ભદ્દિલપુરથી વિહાર કરી ભ. અરિષ્ટનેમિ અનેક શ્રમણોની સાથે દ્વારિકાપુરી પહોંચ્યા. અનીકસેન આદિ છએ છ મુનિ અર્હન્ત અરિષ્ટનેમિની આજ્ઞા મેળવી બેલે (છટ્ઠ) તપના પારણા માટે બબ્બેના સમૂહમાં, ભિક્ષા માટે દ્વારિકાપુરી તરફ રવાના થયા. એ મુનિઓનું પ્રથમ જોડું વિભિન્ન કુળોમાં મધુકરી કરતા-કરતા દેવકીના મહેલમાં પહોંચ્યું, દેવકીએ મુનિઓને જોતાં જ ભક્તિપૂર્વક વંદન કર્યાં અને સ્નેહપૂર્વક વિશુદ્ધ કલપતા આહારની ભિક્ષા આપી. ભિક્ષા લઈ મુનિ પરત ફર્યા. થોડા સમય પછી દેવકીએ મુનિ-યુગલના બીજા જોડાને પોતાના મહેલમાં ભિક્ષા માટે આવતા જોયા. એ બંને મુનિ પણ પહેલાંના મુનિઓ જેવા જ દેખાતા હતા. એમણે પણ ભિક્ષા-યાચના કરી, તે બંનેનો અવાજ પણ પહેલાંના મુનિઓ જેવો જ હતો. દેવકીએ વિચાર્યું - 'શક્ય છે કે પહેલાં જે ભિક્ષા આપવામાં આવી હોય, એ એમના માટે પર્યાપ્ત નહિ હશે, માટે પાછા આવ્યા છે.' એણે ઘણા આદર અને આનંદથી મુનિઓને ફરી પ્રતિલાભ આપ્યો. એ બંને પણ ભિક્ષા લઈ જતા રહ્યા.

એ બંનેના જવા પછી, મુનિઓનું ત્રીજું જોડું પણ નાનાં-મોટાં કુળોમાં ગોચરી કરતું-કરતું સંજોગવશાત્ દેવકીને ત્યાં આવ્યું. આ યુગલ પણ પહેલાંનાં બે યુગલો જેવું જ હતું. દેવકીએ પૂર્ણ શ્રદ્ધા, સન્માન અને ભક્તિથી ત્રીજા મુનિ-યુગલને પણ વિશુદ્ધ ભાવે ભિક્ષા આપી. ભિક્ષા આપ્યા પછી દેવકીએ એના મનમાં ઊઠેલા કુતૂહલના ભાવના સમાધાન માટે એમને પૂછ્યું : "ભગવન્ ! ઓછા ભાગ્યશાળી લોકો માટે તમારા જેવા ત્યાગી મુનિઓનું દર્શન દુર્લભ છે. મારું અહોભાગ્ય છે કે તમે તમારા પાવન 'ચરણ-કમળ વડે આ આંગણાને પાવન કર્યું,' મારી શંકા એ છે કે દ્વારિકામાં હજારો સંતસેવી, ગુણાનુરાગી કુળોને છોડીને તમે મારે ત્યાં ત્રણ વખત કેવી રીતે આવ્યા ?"

મુનિ-યુગલે દેવકીના સંદેહનું નિવારણ કરતા કહ્યું કે - "હે દેવાનુ-પ્રિયે ! ભદ્દિલપુર નગરના નાગ ગાથાપતિ અને એમની પત્ની સુલસાના આત્મજ અમો છ સહોદર ભાઈઓ છીએ. જે બધા જ સમાનરૂપ, આકૃતિ અને વયના દેખાઈએ છીએ. અમે બધા ભાઈઓએ તીર્થંકર ભગવાન અરિષ્ટનેમિની પાસે ધર્મોપદેશ સાંભળી શ્રમણધર્મની દીક્ષા અંગીકાર કરી અને આજીવન બેલે-બેલે (છટ્ઠ-છટ્ઠ) તપ કરવાનો અભિગ્રહ ધારણ કર્યો. આજે અમે બધા ભાઈઓ આ તપના પારણા માટે દિવસના પહેલા પ્રહરમાં સ્વાધ્યાય કર્યા પછી પ્રભુની આજ્ઞા લઈ ત્રણ સમૂહોના રૂપમાં ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન કુળોમાં ભિક્ષા માટે ભ્રમણ કરતા-કરતા સંજોગ-વશાત્ વારાફરતી તમારે ત્યાં આવ્યા છીએ. માટે હે દેવાનુપ્રિયે ! પહેલા જે મુનિ યુગલો અહીં ભિક્ષા લેવા માટે આવ્યા હતા, તે અમો નથી."

મુનિઓના ગયા પછી દેવકીના મનમાં વિચાર જાગ્યો કે - 'પોલાસપુર નગરમાં શ્રમણ અતિમુક્તક કુમારે બાળપણમાં મારા વિષયમાં કહ્યું હતું કે - 'મોટી થઈ તું આઠ પુત્રોની માતા થશે અને જે દરેક પ્રકારે સમાન, સરખા અને અપ્રતિમ રૂપથી સુંદર હશે અને ભરતક્ષેત્રમાં તારા સિવાય કોઈ અન્ય સ્ત્રી એવા પુત્રોને જન્મ નહિ આપશે, પણ આ છ મુનિઓને જોતાં તો એ ભવિષ્યવાણી અસત્ય સિદ્ધ કરે છે. શક્ય છે કે અન્ય કોઈ સ્ત્રીએ પણ આ પ્રકારના પુત્રોને જન્મ આપ્યો છે.'

દેવકી રથમાં બેસી પ્રભુના સમવસરણમાં ગઈ અને પ્રભુની પર્યુ-પાસના કરવા લાગી. ત્યાર બાદ પ્રભુએ દેવકીને પૂછ્યું : "હે દેવકી ! એકસરખા રૂપ-લાવણ્યવાળા છ મુનિઓને જોઈને તારા મનમાં અતિમુક્તક કુમારની ભવિષ્યવાણીની ખોટી હોવાની શંકા જન્મી છે ? અને એના સમાધાન માટે જ તું મારી પાસે આવી છે ?" દેવકીએ એમની વાતને સમર્થન આપ્યું.

પ્રભુએ કહ્યું : "એ સમયે ભદ્દિલપુરમાં નાગ નામના ગાથાપતિ રહેતા હતા, જે ઘણા શ્રીમંત હતા. એમની પત્નીનું નામ સુલસા હતું. સુલસાને બાળપણમાં કોઈક નિમિત્તજ્ઞએ કહ્યું હતુ કે - 'તે મોટી થઈને મૃતવત્સા અર્થાત્ મરેલાં બાળકોને જન્મ આપનારી માતા બનશે.' આમ સાંભળતાં જ સુલસા બાળપણથી હરિણૈગમેષી દેવની ભક્ત બની અને ઘણા પ્રેમપૂર્વક એમની પૂજા-અર્ચના કરવા લાગી. ગાથાપત્નીની શ્રદ્ધા-ભક્તિથી

પ્રસન્ન થઈ એ દેવ ગાથાપત્ની અને તને-બંનેને સાથે જ ઋતુમતી કરતા. તમે બંને સમકાળમાં ગર્ભ ધારણ કરતી અને સમકાળમાં જ બાળકને જન્મ આપતી. સુલસા મરેલાં બાળકોને જન્મ આપતી. ત્યારે હરિણૈગમેષી દેવ સુલસા પર અનુકંપા કરીને એના મૃતપુત્રો તારી પાસે લાવીને મૂકી દેતા અને તારા જે પુત્ર થતા તે સુલસા પાસે પહોંચાડી દેતા. માટે હે દેવકી ! એ છએ છ શ્રમણ વાસ્તવમાં તારા જ પુત્ર છે, સુલસાના નહિ."

આ અદ્‌ભુત રહસ્યોદ્‌ઘાટનથી અત્યંત પ્રસન્ન થઈ દેવકીએ પ્રભુ નેમિનાથને પ્રણામ કર્યા અને એ મુનિ-ભ્રાતાઓની પાસે ગઈ. એ મુનિઓને જોતાં જ દેવકીના મનમાં એટલો ગાઢ પુત્રપ્રેમ જાગ્યો કે એના સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું. આંખો સજળ બની અને આખું શરીર રોમાંચિત થઈ પુલકિત બન્યું. ઘણીવાર સુધી એ મુનિઓની તરફ અનિમેષ જોતી રહી, ત્યાર બાદ એમણે મુનિઓને વંદન કર્યા અને ફરી ભગવાનની પ્રદક્ષિણા-વંદના કરી પોતાના રાજભવનની તરફ વળી થઈ.

આ ઘટનાનું વર્ણન 'ચંઉવન્નમહાપુરિસચરિયં'માં થોડી અલગ રીતે કરવામાં આવ્યું છે. જ્યારે દેવકીએ ત્રીજા મુનિજોડાને પૂછ્યું કે - "શું કૃષ્ણની દેવપુરી દ્વારિકામાં શ્રમણ નિર્ગંથોને ભિક્ષાનો લાભ નથી મળતો, જેથી તમે એક જ કુળમાં ત્રણ વખત ભિક્ષા માટે પ્રવેશ કર્યો ?" તો મુનિ યુગલે ચોખવટ કરતા કહ્યું : "નહિ, એવી કોઈ વાત નથી. ખરેખર તો અમે છએ છ સહોદરભાઈઓ એક જ માતાના પુત્રો છીએ અનો આકાર-પ્રકાર તેમજ રૂપ-રંગમાં એકસરખા જ છીએ. વાસ્તવમાં અમે લોકો હરિણૈગમેષી દેવ વડે મૃતવત્સા સુલસા ગાથા-પત્નીના મૃતપુત્રોની સાથે ઉત્પન્ન થવાના તરત બાદ બદલી દેવામાં આવ્યા. સુલસાએ જ અમારું પાલન-પોષન કર્યું અને વિવાહ આદિ કરાવ્યા. મોટા થતા ભ. નેમિનાથના મોઢે અમારા કુળ-પરિવર્તનની વાર્તા સાંભળી અમે છએ છ ભાઈઓને સંસાર અસાર લાગતા વિરક્ત બન્યા અને અમે આ માયાજાળમાંથી મુક્તિ મેળવવા માટે ભ. નેમિનાથ પાસે દીક્ષા ધારણ કરી લીધી."

મુનિઓની આ વાત સાંભળી દેવકી બેભાન થઈ ધરતી પર ઢળી પડી. ભાનમાં આવતા એની આંખોમાં આંસુ અને સ્તનમાંથી દૂધની ધાર વહી રહી હતી. એમણે રડતાં-રડતાં કહ્યું : "હું કેવી હત્‌ભાગી છું કે

મારા છ-છ પુત્રરત્ન મારાથી છીનવાઈ ગયા ને મળ્યા તે પણ એવી સ્થિતિમાં જ્યારે એમણે સંસારના બધા સંબંધો ત્યાગીને સંન્યાસ ધારણ કરી લીધો છે.''

દેવકીનો કરુણ વિલાપ સાંભળી અન્ય લોકો પણ ત્યાં આવી ગયા. આખી દ્વારિકામાં આ સમાચાર ફેલાઈ ગયા. બાકીના ચારેય મુનિ ભાઈઓ પણ ત્યાં આવી ગયા, અને દેવકીને સમજાવવા લાગ્યો કે - ''સંસારમાં ન કોઈ કોઈની માતા છે અને ન કોઈ કોઈના પિતા. અહીં બધાં પ્રાણી પોત-પોતાનાં કર્મ-બંધનમાં બંધાઈ જન્મ-મરણના ચક્કરમાં ભ્રમણ કરતા રહે છે. પ્રાણી એક જન્મમાં કોઈના પિતા તો બીજા જન્મમાં એના પુત્ર બનીને જન્મ લે છે. એક જન્મનો સ્વામી બીજા જન્મમાં દાસ બની જાય છે. એક જન્મની માતા બીજા જન્મમા સિંહણ બની પૂર્વજન્મના પુત્રને મારી નાંખે છે. સંસારમાં મનુષ્ય કરોળિયાની માફક પોતાના જ બનાવેલા જાળામાં ફસાઈ આજીવન સંતપ્ત (દુઃખી) રહે છે, છૂટવા માંગે છે, છતાં પણ છૂટી શકતો નથી. સંસારની આ દારુણ અને ભયંકર સ્થિતિને જોઈને અમે લોકો વિરક્તિ પામ્યા. અમે ભ. નેમિનાથની પાસેથી સંયમ સ્વીકારી લીધો અને ત્યારથી સંસારના આવાગમનનાં મૂળ કારણ કર્મ-બંધનોને કાપવાના પ્રયાસમાં તલ્લીન છીએ.''

આ આખા વૃત્તાંતને સાંભળી કૃષ્ણએ રૂંધાયેલા અવાજે કહ્યું : ''કેવી આશ્ચર્યજનક વાત છે કે હું ત્રિખંડનો અધિપતિ રાજયશ્રીનો ઉપભોગ કરી રહ્યો છું અને મારા પોતાના જ સગા ભાઈ ભિક્ષાન્ન માટે ભટકી રહ્યા છે. ભાઈઓ, હવે એવું સમજો કે આજે જ આપણો નવો જન્મ થયો છે. આજથી આપણે સાતેય ભાઈઓ સાથે રહીને સંસારને નવી દૃષ્ટિથી જોઈએ, સાથે-સાથે સુખ-વૈભવનો લાભ લઈએ.''

વસુદેવે પણ કૃષ્ણની વાતનું સમર્થન કર્યું અને છએ છ મુનિઓને આગ્રહ કર્યો કે - ''તેઓ શ્રમણજીવન ત્યાગી ફરીથી સંસારમાં આવી જાય'' મુનિઓએ કહ્યું : ''જે રીતે વાઘના પંજામાં ફસાયેલું હરણ એનાથી છટકીને, ફરી ક્યારેય એની પાસે નથી ફરકતું, એ જ રીતે વિષય-ભોગોના દારુણ જાળમાંથી નીકળીને હવે અમે ફરી એમાં ફસાવા નથી માંગતા. સાધુ-મુનિ પોતે દરેક પ્રકારનાં બંધનોને કાપે છે

અને બીજાને એને કાપવાની પ્રેરણા અને માર્ગ-દર્શન પૂરુ પાડે છે. ત્યારે ફરી એ ત્યજેલા બંધનને અપનાવવું ક્યાંની સમજદારી છે ? અમે તો ઈચ્છીશું કે અમને સંસારમાં પલોટવાની તમારી અપેક્ષાએ તમે લોકો પણ દુઃખોનાં મૂળભૂત સાંસારિક કર્મ-બંધનને કાપવા માટે શ્રમણધર્મની દીક્ષા સ્વીકારી લો.''

આમ કહી એ બધા મુનિઓ ભ. નેમિનાથની સેવામાં પાછા ફર્યા. શોકથી વ્યાકુળ દેવકી પણ એમની પાછળ-પાછળ પ્રભુ પાસે સમવ-સરણમાં પહોંચી. ભગવાને કર્મવિપાકની દારુણતા સમજાવતા પોતાના અમૃતમય ઉપદેશથી એમનો શોકાગ્નિ શાંત કરી.

'અંતગડસૂત્ર'થી હળતું-મળતું વર્ણન 'ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર'માં ઉપલબ્ધ થાય છે. તે પ્રમાણે સર્વજ્ઞ પ્રભુના વચન સાંભળી દેવકી હર્ષ-વિભોર થઈ ગઈ. સહર્ષ છએ છ મુનિઓને પ્રણામ કર્યા અને પોતાના ભાગ્ય પર ગર્વ કરતી કહેવા લાગી : ''મારા એક પુત્રે વિશાળ સામ્રાજ્ય મેળવ્યું અને બાકીના પુત્રોએ સર્વોત્તમ સામ્રાજ્ય પ્રાપ્ત કરાવનારી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. પણ આ મારી પુણ્યહીનતા છે કે હું એક પણ બાળકનું શિશુ અવસ્થામાં લાલન-પાલન ન કરી શકી.''

દેવકીને પ્રતિબોધિત કરતા પ્રભુએ કહ્યું : ''દેવકી, તું નકામી ચિંતા છોડી દે. સચ્ચાઈ તો એ છે કે તેં તારી પૂર્વજન્મમાં તારી સપત્નીના સાત રત્ન ચોરી લીધાં હતાં અને એનાં ઘણાં રડવાં-કકળવાં પછી તેં એનું એક જ રત્ન પરત કર્યું હતું અને બાકીનાં છ પોતાની પાસે રાખી લીધાં. તારા એ જ કર્મનું ફળ છે કે તારા છ પુત્ર અન્યત્ર ચાલ્યા ગયા અને એકમાત્ર કૃષ્ણ જ તારી પાસે છે.''

## ક્ષમામૂર્તિ મુનિ ગજસુકુમાલ

ભગવાનના સમવસરણમાંથી પાછા ફરી દેવકી એના મહેલમાં ગઈ. ભગવાનના મોઢે છ મુનિઓનું રહસ્ય જાણી એનું મન પુત્ર-પ્રેમ માટે વ્યાકુળ થઈ ગયું. એ ચિંતામાં એણે ખાવા-પીવા સુધ્ધાં છોડી દીધું. માતાની આ દશા જોઈ કૃષ્ણ ચિંતાતુર બન્યા. એમણે માતાની વ્યથા સમજી એમના મનોરથની સિદ્ધિ માટે ત્રણ દિવસીય નિરાહાર (અઠ્ઠમ)

તપ કરી દેવનું સ્મરણ કર્યું. હરિણૈગમેષી દેવ હાજર થયા. પૂછતાં કૃષ્ણએ કહ્યું : "હું ઇચ્છું છું કે, મારો એક નાનો ભાઈ હોય."

દેવે કહ્યું : "દેવલોકમાંથી ચ્યુત થઈ એક જીવ તમારા સહોદર ભાઈના રૂપે જન્મ લેશે, પરંતુ બાળભાવમાંથી મુક્ત થઈ તરુણાવસ્થામાં પ્રવેશતાં જ તે અરિહંત અરિષ્ટનેમિ પાસેથી દીક્ષા લેશે." પ્રસન્ન થઈ કૃષ્ણે પુત્ર થવાની વાત પોતાની માતાને જણાવી. યોગ્ય ઉચિત સમયે દેવકીએ પુત્રને જન્મ આપ્યો, જેમનું શરીર ગજતાળુ (હાથીના તાળવા) સમાન કોમળ-મૃદુ હોવાના લીધે એમનું નામ ગજસુકુમાલ રાખવામાં આવ્યું. યોગ્ય લાલન-પાલન અને દેખભાળથી તે તરુણાવસ્થામાં પ્રવેશ્યો.

દ્વારિકામાં સોમિલ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે ઘણો જ વિદ્વાન હતો. એની પત્નીનું નામ હતુ સોમશ્રી. એમની એક સોમા નામની કન્યા હતી, એક દિવસ કૃષ્ણ એમના અનુજ ગજસુકુમાલ સાથે અરિહંત અરિષ્ટનેમિનાં દર્શને જઈ રહ્યા હતા. રસ્તામાં એમણે સોમિલ બ્રાહ્મણની કન્યા સોમાને વસ્ત્ર-અલંકારોથી સુશોભિત થઈ સખીઓ સાથે રમત રમતી જોઈ. સોમાના રૂપથી અંજાઈ એમણે રાજપુરુષોને કહ્યું : "સોમિલ પાસે જઈ એની કન્યા માટે ગજસુકુમાલની વધૂ બનાવવાની યાચના કરી, એની અનુમતિથી અંતઃપુરમાં પહોંચાડી દો."

ત્યાર બાદ કૃષ્ણએ એમના ભાઈ ગજસુકુમાલ સાથે સહસ્રામ્રવન ઉદ્યાનમાં જઈ પ્રભુને પ્રણામ કરી એમની દેશના સાંભળી, દેશના પૂરી થતા કૃષ્ણ એમના રાજભવનમાં પાછા ફર્યા. પણ ગજસુકુમાલ ત્યાં જ થોડા સમય સુધી રોકાઈને મનન-ચિંતન કરીને પછી પ્રભુ પાસે જઈ બોલ્યા : "પ્રભુ ! હું તમારી વાણી પર શ્રદ્ધા-પ્રતીતિ કરું છું, મારી ઇચ્છા છે કે માતા-પિતાની આજ્ઞા લઈ હું શ્રમણધર્મ અંગીકાર કરું."

ભ. નેમિનાથે કહ્યું : "જેમાં તને સુખ મળે તેવું કર."

ગજસુકુમાલે ભવનમાં જઈ માતા પાસે પોતાના પ્રવ્રજિત થવાની અભિલાષા જણાવી. દેવકી એની વાત સાંભળી બેભાન થઈ ગઈ. કૃષ્ણએ આ વાત સાંભળી તો એને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા : "હું મારુ સર્વસ્વ તારા ઉપર ન્યોછાવર કરું છું. તારે પ્રવ્રજ્યા ધારણ કરવાની શી જરૂર છે ?"

ગજસુકુમાલે કહ્યું : "સંસારની આ બધી વસ્તુઓને અંતે તો મળવત્ છોડવી જ પડે છે, અતઃ હું ઇચ્છું છું કે એમને ગ્રહણ જ ન કરું. એની અપેક્ષાએ અરિહંત અરિષ્ટનેમિનાં ચરણોમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી ધર્મને સ્વીકારવો ક્યાંક વધુ શ્રેષ્ઠ છે." આ રીતે ગજસુકુમાલ પોતાના નિર્ણય પર અડગ રહ્યા અને ભ.ના ચરણોમાં દીક્ષિત થઈ અણગાર બની ગયા. દીક્ષિત થઈ એ જ દિવસે બપોરના સમયે તેઓ ભગવાનની આજ્ઞા મેળવી મહાકાળ સ્મશાનમાં આવ્યા, સ્થંડિલ(સ્થાન)ની પ્રતિલેખના કરી અને પછી એ જ રાત્રિના સમયે એકાગ્રતામાં ધ્યાનસ્થ થઈ ગયા.

આ તરફ સોમિલ બ્રાહ્મણ, જે યજ્ઞની સામગ્રી લેવા નગરની બહાર ગયેલો હતો, સાંજે પાછા વળતી વખતે એ જ સ્મશાનની પાસેથી પસાર થયો. ત્યાં ગજસુકુમાલ મુનિને ધ્યાનમાં બેઠેલા જોઈ પૂર્વજન્મના વેરનું સ્મરણ થતા તે ક્રોધે ભરાઈને ઉત્તેજિત થઈ વિચારવા લાગ્યો : 'અરે, આ ગજસુકુમાલે મારી પુત્રી સોમાને વગર કારણે છોડીને પ્રવ્રજ્યા ધારણ કરી છે, માટે મારે એની સાથેનું વેર વાળવું જોઈએ.' એવું વિચારી એણે ગજસુકુમાલના માથા ઉપર ભીની માટીની પાળ બાંધી, એમાં ચિતાના સળગતા ધગધગતા કોલસા (અંગારા) મૂકી દીધા તેમજ સાવધાનીપૂર્વક આમ-તેમ જોઈ ચુપચાપ એના ઘરે જતો રહ્યો.

ગજસુકુમાલે સોમિલ પર જરા પણ દ્વેષભાવ કર્યા વગર માથા પરના ધગધગતા કોલસાની અસહ્ય પીડાને શાંતચિત્તે સહન કરી. જેમ-જેમ આગની તેજ જ્વાળાઓથી માથાની નાડીઓ અને નસો તડ-તડ કરીને તૂટવા લાગી, તેમ-તેમ મુનિના મનની નિર્મળ જ્ઞાન-ધારા વહેવા લાગી. એમના અંતર્મનમાં એ શબ્દો પડઘાઈ રહ્યા હતા કે - 'હું અજર છું અમર છું, અવિનાશી છું, શરીરના બળવા છતાં પણ મારું કંઈ પણ બળી નથી રહ્યું. મને ન તો અગ્નિ બાળી શકે છે, ન શસ્ત્ર કાપી શકે છે.' આ રીતે એમણે સિદ્ધત્વને પ્રાપ્ત કરી લીધું.

કરોડો-કરોડો જન્મોની તપસ્યાઓથી પણ પ્રાપ્ત ન કરી શકાય એવા મોક્ષને એમણે એક દિવસથી પણ ઓછા સમયની સાચી સાધના વડે મેળવીને એવું સિદ્ધ કરી દીધું કે - 'જો મનુષ્ય ઇચ્છે તો એની ભાવપૂર્ણ ઉત્કટ સાધના અને લગનથી સિદ્ધિ સામે ચાલીને આવે છે અને પ્રાપ્ત થાય છે.'

## ગજસુકુમાલ માટેની કૃષ્ણની જિજ્ઞાસા

બીજા દિવસે સવારમાં કૃષ્ણ, ભ. અરિષ્ટનેમિને પગે પડવા ગયા. ત્યાં ગજસુકુમાલ મુનિને ન જોતા ભ.ને પૂછ્યું. ભગવાને કહ્યું : "કૃષ્ણ ! મુનિ ગજસુકુમાલે એમનું કાર્ય સિદ્ધ કરી લીધું છે."

કૃષ્ણે કહ્યું : "એ કેવી રીતે ?"

ત્યારે ભ. અરિષ્ટનેમિએ આખી ઘટના સંભળાવી. કૃષ્ણે રોષે ભરાઈને પૂછ્યું : "પ્રભુ ! એ કોણ છે, જેણે અકાળે જ રાજસુકુમાલને જીવનરહિત કરી દીધા ?"

ભગવાને કહ્યું : "કૃષ્ણ ! રોષ ન કરીશ. અહીં આવતી વખતે રસ્તામાં જે રીતે તેં એક ઈંટ ઊંચકીને વૃદ્ધ બ્રાહ્મણની મદદ કરી, એ જ રીતે તે પુરુષ પણ ગજસુકુમાલને મુક્તિ અપાવવામાં મદદગાર નીવડ્યો છે."

જ્યારે શ્રીકૃષ્ણે વિશેષ આગ્રહ કર્યો તો પ્રભુએ કહ્યું : "દ્વારિકા જતી વખતે જે તને સામે જોઈ એના પ્રાણ ત્યજી દેશે, એ જ પુરુષ ગજસુકુમાલનો પ્રાણઘાતક છે."

ત્યારે પ્રભુને નમન કરી કૃષ્ણ દ્વારિકા તરફ જતા રહ્યા. સોમિલ ભયભીત થઈ વિચારવા લાગ્યો - 'કૃષ્ણ, ભગવાનનાં દર્શન માટે ગયા છે. કેવળી ભગવાન પાસે પૂરો વૃત્તાંત જાણી તેઓ મારો સર્વનાશ કરી નાંખશે.' એમ વિચારી તે ઘરેથી ભાગી ગયો. સંજોગવશાત્ તે એ જ માર્ગમાંથી નીકળ્યો, જે માર્ગે શ્રીકૃષ્ણ પરત ફરી રહ્યા હતા. શ્રીકૃષ્ણને સામે જોતાં જ સોમિલ ગભરાઈને જમીન પર ઢળી પડ્યો અને ડરનો માર્યો તરત જ મૃત્યુ પામ્યો.

## ઢંઢણ મુનિ

ભ. નેમિનાથના સાધુ-સંઘમાં આમ તો બધા જ સાધુ ઘોર-તપસ્વી અને દુષ્કર કરણી કરવાવાળા હતા, પણ એ બધા મુનિઓમાં ઢંઢણ-મુનિનું સ્થાન સ્વયં ભ. નેમિનાથ વડે સર્વશ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. વાસુદેવ શ્રી કૃષ્ણની ઢંઢણા રાણીના પુત્ર ઢંઢણકુમાર ભ. નેમિનાથનો ધર્મોપદેશ સાંભળી વીતરાગી થયા. એમણે ભરયુવાનીમાં એમની અનેક પરિણીતા સુંદર પત્નીઓને છોડી, ઐશ્વર્યને ત્યજીને ભગવાન પાસે દીક્ષા

અંગીકાર કરી. એમની દીક્ષા માટે સ્વયં શ્રીકૃષ્ણએ ભવ્ય મહોત્સવની વ્યવસ્થા કરી. મુનિ ઢંઢણ દીક્ષિત થઈ હરહંમેશ પ્રભુ નેમિનાથની સેવામાં ખડેપગે હાજર રહેવા લાગ્યા. અત્યંત વિનમ્ર અને ઋજુ-મૃદુ સ્વભાવને લીધે તેઓ થોડા જ સમયમાં બધાના માનીતા અને પ્રીતિપાત્ર બન્યા. કઠણ સંયમ અને તપને સાધીને એમણે શાસ્ત્રોનો પણ અભ્યાસ કર્યો. થોડો સમય વીત્યા પછી એમનાં પૂર્વસંચિત અંતરાય કર્મોનો ઉદય થયો. તેઓ ભિક્ષા માટે નીકળતા તો તેમને ક્યાંયે કોઈ પણ રીતની ભિક્ષા મળતી ન હતી, એટલું જ નહિ, એમની સાથે જે સાધુ જતા, એમને પણ ન મળતી અને એમણે ખાલી હાથે પાછું આવવું પડતું. આ પ્રમાણે કેટલાયે દિવસો સુધી ચાલતું રહ્યું. ત્યારે એક દિવસ સાધુઓએ ભગવાનને એનું કારણ પૂછ્યું : "ભગવન્ ! ઢંઢણ મુનિ તમારા જેવા ત્રિલોકીનાથના શિષ્ય છે, મહાપ્રતાપી અર્ધચક્રી વાસુદેવ કૃષ્ણના પુત્ર છે, પણ એવું તે કયું કારણ છે, જેના લીધે એમને નગરના મોટા-મોટા શ્રેષ્ઠીઓ, ધર્મનિષ્ઠ શ્રાવકો તેમજ અત્યંત ઉદાર ગૃહસ્થોને ત્યાંથી લેશમાત્ર પણ ભિક્ષા પ્રાપ્ત નથી થતી ? એ ઓછુ હોય તેમ એમની સાથે જનારા સાધુએ પણ ખાલી હાથે પાછા આવવું પડે છે ?"

મુનિઓના પ્રશ્નનું નિરાકરણ કરતા પ્રભુ બોલ્યા : "ઢંઢણ એના ગયા જન્મમાં મગધ પ્રદેશના ધાન્યપુર ગામમાં પારાશર નામક બ્રાહ્મણ હતો. ત્યાં તે રાજા દ્વારા નીમવામાં આવેલ કૃષિ આયુક્ત હતો. તે સ્વભાવે ઘણો જ નિષ્ઠુર-કઠોર હતો, ગામડિયાઓ પાસે રાજ્યની જમીનમાં ખેતી કરાવતો. ભોજનના સમયે ભોજન આવી જવા છતાં તે જમવા માટે રજા આપતો નહિ અને કામ કરાવતો રહેતો. ભૂખ્યા-તરસ્યા બળદો પાસે પણ હળધરો વડે એક-એક હળ વધારે ચલાવડાવતો. પોતાના આ દુષ્કૃત્યના પરિણામે એણે ઘોર અંતરાય કર્મનો બંધ કર્યો. અનેક ભવ કરતા કરતા એ જ પારાશરનો જીવ આ ભવમાં ઢંઢણના રૂપમાં પેદા થયો છે. પાછલા અંતરાય-કર્મના બંધ સ્વરૂપે એને સંપન્ન કુળોમાંથી માંગવા છતાં ભિક્ષા મળતી નથી."

પ્રભુના મુખે ઉપરોક્ત વૃત્તાંત સાંભળી પોતાના પૂર્વકૃત દુષ્કૃત્ય માટે ઢંઢણ મુનિને ઘણો પશ્ચાત્તાપ થયો. એમણે પ્રભુને વંદન કરી એવો અભિગ્રહ ધારણ કર્યો કે - 'હું મારા દુષ્કર્મને સ્વયં ભોગવીને અને કાપીશ. ક્યારેય બીજા દ્વારા મળેલ ભોજન ગ્રહણ કરીશ નહિ.' અંતરાયના

કારણે ઢંઢણ મુનિને ક્યાંયથી પણ ભિક્ષા મળતી નહિ અને એમની પ્રતિજ્ઞા પ્રમાણે તેઓ બીજા દ્વારા લાવેલ ભોજન પણ આરોગતા નહિ. ફળસ્વરૂપ એમણે કેટલાયે દિવસો સુધી અવિરત નિરાહાર તપ કરવા પડતા, છતાં પણ તેઓ સમભાવથી તપ અને સંયમની સાધના અડગપણે કરતા રહ્યા.

એક દિવસ સમવસરણમાં શ્રીકૃષ્ણે પૂછ્યું : "ભગવન્ ! તમારા મુનિસંઘમાં બધાથી કઠોર સાધના કયા મુનિ કરે છે ?"

પ્રભુએ કહ્યું : "ઢંઢણ મુનિ દુષ્કર કરણી કરનારા શ્રમણ છે. કેટકેટલાયે દિવસો સુધી અનશનપૂર્વક સમય પસાર કર્યા છતાં પણ એમના મનમાં લેશમાત્ર ગ્લાનિ-દુ:ખ નથી."

આ સાંભળી કૃષ્ણ ઘણા ખુશ થયા. બોધ સાંભળ્યા પછી તેઓ એમના મહેલ તરફ જઈ રહ્યા હતા કે ઢંઢણ મુનિને ગોચરી માટે જતા જોયા. એમણે હાથી ઉપરથી ઊતરીને ઢંઢણ મુનિને સાદર પ્રણામ કર્યા. એક શ્રેષ્ઠી આ બધું નિહાળી રહ્યો હતો. એણે વિચાર્યું કે - 'ધન્ય છે આ મુનિને કે જેમને સ્વયં કૃષ્ણએ સશ્રદ્ધા નમસ્કાર કર્યા છે.'

સંજોગવશાત્ ઢંઢણ મુનિ ભિક્ષા માટે એ જ શ્રેષ્ઠીને ત્યાં પહોંચ્યા. શ્રેષ્ઠીએ આનંદિત થઈ આદર સાથે મુનિને લાડુ વહોરાવ્યા. ઢંઢણ મુનિ ભિક્ષા લઈ પ્રભુની સેવામાં પહોંચ્યા અને નમન કરી પ્રભુને પૂછ્યું : "શું મારા અંતરાય-અવરોધ કર્મ ક્ષીણ થઈ ગયા છે ?"

પ્રભુએ કહ્યું : "નહિ, હરિના પ્રભાવથી આ ભિક્ષા તને મળી છે. હરિએ તને પ્રણામ કર્યા, એનાથી પ્રભાવિત થઈ શ્રેષ્ઠીએ તને આ ભિક્ષા આપી છે."

ઢંઢણ મુનિએ ભિક્ષા માટે એમના મનમાં તસુભાર પણ રાગદ્વેષ જન્મવા દીધો નહિ. તેઓ ભિક્ષા પરઠવા (દાટી દેવા) માટે સ્થંડિલ ભૂમિ તરફ ચાલ્યા ગયા. ભૂમિમાં દાટતી વખતે એમના મનમાં શુભભાવો ઉત્પન્ન થયા - 'ઓહ ! ઉપાર્જન કરેલાં કર્મોનો લોપ કરવો કેટલો દુ:સાધ્ય છે,' જેને આસાનીથી છોડી શકાતું નથી. પ્રાણી મોહમાં ફસાઈને ખરાબ કર્મ કરતી વખતે એવું નથી વિચારતો કે - આ ખરાબ કૃત્યનું પરિણામ મારે એકને એક દિવસે જરૂર ભોગવવું જ પડશે.'

આ રીતના વિચારમાં એમનું ચિંતન શુક્લધ્યાનની ઉચ્ચતમ કક્ષાએ પહોંચી ગયું. શુક્લધ્યાનની આ પ્રક્રિયામાં એમનાં ચારેય ઘાતીકર્મો નાશ

પામ્યાં અને એમને કેવળજ્ઞાન, કેવળદર્શન મળ્યું. મુનિ ઢંઢણ સ્થંડિલ ભૂમિ પરથી પાછા પ્રભુની સેવામાં આવ્યા અને એમને નમસ્કાર કરી કેવળી પરિષદમાં ગોઠવાયા. સમય જતા બધાં કર્મોનો નાશ કરી તેઓ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા.

## અરિષ્ટનેમિના સમયનું આશ્ચર્ય

શ્રીકૃષ્ણનું પાંડવો પ્રત્યે પૂર્ણ વાત્સલ્ય હતું, જે એ સમયે હસ્તિનાપુરમાં રહીને રાજ્ય કરી રહ્યા હતા. એક વખતની વાત છે, ત્યારે મહર્ષિ નારદ હસ્તિનાપુર આવ્યા અને દ્રૌપદીના પ્રાસાદ(મહેલ)માં પહોંચ્યા. પાંડવોએ એમનું સમુચિત સ્વાગત કર્યું, પણ તેઓના અવ્રતી હોવાના કારણે દ્રૌપદીએ એમના પ્રત્યે કંઈ ખાસ ધ્યાન આપ્યું નહિ. નારદને એનાથી અપમાનિત થયાની લાગણી થઈ અને તેથી ઘણા દુઃખી થઈ આ અવ-ગણનાનું વેર લેવાની ભાવનાથી ત્યાંથી રવાના થઈ ગયા, અને આ અસંજમસમાં તેઓ ધાતકીખંડ દ્વીપના ભરત ક્ષેત્રમાં આવેલા અમરકંકા નગરના સ્ત્રીલંપટ રાજા પદ્મનાભના ભવનમાં પહોંચ્યા. ત્યાંના રાજાએ એમનું ઘણા ઉલ્લાસથી સ્વાગત કર્યું અને એમને રાણીવાસમાં લઈ ગયા. ત્યાં એમની ૭૦૦ એકથી એક ચઢિયાતી રાણીઓ બતાવતાં કહ્યું કે - "મહર્ષિ ! તમે તો અનેક રાજાઓના રાણીવાસ જોયા હશે, શું કોઈ પણ રાણીવાસની રાણીઓ મારી આ રાણીઓની બરાબરી કરી શકે છે ?"

નારદ તો આવા જ મોકાની વાટ જોઈ રહ્યા હતા. બોલ્યા : "મહારાજ! તમે રાણીવાસ જોયા જ ક્યાં છે ? હસ્તિનાપુરના પાંડુપુત્રોની રાણી દ્રૌપદીની આગળ તો તમારી બધી જ રાણીઓ દાસી જેવી લાગે છે." નારદ તો ચાલ્યા ગયા, પણ એમનું તીર બરાબર નિશાના પર લાગ્યું હતું. દ્રૌપદીને મેળવવા માટે પદ્મનાભે તપ કરીને એક મિત્ર દેવની આરાધના કરી અને તેઓના પ્રગટ થતા દ્રૌપદીને અહીં લાવવા માટે પ્રાર્થના કરી. દેવે કહ્યું : "દ્રૌપદી પતિવ્રતા છે. તે પાંડવો સિવાય કોઈ પુરુષને પ્રેમ કરતી નથી, છતાં પણ તારા માટે હું એને લઈ આવું છું." આમ કહી દેવ હસ્તિનાપુર ગયા અને ત્યાં અવસ્વાપિની વિદ્યા વડે દ્રૌપદીને ચીરનિદ્રામાં પોઢાડી પદ્મનાભ પાસે લઈ આવ્યા.

દ્રૌપદીની ઊંઘભંગ થતા તેને એની સ્થિતિનું ભાન થયું. તે ઘણી વ્યાકુળ થઈ. એને ચિંતા કરતી જોઈ પદ્મનાભે કહ્યું : "દેવી ! તમે નાહકની

ચિંતા કરો છો. તમે અમરકંકાના રાજા પદ્મનાભના પ્રાસાદ(મહેલ)માં છો. હું તમને મારી પટરાણી બનાવવા માંગુ છું.''

દ્રૌપદી વસ્તુસ્થિતિની જટિલતા સમજી કંઈ વિચાર કરીને દૂરનું વિચારી બોલી : ''રાજન્ ! ભરતખંડના કૃષ્ણ વાસુદેવ મારા રક્ષક છે, જો છ મહિનાની અંદર તેઓ મને શોધતા-શોધતા અહીં નહિ આવે તો હું તમારી રજૂઆત પર વિચાર કરીશ.''

પદ્મનાભે વિચાર્યું કે - 'કોઈ બીજા દ્વીપના માણસે અહીં પહોંચવું અશક્ય છે, માટે છ મહિના સુધી વાટ જોવામાં કોઈ નુકસાન નથી.' એણે દ્રૌપદીની વાત માની એને કન્યાઓના અંતઃપુરમાં મોકલી દીધી. ત્યાં દ્રૌપદી આયંબિલ તપ કરીને દિવસો ગાળવા લાગી.

બીજા દિવસે રાજમહેલમાં દ્રૌપદીને ન જોતાં પાંડવો એને શોધવા લાગ્યા. જ્યારે કોઈ સગડ ના મળ્યા તો કૃષ્ણને સૂચના આપી. કૃષ્ણ એ સમસ્યાના વિષયમાં વિચારી જ રહ્યા હતા કે - દેવર્ષિ નારદ ત્યાં પધાર્યા. જ્યારે કૃષ્ણે દ્રૌપદીના વિષયમાં નારદને પૂછ્યું, તો નારદે જણાવ્યું કે - ''મેં ધાતકીખંડ દ્વીપની અમરકંકા નગરીના નૃપતિ પદ્મનાભના રાણીવાસમાં દ્રૌપદી જેવી જ સુંદરીને જોઈ છે.''

નારદની વાત સાંભળી કૃષ્ણે પાંડવો સાથે માગધતીર્થ તરફ પ્રયાણ કર્યું અને ત્યાં અષ્ટમતપ વડે લવણસમુદ્રના સ્વામી સુસ્થિતદેવને આરાધ્યા, સુસ્થિતદેવની મદદ વડે શ્રીકૃષ્ણ અને પાંડવોના છ રથો લવણસમુદ્રને પાર કરી અમરકંકા પહોંચી ગયા.

કૃષ્ણે એમના સારથી દારુકને પદ્મનાભ પાસે દ્રૌપદીને પરત કરવા માટે કહેણ મોકલ્યું, પણ પદ્મનાભે વિચાર્યું કે - 'આ છ માણસો મારું શું બગાડી લેવાના છે ?' માટે દ્રૌપદીને આપવાની ના પાડી દીધી અને યુદ્ધ કરવાની ઘોષણા કરી. પાંડવોએ કૃષ્ણ પાસે આજ્ઞા લઈ યુદ્ધમાં પહેલા ઊતરવાની ઈચ્છા પ્રગટ કરી અને તે પ્રમાણે કર્યું, પણ પદ્મનાભના અસીમિત લશ્કરની સામે તેઓ ટકી ન શક્યા અને હારીને કૃષ્ણ પાસે આવ્યા. ત્યાર બાદ કૃષ્ણએ પાંચજન્ય શંખ વડે ભયંકર ઘોષણા કરી અને ધનુષની ટંકાર કરી, જે સાંભળવામાત્ર જ પદ્મનાભની સેના વેર-વિખેર થઈ નાસી ગઈ. પદ્મનાભ પણ ત્યાંથી પલાયન કરી નગરમાં જઈ નગરનાં દ્વારોને લોખંડના દરવાજા વડે બંધ કરી રાણીવાસમાં

સંતાઈ ગયો. શ્રીકૃષ્ણએ ત્યાર બાદ નૃસિંહનું રૂપ ધરી એક જ હાથના વજ્ર પ્રહારથી લોખંડી દરવાજાઓને ભાંગીને ભુક્કો બોલાવી દીધો, અને પદ્મનાભના મહેલ તરફ આગળ વધ્યા. કૃષ્ણની સિંહગર્જના સાંભળી મોટા-મોટાના હાંજા ગગડી ગયા. સાક્ષાત્ મહાકાળને પોતાની તરફ આવતો જોઈ પદ્મનાભ દ્રૌપદીના પગમાં આવીને પડ્યો અને પ્રાણોની ભીખ માંગતા આજીજી કરવા લાગ્યો કે - "દેવી ! આ કરાલકાલ કેશવથી મારી રક્ષા કરો, હું તમારી શરણમાં છું."

દ્રૌપદીએ કહ્યું : "જો તારો જીવ બચાવવા માંગે છે તો મારાં કપડાં પહેરી મારી પાછળ-પાછળ ચાલ્યો આવ." ગભરાયેલા પદ્મનાભે એમ જ કર્યું. તે સ્ત્રીવેશે દ્રૌપદીની પાછળ-પાછળ જઈ કૃષ્ણના પગમાં માથું નમાવી દીધું. કૃષ્ણે દયા કરી એને અભયદાન આપ્યું અને દ્રૌપદીને પાંડવો પાસે પહોંચાડી દીધી.

તે સમયે ધાતકીખંડની ચંપા નગરીના પૂર્ણભદ્ર ઉદ્યાનમાં ત્યાંના તીર્થંકર મુનિસુવ્રતના સમવસરણમાં બેઠેલા ત્યાંના વાસુદેવ કપિલે કૃષ્ણના શંખનાદને સાંભળી જિનેન્દ્ર પ્રભુને પૂછ્યું : "મારા શંખનાદના જેવો જ આ કોનો શંખનાદ સંભળાઈ રહ્યો છે ?" મુનિસુવ્રતે દ્રૌપદી-હરણની આખી ઘટના કહેતાં કહ્યું કે - "જમ્બૂદ્વીપના ભરતખંડના વાસુદેવ કૃષ્ણ વડે કરાયેલો આ શંખનાદ છે." કપિલે કહ્યું : "તો મારે એ અતિથિનું સ્વાગત કરવું જોઈએ."

મુનિસુવ્રતે કહ્યું : "જે પ્રમાણે બે તીર્થંકર અને બે ચક્રવર્તી એક જગ્યાએ નથી મળી શકતા. એ જ રીતે બે વાસુદેવ પણ એક જગ્યાએ નથી મળી શકતા. હા, તું કૃષ્ણની શ્વેત-પીળા ધ્વજાનો આગલો ભાગ જોઈ શકીશ."

પ્રભુ પાસે આમ સાંભળી કપિલ વાસુદેવ શ્રીકૃષ્ણને મળવાની કામના લઈ કૃષ્ણના રથના પૈડાનું અનુસરણ કરીને સમુદ્ર કિનારા તરફ આગળ વધ્યા અને ત્યાં એમણે સમુદ્રમાં જતા કૃષ્ણના રથની શ્વેત અને પીળા વર્ણની ધ્વજાનો અગ્રભાગ જોયો. એમણે એમના શંખ વડે નાદ કરીને એવું જણાવ્યું કે - "હું કપિલ વાસુદેવ તમને મળવાની ઉત્કંઠા લઈને આવ્યો છું. કૃપા કરી પાછા આવો."

કૃષ્ણે શંખનાદ વડે જ ઉત્તર આપ્યો કે - "અમે ઘણા દૂર નીકળી ગયા છીએ, માટે હવે તમે આવવા માટે ન કહેશો." કૃષ્ણનો જવાબ મેળવી

કપિલ અમરકંકા નગરીમાં પહોંચ્યા. એમણે પદ્મનાભની પ્રતાડના કરી એમને નિર્વાસિત કર્યા અને એના પુત્રને અમરકંકાનો નરેશ બનાવ્યો.

આ તરફ લવણસમુદ્ર પાર કરી કૃષ્ણે પાંડવોને કહ્યું : "હું સુસ્થિત દેવને ધન્યવાદ કહીને આવું છું, ત્યાં સુધીમાં તમે લોકો ગંગાની પેલે પાર જાઓ."

પાંડવો હોડીમાં બેસી ગંગા ઓળંગી અને એ જોવા ઊભા રહ્યા કે કૃષ્ણ હોડી વગર કેવી રીતે ગંગા ઓળંગે છે, માટે હોડીને ત્યાં જ ઊભી રાખી. સુસ્થિત દેવ પાસેથી વિદાય લઈ કૃષ્ણ ગંગાકિનારે આવ્યા તો એમને હોડી ન દેખાઈ. ત્યારે એમણે રથને ગંગામાં ઉતાર્યો અને એક જ હાથથી ઘોડા સહિત રથને પકડીને બીજા હાથ વડે તરતા-તરતા ગંગા પાર કરવા લાગ્યા. ગંગાની મધ્યમાં આવતા તેઓ થાકી ગયા અને વિચારવા લાગ્યા - 'પાંડવો ઘણા બળવાન છે કે વગર હોડીએ એમણે નદી ઓળંગી લીધી.' કૃષ્ણના મનમાં આ વિચાર જાગ્યો જ હતો કે ગંગાનું વહેણ ધીમું થઈ ગયું અને એમ સરળતાથી એમણે ગંગા ઓળંગી લીધી. કિનારે આવી એમણે પાંડવોને પૂછ્યું : "તમે લોકો કેવી રીતે ગંગા ઓળંગી શક્યા ?"

તેઓ બોલ્યા : "હોડી વડે."

તો કૃષ્ણે કહ્યું : "તો પછી તમે લોકોએ મારા માટે હોડી શા માટે પાછી ન મોકલી ?"

પાંડવોએ હસતાં-હસતાં કહ્યું : "તમારી તાકાતની કસોટી કરવા માટે."

આવા જવાબથી કૃષ્ણ અત્યંત ક્રોધમાં આવીને બોલ્યા કે - "હજી પણ મારા બળની પરીક્ષા કરવી બાકી છે ? અગાથ-અપાર સાગરને પાર કરીને અમરકંકા ઉપર વિજય મેળવ્યા છતાં પણ તમને મારા બળ વિશે ખબર ન પડી ?" એમણે લોખંડના દંડ વડે પાંડવોના રથનો ભુક્કો બોલાવી પોતાના રાજ્યમાંથી જતા રહેવાનો આદેશ આપ્યો, અને પોતે દ્વારિકા જતા રહ્યા.

પાંડવો દ્રૌપદી સાથે હસ્તિનાપુર આવ્યા. એમણે માતા કુંતીને આખી બીના જણાવી. એ સાંભળી કુંતી દ્વારિકા ગઈ અને કૃષ્ણને કહ્યું : "કૃષ્ણ ! તમે મારા પુત્રોને તમારા રાજ્યમાંથી કાઢી મૂક્યા છે, તો હવે તમે જ કહો કે તેઓ ક્યાં રહેશે ?"

કૃષ્ણે કહ્યું : "દક્ષિણી સમુદ્રના કિનારે પાંડુ-મથુરા નામના નવા નગરની રચના કરીને ત્યાં રહે." કુંતીની સલાહ માની પાંડવોએ હસ્તિનાપુર છોડી દક્ષિણી સમુદ્રના કિનારે પાંડુ-મથુરા નામનું નગર વસાવ્યું, અને ત્યાં રહી એને દરેક રીતે સમૃદ્ધ બનાવ્યું. કૃષ્ણે હસ્તિનાપુરના સિંહાસન પર એમની બહેન સુભદ્રા અને અર્જુનના પૌત્ર એટલે કે અભિમન્યુના પુત્ર પરીક્ષિતને બેસાડ્યો. કાલાન્તરમાં જ્યાં કૃષ્ણે પાંડવો પર ક્રોધિત થઈ એમના રથને તોડ્યો હતો, ત્યાં 'રથમર્દન'નામનું નગર વસાવવામાં આવ્યું.

## દ્વારિકાનું ભવિષ્ય

ભ. અરિષ્ટનેમિ એમની અમૃત સમાન દેશના વડે પ્રાણીઓનો ઉદ્ધાર કરતા રહીને દ્વારિકા પધાર્યા. એમના આગમનના સમાચાર સાંભળી કૃષ્ણ-બળરામ એમના પૂરા કુટુંબ સાથે એમના સમવસરણમાં ગયા. કૃષ્ણે સવિનય પ્રભુને પૂછ્યું : "ભગવન્ ! મારી આ દ્વારિકાનો નાશ કેવી રીતે થશે ?"

ભગવાને કહ્યું : "કૃષ્ણ ! ઘોર તપસ્વી પરાશરના પુત્ર બ્રહ્મચારી પરિવ્રાજક દ્વૈપાયનને શામ્બ આદિ યાદવકુમાર મદ્યપાનના કેફમાં નિર્દયતાપૂર્વક મારી નાખશે, જેના પરિણામે દ્વૈપાયન ક્રોધિત થઈ દ્વારિકા તેમજ યાદવોને સળગાવવા માટે દેવ ઉત્પન્ન કરશે, જે બધાને સળગાવીને ભસ્મ કરી દેશે. તારા પ્રાણાન્ત તારા મોટા ભાઈ જરાકુમારના તીર વડે કૌશાંબી વનમાં થશે."

પ્રભુનો જવાબ સાંભળી બધા લોકો સ્તબ્ધ થઈ ગયા. લોકોએ જરાકુમાર તરફ જોયું. તે આત્મગ્લાનિથી ઘણો ખિન્ન થઈ પોતાની જાતને એ કલંકથી બચાવવા માટે માત્ર ધનુષ-બાણ લઈ દ્વારિકા છોડી વનવાસી બન્યો. એ જ પ્રમાણે દ્વૈપાયન પણ દ્વારિકા અને ત્યાંના વાસીઓની રક્ષા માટે વનમાં રહેવા લાગ્યો.

અરિષ્ટનેમિના મુખેથી દ્વારિકાના વિષયમાં આ ભવિષ્યવાણી સાંભળી કૃષ્ણ ઘણા દુઃખી થયા. તેઓ સંસારની નશ્વરતા, ઐશ્વર્ય અને રાજવૈભવની ક્ષણભંગુરતાના વિષયમાં વિચારવા લાગ્યા - 'જાલિકુમાર આદિ ધન્ય છે, જેમણે વિનાશ થવા પહેલાં જ ત્યાગમાર્ગ સ્વીકારી લીધો, અને હું હજી પણ ત્રિખંડના વિશાળ સામ્રાજ્ય અને એના ઐશ્વર્યમાં બેશુદ્ધ (બેભાન) છું.'

તીર્થંકર અરિષ્ટનેમિએ કૃષ્ણની આ મનોવેદનાને સારી રીતે સમજી આશ્વસ્ત કર્યા - "વાસુદેવ નિદાનકૃત હોવાના લીધે ત્રિકાળમાં પણ

ક્યારેય પરિવ્રજિત નથી થતા. માટે તું નકામી ચિંતા કર મા. હા, હવે પછીના આગામી ઉત્સર્પિણી કાળમાં આ ભરત ક્ષેત્રમાં તું પણ મારી જેમ બારમો તીર્થંકર બનશે અને બળરામ પણ તારા એ તીર્થંકર કાળમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.'' પ્રભુનું આ કથન સાંભળી કૃષ્ણ ઘણા ખુશ થયા.

એમણે દ્વારિકા જઈને લોકોને જણાવ્યું કે - ''દ્વારિકાનો અંત ચોક્કસ નક્કી જ છે, માટે જે પણ ઇચ્છે, સ્વેચ્છાએ પ્રભુચરણોમાં જઈ પ્રવ્રજ્યા ધારણ કરી શકે છે. એમણે એમના પરિવાર તેમજ આશ્રિતો માટે જરૂર ચિંતા કરવાની જરૂર નથી. એમની વ્યવસ્થા રાજ્ય દ્વારા કરવામાં આવશે.'' શ્રીકૃષ્ણની આ ઉદારતાપૂર્ણ ઘોષણાથી ઘણી મોટી સંખ્યામાં લોકોએ પ્રવ્રજ્યા લીધી અને આત્મકલ્યાણની રાહ સ્વીકારી. મનુષ્ય સંપ્રદાય અને જિનશાસનની પોતાની આ અત્યંત ઉમદા સેવા-ભાવનાને પરિણામરૂપે કૃષ્ણએ તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું.

દ્વારિકા-દાહની વાત સાંભળી બળરામના ભાઈ અને સારથી સિદ્ધાર્થે પ્રભુ પાસે દીક્ષા લીધી. મુનિ-ધર્મ અંગીકાર કર્યા પછી છ મહિનાની ઘોર તપસ્યા વડે સિદ્ધાર્થનો જીવ આયુષ્યકાળ પૂરો કરી દેવ થયો.

આ તરફ દ્વારિકામાં ઘોષણા કરી દેવામાં આવી કે - 'દ્વારિકાવાસીઓ સુરાપાન(મદ્યપાન)થી દૂર રહે.' ભવિષ્યમાં સુરા જ દ્વારિકાના નાશનું કારણ બનશે, માટે ત્યાં ઉપલબ્ધ બધી મદિરા અને મદિરાપાત્રોને કદંબ વનના પર્વતોમાં કાદંબરી ગુફાના પથ્થરો પર ફેંકાવી દીધી.

શામ્બકુમારનો એક સેવક એક વખત કોઈક કારણસર કાદંબરી ગુફાની તરફ ગયો અને ખૂબ તરસ લાગતા તે કાદંબરી શિલાની પાસેના કુંડમાંથી પાણી પીવા લાગ્યો. પાણીનાં થોડાં ટીપાં ચાખતાં જ તે જાણી ગયો કે આ પાણી નથી, પરંતુ નશીલી મદિરા (દારૂ) છે. શામ્બના સેવકે પોતે તો મદિરા પીધી, પણ સાથે જ એક પાત્રમાં એના સ્વામી માટે પણ લેતો આવ્યો. શામ્બે એ મદિરા પીધી તો તેને ઘણું આશ્ચર્ય થયું કે આવી સ્વાદિષ્ટ મદિરા સેવકને ક્યાંથી મળી ? સેવક પાસે આખી વાત જાણી તે એના કેટલાક મિત્રો સાથે એ ગુફા પાસે પહોંચ્યો અને આવેલા બધા જ મદ્યપાન કરવામાં મશગૂલ બન્યા.

જે મદિરા ત્યાં ફેંકી દેવામાં આવી હતી, તે નીચે શિલાકુંડોમાં એકઠી થઈ ગઈ હતી અને ત્યાં ફૂલોના ખરી પડવાથી એ જળ સ્વાદિષ્ટ મદિરા બની ગયું હતું. યાદવકુમાર મદ્યપાનના પ્રભાવથી- ઉન્મત્ત થવા લાગ્યા

હતા. અહીં-તહીં રખડતી વખતે એમની નજર પર્વત પર ધ્યાનમાં બેઠેલા દ્વૈપાયન પર પડી. નશામાં ચકચૂર થઈ યાદવોએ વિચાર્યું કે - 'આજ દ્વૈપાયન આપણા તેમજ આપણી વહાલી દ્વારિકાના વિનાશનું કારણ બનશે, તો શા માટે એનો જ વિનાશ ન કરવામાં આવે.' અને તરત જ બધા એમના પર તૂટી પડ્યા અને એમને અધમુવો કરીને ભાગી ગયા. શ્રીકૃષ્ણે જ્યારે આ ઘટના જાણી ત્યારે તેઓ ઘણા ગુસ્સે ભરાયા અને દુઃખી થયા તેમજ તરત જ બળરામને સાથે લઈ દ્વૈપાયનની પાસે ગયા અને યાદવો તરફથી માફી માંગવા લાગ્યા. દ્વૈપાયનનો ગુસ્સો ત્યારે પણ શાંત ન થયો. એમણે કહ્યું : "યાદવોએ નિર્દયી રીતે મને મારી-મારીને અધમુવો કરી નાંખ્યો, માટે મેં એમનો વિનાશ નિશ્ચિત કરી લીધો છે, પણ હું તમે બંને ભાઈઓનું અનિષ્ટ નહિ કરું."

દ્વૈપાયનનો દેહાંત થતા તે અગ્નિકુમાર દેવ બન્યા અને દ્વારિકાને ભસ્મ કરવા માટે દ્વારિકામાં પહોંચ્યા. દ્વારિકા તો તપોભૂમિ બની ચૂકેલી હતી. લોકો ભાત-ભાતનાં તપ અને વ્રત કરવામાં રત હતા. દ્વૈપાયન અવિરત ૧૧ વર્ષ સુધી દ્વારિકાને સળગાવવાનો પ્રયત્ન કરતા રહ્યા, પણ દ્વારિકાવાસીઓની અખંડ - અવિરત ધર્મસાધનાના પ્રભાવે એમનો પ્રયત્ન અસફળ રહ્યો.

દ્વૈપાયનની આ નિષ્ફળતાને લીધે દ્વારિકાવાસીઓના મનમાં એવી ગ્રંથિ બંધાઈ ગઈ કે - 'એમની તપસ્યાના પ્રભાવને લીધે દ્વૈપાયન પ્રભાવહીન બન્યા છે, માટે હવે કાય-ક્લેશ, ધર્મ-ધ્યાન વગેરેની કોઈ જરૂરિયાત નથી.' પછી શું હતું, લોકો માંસ-મદિરાનું સેવન કરવા લાગ્યા અર્થાત્ ધર્મમાર્ગથી દૂર થઈ અધર્મ અને અનાચારનું આચરણ કરવા લાગ્યા, જેના પરિણામસ્વરૂપ અગ્નિકુમારને જોઈતી તક મળી અને તેણે દ્વારિકા પર અગ્નિવર્ષા આરંભી દીધી. દ્વારિકામાં ચારેય તરફ પ્રચંડ જ્વાળાઓ ધગધગી ઊઠી. આખી દ્વારિકા જોત-જોતામાં નાશ પામી. શ્રીકૃષ્ણ અને બળરામે વસુદેવ, રોહિણી અને દેવકીને એક રથમાં બેસાડી લઈ જવાનો પ્રયાસ કર્યો, તો રથ એના સ્થાનેથી જરા પણ ચસકયો નહિ. દ્વૈપાયને કહ્યું : "કૃષ્ણ મેં પહેલાં જ કહ્યું હતું કે તમારા બે ભાઈઓના સિવાય બીજું કોઈ બચી નથી શકવાનું."

આખી દ્વારિકા સળગી ગઈ પણ કૃષ્ણ અને બળરામ કંઈ પણ કરી શક્યા નહિ અને બધું જ સમાપ્ત થતા ત્યાંથી ચાલ્યા ગયા. રસ્તામાં

વિભિન્ન મુશ્કેલીઓને વેઠતા રહીને કેટલાયે દિવસોના નિરંતર પરિશ્રમ અને સંઘર્ષ પછી બંને ભાઈઓ કૌશાંબી વનમાં પહોંચ્યા. ત્યાં તૃષાતુર થયેલા કૃષ્ણે બળરામ પાસે પાણી મંગાવ્યું. બળરામ પાણી શોધવા જતા રહ્યા તો કૃષ્ણ એક ઝાડના છાંયડામાં થાક ખાવા બેઠા. તેઓ પીતાંબર ઓઢી ડાબા ઘૂંટણ ઉપર જમણો પગ રાખી આડા પડેલા હતા. એ જ સમયે શિકારની શોધમાં જરાકુમાર એ તરફથી નીકળ્યો. પીતાંબર ઓઢેલા કૃષ્ણને હરણ સમજી એના પર બાણ ચલાવ્યું. જે એમના જમણા પગમાં લાગ્યું. કૃષ્ણ ચીસ પાડી ઊઠ્યા : "કોણ છે, ઊંઘતી વખતે મારા ઉપર ઘાત કરનારું ? સામે આવે."

કૃષ્ણનો અવાજ ઓળખી જરાકુમાર સામે આવ્યો - "ભાઈ ! હું તમારો કમનસીબ ભાઈ જરાકુમાર છું. તમને બચાવવા માટે હું વનોમાં ભટકતો રહ્યો અને આજે છેલ્લે તમારા પ્રાણનો ઘાતક બન્યો."

કૃષ્ણે એને દ્વારિકાદહનની આખી વાર્તા કહી અને કૌસ્તુભમણિ આપીને કહ્યું કે - "આને બતાવીને તું પાંડવોની સાથે રહેજે. હવે મારો શોક કર્યા વગર અહીંથી જતો રહે, નહિ તો બળરામ પાણી લઈને આવતા જ હશે અને તને જીવતો નહિ છોડે." જરાકુમારના જતાં જ શ્રીકૃષ્ણના પ્રાણ નીકળી ગયા.

થોડા વખત પછી બળરામ જ્યારે પાણી લઈને આવ્યા, તો એમણે કૃષ્ણને સૂતેલા જોયા. એમને અચરજ થયું કે - 'કૃષ્ણને તરસ લાગેલી હતી, છતાં પણ ઊંઘ કેવી રીતે આવી ગઈ !' પગમાં લાગેલા ઘા તરફ નજર જતા જ ગુસ્સાભર્યા સ્વરે બૂમ પાડી ઊઠ્યા : "કોણ છે જેણે મારા ભાઈને આ રીતે ઊંઘમાં ઝખ્મી કર્યા છે, સામે આવે તો એને આ કપટના બદલામાં સારો એવો સ્વાદ ચખાડું."

આટલું બોલી બળરામ આજુબાજુમાં એ ઘાતકની શોધ કરવા લાગ્યા. જ્યારે કોઈ મળ્યું નહિ તો કૃષ્ણને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો અને તે ન ઊઠતાં એમના શરીરને ખભા પર ઊંચકીને લથડાતા-પડતા આગળ વધ્યા. વચ્ચે-વચ્ચે રોકાઈને કૃષ્ણને જગાડવાનો પ્રયત્ન કરતા, જાણે તે સૂઈ રહ્યા હોય.

આ રીતે બળરામ કૃષ્ણનું નિઃપ્રાણ શરીર ખભા પર ઊંચકી વનમાં ભટકતા રહ્યા. બળરામની આ હાલત એમના સારથી સિદ્ધાર્થના જીવે

જોઈ, કે જે ભગવાન નેમિનાથ પાસે દીક્ષિત થઈ શ્રમણ થઈ ગયા હતા અને સંયમસાધના વડે પોતાની જીવનલીલા સંકેલી દેવ બન્યા હતા. એણે વિચાર્યું - 'કર્મનું ફળ કેટલું દુર્નિવાર છે, કૃષ્ણ અને બળરામ જેવા લોકો પણ એનાથી બચી નથી શક્યા. મારે બળરામને સમજાવવા જોઈએ.' એ દેવે અલગ-અલગ રૂપો ધરી ઉદાહરણોના માધ્યમે એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો અને વારંવાર 'કૃષ્ણ મૃત્યુ પામ્યા છે' એમ ઠસાવવાનો પ્રયત્ન કર્યો.

અંતે બળરામે વિચાર્યું - 'શું હવે સાચે જ કૃષ્ણ નથી રહ્યા ? આ બધા એક જ રીતની વાતો કરી રહ્યા છે.'

બળરામના મનમાં આવા પ્રશ્નો ઊભા થતા જોઈ દેવ એમના વાસ્તવિક રૂપમાં એમની સામે ઉપસ્થિત થઈ બોલ્યા : "બળદેવ ! હું તમારો સારથી સિદ્ધાર્થ છું. ભગવાનની કૃપા થકી હું સંયમ-સાધના વડે દેવ બન્યો છું. તમે મને કહ્યું હતું કે - 'જો દેવ બને તો મને પ્રતિબોધ આપવા આવજે.' મહારાજ ! આ સંસારનો અટલ નિયમ છે કે જે જન્મ લે છે, તે એકને એક દિવસ મરે જ છે. માટે વિશ્વાસ કરો કે વાસુદેવ કૃષ્ણ હવે નથી રહ્યા. જો તમારા જેવા વિજ્ઞ અને સમર્થ સત્પુરુષ પણ મૃત્યુના આઘાતને જોઈને વિહ્વળ થઈ જશે તો આમ-જનતાની શી દશા થશે ? માટે હવે જે વીતી ગયું, એના પર શોક કરવો નકામો છે. તમે અણગારધર્મને સ્વીકારી, આત્માની ઉન્નતિનો રસ્તો અમલમાં લો, જેનાથી ફરી કદી પણ પ્રિયજનના વિયોગનું દુઃખ સહેવું ન પડે."

સિદ્ધાર્થની વાતોથી એમનું મોહનું આવરણ હટી ગયું અને એમણે સન્માનપૂર્વક શ્રીકૃષ્ણના પાર્થિવ દેહની વિધિવત્ અંત્યેષ્ટિ કરી, ભગવાન નેમિનાથે બળરામની દીક્ષિત થવાની મનોભાવના જાણીને જંઘાચારણ મુનિને એમની પાસે મોકલ્યા. બળરામે મુનિ પાસે દીક્ષિત થઈ શ્રમણ ધર્માનુસાર કઠોર તપ આદરી એની અગ્નિમાં પોતાના કર્મસમૂહોને ધ્વંસ્ત કરવાની શરૂઆત કરી.

એક વખત માસોપવાસ(માસખમણ)ની તપસ્યાના પારણા માટે બળરામ મુનિ ભિક્ષા માટે કોઈક ગામમાં દાખલ થયા. એમનું તપથી સુકાયેલું શરીર-કૃષકાય શરીર પણ સૌંદર્ય મૂર્તિ હતું. એમનું શરીર ઘણું મનમોહક, કાંતિયુક્ત તથા લુંચિત કેશોવાળું, ભવ્ય લલાટ ઘણું જ ચિત્તાકર્ષક

તેમજ પ્રભાવશાળી લાગતું હતું. ગામની ભ્રમણામાં પડેલી સ્ત્રીઓ એમને ભિક્ષા માટે વિચરતા જોતી જ રહી જતી હતી. કૂવા પર પાણી ભરી રહેલી એક મહિલાએ મુનિ તરફ નિહાળતા-નિહાળતા પાણી ખેંચવાનું દોરડું કળશના બદલે પોતાના બાળકના ગળામાં નાંખી દીધું, અને એ દોરડું ખેંચવા જ જતી હતી કે એક અન્ય સ્ત્રીએ એને સાવધ કરી. જ્યારે આ વાત મુનિના કાને પડી, તો એમણે નિર્ણય લીધો કે - 'તેઓ નગર અથવા ગ્રામમાં ભિક્ષા માટે જશે નહિ. એમણે વનમાં રહેવાનો સંકલ્પ કર્યો અને તુંગિયાગિરિનાં પ્રગાઢ વનોમાં રહી તપસ્યા કરવા લાગ્યા. એમના તપના પ્રભાવથી વન્ય પ્રાણીઓ સિંહ અને હરણ વગેરે પરસ્પરનું વેર ભૂલી એમની પાસે બેસી રહેતા હતા.

એક દિવસ મુનિ બળરામ સૂરજ તરફ મુખ કરીને કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાન ધરી ઊભા હતા, એ જ સમયે કોઈ એક કઠિયારો ઝાડ કાપવા માટે આવ્યો. એણે મુનિને જોઈને પ્રણામ કર્યા અને પોતાના કામે લાગ્યો. જમવાનો સમય થતાં તે કઠિયારો અડધા કપાયેલા વૃક્ષના છાંયડે બેસી ભોજન આરોગવા લાગ્યો. યોગ્ય પ્રસંગ જાણી મુનિ પણ એ તરફ ગયા. સાથે બેઠેલું એક હરણ પણ એમની સાથે ગયું કે આજે મુનિનું પારણું થશે તેમજ સારો ધર્મલાભ મળશે. કઠિયારાએ મુનિને જોઈને આનંદ વ્યક્ત કર્યો. ઘણી શ્રદ્ધા અને ભક્તિપૂર્વક તે પોતાના ભોજનમાંથી ભિક્ષા આપવા લાગ્યો. કંઈ એવું થયું કે એ સમયે જોરથી પવન ફૂંકાતા પેલું અડધું કપાયેલું વિશાળ વૃક્ષ એ ત્રણેયની ઉપર પડ્યું. મુનિની તપસ્યા તો ઉત્તમ હતી જ, સાથે જ કઠિયારા અને હરણની ભાવના પણ ઘણી જ શુદ્ધ - સાત્ત્વિક અને ઉમદા હતી. ફળસ્વરૂપે ત્રણેય એક સાથે મૃત્યુને ભેટ્યા અને બ્રહ્મલોક-પંચમકલ્પમાં દેવરૂપમાં ઉત્પન્ન થયા.

## મહામુનિ થાવચ્ચાપુત્ર

થાવચ્ચાપુત્ર દ્વારિકાના સમૃદ્ધશાળી શ્રેષ્ઠીઓમાંના એક હતા. બાળપણમાં જ પિતાનું દેહાંત થતા કુળનો બધો જ કારભાર થાવચ્ચા-ગાથા-પત્ની જ સંભાળતી હતી. એમણે પણ એમના કુળની મર્યાદા અને પ્રતિષ્ઠા એવી જ જાળવી રાખી, જેવી એમના પતિ જાળવતા હતા. થાવચ્ચા પત્નીની લોકપ્રિયતાના લીધે એમનો પુત્ર પણ થાવચ્ચાપુત્રના નામે લોકપ્રિય થઈ ગયો.

એક સમયે પ્રભુ નેમિનાથ એમનાં અઢાર હજાર શ્રમણ અને ચાલીસ હજાર શ્રમણીઓની સાથે રૈવતક પર્વતના નંદન-વન ઉદ્યાનમાં પધાર્યા. પ્રભુના શુભાગમનના સમાચાર સાંભળી શ્રીકૃષ્ણ, વાસુદેવ, દશેદશ દશાર્હ તેમજ દ્વારિકાના અગણિત નાગરિકો સમવસરણમાં હાજર થયા. થાવચ્ચાકુમાર પણ એના પ્રિયજનોની સાથે ત્યાં હાજર રહ્યા. ભગવાને ધર્મોપદેશ આપ્યો, જે સાંભળી થાવચ્ચાકુમાર વૈરાગ્ય પામી એની માતા પાસે ગયો અને બોલ્યો : "માતા ! મેં પ્રભુ અરિષ્ટ-નેમિનાં અમૃત-વચનો સાંભળ્યાં છે. હું જન્મ-મરણનાં બંધનોથી છુટકારો મેળવવા માટે પ્રભુનાં ચરણોમાં પ્રવ્રજ્યા ધારણ કરવા માંગુ છું." પોતાના પુત્રની વાત સાંભળી એ માતા દંગ રહી ગઈ. એણે અલગ-અલગ રીતથી સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેને પોતાના નિશ્ચય પર અટલ જોઈ અંતે એને પ્રવ્રજ્યા લેવાની અનુમતિ આપી દીધી.

થાવચ્ચાપુત્રના દીક્ષિત થવાના સમાચાર વાસુદેવ કૃષ્ણને મળ્યા, તો એમણે પણ એને સમજાવવાનો પ્રયત્ન કર્યો. એથી થાવચ્ચાપુત્રે કહ્યું : "હું-જન્મ-જરા-મૃત્યુના ચક્કરથી ગભરાઈ પ્રવ્રજ્યા લેવા માંગુ છું. જો તમે આ બધાથી મને બચાવી શકો, તો હું પ્રવ્રજ્યાનો વિચાર છોડીને સંસારમાં રહી સુખોને ભોગવા-માણવા તૈયાર છું."

તેથી કૃષ્ણે કહ્યું : "જન્મ-જરા-મૃત્યુ તો સંસારનું નિવાર ન થઈ શકાય ટાળી ન શકાય એવું નગ્ન સત્ય છે. જેને નિવારવાનું સામર્થ્ય તો માનવ કે કોઈ દેવતામાં પણ નથી, એને તો માત્ર અને માત્ર કર્મનો નાશ કરવાથી જ સાધી શકાય છે, મેળવી શકાય છે."

થાવચ્ચાપુત્રે કહ્યું : "બસ, એટલા માટે જ હું પ્રવ્રજ્યા ધારણ કરવા તૈયાર થયો છું."

એના આ દૃઢ સંકલ્પથી પ્રભાવિત થઈ વાસુદેવ કૃષ્ણએ ઘોષિત કરાવ્યું કે - "થાવચ્ચાપુત્ર અર્હત્ અરિષ્ટનેમિ પાસે દીક્ષા લેવા માંગે છે, એમની સાથે બીજું કોઈ પણ તૈયાર થતું હોય તો, એમને કૃષ્ણની અનુમતિ છે. એમના પર અવલંબિત રહેલા દરેકનો ભાર રાજ્યની તરફથી વહન કરવામાં આવશે."

પછી શું હતું, વિવિધ વર્ણો અને કુળોમાંથી આશરે એક હજાર વ્યક્તિ થાવચ્ચાપુત્ર સાથે દીક્ષિત થવા તૈયાર થઈ ગઈ. નક્કી કરેલી

તિથિએ સ્વયં વાસુદેવ શ્રીકૃષ્ણે બધા દીક્ષાર્થીઓનો અભિષેક કર્યો અને ભગવાનના સમવસરણમાં જઈ બધા દીક્ષાર્થીઓએ મુનિદીક્ષા લીધી. દીક્ષિત થયા પછી થાવચ્ચાપુત્રએ ચૌદ પૂર્વોનું અધ્યયન કર્યું અને તપ વડે કર્મોનો લોપ કરતા રહીને વિચરણ કરવા લાગ્યા. એમની આ તપસ્યા અને તીક્ષ્ણ સાધના-બુદ્ધિથી પ્રભાવિત થઈ ભગવાન અરિષ્ટનેમિએ એમની સાથે દીક્ષા પામેલા હજાર શ્રમણ-શ્રમણીઓને એમના શિષ્યના રૂપે એમને પ્રદાન કર્યા અને એમની સાથે વિહારચર્યા કરવાની પરવાનગી આપી દીધી. અણગાર થાવચ્ચાપુત્રએ પ્રભુની આજ્ઞા માથે ચઢાવી-શિરોધાર્ય કરી અને મોટી જવાબદારીની સાથે વિહારચર્યામાં તલ્લીન થયા.

પોતાના હજાર શિષ્યોની સાથે વિહાર કરતા-કરતા થાવચ્ચા મુનિ એકવાર શૈલકપુરમાં પહોંચ્યા. ત્યાં એમના ઉપદેશોથી પ્રભાવિત થઈ શૈલકનરેશે પાંચસો બીજી પ્રમુખ વ્યક્તિઓની સાથે શ્રાવકધર્મ સ્વીકાર્યો. ત્યાંથી આગળ વધતા તેઓ સૌગંધિકા નગરીમાં પહોંચ્યા, ત્યાંના સુદર્શન નામના પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીએ, જે થોડા સમય પહેલાં જ શુક નામના વિદ્વાન પરિવ્રાજકાચાર્યના ઉપદેશથી પ્રભાવિત થઈ એમનો ઉપાસક બની ગયો હતો, થાવચ્ચા મુનિના ઉમદા આચાર-વિચારથી પ્રભાવિત થઈ શ્રાવકધર્મ સ્વીકાર્યો. 'પોતાના શિષ્ય સુદર્શને શ્રાવકધર્મ સ્વીકાર્યા'ના સમાચાર સાંભળી શુક પરિવ્રાજક સુદર્શન પાસે ગયો. સુદર્શને એમની સામે થાવચ્ચા મુનિની અપ્રતિમ પ્રશંસા કરી તો શુકે એમની સાથે ધર્મચર્ચા કરવાનો વિચાર પ્રસ્તુત કર્યો. સુદર્શન શ્રેષ્ઠી સહર્ષ શુકને મુનિ પાસે લઈ ગયા. શુકે અણગાર થાવચ્ચા મુનિ સાથે ધાર્મિક અને આધ્યાત્મિક વિષયો ઉપર ગંભીર ચર્ચા કરી. મુનિ દ્વારા શુકની શંકાઓનું ખૂબ જ વિનય અને વિદ્વત્તાપૂર્વક સમાધાન થતા તે ઘણા સંતુષ્ટ થયા. મુનિનાં વચનો સાંભળી શુકને વાસ્તવિક બોધ મળ્યો. એમણે મુનિને પ્રણામ કરી, એમની શિષ્યતા સ્વીકારી અને પોતાના એક હજાર અનુયાયીઓની સાથે પંચમુષ્ટિ લોચ કરી શ્રમણધર્મ સ્વીકારી લીધો. શુકે એના શિષ્યોની સાથે થાવચ્ચા મુનિ પાસે ચૌદપૂર્વ અને એકાદશ અંગોનો વિધિવત્ અભ્યાસ કરીને થોડા જ સમયમાં આત્મજ્ઞાન માટે જાણીતા બન્યા, ત્યારે થાવચ્ચા મુનિએ એમને એમના શિષ્યો સાથે ભ્રમણ કરવાની અનુમતિ આપી. શુકે એમની આજ્ઞાનું પાલન કર્યું. એમના ઉપદેશોથી પ્રભાવિત થઈ થાવચ્ચા મુનિના શ્રમણોપાસક શિષ્ય શૈલકનરેશે પોતાના પાંચસો શ્રાવક મિત્રો સાથે શ્રમણધર્મ અપનાવી લીધો.

આમ અનેક વર્ષો સુધી સંયમ-સાધના અને ધર્મ-સંચાલન કરતા રહીને થાવચ્ચા મુનિ પુંડરિક પર્વત પર પહોંચ્યા. ત્યાં એક મહિનાની સંલેખના કરીને-અનશન કરીને નિર્વાણપદ મેળવ્યું. એમના શિષ્ય શુક અને શૈલક (રાજર્ષિ) પણ કાલાન્તરમાં પુંડરિક પર્વત પર જઈ એક મહિનાની સંલેખના વડે નિર્વાણ પ્રાપ્ત કર્યું.

## અરિષ્ટનેમિનો દ્વારિકા-વિહાર

ભ. અરિષ્ટનેમિ વૈરાગી અને કેવળી હોવા છતાં પણ એક સ્થાને સ્થિર રહ્યા નહિ. એમણે દૂર-દૂર સુધી વિચરણ કર્યું, માટે એમના વર્ષાવાસોનો કોઈ ઉલ્લેખ મળતો નથી. પણ એટલું તો ચોક્કસપણે કહી શકાય છે કે એમનું વિહારનું કેન્દ્ર અધિકતર દ્વારિકા રહ્યું છે. ભ. નેમિનાથનું વારંવાર ત્યાં જવું એ વાતની સાબિતી છે કે દ્વારિકા એ સમયનું ધાર્મિક કેન્દ્ર રહ્યું છે. એક સમયે જ્યારે પ્રભુ નંદનવનમાં બેઠા હતા ત્યારે અંધકવૃષ્ણિના સમુદ્ર, સાગર વગેરે દસ પુત્રોએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. બીજી વખતે હિમવંત આદિ વૃષ્ણિ-પુત્રોના પ્રવ્રજિત થવાનો ઉલ્લેખ મળે છે. ત્રીજી વખત વસુદેવ અને ધારિણીના પુત્ર સારણ કુમારે દીક્ષા ગ્રહણ કરી. બલદેવપુત્ર સુમુખ, દુર્મુખ, કૂપક અને વસુદેવપુત્ર દારુક તેમજ અનાદૃષ્ટિની પ્રવ્રજ્યા પણ દ્વારિકામાં જ થયેલી પ્રતીત થાય છે. પછી વસુદેવ અને ધારિણીના પુત્ર જાલિ, મયાલિ આદિ તથા કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન અને જાંબવતીના પુત્ર સામ્બકુમાર, વૈદર્ભીકુમાર, અનિરુદ્ધ તથા સમુદ્રવિજયના સત્યનેમિ, દૃઢનેમિએ તથા કૃષ્ણની અન્ય રાણીઓએ પણ દ્વારિકામાં જ દીક્ષા ગ્રહણ કરી. એનાથી એવું જ સિદ્ધ થાય છે કે વાસુદેવ. કૃષ્ણના પરિવારના બધા લોકો ભગવાન અરિષ્ટનેમિના પ્રત્યે અતૂટ શ્રદ્ધા રાખતા હતાં

## પાંડવોની મુક્તિ

શ્રીકૃષ્ણના અંતિમ આદેશ પ્રમાણે જરાકુમાર પાંડવ-મથુરામાં પાંડવો પાસે ગયો અને એમણે શ્રીકૃષ્ણ દ્વારા આપવામાં આવેલ કૌસ્તુભમણિ એને બતાવી અને દ્વારિકા-દહન તેમજ યદુવંશનો સર્વનાશ અને પોતાના વડે જ શ્રીકૃષ્ણના આકસ્મિક નિધનનું વિવરણ એમને સંભળાવ્યું. જરાકુમારના મુખે આ હૃદયદ્રાવક શોક સમાચાર સાંભળી પાંડવ ઘણા દુઃખી થયા. પોતાના પરમ સહાયક અને મિત્ર કૃષ્ણનું નિધન તો એમના માટે વ્રજાઘાત કરતા પણ અત્યંત દુઃખદાયી હતું. એમને આખો સંસાર

જાણે શૂન્ય-સમાન વિરક્ત લાગવા લાગ્યો અને એમના હૃદયાકાશમાં વૈરાગ્યનો સૂર્ય તપી ઊઠ્યો. ભગવાન અરિષ્ટનેમિએ પાંડવોની સંયમ-સાધનાની અંતરની ઈચ્છા (મનસા) જાણી તરત જ એમના ચરમશરીરી સ્થવિર મુનિ ધર્મઘોષને પાંચસો મુનિઓને પાંડવ-મથુરા મોકલ્યા. પાંડવોએ એમનું રાજ્ય પાંડુસેનને સોંપી ધર્મઘોષ પાસે શ્રમણદીક્ષા સ્વીકારી લીધી. મહારાણી દ્રૌપદીએ આર્યા સુવ્રતા પાસે દીક્ષા લીધી. દીક્ષિત થયા પછી પાંચેય પાંડવો અને દ્રૌપદીએ અનુક્રમે ચૌદ પૂર્વો અને એકાદશ અંગોનો અભ્યાસ કરીને ઘોર તપ કર્યું.

કઠણ સંયમ અને તપની અગ્નિમાં પોતાના કર્મ-સમૂહોને બાળીને રાખ કરતા રહી પાંચેય પાંડવ મુનિ વિચરણ કરતા રહ્યા અને એમણે સાંભળેલું કે ભગવાન અરિષ્ઠનેમિ સૌરાષ્ટ્રમાં વિચરી રહ્યા છે. પોતાના ગુરુની આજ્ઞા મેળવી એમણે સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યું. ત્યાં જતી વખતે એક દિવસ તેઓ ઉજ્જયંતગિરિની પાસે હસ્તકલ્પ નગરની બહાર સહસ્રામ્રવનમાં રોકાયા. યુધિષ્ઠિર મુનિને ત્યાં જ રોકી દઈ બાકીના ચાર મુનિ માસખમણના પારણા માટે ભિક્ષા માંગવા નગરમાં ગયા. ત્યાં જ એમને ખબર પડી કે - 'ભગવાન નેમિનાથે ઉજ્જયંતગિરિ ઉપર નિર્વાણ મેળવી લીધું છે.' ચારેય મુનિ-ભાઈ ઝડપથી સહસ્રામ્રવનમાં પાછા ફર્યા. મુનિ યુધિષ્ઠિરના અભિપ્રાય પ્રમાણે ગૃહીત ભિક્ષાન્નનું પરિષ્ઠાપન કરી પાંચેય મુનિઓએ શત્રુંજય પર્વત પર પહોંચી સંલેખના કરી. બે મહિનાની સંલેખનાથી આરાધના કરી કૈવલ્યની ઉપલબ્ધિ બાદ નિર્વાણપદ મેળવ્યું. આર્યા દ્રૌપદી પણ અનેક વર્ષોની કઠોર સંયમ-તપ-સાધના તેમજ એક મહિનાની સંલેખના કરી પંચમ કલ્પમાં મહર્દ્ધિક દેવરૂપે પ્રગટ થઈ.

## પરિનિર્વાણ અને ધર્મપરિવાર

સાતસો વર્ષોમાં થોડા ઓછા સમયની કેવળીચર્યા પછી પ્રભુએ જીવનસંધ્યાની સમાપ્તિનો સમય પાસે જોઈ ઉજ્જયંતગિરિ ઉપર પાંચસો છત્રીસ સાધુઓની સાથે ૧ મહિનાનું અનશન ધારણ કરી અષાઢ શુક્લ આઠમના ચિત્રા નક્ષત્રના યોગમાં મધ્યરાતના સમયે આયુ, નામ, ગોત્ર અને વેદનીય નામનાં ચાર અઘાતીકર્મોનો લોપ કરી નિષધા આસનથી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા. અરિહંત અરિષ્ટનેમિનું આયુષ્ય કુલ એક હજાર વર્ષનું હતું.

ભગવાન અરિષ્ટનેમિના સંઘપરિવારમાં વરદત્ત આદિ ૧૧ ગણધર અને ૧૧ ગણ હતા, ૧૫૦૦ કેવળી, ૧૦૦૦ મનઃપર્યવજ્ઞાની, ૧૫૦૦ અવધિજ્ઞાની, ૪૦૦ ચૌદપૂર્વધારી, ૮૦૦ વાદી, ૧૮૦૦૦ સાધુ, ૪૦૦૦૦ સાધ્વીઓ, ૧૬૯૦૦૦ શ્રાવક, ૩૩૬૦૦૦ શ્રાવિકાઓ હતાં. પ્રભુના ૧૫૦૦ શ્રમણ અને ૩૦૦૦ શ્રમણીઓ, કુલ ૪૫૦૦ અંતેવાસી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયાં.

## ઐતિહાસિક પરિપાર્શ્વ

આધુનિક ઇતિહાસકાર ભગવાન મહાવીર ને ભગવાન પાર્શ્વનાથને જ આજ સુધી ઐતિહાસિક મહાપુરુષ માની રહ્યા હતા; પરંતુ પાછલાં કેટલાંક વર્ષોથી તટસ્થ અને નિષ્પક્ષ અનુસંધાન વડે એવું સાબિત થઈ ચૂક્યું છે કે - 'અરિહંત અરિષ્ટનેમિ પણ ઐતિહાસિક મહાપુરુષ હતા.' 'ઋગ્વેદ'માં 'અરિષ્ટનેમિ' શબ્દનો પ્રયોગ વારંવાર થયો છે. 'મહાભારત'માં 'તાર્ક્ષ્ય' શબ્દ અરિષ્ટનેમિના સમાનાર્થી રૂપે વપરાયો છે. એ તાર્ક્ષ્ય-અરિષ્ટ-નેમિએ રાજા સગરને જે મોક્ષના સંદર્ભમાં ઉપદેશ આપ્યો છે, એની તુલના જૈન ધર્મના મોક્ષને લગતાં મંતવ્યો સાથે કરી શકાય છે. 'ઋષિ ભાષિતસુત્ત'માં અરિષ્ટનેમિ અને કૃષ્ણ - નિરૂપિત ૪૫ અધ્યયન છે, એમાંનો વીસ અધ્યયનોના પ્રત્યેકબુદ્ધ અરિષ્ટનેમિના તીર્થંકરકાળમાં થયા હતા. એમના વડે નિરૂપાયેલા અધ્યયન અરિષ્ટનેમિના અસ્તિત્વના સ્વયં-સિદ્ધ પ્રમાણ છે. ઋગ્વેદ સિવાયના વૈદિક સાહિત્યના અન્ય ગ્રંથોમાં પણ અરિષ્ટનેમિનો ઉલ્લેખ થયો છે. આટલું જ નહિ, તીર્થંકર અરિષ્ટ-નેમિનો પ્રભાવ ભારત બહારના વિદેશોમાં પણ પહોંચેલો જણાય છે. ઇતિહાસકાર કર્નલ જેમ્સ ટૉડે લખ્યું છે - "મને એવું પ્રતીત થાય છે કે પ્રાચીનકાળમાં ચાર બુદ્ધ અથવા મેધાવી મહાપુરુષ જન્મેલા છે. એમની પહેલાં આદિનાથ અને બીજા નેમિનાથ હતા. નેમિનાથ જ સ્કેંણ્ડોનેવિયા નિવાસીઓના પ્રથમ 'ઓડિન' અને ચીનીઓના પ્રથમ 'ફો' દેવતા હતા." બૌદ્ધ વિદ્વાન ધર્માનંદ કૌશાંબીએ ઘોર આંગિરસને નેમિનાથ માન્યા છે.

'યજુર્વેદ'માં સ્પષ્ટપણે ઉલ્લેખ મળે છે કે - "અધ્યાત્મ-વેદને પ્રગટ કરનારા સંસારના બધા જીવોને દરેક પ્રકારથી યથાર્થ ઉપદેશ આપનારા અને જેમના ઉપદેશ થકી જીવોના આત્મા બળવાન થાય છે, એવા સર્વજ્ઞ અરિષ્ટનેમિને આહુતિ સમર્પિત છે." 'મહાભારત'માં વિષ્ણુના સહસ્ર

નામોનો ઉલ્લેખ છે. એમાં 'શૂરઃ શૌરિર્જનેશ્વરઃ' પદ આવેલું છે. આ શ્લોકોનું અંતિમ ચરણ ધ્યાનગમ્ય છે. ઓગણીસમી શતાબ્દીના આરંભમાં જૈન વિદ્વાન ટોડરમલે એમના ગ્રંથ, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'જનેશ્વર'ની જગ્યાએ 'જિનેશ્વર' લખ્યું છે. બીજી વાત એવી છે કે એમાં શ્રીકૃષ્ણને 'શૌરિઃ' કહ્યા છે. આગરા જિલ્લાના બટેસરની પાસે 'શોરિપુર' નામનું એક સ્થળ છે. જૈન ગ્રંથાનુસાર આરંભમાં અહીં આ જ સ્થળે યાદવોની રાજધાની હતી. અહીંથી જ તેઓ દ્વારિકા ગયા હતા. અહીં જ અરિષ્ટનેમિનો જન્મ થયો હતો, માટે એમને 'શૌરિ' પણ કહેવામાં આવે છે, અને તેઓ જિનેશ્વર તો હતા જ. ઉપર જણાવેલાં તથ્યોથી એમ સ્પષ્ટ થાય છે કે ભગવાન અરિષ્ટનેમિ નિઃશંક એક ઐતિહાસિક વ્યક્તિ છે.

## વૈદિક સાહિત્યમાં અરિષ્ટનેમિ

સંસારના પ્રાયઃ બધા જ પ્રાચીન અને અર્વાચીન ઈતિહાસકારોનો એક મત છે કે - 'શ્રીકૃષ્ણ એક ઐતિહાસિક મહાપુરુષ છે. આ પરિસ્થિતિમાં એમના કાકાના સુપુત્ર તીર્થંકર અરિષ્ટનેમિની ઐતિહાસિકતા કબૂલવામાં બેમત ના હોવો જોઈએ તેમજ સાથોસાથ આ સંબંધમાં કોઈ વિવાદની પણ કોઈ શક્યતા ન હોવી જોઈએ, કોઈ સ્થાન ન હોવું જોઈએ. છતાં પણ આજ પર્યંત સુધી આ પ્રશ્ન ઈતિહાસવિદો માટે એક કોયડો બનેલો છે કે વૈદિક પરંપરાના ગ્રંથોમાં જ્યાં યાદવકુળનું સવિસ્તર વર્ણન છે, ત્યાં અરિષ્ટનેમિનો ક્યાંક ઉલ્લેખ છે અથવા નહિ? આ પ્રશ્નને ઉકેલવાના પ્રયત્નો તો કરવામાં આવ્યા, પણ એમની શોધ-ખોળ માત્ર 'મહાભારત' અને 'શ્રીમદ્ ભાગવત' સુધી જ સીમિત રહી. માટે એમની સફળતા પણ સીમિત જ રહી. આખરે વેદવ્યાસ વડે રચાયેલ 'હરિવંશ'ને ધ્યાનપૂર્વક તપાસવામાં આવ્યું તો એમાં આ સમસ્યાનું સ્પષ્ટ સમાધાન દેખાયું. 'હરિવંશ'માં વેદવ્યાસે શ્રીકૃષ્ણ અને અરિષ્ટનેમિનું કાકાભાઈ હોવાનું માન્યું છે - મહારાજ યદુના સહસ્રદ, પયોદ, ક્રોષ્ટા, નીલ અને અંજિક નામના દેવકુમારો સમાન પાંચ પુત્રો થયા. ક્રોષ્ટાના માદ્રી નામક બીજી રાણીથી યુધાજિત અને દેવમીઢુષ નામના બે પુત્રો થયા. ક્રોષ્ટાના જ્યેષ્ઠ પુત્ર યુધાજિતના વૃષ્ણિ અને અંધક નામના બે પુત્રો થયા. વૃષ્ણિના બે પુત્રો થયા, જેમાં એકનું નામ સ્વફલ્ક અને બીજાનું

નામ ચિત્રક હતું. ચિત્રકના પૃથુ, વિપૃથુ, અશ્વગ્રીવ, અશ્વબાહુ, સુપાર્શ્વક, ગવેષણ, અરિષ્ટનેમિ, અશ્વ, સુધર્મા, ધર્મભૂત, સુબાહુ અને બહુબાહુ નામના બાર પુત્રો તથા શ્રવિષ્ઠા અને શ્રવણા નામની બે પુત્રીઓ થઈ.

શ્રી અરિષ્ટનેમિના વંશવર્ણનની સાથે-સાથે શ્રીકૃષ્ણના વંશનું વર્ણન પણ 'હરિવંશ'માં વેદવ્યાસે આ પ્રમાણે કર્યું છે - 'યદુના ક્રોષ્ટા, ક્રોષ્ટાના બીજા પુત્ર દેવમીઢુષના પુત્ર શૂર તથા શૂરના વસુદેવ આદિ દસ પુત્ર તથા પૃથુકીર્તિ આદિ પાંચ પુત્રીઓ થઈ. વસુદેવની દેવકી નામની રાણીથી કૃષ્ણનો જન્મ થયો. આ રીતે વૈદિક પરંપરાના માન્ય ગ્રંથ 'હરિવંશ'માં આપવામાં આવેલ યાદવવંશના વર્ણનથી એવું સિદ્ધ થાય છે કે શ્રીકૃષ્ણ અને શ્રી અરિષ્ટનેમિ કાકા-કાકાના દીકરા ભાઈ હતા અને બંનેના પરદાદા (વડદાદા) યુધાજિત અને દેવમીઢુષ સહોદર હતા. બંને પરંપરાઓમાં ફરક માત્ર એટલો જ છે કે જૈન પરંપરાના સાહિત્યમાં અરિષ્ટનેમિના પિતા સમુદ્રવિજયને વસુદેવના સહોદર ભાઈ માનવામાં આવ્યા છે; જ્યારે કે 'હરિવંશ પુરાણ'માં ચિત્રક અને વસુદેવને કાકાભાઈ માનવામાં આવ્યા છે. શક્ય છે કે ચિત્રક (ચિત્રરથ) સમુદ્રવિજયનું અપર નામ રહ્યું હોય. પણ બંને પરંપરાઓમાં શ્રીકૃષ્ણ અને અરિષ્ટનેમિને કાકાભાઈ માનવામાં કોઈ બેમત નથી. બંને પરંપરાઓનાં નામોની અસમાનતા અતીત(ભૂતકાળ)માં થયેલ લાંબા સમયની ઈતિ, ભીતિ, દુકાળ, અનેક ભીષણ યુદ્ધો, ગૃહ-ક્લેશ, વિદેશી આક્રમણ આદિ અનેક કારણોના લીધે હોઈ શકે છે. પણ જૈન સાહિત્યમાં તીર્થંકરોના સંબંધમાં જે વિવરણ આગમો અને ઈતિહાસ ગ્રંથોમાં સાચવીને રાખવામાં આવ્યા છે, એને પ્રમાણભૂત માનવામાં કોઈ શંકાને સ્થાન નથી રહેતું. એટલું જ નહિ, 'હરિવંશ'માં શ્રીકૃષ્ણની મુખ્ય પટરાણી સત્યભામાની વચલી બહેન દૃઢવ્રતાનો પણ ઉલ્લેખ મળે છે, એનાં લગ્ન થયાનો કોઈ ચોક્કસ ઉલ્લેખ નથી મળતો. દૃઢવ્રતા, આ ગુણ-નિષ્પન્ન નામથી, શક્ય છે કે તે રાજીમતી માટે જ હોય, કારણ કે એ સમયે એમનાથી વધારે દૃઢવ્રતિની કન્યારત્ન બીજી કોણ હોઈ શકે છે ? જેણે માત્ર વાગ્દત્તા હોવા છતાં પણ પોતાના વરના પાછા ફરવા છતાં પણ આજીવન અવિવાહિત રહેવાની પ્રતિજ્ઞા લઈ મહાવ્રતોનું દૃઢતાપૂર્વક આચરણ કર્યું હોય.

# બ્રહ્મદત્ત ચક્રવર્તી

આ અવસર્પિણી કાળના અંતિમ ચક્રવર્તી સમ્રાટ બ્રહ્મદત્તનો જન્મ ભગવાન અરિષ્ટનેમિના નિર્વાણ પછી અને ભગવાન પાર્શ્વનાથના જન્મ પહેલાં એટલે કે ભગવાન અરિષ્ટનેમિના ધર્મ-શાસનકાળમાં થયો હતો. બ્રહ્મદત્તાનું જીવન એક તરફ અમાસના અંધારા જેવું દારુણ દુઃખોથી લીંપાયેલુ હતું, તો બીજી તરફ શરદ પૂનમની મનોરમ શીતળ ચાંદની જેવું સાંસારિક સુખોમાં રચ્યું-પચ્યું. બ્રહ્મદત્તાની જીવની સાંસારિક જીવનની ભટકાવ ભરેલી દારુણતાનું ડરામણું ચિત્ર પ્રસ્તુત કરે છે, જે ઘણું જ પ્રેરક અને વૈરાગ્યપ્રેરક છે.

પાંચાલપતિ બ્રહ્મ અને રાણી ચુલનીના પુત્ર હતા બ્રહ્મદત્ત. મહારાણી ચુલનીએ ગર્ભિણી થતા ચક્રવર્તી સૂચક શુભ ચૌદ મહાસ્વપ્નો જોયાં અને યોગ્ય સમયે પૂર્ણ કાંતિમાન તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. પુત્રનું મુખ જોતાં જ પાંચાલ-નૃપતિ જાણે બ્રહ્મનંદમાં રમમાણ થયા હોય એવી અલૌકિક અનુભૂતિ કરવા લાગ્યા. માટે એમણે શિશુનું નામ બ્રહ્મદત્ત રાખ્યું. પાંચાલનરેશ બ્રહ્મની કાશીનરેશ કૃટક, હસ્તિનાપુરનરેશ કણેરુદત્ત, કોશલનરેશ દીર્ઘ અને ચંપાપતિ પૂષ્પચૂલક સાથે ઘણી સઘન મૈત્રી હતી. આ પાંચેય મિત્રો પાંચેય રાજ્યોનાં પાટનગરમાં એક-એક વર્ષ માટે સાથે જ રહેતા હતા. એક વખત આ રીતની ગોઠવણ મુજબ એ લોકો પાંચાલની રાજધાની કામ્પિલ્યપુરમાં ભેગા થયા. પાંચેય મિત્રો આનંદથી ત્યાં સમય વિતાવી રહ્યા હતા કે અચાનક જ પાંચાલનરેશ બ્રહ્મનું અવસાન થયું. શોકાતુર પાંચાલનરેશનાં કુટુંબીજનો સાથે એ ચારેય મિત્રોએ મહારાજ બ્રહ્મના અંતિમ સંસ્કાર કર્યા. તે વખતે બ્રહ્મદત્ત માત્ર બાર વર્ષના જ હતા, માટે ચારેય મિત્રએ પરસ્પર વિચાર-વિમર્શ કરીને એવો નિર્ણય લીધો કે - 'જ્યાર સુધી બ્રહ્મદત્ત પુખ્ત ન થાય ત્યાં સુધી *એમનામાંથી એક-એક રાજા એક-એક વર્ષ માટે કામ્પિલ્યપુરમાં બ્રહ્મદત્ત તથા પાંચાલ રાજ્યના સંરક્ષક અને અભિભાવક બનીને રહેશે.* અને એ પ્રમાણે પહેલા વર્ષ માટે કૌશલનરેશ દીર્ઘને કામ્પિલ્ય નગરમાં રહેવા દઈ બાકીના ત્રણેય રાજા પોત-પોતાનાં રાજ્યોમાં જતા રહ્યા.

કૌશલપતિ દીર્ઘએ ત્યાં રહીને ધીમે-ધીમે રાજભંડાર તેમજ રાજ્ય પર પોતાનું આધિપત્ય જમાવી દીધું. એટલું જ નહિ, એમણે પોતાના

સ્વર્ગસ્થ મિત્ર બ્રહ્મની પત્ની ચુલનીને પણ પોતાના પ્રેમપાશમાં બાંધી લીધી. ચુલનીએ પણ કુળની મર્યાદાને ફગાવીને દીર્ઘની સાથે મળી ગઈ. પાંચાલના પ્રધાનમંત્રી ધનુને દીર્ઘ અને ચુલનીના આ અનૈતિક સંબંધ અને દગાખોર વ્યવહારનો અનુભવ થઈ ગયો. એનું મન શંકાશીલ બન્યું કે - 'જો કદાચ આ બંને કામાતુર થઈ આગળ જતા બ્રહ્મદત્તનો જીવ લેવાનો પ્રયત્ન કરે, માટે એણે એના પુત્ર વરધનુને રાત-દિવસ કુમારની સાથે રહેવાની સલાહ આપી અને સાથે-સાથે દીર્ઘ તથા ચુલની પ્રત્યે પણ સાવધાન રહેવાની ચેતવણી આપી.

બ્રહ્મદત્ત એની માતા તેમજ દીર્ઘના અયોગ્ય સંબંધના વિષયમાં જાણતા ઘણો દુઃખી થયો. તે ઘણો ગુસ્સે પણ ભરાયો. એણે જાત-જાતના સંકેતો દ્વારા તેઓએ પોતાની માતા તથા દીર્ઘને પોતાના મનની ભાવના જણાવવાનો પ્રયત્ન કર્યો પણ, એ બંનેની પાપલીલા ચાલતી જ રહી. દીર્ઘ ઘણો ચાલાક-હોશિયાર હતો. તે બ્રહ્મદત્તની ચેષ્ટાઓને સમજતો હતો. તેણે ચુલનીને કહ્યું કે - "જો આપણે સાવધાની ન રાખી તો તારો દીકરો જ એક દિવસે આપણો મોટામાં મોટો શત્રુ બની જશે. સારું તો એ જ રહેશે કે એ પહેલાં જ આપણે એ નાગનું માથું કચડી નાખીએ." જેના પરિણામે સ્વયં માતા ચુલની જ એના પુત્રનો જીવ લેવા તત્પર બની. લોકલાજથી બચવા માટે બંનેએ મળીને કાવતરું ઘડી કાઢ્યું કે - 'કુમારના લગ્ન કરાવી દેવા અને મધુરજની માટે બંનેને લાક્ષાગૃહમાં સુવડાવીને ત્યાં આગ લગાડી બાળી મૂકવા.' આમ નક્કી કરી ચુલનીએ એના જ ભાઈ પુષ્પચૂલની પુત્રી પુષ્પવતીને પસંદ કરી લગ્નની તૈયારીઓમાં લાગી ગઈ.

પ્રધાન અમાત્ય ધનુ એકદમ સાવધ હતો તેમજ દીર્ઘ અને ચુલની બંને પર બાજનજર રાખીને બેઠેલો હતો, તેથી એ બંનેનું કાવતરુ જાણી ગયો અને વર-વધૂના રક્ષણનો માર્ગ વિચારવા લાગ્યો. એણે સવિનય-પૂર્વક દીર્ઘ રાજાને નિવેદન કર્યું કે - "મહારાજ ! મારો પુત્ર પ્રધાન અમાત્યના હોદ્દાને ધારણ કરવા માટે પરિપક્વ થઈ ચૂક્યો છે અને હું ઉંમરના પ્રભાવના લીધે રાજ્યની કાર્ય-વ્યવસ્થામાં જોઈએ એટલી તત્પરતાથી મહેનત કરવા માટે સમર્થ નથી, માટે હવે હું મારો બાકીનો વખત દાન-ધર્મ વગેરે કરવામાં ગાળવા માંગુ છું. તેથી મારી તમને પ્રાર્થના છે કે મને પ્રધાનામાત્યના કાર્યભારથી છૂટો કરવામાં આવે."

દીર્ઘ પણ ઓછો હોશિયાર ન હતો. એની કુટિલ બુદ્ધિના જોરે તે સમજી ગયો કે - 'જો આને રાજ્યના કાર્યથી નવરાશ મળી જશે તો અમારી યોજનાઓની માહિતી મેળવીને ધૂળ-ધાણી કરી નાખશે.' આથી ઘણા મીઠા અવાજે જવાબ આપ્યો : "મંત્રીવર ! તમારા જેવા વિચક્ષણ બુદ્ધિસંપન્ન મંત્રી વગર અમારુ કામ એક દિવસ પણ નથી ચાલી શકતું. આથી તમે મંત્રીપદે રહીને જ દાન આદિ ધાર્મિક કાર્યો કરતા રહો.'

ધનુએ દીર્ઘની વાત સાંભળી લઈ ગંગાનદીના કિનારે વિશાળ યજ્ઞ-મંડપની રચના કરાવી. બધું જ રાજકાર્ય નિપુણતાથી ચલાવતા એમણે ગંગાકિનારે અન્નદાનનો મહાન યજ્ઞ કર્યો. યજ્ઞમંડપમાંથી હજારો લોકોને દરરોજ અન્ન મળવા લાગ્યું. ધનુએ આ કાર્ય વડે મળેલ ધનથી પોતાના વિશ્વાસુ કર્મચારીઓની મદદ વડે યજ્ઞમંડપથી લાક્ષાગૃહ સુધીની એક સુરંગ તૈયાર કરાવી અને સાથે-સાથે પુષ્પચૂલને પણ થનારા ષડયંત્રથી વાકેફ કરાવી દરેક કાર્ય સાવધાનીપૂર્વક કરવાની સલાહ આપી.

મહામાત્યની સલાહ પ્રમાણે પુષ્પચૂલે ઘણા ધામધૂમથી બ્રહ્મદત્તનો લગ્ન-પ્રસંગ આટોપ્યો અને કન્યાદાનની સાથે-સાથે મોંઘીદાટ અઢળક સામગ્રીઓ આપીને એમને વિદાય કર્યા.

અહીં કામ્પિલ્ય નગરમાં દીર્ઘ અને ચૂલનીએ મધુરજની માટે એમના પુત્ર અને પુત્રવધૂને લાક્ષાગૃહમાં મોકલ્યાં. ધનુના ઈશારાથી સાવધ થઈ પુષ્પચૂલે વધૂના રૂપમાં પોતાની પુત્રી પુષ્પવતીની જગ્યાએ એના જેવા જ આકાર અને રૂપવાળી દાસીપુત્રીને મોકલી હતી, જેની ખબર કોઈને પણ પડી નહિ. રાતના સમયે લાક્ષાગૃહમાં લાલ-લાલ લપકારા મારતી જ્વાળાઓ ભભૂકી ઊઠી અને જોત-જોતામાં એ ગગનચુંબી મહેલનું દ્રાવણ બની આમ તેમ રેલાવા લાગ્યું. આ તરફ વરધનુ પાસેથી આખી સ્થિતિને જાણીને બ્રહ્મદત્ત એની સાથે સુરંગના રસ્તે ગંગાકિનારે રહેલા યજ્ઞમંડપમાં જઈ પહોંચ્યો. પ્રધાનામાત્ય ધનુએ બ્રહ્મદત્ત અને વરધનુને બે ઝડપથી ભાગતા ઘોડાઓ પર બેસાડી દૂર-દૂરાંતના પ્રદેશમાં જવા માટે રવાના કર્યા અને પોતે પણ કોઈ નિરાપદ સ્થળની તપાસમાં નીકળી ગયો.

બંને ઘોડા વાયુવેગે અવિરત ભાગતા-ભાગતા કામ્પિલ્યપુરથી ૫૦ યોજન દૂર તો આવી ગયા, પણ એકધારા દોડવાને લીધે બંને ઘોડાના ફેફસાં ફાટી ગયાં અને તેઓ ધરાશાયી થયા. હવે બ્રહ્મદત્ત અને વરધનુ

પોતાના પગના જોરે પોતે જ દોડવા લાગ્યા. દોડતાં-દોડતાં કોષ્ઠક ગામમાં પહોંચ્યા. બ્રહ્મદત્તને ગામની બહાર ઊભો રાખીને વરધનુ ગામમાં ગયો અને એક હજામને સાથે લઈ આવ્યો. હજામ પાસે મુંડન કરાવીને બ્રહ્મદત્તે કાળાં કપડાં પહેરી લીધાં અને પોતાના શ્રીવત્સ ચિહ્નને ઢાંકી દીધું. વરધનુએ એની જનોઈ બ્રહ્મદત્તને પહેરાવી દીધી. આ રીતે વેશપલટો કરી તેઓ ગામમાં ગયા, તો એક બ્રાહ્મણ એમને પોતાના ઘરે લઈ ગયો અને આદર-સન્માનપૂર્વક એમને ભોજન કરાવી આરામ કરવા કહ્યું.

બંને મિત્રો બેઠા જ હતા કે બ્રાહ્મણી એની ખૂબ જ સુંદર પુત્રી બંધુમતીની સાથે આવી અને બ્રહ્મદત્તની સામે હાથ જોડી ઊભી રહી ગઈ. આમ જોઈ બંને મિત્રો દંગ રહી ગયા. બ્રાહ્મણી બોલી : "મારી પુત્રીના યોગ ચક્રવર્તીની પત્ની થવાના છે. નિમિત્તોએ એના વરની જે ઓળખ બતાવી છે તે આજે મને મળી ગઈ છે. એમણે કહ્યું હતું કે - 'જે વ્યક્તિ પોતાના શ્રીવત્સ ચિહ્નને કપડા વડે ઢાંકીને તમારે ઘરે આવી ભોજન કરશે એ જ તારી કન્યાનો વર હશે."

બ્રહ્મદત્તના લગ્ન બંધુમતી સાથે થઈ ગયા. એક રાતનું સુખ મેળવી ફરી દુઃખનો દરિયો ખેડવાનો હતો. સૂર્યોદય થયા પહેલાં જ દીર્ઘરાજના સૈનિકોએ કોષ્ઠક ગામને ઘેરી લીધું. આ જોઈ બંને મિત્રો બ્રાહ્મણના ઘરમાંથી નીકળી જંગલી-હરણની જેમ જંગલનાં વૃક્ષો અને ઝાડીઓમાં સંતાતા-લપાતા ભાગતા રહ્યા. આમ એકધારા દોડવાના લીધે બ્રહ્મદત્તને તરસ લાગી. એણે વરધનુને કહ્યું : "વરધનુ ! હવે એક પણ ડગલું ચાલી શકાતું નથી, તરસથી જીવ સુકાઈ રહ્યો છે." તે એક ઝાડના ઓથે બેસી ગયો. બ્રહ્મદત્તને ત્યાં જ છોડીને વરધનુ પાણી લેવા ગયો. પાણી લઈને આવી જ રહ્યો હતો કે એટલામાં કેટલાક સૈનિકોએ એને પકડી લીધો અને બ્રહ્મદત્તના વિષયમાં પૂછપરછ કરવા લાગ્યા. વરધનુ દ્વારા જવાબ ન મળતાં તેને મારવા લાગ્યા. માર ખાઈને પણ વરધનુએ બ્રહ્મદત્તને ઈશારા વડે ભાગી જવા કહ્યું. બ્રહ્મદત્ત ગાઢ ઝાડો અને ઝાંખરાંઓની ઓથ લઈ ભાગવા લાગ્યો. લાગલગાટ ત્રણ દિવસ સુધી ભાગતા રહ્યા, પછી બ્રહ્મદત્તે એક તાપસને જોયો. તાપસ એને પોતાના આશ્રમના કુલપતિ પાસે લઈ ગયો. કુલપતિએ તેજસ્વી વ્યક્તિત્વવાળા બ્રહ્મદત્તને તેમજ તેના વક્ષસ્થળે શ્રીવત્સ ચિહ્નને જોઈ આશ્ચર્યચકિત થઈ પૂછ્યું કે - "તું આ દશામાં કેવી રીતે ફસાઈ ગયો ?"

બ્રહ્મદત્તે આખી વસ્તુ સ્થિતિનો ચિતાર આપ્યો, ત્યારે એમણે એને હૃદયસરસો ચાંપી દીધો અને બોલ્યા : "વત્સ, તારા પિતા મહારાજ બ્રહ્મ મારા મોટા ભાઈ સમાન હતા. આ આશ્રમને તું પોતાનું જ ઘર સમજ અને સુખપૂર્વક રહે." બ્રહ્મદત્ત ત્યાં રહી વિદ્યાભ્યાસ કરવા લાગ્યો. એની કુશાગ્ર બુદ્ધિથી અંજાઈને કુલપતિએ એને બધા જ પ્રકારનાં શાસ્ત્રો, વિદ્યાઓ તેમજ શસ્ત્રાસ્ત્રોની શિક્ષા આપી. વિદ્યા-અધ્યયન કરીને તેમજ આશ્રમમાં રહીને બ્રહ્મદત્ત સર્વાંગસુંદર અને સ્વસ્થ ૭ ધનુષની ઊંચાઈવાળો યુવક બની ગયો હતો.

એક દિવસની વાત છે, જ્યારે બ્રહ્મદત્ત એના તાપસ મિત્રોની સાથે વનમાં ફળ-ફળાદિ લેવા ગયો, જ્યાં તેણે હાથીના તાજા પડેલા ડગલાના નિશાન જોયા. તે હાથીને શોધવા નીકળી પડ્યો અને પગલાની પાછળ-પાછળ જતા-જતા સાથીઓથી વિખૂટો પડીને ઘણો દૂર નીકળી આવ્યો. છેલ્લે એણે એક જંગલી હાથી જોયો, જે એની સૂંઢ વડે વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યો હતો. બ્રહ્મદત્તે હાથી પર હુમલો કરી એના પર ઝાપટ્યો, અને પોતાનું ઉત્તરીય-ખેસ એના પર ફેંક્યું અને જેવી હાથીએ ખેસ પકડવા માટે પોતાની સૂંઢ ઊંચી કરી, તરત જ બ્રહ્મદત્તે ઉછળીને એના દાંત પર પગ મૂકી પીઠ પર સવાર થઈ ગયો અને ત્યાર બાદ ઘણીવાર સુધી તે હાથી સાથે રમત કરી રહ્યો હતો કે કાળાં ડીબાંગ વાદળો ઘેરાઈ ગયાં અને મૂસળધાર વરસાદ થયો. વરસાદમાં ભીંજાતો હાથી ચિચિયારીઓ પાડતો ભાગ્યો, ત્યારે બ્રહ્મદત્તે મોટા ઝાડની ડાળખી પકડીને એની ઊપર ચઢી ગયો. જ્યારે વરસાદ થોડો ઓછો થયો તો કાળાં ડીબાંગ વાદળાંઓથી દિશાઓ ધૂંધળી થઈ ચૂકી હતી. બ્રહ્મદત્ત ઝાડ પરથી ઊતરીને આશ્રમ જવા લાગ્યો. પણ દિશાભ્રમથી બીજા જ વનમાં જઈ પહોંચ્યો. આમ-તેમ અટવાતો તે એક નદીના કિનારે જઈ પહોંચ્યો. એણે તરીને નદી પાર કરી તો નજીકમાં જ એણે એક ઉજ્જડ વેરાન ગામ જોયું, આગળ વધતાં ગાઢ વાંસના ઝૂમખાઓની વચ્ચે પહોંચ્યો. જ્યાં તેણે એક તલવાર અને ઢાલને પડેલી જોઈ. તે લઈને એણે કુતૂહલવશ વાંસોનાં ઝૂંડોને કાપવાનું શરૂ કર્યું. ઝૂંડને કાપતાં-કાપતાં એને એની સામે માનવનું કપાયેલુ મસ્તક અને ધડ પડીને તરફડાતું દેખાયું. ધ્યાનથી જોતા લાગ્યું કે કોઈ વ્યક્તિ વાંસ પર ઊંધો લટકીને કોઈક વિદ્યાની સાધના કરી રહ્યો હતો, જેને જોયા વગર જ અજાણતાં જ એણે કાપી નાખ્યું હતું. તે ઘણો

ક્ષોભ પામ્યો કે એના વડે વ્યર્થ જ એક સાધના કરતા યુવકની હત્યા થઈ ગઈ. પ્રશ્ચાત્તાપ કરતો-કરતો તે આગળ વધ્યો, તો એણે એક મનોહર બગીચામાં ભવ્ય મહેલ જોયો. તે ભવનના દાદર ચઢવા લાગ્યો, તો એને એક શણગારેલા ખંડમાં એક અદ્‌ભુત સૌંદર્યવાન કન્યા પલંગ પર ચિંતાતુર મુદ્રામાં બેઠેલી દેખાઈ. અચરજપૂર્વક તે એ બાળા પાસે પહોંચ્યો અને બોલ્યો : "દેવી ! તમે કોણ છો ? અને આ નિર્જન ભવનમાં આ રીતે શા માટે બેઠેલી છો ?" યુવતી એકદમ જ એક યુવકને પોતાની સામે ઊભેલો જોઈ ગભરાઈ ગઈ. એ યુવતીએ પૂછ્યું : "તમે કોણ છો અને તમારું અહીં આવવાનો કયો પ્રયોજન-હેતુ છે ?" બ્રહ્મદત્તે શાંત સ્થિર સ્વરે યુવતીને નીડર કરતા કહ્યું : "દેવી ! હું પાંચાલનરેશ બ્રહ્મનો પુત્ર...!"

બ્રહ્મદત્તે એનું વાક્ય પૂરું પણ ન કર્યું હતું કે એ યુવતી એના પગમાં આવી પડી : "કુમાર ! હું તમારા મામા પુષ્પચૂલની પુત્રી પુષ્પવતી છું, જેને વાગ્દાનમાં તમને સોંપી હતી, પણ તમારી સાથે લગ્ન થાય એ પહેલાં જ નાટ્યોન્મત્ત નામક વિદ્યાધર મારું અપહરણ કરી મને અહીં લઈ આવ્યો, મને વશમાં કરવા માટે તે પાસેની જ કોઈ ઝાડી-ઝાંખરામાં વિદ્યાની સાધના કરી રહ્યો છે. હવે હું તમારા શરણે છું, મારી રક્ષા કરો." કુમારે યુવતીને આશ્વાસન આપતા કહ્યું : "એ વિદ્યાધર હમણાં જ મારા હાથે અજાણતા મરાયો છે. મારા હોવા થકી તને કોઈ પણ પ્રકારનો ભય નથી." ત્યાર બાદ એણે પુષ્પવતી સાથે ગંધર્વવિધિથી લગ્ન કર્યાં અને આ રીતે લાંબાં દુઃખો પછી ફરી સુખના હિંચકે હિંચાવા લાગ્યાં.

રાત્રિ વીતી રહી હતી, ત્યારે અચાનક જ વાદળોના ગડગડાટનો અવાજ સાંભળી આમતેમ જોવા લાગ્યો, તો પુષ્પવતીએ કહ્યું : "આ વિદ્યાધરની ખંડા અને વિશાખા નામની બે બહેનોના આવવાનો સંકેત છે. મને એમનો તો કોઈ ભય નથી, પણ પોતાના ભાઈના મૃત્યુના સમાચાર જાણી જો તેઓ એમના અન્ય ભાઈઓને લઈ આવી, તો મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સારું થશે કે તમે સંતાઈ જાઓ. હું એમની સાથે વાત કરી એમના મનમાં આપના પ્રત્યે આકર્ષણ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરીશ. જો વાત બની જશે તો હું લાલ ધજા ફરકાવીશ, જેનો અર્થ હશે કે તમે નિઃશંક બહાર આવી શકો છો, નહિ તો શ્વેત ! સફેદ ધજા ફરકાવી ઇશારો કરીશ કે એમનો ગુસ્સો શમ્યો નથી, માટે તમે ચુપચાપ ભાગી જાઓ - પલાયન કરી જાઓ." પુષ્પાવતી વિદ્યાધરની

બહેનોના સ્વાગત માટે જતી રહી અને બ્રહ્મદત્ત એના તરફથી ઈશારાની રાહ જોતો ઊભો રહ્યો, એકાએક એને સફેદ ધજા ફરકતી દેખાઈ અને એણે વિચાર્યું કે - 'અહીં રહેવું જોખમી છે, તેથી ચુપચાપ વનમાં જતા રહેવું યોગ્ય રહેશે, માટે તે જતો રહ્યો.

ગાઢ જંગલોને પાર કરીને તે એક વિશાળ સરોવર પાસે પહોંચ્યો. સરોવરના સ્વચ્છ નિર્મળ જળનું આકર્ષણ તે ખાળી ન શક્યો અને તેમાં કૂદી પડ્યો અને ધીમે-ધીમે તરીને તે બીજા કિનારે જઈ પહોંચ્યો. ત્યાં નજીકમાં જ ફૂલોના વેલા પરથી ફૂલ તોડતી એક અત્યંત સ્વરૂપવાન કન્યા દેખાઈ. તે એને જોતાં જ રહી ગયો અને જાણે એવું અનુભવ્યું કે તે પણ એની સામે જ જોઈને ધીમે-ધીમે હસી રહી છે. પછી એણે જોયું કે તેણી એની એક સખીને એની તરફ ઈશારો કરીને કંઈક કહી રહી છે અને પછી થોડી જ વારમાં એ બંને સ્ત્રીઓ ત્યાંથી અલોપ થઈ ગઈ. બ્રહ્મદત્ત એ જ દિશામાં મંત્રમુગ્ધ થઈને જોતો રહ્યો, ત્યારે એને એની નજીકમાં જ ઝાંઝરનો અવાજ સંભળાયો. એણે પાછળ વળીને જોયું તો એ સુંદરીની દાસીને તાંબુલ, વસ્ત્ર અને આભૂષણ લઈને ઊભેલી જોઈ. એણે બ્રહ્મદત્તને કહ્યું : "તમે થોડીવાર પહેલાં જે રાજકુમારીને જોયાં હતાં, એમણે તમારી સેવામાં આ વસ્તુઓ મોકલી છે અને સાથે કહેવડાવ્યું છે કે - 'હું તમને એમના પિતાશ્રીના મંત્રીને ત્યાં પહોંચાડી દઉં.'' બ્રહ્મદત્ત યંત્રવત્ એ દાસીની પાછળ જવા લાગ્યો.

એ સુંદર કન્યાનું નામ શ્રીકાંતા હતું. તે વસંતપુરના રાજાની એકની એક પુત્રી હતી. શ્રીકાંતાના પિતા આમ તો વસંતપુરના રાજા હતા, પણ ગૃહકંકાસના કારણે ચોરપલ્લીમાં આવીને રહેવા તેમજ રાજ્ય કરવા લાગ્યા હતા. એમણે બ્રહ્મદત્તનું સાદર સ્વાગત-સત્કાર કર્યો અને પોતાની પુત્રીની સાથે રંગે-ચંગે એમનાં લગ્ન કરાવી દીધાં. બ્રહ્મદત્ત ફરી એકવાર રાજવી સુખનો આનંદ માણવા લાગ્યો.

એક દિવસ વસંતપુર જવાની ઈચ્છા થતા તે ચોરપલ્લીથી નીકળ્યો. રસ્તામાં સાંજ પડી ગઈ, માટે રાત્રિવાસા માટે તે એક નાના-અમથા નગરમાં અતિથિગૃહમાં રોકાઈ ગયો. ત્યાંની ગોઠવણ કરીને તે ભોજન-શાળામાં ગયો જ હતો કે દરવાજામાંથી અંદર આવતા એક વ્યક્તિ પર એની નજર પડી. ધ્યાનથી એની તરફ જોતાં એણે જાણ્યું કે આ કોઈ બીજું કોઈ નહિ પણ એનો મિત્ર સાથી વરધનુ જ છે. એણે ઝડપથી દોડીને વરધનુને હૃદયસરસો ચાંપી દીધો. વરધનુ પણ દંગ રહી ગયો

અને ખુશીમાં ઝૂમી ઊઠ્યો. બંને મિત્રોએ સાથે જ ભોજન લીધું અને બંને બ્રહ્મદત્તના ખંડમાં જ સુવા ચાલ્યા ગયા.

વરધનુએ એની આપવીતી સંભળાવતાં કહ્યું : "હું તમારા માટે પાણી લઈને આવી જ રહ્યો હતો કે દીર્ઘના સિપાહીઓએ મને પકડીને મારવા લાગ્યા તેમજ તમારા માટે પૂછવા લાગ્યા, તો મેં એમને કહ્યું કે - 'તમને સિંહે ફાડી ખાધો છે.' તો એમણે મને એ જગ્યા બતાવવા કહ્યું. એમને અહીં-તહીં ભટકાવીને મેં તમને ઈશારા વડે ભાગી જવા કહ્યું. તમારા ભાગી જવા પછી એમણે મને મારી-મારીને અધમુવો કરી દીધો. તક મળતાં મેં બેભાન થવાની ગોળી મોઢામાં મૂકી દીધી, જેના લીધે મને મરેલો સમજી તેઓ મને એમ જ ત્યાં છોડીને જતા રહ્યા. એમના ગયા પછી મોઢામાંથી ગોળી કાઢી હું તમને શોધવા લાગ્યો, પણ તમારો ક્યાંયે પત્તો લાગ્યો નહિ. પિતાજીના એક મિત્ર પાસેથી પિતાજીના ક્યાંક ભાગી જવાના અને દીર્ઘ વડે માતાજીની સતામણીના સમાચાર મળ્યા, તો મેં કોઈ પણ પ્રકારે માતાજીને કામ્પિલ્યપુરમાંથી ખસેડી લેવાનો સંકલ્પ કર્યો. ઘણી નાટકીય રીતે હું માતાજીને ત્યાંથી બહાર લઈ આવ્યો અને પિતાજીના એક ખાસ મિત્રના આશ્રયે મૂકીને તમને શોધવા નીકળી પડ્યો અને ભટકતો-ભટકતો આજે જ અહીં આવ્યો છું."

ત્યાર બાદ બ્રહ્મદત્તે એની આપવીતી સંભળાવી. બ્રહ્મદત્ત હજી કંઈ વધુ કહે તે પહેલા જ તેને ખબર મળી કે - 'દીર્ઘરાજના સિપાહીઓનું એક મોટું ટોળું આવી રહ્યું છે.' એ બંને ત્યાંથી ભાગ્યા અને જંગલો તેમજ ગુફાઓમાંથી રઝળતા-રખડતા કૌશાંબી નગરીમાં પહોંચ્યા.

કૌશાંબી નગરીના એક મોટા બગીચામાં એમણે જોયું કે નગરના બે મોટા શ્રેષ્ઠીઓ એક-એક લાખ રૂપિયાનો દાવ લગાડી પોતપોતાના મરઘા લડાવી રહ્યા હતા. બંને મરઘા લાંબા સમય સુધી મનોરંજક રમત રમતા રહ્યા, પણ છેલ્લે સારી જાતિનો હોવા છતાં પણ સાગરદત્તનો મરઘો, બુદ્ધિલના મરઘાથી હારી ગયો. એનાથી બ્રહ્મદત્ત દંગ રહી ગયો. એણે બુદ્ધિલના મરઘાને પકડીને ધ્યાનથી જોયું તો એના પંજામાં અણીદાર પાતળી ખીલીઓ લગાવેલી હતી. એણે ખીલીઓ કાઢીને પછી બંને મરઘાઓને મેદાનમાં ઉતાર્યા. થોડી જ વારમાં બુદ્ધિલનો મરઘો હારી ગયો. હારેલી બાજી જીતી જતા સાગરદત્ત ઘણો ખુશ થયો અને કુમારને વરધનુ સાથે પોતાના ઘરે લઈ ગયો અને સગા ભાઈઓની જેમ એને ત્યાં રાખ્યા. પણ

કૌશાંબીનો રાજા દીર્ઘના કહેવાથી બ્રહ્મદત્ત અને વરધનુને શોધાવી રહ્યો હતો, માટે એમણે કૌશાંબી છોડવાનો નિર્ણય લીધો.

અડધી રાત્રે બંને સાગરદત્તના રથમાં બેસી કૌશાંબીથી રવાના થયા. થોડે સુધી મૂકીને સાગરદત્ત પાછો વળ્યો, અને આ બંને મિત્રો આગળ નીકળ્યા. ત્યાં રસ્તામાં એમણે શસ્ત્રોથી શણગારાયેલ એક રથ જોયો, જેના ઉપર એક જુવાનજોધ રૂપવાન કન્યા બેઠેલી હતી. એમને જોતાં જ એ યુવતીએ પૂછ્યું : "તમે લોકો આટલે મોડે સુધી ક્યાં રહી ગયા હતા ? હું તો ક્યારની તમારી વાટ જોઉં છું." કુમારે ચમકીને કહ્યું : "કુમારિકે ! તમે કોણ છો અને અમને લોકોને કેવી રીતે ઓળખો છો ?" રથારૂઢ યૌવનાએ કહ્યું : "હું બુદ્ધિલની બહેન રત્નવતી છું. બુદ્ધિલ અને સાગરદત્તના મરઘાઓની લડાઈમાં જ્યારે મેં તમને જોયા હતા, ત્યારથી હું તમને મળવા માટે તલપાપડ હતી, હવે મારી એ દીર્ઘ ઇચ્છાને પૂરી કરવા માટે અહીં આવી છું."

બંને મિત્રો રત્નવતીના રથમાં બેસી ગયા. વરધનુએ ઘોડાની લગામ પકડી. રત્નવતીએ રથને પોતાના પિતા સમાન ધનાવહ શ્રેષ્ઠીને ત્યાં મગધપુરીની તરફ લઈ જવા કહ્યું. વરધનુએ એમ જ કહ્યું. વાયુવેગે દોડતો રથ કૌશાંબીની બહારનાં ગાઢ જંગલોમાં પહોંચ્યો. જંગલમાં ડાકુઓ સાથે મારા-મારી, વરધનુથી વિખૂટા પડવું વગેરે મુશ્કેલીઓ વેઠતા-વેઠતા બ્રહ્મદત્ત રાજગૃહ પહોંચ્યો. રત્નવતીને રાજગૃહની બહારના આશ્રમમાં રોકી તે નગરમાં ગયો. નગરમાં નાટ્યોન્મત્ત વિદ્યાધરની ખંડા અને વિશાખા નામની બંને વિદ્યાધર કન્યાઓ સાથે એણે ગંધર્વવિવાહ કર્યા અને ત્યાર બાદ શ્રેષ્ઠી ધનાવહના ઘરે ગયો. શ્રેષ્ઠી એને જોઈને અત્યંત રાજી થયો અને એની સાથે રત્નવતીનાં લગ્ન કરાવી દીધાં. બ્રહ્મદત્ત રત્નવતી સાથે સુખરૂપ રાજગૃહમાં રહેવા લાગ્યો પણ તે વરધનુના ખોવાઈ જવાથી ઘણો દુઃખી હતો. એણે વરધનુને શોધવા ઘણા પ્રયત્નો કર્યા, પણ જ્યારે કોઈ જ પ્રકારની સગડ ન મળી તો એને મૃત સમજી એના શ્રાદ્ધકર્મ કરી બ્રાહ્મણોને ભોજન માટે નિમંત્રણ મોકલ્યું.

અચાનક જ બ્રાહ્મણોની વચ્ચે વરધનુ પણ આવી ગયો અને બોલ્યો: "મને ખવડાવેલું ભોજન સીધું જ વરધનુના પેટમાં જશે." બ્રહ્મદત્ત એનો અવાજ ઓળખી ગયો અને એને ભેટી પડ્યો. શોકનું વાતાવરણ આનંદમાં પલટાઈ ગયું.

બંને મિત્રો એક દિવસ વસંત મહોત્સવ જોવા માટે ગયા. આખું રાજગૃહ નગર સરસ રંગબેરંગી પરિધાનો અને જાત-જાતનાં બહુમૂલ્ય આભૂષણોથી શણગારાયેલ મહોત્સવને જોવા માટે ઊમટી પડ્યું હતું. એ જ સમયે હાથીખાનામાંથી એક હાથી એની સાંકળ તોડીને મદોન્મત્ત થઈ મેળામાં આવી ચિત્કાર પાડવા લાગ્યો. લોકોમાં નાશભાગ થવા લાગી, કેટલાયે શાનભાન ગુમાવી બેઠા, નાનાં બાળકો અને યુવતીઓની ચીસાચીસથી આખું વાતાવરણ ભયંકર બન્યું. એ ગાંડો થયેલો હાથી એક યુવતી તરફ આગળ ધસ્યો અને એને સૂંઢમાં ઊંચકી લીધી. લોકો આ જોઈ થડકારો ચૂકી ગયા. ત્યારે બ્રહ્મદત્ત વીજળીવેગે ઊછળીને એ હાથીની સામે છાતી કાઢીને ઊભો રહી ગયો અને કર્કશ અવાજે એને પડકાર્યો. હાથીએ યુવતીને છોડીને પોતાની સૂંઢ અને પૂંછડી વડે ડોલતો-ડોલતો બ્રહ્મદત્ત પર ઝાપટ્યો. બ્રહ્મદત્ત હાથી સાથે કરવામાં આવતા યુદ્ધની કળાનો જાણકાર હતો, માટે આખરે એણે હાથીને પોતાને આધીન કરી લીધો અને એને હાથીખાનામાં લઈ જઈ થાંભલા સાથે બાંધી દીધો.

આ ઘટના સાંભળીને મગધનરેશ પણ એ સ્થળે પહોંચી ગયા અને સૂર્ય જેવી કાંતિવાળા તેજસ્વી અને ઇન્દ્ર જેવા શક્તિમાન મનમોહક યુવકને જોઈ ચકિત રહી ગયા. નગરના શ્રેષ્ઠી ધનાવહે કુમારનો પરિચય કરાવ્યો તો એમને અપાર આનંદ થયો. એમણે એમની પુત્રી પુષ્પમતીના એની સાથે લગ્ન ઘણી ધામ-ધૂમથી કરાવ્યાં. બ્રહ્મદત્તે જે યુવતીના પ્રાણ હાથીથી બચાવ્યા હતા, તે રાજગૃહના વૈશ્રવણ નામના શ્રેષ્ઠીની પુત્રી શ્રીમતી હતી. વૈશ્રવણે ઘણા રંગે-ચંગે શ્રીમતીનાં લગ્ન બ્રહ્મદત્ત સાથે કરાવ્યાં. આ તરફ મગધનરેશના મંત્રી સુબુદ્ધિએ વરધનુને એમનો જમાઈ બનાવ્યો અને પોતાની પુત્રી નંદા એને સોંપી દીધી. આ રીતે બંને મિત્રો આરામથી રાજગૃહમાં રહેવા લાગ્યા. બ્રહ્મદત્તની વીરતા અને સુંદરતાની ગાથાઓ થોડા જ સમયમાં ભારતના ઘરે-ઘરમાં ગવાવા લાગી. આમ રાજગૃહમાં રહી બધી જ રીતના નામ અને યશ મેળવીને બ્રહ્મદત્તે વરધનુ સાથે વારાણસી તરફ પ્રયાણ કર્યું, જેથી પાંચાલ રાજ્યને દીર્ઘના હાથોમાંથી ફરી પ્રાપ્ત કરવા માટે જરૂરી તૈયારી કરી શકાય.

વારાણસીનરેશે બ્રહ્મદત્ત જે એમના પરમ પ્રિય મિત્ર બ્રહ્મનો પુત્ર હતો, તેના આગમનના સમાચાર જાણી હેતથી પુલકિત થઈ જાતે જ એના સ્વાગત માટે આવ્યા અને ઘણા સન્માનપૂર્વક પોતાની સાથે રાજ-

મહેલમાં લઈ ગયા અને યોગ્ય સમય જોઈ પોતાની પુત્રી કટકવતીનાં લગ્ન એની સાથે કરાવી દીધાં અને સાથે પોતાની ચતુરંગિણી સેના પણ દહેજમાં આપી.

બ્રહ્મદત્તના વારાણસી પહોંચવાના સમાચાર સાંભળી હસ્તિનાપુરના રાજા કરુણદત્ત, ભામાના રાજા પુષ્પચૂલક, પ્રધાનામાત્ય ધનુ આદિ પોત-પોતાની સેનાઓને લઈને વારાણસી ગયા. બધી સેનાઓને એકઠી કરીને બ્રહ્મદત્તે વરધનુને સેનાપતિ બનાવ્યો અને દીર્ઘ પર આક્રમણ કરવા માટે કામ્પિપુર તરફ પ્રસ્થાન કર્યું. જ્યારે દીર્ઘે આ સમાચાર જાણ્યા તો એણે વારાણસીનરેશને સંદેશો મોકલ્યો કે - 'તેઓ એની સાથેની મિત્રતા તોડે નહિ', ત્યારે એમણે કહેવડાવ્યું કે - 'આપણે પાંચેય મિત્રો નહિ, પણ સગા ભાઈઓ જેવા હતા. બ્રહ્મદત્તના પિતા બ્રહ્મનું રાજ્ય અને પરિવાર તને દેખરેખ માટે થાપણના રૂપમાં આપવામાં આવ્યું હતું. તેં પોતાના ભાઈ સમાન દોસ્ત સાથે જે વિશ્વાસઘાત (દગો) કર્યો છે, તે અક્ષમ્ય અપરાધ છે. પોતાનું રાજ્ય પાછું મેળવવા માટે બ્રહ્મદત્ત જાતે આવ્યો છે, તારા માટે એ જ સારું રહેશે કે તું એને એનું રાજ્ય પાછું સોંપી દે.'

દીર્ઘ પણ એની બધી તાકાત લગાવી બ્રહ્મદત્ત સાથે લડવા માટે રણમેદાનમાં આવી ગયો. બંને સેનાઓ વચ્ચે ભીષણ યુદ્ધ થયું. પહેલાં તો દીર્ઘનું પલ્લું ભારી પડ્યું, પણ જ્યારે બ્રહ્મદત્તે સ્વયં ભીષણ અસ્ત્ર-શસ્ત્રોથી પ્રહાર કરવાનું શરૂ કર્યું, તો દીર્ઘની સેના વામણી પડવા લાગી. બ્રહ્મદત્તે દીર્ઘના ઘણા ખરા યોદ્ધાઓને કળથી નીતિ-કુશળતાનો ઉપયોગ કરી પોતાની તરફ કરી લીધા. છેલ્લે દીર્ઘ અને બ્રહ્મદત્ત વચ્ચે દ્વન્દ્વયુદ્ધ થયું. લાંબા સમય સુધી આમ જ ચાલતું રહ્યું અને જ્યારે હાર-જીતનો કોઈ નિર્ણય ન થઈ શક્યો ત્યારે બંને યોદ્ધાઓ એક બીજા માટે અજેય રહ્યા. દીર્ઘ જેવો નરાધમ અને પાપાત્મા પણ આટલો પુરુષાર્થી અને પરાક્રમી હોઈ શકે છે - બંને તરફની સેનાઓ માટે એ એક આશ્ચર્ય બનેલું હતું.

બ્રહ્મદત્ત અને દીર્ઘ વચ્ચે દ્વન્દ્વયુદ્ધ ચાલી રહ્યું હતું અને બધા લોકો જડવત્ થઈને ઘાત-પ્રત્યાઘાતના વિચક્ષણ કૌશલ્યને જોઈ જ રહ્યા હતા કે આકાશમાંથી એક ગંભીર ગર્જના કરતું જાજ્વલ્યમાન, ઉલ્કાપત જેવું, લોકોને એની અવર્ણનીય ચમક વડે આંજી દેતું એક દિવ્ય ચક્રરત્ન પ્રગટ થયું અને એણે બ્રહ્મદત્તની ત્રણ વાર પ્રદક્ષિણા કરીને એના જમણા ભાગમાં એક હાથની ઊંચાઈ પર અધ્ધર સ્થિર થઈ ગયું. બ્રહ્મદત્તે

એ ચક્રને એના જમણા હાથની તર્જની પર ધારણ કરીને ઝડપથી ફેરવીને દીર્ઘ તરફ ફેંક્યું. પળવારમાં દીર્ઘનું શિર ધડથી અલગ થઈ પૃથ્વી પર ઢળી પડ્યું. અંતે ધર્મ અને સત્યની વિજયથી આનંદિત સેનાઓનો જયઘોષ બધી દિશાઓમાં ગાજી ઊઠ્યો. ભવ્ય સમારોહથી બ્રહ્મદત્તે કામ્પિલ્યપુરમાં પ્રવેશ કર્યો. એની માતા ચુલની મોડે-મોડે પણ આખરે, પોતાના અનુચિત પતિતકાર્યથી લજ્જિત થઈ ધર્મમાર્ગમાં પ્રવ્રજિત થઈ બ્રહ્મદત્તના નગરપ્રવેશ પહેલાં જ અન્યત્ર ક્યાંક જતી રહી. શુભ અને યોગ્ય પ્રસંગથી પાંચાલની જનતાએ ઘણા આનંદ-ઉલ્લાસથી બ્રહ્મદત્તનો રાજ્યાભિષેક કર્યો.

કામ્પિલ્યપુરના રાજસિંહાસન પર આરૂઢ થતાં જ એણે એની નવે-નવ પત્નીઓને એમના પિતૃગૃહેથી પોતાના રાજમહેલમાં બોલાવી લીધી અને ૫૬ વર્ષો સુધી માંડલિક રાજાના રૂપમાં રાજ-કાજ સંભાળ્યું અને પછી પોતાની સમસ્ત ચતુરંગિણી સેનાની સામૂહિક શક્તિ સાથે ભારતના છ ખંડો પર વિજય મેળવા માટે પ્રસ્થાન કર્યું. સોળ વર્ષ સુધી અનેક યુદ્ધો અને ભયંકર સંઘર્ષ કર્યા પછી આખરે પોતાની વિજયપતાકા ફરકાવી જ દીધી, અને પછી કામ્પિલ્યપુર ફર્યો અને ચૌદ રત્નો, નવ નિધિઓ અને ચક્રવર્તી સમ્રાટની બધી સમૃદ્ધિઓનો સ્વામી બન્યો.

એક દિવસની વાત છે, ત્યારે રાજા એના અંતઃપુરમાં બધી રાણીઓ અને આત્મીયજનો સાથે અનેક પ્રકારનાં મનોરંજનોમાં રમમાણ હતો, ત્યારે એક દાસીએ ઘણો જ મોટો અને ચિત્તાકર્ષક ફૂલોનો ગુલદસ્તો લાવીને એમની સામે મૂકી દીધો. એ ગુલદસ્તામાં જાત-ભાતનાં રંગીન ફૂલોથી હંસ, મોર, સારસ, મૃગ (હરણ) વગેરે પશુ-પક્ષીઓની મનોરમ સજીવ જેવી લાગતી આકૃતિઓ બનેલી હતી. એ કલાત્મક પુષ્પ-સ્તવકને બ્રહ્મદત્ત ઘણી જ મુગ્ધતાથી અને તન્મયતાથી જોઈ રહ્યો હતો કે એના માનસપટ પર એવો વિચાર સ્ફૂર્યો કે - 'આવી કલાપૂર્ણ પુષ્પ-કૃતિ એણે પહેલા પણ ક્યાંક જોઈ છે.' એકાગ્ર ચિંતન, વિવાદ અને જ્ઞાનાવરણ કર્મના ક્ષયઉપશમથી બ્રહ્મદત્તને જાતિસ્મરણ જ્ઞાન થયું અને એને પોતાના પૂર્વના પાંચ જન્મ યથાવત્ દેખાવા લાગ્યા, અને તે જ ક્ષણે બ્રહ્મદત્ત બેભાન થઈ ઢળી પડ્યો.

આમ એના બેભાન થઈ જવાથી ત્યાં હાજર બધાં જ લોકો ચિંતાથી વ્યાકુળ થવા લાગ્યા. યોગ્ય ઉપચાર વડે ઘણી વાર પછી એમને ભાન

આવ્યું. પણ જેવા પેલાં જૂનાં દશ્યો એના મગજમાં આવતાં કે તે ફરી બેભાન થઈ જતો. ઘણા સમય સુધી બ્રહ્મદત્તની આ જ સ્થિતિ રહી અને જ્યારે બધાં એને આમ થવાનું કારણ પૂછતાં તો તે પિત્ત-પ્રકોપને એનું કારણ બતાવી વાસ્તવિક રહસ્યને ટાળી દેતો.

પોતાના પાંચ પૂર્વજન્મોનું જ્ઞાન થતાં એને પોતાનો એ સહોદર યાદ આવ્યો, જે પાંચ જન્મોમાં એનો પોતાનો સગો ભાઈ હતો અને કર્મ-ફળ સ્વરૂપ આ જન્મમાં જુદો જન્મ લીધો હતો. આમ સાથે-સાથે પાંચ જન્મો સુધી રહ્યા પછી છઠ્ઠા જન્મમાં અલગ જન્મ લેવાની વાત યાદ કરી એને માનસિક ત્રાસ થતો હતો અને એ વિચારતો કે છઠ્ઠા જનમમાં એ ભાઈ એમનાથી જુદો શા માટે થયો અને કયા રૂપમાં જન્મ લીધો ? છેલ્લે એમનો એક ઉપાય સૂઝયો, અને પોતાના સમગ્ર રાજ્યમાં એવી ઘોષણા કરાવી દીધી કે - 'જે વ્યક્તિ આ ગાથાદ્વયના ચતુર્થ પદની પૂર્તિ કરશે, એને પોતાનું અડધું રાજ્ય સોંપી દેશે.' પંક્તિઓ આ પ્રમાણે હતી.

**દાસા દસણ્ણએ આસી, મિયા કાલિંજરે ણગે ।**
**હંસા મયંગ તીરાએ, સોવાગા કાસિભુમિએ ॥**
**દેવા ય દેવલોયમ્મિ, આસિ અમ્હે મહિડ્ઢિયા ॥**

અડધું રાજ્ય મેળવવાની ઈચ્છાથી ઘણા લોકોએ સમસ્યા - પૂર્તિનો પ્રયત્ન કર્યો, પરિણામે દોઢ ગાથા દરેકને મોઢે હતી.

એક વખત ચિત્ત નામનો એક મહાન તાપસ મુનિ વિચરણ કરતા-કરતા કામ્પિલ્ય નગરમાં આવ્યો અને એક સુંદર બગીચામાં ધ્યાનસ્થ થઈ ગયો. એ બગીચાનો માળી તે વખતે ઝાડ-પાનમાં પાણી પાઈ રહ્યો હતો, અને પાણી પિવડાવતી વખતે તે પેલી ગાથાની પંક્તિઓ મમળાવે રહ્યો હતો. માળીના મોઢેથી એ પંક્તિઓને ધ્યાનથી સાંભળતાં ચિત્ત મુનિના મનમાં પણ સંકલ્પ-વિકલ્પ અને ઊથલપાથલ મચી ગઈ અને એમને પણ જાતિસ્મરણનું જ્ઞાન થઈ ગયું. તે પણ એમના પૂર્વજન્મના પાંચ ભવોનો સ્પષ્ટ પણે જોવા લાગ્યા. એમણે સમસ્યા-પૂર્તિ કરવા માટે માળીને નિમ્નલિખિત અડધી ગાથા મોઢે કરાવી દીધી.

**ઈમા ણો છટ્ઠિયા જાઈ, અણ્ણમણ્ણેહિં જા વિણા ॥**

માળીએ બ્રહ્મદત્ત પાસે જઈ ચારેય પંક્તિઓ સંભળાવી દીધી. એ સાંભળતાં જ બ્રહ્મદત્ત બેશુદ્ધ થઈ ઢળી પડ્યો. આ જોઈ માળી ગભરાઈ

ગયો અને કહેવા લાગ્યો : "આ પંક્તિઓ મેં નથી બનાવી, પણ બાગમાં આવેલા એક મુનિએ બનાવીને મને (યાદ) - મોઢે કરાવી છે." બ્રહ્મદત્તે પ્રસંન્ન થઈ માળીને એણે પહેરેલાં બધાં જ આભૂષણો ભેટમાં આપી દીધાં અને એનાં બધાં જ કુટુંબીઓ સાથે મુનિદર્શન માટે બાગમાં ગયો. ચિત્ત મુનિને જોતાં જ બ્રહ્મદત્ત એનું રત્નમુગટથી શોભતું માથું એમનાં ચરણોમાં નમાવીને પાછલા સ્નેહને યાદ કરી ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યો. મુનિ ચિત્ત સિવાયના ઊભેલા બધાં જ લોકોની આંખો ભીની બની. રાજરાણી પુષ્પવતીએ આશ્ચર્ય વ્યકત કરતા પૂછ્યું : "પ્રાણનાથ ! ચક્રવર્તી સમ્રાટ હોવા છતાં પણ આજે આપ સાધારણ માણસની જેમ ધ્રુસકે-ધ્રુસકે રડી રહ્યા છો. તો કયા કારણે ?" બ્રહ્મદત્તે થોડા સ્વસ્થ થઈ જવાબ આપ્યો : "મહાદેવી ! આ મહામુનિ મારા સગાભાઈ છે." રાજરાણીએ એ જ રીતે પૂછ્યું : "એ કેવી રીતે મહારાજ ?" બ્રહ્મદત્તે કહ્યું : 'આ તો મુનિવરના મોઢે જ સાંભળો !"

રાણીઓના સવિનય અનુરોધથી મુનિ ચિત્તે કહેવાનું ચાલુ કર્યું : "સંસારમાં દરેક પ્રાણી જાત-જાતનાં રૂપો ધારણ કરીને જન્મ, જરા ને મરણના અવિરત ક્રમ ને અનંત ચક્રમાં અનાદિકાળથી પરિભ્રમણ કરતો આવી રહ્યો છે. દરેક પ્રાણી અન્ય પ્રાણીઓ સાથે માતા, પિતા, ભાઈ બહેન, પતિ, પત્ની વગેરે સંબંધોમાં અગણિત વાર બંધાઈ ચૂક્યો છે. અમે બંને પણ પાછલા પાંચ જન્મોમાં સગાભાઈ રહી ચૂક્યા છીએ. પહેલા જન્મમાં અમે શ્રીદહ ગામમાં શાંડિલ્યાયન બ્રાહ્મણની જસમતી નામની દાસીના કૂખે દાસના રૂપે ઉત્પન્ન થયા હતા. એ બ્રાહ્મણ અમારા બંને પાસે દિવસ-રાત તનતોડ મહેનત કરાવતો હતો. એક વખતે શિયાળાની ઋતુમાં અમે બંને ખેતરમાં કામ કરી રહ્યા હતા કે અચાનક આકાશ કાળાં ડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું અને મૂસળધાર-સાંબેલાધાર વરસાદ થવા લાગ્યો. ઠૂંઠવાતા રહીને અમે બંને ભાઈ કિનારાના એક મોટા વડની નીચે બેસી ગયા. વરસાદ બંધ જ થતો ન હતો અને ચારેય તરફ પાણી ફરી વળ્યું હતું. રાત પડતા અમે બંને વડની વડવાઈઓને સરખી કરી રહ્યા હતા કે એક ઝેરીલા સાપે અમને ડંખ માર્યો અને તત્કાળ અમે મૃત્યુ પામ્યા. ત્યાર પછી અમે કાલિંજર પર્વત ઉપર એક હરણીના કૂખે હરણ-યુગલ (જોડકા)ના રૂપે જન્મ લીધો. જુવાન થતા અમે એક દિવસ ઠેકડા લગાવતા વેગવતી નદીના કિનારે તરસ લાગતા પાણી પીવા માટે

ગયા કે કોઈ એક શિકારીએ અમને બાણો વડે વીંધી નાખ્યાં, થોડી જ વારમાં તરફડીને અમે મરી ગયા. ત્યાર પછી અમે લોકો મયંગ નદીના કિનારે એક સરોવરમાં હંસિણીના પેટે હંસોના રૂપે જન્મ્યાં અને સરોવરમાં પારધીએ જાળ ફેંકીને અમને બંનેને ફસાવી દીધા અને ડોકી મરડીને મારી નાખ્યા.

હંસની યોનિમાંથી નીકળી અમે કાશીના ઘણા સમૃદ્ધ ચાંડાળ ભૂતદીનની પત્ની ભાર્યા અહ્નિકાની કૂખે જોડિયા ભાઈઓના રૂપમાં જન્મ લીધો. મારું નામ ચિત્ર અને એમનું નામ સંભૂત રાખવામાં આવ્યું. જ્યારે અમે આઠ વર્ષના થયા, ત્યારે કાશીનરેશ અમિતવાહને એમના પુરોહિત નમુચિને કાંઈક અપરાધ કર્યા બદલ દેહાતદંડની સજા ફટકારી અમારા પિતાને એ કાર્ય સોંપ્યું. અમારા પિતાએ નમુચિને કહ્યું : "જો તું મારા આ બંને પુત્રોને દરેક કળાઓમાં નિપુણ બનાવવા તૈયાર થાય તો હું તને મારા ભોંયરામાં સુરક્ષિત રાખીશ." નમુચિ માની ગયો ને અમને શિક્ષા આપવા લાગ્યો. નમુચિનાં ખાવા-પીવા તેમજ નાહવા-ધોવાની વ્યવસ્થા અમારી માતા કરતી હતી. થોડાક જ વખતમાં પુરોહિત અને અમારી માતા, બંને એક-બીજા પર મોહી પડ્યા. અમે બંનેએ વિદ્યાભ્યાસના લોભમાં એ બંનેના અવૈધ સંબંધની વાત પિતાને ન જણાવી અને વિદ્યાભ્યાસમાં નિરંતર વિદ્યાધ્યયન કરી અમે બંને બધી જ કળાઓમાં કુશળ થઈ ગયા.

એક દિવસ અમારા પિતાને એ બંનેના અવૈધ સંબંધની ખબર પડી ગઈ અને એમણે નમુચિની જીવનલીલા સમાપ્ત કરી દેવાનું નક્કી કર્યું. આ વાતની ખબર પડતા અમે ચુપચાપ નમુચિને અહીંથી ભગાડી દીધો. તે હસ્તિનાપુર જઈને સનત્કુમાર ચક્રવર્તીને ત્યાં મંત્રી બની ગયો.

ગાયન-વિદ્યામાં દક્ષ થયેલા અમે બંને ભાઈ વારાણસીની શેરીઓમાં સ્વેચ્છાથી ગાતા-ગાતા વિચરવા લાગ્યા. અમારા ગાયનથી આકર્ષાઈને નગરનાં લોકો તેમાં પણ ખાસ કરીને રમણીઓ-સ્ત્રીઓ બધું જ ભૂલીને મંત્ર-મુગ્ધ થઈ દોડતી આવતી. એ જોઈ વારાણસીના મુખ્ય નાગરિકોએ કાશીનરેશને કહીને અમારા નગરપ્રવેશ પર પ્રતિબંધ લગાવડાવી દીધો.

એક દિવસ વારાણસીના કૌમુદી-મહોત્વનું આયોજન કરવામાં આવ્યું. અમે બંને ભાઈઓ પણ મહોત્સવની મજા માણવા માટે સંતાઈને નગરમાં ઘૂસી ગયા. ત્યાં કોઈ એક જગ્યાએ સંગીત મંડળીનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. અનાયાસે જ અમારા બંનેના મોઢેથી સંગીતના સ્વર નીકળી પડ્યા. અમારો અવાજ સાંભળતાં જ ચારેય તરફથી ડોળું ઊમટી પડ્યું.

અચાનક કોઈકે બૂમ પાડીને કહ્યું : "અરે : આ તો પેલા ચાંડાલપુત્રો છે, જેમના નગરપ્રવેશ પર નિષેધ હતો." પછી શું હતું, સંગીત સાંભળવું છોડી બધા અમને મારવા માટે દોડ્યા. અમે અધ્ધર જીવે માર ખાતા-ખાતા શહેરની બહાર આવ્યા. આમ એકલવાયા નિર્જન સ્થળે જઈ અમે વિચાર્યું કે - 'આવા પશુવત્ ધિક્કારને પાત્ર જીવનનો શો ફાયદો ? અમે ઊંચે પર્વત પરથી કૂદીને અમારું જીવન ટૂંકાવવાનો નિર્ણય કર્યો.

પર્વતની ટોચે પહોંચીને અમે જોયું કે એક મુનિ ત્યાં શાંત મુદ્રામાં ધ્યાનમાં ઊભા છે. એમનાં દર્શનમાત્રથી અમે શાંત થયા અને એમનાં ચરણોમાં શરણું લીધું. અમે અમારી આપવીતી એમને સંભળાવી અને કહ્યું કે - 'અમે બંને અહીંથી કૂદીને આત્મહત્યા કરવાના ઈચ્છાથી આવ્યા છીએ.' આમ સાંભળતા કરુણામૂર્તિ મુનિએ કહ્યું : 'આત્મ-હત્યાથી તો માત્ર તમારું પાર્થિવ શરીર નાશ પામશે, દુઃખ નહિ. દુઃખનું સાચું કારણ, આપણા જન્મ-જન્માંતરનાં ભેગાં થયેલાં કર્મો છે, એમને નષ્ટ કરવા માટે તપશ્ચરણ કરો." મુનિની વાત અમને તર્કસંગત લાગી. માટે અમે બંનેએ સંયમમાર્ગ અપનાવી લીધો. દયાળુ મુનિએ મોક્ષમાર્ગના મૂળભૂત સિદ્ધાંતોનું અમને અધ્યયન કરાવ્યું. અમે ષષ્ટમ્(છઠ્ઠ) અષ્ટમ ભક્ત, માસક્ષમણ વગેરે તપો વડે અમારા શરીરને સૂકવી નાંખ્યું - કૃષકાય કર્યું.

વિવિધ જગ્યાઓએ વિચરણ કરીને અમે બંને એક દિવસ હસ્તિનાપુરમાં ગયા અને નગરની બહાર એક બગીચામાં રહીને કઠિન તપનું આચરણ કરવા લાગ્યા.

એક વખત માસક્ષમણના પારણાના દિવસે સંભૂત મુનિ ભિક્ષા માટે હસ્તિનાપુરમાં ગયા. ત્યાં એકાએક નમુચિની નજર એમના પર પડી અને એણે મુનિને ઓળખી લીધા. 'ક્યાંક આ મારો ભાંડો ફોડી ન નાખે' એમ વિચારી એણે એના સેવકોને આદેશ આપ્યો કે - 'આ મુનિને નગરની બહાર કાઢી મૂકો.' નમુચિનો આદેશ મેળવી એ લોકો મુનિ પર તૂટી પડ્યા અને નિર્દયપણે મારવા લાગ્યા. પણ મુનિ શાંતભાવથી ઉદ્યાન તરફ વળ્યા. આમ છતાં પણ નમુચિના સેવકોએ મારવાનું બંધ ન કર્યું, તો મુનિ ક્રોધે ભરાયા. એમના મોઢામાંથી ભયંકર અગનજ્વાળાઓ ઓકતી તેજોલેશ્યા પ્રગટી. એ અગનજ્વાળાઓથી આખું આકાશ લાલ થઈ ગયું. આખું નગર ત્રાહિમામ્ પોકારી ઊઠ્યું. લોકોનાં ટોળે-ટોળાં આવીને મુનિ પાસે શિશ ઝુકાવી શાંત થવાની આજીજી-કાલાવાલા કરવા લાગ્યા,

પણ મુનિ શાંત ન થયા. નભમંડળને આગની જ્વાળાઓથી સળગતું જોઈ હું પણ ઘટનાસ્થળે ગયો અને મારા ભાઈને શાંત કર્યો."

સંભૂતિ મુનિને એમના કાર્ય પર અફસોસ થયો. પળવારમાં જ્વાળાઓ શાંત થઈ ગઈ. અમે બંને મુનિભ્રાતાઓ ઉદ્યાન તરફ જતા રહ્યા. બગીચામાં આવીને અમે વિચાર્યું કે - 'આ નશ્વર - ક્ષણભંગુર શરીરના પોષણ માટે ભિક્ષા માંગવા માટે અમને જાત-જાતની મુસીબતો વેઠવી પડે છે. અમો સાધુઓને આહાર ને આ શરીર સાથે કેવી નિસબત ?' આમ વિચારી અમે બંનેએ સંલેખના કરી ચારેય જાતના આહારનો જીવનપર્યંત પરિત્યાગ કર્યો.

ચક્રવર્તી સનત્કુમારે જ્યારે આખી ઘટના જાણી, તો એમણે મુનિને કષ્ટ આપનારા અપરાધી નમુચિને દોરડા વડે બંધાવીને અમારી સામે હાજર કર્યો અને કહ્યું : "મુનિવર, આ તમારો અપરાધી છે, એને શું દંડ આપવામાં આવે ?" અમે કહ્યું - "રાજન્ ! એને છોડી મૂકવામાં આવે." નમુચિને તરત જ છોડીને હસ્તિનાપુરથી તડીપાર કરવામાં આવ્યો.

એ જ સમયે સનત્કુમારની ચોસઠ હજાર (૬૪૦૦૦) રાજ-રાણીઓની સાથે પટરાણી સુનંદા અમને વંદન કરવા આવી. મુનિ સંભૂતના પગમાં પગે પડતી વખતે સ્ત્રીરત્ન સુનંદાના સુવાસિત લાંબા કાળા વાળનો મનોહર સ્પર્શ મુનિ સંભૂતના પગોમાં થયો. વંદન-પૂજન પછી રાજપરિવાર રાજમહેલ તરફ જતો રહ્યો.

અમે બંને મુનિઓએ સમાધિ લઈ સાથે જ અમારું શેષ આયુષ્ય પૂર્ણ કરી સૌધર્મ કલ્પના નલિની ગુલ્મ(પદ્મ ગુલ્મ)નામના વિમાનમાં દેવ થયા. દેવનો સમયગાળો પૂરો કરી હું પુરિમતાલના વૈભવશાળી શ્રેષ્ઠી ગણપુંજની ભાર્યા નંદાના કૂખે ઉત્પન્ન થયો. તમામ સુખ-સુવિધા અને ભોગનાં સાધન હોવા છતાં પણ મારા મનમાં એમના પ્રત્યે કોઈ આકર્ષણ ન હતું, માટે એક મુનિ પાસે જઈ હું પ્રવ્રજિત થઈ ગયો. સંયમધર્મનું આચરણ કરતા રહીને હું વિવિધ ક્ષેત્રોમાં વિહાર કરતા-કરતા આ ઉદ્યાનમાં આવ્યો. ધ્યાનસ્થ સ્થિતિમાં મેં માળીના મોઢે ગાથાની કેટલીક પંક્તિઓ સાંભળી, તો મને જાતિ-સ્મરણજ્ઞાન થયું. આ છઠ્ઠા જન્મમાં અમે બંને ભાઈઓ વિખૂટા શા માટે પડ્યા, તે મને ખબર નથી."

આમ સાંભળી બધાં જ સ્તબ્ધ થઈ ગયા. લોકો વારાફરતી બ્રહ્મદત્ત અને મુનિને જોતાં રહ્યાં. ત્યારે બ્રહ્મદત્તે કહ્યું : 'મહામુને ! આ જન્મમાં

વિખૂટા પડવાનું કારણ હું કહું છું. ચક્રવર્તી સનત્કુમારનું ઐશ્વર્ય અને સુનંદા વગેરે રાણીઓનું અદ્ભુત રૂપ-લાવણ્ય જોઈ મેં તત્ક્ષણ નિદાન કરી લીધું હતું કે - 'મારી આ તપસ્યાનું જો કોઈ ફળ હોય તો મને ચક્રવર્તીના સંપૂર્ણ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય.' મેં છેલ્લી ઘડી સુધી આ અધ્યવસાયની આલોચના-નિંદા કરી નહિ, માટે સૌધર્મ દેવલોકનું આયુષ્ય પૂર્ણ થતા નિદાનના કારણે ચક્રવર્તી બન્યો છું. મારા આ વિશાળ રાજ્ય અને ઐશ્વર્યને તમે તમારું જ સમજો-જાણો. આ યૌવન વિષય-સુખો અને સાંસારિક ભોગોને ભોગવવા માટે છે; માટે તમે મારી સાથે મારા ભાઈની જેમ જ રહો અને બધાં સુખોને માણો. આ બધાં તપો સુખ મેળવવા માટે જ તો કરવામાં આવે છે. જો આ બધી સગવડ આપને આમ જ સરળતાથી મળી શકતી હોય તો પછી તપ કરવાની શી જરૂર છે ?"

મુનિ ચિત્તે શાંત ધીરગંભીર અવાજે કહ્યું : "આ અસાર સંસારમાં માત્ર ધર્મ જ એકમાત્ર સાર છે. શરીર, સૌંદર્ય, યૌવન, ધન-ઐશ્વર્ય વગેરે બધાં પાણીના પરપોટા જેવા ક્ષણભંગુર છે. તેં છ ખંડોની સાધના કરી, જે ફતેહ મેળવી છે, તે માત્ર બહારના દુશ્મનો પરની જીત છે. હવે મુનિધર્મ સ્વીકારી કામ-ક્રોધ વગેરે અંતરંગ શત્રુઓને પણ જીતવા માટે સમર્થ બન, જેનાથી તને મુક્તિનું શાશ્વત સુખ મળે. હું સમજી ગયો છું કે સમગ્ર વિષયસુખ વિષ જેવું ઘાતક અને ત્યાજ્ય છે, માટે મેં સ્વેચ્છાએ જ બધાનો સહર્ષ પરિત્યાગ કર્યો છે અને સંયમ ધારણ કર્યું છે. તું પોતે જ જાણે છે કે આપણે બંનેએ દાસ, હરણ, હંસ અને માતંગના જન્મોમાં કેટલાં દારુણ દુઃખો સહન કર્યાં છે અને પછી તપસ્યા કરીને દેવલોકનાં દિવ્યો સુખો પણ ભોગવ્યાં છે. પુણ્ય પરવારતા આપણે ફરી દેવલોકથી પૃથ્વી પર આવીને ફરી જન્મ લીધો. જો તું આ દુર્લભ મનુષ્યજીવનનો ઉપયોગ મુક્તિપથની સાધના માટે ન કર્યો તો ખબર નથી કઈ-કઈ અધોગતિઓમાં ક્યાં-ક્યાં અસહ્ય દુઃખો વેઠીને ક્યાં સુધી ભવભ્રમણ કરવું પડશે. રાજન્ ! તું બધું જ જાણવા છતાં પણ એક અબુધ બાળકની જેમ શા માટે અનંત દુઃખોના મૂળ ઇન્દ્રિય-સુખમાં પલોટાઈ રહ્યો છે ? અમૂલ્ય મનુષ્યજીવનને વિષય-ભોગમાં નકામું વેડફવું, હાથમાં આવેલ અમૃત-કુંભને પીને તરસ છિપાવવાની જગ્યાએ હાથ-પગ ધોઈ માટી મેળવવા સમાન છે."

બ્રહ્મદત્તે જવાબ આપ્યો : "ભગવન્ ! તમારું કહેવું સો ટકા સાચું છે. હું જાણું છું કે વિષયાસક્તિ બધાં દુઃખોની જનેતા છે અને અનર્થોનું મૂળ છે. પરંતુ જે રીતે કાદવમાં ફસાયેલો હાથી ઇચ્છવા છતાં પણ એમાંથી બહાર નથી નીકળી શકતો, એ જ રીતે હું પણ નિદાનથી મળેલ આ ભોગોના કાદવ-કીચડમાં એટલી ખરાબ રીતે ફસાયેલો છું કે સંયમ ગ્રહણ કરવું મારી હેસિયત બહારની વાત છે." ચિત્તે કહ્યું : "રાજન્ ! જીવન ઝડપથી પસાર થઈ રહ્યું છે. વિષયભોગ હંમેશાં રહેવાના નથી. જે રીતે ફળ વગરનું વૃક્ષ છોડી પક્ષી જતાં રહે છે, એ જ રીતે આ કામભોગ પણ એક દિવસ તને જરૂર છોડી દેશે. જે આપણને છોડીને જનાર છે, એને આપણે જ પહેલા છોડી દઈએ એ જ વધુ સારું છે. તું કહે છે કે - 'નિદાનથી પ્રાપ્ત સુખ-ભોગોને પૂર્ણતઃ છોડવામાં અસમર્થ છે,' પણ જો તું પ્રાણીમાત્રની સાથે મૈત્રીપૂર્ણ ભાવ રાખીશ અને પરોપકારનાં કાર્યોમાં સંલગ્ન રહીશ, તો એનાથી તને દિવ્ય સુખ પ્રાપ્ત થઈ શકશે."

આટલું કહી મુનિ ચિત્ત ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા. અનેક વર્ષો સુધી સંયમનું આચરણ કરતા રહીને કઠોર તપની આગમાં પોતાનાં સંપૂર્ણ કર્મોને ભસ્મીભૂત કરી શુદ્ધ-બુદ્ધ થઈ નિર્વાણ પામ્યા.

બ્રહ્મદત્ત પહેલાંની જેમ જ ચક્રવર્તીની ઋદ્ધિ, સિદ્ધિ અને રાજ્યશ્રીનો ઉપભોગ કરવા લાગ્યો. એક દિવસ બ્રહ્મદત્ત યૂનાનનરેશ પાસેથી ભેટમાં મળેલ એક ઘોડા ઉપર બેસીને કામ્પિલ્ય નગરની બહાર નીકળ્યો. ઘોડાની ગતિની કસોટી કરવા માટે જેવું એણે ચાબુક વીંઝ્યો, ઘોડો વાયુવેગે દોડવા લાગ્યો. એણે ઘોડાને થોભાવવા ઘણી મહેનત કરી, પણ એ અનેક નદી-નાળાં અને વનોને ઓળંગીને એક ગાઢ જંગલમાં જઈને ઊભો રહ્યો. એ વનમાં સરોવરના કિનારે એક સુંદર નાગકન્યાને કોઈક જારપુરુષ સાથે સંભોગ કરતી જોઈ બ્રહ્મદત્ત ઘણો ગુસ્સે થયો અને એમને બંનેને ચાબુકથી ફટકાર્યા. થોડી વાર પછી બ્રહ્મદત્તના સેવકો એમને શોધતા-શોધતા ત્યાં આવી પહોંચ્યા તો તે એમની સાથે કામ્પિલ્યપુર પાછા ફર્યા.

આ તરફ ચાબુકની ફટકારથી જખ્મી થયેલ નાગકન્યાએ એના પતિ નાગરાજને બ્રહ્મદત્તની ફરિયાદ કરી : 'હું મારી સખીઓ સાથે વનવિહાર અને જલક્રીડા કરીને ફરી રહી હતી, ત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તીએ મને જોઈ અને મારા પતિવ્રતધર્મને નષ્ટ કરવા પ્રયત્ન કર્યો. મારા ના પાડવાથી મને ચાબુક વડે વીંઝીને અધમુવી કરી નાંખી. મેં કહ્યું :

'હું નાગરાજની પત્ની છું, છતાં પણ એણે ધ્યાન ન આપ્યું.''' પોતાની પત્નીના મોઢે આ વાત સાંભળી નાગરાજ ઘણો ગુસ્સે ભરાયો. એણે બ્રહ્મદત્તને મારી નાંખવાનો પ્રણ કર્યો અને રાતના સંતાઈને એના શયનકક્ષ સુધી પહોંચી ગયો.

નાગરાજ શયનકક્ષની બહાર યોગ્ય તકની વાટ જોતો બેઠેલો હતો કે એણે સાંભળ્યું - બ્રહ્મદત્તની રાણી પૂછી રહી હતી કે - "મહારાજ ! સાંભળ્યું છે કે, તમે યૂનાનનરેશના ઘોડા પર બેસીને દૂર ગાઢ જંગલોમાં પહોંચી ગયા હતા, શું ત્યાં તમે કોઈ અચરજભરી વસ્તુ જોઈ ?" બ્રહ્મદત્તે નાગકન્યા અને જારપુરુષની ઘટના કહી અને બોલ્યો કે - "એમના અયોગ્ય વ્યવહારને જોઈને મેં બંનેને દંડિત કર્યા." બ્રહ્મદત્તની વાત સાંભળી નાગરાજની આંખો ખૂલી ગઈ. થોડા સમય પછી બ્રહ્મદત્ત શયનકક્ષમાંથી બહાર નીકળ્યા તો નાગરાજ શિશ નમાવી એમની સામે ઊભો થઈ ગયો અને બોલ્યો : "મહારાજ ! તમે જે નાગકન્યાને દંડ આપ્યો હતો, હું એનો જ ભરથાર છું. એની વાત સાંભળી હું તમારા પર પ્રહાર કરવા માટે આવ્યો હતો, પણ તમારા મોઢે સાચી વાત જાણી મારા વિચાર બદલાઈ ગયા છે. હું તમારી સેવા કરવા માંગુ છું." બ્રહ્મદત્તે કહ્યું : "હું ઈચ્છુ છું કે મારા રાજ્યમાં ચોરી, વ્યભિચાર, અકાળ મોત જેવી વાતો ન થાય." નાગરાજે કહ્યું : "એમ જ થશે. પરોપકારની આવી તમારી ભાવના વખાણપાત્ર છે. તમે કંઈક તમારા પોતાના હિતની પણ વાત કરો." બ્રહ્મદત્તે કહ્યું : "નાગરાજ ! હું એવું ઈચ્છું છેં કે - હું પ્રાણી-માત્રની ભાષા સમજી શકું.''' નાગરાજે કહ્યું : "મહારાજ હું તમારાથી એટલો ખુશ છું કે આ અદેય (આપી ન શકાય એવી) વિદ્યા પણ તમને પ્રદાન કરી રહ્યો છું. પણ આ વિદ્યાના અટલ અને કઠોર નિયમને તમે હંમેશાં ધ્યાનમાં રાખજો કે - 'કોઈક પ્રાણીની બોલીને સમજીને જો તમે કોઈ અન્યની સામે એને પ્રગટ કરી તો તમારા માથાના સાત ટુકડા થઈ જશે.''' બ્રહ્મદત્તે નાગરાજને આ બાબતે નિશ્ચિંત કર્યા, તો નાગરાજ આ વિશેષ શક્તિ પ્રદાન કરી પાછા વળ્યા.

એક દિવસ બ્રહ્મદત્ત એની પ્રિય મહારાણીની સાથે પ્રસાધન-ગૃહમાં બેઠા હતા કે, એમણે બે ચકલીઓ - પક્ષીઓને પરસ્પર વાત કરતા સાંભળ્યાં. માદા-ચકલી ગર્ભિણી હતી, એણે નર-ચકલીને કહ્યું : "મને એવી ઈચ્છા થઈ રહી છે કે તું રાજાના શરીર પર લગાડાતું ઉબટન-લેપ

લઈ આવીને મારા શરીર પર લગાડ.'' નર બોલ્યો : ''લાગે છે કે, તારો જીવ મારાથી ભરાઈ ગયો છે, એટલા માટે જ તું મને મોતના મોઢામાં ધકેલવા માંગે છે.'' પક્ષીઓની વાત સાંભળી બ્રહ્મદત્ત જોરથી હસી પડ્યો. રાજાને આમ અનાયાસે જ હસતા જોઈ રાણીને ઘણું અચરજ થયું. એમણે રાજાને હસવાનું કારણ પૂછ્યું. બ્રહ્મદત્ત મુશ્કેલીમાં મુકાઈ ગયો. એણે આમતેમ ગોળ-ગોળ વાતો ઉપજાવી રાણીને ટાળવાનો પ્રયત્ન કર્યો, પણ રાણી એની જીદ પર અડી બેઠી. બ્રહ્મદત્તે રાણીને સમજાવવાનો પ્રયાસ કર્યો કે - ''મહારાણી ! સમજવાનો પ્રયત્ન કરો. હું તારાથી કંઈ પણ સંતાડવા નથી માંગતો, પણ આ વાતની પાછળ રહસ્ય-ભેદ છે, જેના પ્રગટ થઈ જવાથી મારા માથાના સાત ટુકડા થઈ જશે.'' રાણીએ બ્રહ્મદત્તની વાત પર અવિશ્વાસ દાખવતા કહ્યું : ''જો એમ જ હોય તો તમારી સાથે હું પણ મારો જીવ ટૂંકાવી દઈશ, પણ આ રહસ્ય જાણ્યા વગર હું જીવી નથી શક્તી.''

રાણીમાં વધારે પડતો જીવ હોવાના લીધે રાજાએ રાણી સાથે મરઘટ-સ્મશાનમાં જઈ ચિતા ગોઠવવાનો આદેશ આપ્યો અને રહસ્ય બતાવવા તૈયાર થઈ ગયો. સ્નેહના લીધે અકાળ મૃત્યુ માટે તૈયાર થયેલ બ્રહ્મદત્તને સમજાવવા માટે એમની કુળદેવીએ દૈવીમાયા વડે એક ગર્ભવતી બકરી અને બકરાનું રૂપ ધર્યું બકરીએ એની ભાષામાં બકરાને કહ્યું : ''રાજાના ઘોડા માટે જે લીલા-લીલા જવની પૂણીઓ રાખેલી છે, એમાંથી એક પૂણી લઈ આવ તો હું એને ખાઈને મારી ઈચ્છા (દોહદ) પૂરી કરું.'' બકરાએ કહ્યું : ''આ પ્રયત્ન કરવા જતા રાજાના માણસો મારો જીવ લઈ લેશે.'' બકરીએ જીદ કરી : ''જો તું નહિ જઈશ તો હું જીવ ટૂંકાવી દઈશ.'' બકરો બોલ્યો : ''કોઈ વાંધો નથી, હું બીજી બકરીને મારી પત્ની બનાવી લઈશ.'' બકરીએ કહ્યું : 'એનો અર્થ એવો થયો કે તું મને પ્રેમ નથી કરતો. આ રાજાને જો, જેણે પોતાની રાણી માટે મૃત્યુને વહાલું કરી રહ્યો છે.'' બકરો બોલ્યો : ''અનેક પત્નીઓનો સ્વામી થઈને પણ એક સ્ત્રીની હઠને લીધે બ્રહ્મદત્ત મરવાની મૂર્ખતા કરી રહ્યો છે, પણ હું એની જેમ મૂરખ નથી.'' બકરાની વાત સાંભળી બ્રહ્મદત્તને પોતાની મૂર્ખતા પર અફસોસ (ખેદ) - થયો અને બકરાના ગળામાં પોતાનો હાર નાંખી ચુપચાપ મહેલમાં જતો રહ્યો.

ચક્રવર્તીની સમૃદ્ધિને ભોગવતા-ભોગવતા જ્યારે ૫૮૪ વર્ષ વીતી ગયાં તો એમનો એક પહેલાનો ઓળખીતો બ્રાહ્મણ સપરિવાર એમની

પાસે આવ્યો. બ્રહ્મદત્તે બ્રાહ્મણનો ઘણો આદર-સત્કાર કર્યો. રાત્રે ભોજનના વખતે બ્રાહ્મણે બ્રહ્મદત્તને કહ્યું : "રાજન્ ! આજે હું પણ એ જ ભોજન કરવા માંગુ છું, જે તમારા માટે બનેલું છે." બ્રહ્મદત્તે કહ્યું : "મિત્ર ! આ ભોજન તારા માટે અપથ્ય અને ઉન્માદકારી થશે." પણ બ્રાહ્મણે એમની વાત ન માની, પરિણામે બ્રાહ્મણ અને એના પરિવારને રાજા માટે બનેલું ભોજન જ પીરસવામાં આવ્યું. રાત્રે ભોજને એનો પ્રભાવ બતાવ્યો. બ્રાહ્મણ પરિવારનો દરેક સભ્ય અદમ્ય કામ-ભાવનાથી ઉત્તેજિત થઈ ઊઠ્યો, જેને શાંત કરવા માટે પિતા-પુત્ર, ઘરની બધી જ સ્ત્રીઓ સાથે આખી રાત બધા નૈતિક સંબંધોને ભૂલીને રતિક્રીડા કરવા લાગ્યા. સવાર પડતાં જ્યારે એ ગરિષ્ઠ રાજસી ભોજનનો પ્રભાવ થોડો ઓછો થયો અને એ પરિવારનો ઉન્માદ થોડો શાંત થયો, તો બધાંએ પોત-પોતાનાં કુકૃત્ય જાણ્યાં અને શરમના માર્યાં મોઢું સંતાડવા લાગ્યા. બ્રાહ્મણ પોતાના પાશવિક કૃત્યથી ક્ષોભ પામ્યો અને બ્રહ્મદત્તને વખોડતો-કોષતો નગર બહાર જતો રહ્યો.

અરણ્યમાં ઉદ્દેશ વગર ભટકતા રહેલા બ્રાહ્મણે એક ચરાવનારાને જોયો જે એની ગિલોળ વડે વડનાં કુમળાં પાનોને નીચે પાડી બકરીઓને ખવડાવી રહ્યો હતો. ભરવાડની અચૂક નિશાનબાજી જોઈ બ્રાહ્મણે વિચાર્યું કે - 'એની મદદ વડે બ્રહ્મદત્ત સાથે વેર વાળી શકાય.' એણે ભરવાડને થોડુંક ધન આપી એની ગિલોળ વડે બ્રહ્મદત્તની આંખો ફોડાવી નાંખી. ભરવાડને તરત જ પકડી લેવામાં આવ્યો. જ્યારે ભરવાડ પાસેથી સાચી વાત જાણી તો બ્રહ્મદત્તે બ્રાહ્મણ પરિવારને મરાવી નાંખ્યો. છતાં પણ બ્રહ્મદત્તનો ગુસ્સો ઓસર્યો નહિ તો એણે એના મંત્રીને આદેશ આપ્યો કે - 'નગરના બધા જ બ્રાહ્મણોની આંખો કાઢીને એક મોટા પતરાળમાં એની સામે રાખવામાં આવે.' મંત્રીએ આંખોની જગ્યાએ આંખો જેવા જ શ્લેષ્મ પુંજ ચીકણા ગુંદાના ઠળિયાથી આખી પતરાળ ભરીને આંધળા બ્રહ્મદત્તની સામે મૂકી દીધી. ગુંદાને બ્રાહ્મણોની આંખો સમજી એમને સ્પર્શીને બ્રહ્મદત્ત અત્યંત ખુશીનો અનુભવ કરતો રહેતો. તે દિવસ-રાત થાળીને પોતાની પાસે જ રાખતો હતો અને વારંવાર એને અડકીને પરમ સંતોષ પામતો હતો. આ રીતે બ્રહ્મદત્તે એના જીવન-કાળના છેલ્લાં સોળ વર્ષ અવિરત તીવ્ર આર્ત અને રૌદ્રધ્યાનમાં ગાળ્યા અને સાતસો વર્ષનું આયુષ્ય પૂર્ણ થતા પોતાની મહારાણી કુરુમતીને નિરંતર યાદ કરતા-કરતા દેહત્યાગ કરી સાતમા નરકમાં ચાલ્યો ગયો.

## પ્રાચીન ઇતિહાસની એક ભગ્ન કડી

બારમા ચક્રવર્તી બ્રહ્મદત્તનું જૈન આગમો અને ગ્રંથોમાંથી પ્રાયઃ મળતું-હળતું વર્ણન વેદવ્યાસ રચિત 'મહાભારત' ને 'હરિવંશપુરાણ'માં પણ મળે છે. બ્રહ્મદત્તના જીવનની કેટલીક ઘટનાઓ જેના વિષયમાં બંને પરંપરાઓમાં સમાનતા છે, એને તુલનાત્મક વિવેચન માટે અહીં આપવામાં આવી રહી છે :

૧. બ્રહ્મદત્ત પાંચાલ જનપદના કામ્પિલ્ય નગરમાં રહેતો હતો.
૨. બ્રહ્મદત્તના જીવે પૂર્વજન્મમાં એક રાજાની ઋદ્ધિ જોઈ એવો સંકલ્પ કર્યો હતો - 'જો મેં કોઈ સુકૃત નિયમપાલન અથવા તપશ્ચરણ કર્યું હોય તો એના ફળસ્વરૂપ હું પણ આવો જ રાજા બનું.'
૩. બ્રહ્મદત્તને જાતિસ્મરણજ્ઞાન (પૂર્વજન્મનું જ્ઞાન) થયું, એનું બંને પરંપરાઓમાં નિમિતભેદને છોડી સમાન-સરખું વર્ણન છે.
૪. બ્રહ્મદત્તના પૂર્વજન્મોનું વર્ણન બંને પરંપરાઓમાં એકસરખું જ મળે છે.
૫. બ્રહ્મદત્તનાં લગ્ન બ્રાહ્મણ-કન્યાની સાથે થયાં હતાં, આ વિષયમાં પણ બંને પરંપરાઓની સરખી માન્યતા છે.
૬. બ્રહ્મદત્ત પશુ-પંખીઓની ભાષા સમજતો હતો, આ વાતનો ઉલ્લેખ બંને પરંપરાઓમાં છે.
૭. વૈદિક પરંપરામાં પૂજનિકા નામની એક ચકલી દ્વારા બ્રહ્મદત્તના પુત્રની આંખ ફોડી નાંખવાનો ઉલ્લેખ છે, જ્યારે કે જૈન પરંપરાના ગ્રંથોમાં એક પરિચિત બ્રાહ્મણના કહેવાથી એક ભરવાડ વડે બ્રહ્મદત્તની આંખો ફોડવાનો ઉલ્લેખ મળે છે.

આ કેટલીક સમાન માન્યતાઓ હોવા છતાં પણ બ્રહ્મદત્તના રાજ્યકાળના સંબંધમાં બંને પરંપરાના ગ્રંથોમાં મોટુ અંતર છે. 'હરિવંશ'માં મહાભારતકાળના ઘણા પહેલાં બ્રહ્મદત્તના હોવાનો ઉલ્લેખ છે, પણ પણ એનાથી ઊંધું જૈન પરંપરાના આગમ આદિ ગ્રંથોમાં પાંડવોના નિર્વાણ પછીના ઘણા સમય પછી બ્રહ્મદત્તની હયાતીનો ઉલ્લેખ છે. પ્રત્યેક તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવનાં જીવન-ચરિત્રની સાથે-સાથે આ બધાનો કાળ જૈન પરંપરાના બધાં આગમો-ગ્રંથોમાં સમાનરૂપે આપવામાં આવ્યો છે. માટે જૈન સાહિત્યમાં એમના જીવનકાળના સંબંધમાં શંકા માટે અવકાશ નથી રહેવા પામતો. ભારત વર્ષની આ બે પ્રાચીન પરંપરાઓના માન્ય ગ્રંથોમાં અધિકાંશત : સમાનતા ધરાવતું આ બ્રહ્મદત્તનું વર્ણન ઉપલબ્ધ છે. આ સંબંધમાં ઇતિહાસકારો દ્વારા શોધ-તપાસ કરવામાં આવે તો ચોક્કસપણે આ પ્રાચીન ભારતીય ઇતિહાસની શૃંખલા કડીને જોડવામાં મદદગાર સાબિત થઈ શકે છે. •

## ભગવાન શ્રી પાર્શ્વનાથ

બાવીસમા તીર્થંકર ભગવાન અરિષ્ટનેમિના પછી તેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ થયા. એમનો જન્મ ઈસવી સનની નવમી-દશમી સદી પહેલાં થયો. તેઓ ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરથી ૨૫૦ વર્ષ પહેલાં થયા હતા. ઐતિહાસિક શોધના આધારે આજના ઈતિહાસ-વિષયના વિદ્વાન ભગવાન પાર્શ્વનાથને ઐતિહાસિક મહાપુરુષ માનવા લાગ્યા છે. મેજર જનરલ ફર્લાંગે દીર્ઘ શોધ કર્યા પછી લખ્યું છે - "એ કાળમાં સંપૂર્ણ ઉત્તર ભારતમાં દાર્શનિક અને તપ-પ્રધાન ધર્મ અર્થાત્ જૈન ધર્મ અસ્તિત્વમાં હતો. જેના આધાર વડે બ્રાહ્મણ ને બૌદ્ધ ધર્મ સંન્યાસ પછીથી વિકસ્યા. આર્યોના ગંગાકિનારે અથવા સરસ્વતીના કિનારે પહોંચવાના પહેલાં જ લગભગ ૨૨ પ્રમુખ સંત અથવા તીર્થંકર જૈનોને ધર્મોપદેશ આપી ચૂક્યા હતા. એમના પછી પાર્શ્વ થયા, જેમને એમની પહેલાંના બધા ૨૨ તીર્થંકરો અથવા ઋષિઓનું જ્ઞાન હતું. એમને અનેક ધર્મશાસ્ત્રોનું જ્ઞાન હતું, જે એમની પ્રાચીનતાના કારણે પુરાણના નામથી ઓળખાતું હતું.

ડૉ. હર્મન જૈકોબી જેવા લબ્ધપ્રતિષ્ઠિત પશ્ચિમી વિદ્વાન ભગવાન પાર્શ્વનાથને ઐતિહાસિક પુરુષ માને છે અને એમણે જૈન આગમોની સાથે જ બૌદ્ધપિટકોના પ્રકાશમાં એવું સિદ્ધ કરવાનો પ્રયત્ન પણ કર્યો છે.

અનેક અન્ય વિદ્વાન પણ જૈકોબીનું સમર્થન કરે છે. ડૉ. વાસમ અનુસાર ભગવાન મહાવીર બૌદ્ધપિટકોમાં બુદ્ધના પ્રતિસ્પર્ધીના રૂપમાં બતાવવામાં આવ્યા છે અર્થાત્ એમની ઐતિહાસિકતા અસંદિગ્ધ છે. ડૉ. ચાર્લ શાર્પેટિયરે લખ્યું છે - "જૈન ધર્મ નિશ્ચિત જ મહાવીરથી જૂનો છે. એમના પૂર્વગામી સંત અથવા તીર્થંકર પાર્શ્વ નિશ્ચિત રૂપથી વિદ્યમાન હતા, એટલે કે જૈન ધર્મના મૂળ સિદ્ધાંત મહાવીરથી ઘણા આગળ પહેલેથી સૂત્ર-રૂપ ધારણ કરી ચૂક્યા હતાં."

### પાર્શ્વનાથના પહેલાંની ધાર્મિક સ્થિતિ

ભગવાન પાર્શ્વનાથના ઉપદેશોની વિશિષ્ટતા સમજવા માટે એ સમયના ભારતની ધાર્મિક સ્થિતિ સમજવી જરૂરી છે. ઉપલબ્ધ વૈદિક સાહિત્યના અધ્યયનથી જણાય છે કે ઈસવી સનની નવમી સદી પહેલાં ઋગ્વેદના અંતિમ મંડળની સ્થાપના થઈ ચૂકી હતી, જેના પરિણામે દેશમાં તત્ત્વસંબંધી અદ્ભુત જિજ્ઞાસાઓ થવા લાગી હતી અને એમના પર

ગંભીર ચિંતનો થતાં હતાં. ઉપનિષદ્કાળમાં આ ચિંતન-મનન, વિદ્વાનોના વાદ-વિવાદો અને સભાઓનું રૂપ ધારણ કરવા લાગ્યા હતા. જગતનાં મૂળભૂતતત્ત્વોના વિષયમાં ધીર-ગંભીર ચિંતન કરીને સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવ્યા. આત્મા વિષયક ચિંતનને વેગ મળવાથી એ તો સ્વાભાવિક જ હતું કે યજ્ઞાદિ કર્મકાંડોમાં રસ ઓછો થઈ જાય. કારણ કે મોક્ષ-પ્રાપ્તિ માટે યજ્ઞ વગેરેનો કોઈ પણ ઉપયોગ નથી થતો. આ વિચારધારાઓના ફળરૂપે વેદોના અનાદિત્ત્વ અને અપૌરુષેયત્વ ઉપર પણ સવાલ ઊઠવા લાગ્યા. આ વિચારકો પ્રાયઃ મૌન ધારણ કરીને શાંત, એકાંત વનપ્રદેશોમાં બ્રહ્મ, જગત્ અને આત્મા વગેરે અતિન્દ્રિય વિષયો ઉપર મનન-ચિંતન કરતા, અતઃ એમને મુનિની સંજ્ઞા આપવામાં આવી. આ વનવાસીઓનું જીવન સિદ્ધાંત, તપસ્યા, દાન, આર્જવ, અહિંસા અને સત્ય હતું. 'ગીતા' અનુસાર આ ભાવનાઓની ઉત્પત્તિ સ્વયં ઈશ્વર (આત્મદેવ)થી થઈ છે. એ સમયે એક તરફ આવો જ્ઞાનયજ્ઞ થઈ રહ્યો હતો, તો બીજી તરફ યજ્ઞના નામે પશુઓની બલિ ચઢાવીને દેવોને પ્રસન્ન કરવાનાં આયોજનો પણ સારાં એવાં પ્રમાણમાં થઈ રહ્યાં હતાં. એ વખતે આમજનતા માટે એ નિષ્કર્ષ પર આવવું મુશ્કેલ હતું કે કયો માર્ગ સાચો અને કલ્યાણકારી છે. અને એવા જ સમયમાં ભારતની પુણ્ય-પાવન ભૂમિ વારાણસીમાં ભગવાન પાર્શ્વનાથનો જન્મ થયો. યજ્ઞોમાં થતી હિંસાનો એમણે જોર-શોરથી વિરોધ કર્યો, અને આત્મધ્યાન તેમજ ઇન્દ્રિય-દમન પર લોકોનું ધ્યાન ખેંચ્યું. એમનું કરુણ - કોમળ હૃદય પ્રાણીમાત્રને સુખ-શાંતિનો સાચો અને પ્રશસ્ત રસ્તો બતાવવા માંગતું હતું.

કેટલાક ઇતિહાસલેખકો એવી કલ્પના કરે છે કે - 'હિંસાયુક્ત યજ્ઞનો વિરોધ કરવાથી યજ્ઞપ્રેમી એમના વિરોધી થઈ ગયા.' જેના લીધે પાર્શ્વનાથે એમની જન્મભૂમિ છોડી અનાર્ય પ્રદેશને ઉપદેશક્ષેત્ર બનાવવું પડ્યું. ખરું જોતાં આ તર્ક યુક્તિસંગત નથી, કારણ કે યજ્ઞનો વિરોધ તો ભગવાન મહાવીરના સમયમાં આના કરતાં પણ વધુ ઉગ્ર હતો. પણ મહાવીર એમના જન્મસ્થળની આસપાસનાં ક્ષેત્રોમાં જ ધર્મનો પ્રચાર - પ્રસાર કરતા રહ્યા. અતઃ ભગવાન પાર્શ્વનાથે પણ અનાર્ય-પ્રદેશોમાં વિચરણ, વિરોધને લીધે નહિ, પણ સહજ ધર્મપ્રચારની ભાવનાથી જ કર્યો હતો.

## પૂર્વજન્મ અને સાધના

કોઈ પણ આત્મા એકાએક જ પૂર્ણ વિકાસ પ્રાપ્ત નથી કરતો. જન્મો-જન્મનાં કર્મો અને સાધના વડે જ વિશુદ્ધિ મેળવીને તે મોક્ષયોગ્ય સ્થિતિ મેળવે છે. 'ચઉવન્નમહાપુરિસચરિયં' અને 'ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર'માં ભગવાન પાર્શ્વનાથના દસ પૂર્વભવોનું વર્ણન છે. પ્રથમ મરુભૂતિ અને કમઠનો ભવ, બીજો હાથીનો ભવ, ત્રીજો સહસ્રાર દેવનો, ચોથો કિરણદેવ વિદ્યાધરનો, પાંચમો અચ્યુત દેવનો, છઠ્ઠો વજ્રનાભનો, સાતમો ગ્રૈવેયક દેવનો, આઠમો સ્વર્ણબાહુનો, નવમો પ્રાણત દેવનો અને દસમો પાર્શ્વનાથનો.

ભગવાન પાર્શ્વનાથે એમના આઠમા એટલે કે સ્વર્ણબાહુ(સુવર્ણ-બાહુ)ના ભવમાં તીર્થંકર નામ-ગોત્ર ઉપાર્જિત કર્યું. એ જન્મનો ટૂંકસાર અહીં આપવામાં આવી રહ્યો છે. વજ્રનાભનો જીવ દેવલોકથી ચ્યુત થઈ પૂર્વવિદેહમાં મહારાજ કુલિશબાહુની ધર્મપત્ની રાણી સુદર્શનાની કુક્ષિથી ચક્રવર્તીનાં સઘળાં લક્ષણોથી સજ્જ સુવર્ણબાહુના રૂપમાં જન્મ્યો. એના યુવાન થતા જ મહારાજે એમનાં લગ્ન કરાવી દીધાં અને એમનો રાજપદ પર અભિષેક કરી પોતે દીક્ષા લઈ લીધી.

એક વખતની વાત છે, જ્યારે સુવર્ણબાહુ ઘોડા પર બેસીને હવા ફેર કરવા અને પ્રકૃતિનું સાંનિધ્ય માણવા માટે ગયા, ત્યારે રસ્તામાં ઘોડો બેકાબૂ થઈ ઝડપથી એમને એક ગાઢ જંગલમાં લઈ ગયો. જંગલમાં એક સરોવર પાસે એ ઘોડો ઊભો રહ્યો, ત્યારે રાજાએ ઘોડા પરથી ઊતરીને સરોવરમાં હાથ-મોઢું ધોઈ, પાણી પીધું અને ઘોડાને એક ઝાડ સાથે બાંધીને લટાર મારવા ઊપડી ગયો. થોડે દૂર જતા એક આશ્રમ પાસે બાગમાં એમણે કેટલીક યુવતીઓને રમતી જોઈ. એમાંની અત્યંત સૌંદર્યવાન યુવતી પર રાજાની નજર ઠરી ગઈ અને એને અનિમેષ તાકતા જ રહ્યા. એ યુવતીએ એમના કપાળ ઉપર ચંદન વગેરેનો લેપ કર્યો હતો, જેને લીધે એના મોઢા ઉપર ભમરાઓ ભમી રહ્યા હતા. યુવતી એમને જેમ દૂર કરવાનો પ્રયત્ન કરતી તેમ-તેમ વધારે ને વધારે ભમરાઓ એની પર ભમવા લાગ્યા. છેલ્લે કંટાળીને તે ચીસ પાડી ઊઠી. આ જોઈ સુવર્ણબાહુએ એની ચાદરના છેડા વડે ભમરાઓને દૂર કરી એ યુવતીને હેરાન થતી બચાવી.

કન્યાઓ સુવર્ણબાહુનો આભાર માની બોલી : "આ રાજા ખેચરેન્દ્રની રાજકુમારી પદ્મા છે. એના પિતા મૃત્યુ પામતા એની માતા રત્નાવલીની સાથે અહીં ગાલવ ઋષિના આશ્રમમાં સુરક્ષા માટે આવેલી છે. ગઈકાલે એક દિવ્યજ્ઞાનીએ કહ્યું હતું કે - 'એને સુવર્ણબાહુ જેવા યોગ્ય વર મળશે.' તે વાત સાચી ઠરી છે."' આશ્રમના આચાર્ય ગાલવ ઋષિએ જ્યારે સુવર્ણબાહુના આગમનના સમાચાર સાંભળ્યા તો મહારાણી રત્નાવલીની સાથે તેઓ પણ ત્યાં પહોંચ્યા અને સાદર સ્વાગત-સત્કાર કર્યા પછી પદ્માના એમની સાથે લગ્ન કરાવી દીધા. થોડોક સમય ત્યાં ગાળી રાજા એના રાજ્યમાં પાછા ફર્યા. રાજ્યશ્રી માણતા હતા તેવામાં એમને ત્યાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. એના પ્રભાવ વડે છ ખંડો પર વિજયધ્વજા ફરકાવી સુવર્ણબાહુ ચક્રવર્તી સમ્રાટ બની ગયા.

એક દિવસ પુરાણપુરના ઉદ્યાનમાં તીર્થંકર જગન્નાથનું સમવસરણ થયું. આનંદિત થઈ સુવર્ણબાહુ પણ સપરિવાર એમને પ્રણામ કરવા ગયા. તીર્થંકર જગન્નાથનાં દર્શન અને સમવસરણમાં આવેલા દેવોનું વારંવાર સ્મરણ કરી સુવર્ણબાહુ ઘણા રોમાંચિત થયા ને એમને વૈરાગ્ય-જીવનની મહત્તા પર ઊંડું ચિંતન કરતા જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું, પરિણામે એમણે એમના પુત્રને રાજકાજ સોંપીને તીર્થંકર જગન્નાથ પાસે દીક્ષા અંગીકાર કરી અને ઉગ્ર તપસ્યા કરીને અર્હદ્ભક્તિ વગેરે વીસ સ્થાનોમાંથી અનેકની સમ્યક્ રૂપે આરાધના કરીને તીર્થંકર નામગોત્રનો બંધ કર્યો.

તેઓ તપની સાથે-સાથે ઘણી કઠોર પ્રતિજ્ઞાઓ પણ કરતા હતા. એક સમયે તેઓ વિહાર કરતા-કરતા ક્ષીરગિરિની પાસે ક્ષીરવર્ણ નામના જંગલમાં સૂર્ય તરફ નજર કરી, કાયોત્સર્ગપૂર્વક આતાપના લેવા ઊભા થઈ ગયા. એ સમયે કમઠનો જીવ, જે સાતમા નરકમાંથી નીકળીને એ વનમાં સિંહના રૂપે જન્મ્યો હતો, મુનિને જોઈને પૂર્વજન્મના વેરથી ખેંચાઈને ક્રોધથી ગર્જના કરતો એમના પર તૂટી પડ્યો. મુનિ સુવર્ણબાહુ કાયોત્સર્ગ પૂરુ કરી સંલેખનાપૂર્વક અનશન કરી ધ્યાનમગ્ન થઈ ગયા હતા. સિંહે એમના પર હુમલો કરી એમના શરીરને ફાડવા માંડ્યું. છતાં પણ મુનિ બિલકુલ શાંત અને અચળ રહ્યા. સમભાવથી એમનું આયુષ્ય પૂર્ણ કરી તેઓ મહાપ્રભ નામના વિમાનમાં દેવ થયા અને વીસ સાગરની વય મેળવી. સિંહ પણ મરીને ચોથા નરકમાં ઉત્પન્ન થયો અને દસ સાગરની ઉંમર મેળવી. નરકનો સમયગાળો પૂરો થતા તે લાંબા સમય સુધી તિર્યંક્ યોનિઓમાં અનેક જાતનાં દુઃખો ભોગવતો રહ્યો.

## વિવિધ ગ્રંથોમાં પૂર્વભવનું વિવરણ

'પદ્મચરિત્ર' પ્રમાણે પાર્શ્વનાથના પૂર્વજન્મનું નામ આનંદ હતું. એમનો જન્મ સાકેત નગરીમાં વીતશોક ડામરને ત્યાં થયો હતો. રવિસેને પાર્શ્વનાથને વૈજયન્ત સ્વર્ગથી અવતરિત થયેલા માન્યા છે, જ્યારે 'તિલોયપણ્ણત્તી' અને 'કલ્પસૂત્ર'માં એમને પ્રાણતકલ્પથી ચ્યુત થયેલા માન્યા છે. 'ઉત્તરપુરાણ' અને 'પાસનાહચરિઉં'માં પણ પાર્શ્વનાથના પૂર્વજન્મનું એકસરખું વર્ણન છે. આચાર્ય હેમચન્દ્રના 'ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર' અને લક્ષ્મી વલ્લભના 'ઉત્તરાધ્યયનસૂત્ર'ની ટીકાના તેવીસમા અધ્યયનમાં પણ પૂર્વભવોનું વર્ણન છે. પશ્ચાદ્‌વર્તી આચાર્યોએ પાર્શ્વનાથની જીવનગાથા સ્વતંત્ર રૂપે પણ લખી. શ્વેતાંબર પરંપરામાં બધાથી પહેલા શ્રી દેવભદ્ર સૂરિએ 'સિરિપારસનાહચરિઉં'ના નામથી સ્વતંત્ર પ્રબંધ-નિબંધ લખ્યો. દેવભદ્ર સૂરિ પ્રમાણે મરુભૂતિ એના પિતાનું અવસાન થતા દુઃખી રહેવા લાગ્યો અને હરિચંદ્ર મુનિના ઉપદેશોથી પ્રભાવિત થઈ એની પત્ની અને પરિવારથી પણ ઉદાસીન રહેવા લાગ્યો, પરિણામે એની પત્ની વસુંધરી કમઠ નામની વ્યક્તિ પ્રત્યે ખેંચાઈ. કમઠ અને પોતાની પત્નીનાં પાપાચરણની વાત મરુભૂતિએ કમઠની પત્ની વરુણા દ્વારા જાણી. આ વાતની ખરાઈ જાણવા મરુભૂતિએ નગરથી બહાર જવાનું જૂઠાણું ચલાવ્યું. રાતના સમયે યાચકના-(માંગણના) વેશમાં પાછા ફરી એણે નક્કી કરેલી જગ્યાએ રોકાવાની પરવાનગી મેળવી લીધી. ત્યાં એણે કમઠ અને વસંધુરીને મળતાં જોયાં. ત્યાર પછી આ પાપાચારને જોઈ તે રાજા અરવિંદ સામે ન્યાય માંગવા ગયો. રાજા અરવિંદે એ જ સમયે કમઠને બોલાવી સૈનિકોને આજ્ઞા આપી કે - 'આ પાપીનું મોઢું કાળું કરી ગધેડા પર બેસાડી નગરની બહાર તગેડી મૂકો.' સૈનિકોએ એમ જ કર્યું અને લોકોએ પથ્થરો મારી-મારીને એને ગામની બહાર કાઢી મૂક્યો. આ રીતે તિરસ્કારાયેલ - ધિક્કારાયેલ તે જંગલમાં જઈ આત્મહત્યા કરવાનો વિચાર કરવા લાગ્યો, પણ કંઈક વિચારી તે મુનિ બની ધ્યાનમગ્ન થઈ ગયો.

થોડા સમય પછી મરુભૂતિએ ચિંતન કર્યું કે - 'મારે કૌટુંબિક સમસ્યાઓમાં રાજાને વચ્ચે લાવવા જોઈતા ન હતા અને માફી માંગવા કમઠની પાસે ગયો, પણ ત્યાં તો એને જોતાં જ કમઠ ગુસ્સે ભરાયો અને

એના માથા પર એક મોટો પથ્થર મારી એની હત્યા કરી નાખી. આ સમાચાર સાંભળી રાજા અરવિંદ વૈરાગી બન્યા અને સઘળું જ ત્યજીને દીક્ષા અંગીકાર કરી લીધી.

આ રીતે ભગવાન પાર્શ્વનાથનો જીવ જન્મ-મરણના ચક્કર કાપતાં-કાપતાં નવમા સુવર્ણબાહુના જન્મમાં સંયમધર્મનું આચરણ કરી તીર્થંકર નામકર્મને ઉપાર્જિત કર્યું અને એ જ ભવમાં એક સિંહ(જે કમઠનો જીવ હતો)ના હુમલાથી ઘાયલ થઈ મૃત્યુ પામ્યો અને પ્રાણત દેવલોકમાં પ્રગટ થયો.

## જન્મ અને માતા-પિતા

દેવલોકમાં વીસ સાગરની વયમર્યાદા પૂરી કરી સુવર્ણબાહુનો જીવ ચૈત્ર કૃષ્ણ ચોથના વિશાખા નક્ષત્રમાં અડધી રાતની વખતે ચ્યવન કરી વારાણસીના મહારાજ અશ્વસેનની મહારાણી વામાના કૂખમાં ગર્ભ રૂપે પ્રગટ થયો. મહારાણીએ ચૌદ શુભ-સ્વપ્નોની મોઢામાં પ્રવેશ કરતા જોઈ પરમાનંદની લાગણી અનુભવી. ગર્ભાવસ્થા પૂરી થતા પોષ કૃષ્ણ દશમના દિવસે અડધી રાત્રે વિશાખા નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ થતા એમણે સુખથી પુત્રરત્નને જન્મ આપ્યો. 'તિલોયપણ્ણત્તી' પ્રમાણે ભગવાન પાર્શ્વનાથનો જન્મ ભગવાન નેમિનાથના જન્મના ચોર્યાશી હજાર છસો પચાસ (૮૪૬૫૦) વર્ષ વીત્યા પછી થયો હતો. પુત્ર-જન્મના આનંદમાં મહારાજ અશ્વસેને દસ દિવસ સુધી જન્મોત્સવ ઉજવ્યો. બારમા દિવસે નામકરણનાં મુરત વખતે અશ્વસેને ઘોષણા કરી કે - 'બાળકના ગર્ભમાં રહેવા પછી એની માતાએ અંધાકારપૂર્ણ રાતમાં પણ પાસે(પાર્શ્વ)થી જતા સાપને જોઈને મને જાણ કરેલી અને મારો જીવ બચાવ્યો, માટે બાળકનું નામ પાર્શ્વનાથ રાખવું યોગ્ય છે. 'ઉત્તરપુરાણ' અનુસાર સ્વયં ઈન્દ્રએ બાળકનું નામ પાર્શ્વનાથ રાખ્યું હતું.

'સમવાયાંગ' અને 'આવશ્યકનિર્યુક્તિ'માં પાર્શ્વના પિતાનું નામ આસસેણ (અશ્વસેન) તેમજ માતાનું નામ વામા લખેલું છે. આચાર્ય ગુણભદ્ર અને પુષ્પદંતે 'ઉત્તરપુરાણ' અને 'મહાપુરાણ'માં પિતાનું નામ વિશ્વસેન અને માતાનું નામ બ્રાહ્મી લખ્યું છે. વાદિરાજે 'પાર્શ્વનાથ-ચરિત્ર'માં માતાનું નામ બ્રહ્મદત્તા લખ્યું છે. 'તિલોયપણ્ણત્તી'માં પાર્શ્વની માતાનું નામ વર્મિલા પણ આપેલું છે. અશ્વસેનનું સમાનાર્થી હયસેન

નામ પણ મળે છે. મૌલિક રૂપે જોવામાં આવે તો એનાથી કોઈ ફરક નથી પડતો. ગુણ, પ્રભાવ, બોલચાલ વગેરેની દૃષ્ટિથી વ્યક્તિના નામમાં થોડીક અલગતા હોવી સ્વાભાવિક - સહજ છે.

ભગવાન પાર્શ્વનાથના કુળ અને વંશ સંબંધમાં 'સમવાયાંગ' વગેરે મૂળ આગમોમાં કોઈ સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. માત્ર 'આવશ્યક-નિર્યુક્તિ'માં ૨૨ તીર્થંકરને કાશ્યપગોત્રીય અને મુનિસુવ્રત તેમજ અરિષ્ટનેમિને ગૌતમગૌત્રીય બતાવવામાં આવ્યા છે. પણ દેવભદ્ર સૂરિના 'પાર્શ્વનાથ- ચરિત્ર' અને હેમચંદ્રના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'માં અશ્વસેન નૃપને ઈક્ષ્વાકુવંશી માનવામાં આવ્યા છે. કાશ્યપ અને ઈક્ષ્વાકુ બંનેનો એક જ અર્થ થતો હોવાને લીધે ક્યાંક ઈક્ષ્વાકુની જગ્યાએ કાશ્યપ કહેવામાં આવે છે. પુષ્પદંતે પાર્શ્વને ઉગ્રવંશીય કહ્યા છે. 'તિલોયપણ્ણત્તી'માં પણ એમના વંશને ઉગ્રવંશ કહેવામાં આવ્યો છે અને આજકાલના ઈતિહાસજ્ઞ વિદ્વાન પાર્શ્વને ઉરગ એટલે કે નાગવંશી પણ કહેવામાં આવે છે.

પાર્શ્વનાથ અગણિત શક્તિશાળી તથા ૧૦૦૮ શુભલક્ષણોથી વિભૂ-ષિત હતા. બાળકની પ્રતિભા, બુદ્ધિ અને તેજસ્વિતાને જોઈને મહારાણી વામા અને મહારાજ અશ્વસેન અત્યાધિક પ્રસન્ન અને સંતુષ્ટ હતા. પાર્શ્વનાથ ગર્ભકાળથી જ મતિ, શ્રુતિ અને અવધિજ્ઞાનથી સંપન્ન હતા.

## પાર્શ્વની વીરતા અને વિવાહ

મહારાજ અશ્વસેન એક દિવસ એમની રાજ્યસભામાં બેઠેલા હતા કે કુશસ્થલ નગરથી એક દૂત આવ્યો. એણે મહારાજને વંદન કર્યા અને બોલ્યો : "કુશસ્થલના રાજા નરવર્માએ શ્રમણદીક્ષા લઈ લીધી છે અને એમનો પુત્ર પ્રસેનજિત આ સમયે રાજ્યનો કારભાર સંભાળી રહ્યો છે. એમની પુત્રી પ્રભાવતીએ જ્યારે તમારા પુત્ર કુમાર પાર્શ્વનાથના રૂપ અને ગુણનાં વખાણ સાંભળ્યા, ત્યારથી એણે પ્રતિજ્ઞા કરી છે કે - 'પાર્શ્વનાથ સિવાય બીજા કોઈ સાથે લગ્ન કરશે નહિ.' માતા-પિતા પણ પુત્રીની આ પસંદગીથી ખુશ હતા, પણ કલિંગ દેશના રાજા યવને 'મારા રહેતા પ્રભાવતી પાર્શ્વને કેવી રીતે આપી શકાય છે ?' આમ કરીને કુશસ્થલ પર આક્રમણ કરવાની આજ્ઞા આપી દીધી છે. મહારાજ પ્રસેનજિત મોટી મુશ્કેલીમાં - આફતમાં ફસાઈ ગયા છે. એમણે મને આખી પરિસ્થિતિથી આપને વાકેફ કરાવવા માટે મોકલ્યો છે."

એ દૂત પાસેથી આમ જાણી અશ્વસેનનું શૂરત્વ જાગી ગયું. તે બોલ્યા : "એ પામરની આ હિંમત, જે મારા રહેતાં તમારા પર ચઢાઈ કરે ?" આમ કહી એમણે યુદ્ધનું બ્યુગલ વગાવડાવ્યું. પાર્શ્વકુમારે જ્યારે યુદ્ધવાદ્ય સાંભળ્યું તો પિતા પાસે જઈ વસ્તુસ્થિતિ જાણીને બોલ્યા : "તમારે જવાની શી જરૂર છે ? એ યવનને દંડિત કરવા માટે તો હું એકલો જ કાફી (બસ) છું, મને એમાં કાંઈ વિશેષ મહેનત દેખાતી નથી." પુત્રના આવા ઉત્સાહિત અને શૌર્યપૂર્ણ વચન સાંભળી એને યુદ્ધ માટે જવાની આજ્ઞા આપવામાં આવી. પાર્શ્વનાથે કલિંગ-રાજની પાસે સંદેશો મોકલાવ્યો કે - 'રાજા પ્રસેનજિતે અશ્વસેનનું શરણું લીધું છે, માટે કુશસ્થળ ઉપર આક્રમણ કરવાનો વિચાર ત્યજી દે.' એના બદલામાં કલિંગ- નરેશે કહેવડાવ્યુ કે - 'તારે વચમાં પડવાની જરૂર નથી. ક્યાંક એવું ન બને કે અમારા ક્રોધથી તું કસમયે જ પોતાના પ્રાણોને ખોઈ બેસે.' પાર્શ્વનાથ તો કરુણાસિંધુ હતા. તે યવનરાજની વાતથી નારાજ થયા નહિ, પણ એમણે એને ફરી વાર સમજાવવા માટે દૂતને મોકલ્યો. દૂતની વાત સાંભળી યવનરાજે કહ્યું : "લાગે છે કે તને તારા સ્વામીથી કોઈક દુશ્મનાવટ છે, તેથી એને મારી સાથે લડવા માટે મજબૂર કરી રહ્યો છે."

યવનરાજની વાત સાંભળી એમનો મંત્રી બોલ્યો : "મહારાજ ! પાર્શ્વનાથની મહાનતાથી આપ વાકેફ નથી. ઇન્દ્ર પણ એમની શક્તિની સામે નતમસ્તક રહે છે. માટે બધાનું હિત પાર્શ્વનાથની શરણ લેવામાં જ સમાયેલું છે." મંત્રીની આ સ્વ-પર હિતકર શિક્ષાથી યવનરાજ પ્રભાવિત થયો અને પાર્શ્વનાથ પાસે જઈ માફી માંગી. પાર્શ્વનાથે પણ એને અભયદાન આપી સન્માનપૂર્વક વિદાય કર્યો.

એ જ વખતે કુશસ્થળનો રાજા પ્રસેનજિત પ્રભાવતીની સાથે ત્યાં જઈ બોલ્યો : "મહારાજ ! તમે જે રીતે અમારી પ્રાર્થના સ્વીકારી અમારી તેમજ અમારા રાજ્યની રક્ષા કરી છે, એ જ રીતે મારી પુત્રીની પ્રાર્થના સ્વીકારી એની સાથે લગ્ન કરી અમારા પર ઉપકાર કરો." પાર્શ્વનાથે કહ્યું : "રાજન્ ! હું મારા પૂજ્યવર પિતાજીની આજ્ઞાથી તમારા રાજ્યનું રક્ષણ કરવા માટે આવ્યો હતો, નહિ કે તમારી પુત્રી સાથે વિવાહ કરવા માટે. એટલે આ સમયે નકામો આગ્રહ

ન કરો.'' આમ કહી પાર્શ્વનાથ એમની સેના લઈને વારાણસી જવા માટે નીકળી પડ્યા.

પ્રસેનજિત પણ એમની પુત્રી સાથે પાર્શ્વની સાથે-સાથે વારાણસી ગયા. એમણે મહારાજને નિવેદન કર્યું : ''મારી પુત્રી પ્રભાવતીને કુમાર માટે સ્વીકારી અમારી પર કૃપા કરો.'' અશ્વસેન મહારાજે કુમારને બોલાવી કહ્યું : ''કુમાર ! પ્રસેનજિતની પુત્રી પ્રભાવતી સર્વગુણ-સંપન્ન છે, અમે પણ એવું જ ઇચ્છીશું કે તું એને તારી પત્નીના રૂપમાં સ્વીકારે.'' પિતાના આગ્રહને પાર્શ્વકુમાર ખાળી ન શક્યો અને એમણે ભોગ્ય કર્મોના ક્ષય માટે પ્રભાવતી સાથે લગ્ન કરી લીધાં.

## વિવાહના વિષયમાં મતભેદ

પાર્શ્વનાથના પરણેલા હોવાના વિષયમાં જૈનાચાર્યોમાં મતભેદ છે. 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' અને 'ચઉપન્નમહાપુરિસચરિયં'માં ભગવાન પાર્શ્વનાથના લગ્નનું વર્ણન છે. પણ 'તિલ્લોયપણ્ણત્તી, પદ્મચરિત્ર, ઉત્તરપુરાણ, મહાપુરાણ' અને વાદિરાજકૃત 'પાર્શ્વચરિત્ર'માં લગ્નનો ઉલ્લેખ મળતો નથી. દેવભદ્રકૃત 'પાસનાહચરિયં' અને 'ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર'માં યવનરાજના આત્મસમર્પણ પછી વિવાહનું વર્ણન છે. પદ્મકીર્તિએ વિવાહનો અવસર ઉપાડ્યો તો છે, પણ લગ્ન થવાનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. મૂળ આગમ 'સમવાયાંગ' અને 'કલ્પસૂત્ર'માં લગ્નનું વર્ણન નથી.

શ્વેતાંબર અને દિગંબર પરંપરાના કેટલાક ગ્રંથોમાં લખેલું છે કે - 'તીર્થંકર વાસુપૂજ્ય, મલ્લી, નેમિ, પાર્શ્વ અને મહાવીર કુમારાવસ્થામાં જ દીક્ષિત થયેલા અને બાકીના ઓગણીસે રાજ્ય કર્યું હતું.' આ આધારે જ દિગંબર પરંપરા એમને અપરિણીત માને છે. શ્વેતાંબર પરંપરાના આચાર્યોના મતે - 'કુમારકાળનો અભિપ્રાય અહીં યુવરાજ અવસ્થાથી છે. પાર્શ્વને પરિણીત માનવાવાળાની દૃષ્ટિમાં તેઓ પિતાના આગ્રહથી વિવાહ કરવા છતાં પણ ભોગ-જીવનથી અલિપ્ત રહ્યા તેમજ તરુણ અને સમર્થ થઈને પણ એમણે રાજ્યપદ સ્વીકાર્યું નહિ. આ કારણે જ એમને કુમાર કહેવામાં આવ્યા છે. પરંતુ બીજા આચાર્યોની દૃષ્ટિએ તેઓને અપરિણીત રહેવાના લીધે કુમાર કહેવામાં આવ્યા છે.' આ જ મતભેદનું મૂળ કારણ છે. 'શબ્દરત્નકોષ' અને 'વૈજયંતિ'માં પણ કુમારનો અર્થ યુવરાજ કરવામાં આવ્યો છે.

## નાગનો ઉદ્ધાર

એક દિવસ પાર્શ્વનાથ પોતાના રાજમહેલમાંથી વારાણસીની છટા-પ્રભાનું અવલોકન કરી રહ્યા હતા કે એમણે ઘણાબધા લોકોને પૂજા-અર્ચનાની સામગ્રી લઈ નગરની બહાર જતા જોયા. પૃચ્છા કરતા ખબર પડી કે - 'નગરના બગીચામાં કમઠ નામના મોટા તપસ્વી પંચાગ્નિ તપ કરી રહ્યા છે અને લોકો એમની સેવા-અર્ચના માટે જઈ રહ્યા છે.' કુમાર પણ કુતૂહલવશ તાપસને જોવા ગયા. એમણે જોયું કે તાપસ ઘૂણી સળગાવી પંચાગ્નિ તાપી રહ્યો છે. એની ચારેય તરફ ભીષણ આગ સળગી રહી છે, અને માથા ઉપર ઉનાળાનો સૂર્ય તપી રહ્યા છે. લાંબી-લાંબી જટાઓની વચ્ચે લાલઘૂમ આંખો તપસ્વીને વધુ ભયાનક બનાવી રહી છે. ટોળે-ટોળાં વળીને લોકો આવે છે, ફુલહાર વગેરે મૂકે છે, અને વિભૂતિ(ભસ્મ)નો પ્રસાદ લઈને પોતાની જાતને ધન્ય સમજી જતા રહે છે. પાર્શ્વકુમારે એમના અવધિજ્ઞાન વડે જાણી લીધું કે - 'ધૂણીમાં પડેલા એક લાકડામાં એક મોટો નાગ ('ઉત્તરપુરાણ' પ્રમાણે નાગ-નાગણનું જોડું) સળગી રહ્યું છે.' એમ ખબર પડતાં કુમારનું હૃદય પીગળી ગયું. એમણે તાપસ કમઠને કહ્યું : "ધર્મનું મૂળ દયા છે. તે અગ્નિને સળગાવવાથી કઈ રીતે શકય થઈ શકે છે ? કારણ કે અગ્નિ સળગાવવાથી બધા પ્રકારના જીવોનો વિનાશ થાય છે."

પાર્શ્વની વાત સાંભળી તાપસ કાળ-ઝાળ થઈ ઊઠ્યો : "કુમાર ! તમે શું જાણો ધર્મ શું છે ? તારું કામ તો હાથીં-ઘોડા સાથે મનોરંજન કરવાનું છે. ધર્મનો મર્મ તો અમે મુનિ લોકો જ જાણીએ છીએ. શું તું આ ધૂણીની આગમાં સળગતા કોઈ જીવ વિશે કહી શકે છે ?" રાજકુમારે સેવકોને આદેશ આપી અગ્નિકુંડમાંથી સળગતું લાકડું બહાર કઢાવ્યું અને એને સાવધાનીપૂર્વક ફાડવામાં આવતા એમાંથી બળતો એક સાપ બહાર કાઢ્યો. પાર્શ્વનાથે સાપને પીડાતો જોઈ સેવક પાસે નવકારમંત્ર બોલાવીને પચ્ચક્ખાણ અપાવ્યા એને આર્ત-રૌદ્રરૂપ દુર્ધ્યાનથી બચાવ્યો. શુભભાવે આયુષ્ય પૂર્ણ કરી એ નાગ, નાગજાતિના ભવનવાસી દેવોમાં ધરણેન્દ્ર નામનો ઇન્દ્ર થયો. ઉપસ્થિત જનસમૂહ પાર્શ્વનાથના જ્ઞાન અને વિવેકના છૂટા મોંએ વખાણ કરવા લાગ્યા. તાપસની પ્રતિષ્ઠા ઓછી થઈ ગઈ. તે પાર્શ્વકુમાર પ્રત્યે ઈર્ષાળુ બન્યો. અંતે અજ્ઞાન-તપથી જીવન સમાપ્ત કરી એ અસુરકુમારોમાં મેઘમાલી નામનો દેવ થયો.

## વૈરાગ્ય અને દીક્ષા

જગતમાં બોધ મેળવનારી ત્રણ શ્રેણીઓ માનવામાં આવી છે - સ્વયંબુદ્ધ, પ્રત્યેકબુદ્ધ અને બુદ્ધબોધિત. તીર્થંકરોની ગણના સ્વયંબુદ્ધમાં કરવામાં આવે છે. તેઓ કોઈ પાસે બોધ મેળવી વૈરાગ્ય નથી પામતા. પાર્શ્વનાથ સહજ વૈરાગી હતા, ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થજીવનમાં રહીને પણ તેઓ તેમાં આસક્તિ પામ્યા નહિ. ભોગ્યકર્મોના ફળભોગોને ક્ષીણ જાણી પાર્શ્વએ સંયમ ગ્રહણ કરવાનો સંકલ્પ કર્યો. નિયમ પ્રમાણે લોકાંતિક દેવોએ એમને અનુરોધ કર્યો કે - 'તેઓ ધર્મતીર્થને પ્રગટાવે.' તદનુસાર પાર્શ્વનાથે આખા વર્ષ સુધી સ્વર્ણ મુદ્રાઓનું દાન કર્યું. વર્ષીદાન સંપન્ન થતા પોષ કૃષ્ણ એકાદશના દિવસે વારાણસી નગરીના આશ્રમપદ ઉદ્યાનમાં વિશાળ જનસમૂહની વચ્ચે અશોક વૃક્ષની નીચે પોતાના હાથો વડે વસ્ત્રાભૂષણ ઉતારી પંચમુષ્ઠિ લોચ કર્યો, અને ત્રણ દિવસ સુધી નિર્જળ ઉપવાસ(અષ્ટમતપ)થી વિશાખા નક્ષત્રમાં ત્રણસો અન્ય લોકોની સાથે અણગારધર્મ સ્વીકાર કર્યો. દીક્ષા લેતા જ એમને મનઃપર્યવજ્ઞાન થઈ ગયું. બીજા દિવસે આશ્રમપદ ઉદ્યાનથી વિહાર કરી કોપકટક સન્નિવેશમાં પહોંચ્યા. ત્યાં ધન્ય નામના એક ગૃહસ્થને ત્યાં એમણે પરમાન્ન ખીરથી અષ્ટમતપનું પારણું કર્યું. દેવોએ પંચ-દિવ્યોની વૃષ્ટિ કરી દાનની મહિમા ગાઈ. આચાર્ય ગુણભદ્રે 'ઉત્તરપુરાણ'માં અષ્ટમતપનું પારણું ગુલ્મખેટના રાજા ધન્યને ત્યાં હોવાનું લખ્યું છે. પદ્મકીર્તિએ અષ્ટમતપની જગ્યાએ આઠ ઉપવાસ સાથે દીક્ષિત થવું લખ્યું છે, જે વિચાર કરવા યોગ્ય છે.

દીક્ષા ગ્રહણ કર્યા પછી ભગવાને એવો અભિગ્રહ (સંકલ્પ) કર્યો કે - 'છદ્મસ્થકાળમાં સાધના વખતે સંપૂર્ણપણે સમાધિસ્થ રહીશ, આ અવધિમાં પોતાના શરીર પ્રત્યે પણ કોઈ જાતનું મમત્વ રાખીશ નહિ, તેમજ દરેક પ્રકારના ઉપસર્ગોને અડગ ભાવે સહન કરીશ.'

## સાધના અને ઉપસર્ગ

વારાણસીથી વિહાર કરતી વખતે ભગવાન શિવપુરી નગરમાં ગયા અને પોતાના અભિગ્રહ પ્રમાણે કૌશાંબ વનમાં ધ્યાનસ્થ ઊભા રહી ગયા. ત્યાં પોતાના પૂર્વજન્મનું સ્મરણ કરી ધરણેન્દ્ર આવ્યો અને તાપથી બચાવવા માટે એમની ઉપર છત્ર-છાયા કરી દીધી. ત્યારથી એ સ્થાનનું નામ 'અહિછત્ર' પડી ગયું.

પછી વિચરણ કરતા પ્રભુ એક તાપસાશ્રમે પહોંચ્યા. સાંજ થઈ જવાને લીધે ત્યાં જ એક વડની નીચે કાયોત્સર્ગ કરી ઊભા રહી ગયા. અચાનક કમઠના જીવે, જે મેઘમાલી અસુર બન્યો હતો, પોતાના જ્ઞાનથી પ્રભુને ધ્યાનમગ્ન ઊભેલા જોયા. પૂર્વજન્મની સ્મૃતિથી એનું વેર જાગી ગયું. બદલો લેવા માટે એણે સિંહ, ચિત્તા, હાથી, વીંછી અને સાપનાં રૂપો ધરી ભગવાનને જાત-જાતનાં કષ્ટો આપ્યાં. પછી એણે બીભત્સ વૈતાળનું રૂપ ધરી પ્રભુને ગભરાવવા-ધમકાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ભગવાન પાર્શ્વનાથ પર્વતરાજની જેમ ધ્યાનમાં અડગ રહ્યા. પોતાનાં કારસ્તાનોને નિષ્ફળ બનતાં જોઈ મેઘમાલીએ વૈક્રિય-લબ્ધિની શક્તિ વડે ઘનઘોર મૂસળધાર વરસાદ વરસાવ્યો. વાદળોની ગર્જના તેમજ વીજળીના ચમકાર સાથે ઓળા પણ પડવા લાગ્યા. વનના જીવો ત્રાસીને આમ-તેમ ભાગવા લાગ્યા. આખો વનપ્રદેશ જળબંબાકાર થઈ ગયો. પાણી ચઢતું-ચઢતું ભગવાનનાં ઘૂંટણો, કમર અને પછી ગળા સુધી આવી ગયું અને નાકને સ્પર્શવા લાગ્યું, પણ પાર્શ્વનાથનું ધ્યાનભંગ થયું નહિ. ભગવાનનું શરીર પાણીમાં ડૂબવાની તૈયારીમાં જ હતું કે ધરણેન્દ્રનું આસન ડોલી ઊઠ્યું. અવધિજ્ઞાનથી એમને પાર્શ્વનાથની સ્થિતિનું જ્ઞાન થતા એમણે એમના પગની નીચે લાંબી ડાંડીવાળા કમળની રચના કરી અને માથા ઉપર સાત ફેણોનું છત્ર બનાવી એમના પૂરા શરીરની રક્ષા કરી.

વીતરાગ ભાવમાં પહોંચેલા ભગવાન પાર્શ્વનાથ કમઠાસુરની ઉપ-સર્ગલીલા અને ધરણેન્દ્રની ભક્તિ, બંને ઉપર સમદૃષ્ટિ રહ્યા. પરંતુ મેઘમાલીને સમજાવતા ધરણેન્દ્રએ કહ્યું : "મૂર્ખ, તું કોને ઉપસર્ગ આપી પીડા પહોંચાડી રહ્યો છે ? આવા મહાન આત્માની અવગણના ને અસાતના થાય એ અગ્નિને પગ વડે દબાવવા સમાન દુઃખદાયક છે. એમનું તો કંઈ બગડવાનું નથી, સ્વયં તારો પગ દાઝી જશે, તારો સર્વનાશ થશે. ભગવાન તો કરુણાની મૂરત છે, તેઓ તો કાંઈ કરશે નહિ, બધું જ શાંતિથી સહન કરી લેશે, પણ હું વધુ સમય સુધી શાંત નથી રહી શકતો."

ધરણેન્દ્રની વાત સાંભળી મેઘમાલી ગભરાઈ ગયો, એણે પ્રભુની અપાર સહનશીલતાનો પણ અનુભવ કર્યો અને તત્કાળ પોતાની માયા સંકેલી લીધી એણે પાર્શ્વનાથનાં ચરણોમાં ક્ષમા-યાચના કરી, અને પોતાના સ્થાને જતો રહ્યો. ધરણેન્દ્રએ પણ પ્રભુને પ્રણામ કર્યા અને પોતાના સ્થાન તરફ ચાલ્યો ગયો. ઉપસર્ગ ઉપર વિજય મેળવી ભગવાન એમની અખંડ સાધનામાં

તલ્લીન થઈ ગયા. અનેક જગ્યાઓએ વિહાર કરીને પ્રભુ વારાણસીના આશ્રમપદ ઉદ્યાનમાં ગયા અને એમની છદ્મસ્થાવસ્થાની ૮૩ રાતો પૂરી કરી.

## કેવળજ્ઞાન અને દેશના

ભગવાન પાર્શ્વનાથનો છદ્મસ્થકાળ ૮૩ દિવસનો હતો. ૮૪મા દિવસે પ્રભુ આશ્રમપદ ઉદ્યાનમાં અષ્ટમતપની સાથે ધાતકી વૃક્ષની નીચે ધ્યાનમગ્ન થઈ ઊભા રહ્યા. શુક્લધ્યાનના બીજા ચરણમાં મોહકર્મનો લોપ કરી સંપૂર્ણ ઘાતીકર્મો ઉપર વિજય મેળવી અને કેવળજ્ઞાન તથા કેવળદર્શનની ઉપલબ્ધિ કરી. જે વખતે એમનો કેવળજ્ઞાન થયું, એ વખતે ચૈત્ર કૃષ્ણ ચોથના દિવસે વિશાખા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો. ભગવાન પાર્શ્વનાથને કેવળજ્ઞાન પ્રાપ્ત થતા દેવ-દેવેન્દ્રોએ હર્ષ પ્રગટ કર્યો અને સમવસરણની રચના કરી.

પોતાની પ્રથમ દેશનામાં પ્રભુએ કહ્યું : "ધર્મ વગરનું જીવન શૂન્ય અને સારહીન છે. આથી ધર્મની આરાધના કરવી જોઈએ. કર્મજન્ય આવરણ અને બંધનને કાપવાનો એકમાત્ર રસ્તો ધર્મ-સાધના છે. સમ્યગ્‌જ્ઞાન, સમ્યગ્‌દર્શન અને સમ્યક્‌ચારિત્ર જ આવરણ-મુક્તિનો સાચો માર્ગ છે. જે શ્રુત અને ચારિત્રધર્મના ભેદથી બે પ્રકારનો છે. ચારિત્રધર્મ આગાર અને અણગારના ભેદથી બે રીતનો છે - શક્તિ પ્રમાણે એમની આરાધના કરવી અને પરમતત્ત્વને પ્રાપ્ત કરવું જ મનુષ્ય-જીવનનું પરમ અને ચરમ લક્ષ્ય છે."

ભગવાનની પ્રથમ દેશના ઘણી અસરકારક હતી. પ્રભુની વાણી સાંભળી મહારાજ અશ્વસેન વૈરાગી બન્યા અને પુત્રને રાજ્યનો કારભાર સોંપી સ્વયં પ્રવ્રજિત થઈ ગયા. મહારાણી વામાદેવી અને પ્રભાવતી આદિ કેટલીયે સ્ત્રીઓએ પણ આર્હતી-દીક્ષા લીધી. શુભદત્ત આદિ વેદપાઠી વિદ્વાન પણ પ્રભુની સેવામાં દીક્ષિત થયા તથા પ્રભુ પાસેથી ત્રિપદીનું જ્ઞાન મેળવી તેઓ ચતુર્દશપૂર્વોના જ્ઞાતા તેમજ ગણધરપદના અધિકારી બની ગયા. આ રીતે પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અને ભાવ-તીર્થંકર થયા.

## પાર્શ્વનાથ ગણધર

'સિરીપાસનાહચરિયં' પ્રમાણે ભગવાન પાર્શ્વનાથના ગણધરોનો પરિચય આ પ્રકારે છે :

**૧. શુભદત્ત :** ભગવાન પાર્શ્વનાથના પ્રથમ ગણધર શુભદત્ત ક્ષેમપુરીના રહેવાસી હતા. એમનાં માતા-પિતાનાં નામ ધન્ય અને લીલાવતી હતાં.

સંભૂત મુનિ પાસે એમણે શ્રાવકધર્મ ધારણ કર્યો. માતા-પિતાનાં અવસાન પછી તેઓ સંસાર અસાર લાગતા વૈરાગી બન્યા. આશ્રમપદ ઉદ્યાનમાં ભગવાન પાર્શ્વનાથના પ્રથમ સમવસરણમાં એમની દેશના સાંભળી પ્રવ્રજ્યા લીધી અને પ્રથમ ગણધર બન્યા.

૨. **આર્યઘોષ** : પાર્શ્વનાથના બીજા ગણધર આર્યઘોષ રાજગૃહના રહેવાસી અમાત્યપુત્ર હતા. તેઓ પણ ભગવાનના પ્રથમ સમવસરણમાં હાજર હતા તેમજ દીક્ષા લઈ ગણધરપદ મેળવ્યું.

૩. **વશિષ્ઠ** : વશિષ્ઠ ભગવાનના ત્રીજા ગણધર હતા. તેઓ કમ્પિલપુર-નૃપ મહેન્દ્રના પુત્ર હતા. પાર્શ્વનાથના પ્રથમ સમવસરણમાં હાજર થયા અને ત્યાં સંયમ ધારણ કરી ત્રીજા ગણધર બન્યા.

૪. **આર્યબ્રહ્મ** : સુરપુરના ભૂપતિ કનકકેતુના પુત્ર હતા આર્યબ્રહ્મ. માતાનું નામ શાંતિમતી હતું. ભગવાનને કેવળજ્ઞાન મળ્યાની સૂચના મેળવી તેઓ પણ ત્યાં ગયા અને દેશના સાંભળી પ્રવ્રજિત થઈ ચોથા ગણધર બન્યા.

૫. **સોમ** : સોમ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના નરેશ મહીધર અને રાણી રેવતીના પુત્ર હતા. એમની પત્નીનું નામ ચંપકમાલા હતું. એમને એક પુત્ર પણ થયો, જે ચાર વર્ષનો થઈ મૃત્યુ પામ્યો. પત્ની પણ બીમાર હતી અને મરણને શરણ થઈ. આ બંને મોત એમને વૈરાગ્ય તરફ દોરી ગયાં અને તેઓ વિરક્ત બન્યા. ભગવાનના પ્રવચનથી પ્રભાવિત થઈ સંયમમાર્ગ અપનાવી પાંચમા ગણધર બન્યા.

૬. **આર્ય શ્રીધર** : પાર્શ્વનાથના છઠ્ઠા ગણધર હતા આર્ય શ્રીધર. એમના પિતાનું નામ નાગબલ અને માતાનું નામ મહાસુંદરી હતાં. એમનાં લગ્ન મહારાજ પ્રસેનજિતની પુત્રી રાજમતીની સાથે થયાં. જાતિસ્મરણજ્ઞાન અને નાના ભાઈના અકાળ મૃત્યુ એમની વિરક્તિનાં મુખ્ય કારણ બન્યાં. ભગવાન પાર્શ્વનાથનો સંયોગ મેળવીને તેઓ પણ દીક્ષિત થઈ ગયા.

૭. **વારિસેન** : ભગવાન પાર્શ્વનાથના સાતમા ગણધર વારિસેન મિથિલાના નિવાસી હતા. યશોધરા તથા નમિરાજા એમનાં માતા-પિતા હતાં. પૂર્વજન્મના સંસ્કાર એટલા બળવાન હતા કે બાળપણથી જ એમનું અંતર્મન પ્રવ્રજ્યા તરફ ઢળેલું હતું. માતા-પિતાની આજ્ઞા લઈ પોતાના

સાથી રાજકુમારોની સાથે ભગવાન પાર્શ્વનાથના સમવસરણમાં ગયા અને દેશનાથી પ્રભાવિત થઈ પ્રવ્રજ્યા ધારણ કરી ગણધર બની ગયા.

૮. **ભદ્રયશ :** ભગવાનના આઠમા ગણધર હતા ભદ્રયશ. એમનાં પિતાશ્રી અને માતા હતાં સમરસિંહ અને પદમા, મત્તકુંજ નામના ઉદ્યાનમાં એમણે એક વ્યક્તિને અણીદાર ખીલાઓથી પીડાતી જોઈ. ભદ્રયશે એના શરીરમાંથી એ અણીદાર ખીલીઓ કાઢી અને જ્યારે એમને જ્ઞાત થયું કે - 'એમના ભાઈએ જ પૂર્વજન્મના વેરવશ એની આ દશા કરી છે,' તો સંસારની સ્વાર્થી વૃત્તિ જોઈને એમનું મન વિરક્ત થયું. પોતાના કેટલાયે સાથીઓની સાથે એમણે ભગવાન પાર્શ્વનાથ પાસે દીક્ષા અંગીકાર કરી અને ગણધરપદના અધિકારી બન્યા.

૯. **જય તથા ૧૦. વિજય :** આ બંને શ્રાવસ્તીના રહેવાસી સહોદર ભાઈઓ હતા. બંને વચ્ચે ઘણો પ્રેમ હતો. એક વખત એમણે સ્વપ્નમાં જોયું કે - 'એમનો જીવનકાળ ઘણો ટૂંકો છે.' એનાથી વિરક્ત થઈ બંને ભાઈઓ પ્રવ્રજ્યા ગ્રહણ કરવાના ઈરાદાથી ભગવાનની સેવામાં પહોંચ્યા અને દીક્ષિત થઈ ગણધરપદના અધિકારી બન્યા.

'આવશ્યકનિર્યુક્તિ' અને 'તિલોયપણ્ણત્તી'માં ભગવાન પાર્શ્વનાથના દસ ગણધર બતાવવામાં આવ્યા છે, જ્યારે કે 'સમવાયાંગ' અને 'કલ્પસૂત્ર'માં એમના ૮ ગણધરોનો જ ઉલ્લેખ છે. આ સંખ્યાભેદને સ્પષ્ટ કરતા 'કલ્પસૂત્ર'ના ટીકાકાર ઉપાધ્યાય વિનય વિજયે લખ્યું છે કે - 'જય-વિજય નામના બે ગણધર ઓછી ઉંમરના હતા, આથી ૮ જ ગણધરોનો ઉલ્લેખ યોગ્ય સમજવામાં આવ્યો છે.'

## પાર્શ્વનાથનો ચાતુર્યામધર્મ

તત્કાલીન સરળ અને પ્રાજ્ઞજનો - ડાહ્યા માણસોને લક્ષ્યમાં રાખી ભગવાન પાર્શ્વનાથે જે ચારિત્રધર્મની દીક્ષા આપી, એને ચાતુર્યામધર્મના નામે જાણવામાં આવે છે. યમનો અર્થ છે દમન કરવું. ચાર પ્રકારથી આત્માનું દમન કરવું, અર્થાત્ એને સંયમિત કે નિયંત્રિત રાખવું જ ચાતુર્યામ ધર્મનો મર્મ છે. આ ચારેય યામ વ્રતના રૂપે હતા, યથા - (૧) સર્વથા પ્રાણાતિપાત વિરમણ - હિંસાનો ત્યાગ, (૨) સર્વથા મૃષાવાદ વિરમણ - અસત્યનો ત્યાગ, (૩) સર્વથા અદત્તાદાન વિરમણ - ચૌર્ય(ચોરી)ત્યાગ, (૪) સર્વથા બહિદ્ધાદાન વિરમણ - પરિગ્રહ ત્યાગ. આ ચારેયમાં બ્રહ્મચર્યનું

પૃથક્ સ્થાન નથી. એનું કારણ એમ છે કે પાર્શ્વનાથના સંત વિજ્ઞ હતા. આથી તેઓ સ્ત્રીઓને પણ પરિગ્રહના અંતર્ગત સમજી બહિદ્ધાદાનમાં જ સ્ત્રી અને પરિગ્રહ બંનેનો અંતર્ભાવ કરી લેતા હતા. કારણ કે બહિદ્ધા-દાનનો અર્થ બાહ્ય વસ્તુનું આદાન (ગ્રહણ કરવું) હોય છે.

આ ચાતુર્યામધર્મનો ઉદ્‌ગમ વેદો અને ઉપનિષદોથી ઘણો પહેલાં શ્રીમણ સંસ્કૃતિમાં થઈ ચૂક્યો હતો. ઇતિહાસના વિદ્વાન ધર્માનંદ કૌશાંબીએ પણ આ વાતને માન્ય રાખી છે.

## વિહાર અને ધર્મપ્રચાર

કેવળજ્ઞાન મેળવ્યા પછી ભગવાન પાર્શ્વનાથે ક્યાં-ક્યાં વિચરણ કર્યું અને કયા વર્ષે ક્યાં ચાતુર્માસ કર્યો, એનો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી, પણ ઉપલબ્ધ ઐતિહાસિક સામગ્રીના આધારે માનવામાં આવે છે કે કાશી-કોશલથી લઈ નેપાળ સુધી પ્રભુનું વિહારક્ષેત્ર રહ્યું છે. દક્ષિણ-કર્ણાટક, કોંકણ, પલ્લવ અને દ્રવિડ આદિ એ સમયે અનાર્ય ક્ષેત્ર ગણાતા હતા. શાક પણ અનાર્ય પ્રદેશ હતો. પરંતુ પાર્શ્વનાથ અને એમની પરંપરાના શ્રમણ ત્યાં પહોંચ્યા હતા. શાક્યભૂમિ નેપાળની ઉપત્યકામાં છે, ત્યાં પણ પાર્શ્વના અનુયાયી હતા. મહાત્મા બુદ્ધના કાકા સ્વયં ભગવાન પાર્શ્વનાથના શ્રાવક હતા, જે શાક્ય દેશમાં પ્રભુના વિહાર કરવાથી જ સંભવ થઈ શકે છે. ભગવાન પાર્શ્વનાથે લગભગ ૭૦ વર્ષ સુધી દેશ-દેશાંતરમાં વિચરણ કર્યું અને જૈનમતનો પ્રચાર કર્યો. બિહારના રાંચી અને માનભૂમિ આદિ જિલ્લાઓમાં હજારો લોકો આજે પણ માત્ર પાર્શ્વનાથની ઉપાસના કરે છે અને 'સરાક' (શ્રાવક) કહેવાય છે. તથા એમને જ પોતાના ઇષ્ટદેવ માને છે. ખોજથી તપાસ કરતા પ્રમાણિત થઈ ચૂક્યું છે કે પાર્શ્વનાથ એક વાર તામ્રલિપ્તિથી આગળ વધીને 'કોપટક' પહોંચ્યા હતા. એમણે ત્યાં આહાર ગ્રહણ કર્યો હતો આથી 'ધન્યકટક'ના નામે ઓળખાવા લાગ્યું. આ જગ્યાઓ ઉપર એમની માન્યતા આજે પણ જેમની તેમ બની રહેલી છે.

## પાર્શ્વનાથની ઐતિહાસિકતા

ભગવાન પાર્શ્વનાથ એક ઐતિહાસિક મહાપુરુષ હતા, આ વાત ઐતિહાસિક તથ્યોના આધારે અસંદિગ્ધ રૂપે સાબિત થઈ ચૂકી છે. જૈન

સાહિત્યથી જ નહિ, બૌદ્ધ સાહિત્યથી પણ ભગવાન પાર્શ્વનાથની ઐતિહાસિકતા સિદ્ધ (પ્રમાણિત) થાય છે. ડૉ. હર્મન જૈકોબીએ બૌદ્ધ સાહિત્યના ઉલ્લેખોના આધારે બુદ્ધ કરતાં પહેલા નિર્ગ્રંથ સંપ્રદાયના અસ્તિત્વને પ્રમાણિત કરતા લખ્યું છે કે - 'બૌદ્ધોએ એમના સાહિત્યમાં અહીં સુધી કે ત્રિપિટકોમાં પણ નિર્ગ્રંથોનો સારો એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એનાથી એવું તારણ નીકળે છે કે - 'બૌદ્ધ નિર્ગ્રંથ સંપ્રદાયને એક મુખ્ય સંપ્રદાય માને છે.' 'મજ્ઝિમ નિકાય'ના 'મહાસિંહનાદ-સૂત્ર'માં બુદ્ધે એમની કઠોર તપસ્યાનું વર્ણન કરીને તપના ચાર પ્રકાર બતાવ્યા છે. આ ચારેય તપ નિર્ગ્રંથ સંપ્રદાયમાં પણ થતા હતા. સ્વયં ભગવાન મહાવીરે એનું પાલન કર્યું હતું અને અન્ય નિર્ગ્રંથો માટે એમનું પાલન આવશ્યક હતું. 'દીઘનિકાય'માં અજાતશત્રુ વડે ભગવાન મહાવીર અને એમના શિષ્યોને ચાતુર્યામયુક્ત બતાવવામાં આવ્યા છે. જૈન સાહિત્યની દૃષ્ટિથી એ સંપૂર્ણ સિદ્ધ છે કે ભગવાન મહાવીરની પરંપરા પંચ મહાવ્રતની છે, છતાં પણ એને ચાતુર્યામ-યુક્ત કહેવું એ વાતની તરફ સંકેત કરે છે કે - 'બૌદ્ધ ભિક્ષુ પાર્શ્વનાથની પરંપરાથી વાકેફ રહ્યા છે અને એમણે મહાવીરની પરંપરાને પણ એ જ રૂપમાં જ જોઈ છે.' બુદ્ધના પૂર્વની આ ચાતુર્યામ પરંપરા ભગવાન પાર્શ્વનાથની જ દેન છે. એનાથી બુદ્ધની પૂર્વ પાર્શ્વનાથની ઐતિહાસિકતા પ્રમાણિત થાય છે. બોધિસત્વ દ્વારા પ્રરૂપિત આર્ય આષ્ટાંગિક માર્ગમાં પણ ચાતુર્યામનો સમાવેશ કરાયેલો છે.

## પાર્શ્વનાથનો ધર્મપરિવાર

પુરુષાદાનીય ભગવાન પાર્શ્વનાથના સંઘમાં નિમ્નલિખિત ધર્મપરિવાર હતો - શુભદત્ત આદિ ૮ ગણધર અને ૮ જ ગણ. ૧૦૦૦ કેવળી, ૭૫૦ મનઃપર્યવજ્ઞાની, ૧૪૦૦ અવધિજ્ઞાની, ૩૫૦ ચૌદપૂર્વધારી, ૬૦૦ વાદી, ૧૨૦૦ અનુત્તરોપપાતિક મુનિ, આર્યદિન્નાદિ ૧૬૦૦૦ સાધુ, પુષ્પચૂલા આદિ ૩૮૦૦૦ સાધ્વીઓ, સુનંદ આદિ ૧૬૪૦૦૦ શ્રાવક તથા નંદિની આદિ ૩૨૭૦૦૦ શ્રાવિકાઓ, ભગવાન પાર્શ્વનાથના શાસનકાળમાં ૧૦૦૦ સાધુઓ અને ૨૦૦૦ સાધ્વીઓએ સિદ્ધિ પ્રાપ્ત કરી. આ બધાં સિવાય કરોડો સ્ત્રી-પુરુષો સમ્યગ્દૃષ્ટિ બની પ્રભુના ભક્ત બન્યા.

## પરિનિર્વાણ

સિત્તેર વર્ષમાં થોડાં ઓછાં વર્ષ સુધી કેવળીચર્યામાં વિચરીને જ્યારે ભગવાને એમનો આખરી સમય નજીક જાણ્યો, તો તેઓ વારાણસીથી આમલકપ્પા થઈ સમેત શિખર પર ગયા અને તેત્રીસ સાધુઓની સાથે એક મહિનાના અનશન બાદ શુક્લધ્યાનના ત્રીજા અને ચોથા ચરણનું આરોહણ કર્યું. પછી એમણે શ્રાવણ શુક્લ અષ્ટમીના વિશાખા નક્ષત્રમાં ચંદ્રનો યોગ થતા યોગમુદ્રામાં ઊભા રહી ધ્યાનમગ્ન આસનથી વેદનીય આદિ ચાર અઘાતીકર્મોને ક્ષય કર્યો અને સિદ્ધ-બુદ્ધ-મુક્ત થયા.

## શ્રમણ પરંપરા અને પાર્શ્વનાથ

શ્રમણ પરંપરા ભારતવર્ષની સૌથી પ્રાચીન ધાર્મિક પરંપરા છે. મન અને ઇન્દ્રિયથી તપ કરનારાને શ્રમણ કહે છે. જૈન આગમો અને ગ્રંથોમાં શ્રમણ પાંચ પ્રકારના બતાવવામાં આવ્યા છે - નિર્ગ્રંથ, શાક્ય, તાપસ, ગેરુઆ અને આજીવક. જૈન શ્રમણોને નિર્ગ્રંથ કહેવામાં આવે છે. શ્રમણ પરંપરાના પાયા ઋષભદેવના સમયમાં નંખાયા હતા. 'બૃહદારણ્યક ઉપનિષદ, વાલ્મીકિ રામાયણ અને શ્રીમદ્ ભાગવત' આદિ ગ્રંથોના 'શ્રમણ' શબ્દનો પ્રયોગ થયો છે. ત્રિપિટક સાહિત્યમાં પણ 'નિર્ગ્રંથ' શબ્દનો ઠેક-ઠેકાણે પ્રયોગ થયો છે. આ આધારે એવું સ્પષ્ટ થાય છે કે - 'બુદ્ધના પહેલાં લાંબા સમય પહેલાં અતીતમાં પણ નિર્ગ્રંથ પરંપરા વિદ્યમાન હતી.'

'અંગુત્તરનિકાય'માં 'બપ્પ'નામના શાક્યને નિર્ગ્રંથ શ્રાવક બતાવાયા છે, જે મહાત્મા બુદ્ધના કાકા હતા. એનાથી ખબર પડે છે કે - 'બુદ્ધના પહેલાં શાક્યદેશમાં નિર્ગ્રંથ ધર્મનો પ્રચાર હતો.' બુદ્ધ તો મહાવીરના સમકાલીન હતા, અતઃ એવું સાબિત થાય છે કે - 'નિર્ગ્રંથ ધર્મનો પ્રચાર મહાવીરથી પહેલાં એમના પૂર્વવર્તી તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ દ્વારા કરવામાં આવી રહ્યો હતો.' વાસ્તવમાં નિર્ગ્રંથ ધર્મનું પ્રવર્તન પાર્શ્વનાથથી પહેલાં જ થઈ ચૂક્યું હતું. ભગવાન ઋષભદેવને આખો જૈનસમાજ આ ધર્મના પ્રથમ તીર્થંકર અને પ્રવર્તક માને છે. આ તથ્યના અનેક ઐતિહાસિક આધાર અને પ્રમાણ છે.

ડૉ. રાધાકૃષ્ણનના પ્રમાણે - 'જૈન ધર્મનું અસ્તિત્વ ભારતમાં અસંદિગ્ધ રૂપે વર્દ્ધમાન અને પાર્શ્વનાથથી ઘણું પહેલા પણ હતું.'

## પાર્શ્વનાથનો વ્યાપક પ્રભાવ

ભગવાન પાર્શ્વનાથની વાણીમાં અસીમ કરુણા, ગાઢ મધુરતા અને અપાર શાંતિની ત્રિવેણી વહેતી હતી. એમના કાળમાં તાપસ પરંપરાનું ચલણ પૂરજોશમાં હતું, પરંતુ લોકો તપના નામે માત્ર શરીરને જ કષ્ટ આપી રહ્યા હતા. પ્રભુએ એમનાં જ્ઞાન અને વૈરાગાયપૂર્ણ ઉપદેશોથી તપનું સાચું સ્વરૂપ લોકોની સામે મૂક્યું. એ વખતના પ્રખ્યાત વૈદિક ઋષિ જેમકે - પિપ્પલાદ, ભારદ્વાજ, નચિકેતા અને અજિત કેશકમ્બલ આદિના વિચારો ઉપર પાર્શ્વનાથના ઉપદેશોની પ્રતિછાયા સ્પષ્ટપણે ઝળકે છે. પાર્શ્વના ઉપદેશોનો પ્રભાવ બહારના દેશો ઉપર પણ પડેલો દેખાય છે. એમાં યૂનાની દાર્શનિક પાઈથોગોરસનું નામ લઈ શકાય છે, જે જીવાત્માના પુનર્જન્મ અને કર્મસિદ્ધાંતમાં વિશ્વાસ રાખતા હતા. લોકોને માંસાહારની વિરુદ્ધ ઉપદેશો આપતા હતા અને કેટલીયે વનસ્પતિઓને અભક્ષ્ય માનતા હતા.

બુદ્ધના જીવન - પરિચયથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે એમની ઉપર પાર્શ્વના આચાર-વિચારનો ઊંડો પ્રભાવ પડ્યો હતો. બુદ્ધે જે અષ્ટાંગિક - માર્ગનો આવિષ્કાર કર્યો, એમાં એમણે ચાતુર્યાસનો સમાવેશ કર્યો. કહેવામાં આવે છે કે - બુદ્ધના ન માત્ર વિચારો ઉપર જ જૈન ધર્મની છાપ પડી હતી, પરંતુ સંન્યાસ ધારણ કર્યા પછી છ વર્ષ સુધી જૈન શ્રમણના રૂપમાં એમણે જીવન ગાળ્યું હતું. પાર્શ્વનાથના અસરકારક ઉપદેશોનો પ્રભાવ એ સમયના કેટલાયે રાજા-મહારાજા અને રાજકુટુંબો ઉપર પણ પડ્યો હતો. પાર્શ્વનાથના સમયમાં કેટલાંયે એવાં રાજ્યો હતાં, જ્યાં પાર્શ્વનાથને જ ઈષ્ટદેવ માનવામાં આવતા હતા. મધ્ય તેમજ પૂર્વીય દેશોના મોટા ભાગના વ્રાત્ય ક્ષત્રિય પણ જૈન ધર્મના જ ઉપાસક હતા. એ વખતે દેશના જુદા-જુદા ભાગોમાં ખાસ કરીને દક્ષિણ ભારતમાં બળવાન નાગવંશ ઉદય પામ્યા હતા, જેમના ઈષ્ટદેવ પાર્શ્વનાથ જ હતા. વિદેહ અને વૈશાલીના બળવાન વજ્જી-ગણમાં પણ પાર્શ્વનાથનો ધર્મ જ લોકપ્રિય હતો. કલિંગપતિ અને પાંચાલનરેશ પણ પાર્શ્વનાથના ઉપદેશોથી પ્રભાવિત બતાવવામાં આવે છે.

## જ્યોતિર્મંડળમાં પાર્શ્વનાથના શિષ્ય

'નિરયાવલિકાસૂત્ર'ના પુષ્પિતા નામના ત્રીજા વર્ગના પ્રથમ તેમજ દ્વિતીય અધ્યયનોમાં જ્યોતિષીઓના ઈન્દ્ર, ચંદ્ર અને સૂર્ય તેમજ તૃતીય અધ્યયનમાં શુક્રાદિ ગ્રહોનું વર્ણન મળે છે. આ સૂત્ર પ્રમાણે એક વાર

ભગવાન મહાવીર રાજગૃહ નગરના ગુણશીલક નામના ઉદ્યાનમાં રોકાયેલા હતા, એ વખતે જ્યોતિર્મંડળનો ઇન્દ્ર 'ચંદ્ર' પ્રભુ દર્શનાર્થે સમવસરણમાં હાજર થયો. જિનશાસનની પ્રભાવના-હેતુ ત્યાં ઉપસ્થિત ચતુર્વિધ સંઘની સામે એણે એની વૈક્રિયશક્તિથી અગણિત દેવ-દેવી-સમૂહોને પ્રગટ કરી અનેક સુંદર અને આકર્ષક દૃશ્ય પ્રસ્તુત કર્યા અને ઉપસ્થિત લોકોને ચમત્કાર બતાવી પોતાના સ્થાને પરત ફર્યા. ગૌતમ ગણધરે ભગવાન મહાવીરને પૂછ્યુ : "ભગવન્ ! આ ચંદ્રદેવ એમના પૂર્વજન્મમાં કોણ હતા અને એમને આ ઋદ્ધિ-સિદ્ધિ કેવી રીતે મળી છે?"

ભગવાન મહાવીરે જવાબ આપ્યો : "ઘણા સમય પહેલાં શ્રાવસ્તી નગરીમાં અંગતિ નામનો એક સમૃદ્ધ અને સન્માનિત ગાથાપતિ રહેતો હતો. એક વાર ભગવાન પાર્શ્વનાથની શ્રાવસ્તીમાં પધરામણી થઈ. વિશાળ જનમેદનીની સાથે અંગતિ પણ સમવસરણમાં ગયો અને પ્રભુના ઉપદેશ સાંભળી સંસારથી વિરક્ત થઈ શ્રમણ બની ગયો. ત્યાર બાદ એણે કઠોર તપનું આચરણ કર્યું. સંયમના મૂળભૂત ગુણોનું એણે સંપૂર્ણપણે પાલન કર્યું, પણ દોષ સહિત આહાર-પાણીને કરવું વગેરે ઉત્તર ગુણોની વિરાધના અને એનું પ્રાયશ્ચિત્ત પણ કર્યું નહિ. આ રીતે અંતે પંદર દિવસના સંથારાથી જીવનકાળ સમાપ્ત કરી તે જ્યોતિર્મંડળમાં ઇન્દ્ર બન્યો. તપ અને સંયમના પ્રભાવથી એને આ ઋદ્ધિ મળી છે." ગણધર ગૌતમના પૂછતા ભગવાને આગળ જણાવ્યું : "જીવન પૂરું થતાં એ ચંદ્રદેવ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે."

એ જ રીતે એક વાર જ્યારે રાજગૃહ નગરના ગુણશીલક ચૈત્યમાં ભગવાન મહાવીર પધાર્યા, તો સૂર્ય પણ ભગવાનના સમવસરણમાં હાજર થયા. સૂર્યએ પણ અદ્ભુત ચમત્કાર દેખાડી પોતાના લોક તરફ પ્રયાણ કર્યું. ગૌતમ ગણધર વડે સૂર્યના પૂર્વજન્મના વિષયમાં પૂછતાં ભગવાને કહ્યું : "શ્રાવસ્તી નગરીનો ગાથાપતિ સુપ્રતિષ્ઠ, વૈભવશાળી, ઉદાર અને યશસ્વી હતો. તે ભગવાન પાર્શ્વનાથના સમવસરણમાં દેશના સાંભળવા ગયો અને દીક્ષિત થઈ ગયો. એણે પણ ઉગ્ર તપસ્યાઓ કરી, મૂળગુણોનું પૂર્ણપણે પાલન કર્યું, પરંતુ ઉત્તરગુણોની ઉપેક્ષા કરી અને પ્રાયશ્ચિત્ત કર્યા વગર જ સંલેખનાપૂર્વક આયુષ્ય પૂરું કરી સૂર્યદેવ બન્યો. દેવલોકનો જીવનકાળ સમાપ્ત થતા તે મહાવિદેહમાં જન્મ લઈ તપ-સંયમની સાધનાથી સિદ્ધિ પ્રાપ્ત કરશે.

એ જ પ્રમાણે શુક્રદેવે પણ ભગવાનના સમવસરણમાં જઈ પોતાની વૈક્રિયશક્તિ વડે અચરજભર્યાં દૃશ્યો બતાવ્યા અને પ્રભુને નમસ્કાર કરી પાછા ફર્યા. શુક્રના વિષયમાં ગણધર ગૌતમની જિજ્ઞાસાના જવાબમાં ભગવાન મહાવીરે જણાવ્યું : "પૂર્વજન્મમાં તે સોમિલ નામનો એક બ્રાહ્મણ હતો, જે વેદોમાં વિદ્વાન હતો અને વારાણસીમાં રહેતો હતો. જ્યારે ભગવાન પાર્શ્વનાથ વારાણસીમાં આમ્રશાલ વનમાં આવ્યા તો સોમિલ પણ ત્યાં પહોંચ્યો. એણે ભગવાનને કેટલાયે પ્રશ્નો પૂછ્યા અને એમના જવાબો મેળવી સંતોષ પામી ભગવાનનો શ્રાવક બન્યો. કાળાન્તરમાં અસાધુ દર્શન અને મિથ્યાત્વના ઉદયથી એના મનમાં વિચાર આવ્યો કે - 'જો તે અનેક જાતનાં ઉદ્યાનો બનાવે તો ઘણું શ્રેયષ્કર રહેશે,' અને એણે કટેલાંયે ઉદ્યાનો બનાવડાવ્યાં. પછી આધ્યાત્મિક ચિંતન કરતા-કરતા એના મનમાં તાપસ બનવાની ભાવના જાગી. એણે એના મોટા પુત્રને કુટુંબની ધુરા સોંપી અને પ્રવ્રજિત થઈ ગયો. તાપસ થઈ સોમિલ છટ્ઠ-છટ્ઠની તપસ્યા અને દિશા-ચક્રવાલથી સૂર્યની આતાપના લેતા રહી વિચરણ કરવા લાગ્યો. એક વખત રાતના જાગરણ કરીને એણે સંકલ્પ કર્યો કે - 'તે ઉત્તર દિશામાં પ્રયાણ કરે, કાષ્ઠમુદ્રામાં મોઢું બાંધીને મૌન રહે અને ચાલતાં-ચાલતાં જે સ્થાને થાકી જાય અથવા પડી જાય, ત્યાં પડ્યો રહે.'

સવારના સમયે પોતાના સંકલ્પ પ્રમાણે એણે ઉત્તરની તરફ પ્રસ્થાન કર્યું. ચાલતાં-ચાલતાં બપોરે તે એક અશોક વૃક્ષની નીચે ગયો. ત્યાં એણે એની કાવડ રાખી અને જમી-પરવારીને કાષ્ઠમુદ્રામાં મોઢું બાંધી મૌનસ્થ થઈ ગયો. અડધી રાતના સમયે કોઈક દેવે કહ્યું : "સોમિલ, તારી પ્રવ્રજ્યા બરાબર નથી." પણ સોમિલે કંઈ ધ્યાન આપ્યું નહિ. દેવે એકની એક વાત બે-ત્રણ વાર કહી અને જતા રહ્યા. સોમિલ અવિરત ઉત્તરની તરફ વધતો જ રહ્યો. બપોરના સમયે ઝાડની નીચે વિશ્રામ કરતો અને મોઢું બાંધી કાષ્ઠમુદ્રામાં રાત ગાળતો હતો. રાત્રે ફરી એ જ દેવ આવતા અને કહેતા : "સોમિલ, તારી પ્રવ્રજ્યા બરાબર નથી." સોમિલ ધ્યાન આપ્યા વગર મૌન રહેતા. દેવ જતા રહેતા. પાંચમા દિવસે સોમિલ એક ગૂલરના ઝાડની નીચે દૈનિક ક્રિયા આદિથી નિવૃત્ત થઈ કાષ્ઠમુદ્રામાં મૌનસ્થ થઈ ગયો. રાત્રે દેવે ફરી એની એ જ વાત કહી. દેવે જ્યારે ત્રીજી વાર આ વાત કહી, તો સોમિલે એનું મૌન તોડીને એને પૂછ્યું : "દેવાનુપ્રિય ! મારી પ્રવ્રજ્યામાં શું ખામી છે ?"

દેવે કહ્યું : "સોમિલ, તેં અર્હત્ પાર્શ્વની સમક્ષ બાર વ્રતવાળો શ્રાવક-ધર્મ સ્વીકાર્યો હતો. એને ત્યજીને તાપસ બની ગયો છે, એ જ તારી દુષ્પ્રવ્રજ્યા છે. જો તું ફરી શ્રાવકનાં બાર વ્રત સ્વીકાર કરશે તો તારી પ્રવ્રજ્યા સુપ્રવ્રજ્યા થઈ શકે છે." દેવ તો જતા રહ્યા, સોમિલે દેવના કથાનાનુસાર પૂર્વવત્ શ્રાવકધર્મ સ્વીકાર્યો અને બેલા, તેલા આદિ તપસ્યાઓ કરતો રહીને વિચરણ કરતો રહ્યો. આખરે ૧૫ દિવસની સંલેખનાથી આત્માને ભાવિત કરતો-કરતો પૂર્વકૃત દુષ્કૃત્યની આલોચના કર્યા વગર જીવનકાળ સમાપ્ત કરી શુક્ર મહાગ્રહરૂપે દેવ થયો. કઠોર તપ અને શ્રમણોપાસક ધર્મનું પાલન કરવાને લીધે એને આ ઋદ્ધિ પ્રાપ્ત થઈ છે. દેવનું આયુષ્ય પૂરું થતાં તે આ મહાવિદેહમાં જન્મ લેશે અને પ્રવ્રજિત થઈ સકળ કર્મોનો નાશ કરી નિર્વાણ પ્રાપ્ત કરશે.'

અહીં સોમિલની કાષ્ઠમુદ્રામાં મોઢું બાંધી મૌન રહેવાની ક્રિયા વિચારણીય અને સંશોધનનો વિષય છે. જૈન ધર્મ સિવાય બીજે ક્યાંયે મોઢું બાંધવાનું વિધાન નથી. 'નિરયાવલિકા'માં સોમિલના મોઢે કાષ્ઠમુદ્રા બાંધવી પ્રમાણિત કરે છે કે - 'પ્રાચીન સમયમાં જૈનેતર પરંપરાઓમાં પણ મુખવસ્ત્રિકા બાંધવાની પ્રથા હતી અને પાર્શ્વનાથના સમયમાં પણ જૈન પરંપરામાં મુખવસ્ત્રિકા (મુહપત્તી) બાંધવાની પ્રથા હતી, નહિ તો દેવ સોમિલને મોઢું બાંધવાની ક્રિયા બંધ કરવાનો પરામર્શ આપતો.'

## બહુપુત્રિકા દેવીના રૂપમાં પાર્શ્વનાથની આર્યા

'નિરયાવલિકાસૂત્ર'ના ત્રીજા વર્ગના ચોથા અધ્યાય પ્રમાણે રાજગૃહ નગરના ગુણશીલક ઉપવનમાં ભગવાન મહાવીરના સમવસરણમાં સૌધર્મકલ્પની ઋદ્ધિશાલિની બહુપુત્રિકા દેવી ઉપસ્થિત થઈ. દેશના સાંભળ્યા પછી ભગવાનને પ્રણામ કરીને એ દેવીએ પોતાની જમણી ભુજા ફેલાવીને ૧૦૮ દેવકુમાર અને ડાબી ભુજા ઉઠાવીને ૧૦૮ દેવકુમારીઓની સાથે નાની-મોટી વયનાં અનેક બાળકો-બાળકીઓને ઉત્પન્ન કરી ઘણું જ મનોરંજક અને આશ્ચર્યકારક પ્રદર્શન કર્યું અને પોતાના સ્થાને પરત ફરી. આથી ગૌતમ ગણધરે ભગવાન મહાવીરને પૂછ્યું : "ભગવન્ ! આ દેવી કોણ છે ? પૂર્વજન્મમાં શું હતી અને આ રીતની ઋદ્ધિ એને કેવી રીતે મળી ?"

ભગવાને કહ્યું : "વારાણસીમાં ભદ્ર નામનો એક અત્યંત સમૃદ્ધિશાળી સાર્થવાહ (વણિક) રહેતો હતો. એની પત્ની સુભદ્રા ઘણી જ સુંદર અને

સુશીલ હતી, પણ એને કોઈ સંતતિ હતી નહિ, કારણ કે તે વાંઝણી હતી. સંતતિના અભાવમાં તે પોતાની જાતને ઘણી અભાગિણી સમજતી હતી અને અત્યંત દુઃખી તેમજ ચિંતિત થઈ અંદરોઅંદર ઘોળાતી રહેતી હતી. એક દિવસ ભગવાન પાર્શ્વનાથની શિષ્યા આર્યા સુવ્રતા પોતાની અન્ય સાધ્વીઓની સાથે મધુકરી કરતા-કરતા સુભદ્રાના ઘરે પહોંચી. સુભદ્રાએ એમની આગતા-સ્વાગતા કરી અને પોતાના વાંઝિયાપણાની વાત જણાવી મદદ કરવાની વિનંતી કરી. આર્યાએ કહ્યું : "દેવી, અમારા માટે આવા વિષયમાં વિચારવું સુધ્ધાં નિષેધ છે, પણ જો તું ઇચ્છે તો અમે તને સર્વદુ:ખનાશક વીતરાગધર્મ વિશે જણાવી શકીએ છીએ." સુભદ્રાએ તૈયારી બતાવતા આર્યાએ સુભદ્રાને સાંસારિક ભોગ-ઉપભોગોની વિડંબના સમજાવતા વીતરાગતા અને ત્યાગમાર્ગનું મહત્ત્વ સમજાવ્યું.

સુભદ્રાએ પરમ સંતોષ અનુભવ્યો. એણે શ્રાવિકાધર્મ સ્વીકારી લીધો અને પાછળથી પ્રવ્રજિત થઈ ગઈ. સાધ્વી બન્યા પછી કાલાન્તરમાં આર્યા સુભદ્રા બાળકોને જોઈને એમને ઘણા સ્નેહથી રમાડતી, ખવડાવતી અને મમતા દર્શાવતી હતી. આર્યા સુવ્રતાએ એને સમજાવ્યું કે - 'એનું આવું આચરણ સાધ્વીધર્મની વિરુદ્ધ છે' પણ એના વ્યવહારમાં કોઈ ફરક આવ્યો નહિ, અને અંતે તે અન્ય ઉપાશ્રયમાં જતી રહી. ત્યાં નિરંકુશ થઈ શિથિલાચારપૂર્વક ઘણાં વર્ષો સુધી શ્રમણપર્યાયનું પાલન કર્યું. અંતે અર્ધ માસની સંલેખના કરી આયુષ્ય પૂરું થતા સૌધર્મકલ્પમાં બહુપુત્રિકા દેવીના રૂપે ઉત્પન્ન થઈ."

ગૌતમના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને આગળ જણાવ્યું કે - "સૌધર્મકલ્પથી ચ્યુત થઈ બહુપુત્રિકા દેવી ભારતના વિમલ સન્નિવેશમાં સોમા નામની એક બ્રાહ્મણ પુત્રીના રૂપે જન્મ લેશે. એનાં લગ્ન એના મામાના છોકરા રાષ્ટ્રકૂટ સાથે થશે. રાષ્ટ્રકૂટથી એને દર વર્ષે બાળક-બાળકીના યુગલ (જોડિયાં) સંતાનો થશે અને સોળ વર્ષમાં ૩૨ બાળકોની માતા બની જશે. જેમની દેખ-ભાળ, શોર-બકોર અને મળ-મૂત્રમાં તે વ્યસ્ત થઈ પોતાની જાતને હતભાગી કહેશે. કાલાન્તરમાં તે એક સુવ્રતા નામની એક આર્યા પાસે પ્રવ્રજિત થઈ ઘોર તપ કરશે અંતે ૧ મહિનાના સંલેખનાપૂર્ણ પોતાના જીવનનો અંત આવતા શકેન્દ્ર સમાન દેવ બનશે. દેવભવ પૂરો થતા મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યરૂપે જન્મ લઈ તપ-સંયમની સાધનાથી નિર્વાણપદ મેળવશે."

'નિરયાવલિકા' અને 'જ્ઞાતાધર્મકથાસૂત્રો'માં ઉપલબ્ધ આખ્યાનોથી ખબર પડે કે ભગવાન પાર્શ્વનાથના ઉપદેશોથી પ્રભાવિત થઈ સમયે-સમયે ૨૧૬ વૃદ્ધાવસ્થાએ પહોંચેલી કુમારિકાઓએ પ્રભુની શરણમાં પ્રવ્રજ્યા ધારણ કરી. એ આખ્યાનોથી તત્કાલીન સામાજિક સ્થિતિ ઉપર ભગવાન પાર્શ્વનાથનો પ્રભાવ તેમજ એમની લોકપ્રિયતાનો ખ્યાલ આવે છે તેમજ એમના નામની સાથે 'પુરુષાદાનીય' વિશેષણના ઉપયોગના કારણ ઉપર સારો એવો પ્રકાશ પડે છે. અતઃ એ આખ્યાનોને સંક્ષેપમાં અહીં પ્રસ્તુત કરવામાં આવે છે. 'નિરયાવલિકા'ના પુષ્પચૂલિકા નામના ચોથા વર્ગના કુલ ૧૦ અધ્યાય છે.

પ્રથમ અધ્યાયમાં શ્રીદેવીનું વર્ણન છે. એક વાર રાજગૃહમાં આવેલ ગુણશીલક ઉદ્યાનમાં ભગવાન મહાવીરના સમવસરણમાં સૌધર્મ-કલ્પના શ્રી અવતંસક વિમાનની ઘણી ઋદ્ધિશાલિની શ્રીદેવી પણ આવી. એણે પ્રભુને વંદન કરી પોતાની ઉત્તમ કોટિની વૈક્રિયલબ્ધિ વડે અત્યંત મનોહર તેમજ અદ્‌ભુત નાટકનું પ્રદર્શન કર્યું. એનાં પરત ફર્યા પછી ગણધર ગૌતમની જિજ્ઞાસાના જવાબમાં ભગવાને એના પૂર્વજન્મનો પરિચય આપતા કહ્યું : "રાજા જિતશત્રુના રાજ્યમાં રાજગૃહ નગરીમાં સુદર્શન નામક એક અતિ સમૃદ્ધ ગાથાપતિ રહેતો હતો. એની પત્નીનું નામ પ્રિયા અને એકની એક પુત્રીનું ભૂતા હતું. ભૂતાનાં લગ્ન ન થઈ શક્યાં અને તેની ઉંમર થતાં તે વૃદ્ધ થઈ ગઈ.

એક વખત પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વનાથ રાજગૃહમાં પધાર્યા. ભૂતા પણ પોતાનાં માતા-પિતાની આજ્ઞા લઈ સમવસરણમાં આવી. પ્રભુના ઉપદેશથી વૈરાગ્ય પામી એણે માતા-પિતા પાસે દીક્ષાની અનુમતિ માંગી. ગાથાપતિએ પ્રસન્ન થઈ દીક્ષા સમારોહનું આયોજન કર્યું અને પોતાની પુત્રીને શિષ્યા રૂપે સમર્પિત કરવા પ્રભુ પાસે ગયા. પ્રભુની પરવાનગી મેળવી ભૂતાએ પોતાનાં આભૂષણો ઉતાર્યાં અને પુષ્પચૂલા આર્યાની પાસે પ્રવ્રજિત થઈ ગઈ. ત્યાર બાદ કાલાન્તરમાં ભૂતા આર્યા શરીરબાકુશિકા (શરીરશુદ્ધિ તથા બાહ્યશુદ્ધિ ઉપર વિશેષ ધ્યાન આપનારી) થઈ પુષ્પચૂલાએ એને સમજાવી કે - 'સાધ્વી માટે આ દેહશક્તિ યોગ્ય નથી.' પણ ભૂતાએ એમની વાત માની નહિ, પણ ઉપાશ્રયમાં

અલગથી એકલી રહેવા લાગી. પૂર્વવત્ આચરણ કરતી રહીને અનેક તપોથી પોતાની આત્માને ભાવિત કરતી રહીને અંતે સંલેખનાપૂર્વક પોતાના શિથિલાચારની આલોચના કર્યા વગર જ આયુષ્ય સમાપ્ત કરી સૌધર્મકલ્પના શ્રી અવતંસક વિમાનમાં દેવી થઈ અને આ ઋદ્ધિ મેળવી. દેવલોકમાં એક પલ્યોપમનું આયુષ્ય ભોગવી તેણી મહાવિદેહમાં જન્મ લેશે અને સિદ્ધ-બુદ્ધ તથા મુક્ત થશે.

શ્રીદેવીની જેમ જ હ્રી, ધી, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, ઈલાદેવી, સુરાદેવી, રસદેવી અને ગંધદેવી આમ નવ અન્ય દેવીઓનું વર્ણન પણ ૯ અધ્યયનોમાં આપવામાં આવ્યું છે.

એ જ પ્રમાણે 'જ્ઞાતાધર્મકથાસૂત્ર'ના દ્વિતીય શ્રુતસ્કંધના ૧૦ વર્ગોમાં કુલ મેળવીને ૨૦૬ જરાજીર્ણ વૃદ્ધ કુંવારીઓ વડે પ્રભુ પાર્શ્વનાથ પાસે પ્રવ્રજિત થવાનો ઉલ્લેખ છે. પ્રથમ વર્ગમાં ચરમેન્દ્રની કાલી આદિ ૫ અગ્રમહારાણીઓનાં કથાનક આપવામાં આવ્યાં છે. યથા-પ્રથમ કાલી-દેવીએ ભગવાન મહાવીરને રાજગૃહમાં બિરાજમાન જોઈ શ્રદ્ધાપૂર્વક વંદન કર્યા અને પોતાનાં દેવ-દેવી ગણની સાથે સૂર્યાભદેવની જેમ પોતાની વૈક્રિય-શક્તિથી નાટ્યકળાનું પ્રદર્શન કર્યું અને પોતાના સ્થાને જતી રહી. ગૌતમ ગણધરના પૂછવા પર એના પૂર્વજન્મનો પરિચય આપતા પ્રભુએ કહ્યું કે - "ભારતવર્ષની આમલકલ્પા નામની નગરીમાં કાલ નામક ગાથાપતિની કાલશ્રી ભાર્યાથી કાળી નામની બાળકીનો જન્મ થયો. તે વૃદ્ધ થયા સુધી કુંવારી જ રહી, આથી એને વૃદ્ધાવૃદ્ધ કુમારી અથવા જુન્ના-જુન્નૂકુમારી કહેવામાં આવી. આમલકલ્પા નગરીમાં ભગવાન પાર્શ્વનાથની પધરામણી થઈ, તો કાલી પણ સમવસરણમાં ગઈ અને એમનો ઉપદેશ સાંભળી સંસારથી વિરક્ત થઈ. માતા-પિતાની પરવાન-ગીથી ભગવાન પાર્શ્વનાથ પાસે પ્રવ્રજિત થઈ ગઈ અને આર્યા પુષ્પચૂલા પાસે શિષ્યારૂપે મોકલવામાં આવી. આર્યા કાલી એકાદશ અંગોની જ્ઞાતા થઈ વિભિન્ન તપસ્યાઓ વડે આત્માનું કલ્યાણ કરતી વિચરવા લાગી, પણ આર્યાકાલી પોતાના શરીર તેમજ રહેવાના સ્થાનની સફાઈ વગેરે ઉપર વિશેષ ધ્યાન આપતી. પુષ્પચૂલાએ કહ્યું કે - 'સાધ્વી માટે આ યોગ્ય નથી.' પણ એણે ધ્યાન ન આપતાં અલગ ઉપાશ્રયમાં રહી સ્વતંત્ર વિચરણ કરવા લાગી. વર્ષો સુધી ચારિત્રનું પાલન કરી એક પક્ષની સંલેખનાથી કાળધર્મ પામી ચમરચંચા રાજધાનીમાં કાલીદેવીના રૂપમાં

ચમરેન્દ્રની અગ્રમહિષી થઈ. ચમરચંચાથી ચ્યવન કરી તે મહાવિદેહમાં ઉત્પન્ન થશે અને ત્યાં મુક્તિ પ્રાપ્ત કરશે.

આ વર્ગની બાકીની ચાર દેવીઓ રાત્રિ, રજની, વિદ્યુત અને મેઘા પણ એમના પૂર્વજન્મમાં આમલકલ્પા નગરીના ગાથા દંપતીઓની પુત્રીઓ હતી. જરાજીર્ણ વૃદ્ધા થવા છતાં પણ તેઓ અપરિણીત-કુંવારી જ રહી. ભગવાન પાર્શ્વનાથના ઉપદેશોથી વૈરાગ્ય આવતા એમણે પ્રવ્રજ્યા લીધી, વિવિધ તપસ્યાઓ કરી, પોતાનાં શિથિલ આચરણોને લીધે શ્રમણી સંઘથી અલગ થઈ સ્વતંત્ર વિહારિણી બની અને અંતે સંલેખના કરી ચમરેન્દ્રની મુખ્ય પટરાણીઓ બની. જીવનકાળ સમાપ્ત થતા એ બધી મહાવિદેહમાં જન્મ લેશે અને મુક્ત થશે.

બીજા વર્ગના દ્વિતીય શ્રુતસ્કંધના બલીન્દ્રની પાંચ અગ્રમહિષીઓ શુંભા, નિશુંભા, રંભા, નિરંભા અને મદના એમના પૂર્વભવમાં સાવત્થી નગરીમાં પોતાનાં જેવાં જ નામવાળાં ગાથાપતિ દંપતીઓની કુમારી પુત્રીઓ હતી. ત્રીજા વર્ગમાં નવ દક્ષિણેન્દ્રોની છ-છના પ્રમાણે કુલ ૫૪ મહાપટરાણીઓ એમના પૂર્વભવમાં વારાણસી નગરીમાં પોતાનાં જેવાં જ નામવાળા ગાથાપતિ-દંપતીઓની કુંવારી પુત્રીઓ હતી અને વૃદ્ધાવસ્થામાં ભગવાન પાર્શ્વનાથ પાસે દીક્ષિત થઈ શ્રમણી સંઘમાં જોડાઈ ગઈ. ચોથા વર્ગમાં ઉલ્લેખિત ૯ ભૂતાનંદ આદિ ઉત્તરેન્દ્રોની ૫૪ મુખ્ય રાણીઓ એમના પૂર્વજન્મમાં ચંપા નગરીના રહેવાસી માતા-પિતાઓની પુત્રીઓ હતી. આજીવન કુંવારી રહી અને ભગવાન પાર્શ્વનાથના ચંપા નગરીમાં પધારવાથી પ્રવર્તિની સુવ્રતા પાસે સંયમ ધારણ કર્યો. ઘણાં વર્ષો સુધી સંયમ અને તપની આરાધનાથી એમણે ચારિત્રનું પાલન કર્યું અને છેલ્લે સંલેખનાપૂર્વક આયુષ્ય પૂર્ણ કરી ઉત્તરેન્દ્રની મહારાણીઓ બની.

પાંચમા વર્ગમાં વ્યન્તરેન્દ્રોની ૩૨ અગ્રમહિષીઓનું વર્ણન છે. આ બત્રીસ દેવીઓ એમના પૂર્વજન્મમાં નાગપુરનિવાસી ગાથાપતિ દંપતીઓની પુત્રીઓ હતી, જે આજીવન કુંવારી રહી. જ્યારે તેણીઓ વૃદ્ધ થઈ, તો ભગવાન પાર્શ્વનાથનું આગમન ત્યાં થયું. તે બધી જ સ્ત્રીઓ સમવસરણમાં ગઈ અને વિરક્ત થઈ આર્યા સુવ્રતા પાસે પ્રવ્રજિત થઈ. એમણે અનેક વર્ષો સુધી સંયમનું યોગ્ય પાલન કર્યું, ઉગ્ર તપસ્યાઓ કરી, પણ આચારની શિથિલતાને લીધે આલોચના કર્યા વગર સંલેખનાપૂર્વક જીવન સમાપ્ત કરી દક્ષિણેન્દ્રોની રાણીઓ બની.

છઠ્ઠા વર્ગમાં વર્ણવેલ વ્યન્તર જાતિના ૩૨ ઉત્તરેન્દ્રોની દેવીઓ એમના પૂર્વજન્મમાં સાકેતપુરના ગાથાપતિ દંપતીઓની પુત્રીઓ હતી. એમણે પણ ભગવાન પાર્શ્વનાથના ઉપદેશોથી પ્રભાવિત થઈ આર્યા સુવ્રતા પાસે પ્રવ્રજ્યા ધારણ કરી. અનેક વર્ષો સુધી સંયમ અને તપની સાધના કરી, પણ શિથિલ આચરણને લીધે સ્વતંત્ર વિહારિણી બની. વગર આલોચના કર્યે સંલેખનાપૂર્વક જીવનકાળ સમાપ્ત કરી મહાકાળ આદિ ૩૨ ઉત્તરેન્દ્રોની અગ્ર મહારાણીઓ બની.

સાતમા વર્ગમાં વર્ણવેલી સૂર્યની ચાર મહારાણીઓ એમના પૂર્વભવમાં અરક્ખપુરીમાં ગાથાપતિ દંપતીઓની પુત્રીઓ હતી. આઠમા વર્ગમાં વર્ણવેલ ચંદ્રની ૪ અગ્રમહિષીઓ એમના પૂર્વભવમાં મથુરાના ગાથાપતિ દંપતીની પુત્રીઓ હતી. નવમા વર્ગમાં જણાવેલી સૌધર્મેન્દ્રની આઠ અગ્ર પટરાણીઓ શ્રાવસ્તી, હસ્તિનાપુર, કમ્પિલપુર અને સાકેતપુર નિવાસી ગાથાપતિ દંપતીઓની પુત્રીઓ હતી. દશમા વર્ગમાં વર્ણાવાયેલ ઈશાનેન્દ્રની આઠ અગ્રમહિષીઓ વારાણસી, રાજગૃહ, શ્રાવસ્તી તેમજ કૌશાંબીના ગાથાપતિ દંપતીઓની પુત્રીઓ હતી. આ પ્રમાણે બીજા વર્ગથી દસમા વર્ગ સુધીમાં વર્ણવેલ બધી ૨૦૧ દેવીઓ પોત-પોતાના પૂર્વભવમાં આજીવન કુંવારી રહી. જરાજીર્ણ વૃદ્ધાવસ્થામાં આ બધી વૃદ્ધ કુંવરીઓએ ભગવાન પાર્શ્વનાથના ઉપદેશોથી પ્રભાવિત થઈ શ્રમણીધર્મ સ્વીકાર્યો. અગિયાર અંગોની જ્ઞાતા થઈ અનેક જાતની તપસ્યાઓ કરી, પણ કાલાન્તરમાં શિથિલાચરણને લીધે સાધ્વીસંઘથી અલગ થઈ સ્વતંત્ર વિહારિણી બની અને અંતે સંલેખનાપૂર્વક આયુષ્ય પૂરું કરી ઈન્દ્રો, સૂર્ય, ચંદ્રની રાણીઓ બની.

## ભગવાન પાર્શ્વનાથનો અમિટ પ્રભાવ

વીતરાગતા અને સર્વજ્ઞતા આદિ આત્મિક ગુણોની બધા તીર્થંકરોમાં સમાનતા હોવા છતાં પણ શક્ય છે, પાર્શ્વનાથમાં કોઈ વિશેષતા રહી હોય, જેનાથી તેઓ વધુ ને વધુ લોકપ્રિય થયા. જૈન સાહિત્યમાંથી મળેલ સ્તુતિઓ, સ્તોત્રો અને મંત્રોથી માલૂમ પડે છે કે - 'વર્તમાન ચોવીસીમાં ભગવાન પાર્શ્વનાથના સંબંધમાં સૌથી વધુ સ્તુતિઓ, મંત્ર આદિ પ્રાપ્ત થાય છે.' ભગવાન પાર્શ્વનાથની ભક્તિ અને મહિમાથી ઓતપ્રોત અનેક વિદ્વાનો તેમજ મહાત્માઓ વડે રચાયેલ કેટલાંયે કાવ્ય, મહાકાવ્ય, સ્તોત્રો અને જીવનચરિત્ર તેમજ દેશના વિભિન્ન ભાગોમાંથી

મળેલ પ્રભુ પાર્શ્વનાથના પ્રાચીન ભવ્ય કલાકૃતિઓના પ્રતીક, વિશાળ મંદિર આ વાતનાં પ્રમાણ છે કે ધર્મનિષ્ઠ સમાજ સદીઓથી એમની પ્રત્યે શ્રદ્ધાવાન તેમજ કૃતજ્ઞ રહ્યો છે.

આગમોમાં અન્યાન્ય તીર્થંકરો માટે 'અરહા' વિશેષણનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમકે 'મલ્લી અરહા', 'ઉસભેણ અરહા', 'નેમિઅરહા' આદિ પણ પાર્શ્વનાથનો પરિચય આપતી વખતે 'પુરુષાદાનીય' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. 'પુરુષાદાનીય'નો અર્થ છે પુરુષોમાં આદરણીય એનાથી સાબિત થાય છે કે આગમકાળમાં પણ ભગવાન પાર્શ્વનાથની કોઈ વિશિષ્ટતા માનવામાં આવતી હતી, જેનાથી એમને 'પુરુષાદાનીય' વિશેષણથી સંબોધિત કરવામાં આવ્યા. જેમ મહાવીરનાં વિશિષ્ટ તપોને લીધે એમના નામની સાથે 'સમણેભગવ મહાવીરે' લખાય છે, એ જ રીતે પાર્શ્વનાથના નામની સાથે 'પુરુષાદાનીય' વિશેષણ જોડવાનું કોઈ વિશિષ્ટ કારણ ચોક્કસ હોવું જોઈએ.

એનું એક મુખ્ય કારણ તો ૨૨૦ દેવો અને દેવીઓના પૂર્વભવ ઉપર ભગવાન પાર્શ્વનાથનો વિશેષ પ્રભાવ દેખાય છે. ભગવાન મહાવીરના સમવસારણોમાં ઉપસ્થિત વિભિન્ન નગરોના વિશાળ જનસમૂહએ દેવી-દેવતાઓની વિપુલ ઋદ્ધિ અને અદ્‌ભુત શક્તિના પ્રત્યક્ષ દર્શન કર્યાં તેમજ ત્રિકાળદર્શી સર્વજ્ઞ તીર્થંકર ભગવાન મહાવીરના મોઢેથી એમના પૂર્વજન્મનો વૃત્તાંત સાંભળી જ્યારે એમ જાણ્યું કે તેઓ બધા જ ભગવાન પાર્શ્વનાથના અંતેવાસી હતા, તો ચોક્કસ જ લોકોના મનમાં પાર્શ્વનાથની પ્રત્યે અગાધ ભક્તિ અને શ્રદ્ધા સ્વાભાવિકપણે જ જન્મી હશે.

એ વૃદ્ધા કુંવારીઓના આખ્યાનોથી ખબર પડે છે કે એ સમયની કેટલીક પરિસ્થિતિઓ હતી, જેને લીધે સંપન્ન પરિવારના લોકો પણ એમની કન્યાઓ માટે યોગ્ય વર શોધી શકતા ન હતા. આવી બાળાઓના નિરાશ અને નીરસ જીવનમાં સંયમની જ્યોતિ પ્રગટાવી આશાનો સંચાર કરી ભગવાને સમાજને નવી દિશા આપી હતી. એ વૃદ્ધ કુંવારીઓએ પાર્શ્વનાથની કૃપા વડે જ દૈવીઋદ્ધિ પ્રાપ્ત કરી. આ બધું જાણી ચોક્કસપણે એ સમયનો સમાજ એમનો ઋણી અને કૃતજ્ઞ ઉપાસક બની ગયો હશે.

ભગવાને એમના બાળપણમાં જ પ્રસેનજિતની મદદ કરી અને એને કલિંગના અનાર્ય યવનરાજથી મુક્ત કરાવ્યો, જે ભગવાનની શરણમાં આવી ગયો અને એમના ઉપદેશોથી પ્રભાવિત થયો. ભગવાને કેવળજ્ઞાન મેળવ્યા પછી એમના વિહારકાળમાં અનાર્ય પ્રદેશોની યાત્રા પણ કરી અને ત્યાંના અસંખ્ય લોકોને પોતાના ધર્માનુરાગી બનાવ્યા લાગે છે કે આ બધી વિશેષતાઓને લીધે જ ભગવાન પાર્શ્વનાથ આર્ય અને અનાર્ય બંને જનસમૂહોમાં પ્રભાવકારી, લોકપ્રિય અને અભૂતપૂર્વ આદરને પાત્ર થઈ 'પુરુષાદાનીય' કહેવાયા.

## ભગવાન પાર્શ્વનાથની આચાર્ય પરંપરા

સામાન્ય નિયમ પ્રમાણે એક તીર્થંકરના નિર્વાણ પછી જ્યાં સુધી બીજા તીર્થંકર વડે પોતાના ધર્મતીર્થની સ્થાપના કરવામાં નથી આવતી ત્યાં સુધી એ જ પૂર્વવર્તી તીર્થંકરનું ધર્મશાસન અને આચાર્ય પરંપરા ચાલતી રહે છે. તેવીસમા તીર્થંકરના પહેલાં પણ અસંખ્ય આચાર્યો થયા છે, પણ એમના સંબંધમાં પ્રામાણિક સામગ્રી ઉપલબ્ધ ન થવાને લીધે એમનો પરિચય નથી આપવામાં આવ્યો. જ્યારે કે ભગવાન પાર્શ્વનાથની આચાર્ય પરંપરાની પ્રામાણિક સામગ્રી ઉપલબ્ધ છે. ભગવાન મહાવીરના શાસનના પહેલાં એમનો અંતરકાળ માત્ર ૨૫૦ વર્ષનો છે. 'કલ્પસૂત્ર' પ્રમાણે ભગવાન પાર્શ્વનાથના ચોથા આચાર્ય સુધી મોક્ષગમન માનવામાં આવ્યો છે. આથી એમની આચાર્ય પરંપારનો ઉલ્લેખ કરવો ઐતિહાસિક દૃષ્ટિથી આવશ્યક અને યોગ્ય છે. 'ઉપકેશગચ્છ ચરિતાવલી'ના આધારે ભગવાન પાર્શ્વનાથની આચાર્ય પરંપારનો સંક્ષિપ્ત પરિચય અહીં આપવામાં આવ્યો રહ્યો છે :

૧. **આર્ય શુભદત્ત :** શુભદત્ત ભગવાન પાર્શ્વનાથના પહેલા પટ્ટધર ગણધર હતા. એમણે ભગવાનના નિર્વાણકાળ પછી ૨૪ વર્ષ સુધી આચાર્યપદની શોભા વધારી અને ચતુર્વિધ સંઘનું ઘણી કુશળતાથી સંચાલન કરીને દેશના કરી. ત્યાર બાદ આર્ય હરિદત્તને પોતાનો ઉત્તરાધિકારી નિયુક્ત કરી તેઓ મોક્ષગતિને પામ્યા.

૨. **આર્ય હરિદત્ત :** પ્રભુ પાર્શ્વનાથના બીજા પટ્ટધર હરિદત્ત શ્રમણ બનતા પહેલાં ૫૦૦ ડાકુઓના નાયક-ડાકુ હતા. ગણધર શુભદત્તના

શિષ્ય વરદત્ત મુનિએ એક વાર જંગલમાં પોતાના ૫૦૦ શિષ્યોની સાથે રોકાવું પડ્યું, એ સમયે હરિદત્ત એના પાંચસો સાથીઓ સાથે એમને લૂંટવાના ઈરાદાથી ત્યાં પહોંચ્યો. ત્યાં ધન-સંપત્તિની જગ્યાએ ડાકુઓને વરદત્ત મુનિનો ઉપદેશ મળ્યો, જેનાથી પ્રભાવિત થઈ તરત જ તે એના સાથીઓની સાથે એમનો શિષ્ય થઈ ગયો અને આગળ જતા સ્વયં મુનિનાયક અને ધર્મનાયક બની ગયો. પોતાની વિચક્ષણ બુદ્ધિના પ્રભાવથી એકાદશાંગીના પારગામી વિદ્વાનોમાં એમની ગણના થવા લાગી. *હરિદત્તની સેવા, લગન અને કુશાગ્ર બુદ્ધિથી પ્રભાવિત થઈ* શુભદત્તે એમને પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા. આચાર્ય હરિદત્તે ૭૦ વર્ષ સુધી ધર્મપ્રચાર કર્યો અને સમુદ્રસૂરિને પોતાનો ઉત્તરાધિકારી બનાવી પાર્શ્વનિર્વાણ સંવત ૯૪મા મોક્ષના અધિકારી થયા. આચાર્ય હરિદત્ત એમના સમયના ઘણા પ્રભાવશાળી આચાર્ય હતા. એમણે ***'વૈદિકી હિંસા, હિંસા ન ભવતિ'*** મતના કટ્ટર સમર્થક અને પ્રબળ પ્રચારક લૌહિત્યાચાર્યને રાજ્યસભામાં શાસ્ત્રાર્થમાં પરાસ્ત કર્યા અને ***'અહિંસા પરમો ધર્મઃ'***ની ધાક બેસાડી. લૌહિત્યાચાર્ય એના એક હજાર શિષ્યોની સાથે હરિદત્ત પાસે દીક્ષિત થઈ ગયો અને એમની આજ્ઞાથી દક્ષિણમાં અહિંસાધર્મનો પ્રચાર કર્યો.

**૩. આર્ય સમુદ્રસૂરિ :** સમુદ્રસૂરિ ભગવાન પાર્શ્વનાથના ત્રીજા પટ્ટધર આચાર્ય થયા. પાર્શ્વ સંવત ૯૪ થી ૧૬૬ સુધી એમણે જિન-શાસનની સેવા કરી. તેઓ ચતુર્દશ પૂર્વધારી હતા અને યજ્ઞવાદથી થનારી હિંસાના વિરોધી હતા. એમના એક શિષ્ય વિદેશીમુનિ વિહાર કરતા-કરતા ઉજ્જૈન પહોંચ્યા. વિદેશી મુનિ આર્ય સમુદ્રસૂરિના સાચા અનુયાયી અને પ્રતિભા-શાળી વિદ્વાન હતા. કહેવામાં આવે છે કે વિદેશી મુનિના ઉપદેશથી પ્રભાવિત થઈ ઉજ્જૈનના રાજાએ એમની રાણી અને પુત્ર કેશીની સાથે શ્રમણધર્મ અંગીકાર કર્યો. બાલર્ષિ કેશી જાતિસ્મરણની સાથે-સાથે ચતુર્દશ પૂર્વ સુધી શ્રુતજ્ઞાનના ધારક હતા. એમણે યજ્ઞવાદના પ્રચારક મુકુંદ આચાર્યને શાસ્ત્રાર્થમાં હરાવ્યા. આચાર્ય સમુદ્રસૂરિએ એમનો અંત સમય નજીક જાણી કેશીને આચાર્યપદ આપ્યું અને પાર્શ્વ સંવત ૧૬૬માં સકળ કર્મોનો લોપ કરી નિર્વાણ પામ્યા.

૪. **આર્ય કેશીશ્રમણ :** પ્રભુ પાર્શ્વનાથના ચોથા પટ્ટધર હતા કેશીશ્રમણ, આર્ય કેશીશ્રમણ બાળબ્રહ્મચારી, પ્રતિભાશાળી, ચૌદપૂર્વધારી, મતિ, શ્રુતિ, અવધિજ્ઞાન તેમજ મનઃપર્યવજ્ઞાનના ધારક હતા. એમણે ઘણી નિપુણતાથી શ્રમણ સંઘના સંગઠનને સુદૃઢ બનાવ્યો અને વિદ્વાન શ્રમણોના નેતૃત્વમાં પાંચ-પાંચ સાધુઓની ૯ ટુકડીઓ ભિન્ન-ભિન્ન દૂર-દૂરના પ્રદેશોમાં મોકલી અને સ્વયં એક હજાર સાધુઓની સાથે મગધ-પ્રદેશમાં રહીને આખા ભારતવર્ષમાં જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો. એમણે પાર્શ્વ સંવત ૧૬૬ થી ૨૫૦ સુધી અર્થાત્ ૮૪ વર્ષ સુધી આચાર્યપદને શોભાવ્યું અને અંતે સ્વયંપ્રભસૂરિને એમનો ઉત્તરાધિકારી નિયુક્ત કરી મુક્તિ મેળવી.

એમણે એમના ઉપદેશના પ્રભાવથી શ્વેતાંબિકાના મહારાજ પર-દેશીને ઘોર નાસ્તિકમાંથી આસ્તિક બનાવ્યો. ફળસ્વરૂપ રાજા પરદેશીએ શ્રાવકધર્મ સ્વીકાર્યો. પરદેશી પોતાના રાજ્યની આવકનો એક ચતુર્થાંશ દાનમાં આપવા લાગ્યો અને સાંસારિક સુખોને ત્યજીને બેલે-બેલેની તપસ્યામાં લાગી ગયો. પોતાના પતિને રાજ્યના કાર્યમાં ઉદાસીન જોઈ રાણી સૂરિકાંતાએ પોતાના પુત્રને રાજા બનાવવાની ઇચ્છા કરી અને પોતાના પતિ પરદેશીને વ્રતના પારણાના દિવસે ઝેરીલું ભોજન આપી દીધું. પરદેશીને ઝેરની અસર થતા જ તે આખી સ્થિતિ પામી ગયો અને કોઈ પણ જાતના પ્રતિરોધ કે દુર્ભાવના રાખ્યા વગર સમાધિપૂર્વક પ્રાણોત્સર્ગ કરી સૌધર્મકલ્પમાં ઋદ્ધિમાન સૂર્યાભ દેવ બન્યો.

શાસ્ત્રોમાં કેશી નામના બે મુનિઓનો પરિચય મળે છે. એક તો પરદેશી રાજાને પ્રતિબોધ આપનારા કેશીશ્રમણનો અને બીજો ગણધર ગૌતમની સાથે સંવાદ પછી શ્રાવસ્તી નગરીમાં ચાતુર્યામધર્મથી પંચ-મહાવ્રત રૂપ શ્રમણધર્મ સ્વીકાર કરનારા કેશીકુમાર શ્રમણનો. અહીં આ પ્રશ્ન વિચારણીય છે કે ભગવાન પાર્શ્વનાથના ચોથા પટ્ટધર આચાર્ય કોણ હતા ? આચાર્ય રાજેન્દ્રસૂરિના 'અભિધાનરાજેન્દ્રકોષ'માં બે જગ્યાએ કેશીશ્રમણનો પરિચય આપવામાં આવ્યો છે, પણ પરદેશી પ્રતિબોધક આચાર્ય કેશીશ્રમણને જ ગણધર ગૌતમની સાથે સંવાદ

કરવાવાળા કેશીશ્રમણ બતાવીને બંનેની એક જ હોવાની માન્યતા વ્યક્ત કરી છે. 'ઉપકેશગચ્છપટ્ટાવલી' અને ગુજરાતી ગ્રંથ 'જૈનપરંપરાઓના ઈતિહાસ'ની પણ આ જ હાલત છે. એ વાત અલગ છે કે કોઈ એમને મહારાજ જયસેનના પુત્ર, તો કોઈ એમને નિર્ગ્રંથી પુત્ર માને છે. એનાથી વિપરીત 'પાર્શ્વનાથની પરંપરાનો ઈતિહાસ'માં બંનેનો જુદો-જુદો પરિચય આપવામાં આવ્યો નથી, પણ બંનેના અલગ-અલગ અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે.

વાસ્તવિકતા એમ છે કે આચાર્ય કેશી અને કેશીકુમાર શ્રમણ બંને અલગ-અલગ વ્યક્તિ છે. આચાર્ય કેશી કે જેઓ ભગવાન પાર્શ્વનાથના ચોથા પટ્ટધર છે અને શ્વેતાંબિકાના મહારાજ પરદેશીના પ્રતિબોધક માનવામાં આવે છે, એમનો કાળ 'ઉપકેશગચ્છપટ્ટાવલી' અનુસાર પાર્શ્વ નિર્વાણ સંવત ૧૬૬ થી ૨૫૦ સુધીનો છે, જે ભગવાન મહાવીરની છદ્મસ્થાવસ્થા સુધીનો જ હોઈ શકે છે. એનાથી વિપરીત શ્રાવસ્તી નગરીમાં કેશીકુમાર શ્રમણ અને ગણધર ગૌતમના સંવાદનો કાળ મહાવીરના કેવળીચર્યાના પંદર વર્ષ વીતી ગયા પછી આવે છે, અર્થાત્ બંનેનો કાળ જુદો-જુદો છે. સાથે જ 'રાજપ્રશ્નીયસૂત્ર'માં પરદેશીને પ્રતિબોધ આપવા-વાળા કેશીને ચાર જ્ઞાનના ધારક બતાવ-વામાં આવ્યા છે, જ્યારે કે ગૌતમ ગણધરની સાથે શ્રાવસ્તીમાં સંવાદ કરવાવાળા કેશીકુમાર શ્રમણને ત્રણ જ્ઞાનના ધારક બતાવવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં મહાવીરના છદ્મસ્થકાળવાળા ચાર જ્ઞાનના ધારક કેશીશ્રમણનું મહાવીરના કેવળીચર્યાના પંદર વર્ષ વીતી ગયાં પછી ત્રણ જ્ઞાનના ધારકના રૂપમાં ગૌતમને મળવું કોઈ પણ પ્રકારે યુક્તિસંગત પ્રતીત નથી થતું.

ઉપર્યુક્ત તથ્યોથી એમ નિર્વિવાદપણે સિદ્ધ થઈ જાય છે કે - 'કેશીશ્રમણ આચાર્ય અને કેશીકુમાર શ્રમણ બંને એક ન હોઈ ભિન્ન છે. એકનું નિર્વાણ પાર્શ્વનાથના શાસનમાં થયું, જ્યારે કે બીજાનું નિર્વાણ ગૌતમ ગણધર સાથે સંવાદના પછીનો ચાતુર્યામધર્મથી પંચ મહાવ્રત રૂપે શ્રમણધર્મ સ્વીકાર કર્યા પછી મહાવીરના શાસન કાળમાં.

# ભગવાન શ્રી મહાવીર

જૈન ધર્મના ચોવીસમા અને અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર માત્ર એક મહાન્ ધર્મનાયક જ ન હતા, સાથો-સાથ મહાન લોકનાયક, ક્રાંતિકારી સમાજસુધારક, વિશ્વબંધુત્વના પ્રતીક, પ્રાણીમાત્રના હિતચિંતક અને માનવતાના સાચા પથ-પ્રદર્શક પણ હતા. એમણે સમસ્ત વિશ્વને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અનેકાન્ત અને સમતાનો પ્રશસ્ત માર્ગ બતાવી અમરત્વની તરફ અગ્રસર કર્યા.

*'સવ્વે જીવાવિ ઇચ્છંતિ જીવિઉં ન મરિજ્જિઉં'*ના દિવ્યઘોષની સાથે એમણે માત્ર મનુષ્યજાતિને જ નહિ, પરંતુ પશુ-પક્ષીઓ સુધ્ધાંને અહિંસા, દયા ને પ્રેમનો પાઠ ભણાવ્યો. ધર્મના નામે યજ્ઞોમાં થતી પશુબલિની વિરુદ્ધ જનતાને આંદોલિત કરી, એમણે અંધવિશ્વાસપૂર્ણ હિંસક પ્રથાને પડકાર ફેંકીને અસંખ્ય પ્રાણીઓને અભયદાન આપ્યું. એમણે પાખંડ, મિથ્યાભિમાન, રૂઢિવાદ અને વર્ણભેદથી ઊંડા ખાડામાં પડતી માનવતાને ઉપર લાવવાના અથાગ પ્રયત્નો જ નહિ કર્યા, પરંતુ પોતાના દિવ્યજ્ઞાનના પ્રકાશથી વિનાશોન્મુખ માનવસમાજને સમ્યગ્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યગ્ ચારિત્રની રત્નત્રિવેણી આપી મુક્તિપથ પર આગળ વધવાની પ્રેરણા આપી. ઘોરાતિઘોર ઉપસર્ગો અને પરીષહોને અદ્ભુત સાહસ, અલૌકિક ધૈર્ય, અવિચળ દૃઢતા, અગાધ ગાંભીર્ય તેમજ અપાર શાંતિની સાથે સહન કરી એમણે સહનશીલતા, ક્ષમા અને કરુણાના અપૂર્વ કીર્તિમાન સ્થાપિત કર્યાં.

ભગવાન મહાવીરનો સમય ઈ.સ. પૂર્વ છઠ્ઠી સદી માનવામાં આવ્યો છે કે જે ભારતવર્ષ જ નહિ, પણ વિશ્વના સાંસ્કૃતિક અને ધાર્મિક ઈતિહાસમાં ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ એ જ સમય હતો જ્યારે ભારતવર્ષમાં તીર્થંકર મહાવીરની સાથે મહાત્મા બુદ્ધે પણ અહિંસા અને કરુણાનો ઉપદેશ આપી ધાર્મિક તેમજ સાંસ્કૃતિક ક્રાંતિનું સર્જન કર્યું. એ જ કાળખંડમાં ચીનમાં લાઓત્સે અને કાંગફ્યૂત્સી, યૂનાનમાં પાઈથોગોરસ, અફલાતૂન અને સૂકરાત આદિએ પોત-પોતાનાં ક્ષેત્રોમાં સાંસ્કૃતિક અને ધાર્મિક ક્રાંતિના સૂત્રધારનું કામ કર્યું. રૂઢિવાદ અને અંધવિશ્વાસનો વિરોધ કરીને બધા મહાપુરુષોએ જનતાને સાચી દિશામાં આગળ વધવાની પ્રેરણા આપી અને શુદ્ધ ચિંતનની દિશા દેખાડી. તત્કાલીન સમયના બધા મહાપુરુષોમાં ભ. મહાવીરનું સ્થાન કેટલીયે દૃષ્ટિકોણથી વિશિષ્ટ, પરમ સન્માનનીય, ઉચ્ચતમ અને શ્રેષ્ઠતમ છે.

## મહાવીરકાલીન દેશ-દશા

તેવીસમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથના ૨૫૦ વર્ષ પછી ભ. મહાવીર થયા. એ સમયમાં દેશ અને સમાજની દશા ઘણી વિકૃત થઈ ચૂકી હતી, પાર્શ્વકાલીન તપ, સંયમ અને ધર્મ પ્રત્યે લોકોની રુચિ મંદ પડી ગઈ હતી. ધર્મના નામે આડંબર છવાયેલો હતો. યજ્ઞ-યાગ અને ક્રિયા-કાંડને જ ધર્મનું રૂપ માનવામાં આવતું હતું. યજ્ઞમાં ઘૃત આદિ જ નહિ, પરંતુ પશુ પણ ચઢાવવામાં આવી રહ્યાં હતાં અને વેદવિહિત યજ્ઞમાં થનારી હિંસાને હિંસા નહિ, અહિંસા ગણવામાં આવતી હતી. વર્ણ-વ્યવસ્થા અને જાતિ-વાદના બંધનમાં માનવસમાજ એટલો બધો જકડાયેલો હતો કે નિમ્નવર્ગની વ્યક્તિઓને કોઈ પણ પ્રકારની સુવિધા અને સ્વતંત્રતા હતી નહિ. ગરીબો પ્રત્યે અમીરોની સહૃદયતા ઓછી થઈ રહી હતી. સ્ત્રી જાતિની સ્થિતિ તો એમનાથી પણ ખરાબ હતી. સ્ત્રીઓને કોઈ ખાસ સ્વતંત્રતા ન હતી અને એમની સાથે દાસી જેવો વ્યવહાર કરવામાં આવતો હતો.

રાજનૈતિક દૃષ્ટિએ પણ આ સમય ઊથલ-પાથલનો હતો. અલગ-અલગ રાજ્યોમાં સ્થિરતા અને એકરૂપતા હતી નહિ. તત્કાલીન ગણરાજ્યોમાં લિચ્છવી ગણરાજ્ય સૌથી વધુ બળવાન હતું. એની રાજધાની વૈશાલી હતી અને મહારાજા ચેટક ત્યાંના પ્રધાન હતા. મહાવીર સ્વામીની માતા ત્રિશલા એમની જ બહેન હતી. કાશી અને કૌશલના પ્રદેશો પણ એમાં જોડાયેલ હતા. લિચ્છવી ગણરાજ્ય સિવાય શાક્ય ગણરાજ્યનું પણ વિશેષ મહત્ત્વ અને પ્રભાવ હતો. એની રાજધાની કપિલવસ્તુ હતી. એના પ્રધાન રાજા શુદ્ધોધન હતા. ગૌતમ બુદ્ધ એમના જ પુત્ર હતા. બીજા પણ કેટલાંયે નાનાં-નાનાં ગણરાજ્ય હતાં. જેમકે - મલ્લ, કોલ, આમ્લકંપા, પિપ્પલીવન આદિ. મગધ, ઉત્તરી કોશલ, અવંતિ, કલિંગ આદિ સ્વતંત્ર રાજ્યો પણ હતાં. આ રાજ્યોમાં પ્રાયઃ મૈત્રીપૂર્ણ સંબંધ હતા. પરંતુ નિમ્નવર્ગની દશા બધાં જ રાજ્યોમાં દયનીય અને ચિંતનીય હતી. બ્રાહ્મણવર્ગનું વર્ચસ્વ હતું. પ્રજામાં ઉત્પીડનથી ક્ષોભ અને વિષાદનું વાતાવરણ હતું. આ બધી પરિસ્થિતિઓનો પ્રભાવ ધાર્મિક વાતાવરણ ઉપર પણ પડ્યો હતો. જનસમાજમાં ધર્મની ભાવનાની ઊણપ દેખાતી હતી. સાધનાનું લક્ષ્ય નિર્વાણ અને મુક્તિની જગ્યાએ માત્ર સ્વર્ગપ્રાપ્તિનું જ રહી ગયું હતું. શ્રમણ સંઘની સ્થિતિ દિવસે-દિવસે ઘસાઈ રહી હતી. યાજ્ઞિકી હિંસાનો વિરોધ અને અહિંસાનો પ્રચાર પણ ક્યારેક-ક્યારેક જ થતો હતો, પરંતુ એમાં પર્યાપ્ત બળ અને સહયોગનો અભાવ હતો. આવા વિષમ સમયમાં પ્રાણીમાત્ર અને માનવમાત્રના હિત માટે સત્યમાર્ગને સ્થાપિત કરવા માટે ભગવાન મહાવીરનો જન્મ થયો.

## ભગવાન મહાવીરના પૂર્વભવો

જૈનશાસ્ત્રો પ્રમાણે પ્રત્યેક આત્મા પરમાત્મા બનવાની યોગ્યતા રાખે છે અને વિશિષ્ટ સાધનાના માધ્યમે એના તીર્થંકર અથવા ભગવાનના રૂપમાં ઉત્તર-જન્મ થાય છે. પરંતુ ઈશ્વર કર્મમુક્ત હોવાને લીધે ફરી મનુષ્ય રૂપે અવતાર ધારણ કરતા નથી, જન્મ લેતા નથી, નીચે ઊતરતા નથી. મનુષ્ય સત્કર્મ વડે ભગવાન બની શકે છે. આ રીતે નરનું નારાયણ થવું અર્થાત્ ઉપર ચઢવું ઉતાર છે. આથી જૈન ધર્મ અવતારવાદી નહિ, ઉતારવાદી છે. ભગવાન મહાવીરના જીવે નયસારના ભવમાં સત્કર્મનું બીજ રોપી એનું ક્રમશઃ સિંચન કરતા રહી તીર્થંકરપદ સુધીની સફર - યાત્રા કરી.

એકદા પ્રતિષ્ઠાનપુરના ગ્રામચિંતક નયસાર જંગલમાં લાકડાંઓ લેવા માટે ગયો હતો. બપોરે તે ખાવા માટે બેઠો જ હતો કે એને એક તપસ્વી મુનિ દેખાયા, જે એમનો રસ્તો ભૂલીને આ તરફ નીકળી આવ્યા હતા. એણે ભૂખ્યા-તરસ્યા એ મુનિને ભાવપૂર્વક નિર્દોષ આહાર-પાણી આપ્યા અને એમને સાચો માર્ગ બતાવ્યો. મુનિએ પણ નયસારને ધર્મઉપદેશ આપ્યો અને આત્મોત્થાનનો માર્ગ દેખાડ્યો, પરિણામે નયસારને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ અને એણે સંસાર સંકેલી લીધો.

બીજા ભવમાં તે સૌધર્મકલ્પમાં દેવ થયો અને ત્રીજા ભવમાં તે રાજા ભરતનો પુત્ર મરીચિ રૂપે પેદા થયો. ચોથા ભવમાં બ્રહ્મલોકમાં દેવ, પાંચમામાં કૌશિક બ્રાહ્મણ, છઠ્ઠામાં પુષ્યમિત્ર બ્રાહ્મણ, સાતમામાં સૌધર્મ દેવ, આઠમામાં અગ્નિદ્યોત, નવમા ભવમાં દ્વિતીયકલ્પનો દેવ, દસમામાં અગ્નિભૂતિ બ્રાહ્મણ, અગિયારમામાં સનત્કુમાર દેવ, બારમા ભવમાં ભારદ્વાજ, તેરમા ભવમાં મહેન્દ્રકલ્પનો દેવ, ચૌદમામાં સ્થાવર બ્રાહ્મણ, પંદરમા ભવમાં બ્રહ્મકલ્પનો દેવ, સોળમા ભવમાં યુવરાજ વિશાખભૂતિનો પુત્ર વિશ્વભૂતિ, સત્તરમામા મહાશુક્ર દેવ અને અઢારમામાં ત્રિપૃષ્ટ વાસુદેવના રૂપમાં જન્મ ધારણ કર્યો. ત્રિપૃષ્ટના ભવમાં નિકાચિત કર્મબંધના ફળસ્વરૂપ ઓગણી-સમા ભવમાં સપ્તમ નરકમાં નેરઈયા રૂપે ઉત્પન્ન થયો. વીસમા ભવમાં સિંહ તેમજ એકવીસમામાં ચતુર્થ નરકમાં જન્મ લીધો. બાવીસમા ભવમાં પ્રિયમિત્ર (પોટ્ટિલ) ચક્રવર્તી, તેવીસમા ભવમાં મહાશુક્રકલ્પમાં દેવ તથા ચોવીસમા ભવમાં-નંદનરાજાના ભવમાં તીર્થંકર ગોત્રનો બંધ કર્યો. પચીસમા ભવમાં ભગવાન પ્રાણત સ્વર્ગના પુષ્પોત્તર વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

'સમવાયાંગસૂત્ર' પ્રમાણે પ્રાણત સ્વર્ગથી ચ્યવન કરી નંદનનો જીવ દેવનંદાની કૂખમાં દાખલ થયો. આ એમનો છવીસમો ભવ તથા દેવનંદાના ગર્ભથી ત્રિશલાદેવીની કૂખમાં હરિણૈગમેષી દેવ વડે સાહરણથી વર્ધમાનના રૂપમાં જન્મ લેવા ભગવાન મહાવીરનો સત્તાવીસમો ભવ માનવામાં આવ્યો છે, અર્થાત્ ક્રમશઃ બે ગર્ભોમાં આગમનને બે અલગ-અલગ જન્મ માનવામાં આવ્યા છે.

દિગંબર પરંપરામાં ભગવાન મહાવીરના ૩૩ ભવોનું વર્ણન છે. બંને પરંપરાઓમાં ભગવાનના પૂર્વ ભવોની સંખ્યા અને નામમાં ભિન્નતા હોવાથી પણ આ પ્રમુખ તથ્યોને એકીમતે સ્વીકારવામાં આવ્યા છે કે અનંત ભવભ્રમણ પછી સમ્યગ્દર્શનની ઉપલબ્ધિ તેમજ કર્મનિર્જરાના પ્રભાવથી નયસારનો જીવ અભ્યુદય અને આત્મોન્નતિ તરફ આગળ વધતો જ રહ્યો. કઠોર કર્મબંધનથી એણે ફરી એક ઘણા લાંબા સમય સુધી ભવાટવીમાં ભટકવું પડ્યું. અને અંતે નંદન રાજાના ભવમાં ઉત્કટ ચિંતન, મનન અને ભાવનાની સાથોસાથ ઉત્તમ કોટિના ત્યાગ, તપ, સંયમ, વૈરાગ્ય, ભક્તિ અને વૈયાવૃત્યના આચરણથી એણે સર્વોચ્ચ પદ તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું.

ભગવાને નંદન રાજાના ભવમાં તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કરી લીધું. આ ભગવાનનો ચોવીસમો ભવ હતો. છત્રા નગરીના મહારાજ જિતશત્રુના પુત્ર નંદને પોટ્ટિલાચાર્યના ઉપદેશથી રાજસી વૈભવ ત્યજીને દીક્ષા લીધી અને એક લાખ વર્ષના સંયમપૂર્ણ જીવનમાં નિરંતર માસ-માસખમણની તપસ્યા કરી અને કુલ મેળવીને અગિયાર લાખ સાઠ હજાર માસખમણ કર્યાં. આ બધાંનો પારણાકાળ ત્રણ હજાર ત્રણસો તેત્રીસ વર્ષ ત્રણ મહિના અને ઓગણત્રીસ દિવસોનો થયો. તપ-સંયમ અને અર્હતભક્તિ આદિ વીસે-વીસ બોલોની ઉત્કટ આરાધનાના પરિપાક રૂપે એમણે તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કર્યું અને અંતે બે મહિનાનું અનશન કરી સમાધિ ભાવે આયુષ્ય પૂર્ણ કરીને પ્રાણત સ્વર્ગના પુષ્પોત્તર વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

## ભગવાન મહાવીરનાં કલ્યાણક

ભગવાન મહાવીરનાં પાંચ કલ્યાણક ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયા. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં દશમ સ્વર્ગથી ચ્યુત થઈ દેવાનંદાના ગર્ભમાં આવ્યા. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં જ એમનું દેવનંદાના ગર્ભમાંથી મહારાણી ત્રિશલાદેવીના ગર્ભમાં સાહરણ કરવામાં આવ્યું. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં જ ભગવાન મહાવીરનો જન્મ થયો. આ જ નક્ષત્રમાં તેઓ મુંડન કરી

સાગારથી અણગાર બન્યા અને ઉત્તરાફાલ્ગુનીમાં જ એમણે કેવળજ્ઞાન અને કેવળદર્શન એકસાથે મેળવ્યું. જ્યારે કે ભગવાન મહાવીરનું નિર્વાણ સ્વાતિ નક્ષત્રમાં થયું.

## ચ્યવન-કલ્યાણક

વર્તમાન અવસર્પિણી કાળના ત્રણ આરક વીતી ચૂક્યા હતા અને ચોથા આરકના પણ લગભગ ૭૬ વર્ષ બાકી હતાં, ત્યારે અષાઢ શુક્લ છઠની રાતે ચંદ્રનો ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે યોગ થતા નંદન રાજાનો જીવ દસમા સ્વર્ગથી ચ્યવન કરી વિદેહ રાજ્યના કુંડપુર સન્નિવેશ નિવાસી બ્રાહ્મણ ઋષભદત્તની પત્ની દેવનંદાના ગર્ભમાં દાખલ થયો. અર્ધજાગૃત અને અર્દ્ધસુપ્ત અવસ્થામાં દેવાનંદાએ ચૌદ મંગળમય શુભસ્વપ્ન જોયાં. એણે એના પતિ ઋષભદત્તને આ સપનાંઓનું વર્ણન સંભળાવ્યું. સ્વપ્નનું વિવરણ સાંભળી ઋષભદત્તે કહ્યું : "તને પુણ્યવાન પુત્ર મળશે, જે મોટો થઈ સમસ્ત શાસ્ત્રો અને વિષયોમાં નિપુણ, વિદ્વાન, શૂરવીર અને મહાન પરાક્રમી હશે." આમ જાણી માતા આનંદપૂર્વક પોતાના ગર્ભનું પરિપાલન કરવા લાગી.

## ગર્ભાપહાર

દેવપતિ શક્રેન્દ્રને અવધિજ્ઞાન વડે જ્યારે ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરને દેવાનંદા બ્રાહ્મણીના કૂખમાં ઉત્પન્ન થયેલા જોયા, તો એના મનમાં વિચાર જાગ્યો કે - 'ચિરંતન કાળથી એવી જ પરંપરા રહી છે કે તીર્થંકર હંમેશાં પ્રભાવશાળી વિરોચિત કુળોમાં જ ઉત્પન્ન થાય છે, છતાં પણ કર્મોદયથી ભગવાન મહાવીર દેવાનંદા બ્રાહ્મણીની કૂખમાં ઉત્પન્ન થયા છે, આ અશક્ય અને આશ્ચર્યજનક ઘટના છે.' મારું કર્તવ્ય છે કે હું એમનું વિશુદ્ધ-કુળ-વંશમાં સાહરણ-સંકર્ષણ કરાવું. એમણે હરિણૈગમેષી દેવને આ પ્રમાણે આદેશ આપ્યો. હરિણૈગમેષી દેવે બ્રાહ્મણકુંડ ગામમાં આવી દેવાનંદાને નિદ્રાધીન કરી કોઈ પણ જાતનાં કષ્ટ-અડચણ વગર મહાવીરના શરીરને હથેળીમાં લીધો અને ત્રિશલા ક્ષત્રિયાણીના કૂખમાં લાવીને મૂકી દીધો તથા ત્રિશલાના ગર્ભને લઈને દેવાનંદાની કૂખમાં સ્થાપિત કરી દીધો. આમ બ્યાંસી રાત સુધી દેવાનંદાના ગર્ભમાં રહ્યા પછી આસો કૃષ્ણ ત્રયોદશી(તેરશ)ના રોજ ભગવાન મહાવીરનું ત્રિશલાના ગર્ભમાં સાહરણ કરવામાં આવ્યું.

## ગર્ભપહાર ઉપર વિચાર

ગર્ભાપહારની ક્રિયા અદ્‌ભુત હોવાના લીધે આશ્ચર્યજનક હોઈ શકે છે, પણ અશક્ય નહિ. દિગંબર પરંપરાએ તો આ પ્રકરણને વિવાદાસ્પદ ગણી મૂળમાંથી છોડી દીધું છે. પણ શ્વેતાંબર પરંપરાનાં મૂળસૂત્રો અને ટીકા ચૂર્ણિ આદિમાં એનો સ્પષ્ટ ઉલ્લેખ ઉપલબ્ધ છે. શ્વેતાંબર આચાર્યોએ ગર્ભહરણને સંભવ માન્યો છે. 'સમવાયાંગસૂત્ર'ના ૮૩મા સમવાયમાં ગર્ભ-પરિવર્તનનો ઉલ્લેખ છે. 'સ્થાનાંગસૂત્ર'ના પાંચમા સ્થાનમાં ભગવાન મહાવીરના પંચકલ્યાણકોમાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ગર્ભપરિવર્તનનો સ્પષ્ટ ઉલ્લેખ છે. 'સ્થાનાંગ'ના દસમા સ્થાનમાં દસ આશ્ચર્ય બતાવવામાં આવ્યા છે, જેમાં ગર્ભહરણનું બીજું સ્થાન છે. દશ આશ્ચર્ય આ પ્રમાણે છે:

૧. **ઉપસર્ગ :** શ્રમણ ભગવાન મહાવીરના સમવસરણમાં ગોશાલકે મુનિ સર્વાનુભૂતિ અને સુનક્ષત્રને તેજોલેશ્યા વડે ભસ્મીભૂત કર્યા અને સ્વયં ભગવાન ઉપર પણ તેજોલેશ્યાનો ઉપસર્ગ કર્યો. આ પ્રથમ આશ્ચર્ય છે.

૨. **ગર્ભહરણ :** તીર્થંકરનું ગર્ભહરણ નથી થતું, પણ ભગવાન મહાવીરનું થયું, જે બીજું આશ્ચર્ય છે.

૩. **સ્ત્રી-તીર્થંકર :** તીર્થંકરપદ પુરુષ જ પ્રાપ્ત કરે છે, પણ વર્તમાન અવસર્પિણી કાળમાં ઓગણીસમા તીર્થંકર મલ્લીનાથ મલ્લી ભગવતીના રૂપમાં હતાં, જે સ્ત્રી હતી. આ પણ એક આશ્ચર્ય છે.

૪. **અભાવિતા પરિષદ :** તીર્થંકરનું પ્રથમ પ્રવચન ઘણું પ્રભાવશાળી હોય છે, જેને સાંભળી લોકો સંયમમાર્ગ ગ્રહણ કરે છે, પણ ભગવાન મહાવીરની પ્રથમ દેશનામાં કોઈએ પ્રવ્રજ્યા લીધી નહિ, આ પણ એક આશ્ચર્ય છે.

૫. **કૃષ્ણનું અમરકંકાગમન :** દ્રૌપદીને શોધવા માટે વાસુદેવ કૃષ્ણ ધાતકીખંડની અમરકંકા નગરીમાં આવ્યા અને ત્યાંના કપિલ વાસુદેવની સાથે શંખના માધ્યમે વાર્તાલાપ થયો. ચક્રવર્તી અને વાસુદેવ ક્યારેય એમની સીમાથી બહાર જતા નથી, પણ કૃષ્ણ ગયા, જે એક આશ્ચર્ય છે.

૬. **ચંદ્ર-સૂર્યનું આગમન :** સૂર્ય, ચંદ્ર આદિ દેવ ભગવાનનાં દર્શને આવે છે, પણ પોતાના મૂળ વિમાનથી નહિ. પરંતુ કૌશાંબીમાં ભગવાન મહાવીરના સમવસરણમાં ચંદ્ર-સૂર્ય પોત-પોતાનાં વિમાનોમાં આવ્યા. આ એક આશ્ચર્ય છે.

૭. **હરિવંશ કુલોત્પત્તિ (યૌગલિકનું નરકગમન) :** હરિ અને હરિણી નામના યૌગલિકને સુખ-શાંતિથી જીવન ગાળતાં જોઈ એમના પૂર્વજન્મના શત્રુને, જે એ ભવમાં દેવ હતો, પૂર્વજન્મની વેરભાવના યાદ આવી અને પોતાની શક્તિનો ઉપયોગ કરી એમની ઉંમર અને આકૃતિને નાની કરી ચંપા નગરીમાં પહોંચાડી દીધાં. ચંપાના નાગરિકો નવા રાજાની શોધમાં હતા. એમણે આ બંનેને રાજા-રાણી બનાવી દીધાં. કુસંગતિના કારણે બંને જ દુર્વ્યસની થઈ ગયાં, પરિણામે બંને મરીને નરકમાં ઉત્પન્ન થયાં. યુગલિક નરકમાં નથી જતા, પણ હરિ અને હરિણીએ નરકમાં જવું પડ્યું, જે એક આશ્ચર્ય છે. આ યુગલથી હરિવંશની ઉત્પત્તિ થઈ.

૮. **ચમરનો ઉત્પાત :** પૂરણ તાપસનો જીવ અસુરેન્દ્ર(ચમરેન્દ્ર)ના રૂપમાં પેદા થયો. એણે જોયું કે એની ઉપરના દેવલોકમાં શક્રેન્દ્ર સિંહાસન ઉપર બિરાજેલો છે અને સુખોને ભોગવી રહ્યો છે. દ્વેષભાવે એણે શક્રના સુખભોગમાં અડચણ નાંખવા માંગી. ભગવાન મહાવીરની શરણમાં જઈ એણે સૌધર્મ દેવલોકમાં ઉત્પાત - ઉધ્ધમ મચાવ્યો. એનાથી શક્રેન્દ્રએ ક્રોધે ભરાઈ એના ઉપર વજ્ર ફેંક્યું. ભયભીત થઈ ચમરેન્દ્ર ભગવાનનાં ચરણોમાં ઢળી પડ્યો. શક્રેન્દ્રને જ્યારે ખબર પડી કે ચમરેન્દ્ર ભગવાનનાં ચરણોમાં શરણાર્થી છે, તો તે અત્યંત વેગથી ત્યાં આવ્યો અને પોતાનું વજ્ર પકડીને ચમરેન્દ્રને બચાવ્યો અને ક્ષમા કરી દીધો. ચમરેન્દ્રનું અરિહંતની શરણ લઈ સૌધર્મ દેવલોકમાં જવું એક આશ્ચર્ય છે.

૯. **ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૮ સિદ્ધ :** નિયમ પ્રમાણે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એકસાથે માત્ર બે જ સિદ્ધ હોવા જોઈએ. પરંતુ ૫૦૦ ધનુષની અવગાહનાવાળા ભગવાન ઋષભદેવ અને એમના પુત્ર આદિ ૧૦૮ જીવ એકસાથે એક જ સમયમાં સિદ્ધ થયા. આ એક આશ્ચર્ય છે.

૧૦. **અસંયત પૂજા :** સામાન્યપણે સંયત જ વંદનીય ને પૂજનીય હોય છે, પણ નવમા તીર્થંકર સુવિધિનાથના શાસનકાળમાં શ્રમણ-શ્રમણીની અછતમાં અસંયતની જ પૂજા થઈ. આ પણ એક આશ્ચર્ય છે.

ભારતીય સાહિત્યમાં વર્ણિત ગર્ભાપહાર જેવી ઘણી બધી વાતો અવિશ્વસનીય માનવામાં આવી છે, પણ વૈજ્ઞાનિક યુગનાં નિત-નવાં

અન્વેષણોએ એમાંની ઘણી ખરી વાતો પ્રત્યક્ષ કરી બતાવી છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા પ્રકાશિત 'જીવનવિજ્ઞાન' (પૃષ્ઠ ૪૩)માં એક આશ્ચર્યકારક ઘટના પ્રકાશિત કરવામાં આવી છે કે - 'એક અમેરિકન ડૉક્ટરે એક ગર્ભવતી સ્ત્રીના પેટનું ઑપરેશન કરવાનું હતું. આથી એ ડૉક્ટરે પહેલાં એક ગર્ભવતી બકરીનું પેટ ચીરીને એના પેટમાંના બચ્ચાને વીજળીની શક્તિથી યુક્ત એક ડબ્બામાં રાખ્યું અને એ સ્ત્રીના પેટમાંનું બચ્ચું કાઢી એ બકરીના ગર્ભમાં નાંખી દીધું. સ્ત્રીનું ઑપરેશન થઈ ગયા બાદ ડૉક્ટરે ફરી એ સ્ત્રીનું બચ્ચું એના પેટમાં મૂકી દીધું અને બકરીનું બચ્ચું બકરીના પેટમાં મૂકી દીધું. કાલાન્તરમાં બકરી અને સ્ત્રીએ જે બચ્ચાંઓને જન્મ આપ્યો, તે સ્વસ્થ અને સ્વાભાવિક રહ્યા.

## માતા ત્રિશલાના ગર્ભમાં

જે સમયે હરિણૈગમેષીએ ઇન્દ્રની આજ્ઞાથી મહાવીરના જીવનો દેવાનંદાના ગર્ભમાંથી ત્રિશલાના ગર્ભમાં સાહરણ કર્યું હતું, એ વખતે દેવાનંદાએ ૧૪ મહાસ્વપ્નોને પોતાના મોઢામાંથી નીકળતાં જોયાં. જાગીને શોક સંતપ્ત થઈ તે વિલાપ કરવા લાગી કે - 'કોઈએ એના ગર્ભને હરી લીધો છે.' એ જ રીતે આસો કૃષ્ણા ત્રયોદશી (તેરશ) ચંદ્રનો ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે યોગ થતા ત્રિશલાને ચૌદ મહાસ્વપ્ન દેખાયાં. સ્વપ્નશાસ્ત્રી-ઓએ કહ્યું : "આવાં સ્વપ્ન તીર્થંકર અથવા ચક્રવર્તીની માતાઓ જ જુએ છે. આથી ત્રિશલા મહારાણીને મહાન ભાગ્યશાળી પુત્ર પ્રાપ્ત થશે, જે મોટો થઈ ચક્રવર્તી અથવા તીર્થંકર બનશે." સ્વપ્નપાઠકોની વાત સાંભળી રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલા ઘણા આનંદ પામ્યાં. ત્રિશલા સાવધાન રહીને સુખપૂર્વક પોતાનો ગર્ભકાળ પૂરો કરવા લાગી.

## ગર્ભમાં અભિગ્રહ અને જન્મ

ભગવાન મહાવીરે અવધિજ્ઞાનથી જોયું કે ગર્ભમાં એનું સ્વાભાવિક હલન-ચલન માતાને ઘણું કષ્ટ પમાડે છે. આથી એમણે એમનું અંગ-સંચાલન બંધ કરી દીધું, એનાથી માતા ત્રિશલા ગભરાઈ ગઈ અને વિચારવા લાગી - 'મારા ગર્ભસ્થ શિશુને શું થઈ ગયું છે ?' આ સમાચારથી સ્વયં ત્રિશલા અને રાજપરિવાર વ્યાકુળ રહેવા લાગ્યો. જ્યારે ભગવાને અવધિજ્ઞાનથી માતા અને પરિવારની ચિંતા જાણી તો ફરી પોતાનાં અંગોપાંગ હલાવવા-ડોલાવવા લાગી ગયા; જેનાથી માતા અને બધાં ખુશ થઈ ગયાં. માતાના

આ પ્રબળ સ્નેહભાવને જોઈ ભગવાને ગર્ભમાં જ અભિગ્રહ ધારણ કર્યો - 'જ્યાં સુધી માતા-પિતા હયાત રહેશે, હું પ્રવ્રજિત થઈશ નહિ.'

મંગળકારી વાતાવરણમાં ગર્ભનો સમય પૂરો થતા ચૈત્ર શુક્લ ત્રયોદશી-(તેરશ)ના અડધી રાતના સમયે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં મહારાણી ત્રિશલાએ પુત્રરત્નને જન્મ આપ્યો. આકાશમાંથી દેવોએ પંચદિવ્યોની વર્ષા કરી. સમસ્ત લોકમાં અલૌકિક ઉદ્યોત અને પરમ શાંતિનું વાતાવરણ છવાઈ ગયું. ૫૬ દિક્કુમારીઓ અને ૬૪ દેવેન્દ્રોએ હાજર થઈ પ્રભુનો મંગળકારી જન્મોત્સવ ઉજવ્યો. મહારાજ સિદ્ધાર્થે પણ બધા કેદીઓને મુક્ત કરી દીધા અને બધાને ખુલ્લા હાથે દાન આપ્યાં. દસ દિવસ સુધી ઘણા આનંદ-પ્રમોદથી ભગવાનનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો અને આખા રાજ્યમાં અપાર આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ છવાઈ ગયું.

## નામકરણ

દસ દિવસ સુધી પુત્રજન્મનો ઉત્સવ ઉજવ્યા પછી મહારાજ સિદ્ધાર્થે બારમા દિવસે પોતાના બધાં જ પરિજનો અને મિત્રોને આમંત્રિત કરી નામકરણ મહોત્સવ ઉજવ્યો. એ સમયે એમણે લોકોને જણાવ્યું કે - "જ્યારથી આ શિશુ માતાના ગર્ભમાં આવ્યો છે ત્યારથી અમારે ત્યાં ધનધાન્ય આદિની વિપુલ પ્રમાણમાં અભિવૃદ્ધિ થઈ છે. આથી આ બાળકનું નામ 'વર્દ્ધમાન' રાખવું ઉચિત રહેશે.'' બધાંએ સહમતિ દર્શાવી હર્ષધ્વનિ કર્યો.

એમના બાળપણનાં વીરોચિત કાર્યોથી પ્રભાવિત થઈ દેવોએ એમનું નામ 'મહાવીર' રાખ્યું. સહજ મળેલ સદ્બુદ્ધિને કારણે 'સન્મતિ' તેમજ ત્યાગ-તપની સાધનામાં કપરી મહેનત કરવાથી શાસ્ત્રમાં એમને 'શ્રમણ' કહેવામાં આવ્યા છે.

## જન્મસ્થાન અને માતા-પિતા

મહાવીરના જન્મસ્થાનના વિષયમાં વિદ્વાનોમાં કેટલાક મતભેદ છે. કેટલાક લોકો વૈશાલીને એમનું જન્મસ્થળ માને છે, તો કેટલાક 'કુંડનપુર'ને અને કેટલાક તો 'ક્ષત્રિયકુંડ.'ને સાથે જ પ્રભુના જન્મસ્થળને કેટલાક વિદ્વાન મગધમાં આવેલું માને છે, તો કેટલાક વિદેહમાં. 'આચારાંગ' અને 'કલ્પસૂત્ર'માં મહાવીરને વિદેહવાસી માનવામાં આવ્યા છે. દિગંબર પરંપરાના ગ્રંથોમાં આ જ મતને સમર્થન મળ્યું છે. ત્યાં કુંડપુર - ક્ષત્રિયકુંડને વિદેહની અંદર આવેલા માન્યા છે. મુનિ કલ્યાણ-

વિજયે કુંડપુરને વૈશાલીનું ઉપનગર માન્યું છે, જ્યારે કે વિજયેન્દ્રસૂરિ કુંડપુરને વૈશાલીનું ઉપનગર નહિ, પરંતુ સ્વતંત્ર નગર માને છે. આ રીતે ક્યાંક-ક્યાંક કુંડપુર માટે બ્રાહ્મણકુંડ ગ્રામ નગર અને ક્ષત્રિયકુંડ ગ્રામ નગરનો પણ અલગ-અલગ પ્રયોગ થયો છે. આ બંને સ્થાન જુદી-જુદી વસ્તીના રૂપમાં હોવા છતાં પણ એટલા નજદીક હતા કે એમને કુંડપુરના સન્નિવેશ પણ માનવામાં આવ્યા છે. 'ભગવતીસૂત્ર'ના નવમ પ્રકરણમાં એમની સ્થિતિ કંઈક વધુ સ્પષ્ટ કરવામાં આવી છે. ત્યાં બ્રાહ્મણકુંડ ગ્રામથી પશ્ચિમ દિશામાં ક્ષત્રિયકુંડ ગ્રામ અને બંનેની વચ્ચે બહુશાલ ચૈત્યનો ઉલ્લેખ બતાવવામાં આવ્યો છે.

એક વખત ભગવાન મહાવીર બ્રાહ્મણકુંડના બહુશાલ ચૈત્યમાં પધાર્યા જ્યારે ક્ષત્રિયકુંડના લોકોને આ સૂચના મળી તો તે લોકો એમને પ્રણામ કરવા ગયા. રાજકુમાર જમાલિ પણ ક્ષત્રિયકુંડથી પસાર થતા બ્રાહ્મણકુંડના બહુશાળ ચૈત્યમાં પહોંચ્યા, જ્યાં ભગવાન મહાવીર બિરાજમાન હતા. એમની સાથે પાંચસો ક્ષત્રિય કુમારોનું દીક્ષિત થવાનું પણ વર્ણન છે.

ખરેખર તો બંને સ્થળોમાં કોઈ મૌલિક અંતર નથી. કુંડપુરના જ ઉત્તર ભાગને ક્ષત્રિયકુંડ કહે છે, અને દક્ષિણ ભાગને બ્રાહ્મણકુંડ. 'આચારાંગ'માં એમ જ લખાયું છે કે - 'દક્ષિણમાં બ્રાહ્મણકુંડ સન્નિવેશ અને ઉત્તરમાં ક્ષત્રિયકુંડ સન્નિવેશ હતો.' ક્ષત્રિયકુંડમાં 'જ્ઞાતૃ' અર્થાત્ ક્ષત્રિય રહેતા હતા. બૌદ્ધ ગ્રંથોમાં 'જ્ઞાતૃક'ની વસ્તુ હોવાને લીધે એને જ્ઞાતિગ્રામ પણ કહેવામાં આવ્યો છે. 'જ્ઞાતૃક'ની અવસ્થિતિ વજ્જિદેશ અંતર્ગત વૈશાલીને કોટિગ્રામની વચ્ચે બતાવવામાં આવી છે. વૈશાલી આજકાલ બિહાર પ્રાંતના મુજફ્ફરપુર (તિરહુત) ડિવિઝનમાં વનિયા વસાઢના નામથી પ્રખ્યાત છે અને વસાઢની નજીક જે વાસુકુંડ છે, ત્યાં જ પ્રાચીન કુંડપુરની સ્થિતિ બતાવવામાં આવે છે. ઉપર્યુક્ત પ્રમાણો અને ઐતિહાસિક આધારોથી એમ સ્પષ્ટ થઈ જાય છે કે ભગવાન મહાવીરનો જન્મ વૈશાલીના કુંડપુરના ક્ષત્રિયકુંડ સન્નિવેશમાં થયો હતો. આ કુંડપુર વૈશાલીનું ઉપનગર નહિ, પણ સ્વતંત્ર નગર હતું.

જ્ઞાતૃ અર્થાત્ ક્ષત્રિયવંશીય મહારાજ સિદ્ધાર્થ ભગવાન મહાવીરના પિતા અને મહારાણી ત્રિશલા માતા હતાં. શાસ્ત્રોમાં ભગવાન મહાવીરને મહાન રાજાના કુળના બતાવવામાં આવ્યા છે. 'કલ્પસૂત્ર'માં પણ કહેવામાં આવ્યું છે : ***'તએણં સે સિદ્ધત્થે રાયા.'*** આવી સ્થિતિમાં પણ કેટલાક

વિદ્વાનોની એવી માન્યતા છે કે - 'સિદ્ધાર્થ રાજા નહિ પણ ક્ષત્રિય ઉમરાવ અથવા સરદાર હતા, ખોટું છે. સિદ્ધાર્થને રાજા માનવામાં જે આપત્તિ છે, એનું એકમાત્ર કારણ એ જ દેખાય છે કે વૈશાલીના ચેટક જેવા પ્રમુખ રાજાની જેમ એમનું કોઈ મોટું સામ્રાજ્ય ન હતું, પણ તેઓ રાજા તો હતા જ. અન્યથા ચેટકની બહેન ત્રિશલાનાં લગ્ન એમની સાથે કેવી રીતે થયા હોય ? વસ્તુતઃ સિદ્ધાર્થ ન્યાય-નીતિપૂર્વક રાજ્યનું સંચાલન કરનાર ઘણા જ આદરણીય નરેશ હતા. 'કલ્પસૂત્ર' અને 'આચારાંગ'માં સિદ્ધાર્થ, શ્રેયાંસ અને યશસ્વી આ ત્રણેય નામ સિદ્ધાર્થના તેમજ ત્રિશલા, વિદેહદિન્ના અને પ્રિયકારિણી આ ત્રણેય નામ ત્રિશલાના કહેવામાં આવ્યાં છે.

## બાળપણની એક ઘટના-બીના

બાળક વર્દ્ધમાનનાં લાલન-પાલન માટે પાંચ સુપાત્ર દાસીઓને નીમવામાં આવી. માતા ત્રિશલા અને આ પાંચેય ધાયમાના અઢળક લાડ-પ્રેમમાં વર્દ્ધમાનનું પાલન-પોષન રાજપુત્ર જેવું સુખ-સુવિધાઓની સાથે થયું. બાળક વર્દ્ધમાનની બાળરમતો માત્ર મનોરંજક જ નહિ, પરંતુ જ્ઞાનપ્રદ અને સાહસિક પણ રહેતી.

એક વખત બાળક વર્દ્ધમાન પોતાના કેટલાક મિત્રોની સાથે બગીચામાં 'તલ સાંકળી' નામની રમત રમી રહ્યા હતા, એ વખતે એમની ઉંમર ૮ વર્ષની આસપાસ હતી. એમની હિંમત અને નીડરતાના વખાણ કરતા દેવરાજ ઈન્દ્રએ દેવતાઓને કહ્યું : "બાળક વર્દ્ધમાન એટલા પરાક્રમી અને સાહસી છે કે મનુષ્ય તો શું દેવ-દાનવ પણ એમને હરાવી શકતા નથી." એક દેવ ઈન્દ્રની આ વાત સાથે સહમત ન હતો. એણે વર્દ્ધમાનની કસોટી કરવા માંગી અને સાપના રૂપે ઉદ્યાનમાં એ વૃક્ષની ડાળખીએ લપેટાઈ ગયો, જેના પર વર્દ્ધમાન ચઢ્યા હતા. બીજા બધાં બાળકો એ સાપને જોઈને ગભરાઈ ગયાં અને ભાગવાં લાગ્યા. વર્દ્ધમાન જરા પણ વિચલિત થયા નહિ. એમણે બધા મિત્રોને રોકતા કહ્યું : "અરે ભાઈ ! તમે લોકો શા માટે ભાગો છો ? આ નાનું-અમથું પ્રાણી આપણું કંઈ પણ બગાડી નથી શકતું. એને પકડીને દૂર ફેંકી દો." વર્દ્ધમાનની વાત સાંભળી એમના મિત્રોએ કહ્યું : "વર્દ્ધમાન ! ભૂલથી પણ એને અડકીશ નહિ, એના કરડવાથી માણસ મરી જાય છે." વર્દ્ધમાને શંકારહિત ભાવે ડાબા હાથે સાપને પકડ્યો અને દોરડાની જેમ ઊંચકીને એને એક તરફ નાંખી દીધો.

ત્યાર બાદ બાળકો 'તિંદુસક' રમવા લાગ્યા. આ રમતમાં બે બાળકો એકસાથે એક ઝાડને અડકવા માટે દોડે છે અને જે પહેલા અડકી લે છે, તે બીજા બાળકની પીઠ ઉપર સવાર થઈ એ સ્થળે પાછો ફરે છે, જ્યાંથી એણે દોડવાનું શરૂ કર્યું હતું, એ દેવ પણ એક છોકરાનું રૂપ ધારણ કરી એ રમતમાં જોડાઈ ગયો. વર્દ્ધમાને આ રમતમાં લાગલગાટ કેટલાયે છોકરાઓને હરાવ્યા અને એક વખત એ દેવની સાથે દોડવાનો વારો આવ્યો. દેવ હારી ગયો અને વર્દ્ધમાનને પોતાના ખભા ઉપર બેસાડી પાછો ફર્યો. દેવે એમને ગભરાવવા માટે પોતાની ઊંચાઈ કેટલીયે ગણી વધારી દીધી અને રૂપ પણ ભયાનક બનાવી ગભરાવવા લાગ્યો. છોકરાઓ ગભરાઈ ગયા, પણ વર્દ્ધમાને હિંમત હારી નહિ. એમણે જ્ઞાન વડે જાણી લીધું કે - 'આ કોઈ માયાવી જીવ અમારી સાથે વંચના કરવા માંગે છે.' એમણે ખભા પર બેઠા-બેઠા જ દેવની પીઠ ઉપર મુઠ્ઠી વડે એવો પ્રહાર કર્યો કે દેવનું આખું શરીર પીચકીને નાનું થઈ ગયું. દેવે વર્દ્ધમાન પાસે ક્ષમા-યાચના કરી અને કહ્યું : "ઈન્દ્રે સાચું જ કહ્યું જ હતું - 'તમે વીર નહિ મહાવીર છો.'"

મહાવીર તીર્થંકર હતા અને તીર્થંકરના બળની તુલના કોઈ સાથે કરી શકાતી નથી. દેવ, દાનવ, માનવ, ઈન્દ્ર, ચક્રવર્તી આદિનાં બળથી પણ અનંતગણી શક્તિ તીર્થંકરની ટચલી આંગળીમાં હોય છે. એમનું શારીરિક સંહનન (નાશ કરવો) વજ્રઋષભનારાચ અને સંસ્થાન સમચતુરસ્ર હોય છે. એમની શક્તિ જન્મોજન્મની કરણીથી સંચિત હોય છે. મહાવીર જ્યારે વિદ્યાભ્યાસ માટે યોગ્ય થયા તો માતા-પિતાએ શુભમુહૂર્ત જોઈ એમને એક કલાચાર્ય પાસે મોકલ્યા. દેવરાજ ઈન્દ્રને જ્યારે ખબર પડી તો એણે વિચાર્યું કે - 'ત્રણ જ્ઞાનના ધારી મહાવીરને આ અલ્પજ્ઞાની - સાધારણ પંડિત શું શીખવશે ?' એમ વિચારી ઈન્દ્ર એક વૃદ્ધ બ્રાહ્મણના વેશમાં પંડિત સામે પ્રગટ થયો અને એણે મહાવીરને ધ્યાનમાં રાખી જાત-જાતના પાંડિત્યપૂર્ણ સવાલ પૂછ્યા. મહાવીરે બધા જ પ્રશ્નોના યોગ્ય અને યુક્તિપૂર્ણ જવાબ આપ્યા, જેનાથી કલાચાર્ય અને બધા હાજર રહેલા લોકો અચરજ પામ્યા. પંડિતે પણ કેટલીક શંકાઓ મહાવીર સામે મૂકી અને એમનું સમ્યક્ સમાધાન મેળવી તે અવાચક રહી ગયો. ત્યારે વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું : "પંડિતજી ! તમારી સામે શિષ્ય રૂપે કોઈ સાધારણ બાળક નથી, પરંતુ વિદ્યાનો સાગર અને શાસ્ત્રોમાં પારંગત એક મહાપુરુષ છે." વૃદ્ધ બ્રાહ્મણે મહાવીરના તત્કાળ પ્રશ્નોત્તરોનો સંગ્રહ કરી 'ઐન્દ્ર વ્યાકરણ'ની રચના કરી.

## યશોદા સાથે લગ્ન

બાળપણ પૂરું થતા મહાવીર જ્યારે કિશોરાવસ્થામાં આવ્યા ત્યારે મહારાજ સિદ્ધાર્થ અને માતા ત્રિશલાએ એમની સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. આમ તો મહાવીર ભોગોથી સહજ વિરક્ત હતા, તથા જેવું ગર્ભકાળમાં જ માતાના વધુ સ્નેહને જોઈ મહાવીરે અભિગ્રહ કર્યો હતો કે - 'જ્યાં સુધી માતા-પિતા હયાત રહેશે, તેઓ દીક્ષા લેશે નહિ.' એ જ પ્રમાણે માતા-પિતાની ખુશી અને કર્મોના ફળભોગ-હેતુ આખરે તેઓ લગ્ન માટે રાજી થયા અને વસંતપુરના મહાસામંત સમરવીરની સર્વગુણસંપન્ન સુપુત્રી યશોદા સાથે શુભમુહૂર્તમાં એમનું પાણિગ્રહણ સંપન્ન થયું.

શ્વેતાંબર પરંપરાના આગમ 'આચારાંગ, કલ્પસૂત્ર અને આવશ્યક-નિર્યુક્તિ' આદિ બધા ગ્રંથોમાં ભગવાન મહાવીરનાં લગ્ન થવાના ઉલ્લેખો છે, પણ દિગંબર પરંપરાના ગ્રંથોમાં આ સ્વીકાર્ય નથી. એ ગ્રંથોમાં માતા-પિતા વડે લગ્ન માટેના આગ્રહ અને વિભિન્ન રાજાઓ દ્વારા એમની કન્યાઓ માટે પ્રાર્થના તેમજ જિતશત્રુની કન્યા યશોદા માટે સવિનય નિવેદન અવશ્ય મળે છે, પણ લગ્ન કર્યાનો ઉલ્લેખ ક્યાંયે નથી. આ પ્રમાણેની શંકાઓનું મૂળ કારણ 'કુમાર' શબ્દનો ઉપયોગ અને એના અર્થની ભિન્નતા છે. બંને પરંપરાઓમાં વાસુપૂજ્ય, મલ્લી, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરને 'કુમાર પ્રવ્રજિત' કહેવામાં આવ્યા છે. કુમારનો અર્થ 'અપરિણીત' અને 'અકૃત-રાજ્ય' બંને છે. દિગંબર પરંપરાના 'તિલોયપણત્તી, હરિવંશપુરાણ અને પદ્મપુરાણ'માં પાંચેય તીર્થંકરોના 'કુમાર' રહેવા અને બાકીના રાજ્ય કરવાનો ઉલ્લેખ છે. 'લોકપ્રકાશ'માં લખ્યું છે કે - 'મલ્લી અને નેમિનાથના ભોગકર્મ બાકી હતાં નહિ, એટલે એમણે લગ્ન ન કર્યાં, વગર લગ્ને જ દીક્ષા લીધી.' કુમારનો અર્થ માત્ર કુંવારો અથવા અપરિણીત જ નથી થતો, પણ યુવરાજ ને રાજકુમાર પણ થાય છે. માટે 'આવશ્યકનિર્યુક્ત દીપિકા'માં રાજ્યાભિષેક ન કરવાથી 'કુમારવાસ'માં પ્રવ્રજ્યા લેવું માન્યું છે.

## માતા-પિતાનો સ્વર્ગવાસ

મહાવીરનાં માતા-પિતા ભગવાન પાર્શ્વનાથના શ્રદ્ધાવાન શ્રાવક હતાં. ઘણાં વર્ષો સુધી શ્રાવકધર્મનું પરિપાલન કરી જ્યારે અંત સમય નજીક જાણ્યો તો એમણે આત્માની શુદ્ધિ માટે અર્હત્, સિદ્ધ અને આત્માની સાક્ષીથી કૃતપાપ માટે પ્રાયશ્ચિત્ત કર્યું. યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત સ્વીકાર કર્યું. ડાભના

સંથારા ઉપર બેસીને ચતુર્વિધ આહારને ત્યજી સંથારો ગ્રહણ કર્યો અને મરણોન્મુખ સંલેખનાથી કાળધર્મ પામી અચ્યુત કલ્પ(બારમા સ્વર્ગ)માં દેવરૂપે પ્રગટ થયા. તેઓ સ્વર્ગથી ચ્યવન પામી મહાવિદેહમાં જન્મ લેશે અને સિદ્ધિ મેળવશે.

## ત્યાગ તરફ

માતા-પિતાનાં નિધન વખતે મહાવીર ૨૮ વર્ષના હતા, ત્યારે એમણે એમના મોટા ભાઈ નંદિવર્ધન આદિની સામે પોતાની પ્રવ્રજ્યા ધારણ કરવાની ઈચ્છા પ્રગટ કરી. ભાઈ નંદિવર્ધને કહ્યું : "હજી તો માતા-પિતાના સ્વર્ગવાસના શોકમાંથી અમે નીકળ્યા પણ નથી, થોડા સમય માટે હજી વાટ જો, પછી પ્રવ્રજ્યા ધારણ કરી લેજે."

મહાવીરે કહ્યું : "વારુ, પણ મારે ક્યાં સુધી રોકાવું પડશે ?" સ્વજનોએ કહ્યું : "ઓછામાં ઓછાં બે વર્ષ." મહાવીરે એમની વાત માની લીધી, પરંતુ બોલ્યા : "આ અવધિમાં આહાર આદિ મારી ઈચ્છા પ્રમાણે કરીશ." પરિજનો રાજી-ખુશીથી તૈયાર થઈ ગયા. ત્યાર બાદ બે વર્ષથી થોડા વધુ સમય સુધી મહાવીર વિરક્ત ભાવે ઘરમાં રહ્યા. એમણે સચિત્ત જળ અને રાત્રિભોજન ત્યજી દીધું. બ્રહ્મચર્યનું પાલન કર્યું. તેઓ પગ પણ અચિત્ત જળ વડે ધોતા હતા, ભૂમિશયન કરતા અને ક્રોધ આદિથી રહિત એકત્વ ભાવમાં રમમાણ (લીન) રહેતા હતા. આમ એક વર્ષ સુધી વૈરાગ્યની સાધના કરી, પ્રભુએ વર્ષીદાન આરંભ્યું. પ્રત્યેક દિવસે એક કરોડ આઠ લાખ સ્વર્ણ મુદ્રાઓનું દાન કરતા ત્રીસ વર્ષની ઉંમર પૂરી થતા મહાવીરની ભાવના ફળી. એ વખતે નિયમ પ્રમાણે લોકાંતિક દેવોએ મહાવીરને નિવેદન કર્યું : "ભગવન્ ! મુનિ દીક્ષા ધરીને સમસ્ત જીવોના કલ્યાણ માટે ધર્મતીર્થની સ્થાપના કરો."

ભગવાન મહાવીરે એમના ભાઈ નંદિવર્ધન અને કાકા સુપાર્શ્વ આદિની અનુમતિ લઈને દીક્ષાની તૈયારી કરી. નંદિવર્ધને ભગવાનના નિષ્ક્રમણ માટે એમનાં કુટુંબીજનોને એક હજાર સુવર્ણ, રૌપ્ય આદિના કળશ તૈયાર કરવાના આદેશ આપ્યા. 'આચારાંગસૂત્ર' પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરના અભિનિષ્ક્રમણની વાત જાણી ચાર પ્રકારનાં દેવ-દેવીઓના સમૂહે પોત-પોતાનાં વિમાનો લઈ સંપૂર્ણ કાંતિ અને ઋદ્ધિની સાથે ક્ષત્રિયકુંડ સન્નિવેશમાં પહોંચ્યા. ત્યાં એમણે વૈક્રિયશક્તિથી સિંહાસનનું નિર્માણ કર્યું. બધાએ મળીને મહાવીરને સિંહાસન ઉપર પૂર્વમુખથી બેસાડ્યા.

એમણે સુગંધિત તેલ વડે એમનું માલિશ કરી સ્વચ્છ પાણી વડે નવડાવ્યા. ગંધકાષાય વસ્ત્રથી શરીરને લૂંછ્યુ અને ગોશીર્ષચંદન લગાડ્યું. પછી હળવા અને કીમતી વસ્ત્ર અને અલંકાર પહેરાવ્યાં. કલ્પવૃક્ષની જેમ શણગારી એમને ચંદ્રપ્રભા શિવિકા(પાલખી)માં બેસાડ્યા. માનવો, દેવો અને ઈન્દ્રોએ પાલખી ઊંચકી. પ્રભુની પાલખીની આગળ બંને તરફ ઘોડા અને પાછળ હાથી અને રથ ચાલી રહ્યા હતા. રાજા નંદિવર્ધન હાથી ઉપર સવાર પોતાની ચતુરંગિણી સેનાની સાથે મહાવીરની પાછળ-પાછળ ચાલી રહ્યા હતા. આ પ્રકારના વિશાળ માનવ મહેરામણથી ઘેરાયેલા પ્રભુ ક્ષત્રિયકુંડના મધ્ય ભાગમાંથી પસાર થતા જ્ઞાતખંડ ઉદ્યાનમાં આવ્યા અને અશોક વૃક્ષ નીચે પાલખીમાંથી ઊતર્યા. આભૂષણો અને વસ્ત્રોને ઉતારીને પોતાના હાથે વડે પંચમુષ્ટિ લોચ કર્યો.

## દીક્ષા

માગશર કૃષ્ણ દશમે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં વિજય મુહૂર્તના શુભ સમયે નિર્જળ બેલે(છઠ્ઠ)ની તપસ્યાથી પ્રભુએ દીક્ષા અંગીકાર કરી. પ્રભુએ દેવ-મનુષ્યોના વિશાળ સમુદાયની સામે સિદ્ધોને નમસ્કાર કરતા પ્રતિજ્ઞા લીધી : ***'સવ્વં મે અકરણિજ્જં પાવં કમ્મં'*** હવે પછીથી બધાં પાપકર્મ મારા માટે અકરણીય છે, અર્થાત્ આજથી હું કોઈ પણ પ્રકારના પાપકર્મમાં પ્રવૃત્ત થઈશ નહિ. પ્રભુએ સામાયિક ચારિત્ર સ્વીકાર્યું : ***'કરેમિ સામાઈયં સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ'*** - 'આજથી હું સંપૂર્ણ સાવદ્યકર્મનો ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્યાગ કરું છું.' જે વખતે પ્રભુએ આ પ્રતિજ્ઞા કરી, એ વખતે હાજર રહેલ આખી પરિષદ જડવત્ રહી ગઈ. મહાવીર બધું જ છોડીને જ સાધનાના કાંટાળામાર્ગે આગળ વધી રહ્યા હતા. ચારિત્ર-ગ્રહણ કરતા જ પ્રભુને મનઃપર્યવજ્ઞાન થઈ ગયું. એનાથી મહાવીર બધાં જ સન્ની પ્રાણીઓના મનોગત ભાવોને જાણવા લાગ્યા.

## ભગવાનનો અભિગ્રહ અને વિહાર

બધાના જતા રહ્યા પછી ભગવાને નિમ્ન અભિગ્રહ ધારણ કર્યો - "આજથી સાડા બાર વર્ષ સુધી, જ્યાં સુધી મને કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય, હું દેહની મમતા ત્યાગી જીવન ગાળીશ અર્થાત્ આ કાળમાં દેવ, માનવ અથવા તિર્યંચના તરફથી જે પણ ઉપસર્ગ - કષ્ટ ઉત્પન્ન થશે, એમને સમભાવપૂર્વક સહન કરીશ." ત્યારબાદ એમણે ત્યાંથી વિહાર કર્યો.

કેટલાયે આચાર્યોનો મત છે કે - 'વિહારમાર્ગમાં ભગવાનને એક નિર્ધન બ્રાહ્મણ મળ્યો, જે વર્ષીદાન વખતે પ્રભુ પાસે પહોંચી શક્યો ન હતો. ભગવાને એની દયનીય સ્થિતિ જોઈ ખભા ઉપર મૂકેલા દેવદૂષ્ય વસ્ત્રમાંથી અડધું ફાડી એને આપી દીધું. 'આચારાંગ' અને 'કલ્પસૂત્ર'માં ૧૩ મહિના પછી દેવદૂષ્યનું પડવું લખ્યું છે. 'કલ્પસૂત્ર' અથવા અન્ય કોઈ મૂળ શાસ્ત્રમાં અડધું વસ્ત્ર ફાડીને આપવાનો ઉલ્લેખ નથી. હા, 'ચૂર્ણિ, ટીકા' આદિમાં બ્રાહ્મણને અડધું દેવદૂષ્ય વસ્ત્ર આપવાનો ઉલ્લેખ ચોક્કસ મળે છે.

## પ્રથમ ઉપસર્ગ અને પારણું

જે વખતે પ્રભુ કુર્મારગ્રામની બહાર ધ્યાનસ્થ ઊભા હતા, એ વખતે એક ગોવાળિયો એના બળદોને લઈને ત્યાં આવ્યો. એણે મહાવીરની પાસે બળદોને ચરવા માટે છોડી દીધા અને ગાયને દોહવા માટે નજીકના ગામમાં ચાલ્યો ગયો. બળદો ચરતા-ચરતા દૂર જતા રહ્યા. થોડા સમય પછી જ્યારે ગોવાળ પાછો આવ્યો અને પોતાના બળદોને ત્યાં ન જોયા, તો ધ્યાનસ્થ મહાવીરને પૂછ્યું. ધ્યાનમાં લીન મહાવીરે કોઈ જવાબ આપ્યો નહિ, તો તે જાતે જ બળદોને શોધવા જતો રહ્યો. તે આખી રાત બળદોને શોધતો રહ્યો. સંજોગવશાત્ અહીં થોડીવાર પછી બળદ આપમેળે જ પાછા આવી ગયા અને મહાવીર પાસે બેસી ગયા. બેબાકળો ગોવાળ સવારે ખાલી હાથે પાછો ફર્યો તો બળદોને મહાવીર પાસે બેઠેલા જોઈ ગુસ્સે ભરાયો. મહાવીરને ચોર સમજી એમને દોરડા વડે મારવા દોડ્યો. આ જોઈ ઈન્દ્ર તરત જ ત્યાં હાજર થયો અને આ પરીષહથી ભગવાનની રક્ષા કરી.

આ ઘટના ઘટ્યા પછી ઈન્દ્રે ભગવાનને પ્રાર્થના કરી કે - "તેઓ એને સેવા કરવાનો મોકો આપે." પ્રભુએ કહ્યું : "અર્હન્ત કેવળજ્ઞાન અને સિદ્ધિ મેળવવા માટે કોઈની મદદ નથી લેતા, પરંતુ પોતાની શક્તિ વડે જ એને પ્રાપ્ત કરે છે." છતાં પણ ઈન્દ્ર એના સંતોષ માટે મારણાન્તિક ઉપસર્ગ ટાળવા માટે સિદ્ધાર્થ નામના વ્યન્તર દેવને પ્રભુની સેવામાં રોક્યા અને ભગવાનને વંદન કરી જતા રહ્યા.

બીજે દિવસે ભગવાને ત્યાંથી વિહાર કર્યો અને કોલ્લાગ સન્નિવેશમાં પહોંચ્યા. ત્યાં બહુલ નામના બ્રાહ્મણના ઘરે ઘી અને સાકર મેળવેલ પરમાન્નમથી પોતાના છટ્ઠ તપનું પ્રથમ પારણું કર્યું. 'અહો દાનમ્ અહો

દાનમ્'ના નારાઓથી આકાશ ગાજી ઊઠ્યું. દેવતાઓએ પંચદિવ્યોનો વરસાદ વરસાવ્યો અને દાનનો મહિમા પ્રગટ કર્યો.

## ભગવાન મહાવીરની સાધના

'આચારાંગ સૂત્ર' અને 'કલ્પસૂત્ર'માં લખેલું છે કે - 'દીક્ષિત થઈ મહાવીરે પોતાની પાસે દેવદૂષ્ય વસ્ત્રના સિવાય કંઈ પણ રાખ્યું નહિ. લગભગ તેર મહિના સુધી એ વસ્ત્ર એમના ખભા ઉપર રહ્યું, ત્યાર બાદ વસ્ત્ર પડી જવાથી તેઓ સંપૂર્ણપણે અચેલ (નગ્ન) રહેવા લાગ્યા.' પોતાના સાધનાકાળમાં તેઓ ક્યારેક નિર્જન ઝૂંપડી, કુટિર, ધર્મશાળા, પરબ વગેરેમાં રોકાતા હતા. તેઓ નિતાંત સહજ મુદ્રામાં બંને હાથ લટકાવી-ફેલાવીને રહેતા હતા. શિયાળાની કાતિલમાં કાતિલ ઠંડીમાં પણ પોતાની બાયોને સંકોરતા નહિ. જ્યારે બધા સાધક ઠંડીથી બચવાના ઉપાય શોધતા, તો શ્રમણ ભગવાન મહાવીર ખુલ્લા સ્થળે નગ્ન ઊભા રહેતા. શરદી-ગરમી સિવાય પણ અનેક પ્રકારના કઠોર સ્પર્શ અથવા મચ્છર આદિના ડંખ સહેવા પડતા. રોકાણ માટેનું સ્થળ પણ જાત-જાતના ઉપસર્ગોથી ભરાયેલું રહેતું તથા વીંછી, સાપ આદિ ઝેરીલાં જંતુ અથવા કાગડા, ગીધ વગેરે ચાંચવાળાં પક્ષીઓની ચાંચનો માર પણ સહેવો પડતો. ક્યારેક-ક્યારેક દુષ્ટ લોકો માર-ઝૂડ કરતા અથવા તિરસ્કાર કરતા, સ્ત્રીઓ અને બાળકો મજાક ઉડાડતા અથવા ઠેકડી ઉડાડતા, પરંતુ પ્રભુ એ બધી અડચણો અને ઉપસર્ગોની વચ્ચે પણ સમભાવે નિશ્ચલ, શાંત અને સમાધિસ્થ રહેતા અને કોઈ પણ પ્રકારની ઉદ્વિગ્નતા મનમાં લાવતા નહિ.

ક્યારેક કોઈ સ્થળને છોડવાનું કારણ ઊભું થતું, તો કંઈ પણ કહ્યા વગર ચુપચાપ જતા રહેતા. સાધનાકાળમાં મહાવીરે ક્યારેય ઊંઘ કાઢી નહિ, પ્રત્યેક પળે ધ્યાન અથવા કાયોત્સર્ગમાં મગ્ન રહ્યા. વિચરણ કરતી વખતે તેઓ આગળ-પાછળ અથવા આજુ-બાજુમાં ફરીને જોતા નહિ, તેમજ ના કોઈ સાથે વાતો કરતા. દરેક દશામાં સમભાવ રાખીને ઘરે-ઘરે ભિક્ષા માટે જતા, મહેલ, ઝૂંપડી, ધનવાન, કંગાળ આદિનો કોઈ ભેદ-ભાવ રાખતા નહિ. લૂખું-સૂકું, ઠંડુ-ગરમ જેવું પણ પ્રાસુક ભોજન મળતું એને નિઃસ્પૃહ ભાવે ગ્રહણ કરી લેતા, પણ આધાકર્મી અથવા સદોષ આહાર સ્વીકારતા નહિ. શરીર પ્રત્યેની એમની મોહરહિત ભાવના અચરજકારક હતી. ઠંડી-ગરમી જ નહિ, અસ્વસ્થતાની પણ તેઓ અવ-

ગણના કરતા હતા. શરીર ઉપરથી કોઈ વસ્તુ દૂર કરવી કે ખંજવાળવા સુધ્ધાંનો પ્રયત્ન કરતા ન હતા. દેહના મમત્વથી ઉપર આવી સદેહ જ વિદેહવત્ થઈ ગયા હતા. મુશ્કેલથી મુશ્કેલ શારીરિક પીડા અથવા કષ્ટમાં એમણે ક્યારેય ઉફ્ સુધ્ધાં ન કર્યું અને ન એના નિવારણ માટે કોઈ પ્રયત્ન કર્યા. વાસ્તવમાં સાધનામાં આવી અનુપમ સહિષ્ણુતા અને હર હાલતમાં સમભાવનું ઉદાહરણ અન્યત્ર મળવું દુર્લભ છે.

## સાધનાનું પ્રથમ વરસ

કોલ્લાગ સન્નિવેશથી પ્રયાણ કરી પ્રભુ મોરાક સન્નિવેશમાં પધાર્યા. ત્યાંના આશ્રમનો કુલપતિ મહારાજ સિદ્ધાર્થનો મિત્ર હતો. એણે મહાવીરનું સ્વાગત કર્યું અને ત્યાં રોકાવાની પ્રાર્થના કરી. મહાવીરે ત્યાં એક રાતનો રાતવાસો કર્યો અને બીજા દિવસે પ્રયાણ કરવા તૈયાર થયા, તો કુલપતિએ એમને ત્યાં ચાતુર્માસ કાળમાં રોકાવાની વિનંતી કરી. ભગવાન થોડા સમય સુધી આજુબાજુનાં ગામોમાં ફરી ને ફરી વર્ષાવાસ માટે એ આશ્રમમાં ગયા અને એક કુટિરમાં રહેવા લાગ્યા. એમના હૃદયમાં પ્રાણીમાત્ર માટે દયા અને મૈત્રીની ભાવના હતી. અકાળની અસરથી ઘાસ વગેરેની અછતમાં ગાયો આશ્રમની કુટિર સુધી આવી કુટિરનું ઘાસ ચરવા લાગતી. અન્ય પરિવ્રાજક તો એમને ભગાડી મૂકતા, પણ મહાવીર નિઃસ્પૃહ ભાવે આત્મધ્યાનમાં ઊભા રહેતા. એમના મનમાં ન તો આશ્રમ માટે કે કુલપતિ માટે કોઈ રાગ હતો, ન ગાયો પ્રત્યે દ્વેષ. તેઓ આ બધી બાબતોથી વિરક્ત રાત-દિવસ ધ્યાનમાં જ રમમાણ રહેતા.

કેટલાક તાપસોએ કુલપતિ પાસે મહાવીરના આ આચરણની ફરિયાદ કરી. કુલપતિએ મહાવીર ને મીઠો ઠપકો આપતા કહ્યું : "કુમાર, તમે નિરંતર ધ્યાનમગ્ન રહો છો, આ ઘણા આનંદ અને સંતોષનો વિષય છે, પણ પશુઓથી આશ્રમને કોઈ નુકસાન ન પહોંચે, એના ઉપર તો થોડુંક ધ્યાન આપી જ શકો છો." મહાવીરને કુલપતિના ઠપકાનો અર્થ સમજાઈ ગયો. એમણે વિચાર્યું - 'મહેલ છોડીને પર્ણકુટિરમાં રહેવાનો શું આ જ ઉદ્દેશ છે કે સચેતન પશુઓની અપેક્ષા અચેતન આશ્રમ અને કુટિરની રક્ષા ઉપર વધુ ધ્યાન આપવામાં આવે ?' એમ વિચારી

વર્ષાઋતુનો એક પક્ષ વીતી ગયા પછી એમણે ત્યાંથી ચુપચાપ અન્યત્ર વિહાર કર્યો. એમણે મનોમન કેટલીક પ્રતિજ્ઞાઓ લીધી. જેમકે - 'અપ્રીતિકર સ્થાને ક્યારેય રહીશ નહિ, હંમેશાં ધ્યાનમાં રહીશ, કોઈ સાથે બોલીશ નહિ, મૌન રહીશ, હાથમાં જ આહાર લઈશ, ગૃહસ્થોનો ક્યારેય વિનય કરીશ નહિ.' મૂળ શાસ્ત્રોમાં આ પ્રતિજ્ઞાઓનો ક્યાંયે ઉલ્લેખ નથી. પરંપરા પ્રમાણે છદ્મસ્થાવસ્થામાં તીર્થંકર પ્રાયઃ મૌન રહે છે.

## યક્ષનો ઉપદ્રવ, નિદ્રા અને સ્વપ્ન

આશ્રમમાંથી વિહાર કરી મહાવીર અસ્થિગ્રામ તરફ ચાલવા લાગ્યા. ત્યાં પહોંચતા-પહોંચતા સાંજ પડી ગઈ. એકાંત સ્થળની શોધ કરતા-કરતા એમણે નગરની બહાર શૂલપાણિ યક્ષના યક્ષાયતનમાં રોકાવાની મંજૂરી મેળવી. સાંજના સમયે પૂજા માટે પૂજારી ઈન્દ્રશર્મા ત્યાં આવ્યો. એણે પૂજા પછી બધાને ત્યાંથી બહાર નીકળી જવા માટે કહ્યું. મહાવીરને પણ કહ્યું, પણ તેઓ તો મૌન હતા, ધ્યાનસ્થ હતા. ઈન્દ્રશર્માએ કહ્યું : "પ્રભુ, અહીં એક યક્ષ રહે છે, જે ઘણો ક્રૂર સ્વભાવવાળો છે. રાતે તે અહીં કોઈને જ રોકાવા દેતો નથી." પણ મહાવીર અડગ રહ્યા. એમણે કનડગત સહન કરવા ને યક્ષને બોધપાઠ ભણાવવા માટે ત્યાં જ રોકાવું યોગ્ય જાણ્યું, તેઓ ધ્યાનમગ્ન જ રહ્યા. આખરે ઈન્દ્રશર્મા પણ જતો રહ્યો.

રાતે અંધારું થયા પછી યક્ષ પ્રગટ થયો. ભગવાનને ધ્યાનમગ્ન જોઈ બોલ્યો : "લાગે છે, એને મારા પરાક્રમની જાણ નથી." એણે અટ્ટહાસ્ય કર્યું. આખો વનપ્રદેશ ધ્રૂજી ઊઠ્યો, પણ મહાવીર ઉપર કોઈ અસર થઈ નહિ. એણે હાથી અને પિશાચનું રૂપ ધરી મહાવીરને ગભરાવવા અને અનેક રીતે સતામણી કરવાનો પ્રયત્ન કર્યો, પણ પ્રભુ જરા પણ વિચલિત થયા નહિ. પછી યક્ષે મહાવીરની આંખ, કાન, નાક, માથું, દાંત, નખ અને બરડામાં ભયંકર વેદના ઉત્પન્ન કરી, પણ મહાવીર ઉપર એનો કોઈ પ્રભાવ કે પ્રતિક્રિયા થઈ નહિ. છેલ્લે યક્ષે હાર માની પ્રભુનાં ચરણોમાં શરણાગતિ સ્વીકારી, કરેલા અપરાધની ક્ષમા માંગી જતો રહ્યો. રાતના અંતે યક્ષના ઉપસર્ગ બંધ થયા. 'ભગવતી શતક' ૧૬ ઉદ્દેશક ૬માં છદ્મસ્થ અવસ્થાની અંતિમ રાતમાં સ્વપ્નદર્શનનો ઉલ્લેખ છે. થોડી રાત બાકી હતી કે મહાવીરને મુહૂર્ત સુધીની ઊંઘ આવી ગઈ અને એમણે નિમ્ન દસ સ્વપ્ન જોયાં :

૧. એક તાડ-પિશાચને પોતાના હાથે પછાડતા જોયો.
૨. સફેદ નર કોયલ એમની સેવા માટે હાજર થયો.
૩. વિચિત્ર રંગનો નરકોયલ સામે જોયો.
૪. દેદીપ્યમાન બે રત્નહાર જોયા.
૫. એક સફેદ ગાયનો વર્ગ સામે ઊભેલો જોયો.
૬. વિકસિત પદ્મકમળનું સરોવર જોયું.
૭. પોતાની ભુજાઓથી મહાસમુદ્રને તરતો જોયો.
૮. વિશ્વને પ્રકાશિત કરતા સહસ્રકિરણ સૂર્યને જોયો.
૯. નીલા-ભૂરા વર્ણ જેવા પોતાના આંતરડાથી માનુષોત્તર પર્વતને આચ્છાદિત કરતો જોયો.
૧૦. પોતાની જાતને મેરુ ઉપર આરોહણ કરતા જોયો.

સપનાં જોતાં જ ભગવાનની આંખ ખૂલી ગઈ, પ્રભુ ધ્યાનાવસ્થામાં ઊભા હતા કે દર્શનાવરણીય ઉદયના જોરથી પળવાર માટે ઊંઘ આવી ગઈ હતી. સાધનાકાળનો આ પહેલો પ્રસંગ હતો, જ્યારે એમને ઊંઘ આવી ગઈ હતી.

## નિમિત્તજ્ઞ દ્વારા સ્વપ્નફળનું કથન

એ ગામમાં ઉત્પલ નામનો એક નિમિત્તજ્ઞ રહેતો હતો. તે પહેલા પાર્શ્વનાથની શ્રમણ પરંપરાનો શ્રમણ હતો, પણ કોઈક કારણસર તે શ્રમણજીવન ત્યજી ચૂક્યો હતો. એણે જ્યારે યક્ષાયતનમાં મહાવીરના રોકાણની વાત સાંભળી, તો અમંગળની આશંકાથી એનું હૃદય હલી ઊઠ્યું. સવારમાં તે પણ પૂજારીની સાથે ત્યાં પહોંચ્યો. ત્યાં એણે ભગવાનને ધ્યાનમગ્ન ઊભા જોયા, તે ઘણો આનંદ પામ્યો. રાતના સપનાં-ઓના ફળના સંબંધમાં એણે પ્રભુ સામે નિમ્ન વિચાર વ્યકત કર્યા :

૧. પિશાચને પછાડવાનો અર્થ છે - 'તમે મોહકર્મનો અંત આણશો.'
૨. સફેદ કોયલ જોવાનો અર્થ છે - 'તમને શુક્લધ્યાન પ્રાપ્ત થશે.'
૩. વિચિત્ર રંગના કોયલને જોવાનું તાત્પર્ય છે કે - 'તમે વિવિધ જ્ઞાનોથી પૂર્ણ શ્રુતની દેશના કરશો.'
૪. દેદીપ્યમાન બે રત્નહારોનું તાત્પર્ય નિમિત્તજ્ઞ બતાવી શક્યો નહિ.

૫. સફેદ ગોવર્ગનું તાત્પર્ય છે કે - 'તમે ચતુર્વિધ સંઘની સ્થાપના કરશો.'

૬. વિકસિત પદ્મ સરોવરનો અર્થ છે કે - 'ચાર પ્રકારના દેવ તમારી સેવા કરશે.'

૭. સમુદ્રને તરીને પાર કરવાનો અર્થ છે કે - 'તમે સંસારસાગરને પાર કરી શકશો.'

૮. ઉદયમાન સૂર્યથી વિશ્વમાં આલોક-પ્રકાશનો અર્થ છે કે - 'તમે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી બીજા બધાને પ્રતિબોધ આપશો.'

૯. આંતરડાથી માનુષોત્તર પર્વતને આચ્છાદિત કરવાનો અર્થ એવો છે કે - 'તમારી કીર્તિ આખા મનુષ્યલોકમાં ફેલાશે.'

૧૦. મેરુ પર્વત ઉપર ચડવાનો અર્થ એવો છે કે - 'તમે સિંહાસન ઉપર આરૂઢ થઈ ધર્મોપદેશ આપશો.'

દેદીપ્યમાન-ઝગમગતી માળાઓનો અર્થ સ્વયં ભગવાને બતાવ્યો કે - 'એ બે પ્રકારના ધર્મ અર્થાત્ સાધુધર્મ અને શ્રાવકધર્મની દેશના કરશે.' આમ સ્વપ્નોનો અર્થ જાણી બધા પ્રસન્ન થયા. અસ્થિગ્રામના વર્ષાવાસમાં ભગવાનને ત્યાર બાદ કોઈ ઉપસર્ગ નડ્યો નહિ. એમણે શાંતિથી પંદર-પંદર દિવસના ઉપવાસ ૮ વખત કર્યા અને પ્રથમ વર્ષાવાસ પૂર્ણ કર્યો.

## સાધનાનું બીજું વર્ષ

અસ્થિગ્રામનો વર્ષાકાળ પૂરો કરી માગશર કૃષ્ણ પ્રતિપદાએ ભગવાને મોરાક સન્નિવેશની તરફ વિહાર કર્યો. મોરાક પહોંચીને તેઓ એક ઉપવનમાં બિરાજ્યા. ત્યાં અચ્છંદક નામનો એક માણસ રહેતો હતો, જે જ્યોતિષથી એની આજીવિકા ચલાવતો હતો - (ગુજરાન ચલાવતો હતો.) સિદ્ધાર્થ દેવે મોરાક ગ્રામના લોકોને કહ્યું : "આ તપસ્વી ત્રણ જ્ઞાનના ધારક છે અને ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણેય કાળની વાતો જાણે છે." એટલું જ નહિ, એણે અચ્છંદક વડે કરાયેલા ખોટાં કામોને પણ ઉઘાડાં પાડ્યાં, જે તપાસ કરતા સાચા સાબિત થયા, પરિણામે એનો પ્રભાવ ઓછો થવા લાગ્યો. આ તરફ ભગવાનના તપથી પ્રભાવિત વધુ ને વધુ સંખ્યામાં લોકો એમની પાસે આવવા લાગ્યા. આ જોઈ અચ્છંદક ગભરાઈ ગયો. એણે ભગવાન પાસે જઈ પ્રાર્થના કરી : "ભગવન્ ! તમે તો નિઃસ્પૃહ અને સર્વશક્તિમાન છે, તમારા અહીંયા રોકાવાથી મારી

આજીવિકાનો અંત આવી રહ્યો છે. મારા ઉપર દયા કરો અને અહીંથી ક્યાંક બીજે જતા રહો.'' ભગવાને અચ્છંદકની વેદના અને મર્મને જાણ્યો અને ત્યાંથી વિહાર કરી ઉત્તર વાચાલાની તરફ જતા રહ્યા. વાચાલાના માર્ગે સુવર્ણકુલાના કિનારે પ્રભુનું દેવદૂષ્ય કાંટાઓમાં ભેરવાઈને ખભા પરથી પડી ગયું. પ્રભુએ જરાક પાછળ ફરીને જોયું કે દેવદૂષ્ય વસ્ત્ર ક્યાંક અસ્થાને તો નથી પડી ગયું ને ? જ્યારે એમણે એને કાંટાઓમાં ભેરવાયેલું જોયું તો જાણી ગયા કે શિષ્યોને વસ્ત્ર સુગમતા/સરળતાથી પ્રાપ્ત થશે. ત્યાર બાદ પ્રભુએ એ દેવદૂષ્યને ત્યાં જ છોડી દીધું અને સ્વયં નિર્વસ્ત્ર થઈ ગયા તેમજ ત્યાર બાદ આજીવન નિર્વસ્ત્ર રહ્યા. દેવદૂષ્યને મેળવવાની લાલસા-લાલચથી પાછળ-પાછળ ફરનારા મહારાજ સિદ્ધાર્થના ઓળખીતા બ્રાહ્મણે એ વસ્ત્રને ઊંચકી લીધું અને ઘરે પરત ફર્યો.

## ચંડકૌશિકને પ્રતિબોધ

ઉત્તરવાચાલા તરફ આગળ વધતા પ્રભુ કનખમલ નામના આશ્રમ પહોંચ્યા. તે આશ્રમથી વાચાલા પહોંચવા માટે બે માર્ગ હતા - એક આશ્રમ થઈને અને બીજો બહારથી ભગવાન સીધા માર્ગે આગળ વધ્યા. થોડે દૂર જતાં તેમને કેટલાક ગોવાળો મળ્યા. તેમણે પ્રભુને કહ્યું : ‘‘ભગવન્ ! આ માર્ગ પર આગળ એક જંગલ છે, જ્યાં ચંડકૌશિક નામનો એક ભયંકર દૃષ્ટિવિષ સાપ રહે છે, જે રાહગીરોને જોઈને પોતાનાં ઝેરથી તેમને ભસ્મ કરી દે છે. સારું રહેશે કે આપ બીજા માર્ગે થઈને આગળ તરફ પધારો.''

ભગવાને વિચાર્યું - ‘ચંડકૌશિક ભવ્ય પ્રાણી છે, આથી પ્રતિબોધ આપવાથી તે જરૂરથી પ્રતિબુદ્ધ (જાગૃત) થશે.' અને તેઓ ચંડકૌશિકનો ઉદ્ધાર કરવા માટે તે જ રસ્તા પર આગળ વધતા રહ્યા.

ચંડકૌશિક સાપ પોતાના પૂર્વજન્મમાં એક તપસ્વી હતો. એકવાર તપના પારણાના દિવસે તે તપસ્વી પોતાના શિષ્ય સાથે ભિક્ષા માટે નીકળ્યો. ભ્રમણ કરતી વખતે મુનિના પગ નીચે અજાણતાથી એક દેડકી દબાઈ ગઈ. આ જોઈ શિષ્યે કહ્યું : ‘‘ગુરુદેવ ! આપના પગ નીચે દબાઈને દેડકી મરી ગઈ.'' મુનિએ કાંઈ ન કહ્યું. શિષ્યે વિચાર્યું કે - ‘સાંજે પ્રતિક્રમણ વખતે ગુરુદેવ આનું પ્રાયશ્ચિત્ત કરશે.' પણ સાંજે પ્રતિક્રમણ વખતે તપસ્વી મુનિ દ્વારા તે પાપનું પ્રાયશ્ચિત્ત ન કરવાથી શિષ્યે તેમને ફરી દેડકીની યાદ અપાવી અને પ્રાયશ્ચિત્ત કરવા માટે કહ્યું. આ

રીતે શિષ્ય દ્વારા વારંવાર આલોચના માટે કહેવાથી તપસ્વી મુનિ ગુસ્સે થઈ ગયા અને શિષ્યને મારવા માટે દોડ્યા. ગુસ્સામાં ને ગુસ્સામાં તેઓ એક થાંભલા સાથે અથડાઈ પડ્યા અને તત્કાળ તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું. મરીને તેઓ જ્યોતિષ્ક જાતિમાં દેવ બન્યા.

ત્યાંથી આયુષ્ય પૂરું કરીને તેઓ કનખમલ આશ્રમના કુલપતિના પુત્રરૂપે પેદા થયા. બાળકનું નામ કૌશિક રાખવામાં આવ્યું. તે બાળ-પણથી જ ઉગ્ર સ્વભાવનો હતો, આથી તેને ચંડકૌશિક કહેવામાં આવતો. આગળ જઈને ચંડ કૌશિક આશ્રમનો કુલપતિ બની ગયો. તેને આશ્રમના જંગલ પ્રત્યે ખૂબ જ મમતા હતી, ત્યાં સુધી કે તે ત્યાંથી કોઈને ફળ સુધ્ધાં નહોતો લેવા દેતો. આથી લોકો આશ્રમ છોડીને બીજે ચાલ્યા ગયા. એકવાર નજીકના નગરના રાજકુમારોએ તેની ગેરહાજરીમાં આશ્રમના જંગલને નષ્ટ કરી દીધું. ચંડકૌશિકને ખબર પડી તો તે ફરસી લઈને રાજકુમારોને મારવા દોડ્યો. ગુસ્સામાં તે એક ખાડામાં પડી ગયો અને ફરસીથી તેનું માથું કપાઈ ગયું. ચંડકૌશિકના તરત જ રામ રમી ગયા, અને તેજ જંગલમાં દૃષ્ટિવિષ સાપ રૂપે પેદા થયો. પૂર્વજન્મના સંસ્કારો મુજબ તે ગુસ્સા સાથે તે જંગલની કાળજી રાખવા લાગ્યો. ચંડકૌશિક દિવસ-રાત આખા જંગલમાં ફરીને પશુ-પક્ષી સુધ્ધાંને પોતાનાં ઝેરથી ભસ્મ કરી દેતો હતો. ચંડકૌશિકના ડરથી લોકોએ તે રસ્તેથી આવવા-જવાનું પણ બંધ કરી દીધું હતું.

પ્રભુ મહાવીર ચંડકૌશિકને પ્રતિબોધ આપીને તેનો ઉદ્ધાર કરવાના હેતુથી નિર્ભય થઈને તે જંગલમાં ગયા. ત્યાં પહોંચીને તેઓ ધ્યાનમગ્ન ઊભા થઈ ગયા. ચંડકૌશિકે તેમને જોઈને પોતાની ગુસ્સાવાળી નજર તેમની પર નાંખી અને ફુંફાડો માર્યો. પણ ભગવાન મહાવીર પર કોઈ અસર ન થઈ. આથી ચંડકૌશિક વધુ ગુસ્સે થયો અને તેણે ભગવાનના પગ પર ઝેરીલો દંતપ્રહાર કર્યો. ભગવાન અચળ ઊભા રહ્યા. તેમના પગમાંથી લોહીને બદલે દૂધની ધારા વહેવા લાગી. તેમણે તેના પ્રત્યે કોઈ રોષ જાહેર ન કર્યો. ચંડકૌશિક ચકિત થઈને ભગવાન તરફ અપલક નજરે જોવા લાગ્યો. તેનો બધો જ ગુસ્સો શાંત થઈ ગયો.

ચંડકૌશિકને શાંત જોઈને ભગવાન ધ્યાનથી નિવૃત્ત થયા અને બોલ્યા : "હે ચંડકૌશિક ! શાંત થાવ ! જાગો ! પૂર્વજન્મનાં કર્મોના લીધે

તું સાપ બન્યો છે, હવે તો સમજી જા ! નહિ તો અવગતિઓમાં ભટકવું પડશે.'' ભગવાનના બોલ સાંભળી ચંડની આત્મા જાગી ઊઠી. તેના મનમાં વિવેકની જ્યોતિ પ્રગટી. પૂર્વજન્મોને યાદ કરીને તેણે મનમાં સંકલ્પ કર્યો - "હવે હું કોઈને નહિ સતાઉં ને આજથી મરતાં સુધી અન્ન નહિ ગ્રહણ કરું.'' તે પોતાના દરમાં ચાલ્યો ગયો. પ્રભુ પણ બીજે વિહાર કરી ગયા.

ચંડે પોતાના દરમાંથી બહાર નીકળવાનું સુધ્ધાં બંધ કરી દીધું. જંગલમાં શાંતિ સ્થપાઈ ગઈ. લોકો ચંડની પૂજા કરવા લાગ્યા. તેના દર પર દૂધ, ખાંડ, કંકુ, ફૂલ વગેરેનો વરસાદ થવા લાગ્યો. ચંડ તો અડકતો પણ નહોતો, આથી તે વસ્તુઓથી આકર્ષાઈને કીડીઓ ઉભરાઈ ગઈ. ચંડ કોકડું વાળીને એવી રીતે અચળ હતો, જાણે નિર્જીવં હોય. ધીમે-ધીમે કીડીઓ તેને વળગી-વળગીને કરડવા લાગી, પણ ચંડ એમ જ પડી રહ્યો. બધી જ વેદનાને સમભાવથી સહન કરતા - કરતા શુભભાવથી આયુષ્ય પૂરું કરીને તેણે અષ્ટમ સ્વર્ગ મેળવ્યું.

## વિહાર અને નૌકારોહણ

ચંડકૌશિકનો ઉદ્ધાર કરીને ભગવાન વિહાર કરતા - કરતા વાચાલા પહોંચ્યા. ત્યાં તેમણે નાગસેનના ત્યાં પરમાન્નથી પોતાના પંદર દિવસના ઉપવાસનાં પારણાં કર્યાં. ત્યાંથી વિહાર કરીને ભગવાન શ્વેતાંબિકા નગરે પધાર્યા. ત્યાં રાજા પરદેશીએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યું અને સત્કાર કર્યો. શ્વેતાંબિકાથી વિહાર કરીને ભગવાન સુરભિપુર તરફ ચાલ્યા. વચ્ચે ગંગાનદી વહી રહી હતી. ગંગાને પાર કરવા માટે પ્રભુને નાવડીમાં બેસવું પડ્યું. જેવી નાવડી ચાલી, જમણી બાજુ ઘુવડ બોલ્યું. ઘુવડનો અવાજ સાંભળીને નાવડીમાં બેઠેલા ખેમિલ નિમિત્તજ્ઞે કહ્યું : "મોટું સંકટ આવવાનું છે, પણ આ મહાપુરુષના પ્રબળ પુણ્ય-પ્રતાપે કોઈ રીતનું નુકસાન નહિ થાય.'' થોડે દૂર જતાં જ આંધી-તોફાનના જોરદાર ઝાપટામાં આવીને નાવડી ભમરમાં ફસાઈ ગઈ. યાત્રાળુ ગભરાયા, પણ ભગવાન નિર્ભય-નિશ્ચલ-ધ્યાનમગ્ન બેસી રહ્યા. થોડીવાર પછી તોફાન રોકાઈ ગયું અને નાવડી કિનારે લાગી ગઈ. કહેવાય છે કે ત્રિપૃષ્ટના ભવમાં જે સિંહને ભગવાને માર્યો હતો, તેના જ જીવે વેર-ભાવથી સુદંષ્ટ્ર દેવના રૂપમાં ગંગા પાર કરતી વખતે મહાવીરના રસ્તામાં આ તોફાન ઊભું કર્યું હતું. કંબલ અને શંબલ નામના નાગકુમારોએ આ અપશુકન દૂર કરવામાં પ્રભુની સેવા કરી.

## પુષ્યનિમિત્તજ્ઞનું સમાધાન

હોડી(નાવડી)માંથી ઊતરીને ભગવાન સ્થૂણાક સન્નિવેશ પધાર્યા. ત્યાં એક જગ્યા પર ધ્યાનમગ્ન ઊભા થઈ ગયા. ગામના પુષ્ય નિમિત્તજ્ઞે ભગવાનના પદ-ચિહ્ન જોઈને કહ્યું : "આ ચિહ્નોવાળી વ્યક્તિ કોઈ ચક્રવર્તી સમ્રાટ હોવી જોઈએ. હોઈ શકે કે કોઈ મુશ્કેલી હોવાને લીધે તે એકલી ફરી રહી હોય, જઈને તેની મદદ કરું." એવું વિચારીને પદ-ચિહ્નોને અનુસરીને તે ભગવાન પાસે પહોંચ્યો. કોઈ સમ્રાટ કે રાજ-કુમારને બદલે ભિક્ષુકને જોઈને તે આશ્ચર્યચકિત થઈ ગયો કે ચક્રવર્તીનાં બધાં જ લક્ષણ હોવા છતાં આ ભિક્ષુક કેવી રીતે છે ? શું શાસ્ત્રોમાં લખેલ વાતો ખોટી છે ? ત્યારે જ દેવેન્દ્રએ પ્રગટ થઈને કહ્યું : "આ કોઈ સાધારણ પુરુષ નથી, મહાન ધર્મ-ચક્રવર્તી છે, જેમની વંદના દેવ-દેવેન્દ્ર સુધ્ધાં કરે છે." નિમિત્તજ્ઞ ભગવાનને પ્રણામ કરીને જતો રહ્યો.

## ગોશાલકનું પ્રભુસેવામાં આગમન

આ રીતે વિહાર કરતા-કરતા ભગવાન રાજગૃહ પહોંચ્યા અને ત્યાં નાલંદાની એકસૂત્ર શાળામાં વર્ષાવાસ માટે બિરાજ્યા. ભગવાનના પહેલા માસખમણના પારણા વિજય શેઠને ત્યાં થયાં. તે વખતે આકાશમાં દેવનો ડંકો વાગ્યો અને પંચદિવ્ય પ્રગટ થયાં. ભાવ-વિશુદ્ધિથી વિજય શેઠે સંસારથી પ્રયાણ કર્યું અને દેવલોકનો ભવ પામ્યા. રાજગૃહમાં સર્વત્ર વિજય ગાથાપતિની ગાથા ગવાઈ રહી હતી. મંખલિપુત્ર ગોશાલક પણ તે વખતે ત્યાં જ વર્ષાવાસ કરી રહ્યો હતો. ગોશાલકે ભગવાનના તપનો મહિમા જોયો ને તેમની પાસે ગયો. ભગવાને વર્ષાવાસ વખતે મહિના-મહિનાના લાંબા તપ સ્વીકાર કરી રાખ્યાં હતાં. બીજા મહિનાનાં પારણાં આનંદ ગાથાપતિએ કરાવ્યાં. ત્રીજા મહિનાના માસખમણનાં પારણાં સુનંદ ગાથાપતિને ત્યાં ખીરથી પૂરા થયાં.

કારતક પૂનમના દિવસે ભિક્ષા માટે નીકળતી વખતે ગોશાલકે ભગવાનને પૂછ્યું : "ભગવન્ ! મને આજ ભિક્ષામાં શું મળશે ?" સિદ્ધાર્થ દેવે કહ્યું : "વાસી ભાત, ખાટી છાશ અને ખોટો રૂપિયો." આ ભવિષ્યવાણીને ખોટી સાબિત કરવા માટે ગોશાલક ભિક્ષા માટે મોટા મોટા ગાથાપતિઓને ત્યાં ગયો, પણ તેને ત્યાં ભિક્ષા ન મળી. છેવટે એક લુહારને ત્યાં તેને ખાટી છાશ, વાસી ભાત અને દક્ષિણામાં એક રૂપિયો

મળ્યો, જે બજારમાં ન ચાલ્યો. ગોશાલકના મન પર આ ઘટનાની એ અસર પડી કે તે નિયતિવાદનો ભક્ત બની ગયો. 'ભગવતીસૂત્ર'માં ઉપર જણાવેલ ભવિષ્યવાણીનો ઉલ્લેખ નથી મળતો.

ચાતુર્માસ પૂરા થવાથી ભગવાને નાલંદાથી વિહાર કર્યો. અને કોલ્લાગ સન્નિવેશમાં 'બહુલ બ્રાહ્મણ'ને ત્યાં છેલ્લા માસખમણનાં પારણાં કર્યાં. જ્યારે ભગવાને નાલંદાથી પ્રયાણ કર્યું તો ગોશાલક ભિક્ષા માટે બહાર ગયો હતો. પાછા ફર્યા બાદ જ્યારે તંતુવાય(એકસૂત્ર) શાળામાં ભગવાનને ન જોયા તો પોતાનાં કપડાં, કુંડિકા, ચિત્રફલક વગેરે વસ્તુઓ બ્રાહ્મણોને આપી દીધી અને મુંડન કરાવીને ભગવાનની શોધમાં નીકળી પડ્યો. પ્રભુને શોધતા-શોધતા તે પણ કોલ્લાગ પહોંચ્યો. લોકોના મોઢે બહુલ બ્રાહ્મણના દાનનો મહિમા સાંભળ્યો તો તેને વિશ્વાસ થઈ ગયો કે આ ભગવાનના તપનો જ પ્રભાવ હોઈ શકે છે. કોલ્લાગની બહાર પ્રણીત-ભૂમિમાં તેણે ભગવાનનાં દર્શન કર્યાં. આનંદવિભોર થઈને તેણે પ્રભુને પ્રણામ કર્યા અને બોલ્યો : "આજથી આપ મારા ધર્માચાર્ય છો અને હું આપનો શિષ્ય છું." ખૂબ આગ્રહ કરવાથી ભાવિભાવને જાણતા હોવા છતાં પણ ભગવાને ગોશાલકની પ્રાર્થના સ્વીકારી. ગોશાલક છ વર્ષ સુધી ભગવાનની સાથે રહ્યો.

## સાધનાનું ત્રીજું વરસ

કોલ્લાગથી વિહાર કરીને પ્રભુ ગોશાલક સાથે સ્વર્ણખલ તરફ ચાલ્યા. રસ્તામાં કેટલાક ગોવાળો ખીર બનાવતા મળ્યા. ગોશાલકનું મન ખીર જોઈને ઝૂમી ઊઠ્યું. તેણે કહ્યું : "ભગવન્ ! થોડો વખત રોકાય જઈશું, તો ખીર ખાઈને જઈશું." સિદ્ધાર્થ દેવે કહ્યું : "હાંડલી ફૂટી જવાથી ખીર બનતાં પહેલાં જ ધૂળમાં મળી જશે." ગોશાલકે ગોવાળોને સાવધાન કર્યા અને ખીર માટે રોકાઈ ગયો, પણ ભગવાન આગળ પ્રયાણ કરી ગયા. બધી જ સાવચેતીઓ રાખવા છતાં પણ ચોખા ફૂલી જવાથી હાંડલી ફૂટી ગઈ અને ખીર ધૂળમાં પડી ગઈ. ગોશાલક પોતાનું નાનકડું મોઢું લઈ આગળ વધીને મહાવીર પાસે પહોંચ્યો.

ત્યાર બાદ ભગવાન 'બ્રાહ્મણ ગામ' પધાર્યા. ગામ 'નંદ' અને 'ઉપનંદ' નામની બે વિશિષ્ટ વ્યક્તિઓનાં નામથી બે ભાગમાં વહેંચાયેલું હતું - નંદપાટક અને ઉપનંદપાટક. ભગવાન મહાવીર નંદપાટકમાં નંદને ત્યાં

ભિક્ષા માટે ગયા. ત્યાં તેમને 'દહીં-ભાત' મળ્યા. ગોશાલક ઉપનંદપાટકમાં ઉપનંદને ત્યાં ગયો. ત્યાં દાસીએ તેને વાસી ભાત વહોરાવ્યા, જેનો ગોશાલકે અસ્વીકાર કર્યો. આથી ઉપનંદે દાસીને કહ્યું : "જો તે ભિક્ષા ન લે તો તેના માથા પર ફેંકી દેજો." દાસીએ તેવું જ કર્યું, જેથી ગોશાલક ખૂબ જ નારાજ થયો ને ઘરના લોકોને શાપ આપીને પાછો ફર્યો. 'આવશ્યકચૂર્ણિ' મુજબ ગોશાલકે શાપ આપ્યો હતો કે - 'ઉપનંદના ઘરમાં આગ લાગી જાય.' તપના મહિમાને સાચી સાબિત કરવા માટે પાસેના વ્યન્તર દેવોએ ઉપનંદનું ઘર સળગાવ્યું અને ગોશાલકના શાપને સાચો સાબિત કર્યો.

બ્રાહ્મણ ગામથી વિહાર કરીને ભગવાન ચંપા પધાર્યા અને ત્યાં જ ત્રીજો વર્ષાકાળ પૂરો કર્યો. તે વખતે બે-બે મહિનાનું ઉત્કટ તપ ભગવાને કર્યું અને વિવિધ આસનો અને ધ્યાનયોગોની સાધના કરી. પ્રથમ બે મહિનાના તપના પારણા ચંપામાં અને બીજા બે મહિનાના તપના પારણા ચંપાથી બહાર કર્યાં.

## સાધનાનું ચોથું વરસ

અંગ દેશની ચંપા નગરીથી વિહાર કરીને ભગવાન કાલાય સન્નિવેશ પહોંચ્યા. ત્યાં એક સૂના ઘરમાં ભગવાન ધ્યાનમગ્ન થઈ જવાથી ગોશાલક દરવાજા પાસે બેસીને ત્યાં આવેલી એક દાસી સાથે હાસ્ય-મજાક કરવા લાગ્યો. દાસીએ ગામમાં જઈને ગામના મુખીને ફરિયાદ કરી અને મુખીના દીકરા પુરુષસિંહે ગોશાલકને માર્યો. કાલાયથી પ્રભુ પુત્તકાલય ગયા. ત્યાં પણ ભગવાન તો શૂન્ય સ્થળે ધ્યાનમગ્ન થઈ ગયા, પરંતુ ગોશાલક અહીં-તહીં વાતો કરતો રહ્યો, જેથી લોકોના ગુસ્સાનો ભોગ બન્યો. પુત્તકાલયથી તે લોકો કુમારક ગયા. ત્યાં ચંપક રમણીય બાગમાં ભગવાન ધ્યાનમગ્ન થયા. ત્યાં કૂપનાથની કુંભારશાળામાં પાર્શ્વનાથ પરંપરાના આચાર્ય મુનિચંદ્ર પોતાના શિષ્યો સાથે રોકાયા હતા. તેમણે પોતાના એક શિષ્યને મુખી બનાવીને પોતે જિનકલ્પ સ્વીકાર કરી રાખ્યો હતો.

ગોશાલક એકલો જ ભિક્ષા માટે ગયો, તો ત્યાં તેણે પાર્શ્વ પરંપરાના સાધુઓને જોયા, જેમણે રંગબેરંગી કપડાં પહેર્યાં હતાં. કુતૂહલવશ ગોશાલકે તેમને પૂછ્યું : "તમે લોકો કોણ છો ?" તેમણે કહ્યું : "અમે લોકો પાર્શ્વ પરંપરાના શ્રમણ નિર્ગ્રંથ છીએ." એથી ગોશાલકે કહ્યું : "આશ્ચર્યની વાત છે, તમે લોકોએ આટલાં રંગબેરંગી કપડાં પહેર્યાં છે.

પાત્ર પણ રાખ્યું છે, છતાં પણ પોતાની જાતને નિર્ગ્રંથ કહો છો. સાચા નિર્ગ્રંથ તો મારા ધર્માચાર્ય છે, જે ત્યાગ અને તપની પ્રત્યક્ષ મૂર્તિ છે અને સાથોસાથ કપડાં અને પાત્રરહિત પણ છે." પાર્શ્વ પરંપરાના સાધુઓએ કહ્યું : "જેવો તું, તેવા જ તારા આચાર્ય દિગંબર અવસ્થા સ્વીકારેલ છે."

ગોશાલકે ગુસ્સામાં કહ્યું : "તમે લોકો મારા આચાર્યની નિંદા કરો છો, તમારો ઉપાશ્રય બળીને ભસ્મ થઈ જશે." ગોશાલકે ચંપક રમણીયમાં પાછા ફરીને આખી વાત પ્રભુને સંભળાવી. સિદ્ધાર્થ દેવે કહ્યું : "ગોશાલક ! તેઓ પાર્શ્વનાથ પરંપરાના સાધુ છે. સાધુઓનાં તપ તેજ - શાપ આપવા અને ઉપાશ્રય બાળવા માટે નથી હોતા."

ત્યાં આચાર્ય મુનિચંદ્ર ઉપાશ્રયની બહાર ઊભા થઈને ધ્યાનમગ્ન થઈ ગયા. અડધી રાતે કૂપનય નામનો કુંભાર પોતાના સાથીઓ સાથે દારૂ પીને ઘેર પાછો ફર્યો અને ત્યાં ધ્યાનમગ્ન મુનિને ચોર સમજીને પોતાના બંને હાથથી તેમનું ગળું દબાવી દીધું. અસહ્ય વેદના થવા છતાં પણ મુનિ સ્થિર રહ્યા. સમભાવથી શુક્લ ધ્યાનમાં સ્થિત હોવાને લીધે તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ અને તેમણે નિર્વાણ મેળવી લીધું. દેવોએ ફૂલોનો વરસાદ વરસાવ્યો અને કેવળજ્ઞાનનો મહિમા પ્રગટ કર્યો. દેવોની અવરજવર જોઈને ગોશાલકે ભગવાનને કહ્યું : "લાગે છે તેમનો ઉપાશ્રય બળી રહ્યો છે." સિદ્ધાર્થ દેવે કહ્યું : "નહિ આચાર્ય મુનિચંદ્રને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે, માટે દેવગણ મહિમા કરી રહ્યા છે." ગોશાલકે ઉપાશ્રયમાં જઈને મુનિચંદ્રના શિષ્યોને ઉઠાડ્યા. પોતાના આચાર્યને કાળ પ્રાપ્ત સમજીને તેઓ પશ્ચાત્તાપ કરવા લાગ્યા. આચાર્ય હેમચંદ્રે આ ઘટનાનો ઉલ્લેખ કરતા લખ્યું છે કે - "મુનિચંદ્રને તે વખતે અવધિજ્ઞાન થયું અને તેમણે સ્વર્ગારોહણ કર્યું."

કુમારકથી વિહાર કરીને ભગવાન ચોરાક સન્નિવેશ પધાર્યા, ત્યાં ચોરોનો ઉત્પાત હતો, આથી ચોકીદાર ખૂબ જ સાવધાન રહેતા હતા. ચોકીદારોએ ભગવાન પાસે તેમના વિશે જાણવા માંગ્યું, પણ તેઓ પોતાના વ્રતને કારણે મૌન જ રહ્યા. ચોકીદારોએ વિચાર્યું કે - 'આ કોઈ ચોર કે ગુપ્તચર છે' આથી તેમને પકડીને જાત-જાતની તકલીફો આપી. જ્યારે આ વાતની જાણ ગામના નિમિત્તજ્ઞ ઉત્પલની બહેનો - સોમા અને જયંતીને થઈ તો તેમણે ત્યાં પહોંચીને ભગવાનને છોડાવ્યા. ભગવાનનો ખરો પરિચય જાણીને ચોકીદારોએ પોતાની ભૂલ માટે માફી

માંગી. ત્યાંથી ભગવાન પૃષ્ઠચંપા ગયા અને પોતાનો ચોથો વર્ષાકાળ ત્યાં જ વિતાવ્યો. આ કાળમાં તેમણે ચાર મહિનાનું લાંબુ તપ અને જુદી-જુદી પ્રતિમાઓમાં ધ્યાનમગ્ન થઈને, કાયોત્સર્ગ પૂર્ણ સાધના કરી. તપ-સમાપ્ત થયા બાદ ભગવાને ચંપા બાહિરિકામાં પારણા કર્યા.

## સાધનાનું પાંચમું વરસ

પૃષ્ઠચંપામાં વર્ષાકાળ પૂરો કરી ભગવાન કયંગલા પધાર્યા. ત્યાં દરિદ્રથેરના દેવલમાં કાયોત્સર્ગ-સ્થિત થઈને રહ્યા. કયંગલાથી પ્રયાણ કરીને સાવત્થી પધાર્યા અને નગરની બહાર ધ્યાનમગ્ન થઈ ગયા. અતિશય ઠંડી પડી રહી હતી, તો પણ ભગવાન ઠંડીની પરવા કર્યા વગર આખી રાત ધ્યાનમાં લીન રહ્યા. ગોશાલક ઠંડી સહન ન કરી શક્યો, આથી આખી રાત થથરતો-કણસતો રહ્યો. ત્યાં દેવલમાં ઉત્સવ હોવાને લીધે સ્ત્રી-પુરુષ એકસાથે રાતભર નાચવાં-ગાવામાં લીન રહ્યાં.

ગોશાલકે હાંસી કરી - "આ કેવો ધર્મ છે, જેમાં સ્ત્રી-પુરુષ એકસાથે શરમ વગર નાચ-ગાન કરે છે !" લોકોએ તેને બહાર કાઢી મૂક્યો. બહાર ઠંડીમાં થથરતો જોઈને લોકોએ ફરીથી તેને અંદર બોલાવી લીધો, પણ પોતાની આદતથી મજબૂર, તે એલ-ફેલ બોલી નાંખતો. આ રીતે કેટલીય વાર તેને અંદર-બહાર થવું પડ્યું. છેલ્લે લોકોએ તેને ભગવાનનો શિષ્ય જાણીને 'આ કોઈ નુકસાન નથી કરી શકતો' એવું વિચારીને તેને અંદર રહેવા દીધો. સાથોસાથ લોકોએ ઢોલ-નગારાંનો અવાજ વધારી દીધો, જેથી ગોશાલકની વાતો ન સંભળાય. પરોઢિયે મહાવીર ત્યાંથી શ્રાવસ્તી તરફ ચાલી નીકળ્યા. ત્યાં પિતૃદત્ત ગાથાપતિની પત્નીએ કોઈ અજ્ઞાનીના કહેવાથી પોતાના પુત્રની રક્ષા માટે એક ગર્ભના માંસની ખીર બનાવી અને તપસ્વીને આપવાના વિચારથી ગોશાલકને આપી દીધી. સિદ્ધાર્થ દેવ દ્વારા પહેલાથી સાવધ કરવા છતાં પણ તેણે તે ખીર ખાઈ લીધી અને અખાદ્ય જાણીને ઊલટી કરી દીધી. આ ઘટનાથી તે પાક્કો નિયતિવાદી થઈ ગયો.

શ્રાવસ્તીથી પ્રયાણ કરી પ્રભુ હલેદુગ પધાર્યા. ભગવાને ત્યાં જ રાત્રિ-આરામ કર્યો. ઘણા બીજા મુસાફરો પણ રાત ગુજારવા માટે ત્યાં જ રોકાયા હતા. રાત્રે ઠંડીથી બચવા માટે તે લોકોએ આગ સળગાવી અને સવારે તે આગ ઓલવ્યા વગર જ રવાના થઈ ગયા. સૂકા ઘાસમાં આગ

પકડી લેવાને કારણે મહાવીરના પગ દાઝી ગયા. બપોર વખતે ધ્યાન પૂરું થવાથી ભગવાને આગળ પ્રયાણ કર્યું, અને નાંગલા થઈને આવર્ત પહોંચ્યા. ત્યાં બળદેવના મંદિરમાં ધ્યાનમગ્ન થઈ ગયા. ગોશાલક લોકોને ચીડવતો-ચોંકાવતો અને જાત-જાતની મુસીબતો આવરી લેતો રહ્યો. આવર્તથી પ્રયાણ કરીને કેટલીક જગ્યાએ વિહાર કરતા-કરતા તેઓ ચૌરાક સન્નિવેશ પહોંચ્યા. ત્યાં ગોશાલકને પોતાની હરકતોને કારણે માર ખાવો પડ્યો. તેણે નારાજ થઈને કહ્યું : "લોકોએ કારણ વગર જ મને સતાવ્યો છે, મારા ગુરુના તપના પ્રભાવથી યજ્ઞમંડપ બળી જાય." સંજોગથી મંડપમાં આગ લાગી ગઈ.

આગળ વિહાર કરીને લોકો કલંબુકા પહોંચ્યા જ્યાંના ડુંગરાળ પ્રદેશના માલિક બે ભાઈ હતા. મેઘ અને કાલહસ્તી. સંજોગોવશાત્ કાલહસ્તીની મુલાકાત મહાવીર સાથે થઈ. તેણે પૂછ્યું : "તમે કોણ છો ?" ભગવાને કોઈ જવાબ ન આપ્યો, તો કાલહસ્તીએ તેમને માર્યા, તો પણ તેઓ ચૂપ રહ્યા. કાલહસ્તીએ તેમને મેઘ પાસે મોકલ્યા, મેઘે પહેલા તેમને કુંડગ્રામમાં જોયા હતા, આથી ઓળખી ગયો અને પોતાના ભાઈની ભૂલ માટે માફી માંગી. આ ઘટના બાદ ભગવાને વિચાર્યું કે - 'મારે હજુ ખૂબ કર્મોનો ક્ષય કરવાનો છે, જો બધી જગ્યાએ કોઈ ને કોઈ ઓળખીતો મળી જશે તો કર્મોનો ક્ષય કરવામાં મોડું થશે. આથી મારે અનાર્ય અને અપરિચિત વિસ્તારમાં વિચરણ કરવું જોઈએ.' એવું વિચારીને તેમણે લાઢ (રાઢ) દેશમાં જવાનો નિર્ણય કર્યો જે પૂરી રીતે અનાર્ય માનવામાં આવતો હતો, અને જ્યાં કોઈ મુનિ કે સાધુ જવાની કલ્પના સુધ્ધાં નહોતા કરતા. રાઢ પ્રદેશના બે ભાગ હતા. ઉત્તર અને દક્ષિણ અથવા વજ્ર અને શુભ્ર. બંને વચ્ચે અજય નદી વહેતી હતી. 'આચારાંગસૂત્ર' મુજબ ભગવાને ત્યાં ભયંકર અને રોમાંચકારી તકલીફો સહન કરી.

રાઢના અનાર્ય પ્રદેશમાં ભગવાનને અનુકૂળ રહેઠાણ ન મળ્યાં. લૂખું-સૂકું ભોજન પણ ખૂબ જ મુશ્કેલીથી મળતું હતું. કૂતરાઓ દૂરથી જ કરડવા દોડતા હતા, પણ તે કૂતરાઓને કોઈ રોકવાવાળું જ નહોતુ. એ તો ઠીક, ઘણાં લોકો તો કરડવા માટે જ ઉશ્કેરતા હતા. નિર્દય સ્વભાવના તે લોકો લાકડી લઈને ફરતા હતા, પણ ભગવાન નિઃશંક ભાવે જ વિચરણ કરતા. દુષ્ટ સ્વભાવવાળા લોકો પ્રત્યે પણ મનમાં

સદ્ભાવ રાખતા. કર્મનિર્જરા તેમનો હેતુ હતો. લોકોનાં દુર્વચનોને, રસ્તાના કાંટાઓને હર્ષભેર સહન કરતા અને પ્રસન્ન રહેતા. કોઈની પણ પ્રત્યે હિંસાનો ભાવ મનમાં ન લાવતા. ક્યારેક-ક્યારેક ભયંકર જંગલમાં રાત વિતાવવી પડતી. ક્યારેક-ક્યારેક ગામના લોકો ગામમાં ઘૂસવા પણ ન દેતા અને આગળ જવા કહેતા. કોઈ કારણ વગર જ જાત-જાતના ઘા તેમની પર કરતા અને અટ્ટહાસ્ય કરતા. બીજા પણ ઘણી જાતનાં કષ્ટ આપતાં, શરીર પર ધૂળ ફેંકતા, પકડીને ઉઠાવતા અને દડાની જેમ ઉછાળીને નીચે ફેંકતા શરીરનાં અંગોને લોહીલુહાણ કરતાં. કહેવાનો મતલબ એ છે કે ભગવાનને ઘણી જાતના અસહ્ય અને અકલ્પનીય દુઃખ આપ્યાં, જેમનો તેમણે શાંતિથી સંયમ-સાધનામાં સ્થિર રહીને સામનો કર્યો. અનાર્ય પ્રદેશમાં સમભાવ-પૂર્વક ઉત્પાતોને સહન કરીને તેમણે અઢળક કર્મોની નિર્જરા કરી. અનાર્ય પ્રદેશથી આર્ય પ્રદેશ તરફ ફરીથી પ્રવેશ કરી રહ્યા હતા કે છેવાડાના ગામમાં બે ચોર મળ્યા, જે અનાર્ય પ્રદેશમાં ચોરી કરવા જઈ રહ્યા હતા. સામેથી ભગવાનને આવતા જોઈ અપશુકન સમજીને ધારદાર શસ્ત્રથી તેમની પર હુમલો કર્યો. સ્વયં ઈન્દ્રે પ્રગટ થઈને તેમને બચાવ્યા અને ચોરોને દૂર ભગાડ્યા. આર્ય પ્રદેશમાં પહોંચીને ભગવાન મલય દેશમાં પહોંચ્યા અને તે વરસનો વર્ષાવાસ ભદ્દિલ નગરીમાં કર્યો. વિવિધ આસનોમાં ધ્યાનમગ્ન રહીને ભગવાને ચાતુર્માસિક તપની આરાધના કરી અને ચાતુર્માસ પૂરો થવાથી નગરની બહાર તપનાં પારણાં કરીને કદલી સમાગમ અને જમ્બૂ સંડ તરફ પ્રયાણ કર્યું.

## સાધનાનું છઠ્ઠું વરસ

કદલી સમાગમ અને જમ્બૂ સંડથી ભગવાન તંબાય સન્નિવેશ પધાર્યા. તે વખતે પાર્શ્વાપત્ય સ્થવિર નંદિષેણ ત્યાં હતા.ગોશાલકે તેમની સાથે પણ વિવાદ કર્યો. તંબાયથી પ્રભુ કૂવિય તરફ ગયા. કૂવિયમાં તેમને ગુપ્તચર સમજીને પકડવામાં આવ્યા અને બંદી બનાવી લેવામાં આવ્યા. ત્યાં વિજયા અને પ્રગલ્ભા નામની બે સંન્યાસિનીઓએ લોકોને ભગવાન વિશે જણાવ્યું અને કહ્યું કે - 'આ ચરમ તીર્થંકર મહાવીર છે, અને જો ઈન્દ્રને જાણ થઈ કે તમે લોકોએ તેમની સાથે આવો વ્યવહાર કર્યો છે તો તેઓ તમને સજા આપશે.' આ બંને પહેલા પાર્શ્વનાથની શિષ્યા રહી ચૂકી હતી. તેમની વાત માનીને લોકોએ પ્રભુને મુક્ત કર્યા

અને તેમની માફી માંગી. ત્યાંથી પ્રભુએ વૈશાલી તરફ ડગ માંડ્યાં. ગોશાલકે પ્રભુનો સંગાથ છોડીને એકલા જ વિહાર કરવાની ઈચ્છા પ્રગટ કરી અને સિદ્ધાર્થ દેવ પાસેથી સ્વીકૃતિ મેળવીને રાજગૃહ તરફ રાહ લીધો. વૈશાલી પહોંચીને ભગવાન લુહારની 'કાર્યશાળા'માં રહેવાની પરવાનગી મેળવીને ધ્યાનમગ્ન થઈ ગયા. કાર્યશાળાનો એક લુહાર છ મહિનાથી બીમારીના કારણે કામ પર નહોતો આવી રહ્યો. ભગવાનના ત્યાં આવવાના બીજા જ દિવસે તે કામ પર આવ્યો, તો તેણે ભગવાનને ઊભેલા જોયા અને અમંગળ સમજીને તેમની પર પ્રહાર કરવા જતો હતો, પણ દૈવી પ્રભાવથી હવામાં હાથ ઉઠાવીને જ તે ત્યાં જ સ્થિર થઈ ગયો. વૈશાલીથી પ્રયાણ કરીને ભગવાન ગ્રામક સન્નિવેશમાં આવ્યા અને વિભેલક યક્ષના સ્થળે ધ્યાનમગ્ન થઈ ગયા. ભગવાનના તપોમય જીવનથી પ્રભાવિત થઈને યક્ષ પણ ગુણગાન કરવા લાગ્યો.

ગ્રામક સન્નિવેશથી વિહાર કરીને ભગવાન શાલિશીર્ષના રમણીય બાગમાં પધાર્યા. મહા મહિનાની કડકડતી ઠંડી પડી રહી હતી. લોકો ગરમ કપડાં પહેરીને ઘરની અંદર પણ ઠૂંઠવાઈ રહ્યા હતા, પણ તે વખતે ભગવાન ખુલ્લા શરીરે ધ્યાનમાં ઊભા હતા. જંગલમાં રહેતી કટપૂતના નામની વ્યન્તરીએ જ્યારે ભગવાનને ધ્યાનમગ્ન જોયા, તો તેનું પૂર્વજન્મનું વેર જાગી ઊઠ્યું. તે સંન્યાસિનીનું રૂપ ધારણ કરી પોતાની વિખરાયેલી જટાઓથી ભગવાનના ખભા ઉપર ઊભી થઈને વાદળોની જેમ વરસાદ કરવા લાગી અને જોરદાર હવા વહેવડાવા લાગી. કડકડતી ઠંડી, તેજ હવા, ઉપરથી વરસાદ, તો પણ ભગવાન પોતાના ધ્યાનમાં અટલ રહ્યા. તે વખતે તેમને વિશિષ્ટાવધિ જ્ઞાન પ્રાપ્ત થયું. તેઓ આખું જગત જોઈ શકતા હતા. ભગવાનનો અપાર સમભાવ, અખૂટ ક્ષમતા અને પરમ સહિષ્ણુતા જોઈને કટપૂતના થાકીને હારી ગઈ અને પોતાના વ્યવહાર બદલ માફી માંગીને પાછી ચાલી ગઈ. શાલિશીર્ષથી વિહાર કરીને ભગવાન ભદ્રિકા નગરી પધાર્યા, ત્યાં તેમણે ચાતુર્માસિક તપથી ધ્યાન અને સાધનામાં છઠ્ઠો વર્ષાકાળ વિતાવ્યો. તે દરમિયાન ગોશાલક પણ ફરીથી ભગવાન પાસે આવી ગયો. વર્ષાકાળ સમાપ્ત થવાથી પ્રભુએ નગરની બહાર પારણાં કર્યાં અને મગધ તરફ પ્રયાણ કર્યું.

## સાધનાનું સાતમું વરસ

મગધના જુદા જુદા ભાગોમાં વિહાર કરતા-કરતા ભગવાને સાતમા વરસના આઠ મહિના ઉત્પાત વગર સાધના કરી. ચાતુર્માસ માટે આલંભિયા નગરી પહોંચ્યા અને ચાતુર્માસિક તપ સાથે ધ્યાન કરતા-કરતા સાતમો ચાતુર્માસ પૂરો કર્યો. નગરની બહાર તપના પારણા કરીને કંડાગ સન્નિવેશમાં વાસુદેવ મંદિરમાં તથા ભદ્દણા સન્નિવેશમાં બળદેવના મંદિરમાં રોકાયા. ગોશાલકે મંદિરોમાં મૂર્તિઓનો તિરસ્કાર કર્યો અને લોકો વડે માર ખાધો. ભદ્રણાથી વિહાર કરીને બહુસાલ ગામ પધાર્યા અને ત્યાંના સાલવનમાં ધ્યાનમગ્ન થઈ ગયા. અહીં શાલાર્ય નામની રાક્ષસીએ કેટલીય જાતના ત્રાસ આપ્યા, પણ ભગવાનને વિચલિત ન કરી શકી અને છેલ્લે માફી માંગીને જતી રહી.

## સાધનાનું આઠમું વરસ

ભદ્દણાથી પ્રયાણ કરી ભગવાન લોહાર્ગલા પધાર્યા. લોહાર્ગલામાં પ્રવેશ કરતી વખતે અધિકારીઓએ પરિચય પૂછ્યો, તો ભગવાન મૌન રહ્યા. તેમણે શંકા કરીને ભગવાનને રાજા જિતશત્રુઓ પાસે પહોંચાડ્યા. ત્યાં અસ્થિક ગામનો નિમિત્તજ્ઞ ઉત્પલ હાજર હતો. તેણે ભગવાનને પ્રણામ કર્યા અને તેમનો પરિચય આપ્યો. રાજા જિતશત્રુએ પણ ભગવાનની વંદના કરી અને યોગ્ય આદર-સત્કાર આપી વિદાય કર્યા. ત્યાંથી પ્રભુએ પુરિમતાલ તરફ પ્રયાણ કર્યું અને નગરની બહાર શકટમુખ બાગમાં ધ્યાનમગ્ન થઈ ગયા, ત્યાંથી ઊન્નાગ અને ગોભૂમિ થઈને રાજગૃહ પધાર્યા. ત્યાં જ તેમણે આઠમો વર્ષાકાળ વિતાવ્યો અને ચાતુર્માસિક તપસ્યા અને અનુકૂળ સાધનાઓ કરી અને ચાતુર્માસ તપ સમાપ્ત થવાથી નગરની બહાર પારણાં કર્યાં અને આગળ વિહાર કર્યો.

## સાધનાનું નવમું વરસ

રાજગૃહથી વિહાર કરવાથી ભગવાનના મનમાં એકવાર ફરી વિચાર આવ્યો કે - 'ખરેખર કર્મોની નિર્જરા તો અનાર્ય પ્રદેશમાં જ થઈ શકે છે.' એમ વિચારીને તેઓ ફરીથી લાઢ અને શુભ્રભૂમિના અનાર્ય ક્ષેત્ર તરફ પધાર્યા. ત્યાંના લોકો નિર્દય, નિર્મમ અને દયા વિનાના હતા. આથી ભગવાને જુદાં જુદાં કષ્ટોને સમભાવે સહન કર્યાં. યોગ્ય સ્થળ ન

મળતા ખંડેરોમાં, વૃક્ષો નીચે અથવા ફક્ત હરતા-ફરતા તેમણે વર્ષાકાળ પૂરો કર્યો. આ રીતે ૬ મહિના સુધી અનાર્ય પ્રદેશમાં વિચરણ કરી ભગવાન ફરીથી આર્યદેશ તરફ પધાર્યા.

## સાધનાનું દસમું વરસ

અનાર્ય પ્રદેશથી ભગવાન સિદ્ધાર્થપુર અને ત્યાંથી કૂર્મ ગામ તરફ પધારી રહ્યા હતા, સાથે ગોશાલક પણ હતો. તેણે રસ્તામાં સાત ફૂલવાળો તલનો એક છોડ જોયો, તો ભગવાનને પૂછ્યું : "ભગવન્ ! શું આ છોડ ફળ પેદા કરશે ?" ભગવાને જવાબ આપ્યો : "હા, છોડ ફળશે અને સાતેય ફૂલોના જીવ એની એક જ ફળીમાં પેદા થશે." ભગવાનના વચનને ખોટો સાબિત કરવા માટે ગોશાલકે એક ક્ષણ રોકાઈને તે છોડ ઊખાડીને દૂર ફેંકી દીધો. સંજોગોવશ તે જ વખતે થોડો વરસાદ પડ્યો અને તલનો છોડ જે ઊખડી ગયો હતો, તે ફરીથી જામીને ઊભો થઈ ગયો. ત્યાંથી ભગવાન કૂર્મ ગામ પહોંચ્યા. ત્યાં વૈશ્યાયન નામનો એક તપસ્વી ગામની બહાર જ સૂર્યમંડળ તરફ નજર કરીને બંને હાથ ઉપર ઉઠાવીને તાપ લઈ રહ્યો હતો. ગરમીના લીધે તેની મોટી-મોટી જટાઓમાંથી નીકળીને જૂઓ નીચે પડી રહી અને તપસ્વી તેમને ઉઠાવીને ફરીથી પોતાની જટાઓમાં મૂકી રહ્યો હતો. ગોશાલકે જોયું તો તપસ્વી પાસે જઈને બોલ્યો : "તમે તાપસ છો કે જૂનિકેતન ?" તપસ્વી ચૂપ રહ્યો. ગોશાલકે વારંવાર આ વાત પૂછવાથી તપસ્વીને ગુસ્સો આવી ગયો અને તેમણે તેની પર તેજોલેશ્યા છોડી. ગોશાલક ભયભીત થઈને ભાગ્યો અને પ્રભુના પગમાં પડી ગયો. પ્રભુએ દયા કરીને શીતળ લેશ્યાથી તેજોલેશ્યાને શાંત કરી અને ગોશાલકની રક્ષા કરી.

થોડા વખત પછી ભગવાને ફરી સિદ્ધાર્થપુર તરફ પ્રયાણ કર્યું. તલના ખેતર પાસે પહોંચતા જ ગોશાલકને જૂની વાત યાદ આવી. તેણે ભગવાનને પૂછ્યું : "ભગવન્ ! આપની ભવિષ્યવાણીનું શું થયું ?" ભગવાને કહ્યું : "પેલો અલગ છોડ જે જોઈ રહ્યો છે, તે જ પહેલાવાળો છોડ છે, જેને તેં ઉખાડીને ફેંકી દીધો હતો." ગોશાલક ભગવાનની વાત પર વિશ્વાસ કરવા માટે તૈયાર નહોતો. તે તલના છોડ પાસે ગયો અને ફળીને તોડીને જોયું તો સાત જ તલ નીકળ્યા. આ ઘટનાથી તે નિયતિવાદનો સમર્થક બની ગયો. ત્યાંથી ગોશાલકે ભગવાનનો સાથ છોડી દીધો અને પોતાનો મત ચલાવવાની વાત વિચારવા લાગ્યો.

સિદ્ધાર્થપુરથી ભગવાન વૈશાલી પધાર્યા. ત્યાં નગરની બહાર એક સ્થળે ધ્યાનસ્થ ઊભા થઈ ગયા. આવતાં-જતાં બાળકો તેમને પિશાચ સમજીને તકલીફો આપવા લાગ્યા. સંજોગથી રાજા સિદ્ધાર્થના ઘનિષ્ઠ મિત્ર શંખ-ભૂપતિ તે રસ્તે નીકળ્યા. તેમણે બાળકોને સમજાવીને હટાવ્યાં અને પોતે પ્રભુની વંદના કરી. ત્યાંથી પ્રભુ વાણિયગામ પધાર્યા. રસ્તામાં ગંડકીનદી પાર કરવા માટે પ્રભુને હોડીમાં બેસવું પડ્યું. નાવિકે ભાડું માંગ્યું, તો ભગવાન મૌન રહ્યા. નાવિકે નારાજ થઈને તેમને ગરમ રેતી પર ઊભા કરી દીધા. સંજોગોવશાત્ શંખરાજાનો ભગિનીપુત્ર ચિત્ર ત્યાં આવી ચઢ્યો. તેણે નાવિકને સમજાવીને ભગવાનને મુક્ત કરાવ્યા. વાણિયગામમાં પાર્શ્વનાથની પરંપરાના આનંદ નામના શ્રમણો-પાસકને કાળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. તે બેલે-બેલે(છટ્ઠ-છટ્ઠ)ની તપસ્યા સાથે આતાપના કરતો હતો. તેણે ભગવાનને જોઈને તેમને વંદના કરી અને બોલ્યો : "આપનું શરીર અને મન વજ્રની જેમ દૃઢ છે. આપ કઠોરથી કઠોર કષ્ટ પણ સમભાવે સહન કરી લો છો. જલદી જ આપને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાની છે." વાણિયગામથી નીકળીને ભગવાન સાવત્થી પધાર્યા અને વિવિધ જાતની તપસ્યા અને યોગ-સાધનાથી આત્માને ભાવનામય કરીને તેમણે ત્યાં દસમો ચાતુર્માસ પૂરો કર્યો.

## સાધનાનું અગિયારમું વરસ

સાવત્થીથી ભગવાને સાનુલટ્ઠિય તરફ વિહાર કર્યો. ત્યાં ભદ્ર, મહાભદ્ર અને સર્વતોભદ્ર પ્રતિમાઓ વડે ધ્યાનસાધના અને નિરંતર સોળ દિવસના ઉપવાસ કર્યા. ભદ્ર પ્રતિમાની સાધના માટે પહેલા બે દિવસ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરના ક્રમથી ચાર-ચાર પહોર ધ્યાન કરવામાં આવે છે. બે દિવસની તપસ્યાના પારણા કર્યા વગર મહાભદ્ર પ્રતિમા અંગીકાર કરી. તેમાં તે જ ક્રમ મુજબ દરરોજ એક-એક દિશામાં દિવસ-રાત ધ્યાન કર્યું. ત્યાર બાદ પારણા કર્યા વગર સર્વતોભદ્ર પ્રતિમાની આરાધના શરૂ કરી. આમાં દસ દિશાઓના ક્રમથી એક-એક દિશાના દિવસ-રાત ધ્યાન કર્યાં. આ રીતે સોળ દિવસના ઉપવાસથી ત્રણે પ્રતિમાઓની ધ્યાન-સાધના પૂરી કરી. ત્રણે પ્રતિમાઓ પૂરી થવાથી ભગવાન આનંદ ગાથાપતિને ત્યાં પહોંચ્યા. તે વખતે તેની દાસી બહુલા રસોઈઘરનાં વાસણોને ખાલી કરીને રાતનું વધેલું ખાવાનું બહાર નાંખવા

માટે આવી હતી. તેણે સ્વામીને જોઈને પૂછ્યું : "શું જોઈએ મહારાજ ?" મહાવીરે હાથ ફેલાવ્યો. દાસીએ શ્રદ્ધાથી વધેલું ખાવાનું ભગવાનને આપી દીધું. ભગવાને નિર્દોષ જાણીને તે જ ખોરાકથી ખૂબ જ સહજભાવથી પારણા કર્યા. દેવોએ પંચદિવ્યનો વરસાદ કર્યો અને દાનના મહિમાથી દાસીને દાસીત્વથી મુક્ત કરી દીધી.

ત્યાંથી પ્રભુએ દૃઢભૂમિ તરફ પ્રયાણ કર્યું. નગરની બહાર પોલાસ નામના ચૈત્યમાં પોઢાલ નામનો બાગ હતો. ત્યાં અષ્ટમતપ કરીને ભગવાને શરીર થોડું નમાવ્યું અને એક પુદ્ગલ પર નજર કેન્દ્રિત કરીને ધ્યાનમગ્ન થઈ ગયા. દેવ-દેવીઓના વિશાળ સમૂહમાં બેઠેલા દેવરાજ ઇન્દ્રે કાળજ્ઞાનથી ભગવાનને ધ્યાનમગ્ન જોયા અને નમસ્કાર કરી બોલ્યા : "વર્ધમાન મહાવીરનું સાહસ અને ધૈર્ય એટલું આગવું છે કે માનવી તો શું, દેવ અને દાનવ પણ તેમને સાધનાથી વિચલિત નથી કરી શકતા." બધા જ દેવેન્દ્રની આ વાત સાંભળી ખુશ થયા, પરંતુ સંગમ નામના એક દેવ ભગવાનને સાધનાથી વિચલિત કરવાના ઉદ્દેશ્યથી ભગવાનની નજીક આવ્યા અને તેમણે ભગવાનની સાધનાભંગ કરવા માટે એકથી વધીને એક ઉત્પાતોની જાળ ફેલાવી.

પહેલા શરીરના રોમેરોમમાં વેદના પેદા કરી, પ્રલયકારી ધૂળનો વરસાદ કર્યો, કીડી, વીંછી અને સાપ વગેરેથી શરીરને કષ્ટ આપ્યાં; પણ જ્યારે ભગવાન પર કોઈ અસર ન થઈ તો તેમણે અનુકૂળ ઉત્પાત પેદા કર્યા. લાલચના મનમોહક દૃશ્ય હાજર કર્યા. કરુણામય દૃશ્યોથી મનને વિચલિત કરવાની કોશિશ કરી, પણ ભગવાન સુમેરુની જેમ ધ્યાનમાં સ્થિર અને અચળ રહ્યા. સંગમે એક રાતમાં જુદી-જુદી જાતના વીસ અસહનીય ઉત્પાત મચાવ્યા, ત્યાં સુધી કે ભગવાનનાં માતા-પિતા સિદ્ધાર્થ અને ત્રિશલાને કરુણ વિલાપ કરતાં બતાવ્યા, સુંદર અપ્સરાઓ દ્વારા મનને આકર્ષવાની કોશિશ કરી અને દેવના રૂપમાં હાજર થઈને સ્વર્ગ અને મોક્ષની લાલચ પણ આપી. છેવટે અસફળ થઈને સંગમ ભગવાનને વિચલિત કરવાના બીજા ઉપાય વિચારવા લાગ્યા.

ભગવાન ત્યાંથી પોતાનું ધ્યાન પૂરું કરીને બાલુકા તરફ પધાર્યા. બાલુકાથી તેઓ સુયોગ, સુચ્છેતા, મલભ અને હસ્તિશીર્ષ વગેરે સ્થળોએ પધાર્યા. સંગમ બધી જ જગ્યાએ પોતે કનડતો હોવાનો પરિચય આપતો રહ્યો. તોસલિ ગામ અને મોસલિગામમાં તે સાધુવેશ બનાવીને

ચોરી કરતો અને પકડાઈ જવાથી ભગવાનને પોતાના ગુરુ જણાવીને બધો દોષ તેમના પર નાંખી દેતો. તોસલિ ગામમાં મહાભૂતિલ ઐન્દ્રજાલિકે અને મોસલિ ગામમાં સુમાગધ નામના પ્રદેશ અધિકારીએ પ્રભુનો પરિચય આપીને લોકોથી તેમને છોડાવ્યા.

એકવાર ફરીથી તોસલિ આવવાથી તેણે કેટલાંક શસ્ત્ર અને અસ્ત્ર ચોરી કર્યાં અને તેને ધ્યાનમાં લીન ભગવાન પાસે છુપાવી દીધાં, અને ફરી ચોરી કરવા ગયો, જ્યાં પકડાઈ ગયો. પકડાઈ જવાથી તેણે પોતાના ગુરુ પર બધો દોષનો ટોપલો ઠાલવી દીધો. ભગવાન શસ્ત્ર-અસ્ત્ર સાથે પકડાઈ ગયા, તો તેમને રાજ્ય તરફથી ફાંસીની સજા ફરમાવવામાં આવી જ્યારે પ્રભુને ફાંસી આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો તો ગળાનો ફંદો તૂટી ગયો. છેવટે અધિકારીઓએ ભગવાનને મહાપુરુષ જાણીને છોડી દીધા. સિદ્ધાર્થપુરમાં પણ સંગમે આ જ રીતે ચોરીનો આરોપ લગાવીને તેમને પકડાવી દીધા, જ્યાં ઘોડાના વેપારીએ ભગવાનને છોડાવ્યા.

વજ્રગામ પધાર્યા ત્યારે ત્યાં મહોત્સવ હોવાથી બધાં ઘરોમાં ખીર બની હતી. ભગવાન જ્યાં પણ ભિક્ષા માટે પધાર્યા, સંગમે બધે જ અનેષણા કરી દીધી. સંગમનો ઉત્પાત સમજીને ભગવાન પાછા ફરી ગયા અને ગામની બહાર ધ્યાનમગ્ન થઈ ગયા. આ રીતે છ મહિના સુધી સંગમે લગાતાર ભગવાનને અસંખ્ય કષ્ટ આપ્યાં, પણ ભગવાન પોતાની સાધનાથી વિચલિત ન થયા. સંગમની ધીરજ ખૂટી ગઈ અને હતાશ થઈને તે ભગવાન પાસે આવ્યા અને બોલ્યા : "ભગવન્ ! દેવેન્દ્રએ આપની વિશે જે કાંઈ કહ્યું છે તે સત્ય જ છે. આપ આપની પ્રતિજ્ઞામાં દૃઢ છો. મારા અપરાધ માફ કરો. હવે આપ ભિક્ષા માટે જાઓ, કોઈ ઉત્પાત નહિ થાય." ભગવાને કહ્યું : "હું સ્વેચ્છાથી તપ કે ભિક્ષા ગ્રહણ કરું છું. મને કોઈના દિલાસાની જરૂર નથી." બીજા દિવસે છ મહિનાની તપસ્યા પૂરી કરી ભગવાન તે જ ગામમાં વસ્સપાલક નામની વૃદ્ધને ત્યાં ગયા અને પરન્નથી પારણા કર્યાં. દાનના મહિમાથી પંચદિવ્ય પ્રગટ થયા. આ ભગવાનની દીર્ઘકાળની ઉત્પાત સહિતની તપસ્યા હતી.

સંગમ દેવ વિશે 'આવશ્યકનિર્યુક્તિ, મલયવૃત્તિ અને આવશ્યકચૂર્ણિ'માં પણ વર્ણન આપેલ છે. છ મહિના સુધી નિરંતર ઘોર ઉત્પાત મચાવવા છતાં પણ જ્યારે સંગમે જોયું કે ભગવાન કોઈ પણ હાલતમાં ધ્યાનથી

વિચલિત થવાના નથી, તો વજગામમાં તેમણે તેમની માફી માંગી અને સૌધર્મ દેવલોક પાછા ફર્યા. ત્યાં દેવતાઓએ તેમનાથી મોં ફેરવી લીધું અને ઇન્દ્રે તેને દેવલોકમાંથી હાંકી કાઢ્યા. ત્યારે તે પોતાની દેવીઓ સાથે મંથર ગિરિના ટોચ પર રહેવા લાગ્યા. સંગમના આ ઉદાહરણથી સામાન્ય જનતાને એટલું સમજવામાં મદદ મળી શકશે કે જ્યારે એક દેવને પણ પોતાની વડે કરવામાં આવેલ અયોગ્ય કાર્યોનું ફળ ભોગવવું પડે છે, તો માનવીની તો શું વિસાત છે કે જે જાણી જોઈને લોકોનું અહિત કરતો રહે છે ?

વજગામથી આલંભિયા, શ્વેતાંબિકા, સાવત્થી, કૌશાંબી, વારાણસી, રાજગૃહ, મિથિલા વગેરે સ્થળોનું ભ્રમણ કરતા-કરતા ભગવાન વૈશાલી પધાર્યા. નગરની બહાર સમરોદ્યાનમાં બળદેવના મંદિરમાં ચાતુર્માસિક તપ અંગીકાર કરી ધ્યાનમગ્ન થયા અને વર્ષાકાળ ત્યાં જ પૂરું કર્યું.

## જીર્ણશેઠની ભાવના

વૈશાલીમાં જિનદત્ત નામનો એક શ્રદ્ધાળુ શ્રાવક રહેતો હતો. આર્થિક સ્થિતિ પાંગળી હોવાથી તેનું ઘર જૂનું થઈ ગયું હતું અને લોકો તેને જીર્ણશેઠ કહેવા લાગ્યા. તે સામુદ્રિક શાસ્ત્રનો જાણકાર પણ હતો. પ્રભુની પદરેખાઓનો અભ્યાસ કરવા માટે તે ઉદ્યાનમાં ગયો અને ભગવાનને ધ્યાનમગ્ન જોઈને ખુશ થયો. તે દરરોજ ભગવાન પાસે જતો અને ભગવાનને આહાર વગેરે માટે ભાવના કરતો. પણ ચાર મહિના નિરંતર પ્રયત્ન કરવા છતાં પણ તેની ભાવના પૂરી ન થઈ શકી. ચાતુર્માસ પૂરો થવાથી ભગવાન ભિક્ષા માટે નીકળ્યા અને અભિનવ શ્રેષ્ઠી જેનું મૂળ નામ પૂર્ણ હતું - ના દરવાજે ગયા. પ્રભુને જોઈને શેઠે દાસીને આદેશ આપ્યો કે - "ચમચી ભરીને કુલત્થ આપી દે." ભગવાને તેનાથી જ ચાર મહિનાના તપના પારણા કર્યા. પંચદિવ્ય વૃષ્ટિ સાથે દેવ ડંકો વાગ્યો. આ બાજુ જીર્ણશેઠ ભગવાનના આવવાની અને તેમને પારણા કરાવવાની રાહ જોઈને ઊભો હતો. તે ભાવનાની અત્યંત ઉચ્ચ સ્થિતિ પર પહોંચી ચૂક્યો હતો. તે જ વખતે દેવવાણીનો દિવ્ય ઘોષ તેના કાને પડ્યો. આ ઉજ્જ્વળ ભાવનાથી જીર્ણશેઠે બારમા સ્વર્ગનો બંધ કર્યો. કહેવાય છે કે જો બે ઘડી વધુ તે દેવવાણી ન સાંભળી શકત તો ભાવનાના જોરે તે કેવળજ્ઞાન મેળવી લેતો.

## સાધનાનું બારમું વરસ

વર્ષાકાળ પૂરો કરી ભગવાન ત્યાંથી સુંસુમારપુર પહોંચ્યા. ત્યાં ભૂતાનંદે આવીને પ્રભુને તેમના આનંદમંગળ (ખબર-અંતર) પૂછ્યા અને કહ્યું : "થોડા વખતમાં જ આપને કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ થશે." ભૂતાનંદની વાત સાંભળીને પ્રભુ મૌન રહ્યા.

સુંસમારપુરમાં ચમરેન્દ્રના ઉત્પાતની ઘટનાનું વિસ્તારપૂર્વક વર્ણન 'ભગવતીસૂત્ર'માં ઉપલબ્ધ છે. સૂત્ર મુજબ ભગવાને કહ્યું : "જે વખતે હું છદ્મસ્થચર્યાના અગિયાર વરસ વિતાવી ચૂક્યો હતો, તે વખતની વાત છે. હું છટ્ઠ-છટ્ઠ તપના નિરંતર પારણા કરતા-કરતા સુંસુમાર-પુરના વનખંડમાં આવ્યો અને અશોક વૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટ પર ધ્યાનમગ્ન થઈ ગયો. તે વખતે ચમરચંચામાં પૂરણ બાળ તપસ્વીનો જીવ ઈન્દ્રરૂપે પેદા થયો હતો. તેણે અવધિજ્ઞાનથી પોતાની ઉપર શક્રેન્દ્રને સિંહાસન પર દિવ્ય ભોગ ભોગવતા જોયો. તેના મનમાં ઈર્ષા પેદા થઈ. શક્રેન્દ્રની શોભાને નષ્ટ કરવાના વિચારથી તે મારી પાસે આવ્યો, અને બોલ્યો : "ભગવાન ! હુ આપનું શરણું લઈને દેવેન્દ્ર શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા માંગુ છું." ત્યાર બાદ વૈક્રિય રૂપ ધરીને તે સૌધર્મ દેવલોકમાં ગયો અને દેવરાજ શક્રેન્દ્રને એલફેલ બોલવા લાગ્યો. દેવરાજ ઈન્દ્રે ગુસ્સામાં સિંહાસન પર બેઠા-બેઠા જ પોતાનું વજ્ર ચમરેન્દ્ર પર ચલાવી દીધું, તેને જોઈને દાનવરાજ ચમરેન્દ્ર ડરીને ભાગ્યો અને મારા પગમાં પડી ગયો. ત્યાં વજ્ર ચલાવ્યા બાદ દેવરાજે વિચાર્યું કે - 'ચમર પોતાના જોરે તો મારું અપમાન કરવાનું સાહસ ન કરી શકે, તેને બીજા કોઈનો સાથ મળેલો હોવો જોઈએ.' અવધિજ્ઞાનથી જ્યારે તેમને જાણ થઈ કે ચમર મારા શરણે છે, તો ઝડપથી દોડીને તેમણે પોતાના વજ્રને ૪ આંગળ પહેલાં પકડી લીધું અને ચમરેન્દ્રને છોડી દીધો.

સુંસુમારપુરથી ભગવાન ભોજપુર, નંદિગ્રામ અને મેઢિયાગામ પહોંચ્યા. મેઢિયાગામથી ભગવાન કૌશાંબી પહોંચ્યા અને ત્યાં તેમણે પોષ કૃષ્ણ એકમ (પ્રતિપદા)ના દિવસે નીચે જણાવેલ અભિગ્રહ ગ્રહણ કર્યા :

(૧) દ્રવ્યથી અડદના બાકળા, (૨) સૂપડાના ખૂણામાં હોય, (૩) ક્ષેત્રથી દેહલીની વચ્ચે ઊભી હોય, (૪) કાળથી ભિક્ષાનો સમય વીતી ગયો હોય, (૫) ભાવથી રાજકુમારી દાસી બની હોય, (૬) હાથમાં હથકડી

હોય, (૭) પગમાં બેડી હોય, (૮) મુંડિત હોય, (૯) આંખોમાં આંસુ હોય, (૧૦) તેલે(અઠ્ઠમ)ની તપસ્યા કરેલી હોય. આ રીતની વ્યક્તિના હાથથી જો ભિક્ષા મળે તો જ સ્વીકાર કરીશ, નહિ તો નહિ.

ઉપરોક્ત પ્રતિજ્ઞા સાથે મહાવીર દરરોજ ભિક્ષા માટે જતા, લોકો ખૂબ જ આશા અને ઉત્કંઠા સાથે ભિક્ષા લઈને આવતા, પણ અભિગ્રહને લીધે મહાવીર કાંઈ પણ કીધા વગર - લીધા વગર પાછા ફરી જતા. આ રીતે ચાર મહિનાનો સમય વીતી ગયો, પણ અભિગ્રહ પૂરો ન થવાને લીધે ભિક્ષા લેવાનો સંજોગ ન બન્યો. આખા નગરમાં આની પર આશ્ચર્ય પ્રગટ કરવામાં આવવા લાગ્યો. એક દિવસ ભગવાન કૌશાંબીના અમાત્ય સુગુપ્તના ઘેર પધાર્યા. અમાત્યની પત્ની નંદા જે શ્રદ્ધાળુ ઉપાસિકા હતી, ખૂબ શ્રદ્ધાથી ભિક્ષા આપવા લાગી, પણ મહાવીર કાંઈ પણ લીધા વગર જ પાછા ફરી ગયા, તો નંદા ખૂબ જ દુઃખી થઈ.

ભગવાનને અભિગ્રહ ધારણ કર્યે પાંચ મહિના પચીસ દિવસ થઈ ગયા હતા. સંજોગોવશાત્ એક દિવસ પ્રભુ ભિક્ષા માટે ધન્ના શ્રેષ્ઠીના ત્યાં ગયા. ત્યાં રાજકુમારી ચંદના ત્રણ દિવસથી ભૂખી-તરસી, સૂપડામાં અડદના બાકળા લઈને પોતાના ધર્મપિતાના આવવાની રાહ જોઈ રહી હતી. શેઠાણી મૂલાએ તેના માથાને મુંડન કરીને હાથમાં હથકડી અને પગમાં બેડીઓ પહેરાવીને ભોંયરામાં બંધ કરી રાખી હતી. ભગવાનને આવેલા જોઈ તે ખુશ થઈ ગઈ. તેનું હૃદય-કમળ ખીલી ઊઠ્યું, પણ ભગવાન અભિગ્રહમાં કાંઈક કમી જોઈને પાછા ફરવા લાગ્યા, તો ચંદનાની આંખોમાંથી આંસુ વહેવાં લાગ્યાં. ભગવાનનો અભિગ્રહ પૂરો થયો. તેમણે રાજકુમારી ચંદનાના હાથે ભિક્ષા ગ્રહણ કરી. ચંદનાની હથકડીઓ-બેડીઓ બધું ઘરેણાંઓમાં બદલાઈ ગઈ. આકાશમાં દેવદુંદુભિ વાગી અને પંચદિવ્ય પ્રગટ થયાં. ચંદનાનું ચિંતાતુર ચિત્ત અને મલિન મુખ ચંદ્રની જેમ ચમકી ગયું. પાંચ મહિના પચીસ દિવસ બાદ ભગવાનના પારણા થયા.

કૌશાંબીથી વિહાર કરીને પ્રભુ સુમંગલ, સુછેત્તા, પાલક પ્રભૃતિ ગામોમાં થતાં થતાં ચંપા નગરી પધાર્યા અને ચાતુર્માસિક તપ કરીને તેમણે ત્યાં જ સ્વાતિદત્ત બ્રાહ્મણની યજ્ઞશાળામાં બારમો ચાતુર્માસ પૂરો કર્યો. ભગવાનની સાધનાથી પ્રભાવિત થઈને પૂર્ણભદ્ર અને મણિભદ્ર નામના બે યક્ષ રાત્રે પ્રભુની સેવામાં આવતા હતા. આ જોઈ સ્વાતિદત્તે

વિચાર્યું કે - 'આ કોઈ વિશિષ્ટ જ્ઞાની છે.' સ્વાતિદત્ત ભગવાનની પાસે આવ્યો અને તેણે પૂછ્યું : "ભગવન્ ! આત્મા શું છે ?" ભગવાને કહ્યું: 'હું' નો જે વાચ્યાર્થ છે, તે જ આત્મા છે, એટલે કે આત્મા શરીરનાં અંગ-ઉપાંગોથી અલગ છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરેથી રહિત છે, ઉપયોગ-ચેતના જ તેનું લક્ષણ છે. રૂપ વગરનું હોવાને લીધે, ઇન્દ્રિયો તેને ગ્રહણ નથી કરી શકતી." પછી સ્વાતિદત્તે પૂછ્યું : "શું જ્ઞાનનું નામ જ આત્મા છે ?" ભગવાને કહ્યું : "જ્ઞાન આત્માનો અસામાન્ય ગુણ છે અને આત્મા જ્ઞાનનો આધાર છે. ગુણી હોવાથી આત્માને જ્ઞાની કહે છે." સ્વાતિદત્ત બીજી પણ ઘણી શંકાઓનું સમાધાન મેળવી ખૂબ જ ખુશ થયો.

## સાધનાનું તેરમું વરસ

ચંપાથી વિહાર કરીને પ્રભુ જંભિયગ્રામ પધાર્યા. ત્યાં થોડો વખત રહ્યા બાદ પ્રભુ મેઢિયાગ્રામ થઈને છમ્માણિ ગામ ગયા. ગામની બહાર ધ્યાનમગ્ન થઈ ગયા. સાંજના વખતે એક ગોવાળ ત્યાં આવ્યો અને પોતાના બળદ પ્રભુ પાસે છોડીને કોઈક કામસર ગામમાં ચાલ્યો ગયો. પાછા ફરવાથી બળદ ન જોવાથી તેણે મહાવીરને પૂછ્યું, પણ તેઓ મૌન રહ્યાં. તેમના ચૂપ રહેવાથી ગુસ્સે થઈને ગોવાળે મહાવીરના બંને કાનમાં કાંસ નામની ઘાસની સળીઓ નાંખી દીધી અને પથ્થરથી ઠોકીને કાનની અંદર ઘુસાડી દીધી. તેનાથી થતી અત્યંત પીડાને ભગવાન પોતાનાં પૂર્વકર્મનું ફળ સમજીને ચુપચાપ સહન કરતા રહ્યા. છમ્માણિથી વિહાર કરી પ્રભુ મધ્યમપાવા પધાર્યા અને ભિક્ષા માટે સિદ્ધાર્થ નામના એક વૈશ્યના ત્યાં ગયા. તે સમયે સિદ્ધાર્થ પોતાના વૈદ્યમિત્ર ખરક સાથે વાતો કરી રહ્યો હતો. ખરકે ભગવાનનું મોઢું જોતાં જ જાણી લીધું કે - 'આમનાં શરીરમાં કોઈ કાંટો છે.' તેણે સિદ્ધાર્થને કહ્યું અને તેમણે ભગવાનને થોડીવાર રોકાવવાની પ્રાર્થના કરી, પણ ભગવાન ન રોકાયા. તેઓ ત્યાંથી રવાના થઈને ગામની બહાર આવ્યા અને ફરીથી બાગમાં ધ્યાનમગ્ન થઈ ગયા. થોડીવાર પછી સિદ્ધાર્થ અને ખરક ઔષધિઓ સાથે બાગમાં પહોંચ્યા. તેમણે ભગવાનના શરીરની તેલથી ખૂબ માલિશ કરી અને પછી સાણસીની મદદથી કાનમાંથી સળીઓ ખેંચીને કાઢી. લોહીથી ખદબદ સળીઓ નીકળતાં જ ભગવાનના મોઢામાંથી એક ચીસ નીકળી ગઈ, જેનાથી આખો બાગ ગુંજી ઊઠ્યો.

ત્યાર બાદ વૈદ્ય ખરકે સરોહણ ઔષધિ ઘા પર લગાવીને પ્રભુની વંદના કરી અને બંને મિત્ર પાછા ફર્યા.

કહેવાય છે કે તપસ્યાકાળમાં પ્રભુએ ઘણી જાતનાં કષ્ટો અને ઉત્પાતો સહન કર્યા, પણ કાનમાંથી કાંટા કાઢવાવાળો ઉત્પાત સૌથી વધુ કષ્ટદાયક હતો. આ બધા ઉત્પાતોને સમભાવથી સહન કરી ભગવાને વિપુલ કર્મ-નિર્જરા કરી. આશ્ચર્યની વાત છે કે ભગવાનને પહેલો ઉપસર્ગ એક ગોવાળે આપ્યો હતો અને છેલ્લે ઉપસર્ગ પણ એક ગોવાળે જ આપ્યો હતો.

છદ્મસ્થકાળના સાધનાના સાઢા બાર વર્ષમાં ભગવાન મહાવીરે ફક્ત ૩૪૯ દિવસ જ ખોરાક ગ્રહણ કર્યો, બાકી બધા દિવસ નિર્જળાં તપસ્યામાં ગુજાર્યા.

## કેવળજ્ઞાન અને પ્રથમ દેશના

તેરમા વર્ષના મધ્યમાં વૈશાખ શુક્લ દશમના દિવસે પાછલા પહોરમાં જૃંભિકા ગામની બહાર, ઋજુબાલુકા નદીના કિનારે, જીર્ણબાગમાં શાલવૃક્ષની નીચે પ્રભુ આતાપના લઈ રહ્યા હતા. તે વખતે છટ્ઠભક્તની નિર્જળા તપસ્યાથી તેમણે ક્ષપકશ્રેણીનું આરોહણ કરી, શુક્લધ્યાનના બીજા ચરણમાં મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય નામના ચાર ઘાતીકર્મોનો ક્ષય કર્યો અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના યોગમાં કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ કરી. ભગવાન ભાવ અર્હન્ત કહેવાયા. તથા સર્વજ્ઞ અને સર્વદર્શી બની ગયા.

ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં જ દેવગણ પંચદિવ્યોની વૃષ્ટિ કરતા-કરતા જ્ઞાનનો મહિમા કરવા આવ્યા. દેવતાઓએ સુંદર અને વિરાટ સમવસરણની રચના કરી. એ જાણતા હોવા છતાં કે ત્યાં સંયમવ્રત ગ્રહણ કરવાવાળું કોઈ નથી, ભગવાને કલ્પ સમજીને થોડા વખત સુધી ઉપદેશ આપ્યો. મનુષ્યોની હાજરી ન હોવાને લીધે મહાવીરની પ્રથમ દેશના પ્રભાવહીન રહી. કોઈએ વિરતિ રૂપ ચારિત્ર ધર્મ સ્વીકાર ન કર્યો. પરંપરા મુજબ તીર્થંકરનો ઉપદેશ વ્યર્થ નથી જતો, આ દૃષ્ટિથી અભૂતપૂર્વ હોવાને લીધે આ આશ્ચર્ય માનવામાં આવે છે.

આચાર્ય ગુણચંદ્રે 'મહાવીરચરિયમ્'માં ભગવાન મહાવીરના પ્રથમ સમવસરણમાં મનુષ્યોની હાજરી સ્વીકારતા પરિષદને અભાવિતા કહ્યું

છે. ત્યાં જ શીલાંક જેવા ઉચ્ચકોટિના વિદ્વાન અને પ્રાચીન આચાર્યે પોતાના ચોપ્પનમહાપુરિસચરિયમ્‌માં અભાવિતા પરિષદનો ઉલ્લેખ સુધ્ધાં નથી કર્યો અને લખ્યું છે કે - 'ઋજુબાલુકા નદીના કાંઠે થયેલ ભગવાન મહાવીરની પ્રથમ દેશનામાં જ ઇન્દ્રભૂતિ વગેરે અગિયાર મહાવિદ્વાન પોતપોતાના શિષ્યો સાથે હાજર હતા. ભગવાને તેમની મનની શંકાઓનું નિવારણ કર્યું અને પ્રભુચરણોમાં દીક્ષિત થઈને તેમણે ગણધરપદ પ્રાપ્ત કર્યું.'

## મધ્યમાપાવામાં સમવસરણ

જૃંભિકા ગામથી ભગવાન મધ્યમાપાવા પધાર્યા. ત્યાં આર્ય સોમિલ એક વિશાળ યજ્ઞનું આયોજન કરી રહ્યા હતા, જેમાં ઉચ્ચ કોટિના ઘણા વિદ્વાન આમંત્રિત હતા. ત્યાં ભગવાનના પધારવાથી દેવોએ અશોક વૃક્ષ વગેરે મહાપ્રાતિહાર્યોથી પ્રભુનો મહાન મહિમા કર્યો અને એક વિરાટ સમવસરણની રચના કરી. ત્યાં દેવ-દાનવ અને માનવોની વિશાળ સભામાં ભગવાન ઉચ્ચ સિંહાસન પર બિરાજમાન થયા અને મેઘ ગંભીર વાણીમાં તેમણે અર્ધમાગધી ભાષામાં પોતાની દેશના શરૂ કરી. સમવસરણમાં આકાશમાર્ગથી દેવ-દેવી આવવાં લાગ્યાં. યજ્ઞ-સ્થળના પંડિતોએ વિચાર્યું - 'તેઓ દેવયજ્ઞ માટે આવી રહ્યા છે,' પણ જ્યારે તેઓ આગળ વધ્યા, તો તેમને આશ્ચર્ય થયું. પંડિત ઇન્દ્રભૂતિને જ્યારે ખબર પડી કે - 'દેવગણ મહાવીરના સમવસરણમાં જઈ રહ્યા છે' તો તેઓ પણ ભગવાન મહાવીરના જ્ઞાનની કસોટી અને તેમને શાસ્ત્રાર્થમાં હરાવવાના હેતુથી ત્યાં પોતાના પાંચસો છાત્રો અને બીજા વિદ્વાનો સાથે પહોંચ્યા. સમવસરણમાં મહાવીરના તેજસ્વી મુખમંડળ અને મહાપ્રતિહાર્યોને જોઈને ઇન્દ્રભૂતિ ખૂબ જ પ્રભાવિત થયા. મહાવીરે જ્યારે તેમને 'ઇન્દ્રભૂતિ ગૌતમ' કહીને સંબોધિત કર્યા તો તેઓ ચકિત થઈ ગયા. પણ મનોમન વિચારવા લાગ્યા કે - 'હું આમને સર્વજ્ઞ ત્યારે જ સમજીશ જ્યારે તે મારા મનની શંકાનું નિવારણ કરી દે.'

ગૌતમના મનના ભાવોને સમજીને મહાવીરે કહ્યું : "ગૌતમ ! તમે લાંબા સમયથી આત્માના વિષયમાં શંકાશીલ છો." ઇન્દ્રભૂતિએ આશ્ચર્ય-ચકિત થતાં-થતાં સ્વીકાર કર્યો અને કહ્યું કે - "શ્રુતિઓમાં કહેવામાં આવ્યું છે કે વિજ્ઞાન - ઘન આત્મા ભૂત - વર્ગથી જ પેદા થાય છે અને

ફરીથી તેમાં જ ભળી જાય છે, આથી પરલોકની સંજ્ઞા નથી તો પછી પૃથ્વી વગેરે ભૂતોથી અલગ પુરુષનું અસ્તિત્વ કેવી રીતે સંભવ થઈ શકે છે ?"

ભગવાને કહ્યું : "ઇન્દ્રભૂતિ ! તમારી બધી શંકા અર્થભેદના કારણે છે. ખરેખર વિજ્ઞાનઘનનો અર્થ ભૂતવર્ગથી પેદા થયેલ ચેતનાપિંડ નથી, પરંતુ વિવિધ જ્ઞાનપર્યાયોથી છે. આત્મામાં હંમેશાં નવી-નવી જ્ઞાનપર્યાયની ઉત્પત્તિ થઈ રહે છે અને પહેલાની જ્ઞાનપર્યાય તેમાં ભળતી રહે છે. તે જ રીતે 'ભૂત' શબ્દનો અર્થ પૃથ્વી વગેરે પંચભૂતથી ન હોઈને જડ-ચેતનરૂપી સમસ્ત જ્ઞેયપદાર્થથી છે. જ્યારે પુરુષમાં ઉત્તર-કાળનો જ્ઞાનપર્યાય પેદા થાય છે, ત્યારે પૂર્વકાળનો જ્ઞાનપર્યાય સત્તાહીન થઈ જાય છે." ભગવાન મહાવીરના તર્કયુક્ત સમાધાનથી ઇન્દ્રભૂતિની શંકા દૂર થઈ ગઈ. તેમણે પોતાના શિષ્યો સહિત પ્રભુનું શિષ્યત્વ સ્વીકાર્યું. આ જ ઇન્દ્રભૂતિ આગળ જઈને ભગવાન મહાવીરના શાસનમાં ગૌતમ સ્વામીના નામથી પ્રસિદ્ધ થયા.

## દિગંબર પરંપરાની માન્યતા

દિગંબર પરંપરા મુજબ ભગવાન મહાવીરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાથી દેવોએ પંચદિવ્યોની વૃષ્ટિ કરી ને ઇન્દ્રની આજ્ઞાથી કુબેરે વૈશાખ શુક્લ દશમીના દિવસે સમવસરણની રચના કરી. ભગવાન મહાવીરે પૂર્વદ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો અને સિંહાસન પર બિરાજમાન થયા. ભગવાનનો ઉપદેશ સાંભળવા માટે દેવેન્દ્ર બીજા દેવો સાથે પોત-પોતાની જગ્યાએ બેસી ગયા, પણ પ્રભુ મૌન જ રહ્યા. કેટલાય દિવસો રાહ જોયા બાદ ઇન્દ્ર ચિંતિત થયા કે - 'શું કારણ છે ?' અવધિજ્ઞાનથી તેમણે જાણ્યું કે - 'પરિષદમાં ગણધરની કમી છે.' ઇન્દ્ર યોગ્ય વ્યક્તિની શોધમાં લાગ્યા, તો તેમને પ્રકાંડ પંડિત ઇન્દ્રભૂતિનું ધ્યાન આવ્યું. વેશ બદલીને દેવરાજ ઇન્દ્રભૂતિ પાસે પહોંચ્યા અને બોલ્યા : "મારા ગુરુ આજકાલ મૌન ધારણ કરેલ છે. હું ઇચ્છુ છું કે આપ મને એક ગાથાનો અર્થ સમજાવો." ઇન્દ્રભૂતિએ કહ્યું કે - "હું ગાથાનો અર્થ ત્યારે જ સમજાવી શકું છું, જ્યારે આપ વચન આપો કે ગાથાનો અર્થ સમજી જવાથી આપ મારા શિષ્ય બની જશો." ગુપ્તવેશધારી ઇન્દ્રે ઇન્દ્રભૂતિની વાત સહર્ષ સ્વીકારી લીધી અને ગાથા તેમની સામે રાખી.

ઇન્દ્રભૂતિ ગાથાને સાંભળતાં જ ચક્કરમાં પડી ગયા. ગાથામાં ઉલ્લેખિત 'છજ્જીવણિકાયા'થી તો એકદમ ચકરાઈ ગયા. જીવના અસ્તિત્વના વિષયમાં શંકા તેમના મનમાં ઘર કરેલ હતી. થોડીવાર પછી તેમણે કહ્યું : "તમે મને તમારા ગુરુ પાસે લઈ જાવ. હું આ ગાથાનો અર્થ તેમની સામે જ સમજાવીશ." પોતાનું મનવાંછિત કામ પાર પડતું જોઈ ઇન્દ્ર ખૂબ ખુશ થયા અને ઇન્દ્રભૂતિને પોતાની સાથે લઈને ભગવાનના સમવસરણમાં પહોંચ્યા.

ઇન્દ્રભૂતિને જોતાં જ ભગવાન મહાવીરે તેમને નામ-ગોત્રથી સંબોધિત કરતા કહ્યું : "આવો ગૌતમ ઇન્દ્રભૂતિ ! તમારા મનમાં જીવના અસ્તિત્વ વિશે શંકા છે. જેને તમે ક્યારેય કોઈની સામે જાહેર નથી કરી તમારા અંતરમાં જે આ રીતનો વિચાર ચાલી રહ્યો છે, તે જ જીવ છે. તે જીવનો ન ક્યારેય અભાવ થયો છે, ન થશે; એટલે કે તે જીવ જ શાશ્વત છે." ભગવાનના મોઢેથી પોતાની શંકાનું સમાધાન સાંભળીને ઇન્દ્રભૂતિએ શ્રદ્ધા અને ભક્તિના અતિરેકથી પ્રભુ-ચરણોમાં નતમસ્તક નમાવી દીધું. તેઓ પ્રભુના પહેલા શિષ્યરૂપે દીક્ષિત થયા. આ રીતે ગૌતમને નિમિત્ત જોઈને કેવળજ્ઞાન થયાના ૬૬ દિવસ બાદ શ્રાવણ કૃષ્ણ એકમ (પ્રતિપદા)ના દિવસે ભગવાન મહાવીરે પોતાનો પ્રથમ ઉપદેશ આપ્યો હતો.

## તીર્થ સ્થાપના

ઇન્દ્રભૂતિ પછી બીજા દસ પંડિતોએ પણ ભગવાન મહાવીરની પાસે દીક્ષા ગ્રહણ કરી. ભગવાન મહાવીરે તેમને *'ઉપ્પનેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા'*ની ત્રિપદીનું જ્ઞાન આપ્યું. આ જ ત્રિપદીના આધારે ઇન્દ્રભૂતિ વગેરે વિદ્વાનોએ દ્વાદશાંગ અને દૃષ્ટિવાદના અંતર્ગત ચૌદપૂર્વની રચના કરી અને ગણધર કહેવાયા. આ વિદ્વાનોના કુલ મળીને ચાર હજાર ચારસો શિષ્ય પણ તે જ દિવસે દીક્ષિત થયા. ભગવાનના ધર્મસંઘમાં રાજકુમારી ચંદનબાલા પ્રથમ સાધ્વી બની. શંખ-શતક વગેરેએ શ્રાવકધર્મ અને સુલસા વગેરેએ શ્રાવિકાધર્મ સ્વીકાર કર્યો. આ રીતે ભગવાન મહાવીરે શ્રુત અને ચારિત્રધર્મનું જ્ઞાન આપીને સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ તીર્થની સ્થાપના કરી અને પોતે ભાવ-તીર્થંકર કહેવાયા. તીર્થ-સ્થાપના બાદ ભગવાન 'મધ્યમાપાવા'થી ફરી રાજગૃહી પધાર્યા અને તે વરસનું ચાતુર્માસ ત્યાં જ પૂરું કર્યું.

## કેવળીચર્યાનું પહેલું વરસ

રાજગૃહમાં તે વખતે પાર્શ્વ પરંપરાના ઘણાં બધાં શ્રાવક અને શ્રાવિકાઓ રહેતાં હતાં. ભગવાન ત્યાં ગુણશીલ ચૈત્યમાં બિરાજ્યા. રાજા શ્રેણિકને ભગવાનના આગમનની જાણ થઈ, આથી તેઓ પોતાનાં કુટુંબીજનો સાથે તેમની સેવામાં પહોંચ્યા. પ્રભુએ સભામાં ધર્મ-દેશના આપી, દેશનાથી પ્રભાવિત થઈને શ્રેણિકે સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો અને અભયકુમાર વગેરેએ શ્રાવકધર્મ ગ્રહણ કર્યો. રાજકુમાર મેઘકુમારે અને નંદિષેણે ભગવાન પાસેથી દીક્ષા ગ્રહણ કરી.

જ્યારે નંદિષેણ દીક્ષા માટે તૈયાર થયા તો આકાશમાંથી એક દેવ બોલ્યા : "હમણાં તમારા ચારિત્રાવરણનું જોર છે, આથી થોડા દિવસ હજુ ઘરમાં રહી લો." પણ કુમારે આની પર ધ્યાન ન આપ્યું ને પ્રભુ-શરણમાં આવીને દીક્ષા ગ્રહણ કરી લીધી. સ્થવિરો પાસે જ્ઞાન મેળવ્યું અને વિવિધ જાતનાં તપ કરવા લાગ્યાં. એકવાર ફરી તે જ દેવ બોલ્યા : "નંદિષેણ, તમારાં ભોગકર્મ હજુ બાકી છે, તેને પૂરાં કર્યા વગર તમારું રક્ષણ નહિ થઈ શકે." આ વખતે પણ નંદિષેણે કોઈ ધ્યાન ન આપ્યું. એક વાર બેલે(છટ્ઠ)ની તપસ્યાના પારણાના દિવસે નંદિષેણ એકલા જ ભિક્ષા માટે નીકળ્યા અને સંજોગોવશાત્ એક વેશ્યાના ઘેર પહોંચી ગયા. જ્યારે વેશ્યા સાથે ધર્મલાભની વાત કરી, તો વેશ્યાએ કહ્યું : "અહીં તો ફક્ત અર્થલાભની વાત જ થાય છે" અને હસી પડી-નંદિષણને તે સ્ત્રીનું હસવું સારું ન લાગ્યું અને એક તૃણ ખેંચીને રત્નોનો ઢગલો ખડકી દીધો અને કહ્યું : "આ લો અર્થલાભ" અને ચાલ્યા ગયા.

રત્નોનો ઢગલો જોઈને વેશ્યા ચકિત થઈ ગઈ, અને નંદિષેણની પાછળ દોડી : "પ્રાણનાથ, મને છોડીને ક્યાં જાવ છો ? તમારા જવાથી હું મારો જીવ આપી દઈશ."

વેશ્યાના પ્રેમભર્યા આગ્રહ અને ભોગ્યકર્મના ઉદયથી નંદિષેણે ત્યાં રોકાવાનું સ્વીકારી લીધું અને બોલ્યા : "પણ હું દરરોજ દસ વ્યક્તિઓને બોધ આપીને જ ભોજન કરીશ. જે દિવસે આમાં કમી રહી જશે તે જ દિવસે હું ફરીથી ગુરુચરણોમાં જતો રહીશ." વેશ્યાએ તેમની વાત માની લીધી અને નંદિષેણ ત્યાં જ રહેવા લાગ્યા. પોતાની પ્રતિજ્ઞાનું પાલન

કરતા-કરતા દરરોજ ભોજન કરતા પહેલાં દસ વ્યક્તિઓને બોધ આપીને ભગવાનની પાસે દીક્ષિત થવા માટે મોકલતા.

એક દિવસ એવો આવ્યો જ્યારે તેઓ ફક્ત નવ વ્યક્તિઓને જ ધર્મમાર્ગ પર પ્રેરિત કરી શક્યા અને વેશ્યા વારંવાર તેમને ભોજન માટે આમંત્રિત કરી રહી હતી. છેવટે જ્યારે તે પોતે બોલાવવા આવી, તો નંદિષેણે કહ્યું : "ઠીક છે, આજનો દસમો હું જ છું." અને એમ કહીને તેઓ વેશ્યાના ઘેરથી નીકળ્યા ને ભગવાનનાં ચરણોમાં દૃઢ સાધનામાં લીન થઈ ગયા. ભગવાનનો તેરમો વર્ષાકાળ રાજગૃહીમાં પૂરો થયો."

## કેવળીચર્યાનું બીજું વરસ

રાજગૃહીમાં વર્ષાવાસ પૂરો કરી પ્રભુએ વિદેહ તરફ પ્રયાણ કર્યું. તેઓ બ્રાહ્મણકુંડ પહોંચીને બહુશાલ ચૈત્યમાં બિરાજ્યા. પંડિત ઋષભદત્ત પોતાની પત્ની દેવાનંદા સાથે વંદના માટે પહોંચ્યા. ભગવાનને જોતાં જ દેવાનંદાનું હૃદય સ્નેહથી ભરાઈ ગયું. તે આનંદમગ્ન અને પ્રફુલ્લિત થઈ ગઈ, આંખોમાંથી આંસુની ધારા વહી નીકળી અને સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું. ગૌતમ આ જોઈને ચકિત થઈ ગયા અને ભગવાનને પૂછ્યું : "ભગવન્ ! આ કોણ છે ?" ભગવાને કહ્યું : "ગૌતમ આ મારી માતા છે, પુત્રપ્રેમને લીધે તેમને રોમાંચ થઈ ઊઠ્યો છે." ત્યાર બાદ સમવસરણમાં પ્રભુવાણી-શ્રવણ કરીને ઋષભદત્ત અને દેવાનંદા પ્રભુ પાસે દીક્ષિત થઈ ગયાં ને અગિયાર અંગોનો અભ્યાસ કરી જુદી-જુદી રીતનાં તપ અને વ્રતથી વરસો સુધી સંયમ-સાધના કરી મોક્ષને પામ્યાં. બ્રાહ્મણકુંડથી જ જોડાયેલું ક્ષત્રિયકુંડ હતું. ત્યાંના રાજકુમાર જમાલિએ પાંચસો બીજા ક્ષત્રિય કુમારો સાથે ભગવાનથી દીક્ષા ગ્રહણ કરી. તેમની પત્ની પ્રિયદર્શના; જે ભગવાનની પુત્રી હતી, એ પણ એક હજાર સ્ત્રીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી. ભગવાને આ વર્ષાકાળ વૈશાલીમાં પૂરો કર્યો.

## કેવળીચર્યાનું ત્રીજું વરસ

વૈશાલીથી વિહાર કરી ભગવાન વત્સદેશની રાજધાની કૌશાંબી પધાર્યા અને ચંદ્રાવતરણ ચૈત્યમાં બિરાજમાન થયા. કૌશાંબીના રાજા સહસ્રાનીકનો પૌત્ર ત્યાં રાજ કરતો હતો, તેનું નામ ઉદાયન હતું. તે શતાનીકનો પુત્ર હતો. તેની માનું નામ મૃગાવતી હતું, તે વૈશાલીના રાજા

ચેટકની પુત્રી હતી. ત્યાં સહસ્રાનીકની પુત્રી એટલે કે શતાનીકની બહેન અને ઉદાયનની ફોઈ, જયંતી નામની શ્રમણોપાસિકા રહેતી હતી. ભગવાનના આવવાના સમાચાર સાંભળીને રાજા ઉદાયન પોતાની મા મૃગાવતી તથા ફોઈ જયંતી સાથે ભગવાનની સેવામાં પહોંચ્યો. જયંતીએ પ્રભુની દેશના સાંભળી અને ભગવાન સાથે પ્રશ્નોત્તર કર્યા.

જયંતીનો પહેલો પ્રશ્ન હતો : "જીવ ભારી અને હલકો કેવી રીતે થાય છે ?" જવાબમાં ભગવાને કહ્યું : "જે જીવ ૧૮ પાપોમાં રચ્યો-પચ્યો રહે છે તે ભારી થઈને અનંતકાળ સુધી સંસારમાં ફરતો રહે છે. આ પાપોથી વિરતિ કે નિવૃત્તિથી જીવ હલકો થાય છે અને સંસાર-સાગરને પાર કરે છે." જયંતીનો બીજો પ્રશ્ન હતો : "મોક્ષની યોગ્યતા જીવમાં સ્વભાવથી હોય છે કે પરિણામથી ?" ભગવાને કહ્યું : "મોક્ષની યોગ્યતા સ્વભાવથી થાય છે, પરિણામથી નહિ." જયંતીનો આગલો પ્રશ્ન હતો : "શું બધા ભવ-સિદ્ધિક મોક્ષ પામવાવાળા છે ?" ભગવાને કહ્યું : "હા, બધા ભવ-સિદ્ધિક મોક્ષ પામશે." ચોથો પ્રશ્ન હતો : "જો બધા ભવ-સિદ્ધિક મોક્ષ પામશે તો શું સંસાર ભવ્યજીવોથી ખાલી થઈ જશે ?" ભગવાનનો જવાબ હતો : "ના, જીવ અનંત છે, ભવ-સિદ્ધિક જીવ નિરંતર મુક્ત થતા રહેશે તો પણ સંસાર ભવ્યજીવોથી ક્યારેય ખાલી નહિ થાય."

જયંતીના બીજા પણ ઘણા પ્રશ્નોના જવાબ આપતા ભગવાને કહ્યું : "જે લોકો અધર્મના પ્રેમી, અધર્મના પ્રચારક અને અધર્મ-આચરણ-વાળા હોય, તેઓ સૂતા જ સારા, તેમના સૂતા રહેવાથી સંસારમાં અધર્મની વૃદ્ધિ નહિ થાય." તે જ રીતે ભગવાને એ પણ કહ્યું કે - "શક્તિ, સંપત્તિ અને સાધનોનું સારાપણું કે ખરાબપણું તેમના સદુપયોગ કે દુરુપયોગ પર નિર્ભર છે." ભગવાનના યુક્તિપૂર્વકના જવાબોથી સંતુષ્ટ થઈને ઉપાસિકા જયંતીએ સંયમ ગ્રહણ કર્યો અને આત્મકલ્યાણ તથા પરકલ્યાણનો માર્ગ અપનાવ્યો.

કૌશાંબીથી ભગવાન શ્રાવસ્તી પધાર્યા. ત્યાં સુમનોભદ્ર અને સુપ્રતિષ્ઠે દીક્ષા ગ્રહણ કરી. સમય જતાં ઉત્કૃષ્ટ સંયમનું પાલન કરતા-કરતા તેમણે મુક્તિ મેળવી. ત્યાંથી ભગવાન વાણિજ્ય ગામ પધાર્યા, જ્યાં તેમણે આનંદ ગાથાપતિને બોધ આપીને શ્રાવકધર્મમાં દીક્ષિત કર્યા અને પોતાનો વર્ષાવાસ ત્યાં જ પૂરો કર્યો.

## કેવળીચર્યાનું ચોથું વરસ

વર્ષાકાળ પૂરો થવાથી ભગવાને વાણિજ્ય ગ્રામથી મગધ તરફ વિહાર કર્યો અને રાજગૃહીના ગુણશીલ ચૈત્યમાં પધાર્યા. ત્યાં શ્રેષ્ઠીપુત્ર શાલિભદ્ર રહેતા હતા. શાલિભદ્રના પિતા ગોભદ્ર દેવલોકવાસી હતા. તેઓ સ્નેહને લીધે સ્વર્ગથી શાલિભદ્ર અને તેમની પત્નીઓ માટે નિતનવાં કપડાં, આભૂષણ અને ભોજન માટેના ખાદ્ય પદાર્થો પહોંચાડતા હતા. શાલિભદ્રની માતા ભદ્રા એટલી ઉદાર હતી કે જે રત્નકામળાઓ રાજા શ્રેણિક પણ ખરીદી શકતા ન હતા, નગરીનું માન વધારવા માટે તેણે તેમને ખરીદી લીધા. તે રત્નકામળાઓના બે-બે ટુકડા કરીને. પોતાની પુત્રવધૂઓને આપી દીધા.

ભદ્રાના વૈભવ અને ઉદારતાથી મહારાજ શ્રેણિક પણ દંગ હતા. તેઓ ભદ્રાને ત્યાં પહોંચ્યા. શાલિભદ્રનું ઐશ્વર્ય જોઈને ચકિત થઈ ગયા. રાજાનાં દર્શન માટે ભદ્રાએ જ્યારે શાલિભદ્રને બોલાવ્યો, તો તેણે કહ્યું : "મારા આવવાની અને જોવાની શું જરૂર છે ? જે પણ કિંમત હોય તે આપીને ભંડારઘરમાં મુકાવી દો." આથી માતાએ કહ્યું : "આ કોઈ ખરીદવાની વસ્તુ નથી, આ તો આપણા નાથ છે." 'નાથ' શબ્દ સાંભળીને શાલિભદ્રને ઝટકો લાગ્યો : "તો મારી ઉપર પણ કોઈ નાથ છે ? તો તેની પરાધીનતાથી છૂટવા માટે મારે કોઈ સારું કાર્ય કરવું પડશે." તેણે માતાની સલાહ મુજબ ધીમે-ધીમે ત્યાગનો માર્ગ અપનાવ્યો અને દરરોજ પોતાની એક-એક પત્નીને છોડવાનું શરૂ કર્યું.

શાલિભદ્રની બહેન સુભદ્રાએ પોતાના પતિ ધન્નાશેઠને પોતાના ભાઈના આ ત્યાગની પ્રશંસા કરી, તો તેણે કહ્યું : "છોડવું હોય તો બધું એકીસાથે છોડી દે, આ એક-એક કરીને છોડવું તે કાયરતા છે ?" સુભદ્રાએ કહ્યું : "પતિદેવ, કહેવું જેટલું સહેલું છે, કરવું એટલું સહેલું નથી." આ સાંભળતાં જ ધન્ના તરત જ ઊઠ્યો અને શાલિભદ્રને સાથે લઈને બંને ભગવાનનાં ચરણોમાં દીક્ષિત થઈ ગયા. જુદી-જુદી જાતના તપ-સાધના કરીને બંને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ બન્યા. આ રીતે અનેક લોકોને ચારિત્રધર્મની દીક્ષા-બોધ આપતા-આપતા ભગવાને રાજગૃહમાં વર્ષાકાળ પૂરો કર્યો.

## કેવળીચર્યાનું પાંચમું વરસ

રાજગૃહમાં વર્ષાકાળ પૂરો કરી ભગવાને ચંપા તરફ વિહાર કર્યો અને ત્યાં પૂર્ણભદ્ર યક્ષાયતનમાં બિરાજમાન થયા. ભગવાનના આગમનની વાત સાંભળીને નગરના અધિપતિ મહારાજ 'દત્ત' સહપરિવાર આવ્યા. ભગવાનની દેશના સાંભળી રાજકુમાર મહાચંદ્ર બોધિત થયો. તેણે શ્રાવકધર્મ સ્વીકાર કર્યો. થોડા સમય બાદ ભગવાનના ફરી આગમન પર બધું જ ત્યાગીને કુમારે પ્રવ્રજ્યા ગ્રહણ કરી લીધી.

થોડા સમય બાદ ભગવાન ચંપાથી વીતભય નગરી તરફ પધાર્યા. ત્યાંનો રાજા ઉદાયન એકવ્રતી શ્રાવક હતો અને પૌષધશાળામાં બેસીને ધર્મ-જાગરણ કર્યા કરતો હતો. વીતભયના રસ્તામાં સાધુઓને ગરમીના લીધે ખૂબ જ તકલીફો વેઠવી પડી. દૂર-દૂર સુધી વસ્તીનું નામ સુધ્ધાં ન હતું. ભોજન અને પાણી મળવું તો ખૂબ જ મુશ્કેલ હતું. રસ્તામાં તલ ભરેલી ગાડીઓ મળી. ગાડીવાળાઓએ ભૂખ્યા-તરસ્યા સાધુઓને જોઈને ગાડીઓમાં રાખેલા તલથી ભૂખ શાંત કરવાની પ્રાર્થના કરી. ભગવાનને જાણ હોવા છતાં પણ કે તલ અચિત્ત છે, તલ ગ્રહણ કરવાની મનાઈ કરી દીધી. પાસેના તળાવનું પાણી પણ અચિત્ત હતું, તો પણ ભગવાને તેનાથી તરસ છિપાવવાની રજા ન આપી.

ભગવાને વિચાર્યું કે - 'નિર્જીવ બનેલા અનાજ અને પાણીને જો સહજ સ્થિતિમાં સ્વીકાર કરવામાં આવવા લાગ્યા તો સમય જતાં અગ્રાહ્યને પણ ગ્રાહ્ય માનવાની વૃત્તિ બની જશે અને મુનિધર્મ પર નિયંત્રણ નહિ રહે. આથી છદ્મસ્થ માટે નિશ્ચયમાં નિર્દોષ હોવા છતાં પણ લોક વિરુદ્ધ વસ્તુનું ગ્રહણ વર્જ્ય છે.' વીતભય નગરીમાં પ્રભુના વિહાર વખતે રાજા ઉદાયને પ્રભુની સેવા કરી અને કેટલાય લોકો ત્યાગ-માર્ગના રાહગીર બન્યા. ત્યાંથી વિહાર કરી ભગવાન વાણિજ્યગામ પધાર્યા અને ત્યાં જ તેમણે વર્ષાકાળ વિતાવ્યો.

## કેવળીચર્યાનું છઠ્ઠું વરસ

વાણિજ્ય ગામમાં વર્ષા વાસ પૂરો કરી ભગવાન વારાણસી તરફ ચાલ્યા અને કોષ્ઠક ચૈત્યમાં બિરાજ્યા. ત્યાં હાજર લોકસમૂહને ધર્મોપદેશ આપ્યો. જેનાથી પ્રભાવિત થઈને ચુલ્લિણી-પિતા, તેમની પત્ની શ્યામા

તથા સુરાદેવ તથા તેમની પત્ની ધન્યાએ શ્રાવકધર્મ ગ્રહણ કર્યો, જે આગળ જઈને ભગવાનના મુખ્ય શ્રાવકોમાં ગણવામાં આવ્યા. વારાણસીથી પ્રભુ આલંભિયા પધાર્યા અને શંખનાદ બાગમાં શિષ્યો સાથે રોકાયા. આલંભિયાના રાજા જિતશત્રુ પ્રભુની સેવામાં હાજર થયા.

શંખનાદ બાગ પાસે જ પુદ્‌ગલ નામનું સંન્યાસીઓનું સ્થળ હતું. પુદ્‌ગલ વેદ અને શાસ્ત્રોનો પ્રકાંડ પંડિત હતો. નિરંતર છટ્ઠ-છટ્ઠની તપસ્યાથી આતાપના લેતા-લેતા તેણે વિભંગજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, જેથી તે બ્રહ્મ દેવલોક સુધ્ધાંની સ્થિતિ જાણવા લાગ્યો હતો. એક વાર અજ્ઞાનતાને લીધે તેના મનમાં એવી ધારણા થઈ ગઈ કે - 'દેવોની ઉંમર દસ હજાર વર્ષથી દસ સાગર સુધીની છે' અને તેણે ફરી-ફરીને આ ધારણાનો પ્રચાર કર્યો. ભિક્ષા માટે ભ્રમણ કરતા-કરતા આ વાત ગૌતમના કાને પડી, તો તેમણે ભગવાનની સામે આ વાત જાહેર કરી. ભગવાને કહ્યું : "ના, ઉત્કૃષ્ટ ઉંમર તેત્રીસ સાગર સુધી છે." પુદ્‌ગલના કાને ભગવાનની આ વાત પડી, તો શંકા-સમાધાન માટે તે ભગવાન પાસે પહોંચ્યો. ભગવાનની દેશના સાંભળી તેની આંખો ખૂલી ગઈ. ભક્તિપૂર્વક તેણે પ્રભુથી દીક્ષા ગ્રહણ કરી અને તપ-સંયમની આરાધના કરતા-કરતા મુક્તિનો અધિકારી બન્યો.

ચુલ્લશતકે પણ તે જ વિહારકાળમાં શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. આલંભિયાથી વિભિન્ન સ્થળોએ ભ્રમણ કરતા-કરતા ભગવાન રાજગૃહ પધાર્યા અને ત્યાં મંકાઈ, કિંકમ, અર્જુન માળી અને કાશ્યપને મુનિધર્મની દીક્ષા આપી. ગાથાપતિ વરદત્તે પણ ત્યાં જ સંયમ ગ્રહણ કર્યો અને બાર વરસ સુધી સંયમધર્મનું પાલન કરી મુક્તિ પ્રાપ્ત કરી. તે વરસનો વર્ષાકાળ રાજગૃહમાં પૂરો થયો. નંદન મણિકારે પણ ત્યાં જ શ્રાવકધર્મ ગ્રહણ કર્યો.

## કેવળીચર્યાનું સાતમું વરસ

વર્ષાકાળ પૂરો થવા છતાં પણ ભગવાન તક જાણીને રાજગૃહમાં રોકાઈ ગયા. એકવાર રાજા શ્રેણિક ભગવાન પાસે હાજર હતા ને એક કોઢી ત્યાં આવીને બેસી ગયો. એકાએક ભગવાનને છીંક આવી. કોઢીએ કહ્યું : "જલદી મરો." પછી શ્રેણિકને છીંક આવી તો કોઢી બોલ્યો : "ચિરકાળ સુધી જીવો." અભયકુમાર છીંક્યો તો તેણે કહ્યું : "જીવો કે મરો." અને કાલશૌકરિકના છીંકવાથી તેના મોઢેથી નીકળ્યું : "ન જીવો

ને મરો." આ રીતે જુદી-જુદી વ્યક્તિઓના છીંકવાથી તેણે જુદા-જુદા શબ્દ કહ્યા. ખાસ કરીને ભગવાન માટે 'મરો' શબ્દ સાંભળી શ્રેણિક નારાજ થયા. કોઈ કાંઈ કહે કે કરે તે પહેલાં જ કોઢી ગાયબ થઈ ગયો. તેના જતાં રહેવાથી શ્રેણિકની જિજ્ઞાસા શાંત કરતા ભગવાન બોલ્યા : "રાજન્ ! તે વ્યક્તિ કોઈ કોઢી ન હતો, પણ કોઢીના વેશમાં એક દેવ હતો. તેણે મારા માટે કહ્યું - 'જલદી મરો' એટલે કે જલદીથી મોક્ષ પ્રાપ્ત કરો. તે જ રીતે તમારા માટે 'ખૂબ જીવો' કહ્યું, એટલે કે આ જીવનમાં સુખ છે, જીવી લો, આગળ તો દુઃખ છે, નરકનો રસ્તો ખુલ્લો છે. અભય માટે બંને સરખા છે - 'અહીં પણ સુખ છે અને મરીને આગલા ભવમાં પણ સુખ છે.' કાલશૌકરિક માટે બંને ખરાબ, ન જીવવામાં સુખ, ન મરવામાં કોઈ લાભ, તેથી જ કહ્યું - 'ન જીવો ન મરો.'"

પોતાને માટે નરકનો માર્ગ ખુલ્લો એ જાણીને શ્રેણિકે ભગવાનને પૂછ્યું : "ભગવાન, મને નરકનાં દુઃખોથી બચાવવાનો કોઈ ઉપાય છે ?" તો ભગવાને કહ્યું : "જો કાલશૌકરિક દ્વારા હત્યા કરવાનું છોડાવી શકો કે કપિલા બ્રાહ્મણી વડે દાન અપાવી શકો, તો તમને નરક થવાથી છુટકારો મળી શકે છે." શ્રેણિકે પોતાનું બધું બળ લગાવી દીધું, પણ ન તો કસાઈએ હત્યા કરવાનું છોડ્યું, ન તો બ્રાહ્મણીએ દાન આપ્યું. શ્રેણિકને હતાશ અને દુઃખી જોઈને ભગવાને કહ્યું : "ચિંતા ન કરો, તમે ભવિષ્યમાં તીર્થંકર બનશો." થોડા વખત પછી રાજા શ્રેણિકે જાહેરાત કરાવડાવી કે - 'જે કોઈ ભગવાન પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માંગે છે, તે નિશ્ચિંત થઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરે. તેને બધી જ રીતની મદદ આપવામાં આવશે અને તેના આશ્રિતોની સાર-સંભાળની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.' જાહેરાતથી પ્રેરિત થઈને ઘણા નાગરિકો તથા ત્રેવીસ રાજકુમારો અને તેર રાણીઓએ ભગવાન પાસે દીક્ષા લીધી. આર્દ્રક મુનિ પણ ભગવાનની સેવામાં આવ્યા ભગવાને આ ચાતુર્માસ પણ રાજગૃહમાં પસાર કર્યો.'

## કેવળીચર્યાનું આઠમું વરસ

વર્ષાવાસ પછી થોડો વધુ સમય રાજગૃહમાં વિતાવીને ભગવાન કૌશાંબી પધાર્યા. કૌશાંબીમાં મૃગાવતીની સુંદરતા પર મોહિત થઈને ઉજ્જૈનીનો રાજા ચંડપ્રદ્યોત તેને પોતાની રાણી બનાવવા માંગતો હતો, તે માટે તેણે કૌશાંબી પર ઘેરો ઘાલી રાખ્યો હતો. પોતાના પતિ

દિવંગત થઈ જવાથી અને પોતાના પુત્ર ઉદયનની ઓછી ઉંમરના કારણે મૃગાવતી પોતે રાજ્યનું સંચાલન કરી રહી હતી. ભગવાનના આગમનના સમાચાર સાંભળીને તે ભગવાનની દેશનામાં ગઈ. ભગવાનની દેશના સાંભળી તેને સંસારથી વિરક્તિ થઈ ગઈ. દીક્ષા લેવા માટે તૈયાર રાણીએ ત્યાં હાજર ચંડપ્રદ્યોત પાસે દીક્ષા માટે પરવાનગી આપવાની પ્રાર્થના કરી. ભરીસભામાં ચંડપ્રદ્યોતે મજબૂર થઈને ફક્ત પરવાનગી જ ન આપી, પણ મોટા સમારંભ સાથે મૃગાવતીને ભગવાન પાસે દીક્ષા અપાવી. ખૂબ જ ચતુરાઈથી મૃગાવતીએ પોતાના શીલવ્રતની રક્ષા કરી અને ધર્મમાર્ગનું અનુસરણ કર્યું. ભગવાને તે વરસનું ચાતુર્માસ વૈશાલીમાં પૂરું કર્યું.

## કેવળીચર્યાનું નવમું વરસ

વૈશાલીમાં વર્ષાવાસ પૂરો કરી ભગવાન મિથિલા થઈને કાકંદી આવ્યા અને સહસ્રામ્રવનમાં રોકાયા. ભગવાનના આગમનના સમાચાર સાંભળીને રાજા જિતશત્રુ પણ તેમની સેવામાં પહોંચ્યા. ભદ્રા સાર્થવાહિનીનો પુત્ર ધન્યકુમાર પણ પહોંચ્યો અને પ્રભુના ઉપદેશથી વિશાળ વૈભવ અને સુખભોગ છોડીને દીક્ષિત થઈ ગયો. દીક્ષા ગ્રહણ કરતા જ ધન્યકુમારે ભગવાનની સામે પ્રતિજ્ઞા કરી : "હું આજીવન છટ્ઠ-છટ્ઠની તપસ્યા કરતા-કરતા વિચરણ કરીશ અને છટ્ઠ તપના પારણામાં આયંબિલ કરીશ અને ઉજ્ઝિત ભોજન જ ગ્રહણ કરીશ." આ રીતે ઘોર તપસ્યા વડે તેમણે પોતાનું શરીર સૂકવી નાંખ્યું. ધન્યકુમારનાં તપ અને અધ્યવસાય એટલા ઉચ્ચ હતાં કે ભગવાન મહાવીરે તેમને ૧૪ હજાર સાધુઓમાં સૌથી વધુ દુષ્કર કરણી કરવાવાળા જણાવીને તેમની પ્રશંસા કરી. ૯ મહિનાના સાધુપર્યાયમાં ધન્ય મુનિએ અનશનપૂર્વક દેહત્યાગ કર્યો અને સર્વાર્થસિદ્ધિ વિમાનમાં દેવરૂપે પેદા થયા.

સુનક્ષત્રકુમાર પણ આ જ રીતે દીક્ષિત થઈને સર્વાર્થસિદ્ધિમાં ગયા. કાકંદીથી વિહાર કરી ભગવાન કામ્પિલપુર અને પોલાસપુર થઈને વાણિજ્ય ગામ પધાર્યા. 'કામ્પિલપુર'માં કુંડકૌલિકે શ્રાવકધર્મ ગ્રહણ કર્યો અને પોલાસપુરમાં સદાલપુત્રે બાર વ્રત સ્વીકાર કર્યાં. વાણિજ્ય ગામથી વિહાર કરીને ભગવાન વૈશાલી પધાર્યા અને ત્યાં જ વર્ષાવાસ પૂરો કર્યો.

## કેવળીચર્યાનું દસમું વરસ

વર્ષાકાળ બાદ ભગવાન મગધ તરફ વિહાર કરતા-કરતા રાજગૃહ પહોંચ્યા. ત્યાં મહાશતક ગાથાપતિએ શ્રાવકધર્મ સ્વીકાર કર્યો. પાર્શ્વાપત્ય સ્થવિર પણ ત્યાં ભગવાનના સમવસરણમાં આવ્યા. અને ભગવાન પાસેથી પોતાની શંકાઓનું સમાધાન મેળવી ખૂબ સંતુષ્ટ થયા. તેમણે કહ્યું કે - "ભગવાન મહાવીર સર્વજ્ઞ છે." તેમણે ભગવાનનો પંચ-મહાવ્રત રૂપ ધર્મ સ્વીકાર કર્યો. ત્યાં જ રોહક મુનિના થોડા પ્રશ્નોના જવાબ રૂપે ભગવાને કહ્યું કે - "લોક-અલોક, જીવ-અજીવ, ઈંડુ-મરઘી વગેરેના અસ્તિત્વ વિશે પહેલો-પાછળનો પ્રશ્ન સનાતન છે. ખરેખર આમાં કોઈ નિયમ-ક્રમ નથી, આ અનાદિ પરંપરા છે. એ જ રીતે સંસારની બધી જ વસ્તુઓનું અસ્તિત્વ પરસ્પર એક બીજા પર આધારિત છે." ગૌતમની જિજ્ઞાસાનું સમાધાન કરતાં પ્રભુએ કહ્યું : "લોકની સ્થિતિ અને વ્યવસ્થા આઠ પ્રકારની છે - (૧) આકાશ પર વાયુ, (૨) વાયુના આધારે પાણી, (૩) પાણીના આધારે પૃથ્વી, (૪) પૃથ્વીના આધારે જીવ, (૫) જીવના આધારે અજીવ, (૬) કર્મના આધારે જીવની જુદી-જુદી પર્યાયો, (૭) જીવો દ્વારા મન-ભાષાના સંગૃહીત અજીવ પુદ્‌ગલ ને (૮) જીવ કર્મ દ્વારા સંગૃહીત છે." આ ચાતુર્માસ ભગવાને રાજગૃહમાં પૂરું કર્યું.

## કેવળીચર્યાનું અગિયારમું વરસ

રાજગૃહથી વિહાર કરી ભગવાન જ્યારે કૃતંગલા-કયંગલા નગરીમાં પહોંચ્યા, તો ત્યાંના છત્રપલાશ બાગમાં સમવસરણ થયો. તે વખતે કયંગલા નજીક શ્રાવસ્તી નગરમાં સ્કંદક નામનો એક સંન્યાસી રહેતો હતો, જે ગર્દભાલનો શિષ્ય હતો અને વેદ-વેદાંગનો જાણકાર હતો. તેનો ભેટો એકવાર પિંગલ નામના નિર્ગ્રંથ સાથે થયો. પિંગલે સ્કંદકને પૂછ્યું : "હે માગધ ! શું બતાવી શકો છો કે લોક, જીવ, સિદ્ધિ અને સિદ્ધ અંતસહિત છે કે અંતરહિત તથા કયા મરણથી જીવ ઘટે કે વધે છે ?" સ્કંદકે બહુ વિચાર કર્યો, પણ જવાબ તેની સમજમાં ન આવ્યો. તે વખતે જ તેને ખબર પડી કે છત્રપલાશમાં ભગવાન મહાવીર આવ્યા છે, તો તેણે વિચાર્યું કે - 'તેમની પાસે જઈને જ આનું નિવારણ કેમ ન કરવામાં આવે ?' એમ વિચારી તે કયંગલા તરફ ચાલી નીકળ્યો.

ત્યાં ભગવાને ગૌતમને કહ્યું કે - "તારો એક પૂર્વપરિચિત સંન્યાસી સ્કંદક થોડા જ વખતમાં અહીં આવશે." ગૌતમને ઉત્સુકતા થઈ અને પૂછ્યું : "ભગવન્ ! શું સ્કંદક આપનું શિષ્યત્વ ગ્રહણ કરશે ?" તો ભગવાને કહ્યું : "હા, આજે સ્કંદક મારો શિષ્ય બનવાનો છે."

સ્કંદક ત્યાં આવ્યો. ગૌતમે સ્કંદકનું સ્વાગત કર્યું અને પૂછ્યું : "સ્કંદક, શું તું ભગવાન પાસે એટલા માટે આવ્યો છે કે પિંગલ નિર્ગ્રંથે તને કાંઈક પૂછ્યું અને તું તેનો જવાબ ન આપી શક્યો ?" સ્કંદક ચકિત થયો અને બોલ્યો : "ગૌતમ, શું હું જાણી શકું છું. કે તને મારી આ ગુપ્ત વાત કોણે બતાવી છે ?"

ગૌતમે ભગવાનની સર્વજ્ઞતાનો પરિચય આપ્યો, તો સ્કંદક સંન્યાસીએ ખૂબ જ શ્રદ્ધાથી ભગવાનને નમન કર્યાં. પછી પોતાની સમસ્યા પ્રભુની સામે મૂકી, પ્રભુએ કહ્યું : "સ્કંદક ! લોક ચાર જાતના હોય છે - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. કોઈક રીતે લોક અંતસહિત છે, તો કોઈ રીતે અંતરહિત એટલે કે અનંત કહેવાનો અર્થ છે કે લોક અંતસહિત અને અંતરહિત બંને છે. એ જ પરિસ્થિતિ જીવ, સિદ્ધિ અને સિદ્ધની પણ છે. જ્યાં સુધી મરણની વાત છે, તો મરણ બે રીતના છે - બાળમરણ અને પંડિતમરણ. બાળમરણથી સંસાર વધે છે અને પંડિતમરણ અથવા સમાધિમરણથી સંસાર ઘટે છે. ક્રોધ, લોભ, મોહ વગેરે ભાવમાં અજ્ઞાનપૂર્વક અસમાધિથી મરવું જ બાળમરણ છે."

પ્રભુના બોધજન્ય સમાધાનથી સ્કંદક ખૂબ જ ખુશ થયો. તેણે પ્રભુ પાસે સંન્યાસી થવાની પોતાની ઈચ્છા જાહેર કરી. સ્કંદકને સુયોગ્ય પાત્ર જાણીને ભગવાને તેને દીક્ષિત કર્યો. દીક્ષા ગ્રહણ કરીને સ્કંદક મુનિ બન્યો. તેણે બાર વરસ સુધી સાધુધર્મનું આકરું પાલન કર્યું, અને જુદાં-જુદાં તપો વડે આત્માને ભાવમય કર્યો અને વિપુલાચલ પર સમાધિસ્થ થઈને દેહત્યાગ કર્યો. પ્રભુ કયંગલાથી સાવત્થી થઈને વાણિજ્ય ગામ પધાર્યા અને ત્યાં જ વર્ષાકાળ વિતાવ્યો.

## કેવળીચર્યાનું બારમું વરસ

વર્ષાકાળ પૂરો થવાથી ભગવાને વાણિજ્ય ગ્રામથી વિહાર કર્યો અને બ્રાહ્મણકુંડના બહુશાલ ચૈત્યમાં આવીને બિરાજ્યા. જમાલિ અણગારે ત્યાં જ ભગવાનથી અલગ વિચરણ કરવાની પરવાનગી માંગી અને તેમના

મૌન રહેવાથી પોતાના પાંચસો સાધુઓ સાથે તે સ્વતંત્ર વિહાર માટે નીકળી પડ્યો. પ્રભુ ત્યાંથી વત્સદેશ તરફ વિહાર કરીને કૌશાંબી પધાર્યા. કૌશાંબીમાં ચંદ્ર અને સૂર્ય પોતાના મૂળ વિમાનથી વંદના માટે આવ્યા હતા, જે એક આશ્ચર્ય છે. કૌશાંબીથી ભગવાન રાજગૃહ પહોંચ્યા અને ગુણશીલ ચૈત્યમાં બિરાજ્યા. પ્રભુનો તે વરસનો વર્ષાકાળ રાજગૃહમાં વીત્યો. તે જ વરસે પ્રભુના શિષ્ય વેહાસ અને અભય વગેરેએ વિપુલાચલ પર અનશન કરીને દેવત્વ પ્રાપ્ત કર્યું.

## કેવળીચર્યાનું તેરમું વરસ

રાજગૃહથી વિહાર કરીને ભગવાન ચંપા પધાર્યા અને ત્યાંના પૂર્ણ-ભદ્ર બાગમાં બિરાજ્યા. ચંપામાં તે વખતે કૌણિકનું રાજ્ય હતું. કૌણિકે ભગવાનના કુશળ અને વિહાર વગેરેના સમાચાર જાણવાની નિયમિત વ્યવસ્થા કરી રાખી હતી. ભગવાનના વિહાર વગેરેની સૂચના મેળવીને જ તે ભોજન કરતો હતો. ભગવાનના આગમનના સમાચાર જાણીને કૌણિક સજી-ધજીને ભગવાનને વંદન કરવા ગયો. ભગવાને દેશના આપી. કેટલાય ગૃહસ્થોએ મુનિધર્મ સ્વીકાર કર્યો. તેમાં શ્રેણિકના દસ પૌત્ર મુખ્ય હતા. જિનપાલિત વગેરેએ પણ શ્રમણધર્મ અંગીકાર કર્યો અને પાલિત જેવા પ્રસિદ્ધ વેપારીએ શ્રાવકધર્મ સ્વીકાર કર્યો અને પ્રભુએ પોતાનું ચાતુર્માસ ત્યાં જ પૂરું કર્યું.

## કેવળીચર્યાનું ચૌદમું વરસ

ચંપાથી ભગવાને વિદેહ તરફ વિહાર કર્યો. કાકંદી નગરીમાં ગાથાપતિ ખેમક અને ધૃતિધરે દીક્ષા ગ્રહણ કરી અને સોળ વરસ સુધી સંયમ અને તપનું પાલન કરતા-કરતા છેવટે બંને વિપુલાચલ પર સિદ્ધ થયા. વિહાર કરીને પ્રભુ મિથિલા પહોંચ્યા અને ત્યાં જ વર્ષાવાસ કર્યો. વર્ષાવાસ પૂરો કરી પ્રભુ અંગદેશ થઈને ચંપા નગરીમાં આવ્યા અને પૂર્ણભદ્ર નામના ચૈત્યમાં સમવસરણ કર્યું. તે વખતે વૈશાલીમાં યુદ્ધ ચાલી રહ્યું હતું. રાજઘરાનાની રાજરાણીઓ અને સામાન્ય જનતા વંદન માટે હાજર થયાં. દેશના પૂરી થયા બાદ કાલી-સુકાલી વગેરે ૧૦ રાણીઓએ યુદ્ધમાં ગયેલા પોતાના રાજકુમારોના કુશળક્ષેત્ર વિશે ખબર-અંતર ભગવાનને પૂછ્યા. જવાબમાં ભગવાન દ્વારા પુત્રોનું મરણ

સાંભળીને કાલી વગેરે રાણીઓને વિરક્તિ થઈ ગઈ અને તેમણે કોણિકથી રજા લઈને દીક્ષા ગ્રહણ કરી. આ બધી રાણીઓએ આર્યા ચંદનાની સેવામાં અગિયાર અંગોનો અભ્યાસ કર્યો અને જુદાં-જુદાં તપ કર્યાં અને છેવટે અનશનપૂર્વક સમાધિભાવથી બધાં દુઃખોનો અંત લાવીને નિર્વાણ પ્રાપ્ત કર્યું.

## કેવળીચર્યાનું પંદરમું વરસ

ભગવાને વૈશાલીના રસ્તેથી શ્રાવસ્તી તરફ વિહાર કર્યો. ત્યાં કોણિકના હલ્લ અને વિહલ્લ નામના ભાઈઓએ શ્રમણધર્મની દીક્ષા ગ્રહણ કરી અને તપશ્ચર્યા દ્વારા આત્મોદ્ધારમાં લાગી ગયા. શ્રાવસ્તી પહોંચીને ભગવાન કોષ્ઠક ચૈત્યમાં બિરાજ્યા. મંખલિપુત્ર ગોશાલક પણ તે વખતે શ્રાવસ્તીમાં જ હતો. તે 'આજીવક મત'નો પ્રચાર કરતો હતો અને પોતાને તીર્થંકર જણાવતો હતો. શ્રાવસ્તીમાં આ વાત ફેલાયેલી હતી કે - 'ત્યાં બે તીર્થંકર મહાવીર અને ગોશાલક બિરાજમાન છે' ગૌતમે ભગવાન પાસેથી વાસ્તવિકતા જાણવા ઈચ્છી. ભગવાને ગોશાલકનો પૂરો પરિચય આપ્યો અને કહ્યું કે - "ગોશાલક 'જિન' નહિ 'જિનપ્રલાપી' છે." ગોશાલકે જ્યારે આ વાત સાંભળી તો તેને ખૂબ ગુસ્સો આવ્યો. જ્યારે તે ગુસ્સામાં વાત કરી રહ્યો હતો, તે વખતે ભગવાનનો શિષ્ય આનંદ તે રસ્તેથી નીકળ્યો. ગોશાલકે તેને જોયો, તો તેને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું : "આનંદ, તારા ધર્મગુરુ શ્રમણ મહાવીરે શ્રેષ્ઠ અવસ્થા મેળવી છે અને દેવ-મનુષ્યોમાં તેમનું સન્માન અને પ્રતિષ્ઠા છે, પણ જો તે મારા વિશે કંઈ કહેશે તો ઠીક નહિ થાય, હું મારા તેજથી તેમને ભસ્મ કરી દઈશ."

ગોશાલકની વાત સાંભળીને સરળ પ્રકૃતિના આનંદ થોડા દુઃખી ને ચિંતિત થયા. તેમણે બધી જ વાત ભગવાનને જણાવી અને પૂછ્યું : "ભગવન્ ! શું ગોશાલકમાં એટલું તેજ છે કે તે એક તીર્થંકરને ભસ્મ કરી શકે ?" ભગવાને કહ્યું : "ગોશાલકમાં જરૂરથી એટલું તેજ છે કે તે કોઈ સામાન્ય વ્યક્તિને ભસ્મ કરી શકે, પણ તે અરિહંતને નથી બાળી શકતો. હા, કષ્ટ-તકલીફ જરૂર પેદા કરી શકે છે. આથી તમે ગૌતમ વગેરે શ્રમણ નિર્ગ્રંથોને સાવધાન કરી દો. ગોશાલક કોઈ પણ ઘડીએ અહીં આવી શકે છે. તે દ્વેષથી ગુસ્સામાં છે, આથી કોઈ તેની વાતનો જવાબ ન આપે. તેની સાથે ધર્મચર્ચા કરવાની કે ધર્મપ્રેરણા આપવાની પણ કોઈ જરૂર નથી."

ભગવાન આનંદ વગેરે શ્રમણો સાથે આ વાત કરી રહ્યા હતા કે ગોશાલક પોતાના આજીવક શિષ્યો સાથે તે બાગમાં પહોંચ્યો. તે સીધો ભગવાન પાસે પહોંચ્યો અને બોલ્યો : "કાશ્યપ, તમે કહો છો કે મંખલિપુત્ર ગોશાલક તમારો શિષ્ય છે. વાત બરાબર છે, પણ તે શિષ્ય મૃત્યુ પામીને દેવલોકમાં દેવ થઈ ગયો છે. હું તો કૌડિન્યાયન ગૌત્રનો ઉદાયી છું. ગોશાલકનું શરીર મેં એટલા માટે ધારણ કર્યું છે કે તે તકલીફ સહન કરવા માટે સક્ષમ છે. આ મારો સાતમો શરીર-બદલીનો પ્રવેશ છે." ભગવાને ગોશાલકની વાત સાંભળીને કહ્યું : "ગોશાલક, તારી ચોરી પકડાઈ ગઈ, તો તું બચાવ માટે શબ્દોની જાળ ગુંથી રહ્યો છે, પણ તે યોગ્ય નથી. તું ગોશાલક છે અને ગોશાલક સિવાય બીજું કોઈ નહિ. આવો ખોટો પ્રલાપ કરવાની કોઈ જરૂર પણ નથી." ભગવાનનું આ સ્પષ્ટ વક્તવ્ય સાંભળીને ગોશાલક ખૂબ જ ગુસ્સે થયો અને ગુસ્સામાં એલફેલ બોલવા લાગ્યો. તેણે ગુસ્સામાં ભગવાન માટે કેટલાક અપશબ્દ પણ કહ્યા.

ગોશાલકની તિરસ્કારભરી વાતોની ભગવાન પર કોઈ અસર ન પડી. બીજા મુનિ પણ ભગવાનની આજ્ઞા મુજબ મૌન જ રહ્યા, પણ મુનિ સર્વાનુભૂતિથી ન રહેવાયું. તેમણે ગોશાલકને કહ્યું : "ગોશાલક, ભગવાનથી દીક્ષા લઈને પણ તું તેમની સાથે આવો અશોભનીય વ્યવહાર કરી રહ્યો છે, તારા જેવા સંન્યાસી માટે આ યોગ્ય નથી. ગુસ્સામાં આવીને અવિવેકનો આશરો ન લઈશ." સર્વાનુભૂતિની વાત સાંભળીને ગોશાલક તમતમી ઊઠ્યો. તેણે ગુસ્સામાં આવીને તેજોલેશ્યા છોડી, જેનાથી સર્વાનુભૂતિ બળી ગયા અને તેમનું પ્રાણ પંખેરું ઊડી ગયું. સર્વાનુભૂતિની જેમ જ 'સુનક્ષત્ર' મુનિ પણ ગોશાલકનો આ પ્રલાપ ન સહન કરી શક્યા. તેમણે પણ ગોશાલકને સમજાવવાની ચેષ્ટા કરી, જેથી ગોશાલકે તેમની પર પણ તેજોલેશ્યા છોડી જો કે તેની અસર એટલી તેજ ન હતી, પણ પીડાની ભયંકરતા જોઈને તેમણે ભગવાન પાસે આવીને વંદના કરી, આલોચનાપૂર્વક ફરીથી મહાવ્રતારોહણ કરીને બધા પાસે ક્ષમાયાચના કરતા-કરતા સમાધિપૂર્વક કાળધર્મ પ્રાપ્ત કર્યા.

છેલ્લે ભગવાન મહાવીરે પોતે ગોશાલકને સમજાવવાની કોશિશ કરી, પણ તેની પણ ગોશાલક પર ઊંધી જ અસર પડી અને તેણે મહાવીર પર પણ તેજોલેશ્યાનો પ્રહાર કરી દીધો. તેજોલેશ્યાએ ભગવાનના શરીરને બાળ્યું નહિ, પણ તેમના શરીરની પ્રદક્ષિણા કરી

અને ઉછળીને ગોશાલકના જ શરીરને બાળીને તેના શરીરમાં પેસી ગઈ. ગોશાલકના શરીરમાં પીડા થવા લાગી તો પણ તેણે ભગવાનને કહ્યું : "કાશ્યપ ! આજે તો તમે બચી ગયા છો, પણ મારી આ તેજોલેશ્યાની અસરથી છ મહિનાની અંદર-અંદર જ છદ્મસ્થ અવસ્થામાં જ જરૂરથી કાળને પ્રાપ્ત કરશો." ભગવાને કહ્યું : "ગોશાલક, હું તો હજુ સોળ વરસ સુધી તીર્થંકરપર્યાયમાં વિચરણ કરીશ, પણ તું તારી જ તેજોલેશ્યાથી પીડિત થઈને સાત રાતની અંદર જ આ શરીરનો ત્યાગ કરી દઈશ."

તેજોલેશ્યાનો વારંવાર પ્રયોગ કરવાથી ગોશાલક નિસ્તેજ થઈ ગયો અને તેનું તપ-તેજ તેના માટે જ ઘાતક બની ગયું. ભગવાન પર લેશ્યા ચલાવીને તો તેણે પોતાની જાતને તેજભ્રષ્ટ અને તેજહીન બનાવી લીધી હતી. ભગવાનની આજ્ઞાથી નિર્ગ્રંથોએ પોતાના પ્રશ્નોથી તેને જવાબ-હીન કરી દીધો. પોતાની અસફળતા જોઈને તે નિરાશ થઈ ગયો. તેજો-લેશ્યાની બળતરાને શાંત કરવા માટે તે ઠંડુ પાણી પીવા લાગ્યો અને માથે નાંખવા લાગ્યો.

ગોશાલકે પોતાના આજીવક સ્થવિરોને બોલાવીને કહ્યું કે - "તેના મૃત્યુ પછી, સુગંધિત પાણીથી નવડાવી-ધોવડાવીને, નવાં મોંઘાં આભૂષણો અને કપડાંથી સજાવીને તેની અંતિમ યાત્રા ખૂબ જ શાન અને પ્રતિષ્ઠા સાથે કાઢવામાં આવે અને જાહેરાત કરવામાં આવે કે - 'ગોશાલક ચોવીસમા તીર્થંકર જિન હતા અને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.'" સાતમી રાતે એકાએક તેમની નજર નિર્મળ અને શુદ્ધ થઈ. તેનો બધો જ ખોટો ભ્રમ દૂર થઈ ગયો. તે મનોમન પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે - 'હું જિન ન હોવા છતાં પણ પોતાની જાતને જિન જાહેર કરી રહ્યો હતો. શ્રમણો પર પ્રહાર કરવો અને તેમના ધર્માચાર્યથી દ્વેષ કરવો મારી ભૂલ હતી. ભગવાન મહાવીર જ સાચા જિન અને તીર્થંકર છે.' તેણે તરત જ બધા સ્થવિરોને બોલાવ્યા અને કહ્યું : "મેં પોતાના વિશે જે કાંઈ પણ વાતો કહી છે, તે બધી જ ખોટી છે. હું જિન નથી આથી મારા મરી ગયા બાદ પ્રાયશ્ચિત રૂપે મારા પગમાં દોરી બાંધીને શ્રાવસ્તીના રાજમાર્ગો પર મને ઘસેડી લઈ જઈને જાહેરાત કરજો કે - 'ગોશાલક જિન ન હતો, જિન તો મહાવીર જ છે.'" તેણે પોતાના સ્થવિરોને આ બધું જ પૂરું કરવાના સોગંધ અપાવ્યા અને સાતમી રાતે જ જીવ છોડી દીધો. ગોશાલકના મરવાથી સ્થવિરોએ વિચાર્યું કે -

'આજ્ઞા મુજબ શબને ઘસેડવું એ બધી ક્રિયાઓથી અમારું નીચું દેખાશે. આથી આજ્ઞાભંગના દોષથી બચવા માટે અંદરોઅંદર મળીને વિચાર કર્યો અને જે ઘરમાં ગોશાલક રહેતો હતો, કુંભારણના તે ઘરને જ શ્રાવસ્તીનું રૂપ આપીને શબને તેમાં ફરાવીને ધામધૂમથી તેની શબયાત્રા કાઢી અને સન્માનપૂર્વક ગોશાલકના અંતિમ સંસ્કાર કર્યા.'

## ભગવાનનો ઇલાજ

ભગવાન મેઢિયા ગામ પહોંચીને ગામની બહાર સાલકોષ્ઠક ચૈત્યમાં પૃથ્વી શિલાપટ્ટ પર બિરાજમાન થયા. તે વખતે ગોશાલક દ્વારા ફેંકેલી તેજોલેશ્યાના કારણે ભગવાનના શરીરમાં અત્યંત બળતરા-વેદના પેદા થઈ, રક્ત અતિસારની પણ તકલીફ હતી. ભગવાન આ બંને તકલીફોને શાંતભાવથી સહન કરતા રહ્યા. તે વખતે ત્યાં જ માલુયાકચ્છમાં ભગવાનના શાલીન પ્રકૃતિના એક શિષ્ય સીહા મુનિ બિરાજમાન હતા. તેઓ બેલે(છટ્ઠ)ની તપસ્યા સાથે ધ્યાન કરી રહ્યા હતા કે તેમના મનમાં વિચાર આવ્યો કે - 'મારા ધર્માચાર્યને અત્યંત રોગ પેદા થયો છે અને તેઓ આ જ હાલતમાં કાળ પામશે તો લોકો કહેશે કે તે છદ્મસ્થ હાલતમાં જ કાળ પામી ગયા.' આમ વિચારીને સીહા અણગાર હૈયાફાટ રુદન કરવા લાગ્યા. ભગવાનને સીહાની આ સ્થિતિની જાણ થઈ, તો તેમણે સીહા અણગારને બોલાવડાવ્યો અને તેને કહ્યું : "સીહા, મારી તકલીફની કલ્પના કરીને દુઃખી થવાની જરૂર નથી. ગોશાલકની તેજોલેશ્યાના પ્રભાવથી મને કષ્ટ તો છે, પણ હું મરવાનો નથી. હું હજુ સાડા પંદર વરસ સુધી જિનચર્યામાં વિચરણ કરીશ. તું મેઢિયા ગામમાં રેવતી ગાથાપત્નીને ઘેર જા અને તેની પાસેથી મારા માટે તૈયાર કરેલ આહાર ન લઈને જૂનો બિજોરાપાક લઈને આવ, જે આ વ્યાધિને મટાડવા માટે યોગ્ય છે." ભગવાનની આજ્ઞા સાંભળી સીહા અણગાર ખૂબ પ્રસન્ન થયા અને તરત જ મેઢિયા ગામમાં રેવતીને ત્યાં પહોંચ્યા. રેવતીને ત્યાંથી મળેલ બિજોરાપાક ખાવાથી ભગવાનનું શરીર પીડામુક્ત થવા લાગ્યું અને થોડા જ દિવસમાં તેઓ પહેલાંની જેમ તેજસ્વી થઈ ગયા. ભગવાનને પૂરો સ્વાસ્થ્ય લાભ થવાથી માનવ અને સુરલોકમાં બધે જ ખુશીનું મોજું દોડી ગયું. રેવતીએ પણ ભાવપૂર્વક આપવામાં આવેલ આ દાનના ફળરૂપે દેવગતિનો બંધ અને તીર્થંકર નામકર્મ પ્રાપ્ત કર્યું.

## સર્વાનુભૂતિ વગેરેની ગતિ

એક દિવસ ગૌતમે ભગવાનને પૂછ્યું : "ભગવંત ! આપના અંતેવાસી સર્વાનુભૂતિ અણગાર જે ગોશાલકની તેજોલેશ્યાથી ભસ્મ કરી દેવામાં આવ્યો છે, તેને શી ગતિ મળી ?" ભગવાને જવાબ આપ્યો : "સર્વાનુભૂતિ આઠમા સ્વર્ગમાં અઢાર સાગરની ઉંમરવાળા દેવરૂપે પેદા થયો છે, અને ત્યાંથી છૂટીને મહાવિદેહમાં જન્મ લઈને સિદ્ધ-બુદ્ધ તથા મુક્ત થશે. તે જ રીતે સુનક્ષત્ર બારમા અચ્યુત કલ્પમાં બાવીસ સાગરની ઉંમર ભોગવીને મહાવિદેહમાં પેદા થશે અને ત્યાં ઉત્તમ કર્મો કરીને બધાં કર્મોનો ક્ષય કરીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે."

ત્યારે ગૌતમે પૂછ્યું : "ગોશાલક કાળ કરીને ક્યાં ગયો ?" પ્રભુએ કહ્યું : "છેલ્લા વખતની પરિણામશુદ્ધિથી ગોશાલક બારમા સ્વર્ગમાં બાવીસ સાગરની સ્થિતિવાળા દેવરૂપે પેદા થયો છે. ત્યાંથી ફરી જન્મોજન્મ સુધી નરક અને તિર્યંચનાં દારુણ દુઃખોને સહન કર્યા બાદ સમ્યગ્દષ્ટિ પ્રાપ્ત કરશે. છેલ્લા ભવમાં સંયમ-ધર્મનું પાલન કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરશે અને કર્મક્ષય કરીને બધાં દુઃખોનો અંત કરશે."

મેઢિયા ગામથી વિહાર કરીને ભગવાન મિથિલા પધાર્યા અને ત્યાં જ વર્ષાકાળ પૂરો કર્યો. તે જ વરસે જમાલિ મુનિનો ભગવાન સાથે મતભેદ થયો અને સાધ્વી સુદર્શના ઢંક કુંભાર દ્વારા બોધ પામીને ફરીથી ભગવાનના સંઘમાં સામેલ થઈ ગઈ.

## કેવળીચર્યાનું સોળમું વરસ

મિથિલામાં વર્ષાકાળ પૂરો કરી ભગવાને હસ્તિનાપુર તરફ વિહાર કર્યો. તે વખતે ગૌતમ સ્વામી કેટલાક સાધુવર્ગ સાથે વિચરતા-વિચરતા શ્રાવસ્તીમાં આવેલ કોષ્ઠક બાગમાં પધાર્યા. નગરની બહાર તિંદુક બાગમાં પાર્શ્વપરંપરાના કેશીકુમાર શ્રમણ પોતાના મુનિ-મંડળ સાથે રોકાયેલા હતા. તેઓ મતિ, શ્રુતિ, અવધિ આ ત્રણ જ્ઞાનના ધારક હતા. આ રીતે તે વખતે શ્રાવસ્તીમાં શ્રમણોના બે વર્ગ વિચરણ કરી રહ્યા હતા. બંનેની વેશ-ભૂષા અને આચાર-વિચારમાં થોડો ફરક હતો. આથી લોકોના મનમાં આની વિશે શંકાઓ થવી સ્વાભાવિક હતી કે એક જ

ધર્મના બે વર્ગોમાં આ રીતનો ફરક કેમ ? એક ચાતુર્યામના સમર્થક તો બીજા પંચવ્રતી કેમ ? એકનો ધર્મ અચેલક છે તો બીજાનો સચેલક કેમ ? લક્ષ એક છે, પણ વ્યવહાર અલગ કેમ ?

કેશી અને ગૌતમના મનમાં આ વિચાર પેદા થયો કે - 'આપણે બંને સાથે મળીને આની પર પરસ્પર વિચાર કરીએ, જેથી શ્રમણો અને શ્રાવકો બંનેના મનમાંથી શંકાઓ દૂર થઈ જાય.' કેશીકુમારની મોટાઈ અને શ્રેષ્ઠતાનું ધ્યાન રાખીને મર્યાદાશીલ ગૌતમ પોતાના શિષ્યમંડળ સાથે તિંદુક વનમાં પધાર્યા. કેશીકુમારે ગૌતમનો સુયોગ્ય સ્વાગત-સત્કાર કર્યો અને સન્માન આપ્યું બે માનનીય સ્થવિરોના આ અદભુત સંગમને જોવા અને તેમના વિચારોના આદાન-પ્રદાનને સાંભળવા માટે તેમની શિષ્ય મંડળી ઉપરાંત હજારો લોકમેદની ભેગી થઈ ગઈ હતી.

કેશીકુમારે ગૌતમને કહ્યું : "મહાભાગ, અમારું સૌભાગ્ય છે કે આપ આપના શ્રમણવર્ગ સાથે અહીં પધાર્યા છો. હું ઇચ્છું છું કે આપ મારી કેટલીક શંકાઓનું સમાધાન કરો. મારી પહેલી શંકા એ છે કે - 'ભગવાન પાર્શ્વનાથે ચાતુર્યામધર્મ કહ્યો છે, જ્યારે ભગવાન મહાવીરે પંચ-મહાવ્રત રૂપ ધર્મ - તેનું શું કારણ છે ?'"

ગૌતમે કહ્યું : "જે સમયે લોકોને જેવી બુદ્ધિ હોય છે, તે મુજબ જ ધર્મ-તત્ત્વનું કથન કરવામાં આવે છે. પ્રથમ તીર્થંકર વખતે લોકો સરળ અને જડ હતા અને છેલ્લા તીર્થંકર મહાવીર વખતે લોકો વાંકા અને જડ છે. પહેલાના લોકોને સમજાવવું અઘરું હતું, તો આજના લોકોને વ્રતનું પાલન કરવું અઘરું છે. આથી બંને એ વ્રતોને વધુ સ્પષ્ટ કરીને પાંચ મહાવ્રતરૂપ ધર્મ બતાવ્યો. વચ્ચેના તીર્થંકરોના કાળમાં લોકો સરળ અને બુદ્ધિશાળી હતા. ઉપદેશને સહેલાઈથી સમજીને તેનું પાલન પણ સરળતાથી કરતા હતા, માટે વચ્ચેના ૨૨ તીર્થંકરોએ ચાતુર્યામીધર્મનો ઉપદેશ આપ્યો."

ગૌતમના વર્ણનમય જવાબથી કેશીકુમાર ખૂબ જ સંતુષ્ટ થયા અને તેમણે બીજો પ્રશ્ન કર્યો : "વર્દ્ધમાન મહાવીરે અચેલકધર્મ બતાવ્યો, જ્યારે ભગવાન પાર્શ્વનાથે ઉત્તરોત્તર પ્રધાન વસ્ત્રવાળા ધર્મનો ઉપદેશ આપ્યો, તેનું શું કારણ ?" ગૌતમે જવાબ આપ્યો : "લોકોની જાણકારી માટે વેશની જરૂર હોય છે. વેશ તો બાહ્ય છે, જે બદલી શકાય છે. ખરેખર

મોક્ષની સાધનામાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ ચોક્કસ લિંગ છે, જે ક્યારે પણ બદલી નથી શકતા. બાહ્યવેશ જરૂરી હોવા છતાં પણ ગૌણ છે, મુખ્ય અને મહત્ત્વનાં તો આંતરિક તત્ત્વો જ છે, જે ભગવાન પાર્શ્વનાથ અને મહાવીર બંને જેવા જ છે."

ગૌતમ સ્વામીના મુખારવિંદથી આ રીતે ૧૨ જુદી-જુદી શંકાઓનું સંતોષકારક સમાધાન મેળવીને કેશીકુમાર શ્રમણ ખૂબ પ્રસન્ન થયા અને તેમણે ગૌતમને પ્રણામ કરીને પોતાના શિષ્ય સમુદાય સાથે તેમની પાસે ભગવાન મહાવીરનો પંચમહાવ્રતરૂપી ધર્મ અંગીકાર કર્યો.

કેશી અને ગૌતમના આ ધાર્મિક અને આધ્યાત્મિક વાર્તાલાપનો ત્યાં હાજર લોકો પર મોટો પ્રભાવ પડ્યો. શ્રાવસ્તીમાં આ જ્ઞાન-સંગમની ચર્ચા ઘણા દિવસો સુધી થઈ અને પરિણામે લોકોના આચાર-વ્યવહાર પર ખૂબ જ અનુકૂળ અસર પડી.

ત્યાં ભગવાન મહાવીર કુરુ જનપદ હોવા છતાં પણ હસ્તિનાપુર પધાર્યા અને સહસ્રામ્રવનમાં બિરાજમાન થયા. હસ્તિનાપુરમાં તે વખતે રાજા શિવ રાજ કરતા હતા. તેઓ સ્વભાવે સંતોષી, ભાવનાશીલ અને ધર્મપ્રેમી હતા. એકવાર અડધી રાતે તેમની ઊંઘ ઊડી, તો તેમના મનમાં વિચાર આવ્યો કે - 'હું બધી જ રીતે સુખી છું, ધન-ધાન્ય, પુત્ર, મિત્ર, ભંડાર વગેરે બધાંમાં વૃદ્ધિ કરી રહ્યો છું, તો પણ ભોગ અને ઐશ્વર્યનું જંતુ બનીને જ જીવન પસાર કરવું ઠીક નથી. મારે મારા ભવિષ્ય માટે પણ કાંઈક કરવું જોઈએ. સારું થશે કે કાલે સવાર પડતા જ પુત્ર શિવભદ્રકુમારનું રાજતિલક કરી દઉં અને પોતે સંન્યાસ ગ્રહણ કરી લઉં.' પરોઢિયે તેમણે તાપસી દીક્ષા ગ્રહણ કરી લીધી અને નિર્ણય કર્યો કે - 'તેઓ નિરંતર છટ્ઠની તપસ્યા કરતા-કરતા દિશા ચક્રવાતથી બંને હાથ ઉઠાવીને સૂર્યની સામે આતાપના લેતા-લેતા વિચરણ કરશે.'

આ રીતે તેઓ રાજર્ષિ બની ગયા. છટ્ઠ તપના પારણાના દિવસે વિધિસર વેદિકાની રચના કરતા, હવન કરતા તથા અતિથિ પૂજા કર્યા પછી ભોજન કરતા. આ રીતે લાંબા સમય સુધી આતાપનાપૂર્વક તપ કરતા-કરતા શિવરાજર્ષિને વિભંગ-જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. તેઓ સાત ટાપુ અને સાત સમુદ્ર સુધી જાણવા અને જોવા લાગ્યા. આ ઉપલબ્ધિથી

તેઓ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા : "મને તપસ્યાથી જ્ઞાન મળ્યું છે કે સંસારમાં સાત સમુદ્ર અને સાત ટાપુઓની આગળ કંઈ જ નથી." શિવરાજર્ષિની આ વાત ઇન્દ્રભૂતિના કાને પડી, તો તેમણે ભગવાનને આ વિશે પૂછ્યું. ભગવાને કહ્યું : "ના, આ પૃથ્વી પર અસંખ્ય ટાપુ અને સમુદ્ર છે." લોકોને ભગવાન મહાવીર અને ગૌતમની પ્રશ્નોત્તરીની વાત ખબર પડી, તો લોકોમાં શિવરાજર્ષિ અને મહાવીરના કથન પર ચર્ચા થવા લાગી. શિવરાજર્ષિના મનમાં સંકલ્પ-વિકલ્પ ઊઠવા લાગ્યા અને આ અસમંજસની સ્થિતિમાં તેમનું વિભંગ-જ્ઞાન લુપ્ત થઈ ગયું. તેમણે વિચાર્યું - 'લાગે છે કે મારા જ્ઞાનમાં જ ખોટ હતી, મહાવીરનું કથન જ સાચું હશે.' તેઓ તાપસી-આશ્રમથી નીકળીને સહસ્રામ્રવન પહોંચ્યા અને મહાવીરને પ્રણામ કરીને યોગ્ય સ્થળે બેસી ગયા. ભગવાનનો ઉપદેશ પૂરો થયા બાદ તેમણે ભગવાનને પ્રાર્થના કરી : "ભગવન્ ! કૃપા કરીને મને આપના નિર્ગ્રંથધર્મમાં દીક્ષિત કરો." ભગવાનની પરવાનગી મેળવીને તેમણે તાપસી વેશભૂષા અને સાધનોનો ત્યાગ કર્યો તથા પંચમુષ્ટિ લોચ કરી પંચમહાવ્રત ગ્રહણ કર્યાં. નિર્ગ્રંથમાર્ગમાં પ્રવેશ કરીને તેમણે જુદાં-જુદાં તપ કર્યાં, એકાદશ અંગનો અભ્યાસ કર્યો અને છેવટે સકળ કર્મોનો ક્ષય કરીને નિર્વાણ પ્રાપ્ત કર્યું.

થોડા સમય બાદ ભગવાન હસ્તિનાપુરથી મોકા નગરી થઈને વાણિજ્ય ગામ પધાર્યા અને ત્યાં જ વર્ષાવાસ કર્યો. તે વરસે દીક્ષા લેવાવાળાઓમાં પોટ્ટિલ અણગારનું નામ પણ ઉલ્લેખનીય છે.

## કેવળીચર્યાનું સત્તરમું વરસ

વર્ષાકાળ પૂરો થતાં જ ભગવાને વિદેહથી મગધ તરફ વિહાર કર્યો અને રાજગૃહ પહોંચીને ગુણશીલ ચૈત્યમાં સમવસરણ કર્યો. તે વરસે ઘણા સાધુઓ એ રાજગૃહના વિપુલાચલ પર અનશન કરીને આત્માનું કાર્ય સિદ્ધ કર્યું. ભગવાને તે વર્ષાકાળ પણ રાજગૃહીમાં જ વિતાવ્યો.

## કેવલીચર્યાનું અઢારમું વરસ

રાજગૃહનું ચાતુર્માસ પૂરો કરી ભગવાને ચંપા તરફ વિહાર કર્યો અને તેના પશ્ચિમ ભાગ પૃષ્ઠચંપામાં બિરાજમાન થયા. પ્રભુના આગમનની વાત સાંભળીને ચંપાના રાજા શાલે પોતાના નાના ભાઈ યુવરાજ

મહાશાલ સાથે પ્રભુનો ઉપદેશ સાંભળ્યો અને તેના પ્રભાવથી સંસારથી વિરક્ત થઈને શ્રમણધર્મ સ્વીકાર કર્યો. પૃષ્ઠચંપાથી ભગવાન ચંપાના પૂર્ણભદ્ર ચૈત્યમાં પહોંચ્યા. તેમના સમવસરણમાં શ્રમણોપાસક કામદેવ પણ હાજર હતા. દેશના પૂરી થઈ ગયા બાદ ભગવાને શ્રમણ નિર્ગ્રંથોને સંબોધિત કરીને કહ્યું : "કામદેવે ગૃહસ્થજીવનમાં રહીને પણ ઉત્પાતોને સમભાવથી સહન કર્યા છે. બધા શ્રમણ નિર્ગ્રંથોએ તેનાથી પ્રેરણા લેવી જોઈએ. સાધુ-સાધ્વી સમુદાયે સવિનય આ વાત સ્વીકારી."

ચંપાથી વિહાર કરીને ભગવાન દશાર્ણપુર તરફ પધાર્યા. ત્યાંનો રાજા ભગવાનનો મોટો ભક્ત હતો. તે ચતુરંગિણી સેના સાથે મોટા આડંબરભર્યા ધામધૂમથી પ્રભુની સેવા માટે નીકળ્યો. રસ્તામાં તેના મનમાં ગર્વ થયો કે - 'આટલા બધા વૈભવ સાથે ભગવાન પાસે કોણ આવ્યું હશે ?' તે જ વખતે આકાશમાર્ગથી ઊતરતા દેવરાજ ઇન્દ્રના વૈભવ પર તેની નજર પડી, તો તેનું ઘમંડ ટુકડે ટુકડા થઈ ગયું. પણ તેણે પોતાના ગૌરવની રક્ષા માટે ભગવાન પાસે તે જ ઘડીએ દીક્ષા ગ્રહણ કરી અને શ્રમણ સંઘમાં સ્થાન મેળવી લીધું. દેવરાજ ઇન્દ્ર, જે તેના ગર્વને નષ્ટ કરવા માટે અદ્‌ભુત વૈભવ સાથે આવ્યા હતા, દશાર્ણભદ્રના આ સાહસને જોઈને શરમાઈ ગયા અને તેમને વંદન કરીને પોતાની જગ્યાએ પાછા ફરી ગયા.

દશાર્ણપુરથી વિદેહમાં વિચરણ કરીને ભગવાન વાણિય ગામ પધાર્યા ત્યાં સોમિલ નામનો એક બ્રાહ્મણ, જે વેદશાસ્ત્રોનો જાણકાર હતો, પોતાના શિષ્યો સાથે ભગવાનની પાસે પહોંચ્યો અને ઊભા-ઊભા જ યાત્રા, યાપનીય, અવ્યાબાધ અને પ્રાસુક વિહાર વિશે પ્રશ્ન કર્યા. આ પ્રશ્નોમાં પ્રભુને જવાબહીન ન કરી શકતા સોમિલે ભક્ષ્યાભક્ષ્ય વિશે કેટલાક અટપટા પ્રશ્ન પૂછ્યા. આ પ્રશ્નોનો પણ સંતોષકારક જવાબ મેળવી લીધા બાદ મહાવીરની તત્ત્વજ્ઞતાને સમજવા માટે તેણે કેટલાક સૈદ્ધાંતિક પ્રશ્ન પૂછ્યા. પ્રભુના યુક્તિમય સમાધાન મેળવીને સોમિલ ખૂબ પ્રભાવિત થયો અને તેણે પ્રભુ પાસે શ્રદ્ધાપૂર્વક શ્રાવકધર્મ સ્વીકાર કર્યો અને છેવટે સમાધિપૂર્વક ઉંમર પૂરી કરી સ્વર્ગનો અધિકારી થયો. ભગવાને પોતાનો ચાતુર્માસ વાણિજ્ય ગામમાં પૂરો કર્યો.

# કેવળીચર્યાનું ઓગણીસમું વરસ

વર્ષાકાળ પૂરો થવાથી ભગવાન કૌશલ દેશના સાકેત, સાવત્થી વગેરે સ્થળોથી વિહાર કરતા-કરતા પાંચાલ પધાર્યા ને કમ્પિલપુરના સહસ્ત્રામ્રવનમાં રોકાયા. ત્યાં અંબડ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે સંન્યાસી હતો અને તેના સાતસો શિષ્ય હતા. જ્યારે તેણે મહાવીરનું ત્યાગ-તપમય જીવન જોયું અને વીતરાગયુક્ત પ્રવચન સાંભળ્યાં, તો પોતાના શિષ્યો સાથે જૈન ધર્મનો ઉપાસક બની ગયો અને સંન્યાસીની વેશભૂષા રાખવા છતાં પણ દેશવિરતિ ચારિત્રનું આચરણ કરવા લાગ્યો. એક દિવસ ભિક્ષા માટે ભ્રમણ કરતી વખતે ગૌતમે સાંભળ્યું કે - 'અંબડ સંન્યાસી કમ્પિલપુરમાં એકસાથે સો ઘરોમાં આહાર ગ્રહણ કરતો દેખાય છે, તો તેમણે જિજ્ઞાસાપૂર્વક ભગવાનથી આના વિશે જાણવા ઇચ્છ્યું.' ભગવાને કહ્યું : "અંબડ એક ખૂબ જ ભદ્ર અને વિનીત પ્રકૃતિનો સંન્યાસી છે. નિરંતર છઠ્ઠ તપ સાથે આતાપના કરવાથી તેને શુભ-પરિણામોથી વીર્યલબ્ધિ ને વૈક્રિયલબ્ધિ સાથે અવધિજ્ઞાન પણ પ્રાપ્ત થયું છે. આથી લબ્ધિબળથી તે સો રૂપ બનાવીને સો ઘરોમાં જોવા મળે છે. તે અંબડ જીવાજીવનો જાણકાર શ્રમણોપાસક છે, તે શ્રમણધર્મગ્રહણ નહિ કરે."

અંબડની વિહારચર્યા વિશે જણાવતા ભગવાને કહ્યું : "તે સ્થૂળ હિંસા, અસત્ય અને અદત્તાદાનનો ત્યાગી, સર્વથા બ્રહ્મચારી અને સંતોષી છે. તે યાત્રા વખતે રસ્તામાં આવેલ પાણી સિવાય બીજી નદી, તલાવ કે કૂવામાં નથી ઊતરતો, વાહનો પર નથી બેસતો, પગપાળા જ યાત્રા કરે છે, રમત-તમાશો નથી દેખતો અને ન તો કોઈ વિકથા કરે છે. લીલી વનસ્પતિને સ્પર્શ નથી કરતો કે છેદન-ભેદન પણ નથી કરતો. વાસણમાં તુંબડું, લાકડાનું વાસણ કે માટીનું વાસણ જ રાખે છે, કોઈ ધાતુનું નહિ. ભગવા રંગની ચાદર સિવાય કોઈ બીજું કપડું પહેરતો નથી. શરીર પર ગંગાની માટી સિવાય બીજી કોઈ વસ્તુનો લેપ નથી કરતો. તે ગાળેલું પાણી જ વાપરે છે, તે પણ બીજા વડે આપેલું. અંબડ સંન્યાસી ઘણાં વરસોનું સાધનામય જીવન ગુજારીને છેવટે એક મહિનાના અનશનની આરાધના કરીને બ્રહ્મલોક-સ્વર્ગમાં ઋદ્ધિમાનદેવના રૂપે પેદા થશે." કામ્પિલપુરથી વિહાર કરીને ભગવાન વૈશાલી પધાર્યા અને ત્યાં જ વર્ષાકાળ પસાર કર્યો.

## કેવળીચર્યાનું વીસમું વરસ

વર્ષાકાળ પૂરો થવાથી ભગવાન ઘણાં સ્થળોએ વિચરણ કરતા-કરતા એકવાર ફરીથી વાણિજ્ય ગ્રામ પધાર્યા. ત્યાંના દૂતિપલાશ ચૈત્યમાં જ્યારે ભગવાન દેશના આપી રહ્યા હતા, ત્યારે પાર્શ્વસંતાનીય ગાંગેય મુનિ ત્યાં આવ્યા. તેમણે દેશના પછીથી ભગવાનને બીજા પ્રશ્ન કર્યા અને તેમના જવાબોથી સંતુષ્ટ થઈને કહ્યું કે - "આપ સર્વજ્ઞ છો." તેમણે ભગવાનનો પંચમહાવ્રત ધર્મ સ્વીકાર કર્યો અને તેમના શ્રમણ સંઘમાં સામેલ થઈ ગયા. ભગવાન ત્યાંથી વિહાર કરીને વૈશાલી પધાર્યા અને ત્યાં જ ચાતુર્માસ પસાર કર્યો.

## કેવળીચર્યાનું એકવીસમું વરસ

વર્ષાકાળ પૂરો કરી ભગવાને વૈશાલીથી મગધ તરફ પ્રયાણ કર્યું અને રાજગૃહ પહોંચીને ગુણશીલ બાગમાં બિરાજમાન થયા. ગુણશીલ બાગ પાસે બીજા તીર્થના ઘણા સાધુ રહેતા હતા. તેઓ વખતોવખત અંદરોઅંદર વાદ-વિવાદ કર્યા કરતા હતા. આ વાદ-વિવાદોમાં લગભગ પોતાના મતનું મંડન અને બીજાના મતનું ખંડન થયા કરતું હતું. ગૌતમે તેમની વાતો સાંભળી તો ભગવાન સામે પોતાની જિજ્ઞાસાઓ મૂકી. ભગવાને એવી જ એક જિજ્ઞાસાના જવાબમાં જણાવ્યું કે - "જીવ અને જીવાત્મા એક જ છે, અલગ નથી."

એક દિવસ બાગ પાસે આશ્રમમાં કેટલાક લોકો પંચાસ્તિકાય વિષય પર ચર્ચા કરી રહ્યા હતા કે - મદ્દુક નામનો શ્રાવક ત્યાંથી નીકળ્યો. તે લોકોએ તેને જોઈને કહ્યું કે - 'મદ્દુક મહાવીરના સિદ્ધાંતોનું સારું જ્ઞાન ધરાવે છે, તો તેનું જ મંતવ્ય કેમ ન લેવામાં આવે.' એવું વિચારીને તેઓ મદ્દુક પાસે પહોંચ્યા અને તેને પંચાસ્તિકાય વિશે અનેક પ્રશ્ન કર્યા. મદ્દુકની યુક્તિઓ અને તર્ક સાંભળીને તે બધા અવાક્ થઈ ગયા.

જ્યારે મદ્દુક ભગવાનનાં દર્શન કરવા પહોંચ્યો ત્યારે ભગવાને તેના વખાણ કર્યા. ગૌતમ મદ્દુકની યોગ્યતા, વિલક્ષણતા જોઈને ખૂબ પ્રભાવિત થયા. તેના ગયા બાદ તેમણે ભગવાનને પૂછ્યું : "પ્રભુ ! શ્રાવક મદ્દુક શું શ્રમણ દીક્ષા સ્વીકાર કરશે ?" ભગવાને કહ્યું : "ના, તે ગૃહસ્થધર્મમાં રહીને જ આરાધનાપૂર્વક જીવન પૂરું કરશે અને અરુણાભ વિમાનમાં દેવ બનશે, પછી મનુષ્યભવમાં સંયમધર્મની સાધના કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે." ભગવાને આ ચાતુર્માસ રાજગૃહમાં જ પૂરો કર્યો.

## કેવળીચર્યાનું બાવીસમું વરસ

રાજગૃહથી વિહાર કરીને જુદાં-જુદાં સ્થળોએ વિચરણ કરીને ભગવાન ફરી રાજગૃહ પધાર્યા અને ગુણશીલ ચૈત્યમાં રોકાયા. એક વાર જ્યારે ઇન્દ્રભૂતિ ગૌતમ ભિક્ષા ગ્રહણ કરી ગુણશીલ ચૈત્ય તરફ પાછા ફરી રહ્યા હતા, તો કાલોદાયી અને શૈલોદાયી નામના તીર્થંક રસ્તામાં મળ્યા અને બોલ્યા કે - "આપના ધર્માચાર્ય જ્ઞાતપુત્ર મહાવીર ધર્માસ્તિકાય આદિ પંચાસ્તિકાયનું જે વર્ણન કરે છે, તેનો સાચો અર્થ અમને સમજાવી શકો તો સારું થશે." ગૌતમે ટૂંકમાં કહ્યું : "અમે અસ્તિત્વમાં 'નાસ્તિત્વ' અને નાસ્તિત્વમાં 'અસ્તિત્વ નથી કહેતા. તમે પોતે ચિંતન કરીને મર્મ સમજી શકશો." આમ કહીને ગૌતમ આગળ ચાલ્યા ગયા, પણ આનાથી તેમની સમસ્યાનું સમાધાન ના થયું, આથી તેઓ પણ ગૌતમની પાછળ પાછળ ભગવાન પાસે પહોંચ્યા. ભગવાને તેમને પંચાસ્તિકાય વિશે સમજાવ્યું અને યોગ્ય તક જોઈને દેશના આપી. જેનાથી પ્રભાવિત થઈને કાલોદાયી નિર્ગ્રંથમાર્ગે દીક્ષિત થઈને મુનિ બની ગયા અને ક્રમશઃ અગિયાર અંગોનો અભ્યાસ કરીને તે પ્રવચન-રહસ્યનો કુશળ જાણકાર બની ગયો.

રાજગૃહના ઈશાન ખૂણામાં નાલંદા નામનું નગર હતું. ત્યાં શેષ-દ્રવિકા નામની શાળા પાસે હસ્તિ ગામ બાગમાં એકવાર ભગવાન મહાવીર બિરાજમાન હતા. ત્યાં પાર્શ્વનાથ પરંપરાના શ્રમણ પેઢાલપુત્ર ઉદક ઇન્દ્રભૂતિને મળ્યા. ઉપાસકો વડે હિંસા-ત્યાગ વિશે પ્રતિજ્ઞા વિશે ઉદક દ્વારા કરવામાં આવેલ શંકાનું સમાધાન કરતા ઇન્દ્રભૂતિએ કહ્યું : "ત્રસની હિંસાનો ત્યાગ કરવાવાળાને વર્તમાન ત્રસપર્યાયની હિંસાનો જ ત્યાગ થાય છે, ભૂતકાળમાં તે સ્થાવર હતો કે ત્રસ, એનાથી કોઈ મતલબ નથી. જે વર્તમાનમાં ત્રસ પર્યાયધારી છે, તેની હિંસા તેના માટે વર્જ્ય હોય છે. ત્યાગીનું લક્ષ્ય વર્તમાનપર્યાયથી છે. ભૂતકાળમાં શું પર્યાય હતી કે ભવિષ્યમાં શું થવાની છે, તે જ્ઞાની જ જાણી શકે છે. આથી જે લોકો સંપૂર્ણ હિંસા-ત્યાગરૂપી શ્રામણ્ય નથી સ્વીકારી શકતા તેઓ મર્યાદિત પ્રતિજ્ઞા કરીને કુશળ પરિણામના જ લાયક માનવામાં આવે છે. આ રીતે ત્રસ હિંસાના ત્યાગી શ્રમણોપાસકનું સ્થાવર-પર્યાયની વિરાધનાથી વ્રત ભંગ નથી થતું."

આ રીતે બીજા પણ ઘણાં ઉદાહરણો સાથે ગૌતમનાં યુક્તિમય પ્રમાણોથી ઉદક-પેઢાલની શંકા દૂર થઈ. તે ઊઠીને જવા લાગ્યો, તો ગૌતમે કહ્યું : "ઉદક, તમે જાણો છો કે કોઈ પણ શ્રમણ-માહણથી ધર્મયુક્ત વચન સાંભળીને તેની પાસેથી જ્ઞાન મેળવવાવાળી વ્યક્તિ તેને ભગવાન જેવો માનીને તેને માન આપે છે." ગૌતમના સંકેતનો અર્થ ઉદક સમજી ગયો. તેણે ગૌતમ પ્રત્યે પૂરી શ્રદ્ધા વ્યકત કરી અને સાથોસાથ ભગવાનનાં ચરણોમાં રજૂ થઈને પંચ-મહાવ્રતરૂપી દીક્ષા સ્વીકાર કરી અને મહાવીરના શ્રમણ સંઘમાં સામેલ થઈ ગયા. પ્રભુએ તે વરસનો ચાતુર્માસ નાલંદામાં જ પસાર કર્યો.

## કેવળીચર્યાનું ત્રેવીસમું વરસ

વર્ષાકાળ પૂરો થવાથી ભગવાન નાલંદાથી વિહાર કરીને વિદેહમાં વાણિજ્ય ગામ પધાર્યા. તે દિવસોમાં વાણિજ્ય ગામ વેપાર માટે ખૂબ જ પ્રસિદ્ધ હતું. ત્યાં સુદર્શન નામનો એક વેપારી રહેતો હતો. વાણિજ્ય ગામમાં દૂતિપલાશ ચૈત્યમાં ભગવાન રોકાયેલા હતા. ત્યાં ભગવાનનાં દર્શન માટે આવવાવાળા લોકોની ભીડ જામી હતી. સુદર્શન પણ ભગવાનની સેવામાં પહોંચ્યો. લોકોના ગયા પછી સુદર્શને ભગવાનને કાળના પ્રકાર વિશે પૂછ્યું. સુદર્શનને પલ્યોપમનો કાળમાન સમજાવતા ભગવાને તેના ગયા જન્મની કથા સંભળાવી. ભગવાનના મોઢેથી પોતાના ગતજન્મની વાત સાંભળીને સુદર્શનને પોતાનો પૂર્વજન્મ યાદ આવી ગયો. તેણે તે જ વખતે શ્રમણદીક્ષા સ્વીકારી લીધી. પછી ક્રમશઃ એકાદશાંગી અને ચૌદપૂર્વોનો અભ્યાસ કરીને તેણે બાર વરસ સુધી શ્રમણધર્મનું પાલન કર્યું અને છેવટે કર્મક્ષય કરીને નિર્વાણ પામ્યા.

એકવાર ગૌતમ વાણિજ્ય ગામમાં ભિક્ષા માટે ભ્રમણ કરીને જ્યારે દૂતિપલાશ ચૈત્ય તરફ પાછા ફરી રહ્યા હતા, તો તેમણે રસ્તામાં આનંદ શ્રાવકના અનશન-ગ્રહણની વાત સાંભળી. તેમણે વિચાર્યું - 'આનંદ પ્રભુનો ઉપાસક શિષ્ય છે તેણે અનશન ગ્રહણ કરી રાખ્યું છે, તો તેણે જઈને જોવું જોઈએ અને તેઓ કોલ્લાગ સન્નિવેશ પધાર્યા. ગૌતમને પોતાની પાસે આવેલા જોઈને આનંદ ખૂબ ખુશ થયો. તેણે તેમને પ્રણામ (વંદન) કર્યા અને થોડી વાર પછી બોલ્યો : "ભગવન્ ! શું ઘેર રહીને ગૃહસ્થ પણ અવધિજ્ઞાનનો અધિકારી બની શકે છે ?" ગૌતમે કહ્યું : "હા."

ત્યારે આનંદે કહ્યું : "મને પણ અવધિજ્ઞાન થયું છે અને હું ઉત્તરમાં ચુલ્લહિમવંત પર્વત સુધી, લવણસમુદ્રમાં ત્રણે બાજુ ૫૦૦-૫૦૦ જોજન સુધી, ઉપર સૌદ્ધર્મ દેવલોક સુધી, નીચે લોલચ્ચુઅ નરકાવાસ સુધીના પદાર્થોને જાણું અને જોઉં છું."

ગૌતમે કહ્યું : "ગૃહસ્થને અવધિજ્ઞાન તો થાય છે, પણ આટલા દૂર સુધીનું નહિ. આથી તારે આ અસત્ય બોલની આલોચના કરવી જોઈએ." આથી આનંદે કહ્યું : "હું સત્ય કહી રહ્યો છું, કદાચ આલોચના આપે કરવી જોઈએ."

ગૌતમના મનમાં શંકા ઉત્પન્ન થઈ ગઈ. અને તેઓ તરત જ ભગવાન પાસે પહોંચ્યા. ભગવાને કહ્યું : "આનંદે જે કહ્યું તે બરાબર છે, આથી તારે પોતાના અસત્ય કથન માટે આલોચના કરવી જોઈએ." ભગવાનની વાત સાંભળીને ગૌતમ પારણા કર્યા વગર આનંદ પાસે પહોંચ્યા અને પોતાની ભૂલનો સ્વીકાર કરીને તેમની પાસે માફી માંગી. ત્યાંથી પ્રયાણ કરી વિહાર કરતા-કરતા ભગવાન વૈશાલી પહોંચ્યા ને ત્યાં જ વર્ષાવાસ કર્યો.

## કેવળીચર્યાનું ચોવીસમું વરસ

વૈશાલીમાં ચાતુર્માસ પૂરો કરી ભગવાન કૌશલભૂમિમાં સાકેત નગરી તરફ પધાર્યા. ત્યાંનો એક પ્રસિદ્ધ શ્રાવક જિનદેવ ભ્રમણ કરતો-કરતો કોટિવર્ષ નગરે પહોંચ્યો. ત્યાંનો કિરાતરાજ મ્લેચ્છ વંશનો હતો. વેપાર માટે આવેલ જિનદેવે તેમને જુદી-જુદી જાતનાં રત્ન વગેરે ભેટ આપ્યાં. તે વસ્તુઓને જોઈને કિરાતરાજે કહ્યું : "આ વસ્તુઓ ક્યાં ઉત્પન્ન થાય છે ?" જિનદેવે કહ્યું : "અમારો દેશ આ રત્નોનો ભંડાર છે." કિરાતરાજે કહ્યું : "તમારા રાજા પાસેથી પરવાનગી લઈને મને પણ સાથે લઈ લો, તો હું તમારો દેશ અને ત્યાંનાં રત્નોને જોવા માંગુ છું." જિનદેવ યાત્રાની બધી વ્યવસ્થા કરીને કિરાતરાજને પોતાની સાથે લઈ આવ્યા અને પોતાને ત્યાં રોકાવાની વ્યવસ્થા કરી દીધી.

તે જ વખતે ભગવાન મહાવીર સાકેતમાં પધાર્યા હતા. લોકોની ભીડ જોઈને કિરાતરાજે પૂછ્યું : "આટલા બધા લોકો ક્યાં જઈ રહ્યા છે ?" જિનદેવે કહ્યું : "મહારાજ, રત્નોનો મોટો સ્વામી અને વેપારી આવ્યો છે, લોકો તેની પાસે જઈ રહ્યા છે." "તો તો આપણે પણ જવું જોઈએ."

કહીને કિરાતરાજ જિનદેવ સાથે ભગવાન મહાવીરના સભા-સ્થળ તરફ ચાલી પડ્યા. સભાભવનમાં ભગવાન મહાવીરનું સિંહાસન અને છત્ર વગેરે જોઈને કિરાતરાજ ચકિત થઈ ગયો. તેમણે ભગવાનને પ્રણામ કર્યા અને તેમને તેમનાં રત્નો વિશે પૂછ્યું. ભગવાને કહ્યું : "રત્ન બે પ્રકારના હોય છે - દ્રવ્ય-રત્ન અને ભાવ-રત્ન, આગળ ભાવ-રત્નના પણ ત્રણ પ્રકાર છે. દર્શન-રત્ન, જ્ઞાન-રત્ન અને ચારિત્ર-રત્ન. આ ત્રણે ભાવ-રત્ન એવાં પ્રભાવશાળી રત્ન છે જે ધારણ કરવાવાળાની પ્રતિષ્ઠા તો વધારે જ છે, સાથોસાથ તેનો લોક-પરલોક બંને સુધારે છે. દ્રવ્ય-રત્નોની અસર મર્યાદિત હોય છે. તેઓ ફક્ત વર્તમાનકાળમાં જ સુખદાયી હોય છે; પણ ભાવ-રત્ન, જન્મ-જન્માંતરમાં સુખદાયક અને સદ્‌ગતિ આપનાર હોય છે." આ સાંભળી કિરાતરાજ ખૂબ ખુશ થયો અને બોલ્યો : "સ્વામી, તો તો મને ભાવ-રત્ન જ આપો." ભગવાને તેનો રજોહરણ અને મુખવસ્ત્રિકા અપાવી, જેને કિરાતરાજે ખુશીથી સ્વીકાર કરી અને ભગવાનના શ્રમણ સંઘમાં સામેલ થઈ ગયો.

સાકેતથી વિહાર કરી ભગવાન પાંચાલ પ્રદેશના કામ્પિલપુર પધાર્યા. ત્યાંથી સૂરસેન, મથુરા, સૌરિપુર, નંદીપુર વગેરે સ્થળોનું ભ્રમણ કરતા-કરતા વિદેહ તરફ પધાર્યા અને વર્ષાકાળ મિથિલામાં વિતાવ્યો.

## કેવળીચર્યાનું પચીસમું વરસ

વર્ષાકાળ પૂરો થતા જ ભગવાને મગધ તરફ પ્રયાણ કર્યું. જગ્યા-જગ્યાએ નિર્ગ્રંથ પ્રવચન કરતા-કરતા પ્રભુ રાજગૃહ પહોંચ્યા અને ગુણશીલ ચૈત્યમાં બિરાજમાન થયા. એક વાર કાલોદાયી શ્રમણે ભગવાનને પૂછ્યું : "વ્યક્તિ અશુભ ફળવાળા કર્મ પોતાની મેળે કેવી રીતે કરે છે ?" ભગવાને કહ્યું : "જેમ કોઈ દૂષિત પકવાન ખાતી વખતે તેના સ્વાદમાં તેનાં દુષ્પરિણામોનો ખ્યાલ નથી આવતો, તે જ રીતે તરત જ સુખદાયક હોવાના લીધે કોઈ કાર્ય કરતી વખતે વ્યક્તિ ભૂલી જાય છે કે તેનું પરિણામ સમય જતાં ખરાબ હોય છે." કાલોદાયીએ ફરી પૂછ્યું : "આવી પરિસ્થિતિમાં વ્યક્તિ શુભકર્મ કેવી રીતે કરે છે ?" ભગવાને કહ્યું : "દવા કડવી હોવા છતાં પણ વ્યક્તિ એ માટે ખાય છે અથવા તેને એ સમજાવીને ખવડાવવામાં આવે છે કે તેનાથી લાભ થશે. શરૂઆતમાં શુભકર્મો પ્રત્યે પ્રવૃત્તિ લાલચથી જ

ઉત્પન્ન કરવામાં આવે છે. પછીથી તેનું પરિણામ સુખદાયક જોઈને લોકો તેને આપમેળે જ કરવા લાગે છે."

કાલોદાયીનો બીજો પ્રશ્ન હિંસા સાથે સંકળાયેલો હતો કે - "એક વ્યક્તિ અગ્નિ સળગાવે છે અને બીજો ઓલવે છે, તો આમાં કોણ વધુ પાપનો ભાગીદાર બને છે ?" ભગવાને કહ્યું : "જો કે આગ ઓલવવાવાળો અગ્નિની હિંસા કરે છે, પણ તે આગ ઓલવીને બીજા પૃથ્વી, જળ, વાયુ, વનસ્પતિ અને ત્રસજીવની હિંસાને રોકે છે, ઓછી કરે છે; જ્યારે કે સળગાવવાવાળો આગને જિંદગી આપે છે, પણ આગ સળગાવવાથી બીજા જીવોની હિંસા થાય છે. આથી આગ સળગાવવાવાળો આગ ઓલવવાવાળા કરતાં વધુ હિંસા કરે છે. માટે પાપનો ભાગીદાર બને છે."

કાલોદાયી પ્રભુના જવાબોથી સંતુષ્ટ થઈ જુદાં-જુદાં રીતનાં તપ કરતો-કરતો અનશન કરી કાળધર્મ પ્રાપ્ત કરી નિર્વાણનો અધિકારી બન્યો. ગણધર પ્રભાસે પણ એક મહિનાનું અનશન કરી એ જ વરસે નિર્વાણ પ્રાપ્ત કર્યું અને ભગવાને પોતાનો ચાતુર્માસ રાજગૃહમાં પૂરો કર્યો.

## કેવળીચર્યાનું છવ્વીસમું વરસ

વર્ષાકાળ પૂરો થવાથી ભગવાન જુદાં-જુદાં સ્થળોએ ધર્મપ્રચાર કરતા-કરતા ફરીથી રાજગૃહના ગુણશીલ ચૈત્યમાં પધાર્યા. આ વરસે અચલભ્રાતા અને મેતાર્ય ગણધરોએ અનશન સાથે નિર્વાણ પ્રાપ્ત કર્યું. ભગવાને આ વરસનો વર્ષાકાળ નાલંદામાં પસાર કર્યો.

## કેવળીચર્યાનું સત્યાવીસમું વરસ

નાલંદાથી વિહાર કરી ભગવાને વિદેહ તરફ પ્રયાણ કર્યું અને ભ્રમણ કરતા-કરતા મિથિલાના મણિભદ્ર ચૈત્યમાં બિરાજ્યા, રાજા જિતશત્રુ ભગવાનની સેવામાં આવ્યા. ભગવાને વિશાળ લોકસમૂહની સામે ધર્મોપદેશ આપ્યો. ઈન્દ્રભૂતિ વગેરે શ્રમણ-શિષ્યોએ સૂર્યનું મંડળ-ભ્રમણ, પ્રકાશ-ક્ષેત્ર અને છાયા, ચંદ્રની વધઘટ, ગ્રહોના લીધે ઉત્પાત, ઉલ્કાપાત, સંવત્સરની શરૂઆત વગેરે વિષયો પર ભગવાનને પ્રશ્ન પૂછ્યા. ભગવાને તે વરસનો ચાતુર્માસ મિથિલામાં જ કર્યો.

## કેવળીચર્યાનું અઠ્ઠાવીસમું વરસ

ચાતુર્માસ બાદ ભગવાને પોતાના વિહારક્રમમાં વિદેહનાં કેટલાંય સ્થળોએ વિચરણ કર્યું. તે દરમિયાન તેમણે ઘણા લોકોને શ્રમણધર્મમાં દીક્ષિત કર્યા અને ઘણા મહાનુભાવોને શ્રાવકધર્મ તરફ પ્રેરિત કર્યા. સંજોગોવશાત્ ભગવાનનો આ ચાતુર્માસ પણ મિથિલામાં જ પસાર થયો.

## કેવળીચર્યાનું ઓગણત્રીસમું વરસ

વર્ષાકાળ પૂરો થવાથી ભગવાને મિથિલાથી મગધ તરફ વિહાર કર્યો ને રાજગૃહ પહોંચીને ગુણશીલ બાગમાં બિરાજમાન થયા. તે વખતે રાજગૃહમાં મહાશતક શ્રાવકે છેવટની આરાધના માટે અનશન કરી રાખ્યું હતું. અનશનમાં અધ્યવસાયની શુદ્ધિથી તેને અવધિજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું, અને તે ચારે બાજુ, ચારે દિશાઓમાં દૂર-દૂર સુધી જોઈ શકતો હતો. તેની એક પત્નીનું નામ રેવતી હતું, જેનો સ્વભાવ અને પ્રકૃતિ મહાશતકથી તદ્દન ભિન્ન હતાં. મહાશતકની ધર્મ-સાધનાથી રેવતી દુઃખી હતી.

એક દિવસ રેવતી તે સ્થળે પહોંચી, જ્યાં મહાશતક પોતાની સાધનામાં લીન હતો. ત્યાં પહોંચીને તે ઊંચા અવાજે મહાશતકને વઢવા - ભાંડવા માંડી અને વિહ્વળ બનીને વાળ ખુલ્લા કરીને અભદ્ર વ્યવહાર કરવા લાગી. મહાશતક ઘણી વાર સુધી શાંત રહ્યો, પણ છેવટે તેને રેવતીના વ્યવહારથી ખેદ થયો અને એકદમ બોલી ઉઠ્યો : "રેવતી, તારો આ રીતનો અભદ્ર અને ઉન્માદકારી વ્યવહાર ઠીક નથી. તારા આ કર્મનું ફળ સારું નહિ હોય. તું સાત દિવસમાં મૃત્યુ પામીશ અને પહેલા નરકમાં જઈશ." મહાશતકના બોલ સાંભળી રેવતી ડરી ગઈ.

છેવટે મહાશતકના કહ્યા મુજબ તેનું મૃત્યુ થઈ ગયું અને તે પહેલા નરકની અધિકારી બની.

મહાશતક ભગવાનનો ધર્મનિષ્ઠ શ્રાવક હતો. તેમને મહાશતકની મનોસ્થિતિની જાણ થઈ ગઈ અને તેમણે ગૌતમને કહ્યું કે - "તમે મહાશતકની પૌષધશાળામાં જઈને તેને કહો કે તેણે રેવતી સાથે જે વ્યવહાર કર્યો છે, તે યોગ્ય ન હતો. આથી તેણે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ." મહાશતકે પ્રભુની આજ્ઞા મુજબ આલોચનાથી આત્મશુદ્ધિ કરી.

ભગવાનના મુખ્ય શિષ્ય અને ગણધર અગ્નિભૂતિ ને વાયુભૂતિએ રાજગૃહમાં અનશન કરી નિર્વાણ પ્રાપ્ત કર્યું. ભગવાને આ વરસ ચાતુર્માસ રાજગૃહમાં જ પૂરો કર્યો.

## કેવળીચર્યાનું ત્રીસમું વરસ

ચાતુર્માસ પૂરો થયા બાદ પણ ભગવાન થોડા સમય સુધી રાજગૃહમાં બિરાજ્યા. તે દિવસોમાં તેમના ગણધર અવ્યક્ત મંડિત અને અકંપિત ગુણશીલ બાગમાં જ એક-એક મહિનાના અનશન કરી નિર્વાણ પામ્યા. રાજગૃહથી વિહાર કરી ભગવાન પાવાપુરીના રાજા હસ્તિપાલની રજ્જુગ સભામાં પધાર્યા. સુરસમૂહે તરત જ સુંદર સમવસરણની રચના કરી. અપાર લોકસમૂહ સામે ભગવાને ધર્મોપદેશ આપતા કહ્યું કે - "દરેક પ્રાણીને જીવનથી પ્રેમ છે અને તેમને સુખ અને મધુર વ્યવહાર પ્રિય છે. એથી ઊલટું મૃત્યુ, દુઃખ અને કઠોર વ્યવહાર કોઈને પ્રિય નથી. વ્યક્તિ જે વ્યવહાર પોતાની માટે અનુકૂળ સમજે છે તે જ વ્યવહાર બીજાઓ સાથે કરે, એ જ માનવતાનો મૂળ-સિદ્ધાંત ને ધર્મની આધારશિલા છે."

લોકોના ગયા બાદ રાજા પુણ્યપાલે ભગવાનને કહ્યું : "ભગવન્ ! ગઈ રાતની છેલ્લી ઘડીઓમાં મેં એક સપનામાં હાથી, વાંદરા, ક્ષીરતરુ, કાગડો, સિંહ, કમળ, બીજ અને કુંભના રૂપે આઠ વસ્તુઓનાં સપનાં જોયાં છે. મને ચિંતા છે કે આ સપનું ક્યાંક કોઈ અમંગળનાં ચિહ્નો તો નથી ને ?"

ભગવાન મહાવીરે રાજા પુણ્યપાલને કહ્યું : "રાજન્ ! આ સપનાં આવનાર ભવિષ્યની સૂચના આપી રહ્યા છે. સપનામાં હાથી તે વાતનું સૂચક છે કે ભવિષ્યમાં વિવેકશીલ શ્રમણોપાસક પણ થોડી સમૃદ્ધિ-સંપન્ન ગૃહસ્થજીવનમાં હાથીની જેમ જ મદોન્મત્ત થઈને રહેશે. ભયંકરથી ભયંકર સંકટની પળોમાં પણ સંન્યાસી બનવાનો વિચાર મનમાં નહિ લાવે. જે કોઈ ઘરનો ત્યાગ કરીને સંયમ ગ્રહણ કરશે તેઓ પણ કુસંગના પ્રભાવથી સંયમનો ત્યાગ કરશે અથવા સારી રીતે સંયમનું પાલન નહિ કરે. સંયમનું દૃઢતાથી પાલન કરવાવાળા ખૂબ ઓછા લોકો મળશે."

સપનામાં વાંદરો જોવો એ અનિષ્ટનું સૂચક છે કે - ભવિષ્યમાં મોટા-મોટા સંઘપતિ આચાર્ય પણ વાંદરાની જેમ ચંચળ પ્રકૃતિના હશે, ઓછા પરાક્રમી અને વ્યવહારમાં આળસુ થશે. ધર્મશાસ્ત્રોની ઉપેક્ષા જ નહિ,

અવજ્ઞા પણ કરશે. થોડા ઘણા જે યોગ્ય આચરણવાળા હશે, વ્રતોનું પાલન કરશે, વાસ્તવિક ધર્મનો ઉપદેશ આપશે, લોકો તેમની મજાક ઉડાવશે.

ક્ષીરતરુ(અશ્વત્થ)નું સપનું એ બતાવે છે કે - ભવિષ્યમાં ક્ષુદ્રભાવથી દાન આપવાવાળા શ્રાવકોને સાધુ નામ ધારણ કરેલા પાખંડી ઘેરી રહેશે. આ લોકો આચારનિષ્ઠ સાધુઓને શિથિલાચારી સમજશે, અને શિયાળના જેવા શિથિલાચારી સાધુઓને સિંહ જેવા આચારનિષ્ઠ સમજશે.

કાગડાનું સપનું એ દર્શાવે છે કે - ભવિષ્યમાં અનેક સાધુ-સાધ્વી અને ગૃહસ્થ શિસ્તનું ઉલ્લંઘન કરીને જુદા-જુદા પાખંડી પંથોનો આશરો લઈને મત-પરિવર્તન કરતા રહેશે. તે લોકો કાગડાની જેમ 'કાવ-કાવ' કરીને વાદવિવાદ(વિતંડાવાદ)ની મદદથી ધર્મના સાચા ઉપદેશકોનું ખંડન કરવાને જ પોતાનું કર્તવ્ય સમજશે.

સિંહને દુઃખી જોવાં તે એ બતાવે છે કે - સિંહ જેવા તેજસ્વી અને વીતરાગ-વર્ણિત જૈન ધર્મ ભવિષ્યમાં નિર્બળ થઈ જશે. ધર્મની પ્રતિષ્ઠાથી મોઢું ફેરવી લોકો ખોટા મતવાળા સાધુવેશધારીઓની પ્રતિષ્ઠા કરશે.

સપનામાં કમળ જોવું એ બતાવે છે કે - ભવિષ્યમાં કુસંગતના પ્રભાવથી કુળવાન વ્યક્તિ પણ ધર્મમાર્ગેથી મોં ફેરવીને અશુભ આચાર-વ્યવહારમાં પ્રવૃત્ત થશે.

સપનામાં બીજ જોવું એ વાતનું સૂચક છે કે - ભવિષ્યમાં લોકો સુપાત્રને છોડીને કુપાત્રને દાન આપશે. બિલકુલ તેવી જ રીતે જેમ વિવેકહીન ખેડૂત સારા બીજને ખારી જમીનમાં નાંખે છે અને જીવાત-વાળા ખરાબ બીજને ઉપજાઉ જમીનમાં ઉગાડવાનો પ્રયત્ન કરે છે.

રાજન્ ! તમે છેલ્લે ઘડા(કુંભ)નું સપનું જોયું છે, જે બતાવે છે કે - 'ભવિષ્યમાં તપ, ત્યાગ, ક્ષમા વગેરે ગુણોવાળા, આચારનિષ્ઠ મુનિ જૂજ હશે. તેમના પ્રમાણમાં ફક્ત નામ માટે વેશ ધારણ કરવાવાળા શિથિલા-ચારી સાધુઓની સંખ્યા વધુ હશે. ગૃહસ્થ લોકો કોઈનામાં પણ ફરક નહિ કરી શકે અને બંને રીતના સાધુઓ સાથે સરખો વ્યવહાર કરશે.''

પોતાના સપનાનું આ ફળ સાંભળીને રાજા પુણ્યપાલના મનમાં વિરક્તિ પેદા થઈ ગઈ. તેમણે ભગવાનનાં ચરણોમાં શ્રમણદીક્ષા ગ્રહણ કરી લીધી અને ઉત્કૃષ્ટ સાધનાથી પોતાનાં બધાં કર્મોનો ક્ષય કરીને નિર્વાણ પ્રાપ્ત કર્યું.

## કાળચક્રનું વર્ણન

એક દિવસ ભગવાનના પહેલા ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમે ભગવાન પાસે કાળચક્રની પૂરી જાણકારી સંદર્ભે પોતાની જિજ્ઞાસા અભિવ્યક્ત કરી. ભગવાને કહ્યું : "કાળચક્રના બે મુખ્ય ભાગ છે - અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળ. ઉત્તરોત્તર અપકર્ષોન્મુખ કાળ અવસર્પિણી કાળ કહેવાય છે, અને ક્રમશઃ ઉત્કર્ષોન્મુખ કાળ ઉત્સર્પિણી કાળ કહેવાય છે. દરેક કાળ દશ ક્રોડાક્રોડી સાગરનો હોય છે. આ રીતે એક કાળચક્ર કુલ મળીને વીસ ક્રોડાક્રોડી સાગરનો હોય છે."

## અવસર્પિણી કાળ

અવસર્પિણી કાળના ક્રમિક અપકર્ષોન્મુખ કાળને છ વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. દરેક વિભાગને આરકના નામથી ઓળખવામાં આવે છે. છ આરકો કે આરોનાં નામ આ રીતનાં છે : (૧) સુષમા-સુષમ (૨) સુષમ (૩) સુષમા-દુષમ (૪) દુષમા-સુષમ (૫) દુષમ (૬) દુષમા-દુષમ.

***પ્રથમ આરક 'સુષમા-સુષમ'*** પૂરી રીતે સુખમય હોય છે. આ આરક ૪ કોડાકોડી સાગરનો હોય છે. આ આરાની શરૂઆતમાં મનુષ્યની ઉંમર ૩ પલ્યોપમની, ઊંચાઈ ૩ કોસની ને શરીરમાં ૨૫૬ પાંસળીઓ હોય છે. દેહ વજ્રઋષભનારાચ સહંનન અને સમચતુરસ્ર સંસ્થાનમય હોય છે. આ કાળમાં માતા, પુત્ર અને પુત્રીને એકસાથે જોડીરૂપે (જોડકાં) જન્મ આપે છે, જે સમય આવ્યે પતિ-પત્નીની જેમ દામ્પત્યજીવન ગુજારે છે, તે સમયના લોકો પરમ દિવ્યરૂપ-સંપન્ન, સૌમ્ય, મૃદુભાષી, શાંત-સરળ, સ્વભાવવાળા અને પત્ર-પુષ્પ-ફળાહારી હોય છે. ત્રણ દિવસ પછી તેમને ભૂખ લાગે છે. તે વખતે પૃથ્વીનો સ્વાદ સાકર કરતા પણ વધુ મીઠો હોય છે. તે કાળમાં ચારે બાજુનું વાતાવરણ અત્યંત મનોરમ, સુખદ, શાંત ને આનંદમય હોય છે. તે વખતના માનવને જીવન ગુજારવા માટે લેશમાત્ર પણ મહેનતની જરૂર નહોતી પડતી, કેમકે દસ પ્રકારનાં કલ્પવૃક્ષ તેમની બધી ઈચ્છાઓ પૂરી કરી દેતા હતા. યુગલોનું આયુષ્ય છ મહિના બાકી રહી જતું, તો યુગલિની પુત્ર-પુત્રીરૂપે એક યુગલને જન્મ આપતી હતી. માતાપિતા દ્વારા ૪૯ દિવસો સુધી પાલન-પોષન કર્યા બાદ તે યુગલ પૂરા યુવાન થઈને દામ્પત્યજીવન ગુજારતા અને ઈચ્છા મુજબ વિચરણ કરતા હતા. ૩ પલ્યોપમનું આયુષ્ય પૂરું થતાં જ એકને છીંક અને બીજાને બગાસું આવતાં જ તે બંને પોતાની જીવનલીલા સમાપ્ત કરીને દેવયોનિમાં પેદા થાય છે. પ્રથમ આરકના માનવ છ પ્રકારના હોય છે.

*'સુષમ' નામનો બીજો આરક* ૩ ક્રોડાક્રોડી સાગરનો હોય છે. આમાં પહેલા આરકના પ્રમાણમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોમાં અનંતગણી હીનતા થઈ જાય છે. આ આરાની શરૂઆતમાં ઉંમર ૨ પલ્યોપમ, ઊંચાઈ ૨ કોસની અને પાંસળીઓ ૧૨૮ થઈ જાય છે. દેહ વજ્રઋષભ - નારાચ સહંનન અને સમચતુરસ્ર સંસ્થાનમય હોય છે. બે દિવસ બાદ તેને ભૂખ લાગે છે. પૃથ્વીનો સ્વાદ ઘટીને ખાંડ જેવો થઈ જાય છે. આ આરામાં પણ માનવની બધી જરૂરિયાતો અને ઇચ્છાઓ દસ પ્રકારનાં કલ્પવૃક્ષો વડે પૂરી થઈ જાય છે. પહેલા આરાની જેમ જ્યારે યુગલ દંપતીના આયુષ્યના છ મહિના બાકી રહેતા તો તેઓ પુત્ર-પુત્રીના એક યુગલને જન્મ આપતા હતા, જે ૬૪ દિવસો સુધી માતા-પિતા વડે પાલન-પોષન કરાયા બાદ સ્વતંત્રરૂપે દંપતીરૂપે રહેવા લાગે છે. ઉંમર પૂરી થતાં આ આરકના યુગલ પણ છીંક અને બગાસું ખાઈને મૃત્યુ પામીને દેવગતિમાં પેદા થાય છે. આ આરામાં ૪ પ્રકારના મનુષ્ય હોય છે.

*'સુષમા-દુષમ' નામનો ત્રીજો આરો* ૨ ક્રોડાક્રોડી સાગરનો હોય છે. એમાં બીજા આરકના પ્રમાણમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોમાં અમર્યાદિત ગણી અપકર્ષતા થઈ જાય છે. આ આરાની શરૂઆતમાં ઉંમર ૧ પલ્યોપમ, ઊંચાઈ ૨૦૦૦ ધનુષ અને પાંસળીઓ ૬૪ થઈ જાય છે. દેહ વજ્રઋષભંનારાચ સહંનન અને સમચતુરસ્ર સંસ્થાનમય હોય છે. એક દિવસના ગાળા બાદ તેમને ભૂખ લાગે છે. પૃથ્વીનો સ્વાદ ગોળ જેવો હોય છે. તેમના જીવનની બધી જ જરૂરિયાતો કલ્પવૃક્ષોથી પૂરી થાય છે અને પોતાના જીવન-ગુજારા માટે તેમણે પણ કોઈ મહેનત નહોતી કરવી પડતી. આથી આ યુગ ભોગયુગ પણ કહેવાય છે. મૃત્યુથી છ મહિના પહેલાં યુગલિની એક પુત્ર-પુત્રીને જન્મ આપે છે, જેની સાર-સંભાળ માતા-પિતા ૭૯ દિવસો સુધી કરે છે અને પછી તેઓ સ્વતંત્રરૂપે સ્વેચ્છાથી જીવન ગુજારે છે. છેવટના સમયે છીંક અને બગાસાથી બંને મૃત્યુ પામીને દેવલોકમાં દેવ બનીને પેદા થાય છે.

આ સ્થિતિ આ આરાના બે તૃતીયાંશ કાળભાગ સુધી ચાલે છે. ઝડપથી પરિવર્તનને લીધે આ આરકના છેવટના ભાગ (લગભગ કોટિ પૂર્વ)ના મનુષ્યોના છ રીતના સહનન, છ પ્રકારના સંસ્થાન, સેંકડો, ધનુષની ઊંચાઈ, જઘન્ય સંખ્યાત વરસની અને ઉત્કૃષ્ટ અસંખ્યાત વરસનું આયુષ્ય હોય છે. બધા માનવ મરીને દેવલોકમાં જ નથી જતાં નરક, તિર્યંચ અને મનુષ્ય ગતિમાં પણ જાય છે અને મોક્ષપ્રાપ્તિનો ક્રમ શરૂ

થઈ જાય છે. તે ત્રીજો ભાગ પૂરો થવામાં જ્યારે એક પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહી જાય છે ત્યારે ભરત ક્ષેત્રમાં ક્રમશઃ ૧૫ કુળકર પેદા થાય છે. કલ્પવૃક્ષોની સંખ્યા ઓછી થઈ જાય છે જેનાથી જીવન ગુજારા માટે જરૂરી વસ્તુઓ પૂરતા પ્રમાણમાં નથી મળતી અને લોકોમાં ક્લેશ અને સંઘર્ષની શરૂઆત થઈ જાય છે. કુળકર, લોકોને શિસ્તમાં રાખવાનો પ્રયત્ન કરે છે.

આ અવસર્પિણી કાળના ત્રીજા આરાના ચોર્યાશી લાખ પૂર્વ પહેલાં, ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના બાકી રહ્યા, ત્યારે ઋષભદેવનો જન્મ થયો, જે પ્રથમ નૃપતિ અને પ્રથમ તીર્થંકર રૂપે ઓળખાયા. ઋષભદેવે ૬૩ લાખ પૂર્વ પહેલાં સુધી સુવ્યવસ્થિત શાસન ચલાવીને તે સમયના માનવસમાજને અસિ, મસિ અને કૃષિની સાથોસાથ બીજી વિદ્યાઓ ને કળાઓ શીખવીને ભોગભૂમિને કર્મભૂમિમાં બદલી. અવસર્પિણી કાળમાં પ્રથમ તીર્થની સ્થાપના કરી. એ જ આરામાં પ્રથમ ચક્રવર્તી પણ થયા. ત્રીજા આરાના પૂરા થવામાં ત્રણ વરસ ને સાડા આઠ મહિના બાકી હતા ત્યારે ભગવાન ઋષભદેવનું નિર્વાણ થયું.

***'દુષમા-સુષમ' નામનો ચોથો આરક*** બેંતાલીસ હજાર વરસ ઓછા એક ક્રોડાક્રોડી સાગરનો હોય છે. તેમાં ત્રીજા આરકના પ્રમાણમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોમાં તથા ઉત્થાન, બળ-વીર્ય, કર્મ, પરાક્રમ વગેરેમાં અનંતગણી હીનતા (ઘટાડો) થઈ જાય છે. મનુષ્યોનું છ પ્રકારનું સહંનન, છ પ્રકારનાં સંસ્થાન, ઘણાં ધનુષની ઊંચાઈ, જઘન્ય અંતર્મુહૂર્ત તરફ ઉત્કૃષ્ટ પૂર્વકોટિનું આયુષ્ય હોય છે તથા તેઓ મરીને પાંચે પ્રકારની ગતિમાં જાય છે. આ આરકમાં ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ ને ૯ પ્રતિવાસુદેવ હોય છે.

તીર્થંકરોની હાજરી વખતે દેશ બધી રીતે સુંદર, સમૃદ્ધ અને ધન-ધાન્યથી ભર્યો રહે છે. તે વખતના આચાર્યગણ અથાગ જ્ઞાનના જ્યોતથી પ્રકાશમાન હોય છે. તેમનાં દર્શનમાત્રથી હૃદયમાં તૃપ્તિ અને શાંતિનો અનુભવ થાય છે અને વાણી-શ્રવણથી દરેક વ્યક્તિના મનને આહ્લાદકતા પ્રાપ્ત થાય છે. માતા-પિતા, દેવ-દંપતી જેવા અને વાત્સલ્યભર્યા હોય છે. નાગરિક સત્યવાદી, વિનીત, ધર્મનિષ્ઠ, પવિત્ર-હૃદય, દેવ-ગુરુની પૂજા અને સન્માન કરવાવાળા હોય છે. તીર્થંકર કાળમાં વિદ્યા, વિજ્ઞાન સદાચાર, કુળ-ગૌરવ અને ગરિમા બધું જ ઉચ્ચકોટિનું હોય છે. રાજા લોકો વીતરાગતાના પ્રેમી અને વીતરાગ પ્રભુના પરમ ઉપાસક હોય છે.

પંચમ આરકની ભીષણ સ્થિતિનું દિગ્દર્શન કરાવતા ભગવાને કહ્યું : "ગૌતમ ! મારા મોક્ષગમનના ત્રણ વર્ષ આઠ મહિના અને પંદર દિવસ બાદ *'દુષમ' નામનો પાંચમો આરક* શરૂ થશે, જેનો કાળ એકવીસ હજાર વર્ષનો હશે. પાંચમા આરાના છેલ્લા દિવસ સુધી મારું ધર્મશાસન ચાલતું રહેશે. પણ પાંચમા આરાની શરૂઆત થતાં જ વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ક્ષયથી સાથે-સાથે ધીરે-ધીરે લોકોમાં ધર્મ, શીલ, સત્ય, શાંતિ, સમ્યક્ત્વ, સદાચાર, સદ્બુદ્ધિ, શૌર્ય, પરાક્રમ, ક્ષમા, દાન, વ્રત વગેરેમાં પણ ક્રમિક ઘટાડો થતો જશે અને તેની જગ્યાએ દુર્ગુણોનો સમાવેશ થતો જશે. ગામ સ્મશાન જેવા ભયાનક અને શહેરો પ્રેતોનાં ક્રીડાંગણ જેવાં લાગશે. રાજા લોકો યમરાજ જેવા દુઃખદાયક અને નાગરિક સેવકો જેવા ભીરુ હશે. ચારે બાજુ 'મત્સ્યરાજ્ય'ની બોલબાલા હશે, એટલે કે પોતાનાથી નાનાને પૂરો કરવાની પ્રથા વ્યાપ્ત થઈ જશે. અધિકારીઓમાં લૂંટવા-ખાવાની પ્રવૃત્તિનો વિકાસ થશે અને બધી જગ્યાએ અવ્યવસ્થાનું રાજ્ય હશે. બધાં રાષ્ટ્રો ને દેશોની સ્થિતિ ડામાડોળ થઈ જશે. ગૃહકંકાસ સામાન્ય વાત જઈ જશે, આત્મીયજનોમાં પણ પરસ્પર અવિશ્વાસની ભાવના ઘર કરી લેશે. લોકો એકબીજા સાથે ઉપકાર અને સહયોગના બદલે દ્વેષ ને દુશ્મનીનો વ્યવહાર કરશે. લોકોમાં ગુરુજનો પ્રત્યે શ્રદ્ધા-ભક્તિને બદલે અનાદર અને અપમાનની ભાવના ઉછરશે. ગુરુ પણ જ્ઞાન અને ધર્મઉપદેશને બદલે શિષ્યોમાં પોતાના અસંતુલિત વ્યવહારથી સ્વછંદતા અને આત્મપ્રશંસાની ભાવના જગાવશે; જેથી ધાર્મિક કાર્યોમાં પણ પ્રદર્શનની ભાવનાનો સમાવેશ થશે. પિતા-પુત્રમાં સ્નેહને બદલે તિરસ્કારની ભાવના જોવા મળશે. સ્ત્રીઓમાં શરમ(લાજ)ની ઊણપ હશે, તેની જગ્યાએ ઠઠ્ઠા-મશ્કરી, વિલાસ-કટાક્ષ અને વાચાળતા રુચિ વધશે. આથી દેવ-દર્શન ફક્ત વાતો સુધી જ મર્યાદિત થઈ જશે."

પાંચમો આરક પૂરો થતાં-થતાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપી ચતુર્વિધ ધર્મસંઘ લગભગ લુપ્ત થઈ જશે. પાંચમા આરાના અંતમાં દુઃપ્રસહ આચાર્ય, ફલ્ગુશ્રી સાધ્વી, નાંગિલ શ્રાવક અને સત્યશ્રી શ્રાવિકા - આ ચારેયનો ચતુર્વિધ સંઘ બાકી રહેશે. ભારતદેશના અંતિમ રાજા વિમલવાહન અને મંત્રી સુમુખ હશે. મનુષ્યનું શરીર બે હાથની ઊંચાઈવાળું અને આયુષ્ય વીસ વર્ષનું હશે. મોટામાં મોટું તપ બેલા(છઠ્ઠ) (ષષ્ઠભક્ત) હશે. આચાર્ય દુઃપ્રસહ છેલ્લા સમય સુધી ચતુર્વિધ સંઘને પ્રતિબોધ આપતા

રહેશે. છેવટના સમયમાં જ્યારે તેઓ સંઘમાં કહેશે કે - 'હવે ધર્મ નથી રહ્યો' તો સંઘ તેમને સંઘમાંથી હાંકી કાઢશે. તેઓ બાર વરસ સુધી ગૃહસ્થપર્યાયમાં રહેશે અને આઠ વરસ સુધી મુનિધર્મનું પાલન કરી તેલા (અટ્ઠમ) સાથે આયુષ્ય પૂરુ કરી સૌધર્મ કલ્પમાં દેવરૂપે પેદા થશે. પાંચમા આરકના છેલ્લા દિવસે ગણધર્મ, ચારિત્રધર્મ, રાજધર્મ અને અગ્નિનો ભરત ક્ષેત્ર ભૂમિ પરથી બધી જ રીતે નાશ થઈ જશે.

પાંચમો આરક પૂરો થયા બાદ *'દુષમા-દુષમ' નામનો છઠ્ઠો આરક* શરૂ થશે. તેનો ગાળો પણ ૨૧ હજાર વરસનો છે, અને આ કાળમાં પડતી તેની પરાકાષ્ઠાએ પહોંચી જશે. દસે દિશાઓ હાહાકાર, હાય-વોય અને કોલાહલથી વ્યાપ્ત હશે. હંમેશાં ભયંકર આંધીઓ અને બધું જ ઉડાવી દેવાવાળી જોરદાર હવા ચાલતી રહેશે. આ હવાઓને લીધે સમગ્ર વાતાવરણ ધૂંધળું, ધૂળિયું ને અંધકારમય રહેશે. સમયના પ્રભાવથી સૂર્યની ગરમી અને ચંદ્રની શીતળતામાં અકલ્પનીય વૃદ્ધિ થશે. વાદળો ટાણે-કટાણે જોરદાર વરસાદ કરશે અને ઊંચા પર્વતોને છોડીને બાકી ધરતી ધીમે-ધીમે સરખી થઈ જશે. આખી પૃથ્વી તાપના લીધે આગની જ્વાળાઓની જેમ બળતી રહેશે. લોકોનું કામ કરવું તો ઠીક, હરવું-ફરવું પણ મુશ્કેલ થઈ જશે. આ આરામાં માનવશરીર બસ એક હાથ જેટલું હશે અને આયુષ્ય ૧૬ થી ૨૦ વરસનું હશે. કુટુંબમાં પુત્ર-પુત્રીઓની સંખ્યા ઘણી હશે અને લોકોમાં પોતાનાં કુટુંબ સિવાય બીજા કોઈ પ્રત્યે પ્રેમ કે સ્નેહ નહિ રહે. લોકો રાત-દિવસ પોતીકાઓની ચિંતામાં મગ્ન રહેશે. લોકો અત્યંત કદરૂપા, કર્કશ, બેશરમ, ક્લેશ ને કુકર્મમાં લીન, અમર્યાદિત, અવિનયી, જુદા-જુદા રોગોથી પીડાતા, તેજ વગરના, માયા-મોહ વગેરે દુર્ગુણોથી ગ્રસ્ત અને વ્યસની હશે. વિકલાંગ પણ વધુ પ્રમાણમાં જોવા મળશે. ગંગા અને સિંધુ નદીની પહોળાઈ અને ઊંડાઈ ખૂબ ઓછી થઈ જશે. પાણી ઓછું અને માછલીઓ તથા કાચબાઓનું પ્રમાણ વધુ હશે, જેને ભોજનરૂપે ગ્રહણ કરવામાં આવશે. લોકો મર્યા પછી લગભગ નરક અને તિર્યંચ યોનિમાં પેદા થશે.

## ઉત્સર્પિણી કાળ

આ અવસર્પિણી કાળના દુષમા-દુષમ નામનો છઠ્ઠો આરક પૂરો થવાથી ઉત્કર્ષોન્મુખ ઉત્સર્પિણી કાળ શરૂ થશે. ઉત્સર્પિણી કાળમાં પણ અવસર્પિણી કાળની જેમ છ આરક હશે - ઊંધા ક્રમથી એટલે કે પહેલો આરો દુષમા-દુષમ હશે અને છેલ્લો એટલે છઠ્ઠો આરો 'સુષમા-સુષમ' હશે. ઉત્સર્પિણી

કાળનો પહેલો આરો ૨૧ હજાર વરસનો હશે અને સ્થિતિ મોટા ભાગે તેવી જ હશે, જે અવસર્પિણી કાળના છઠ્ઠા આરામાં રહેશે. ફરક એ જ છે કે ઉત્સર્પિણી કાળમાં સ્થિતિ ઉત્તરોત્તર સુધરતી રહેશે.

પહેલો આરક પૂરો થતાં દુષમ નામનો બીજો આરક શરૂ થશે. જેનો સમય ૨૧ હજાર વરસનો હશે. આ કાળની શરૂઆતથી જ શુભ સમયના શ્રીગણેશ થશે. પુષ્કર-સંવર્તક નામના મેઘ નિરંતર સાત દિવસ સુધી આખા ભારત વિસ્તાર પર મુસળધાર વરસશે. પૃથ્વીનો બધો તાપ પૂરો થશે અને જુદા-જુદાં અનાજ અને ઔષધિઓ ઉત્પન્ન થશે. આ રીતે પુષ્કરમેઘ, ક્ષીરમેઘ, ઘૃતમેઘ, અમૃતમેઘ અને રસમેઘ સાત-સાત દિવસોના ગાળામાં અવિરત વરસીને સૂકી ધરતી(પૃથ્વી)ને શીતળ અને તૃપ્ત કરીને તેને હરીભરી બનાવી દેશે. ગુફામાં છુપાયેલા લોકો પાછા બહાર આવશે અને લીલીછમ ધરતીને જોઈને નવા જીવનની શરૂઆત કરશે. માંસાહાર છોડીને શાકાહારી બનશે. નવી રીતે સમાજની રચના કરશે અને ધીમે-ધીમે જ્ઞાન, વિજ્ઞાન, કળા, શિલ્પ વગેરેનો વિકાસ થશે.

૨૧ હજાર વરસનો 'દુષમ' નામનો બીજો આરક પણ પૂરો થશે અને દુષમા-સુષમ નામનો ત્રીજો આરક શરૂ થશે, જે ૪૨ હજાર વર્ષ ઓછાં એક ક્રોડાક્રોડી સાગરનો હશે. ત્રીજા આરકના ત્રણ વર્ષ સાડા આઠ મહિના વીતી જવાથી ઉત્સર્પિણી કાળના પહેલા તીર્થંકરનો જન્મ થશે. તે આરકમાં કુલ ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ અને ૯ પ્રતિવાસુદેવ થશે. આ આરામાં બધી જ સ્થિતિ અવસર્પિણી કાળના દુષમા-સુષમ નામના ચોથા આરા જેવી જ થશે, ફરક એટલો છે કે બધી જ સ્થિતિ ઉત્તરોત્તર ઉત્કર્ષોન્મુખ હશે.

ઉત્સર્પિણી કાળનો 'સુષમા-દુષમ' નામનો ચોથો આરો બે ક્રોડાક્રોડી સાગરનો હશે. તેની શરૂઆતમાં ચોવીસમા તીર્થંકર અને બારમા ચક્રવર્તીની ઉત્પત્તિ થશે. આ આરકના ૧ કરોડથી થોડો વધુ સમય વીતી જવાથી કલ્પવૃક્ષોની ઉત્પત્તિ થશે અને ભરતભૂમિ ફરીથી ભોગભૂમિ બની જશે.

ઉત્સર્પિણી કાળના 'સુષમ' નામના પાંચમા અને 'સુષમા-સુષમ' નામના છઠ્ઠાં આરામાં અવસર્પિણી કાળના પહેલા બે આરાવાળી સ્થિતિ હશે. અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના છ-છ આરાને મળાવીને કુલ બાર આરકોના વીસ ક્રોડાક્રોડી સાગરનો એક કાળચક્ર હોય છે.

ગૌતમે ભગવાનને પૂછ્યું : "આપના નિર્વાણ બાદ કઈ કઈ મુખ્ય ઘટનાઓ થશે ?" એના જવાબમાં ભગવાને કહ્યું : "મારા મોક્ષ-ગમનનાં ત્રણ વર્ષ આઠ, મહિના બાદ 'દુઃષમ' નામનો પાંચમો આરો લાગશે. ચોંસઠ વર્ષ બાદ છેલ્લા કેવળી જમ્બૂ સિદ્ધગતિ પામશે. તે જ વખતે મનઃપર્યવજ્ઞાન, પરમઅવધિજ્ઞાન, પુલાકલબ્ધિ, આહારક શરીર, ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી, જિનકલ્પ, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાતચરિત્ર, કેવળજ્ઞાન અને મુક્તિગમન - આ બાર સ્થળોનું ભરત ક્ષેત્રથી વિચ્છેદ (નાશ) થઈ જશે.

મારા નિર્વાણ બાદ મારા શાસનમાં પાંચમા આરાના અંત સુધી ૨૦૦૪ યુગપ્રધાન આચાર્ય થશે. તેમાં પહેલા આર્ય સુધર્મા અને છેલ્લા દુઃપ્રસહ હશે.

મારા નિર્વાણનાં ૧૭૦ વરસ બાદ આચાર્ય ભદ્રબાહુના સ્વર્ગારોહણ પછી છેલ્લા ૪ પૂર્વ, સમચતુરસ્ર સંસ્થાન, વજ્રઋષભનારાચ સહંનન અને મહાપ્રાણધ્યાનનો ભરત વિસ્તારથી નાશ થઈ જશે.

પાંચસો વરસ પછી આચાર્ય આર્યવજ્રના સમયમાં દસમા પૂર્વ અને પ્રથમ સંહનન-ચતુષ્ક સમાપ્ત થઈ જશે.

મારા નિર્વાણના લગભગ ૪૭૦ વર્ષ વીતી ગયાં બાદ વિક્રમાદિત્ય નામનો એક રાજા થશે, જે સજ્જન અને સુવર્ણપુરુષ હશે અને પૃથ્વી પર નિર્વિઘ્ને રાજ્ય કરી પોતાનો સંવત ચલાવશે.

નિર્વાણના ૪૫૩ વર્ષ બાદ ગર્દભિલ્લના રાજ્યનો અંત કરવાવાળો કાલકાચાર્ય થશે.

ઘણાં બધા સાધુ ભાંડ જેવા હશે, જે આત્મપ્રશંસા અને પરનિંદામાં પોતાનો સમય વિતાવશે. વિપુલ આત્મબળવાળાઓની કોઈ વાત નહિ કરે અને આત્મબળ વગરના લોકોની પૂજા થશે."

ભગવાન દ્વારા આ રીતનું વર્ણન સાંભળી હસ્તિપાલ વગેરે ઘણા ભવ્ય આત્માઓએ નિર્ગ્રંથ ધર્મની શરણ લીધી. તે વરસે નિર્ગ્રંથ પ્રવચનનો પુષ્કળ પ્રચાર અને વિસ્તાર થયો. ચાતુર્માસના ચોથા મહિનામાં કારતક કૃષ્ણ અમાસે પરોઢિયે રજ્જુગ સભામાં ભગવાને પોતાના છેલ્લા ઉપદેશામૃતનો વરસાદ કર્યો. સભામાં કાશી, કૌશલના નવ લિચ્છવી, નવ મલ્લ અને ૧૮ ગણરાજા પણ હાજર હતા.

# પરિનિર્વાણ

ભગવાન મહાવીરનું પરિનિર્વાણ કારતક મહિનાના કૃષ્ણ પક્ષની અમાસે થયું. તે દિવસે પ્રભુ છઠ્ઠભકત(બેલે)ની તપસ્યા સાથે સોળ પહોર સુધી નિરંતર પ્રવચન કરતા રહ્યા. પ્રભુએ પોતાની આ છેલ્લી દેશનામાં પુણ્યફળના પંચાવન અધ્યાયોનું અને પાપફળ-વિપાકના પંચાવન અધ્યાયોનું વર્ણન કર્યું, જે 'વિપાકસૂત્ર'ના બે ખંડ, સુખવિપાક અને દુઃખવિપાક નામથી પ્રસિદ્ધ છે. તેમણે 'અપૃષ્ઠવ્યાકરણ'ના છત્રીસ અધ્યાય પણ કહ્યા જે 'ઉત્તરાધ્યયનસૂત્ર'ના નામથી પ્રખ્યાત છે. સાડત્રીસમો પ્રધાન મરુદેવી નામનો અધ્યાય કહેતા-કહેતા ભગવાન પર્યંકાસનમાં સ્થિર થઈ ગયા. તેમણે બાદર કાયયોગમાં સ્થિર રહીને ક્રમશઃ બાદર-મનોયોગ અને બાદર- વચનયોગનું દમન કર્યું. પછી સૂક્ષ્મ કાયયોગમાં સ્થિર રહીને બાદર-કાયયોગને રોક્યો, વાણી અને મનના સૂક્ષ્મયોગને રોક્યો, શુક્લધ્યાનના સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી ત્રીજા ચરણને મેળવીને સૂક્ષ્મ કાયયોગનું દમન કર્યું અને સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ નામના ચોથા ચરણમાં પહોંચીને 'અ, ઈ, ઉ, ઋ, લૃ' આ પાંચ અક્ષરોના ઉચ્ચારણ કાળ સુધી શૈલેશી-હાલતમાં રહીને ચાર અઘાતીકર્મોનો ક્ષય કર્યો અને સિદ્ધ, બુદ્ધ તથા મુક્ત અવસ્થા પામ્યા.

ભગવાને પોતાનો નિર્વાણ સમય નજીક જાણીને પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમને દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ આપવા માટે બીજે મોકલી આપ્યા હતા. અડધી રાત બાદ તેમને ભગવાનના નિર્વાણનો સંદેશ મળ્યો, તો તેઓ ખૂબ દુઃખી થયા. ગૌતમ સ્નેહ-વિહ્વળ થઈને વિલાપ કરી રહ્યા હતા કે એકાએક તેમના અંતરે કહ્યું - 'ગૌતમ ! આ કેવો પ્રેમ છે ! ભગવાન તો વીતરાગ છે, તારે તો પોતે પ્રભુનાં પદ-ચિહ્નોનું અનુકરણ કરવું જોઈએ.' આ વિચારથી તેમના ચિંતનની ધારા બદલાઈ અને ગૌતમે રાત પૂરી થતા-થતા તો પોતાનાં ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાનના અક્ષય આલોકને પ્રાપ્ત કરી લીધું. તેઓ પોતે ત્રિકાળદર્શી થઈ ગયા.

કહેવાય છે કે પોતાનાથી નાના સાધુઓને પણ કેવળજ્ઞાનથી વિભૂષિત થતાં જોઈને એક વાર ગૌતમ ચિંતિત થયા કે - 'મને હજુ સુધી કયા કારણોસર કેવળજ્ઞાનની પ્રાપ્તિ નથી થઈ ?' ભગવાન મહાવીરે ગૌતમની આ ચિંતાને જાણી અને ગૌતમને કહ્યું : "ગૌતમ ! તારો મારા પ્રત્યે ખૂબ

જ ગાઢ સ્નેહ છે. વાસ્તવમાં આપણે બંને ઘણા જન્મોથી સાથે રહ્યા છીએ. અહીં આયુષ્ય પૂરું કરીને પણ આપણે બંને એક જ જગ્યાએ પહોંચીશું અને પછી ક્યારેય અલગ નહિ થઈએ. મારા પ્રત્યે તમારો આ સ્નેહ જ તમારા માટે કેવળજ્ઞાનમાં વિઘ્ન બન્યો છે. આ રાગાત્મકતા ક્ષીણ થતા જ તમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે.''

નિર્વાણ બાદ ભગવાનના પાર્થિવ શરીરને પાલખીમાં બેસાડીને ચિતાસ્થળે પહોંચાડવામાં આવ્યું. ત્યાં દેવ વડે બનાવેલ ગોશીર્ષચંદનની ચિતા પર પ્રભુના શરીરને મૂકવામાં આવ્યું. અગ્નિકુમારે અગ્નિ સળગાવી અને વાયુ વડે સંચારેલ સુગંધિત પદાર્થો સાથે પ્રભુના શરીરની અંતિમ ક્રિયા પૂરી થઈ. ત્યાર બાદ મેઘકુમારે પાણીથી ચિતા શાંત કરી. નિર્વાણકાળ વખતે હાજર અઢાર ગણ-રાજાઓએ અમાસના દિવસે પૌષધ ઉપવાસ કર્યો. પ્રભુના નિર્વાણથી ભાવ-ઉદ્યોત ઊઠી ગયો જાણી, જ્ઞાનના ચિહ્નરૂપે ગામે-ગામ, નગરે-નગર અને ઘેરે-ઘેર દ્રવ્ય પ્રકાશ કરવામાં આવ્યો, જે આગળ જઈને દરવર્ષે કારતક કૃષ્ણ અમાસની રાત્રે દિવાળી રૂપે આયોજિત કરવામાં આવવા લાગી. દિવાળી ઉજવવાની આ પ્રાચીનતમ ઐતિહાસિક સાબિતી છે.

## ભગવાન મહાવીરની ઉંમર

શ્રમણ ભગવાન મહાવીર લગભગ ૩૦ વરસ ૭ મહિના ૧૨ દિવસ ગૃહસ્થાવસ્થામાં રહ્યા. ૧૨ વર્ષ ૫ મહિના ૧૫ દિવસ છદ્મસ્થપર્યાયમાં સાધના કરી અને ૨૯ વરસ ૫ મહિના ૨૦ દિવસ કેવળીચર્યામાં વિચરણ કરતા રહ્યા. આ રીતે કુલ ૭૨ વરસ ૬ મહિના ૧૬ દિવસની ઉંમરમાં પ્રભુ મોક્ષ પામ્યા (૩૬૦ દિવસના ઋતુવર્ષથી), ગ્રંથોમાં છદ્મસ્થકાળ ૧૨ વરસ ૧૩ પક્ષ (ઋતુ મહિનાથી ૧૨ વરસ ૧૧ પક્ષ) કહેવામાં આવ્યો છે.

## ભગવાન મહાવીરના ચાતુર્માસ

શ્રમણ ભગવાન મહાવીરે પહેલો ચાતુર્માસ (૧) અસ્થિ ગામમાં કર્યો. ચંપા અને પૃષ્ઠ ચંપાનાં ત્રણ (૩) ચાતુર્માસ કર્યાં. વૈશાલી અને વાણિજ્ય ગામમાં બાર (૧૨), રાજગૃહ અને નાલંદામાં ચૌદ (૧૪), મિથિલા નગરીમાં છ (૬), ભદ્રિકા(ભદિલ)માં બે (૨), આલંભિકા અને શ્રાવસ્તીમાં એક-એક, અનાર્ય વ્રજ ભૂમિમાં ત્રણ (૩) અને પાવાપુરીમાં એકમાત્ર (૧) છેલ્લો ચાતુર્માસ. આ રીતે ભગવાને કુલ મળીને (૪૨) બેંતાલીસ ચાતુર્માસ કર્યાં.

## ભગવાન મહાવીરનો ધર્મપરિવાર

ભગવાન મહાવીરના ચતુર્વિધ સંઘમાં નીચે જણાવેલ ધર્મપરિવાર હતો. ગૌતમ ઈન્દ્રભૂતિ વગેરે ૧૧ ગણધર અને ૯ ગણ, ૭૦૦ કેવળી, ૫૦૦ મનઃપર્યવજ્ઞાની, ૧૩૦૦ અવધિજ્ઞાની, ૩૦૦ ચૌદ-પૂર્વધારી, ૪૦૦ વાદી, ૭૦૦ વૈક્રિયલબ્ધિધારી, ૮૦૦ અનુત્તરોપ-પાતિકમુનિ, કુલ ૧૪૦૦૦ સાધુ, ૩૬૦૦૦ સાધ્વીઓ તથા ૧,૫૯,૦૦૦ વ્રતી શ્રાવક અને ૩,૧૮,૦૦૦ વ્રતી શ્રાવિકાઓ. આ સિવાય પ્રભુના કરોડો ભક્ત હતા. ભગવાન મહાવીરના શાસનમાં સાતસો સાધુઓ અને ચૌદસો સાધ્વીઓએ નિર્વાણ પ્રાપ્ત કર્યું.

## ગણધરોનો પરિચય

શ્રમણ ભગવાન મહાવીરના ધર્મપરિવારમાં અગિયાર ગણધર હતા. તેઓ બધા ગૃહસ્થજીવનમાં જુદાં-જુદાં ક્ષેત્રોના નિવાસી બ્રાહ્મણ હતા. મધ્યમ પાવાના સોમિલ બ્રાહ્મણના આમંત્રણ પર તેઓ બધા પોતપોતાના વિદ્યાર્થીઓ સાથે યજ્ઞમાં આવ્યા હતા. કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી ભગવાન પણ પાવાપુરી પધાર્યા. તે બધા બ્રાહ્મણ વિદ્વાન પોતપોતાના વિદ્યાર્થીઓ સાથે ભગવાનના સમવસરણમાં ગયા અને ભગવાનના જ્ઞાનથી પ્રભાવિત થઈને પોત-પોતાના વિદ્યાર્થીઓ સહિત વૈશાખ શુક્લ એકાદશના દિવસે દીક્ષિત થઈને શ્રમણ બની ગયા. ત્રિપદીનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેમણે ચતુર્દશ પૂર્વની રચના કરી અને ગણધર કહેવાયા. તેમનો ટૂંકો પરિચય આ રીતે છે.

૧. **ઇન્દ્રભૂતિ** : પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ મગધદેશમાં આવેલ ગોબર ગામના રહેવાસી ગૌતમ ગોત્રના વસૂભૂતિ બ્રાહ્મણના પુત્ર હતા. માતાનું નામ પૃથ્વી હતું. વેદ-વેદાંતના પાઠી હતા અને પાંચસો વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા હતા. ભગવાન મહાવીર પાસેથી આત્મા સંબંધી શંકાનું સમાધાન પામીને પોતાના પાંચસો વિદ્યાર્થીઓ સાથે શ્રમણધર્મમાં દીક્ષિત થઈ ગયા હતા. દીક્ષા વખતે તેમની ઉંમર ૫૦ વરસની હતી. તેઓ ખૂબ જ વિનયી, જિજ્ઞાસુ અને તપસ્વી હતા. તેમને ભગવાનના નિર્વાણ બાદ તરત જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. ત્રીસ વરસ સુધી છદ્મસ્થ-ભાવથી વિચરણ કર્યા બાદ ૧૨ વરસ સુધી કેવળીપર્યાયમાં વિચરણ કર્યું. ૯૨ વરસની ઉંમર પૂરી

કરીને તેમણે ગુણશીલ ચૈત્યમાં એક મહિનાના અનશનથી નિર્વાણ પ્રાપ્ત કર્યું.

૨. **અગ્નિભૂતિ** : બીજા ગણધર અગ્નિભૂતિ ઈન્દ્રભૂતિના વચેટ ભાઈ હતા. ભગવાન મહાવીર પાસેથી 'પુરુષાદ્વૈત' શંકાનું સમાધાન પામીને તેમણે પણ પોતાના પાંચસો વિદ્યાર્થીઓ સાથે ૪૬ વરસની ઉંમરમાં મુનિધર્મ સ્વીકાર કર્યો, અને ૧૨ વરસ સુધી છદ્મસ્થ-ભાવમાં વિહાર કર્યા બાદ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ૧૬ વરસ સુધી કેવળીપર્યાયમાં રહીને ૭૪ વરસની ઉંમરમાં ભગવાનના જીવનકાળ દરમિયાન જ તેમણે ગુણશીલ ચૈત્યમાં એક મહિનાના અનશન વડે મુક્તિ મેળવી.

૩. **વાયુભૂતિ** : ત્રીજા ગણધર વાયુભૂતિ ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિના નાના ભાઈ હતા. ભગવાન મહાવીર પાસેથી ભૂતાતિરિક્ત આત્માનો બોધ પામીને તેમણે 'તજ્જીવ-તચ્છરીર-વાદ'ને છોડીને પોતાના પાંચસો વિદ્યાર્થીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી. તે વખતે તેમની ઉંમર ૪૨ વરસની હતી. ૧૦ વરસ સુધી છદ્મસ્થ-ભાવમાં સાધના કર્યા બાદ તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને પછી ૧૮ વરસ સુધી કેવળીરૂપે વિચરણ કર્યું. ભગવાનના નિર્વાણના ૨ વરસ પહેલાં તેમણે ૭૦ વરસની ઉંમરમાં એક મહિનાના અનશનથી ગુણશીલ ચૈત્યમાં સિદ્ધિ પ્રાપ્ત કરી.

૪. **આર્ય વ્યક્ત** : ચોથા ગણધર આર્ય વ્યક્ત કોલ્લાગ સન્નિવેશના ભારદ્વાજ ગોત્રમાં બ્રાહ્મણ હતા. તેમની માતાનું નામ વારુણી અને પિતાનું નામ ધનમિત્ર હતું. તેમની ધારણા હતી કે બ્રહ્મ સિવાય આખું જગત મિથ્યા છે. ભગવાન મહાવીરના ઉપદેશથી પ્રભાવિત થઈને તેમણે પોતાના પાંચસો વિદ્યાર્થીઓ સાથે ૫૦ વરસની ઉંમરમાં દીક્ષા ગ્રહણ કરી. ૧૨ વરસ સુધી છદ્મસ્થ-સાધના કરીને તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ૧૮ વરસ કેવળીપર્યાયમાં રહ્યા. ભગવાનના જીવનકાળમાં જ એક મહિનાના અનશન બાદ ૮૦ વરસની ઉંમરમાં ગુણશીલ ચૈત્યમાં બધાં કર્મોને ક્ષય કરીને મુક્તિ પ્રાપ્ત કરી.

૫. **સુધર્મા** : સુધર્મા 'કોલ્લાગ' સન્નિવેશના અગ્નિવેશ્યાયન ગોત્રના બ્રાહ્મણ હતા. તેમની માતાનું નામ ભદ્દિલા અને પિતાનું નામ ધમ્મિલ હતું. તેમણે ભગવાન પાસેથી 'જન્માંતર' વિષય પર પોતાની શંકાનું

સંતોષપૂર્વક વર્ણન સાંભળીને પોતાના પાંચસો વિદ્યાર્થીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી. તેઓ પાંચમા ગણધર અને પછી ભગવાનના ઉત્તરા-ધિકારી આચાર્ય થયા. તેમણે વીર નિર્વાણના ૨૦ વરસ બાદ સુધી ધર્મસંઘનું સંચાલન કર્યું અને ૧૦૦ વરસની ઉંમર પૂરી કરી રાજગૃહમાં મોક્ષ પ્રાપ્ત કર્યો. પોતાના જીવનકાળમાં તેઓ ૫૦ વરસ ગૃહસ્થ રૂપે, ૪૨ વરસ છદ્મસ્થપર્યાયમાં અને ૮ વરસ કેવળી રૂપે રહ્યા.

૬. **મંડિત** : મંડિત ભગવાન મહાવીરના ધર્મપરિવારના છઠ્ઠા ગણધર હતા. તેઓ વશિષ્ટ ગોત્રના બ્રાહ્મણ હતા અને મૌર્ય સન્નિવેશના નિવાસી હતા. તેમના પિતાનું નામ ધનદેવ અને માતાનું નામ વિજયાદેવી હતું. આત્માના સંસાર સાથેના સંબંધ સંદર્ભે શંકાનું સમાધાન થવાથી પ્રભાવિત થઈને તેમણે પોતાના ત્રણસો પચાસ વિદ્યાર્થીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી. તે વખતે તેઓ ૫૩ વરસના હતા. ૧૪ વરસ સુધી છદ્મસ્થ-સાધના કરીને તેમણે ૬૭ વરસની ઉંમરમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ૧૬ વરસ કેવળીપર્યાયમાં રહીને ભગવાનની સામે જ ૮૩ વરસની ઉંમરમાં ગુણશીલ ચૈત્યમાં અનશનપૂર્વક મુક્તિ પ્રાપ્ત કરી.

૭. **મૌર્યપુત્ર** : મૌર્ય સન્નિવેશના કાશ્યપ ગોત્રના બ્રાહ્મણ મૌર્યપુત્ર ભગવાનના સાતમા ગણધર હતા. તેમના પિતાનું નામ મૌર્ય અને માતાનું નામ વિજયાદેવી હતું. દેવ અને દેવલોક વિશેની શંકાનું યોગ્ય સમાધાન મેળવીને મૌર્યપુત્રે પોતાના ત્રણસો પચાસ વિદ્યાર્થીઓ સાથે ભગવાન પાસેથી શ્રમણધર્મ સ્વીકાર કર્યો. ૧૪ વરસ, છદ્મસ્થ હાલતમાં રહીને તેમણે ૭૯ વરસની ઉંમરમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી ૧૬ વરસ સુધી કેવળીપર્યાયમાં વિચરણ કરીને તેમણે ભગવાનના જીવનકાળનાં જ ૯૫ વરસની ઉંમરમાં ગુણશીલ ચૈત્યમાં અનશનપૂર્વક નિર્વાણ પ્રાપ્ત કર્યું.

૮. **અકંપિત** : મિથિલા નિવાસી, ગૌતમ ગોત્રના બ્રાહ્મણ અકંપિત આઠમા ગણધર હતા. તેમની માતાનું નામ જયંતી અને પિતાનું નામ દેવ હતું. ભગવાને નરક અને નરકના જીવન વિશે તેમની શંકાનું સમાધાન કર્યું, અને તેમણે પોતાના ત્રણસો શિષ્યો સાથે શ્રમણદીક્ષા ગ્રહણ કરી. તે વખતે અકંપિત ૪૮ વરસના હતા. ૯ વરસ સુધી છદ્મસ્થ હાલતમાં વિચરણ કરીને તેમણે ૫૭ વરસની ઉંમરમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ૨૧ વરસ કેવળીપર્યાયમાં રહીને

૭૮ વરસની ઉંમરમાં પ્રભુના જીવનના છેલ્લા વરસમાં ગુણશીલ ચૈત્યમાં ૧ મહિનાનું અનશન કરીને નિર્વાણ પ્રાપ્ત કર્યું.

૯. **અચલભ્રાતા :** કૌશલ નિવાસી હારીત ગોત્રના બ્રાહ્મણ અચલભ્રાતા નવમા ગણધર હતા. તેમની માતાનું નામ નંદા અને પિતાનું નામ વસુ હતું. ૪૬ વરસની ઉંમરમાં પોતાના ત્રણસો વિદ્યાર્થીઓ સાથે તેમણે ભગવાનના સમવસરણમાં હાજર થઈને પુણ્ય-પાપ વિષયક પ્રશ્નનું સંતુષ્ટિ પૂર્ણ સમાધાન પામીને શ્રમણદીક્ષા સ્વીકાર કરી. ૧૨ વરસ સુધી ઉગ્ર તપ અને ધ્યાન કરીને ૫૮ વરસની ઉંમરમાં તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ૧૪ વરસ સુધી કેવળીપર્યાયમાં રહીને ૭૨ વરસની ઉંમરમાં ૧ મહિનાનું અનશન કરીને તેમણે ગુણશીલ ચૈત્યમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું.

૧૦. **મેતાર્ય :** દસમા ગણધર મેતાર્ય વત્સદેશ સ્થિત તુંગિક સન્નિવેશના નિવાસી કૌંડિન્ય ગૌત્રના બ્રાહ્મણ હતા. તેમની માતાનું નામ વરુણાદેવી અને પિતાનું નામ દત્ત હતું. તેમને પુનર્જન્મ વિશે શંકા હતી. ભગવાન મહાવીરના સમાધાનથી પ્રભાવિત થઈને પોતાના ત્રણસો વિદ્યાર્થીઓ સાથે તેમણે ૩૬ વરસની ઉંમરમાં શ્રમણદીક્ષા સ્વીકાર કરી. ૧૦ વરસની સાધના બાદ તેમણે કૈવલ્ય પ્રાપ્ત કર્યું. ૧૬ વરસ કેવળીપર્યાયમાં રહીને ૬૨ વરસની ઉંમરમાં ભગવાનના જીવનકાળમાં જ તેમણે ગુણશીલ ચૈત્યમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું.

૧૧. **પ્રભાસ :** અગિયારમા ગણધર પ્રભાસ રાજગૃહના રહેવાસી કૌંડિન્ય ગોત્રના બ્રાહ્મણ હતા. તેમની માતાનું નામ અતિભદ્રા અને પિતાનું નામ બલ હતું. તેમની મુક્તિ વિશેની શંકાનું સમાધાન ભગવાન મહાવીરે એ રીતે કર્યું કે તેઓ પોતાના ત્રણસો શિષ્યો સાથે મહાવીરના શિષ્ય થઈ ગયા. તે વખતે પ્રભાસની ઉંમર ફક્ત ૧૬ વરસની હતી. ૮ વરસ પછી તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને ત્યાર બાદ ૧૬ વરસ કેવળીપર્યાયમાં રહીને ૪૦ વરસની ઉંમરમાં ગુણશીલ ચૈત્યમાં ૧ મહિનાનું અનશન કરીને તેમણે નિર્વાણ પ્રાપ્ત કર્યું. પ્રભાસ જ એકમાત્ર એવા ગણધર છે, જેમણે સૌથી નાની ઉંમરમાં દીક્ષિત થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

આ બધા ગણધર જાતે બ્રાહ્મણ અને વેદાંતી પંડિત હતા. દીક્ષિત થઈને બધાએ બાર અંગ-શાસ્ત્રોનો પૂરો અભ્યાસ કર્યો. આથી બધા જ ચતુર્દશ પૂર્વધારી અને વિશિષ્ટ ઉપલબ્ધિઓના ધારક હતા.

## દિગંબર પરંપરામાં ગૌતમ વગેરેનો પરિચય

દિગંબર પરંપરાના મંડલાચાર્ય ધર્મચંદ્રે પોતાના ગ્રંથ 'ગૌતમચરિત્ર'માં ભગવાન મહાવીરના પહેલા ત્રણ ગણધરોનો પરિચય આપ્યો છે. તે મુજબ મગધપ્રદેશના બ્રાહ્મણ નગરમાં શાંડિલ્ય નામના એક વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા, તેમની બે પત્નીઓ હતી - સ્થંડિલા અને કેસરી. એક દિવસ રાતના છેલ્લા પહોરમાં સ્થંડિલાએ શુભસપનાં જોયાં અને પંચમ દેવલોકનો એક દેવ, દેવનું આયુષ્ય પૂરું કરીને તેમના ગર્ભમાં આવ્યો. ૯ મહિના બાદ સ્થંડિલાએ એક અતિ પ્રિયદર્શી પુત્રને જન્મ આપ્યો, જે મહાન પુણ્યશાળી હતો. પંડિતોએ ભવિષ્યવાણી કરી કે - 'બાળક આગળ જઈને સકલ શાસ્ત્રોનો જાણકાર થશે અને આખી પૃથ્વી પર તેની કીર્તિ ફેલાશે.' માતા-પિતાએ તેનું નામ 'ઈન્દ્રભૂતિ' રાખ્યું. આ જ બાળક આગળ જઈને ભગવાન મહાવીરના પહેલા ગણધર બન્યા અને 'ગૌતમ' નામથી પ્રસિદ્ધ થયા.

થોડા વખત બાદ પંચમ સ્વર્ગના એક બીજા દેવ સ્થંડિલાના ગર્ભમાં પ્રવેશ્યા. ગર્ભકાળ પૂરો થવાથી સ્થંડિલાએ એક અતિ સુંદર અને મહાન તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. માતા-પિતાએ પોતાના આ પુત્રનું નામ ગાર્ગ્ય રાખ્યું અને આ જ આગળ જઈને 'અગ્નિભૂતિ'ના નામથી ભગવાન મહાવીરના બીજા ગણધર રૂપે પ્રસિદ્ધ થયા.

સમય જતાં શાંડિલ્યની બીજી પત્ની કેસરીએ પણ પંચમ સ્વર્ગથી આવેલ એક દેવને પોતાના ગર્ભમાં ધારણ કર્યો અને સમય જતાં એક પુત્રરત્નને જન્મ આપ્યો. શાંડિલ્યએ પોતાના આ પુત્રનું નામ ભાર્ગવ રાખ્યું. ભાર્ગવ પણ આગળ જઈને પોતાના બે મોટા ભાઈઓની જેમ જ વિદ્વાન થયા અને તેમની જેમ જ શ્રમણધર્મમાં દીક્ષિત થઈને મહાવીર ભગવાનના ત્રીજા ગણધર વાયુભૂતિના નામે પ્રસિદ્ધ થયા.

## મંડિત અને મૌર્ય : ભ્રમનિવારણ

ભગવાન મહાવીરના છઠ્ઠા ગણધર મંડિત અને સાતમા ગણધર મૌર્યપુત્ર વિશે કેટલાક પહેલાના આચાર્યો અને હાલના વિદ્વાનોએ એ માન્યતા ફેલાવી છે કે - 'તે બંને ભાઈ હતા, બંનેની માતા એક હતી, જેમનું નામ વિજયાદેવી હતું. મંડિતના પિતાનું નામ ધનદેવ હતું. મંડિતના જન્મ પછી

થોડા સમય બાદ ધનદેવનું અવસાન થઈ ગયું. તો વિજયાદેવીએ ધનદેવીના માસિયાઈ ભાઈ મૌર્ય સાથે વિવાહ કરી લીધો અને મૌર્ય થકી તેને એક બીજો પુત્ર પેદા થયો, જેનું નામ મૌર્યપુત્ર રાખવામાં આવ્યું.'

મુનિ રત્નવિજયે આ મતના પક્ષમાં 'સ્થવિરાવલી' ભાગ-૧માં લખ્યું છે કે - 'તે સમયે વિધવાવિવાહ વર્જ્ય નહોતું. ખરેખર બંને ગણધરોની માતાઓનું નામ એક હોવાને લીધે આ ભ્રમ ઉત્પન્ન થયો. પણ 'સમવાયાંગ સૂત્ર'માં આ બંને ગણધરો વિશે જે મહત્ત્વપૂર્ણ તથ્ય આપવામાં આવ્યાં છે, તેના યોગ્ય અભ્યાસથી એ સાબિત થાય છે કે - 'ઉપરોક્ત ધારણા સાચી નથી.' 'સમવાયાંગસૂત્ર'માં આર્ય મંડિતની કુલ ઉંમર ૮૩ વરસ જણાવવામાં આવી છે અને તેમના વિશે સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે - 'તેઓ ૩૦ વરસ સુધી શ્રમણધર્મ પાલન કરીને સિદ્ધ થયા. એટલે કે જ્યારે તેમણે ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી તો તેમની ઉંમર ૫૩ વરસની હતી. તે જ 'સમવાયાંગ'માં મૌર્યપુત્ર વિશે લખવામાં આવ્યું છે કે - 'તેમણે ૬૫ વરસની ઉંમરમાં દીક્ષા ગ્રહણ કરી.' આ પણ સર્વવિદિત સત્ય તથ્ય છે કે - 'બધા અગિયાર ગણધરોએ ભગવાન મહાવીર પાસે એક જ દિવસે દીક્ષા ગ્રહણ કરી હતી.' એ સંજોગોમાં આ કેવી રીતે શક્ય હોય શકે છે કે એક જ દિવસે દીક્ષાગ્રહણ કરતી વખતે મોટો ભાઈ ૫૩ વરસનો હોય અને નાનો ભાઈ ૬૫ વરસનો ! એટલે કે નાનો ભાઈ મોટા ભાઈથી ૧૨ વરસ મોટો હોય ! મુનિ રત્નપ્રભવિજયે પોતે 'સ્થવિરાવલી'માં લખ્યું છે કે - 'દીક્ષા ગ્રહણ કરતી વખતે મંડિતની ઉંમર ૫૩ વરસ અને મૌર્યપુત્રની ૬૫ વરસ હતી. આ બધાં પુરાવાઓથી એ સાબિત થાય છે કે - 'બંને ભાઈ હોવાની માન્યતા ફક્ત ભ્રમ છે. જે બંનેની માતાનું નામ વિજયાદેવી હોવાને લીધે ફેલાઈ હતી.'

## મહાવીરની પ્રથમ શિષ્યા : ચંદનબાલા

મહારાજા દધિવાહન ચંપા નગરીના રાજા હતા. તેમની મહારાણીનું નામ ધારિણી હતું. તેમની એકમાત્ર પુત્રીનું નામ વસુમતી હતું. જે ખૂબ જ સુંદર, સુશીલ અને સર્વગુણસંપન્ન હતી. મહારાજ દધિવાહનના રાજ્યમાં સુખ-શાંતિ હતી. કુટુંબમાં પરસ્પર પ્રેમ અને સ્નેહ હતો. તે વખતે કૌશાંબીમાં શતાનીક રાજ કરતો હતો. શતાનીક અને દધિવાહન વચ્ચે કોઈક કારણોસર અણબનાવ થઈ ગયો અને શતાનીક ઈર્ષાના

કારણે ચંપા નગરી પર ચઢાઈ કરીને તેનો વેરણ-છેરણ કરવાની યોજના બનાવવા લાગ્યો. એકવાર તેને પોતાના ગુપ્તચરો વડે સૂચના મળી કે - 'ચંપા પર ચઢાઈ કરવાનો સમય આવી ગયો છે અને જલદી જ સેના પ્રયાણ કરી દે.' સમાચાર મળતાં જ શતાનીકે એક મોટી સેના સાથે જળમાર્ગે ચંપા તરફ પ્રયાણ કરી દીધું. તેની સેના ચંપા પહોંચી ગઈ અને ચંપા નગરીના લોકો ઊંઘમાંથી ઊઠે તે પહેલાં તો શતાનીકે ચંપા નગરીને ચારે બાજુથી ઘેરી લીધી. આ અણધારી ઘટનાથી ચંપાનરેશ અને નાગરિકો સ્તબ્ધ થઈ ગયા. મહારાજ દધિવાહન કોઈની મદદ વગર આ આકસ્મિક ચઢાઈનો સામનો કરવા માટે અસમર્થ હતા. આથી મંત્રીઓએ આગ્રહ કર્યો કે - 'તેઓ ચંપા છોડીને ગુપ્ત રસ્તે જંગલ તરફ નીકળી જાય.'

બીજા દિવસે શતાનીકે પોતાના સૈનિકોને હુકમ આપ્યો કે - 'ચંપાના કોટ અને દરવાજાઓને તોડીને લૂંટ-ફાટમાં જે મળે તે લઈ લો,' પછી શું ? સૈનિકોએ તોડ-ફોડ કરી. મહારાણી ધારિણી પોતે રાજકુમારી વસુમતી સહિત શતાનીકના એક સૈનિક દ્વારા બંદીની બનાવી લેવામાં આવી. તે આ બંનેને પોતાના રથમાં બેસાડીને કૌશાંબી તરફ ચાલી નીકળ્યો. મહારાણીના રૂપ-લાવણ્યને જોઈને સૈનિકે કહ્યું : "ચંપા નગરીની લૂંટમાં આ સુંદર સ્ત્રીને મેળવીને મેં બધું જ મેળવી લીધું છે. કૌશાંબી પહોંચતાં જ હું આની સાથે લગ્ન કરી લઈશ."

સૈનિકની આ વાત સાંભળીને રાણી ગુસ્સા અને તિરસ્કારથી તમતમી ગઈ. ચંપાના પ્રતાપી અને યશસ્વી નરેશ દધિવાહનની રાજરાણીને એક સામાન્ય સૈનિકના મોઢેથી આ શબ્દ સાંભળીને ખૂબ જ કારમો આઘાત લાગ્યો. પોતાના સતીત્વ પર આંચ આવવાના ડરથી તે કાંપી ગઈ. તેણે એક હાથથી પોતાની જીભ મોંમાંથી બહાર કાઢી અને બીજા હાથથી પોતાની દાઢી પર જોરથી ઘા કર્યો. તે એ જ ઘડીએ નિર્જીવ થઈને રથમાં ઢળી પડી. ધારિણીના આ આકસ્મિક મૃત્યુથી સૈનિકને પોતાની ભૂલ પર દુઃખ અને આત્મગ્લાનિ થઈ. તેને ડર લાગ્યો કે - 'ક્યાંક આ સુંદર, સુકોમળ, ભોળી બાળા પણ પોતાની માતાનું અનુકરણ ન કરી બેસે, માટે તેણે વસુમતીને મૃદુ શબ્દોથી દિલાસો આપવાનો પ્રયત્ન કર્યો.' કૌશાંબી પહોંચતા જ વસુમતીને વેચાણ માટે બજારના ચાર રસ્તે ઊભી કરી દીધી.

કૌશાંબીના ધનાવહ નામના શેઠે વેચાણ માટે ઊભેલી બાળાને જોઈ. ધનાવહ ખૂબ જ ઉદાર અને ધાર્મિક પ્રવૃત્તિની વ્યક્તિ હતી. બાળાને જોતાં જ સમજી ગયા કે - 'તે કોઈ મોટા કુળની કન્યા છે, જે કમનસીબે પોતાનાં મા-બાપથી છૂટી પડી ગઈ છે.' તેમણે મોં માંગી કિંમત આપીને બાળાને ખરીદી લીધી અને તેને પોતાને ઘેર લઈ આવ્યા. ખૂબ પ્રેમથી તેનું અને તેનાં માતા-પિતાનું નામ પૂછ્યું, પણ વસુમતીએ પોતાનું મોં પણ ન ખોલ્યું. છેવટે તેમણે વસુમતીને પોતાની પત્નીને સોંપીને કહ્યું : "લાગે છે કે આ કોઈ સામાન્ય કુળની કન્યા નથી, આને પોતાની પુત્રી સમજીને સ્નેહ-પ્રેમથી રાખજો." શેઠની પત્ની મૂલાએ બાળાને પોતાની પુત્રીની જેમ રાખી. બાળા ધનાવહના કુટુંબમાં હળી-મળી ગઈ. તેણે પોતાના મીઠા ભાષણ, સદ્‌વ્યવહાર અને વિનય વગેરે સદ્‌ગુણોથી શેઠ-પરિવારનું મન મોહી લીધું. તેના ચંદન જેવા સુંદર શરીર અને શીતળ અને કોમળ સ્વભાવના લીધે શેઠ-પરિવારે તેને ચંદના નામથી બોલાવવાનું શરૂ કરી દીધું.

ચંદના જેમ-જેમ મોટી થઈ તેનું રૂપ-સૌંદર્ય વધુ ને વધુ ખીલતું ગયું અને એક દિવસ એવો પણ આવ્યો કે તે અપાર રૂપ પ્રત્યે મૂલાના મનમાં ઈર્ષા અને શંકા પેદા થઈ ગઈ. તેણે વિચાર્યું - 'ક્યાંક મારા પતિ આકર્ષિત થઈને આની સાથે લગ્ન ન કરી લે, જો એવું થાય તો તો મારો સર્વનાશ થઈ જશે. એ પહેલાં કે 'પુત્રી' પત્ની બનવાની ભાવના મનમાં પેદા કરી શકે, તેને મારા રસ્તામાંથી હંમેશ માટે હટાવી દેવું જ સારું થશે.' તે દરમિયાન જ ધનાવહ શેઠ થોડા દિવસો માટે ક્યાંક બહાર ગયા. મૂલાએ એક હજામને બોલાવીને પહેલા ચંદનાના વાળ કઢાવી નંખાવ્યા અને તેનું મુંડન કરી દીધું. પછી તેના હાથ-પગમાં હથકડી અને બેડીઓ પહેરાવીને તેને એક ભોંયરામાં બંધ કરી દીધી અને બધાને સાવધાન કરી દીધા કે - 'શેઠના આવવાથી કોઈ પણ ચંદના વિશે તેમને કાંઈ પણ ન જણાવે.'

ચંદના ૩ દિવસો સુધી ભૂખી-તરસી ભોંયરામાં બંધ રહી. શેઠે બહારથી પાછા ફરતા જ ચંદના વિશે પૂછ્યું : "બધાં જ દાસ-દાસીઓને ચૂપ જોઈને ધનાવહને શંકા થઈ અને તેમણે ગુસ્સાથી કડક થઈને સાચે સાચું જણાવવા માટે કહ્યું. એક વૃદ્ધ દાસીએ સાહસ ભેગું કરી આખી ઘટના કહી સંભળાવી. ભોંયરાનો દરવાજો ખોલીને ધનાવહે ચંદનાની

હાલત જોઈ, તો તે રડી પડ્યા. ભૂખ અને તરસથી મૂંઝાયેલી ચંદનાના મોઢાને જોઈને તે રસોઈઘર તરફ ગયા. ત્યાં તેને સૂપડામાં રાખેલ અડદના બાકળા સિવાય કાંઈ ન મળ્યું. તેઓ એ જ લઈને ચંદના પાસે પાછા ફર્યા અને બોલ્યા : "બેટી, હમણાં આનાથી જ પોતાની ભૂખ ઓછી કરો, ત્યાં સુધી હું કોઈ લુહારને લઈને આવું છું" અને તેઓ ઝડપથી બહાર નીકળ્યા.

ભૂખથી પીડિત હોવા છતાં પણ ચંદનાના મનમાં વિચાર આવ્યો - 'શું હું એટલી બધી કમનસીબ છું કે આજે પણ મારે કોઈ અતિથિને ખવડાવ્યા વિના જ ખાવું પડશે ? તેણે અતિથિની શોધમાં દરવાજે નજર નાંખીને જોયું, કરોડો સૂર્યના તેજ જેવા દેદીપ્યમાન મુખમંડળવાળા અને અતિકમનીય, કંચનવર્ણ, સુંદર, સુડોળ શરીરવાળા તપસ્વી દરવાજે છે.' હર્ષના અતિરેકથી તેનાં આંસુ સુકાઈ ગયાં. તેના મુખમંડળ પર શરદ પૂનમની ચાંદની નાચવા લાગી અને તે સૂપડુ હાથમાં લઈને ઊઠી બેડીઓથી જકડાયેલા પોતાના એક પગને ખૂબ જ મુશ્કેલીથી ઊંબરાની બહાર કાઢીને તેણે વિનંતીના અવાજે અતિથિને પ્રાર્થના કરી : "પ્રભો ! જો કે અડદના બાકળા આપના ખાવાયોગ્ય નથી, તો પણ મુજ અબળા પર કૃપા કરીને આપ આને ગ્રહણ કરો."

અતિથિએ એક ઘડી માટે બધું ધ્યાનથી જોયું અને પાછા ફરવા લાગ્યા કે ચંદનાના મોઢેથી સરી પડ્યું : "આનાથી વધુ શું દુર્ભાગ્ય હોઈ શકે છે કે આંગણામાં આવેલા કલ્પતરુ પાછા ફરી રહ્યા છે." અને તેની આંખોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. અતિથિએ તરત જ ચંદના સામે પોતાનું કરપાત્ર ધરી દીધું. ચંદનાએ આનંદવિભોર થઈને શ્રદ્ધા સાથે સૂપડાના બધા જ બાકળા અતિથિના કરપાત્રમાં નાંખી દીધા.

આ અતિથિ બીજા કોઈ નહિ, શ્રમણ ભગવાન મહાવીર પોતે હતા, જે એક વિશિષ્ટ અભિગ્રહ ધારણ કરીને પાછલા પાંચ મહિના અને પચીસ દિવસોથી ભિક્ષા માટે ભ્રમણ કરી રહ્યા હતા. ચંદનાની ભિક્ષાથી અભિગ્રહની બધી જ શરતો પૂરી થતી જોઈને તેમણે પોતાનું કરપાત્ર ચંદનાની સામે ધરી દીધું હતું. કરપાત્રમાં બાકળાની ભિક્ષા પડતાં જ 'મહાદાન - મહાદાન'ના દિવ્યઘોષથી આકાશ ગુંજી ઊઠ્યું અને દેવતાઓએ પંચદિવ્યોનો વરસાદ કર્યો. દેવોએ ધનાવહ શેઠના ઘેર સાડા બાર કરોડ સુવર્ણ મુદ્રાઓનો વરસાદ કર્યો. વિશાળ લોકસમૂહ આ અલૌકિક દશ્ય જોવા માટે ભેગા થઈ ગયા અને લોકોએ ચંદનાના ભાગ્યના વખાણ કર્યા.

જોત-જોતામાં જ મુંડન કરેલું માથું સુંદર વાળના જથ્થાથી સુશોભિત થઈ ગયું. લોઢાની હાથકડીઓ અને બેડીઓ સુંદર સોનાનાં આભૂષણોમાં ફેરવાઈ ગયાં. દેવેન્દ્ર પોતે અનેક દેવ-દેવીઓ સાથે ત્યાં હાજર થયાં.

કૌશાંબીના રાજા શતાનીક પણ મહારાણી મૃગાવતી અને બીજાં પરિજનો સાથે ધનાવહ શેઠના ત્યાં પહોંચ્યા. તેમની સાથે દધિવાહનનો અંગરક્ષક પણ હતો, જેને રાજા શતાનીક બંદી બનાવીને લાવ્યા હતા. તેણે ચંદનાને જોતાં જ ઓળખી લીધી અને હૈયાફાટ રુદન કરવા લાગ્યો. જ્યારે શતાનીક તથા મૃગાવતીને જાણ થઈ કે ચંદના મહારાજ દધિવાહનની પુત્રી વસુમતી છે, તો મૃગાવતીએ પોતાની ભાણીને આંચલમાં ભરી લીધી. ઇન્દ્રએ શતાનીકને કહ્યું : "ભગવાન મહાવીરના કેવળી બનવાથી ચંદનબાલા તેમની પ્રથમ શિષ્યા બનશે અને આ જ શરીરથી નિર્વાણ પ્રાપ્ત કરશે."

મહારાજા શતાનીક અને મહારાણી મૃગાવતી ખૂબ પ્રેમથી આગ્રહ કરીને ચંદનબાલાને પોતાની સાથે રાજમહેલમાં લઈ આવ્યાં. ચંદનબાલા પોતાના ભાવિ જીવનથી સારી રીતે પરિચિત હતી. તે રાજમહેલોમાં રહીને પણ સાધ્વીની જેમ વિરક્ત અને વીતરાગજીવન ગુજારતી હતી. જલદી જ તે દિવસ આવ્યો, જ્યારે ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ચંદનબાલાએ ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી અને તેમની પહેલી શિષ્યા બની તથા ભગવાન દ્વારા સ્થાપિત શ્રમણી સંઘની પ્રથમ સંચાલિકા બની. સંઘનું સંચાલન કરતા-કરતા ઘણી જાતની કઠોર સાધનાપૂર્વકની તપસ્યાઓથી પોતાનાં બધાં જ કર્મોનો ક્ષય કરીને ચંદનબાલાએ નિર્વાણ પ્રાપ્ત કર્યું.

## પાર્શ્વનાથ અને મહાવીર : શાસન-ભેદ

પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવે પાંચ મહાવ્રતોનો ઉપદેશ આપ્યો. તેમના પછી અજિતનાથથી પાર્શ્વનાથ સુધીના બાવીસ તીર્થંકરોએ ચાતુર્યામરૂપી ધર્મનો બોધ આપ્યો. તેમણે અહિંસા, સત્ય, અચૌર્ય અને બહિસ્તાત્-આદાન-વિરમણ એટલે કે આપ્યા વગરની બાહ્ય વસ્તુઓના ગ્રહણનો ત્યાગરૂપી ચાર યામવાળો ધર્મ બતાવ્યો. પાર્શ્વનાથ પછી જ્યારે મહાવીરનો ધર્મયુગ આવ્યો તો તેમણે ફરી અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપી પાંચ મહાવ્રતોનો ઉપદેશ આપ્યો. આ રીતે બંનેનાં વ્રત-વિધાનમાં સંખ્યાનો ફેર હોવાથી આ પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે કે આવું કેમ ?

જે વખતે લોકોની જેવી બૌદ્ધિક શક્તિ હોય છે, તે જ અનુસાર ધર્મ-તત્ત્વનું કથન કરવામાં આવે છે. પ્રથમ તીર્થંકરના વખતે લોકો સરળ અને જડ હતા અને અંતિમ તીર્થંકર મહાવીર વખતે લોકો વાંકા (વક્ર) અને જડ હતા. ઋષભદેવના વખતમાં લોકોને સમજાવવું અઘરું હતું, તો મહાવીરના વખતમાં લોકોને વ્રતનું પાલન કરાવવું અઘરું હતું. આથી બંનેએ વ્રતોને વધુ સ્પષ્ટ કરીને પાંચ મહાવ્રતરૂપી ધર્મ બતાવ્યો. વચ્ચેના ગાળાના તીર્થંકરોના સમયમાં લોકો સરળ ને બુદ્ધિશાળી હતા. ઉપદેશને સહેલાઈથી સમજીને તેનું પાલન પણ સરળતાથી કરતા હતા, માટે વચ્ચેના ૨૨ તીર્થંકરોએ ચાતુર્યામ-ધર્મનો ઉપદેશ આપ્યો.

ભગવાન મહાવીર દ્વારા બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું પૃથક્કરણ ફક્ત સ્પષ્ટતા માટે કરવામાં આવ્યું છે આથી સંખ્યામાં ફેર હોવા છતાં પણ બંને પરંપરાઓમાં મૌલિક ભેદ નથી.

## ચારિત્ર

ભગવાન પાર્શ્વનાથના વખતે શ્રમણવર્ગને સામાયિક ચારિત્ર આપવામાં આવતું હતું; જ્યારે ભગવાન મહાવીરે સામાયિકની સાથોસાથ છેદોપસ્થાપનીય ચારિત્રનું પણ પ્રવર્તન કર્યું. છેદોપસ્થાપનીયમાં જે ચારિત્રપર્યાયનો છેદ ઉડાવવામાં આવે છે, પાર્શ્વનાથની પરંપરાના સજાગ સાધકો માટે તેની જરૂર જ નહોતી. આથી તેમણે નિર્વિભાગ સામાયિક ચારિત્રનું વિધાન કર્યું. 'ભગવતીસૂત્ર'ના ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે - 'જે મુનિ ચાતુર્યામધર્મનું પાલન કરતા હતા, તેમનું ચારિત્ર સામાયિક કહેવામાં આવતું અને જ્યારે આ પરંપરાને બદલીને પંચયામધર્મમાં પ્રવેશ કર્યો, ત્યારે તેમનું ચારિત્ર છેદોપસ્થાપનીય કહેવાયું.'

ભગવાન મહાવીર વખતે બંને રીતની વ્યવસ્થાઓ ચાલતી હતી. તેમણે અલ્પકાલીન નિર્વિભાગમાં સામાયિક ચારિત્રને અને દીર્ઘકાળ માટે છેદોપસ્થાપનીય ચારિત્રને માન્યતા આપી. મહાવીરે આ સિવાય વ્રતોમાં રાત્રિભોજન-વિરમણને પણ અલગ વ્રતરૂપે પ્રતિષ્ઠિત કર્યાં.

ભગવાન પાર્શ્વનાથ અને મહાવીરના શાસનમાં બીજો ફરક સચેલ-અચેલનો છે. પાર્શ્વનાથની પરંપરામાં સચેલ-ધર્મ માનવામાં આવતો હતો, પણ મહાવીરે અચેલ-ધર્મનો બોધ આપ્યો. અહીં અચેલકનો અર્થ સંપૂર્ણ વસ્ત્રનો ત્યાગ નહિ, પણ સોંઘા, પ્રમાણોપેત, જીર્ણ-શીર્ણ વસ્ત્રધારી સમજવા

જોઈએ. રજોહરણ ને મુખવસ્ત્રિકા તો બધાં જ શ્રમણ રાખે જ છે, માટે ભાષ્યકારે કહ્યું છે કે - 'અચેલક બે રીતના હોય છે - સચેલક અને અચેલક. તીર્થંકર અચેલક હોય છે, તેઓ દેવદૂષ્ય વસ્ત્ર પડી જવાથી હંમેશાં વસ્ત્ર વિના જ રહે છે. બાકી બધા જિનકલ્પિક વગેરે સાધુ સચેલક કહેવામાં આવ્યા છે. ઓછામાં ઓછું રજોહરણ અને મુખ-વસ્ત્રિકાનો તો સદ્ભાવ રહે જ છે. આ જ રીતે ઓછાં વસ્ત્ર રાખવાવાળા મુનિ પણ મૂર્ચ્છારહિત હોવાને કારણે અચેલ માનવામાં આવ્યા છે.'

## સપ્રતિક્રમણ ધર્મ

પહેલા અને છેલ્લા તીર્થંકર વખતે નિયમિતરૂપે ઉભયકાળ પ્રતિક્રમણ કરવાનું વિધાન છે અને સાથોસાથ દોષના સમયે પણ ઈર્યાપથ અને ભિક્ષા વગેરે રૂપે તરત જ પ્રતિક્રમણનું વિધાન છે; એટલે કે ભગવાન મહાવીરે દોષ લાગે કે ન લાગે, પોતાના શિષ્યો માટે દરરોજ બંને કાળમાં (સવારે-સાંજે) પ્રતિક્રમણ કરવું ફરજિયાત જણાવ્યું છે; જ્યારે અજિતનાથથી પાર્શ્વનાથ સુધી બાવીસ તીર્થંકરો વખતે દોષ લાગતા જ શુદ્ધિ કરી લેવામાં આવતી હતી. માટે તેમની માટે ઉભયકાળમાં પ્રતિક્રમણનું વિધાન નહોતું.

## સ્થિતકલ્પ

પ્રથમ અને અંતિમ તીર્થંકર વખતે બધા જ કલ્પ ફરજિયાત હતા, આથી એમને સ્થિતકલ્પ કહેવાય છે, જ્યારે બાકી બાવીસ તીર્થંકરો માટે ચાર સ્થિતકલ્પ અને છ અસ્થિતકલ્પ માનવામાં આવ્યા છે. ભગવાન મહાવીરના શ્રમણો માટે માસકલ્પ વગેરે નિયત છે. તેમનાં સાધુ-સાધ્વી માસકલ્પથી વધુ કારણ વગર ક્યાંય ન રહે, એ સ્થિત-કલ્પ છે. વર્તમાનમાં થોડાં સાધુ-સાધ્વી વિશેષ કારણ વગર એક જ સ્થળે રોકાયેલાં રહે છે, એ શાસ્ત્ર-મર્યાદાને અનુકૂળ નથી.

## ભગવાન મહાવીરના નિહ્નવ જમાલિ

ભગવાન મહાવીરના શાસનમાં સાત નિહ્નવ થયા, જેમાં બે ભગવાનની સામે થયા - પ્રથમ જમાલિ અને બીજા તિષ્યગુપ્ત. જમાલિ ભગવાનનો ભાણો અને તેમની એકમાત્ર પુત્રી પ્રિયદર્શનાનો પતિ હોવાથી

જમાઈ પણ હતો. જમાલિએ શ્રમણ ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી. દીક્ષાનાં થોડાં વરસો બાદ જમાલિએ ભગવાન પાસે સ્વતંત્ર વિહાર કરવાની પરવાનગી માંગી. ભગવાને કાંઈ પણ જવાબ ન આપ્યો. ભગવાનના મૌનને તેમની સ્વીકૃતિ સમજીને જમાલિ પાંચસો સાધુઓ સાથે મહાવીરથી જુદા થઈ વિહાર કરી ગયા. અનેક સ્થળે ભ્રમણ કરતા-કરતા તે સાવત્થી આવ્યા ને ત્યાં કોષ્ઠક બાગમાં રોકાયા. થોડા દિવસો પછી તેના શરીરમાં બળતરા થવા લાગી. તેને માટે બેસી રહેવું પણ અશક્ય થઈ ગયું. તેણે પોતાના શ્રમણોને સંથારો કરાવવાનું કહ્યું, જેથી તે સૂઈ જાય. સાધુલોકો સંથારો કરાવી જ રહ્યા હતા કે જમાલિના મનમાં વિચાર આવ્યો કે - 'ભગવાન મહાવીર જે ચલમાનને ચલિત અને ક્રિયમાણને કૃત કહે છે, તે મિથ્યા છે. હું તો રૂબરૂ જોઈ રહ્યો છું કે ક્રિયમાણ શય્યા સંસ્તારક અકૃત છે. પછી તો ચલમાનને પણ અચલિત જ કહેવું જોઈએ.' પોતાની આ નવી સિદ્ધિને તેણે પોતાના સાધુઓને સમજાવી. ઘણા સાધુ જે જમાલિના અનુરાગી હતા, તેની પર વિશ્વાસ કરવા લાગ્યા. બીજાઓએ જમાલિને સમજાવવાની કોશિશ કરી, પણ જ્યારે તે ન માન્યો તો તેને છોડીને પાછા મહાવીર પાસે જતા રહ્યા.

જમાલિની અસ્વસ્થતાની વાત સાંભળીને પ્રિયદર્શના પણ ત્યાં આવી. તે ભગવાન મહાવીરના પરમભક્ત ઢંક કુંભારને ત્યાં રોકાયેલી હતી. જમાલિ પ્રત્યેના સ્નેહને લીધે પ્રિયદર્શનાએ તેનો મત સ્વીકારી લીધો અને ઢંકને પણ તેનો અનુયાયી બનાવવાનો પ્રયત્ન કરવા લાગી. ઢંકે કહ્યું કે - "અમે તો એટલું જ જાણીએ છીએ કે - 'વીતરાગનું વાક્ય ખોટું ન હોઈ શકે.'" અને તેણે પ્રિયદર્શનાને પણ સમજાવવાનું નક્કી કરી લીધું.

એક દિવસ જ્યારે સાધ્વી પ્રિયદર્શના ઢંકની શાળામાં સ્વાધ્યાયમાં લીન હતી, તો ઢંકે સાવધાનીથી તેના કપડાના છેડે આગનું તણખલું મૂકી દીધું. સાધ્વીએ કહ્યું : "શ્રાવક, તેં મારી સાડી બાળી નાંખી." ઢંકે કહ્યું : "ના, ના ફક્ત ખૂણો બળી રહ્યો છે. આપના ગુરુના મત મુજબ જલાયમાન વસ્તુને બળેલી ન કહી શકાય." ઢંકની વાત સાંભળી પ્રિયદર્શના જાગૃત થઈ ગઈ. તેણે પોતાની ભૂલ બદલ ***"મિથ્યા મે દુષ્કૃતં ભવતુ"*** કહીને પ્રાયશ્ચિત્ત કર્યું. ત્યાર બાદ પોતાની શિષ્યાઓ

સાથે ફરીથી ભગવાન મહાવીર પાસે જતી રહી. આ રીતે એક-એક કરીને બધા શિષ્ય જમાલિને છોડીને ચાલ્યા ગયા, પણ તે પોતાની જીદ પર અડી રહ્યો. તે પોતાની જાતને કેવળીના રૂપે જાહેર કરતો. ભગવાન મહાવીર અને ગૌતમ બંનેએ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેની પર કોઈ અસર ન પડી. આલોચના વગર મૃત્યુ પામીને તે 'કલ્વિષી' દેવ થયો.

## તિષ્યગુપ્ત

ભગવાન મહાવીરના કૈવલ્યનાં સોળ વરસ પછી એક બીજા નિહ્નવ થયા, જેનું નામ તિષ્યગુપ્ત હતું. તે ચતુર્દશ પૂર્વજ્ઞાની વસુનો શિષ્ય હતો. એક વાર આચાર્ય વસુ રાજગૃહમાં ગુણશીલ ચૈત્યમાં વિરાજ-માન હતા, તેમની પાસે આત્મ-પ્રવાદનો આલાપલક વાંચતા-વાંચતા તિષ્યગુપ્તને એ દૃષ્ટિ પેદા થઈ કે - 'જીવનો એક પ્રદેશ જીવ નહિ, આમ તો બે, ત્રણ સંખ્યા વગેરે પણ જીવ નહિ, પણ અસંખ્ય પ્રદેશ હોવાથી જ તેને જીવ કહેવો જોઈએ. કેમકે જીવ લોકાકાશ - પ્રદેશ સમાન છે અને છેલ્લા પ્રદેશમાં જ જીવત્વ છે.' ગુરુએ તિષ્યગુપ્તને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ જ્યારે તેની ધારણા ન બદલાઈ તો ગુરુએ તેને સંઘથી બહાર કરી દીધો. સ્વચ્છંદ વિચરતો-વિચરતો તિષ્યગુપ્ત આમલકલ્પા નગરીમાં પહોંચ્યો અને ત્યાં આમ્રસાલવનમાં રોકાયો. ત્યાં મિત્રશ્રી નામનો એક શ્રાવક હતો, તેણે તિષ્યગુપ્તને સમજાવવાનો ઉપાય વિચાર્યો. તેણે એક દિવસ ભિક્ષા માટે તિષ્યગુપ્તને પોતાને ત્યાં આમંત્રિત કર્યો. તિષ્યગુપ્તના આવવાથી મિત્રશ્રીએ તેનો આદર-સત્કાર કર્યો. તેણે ભિક્ષા માટે જુદી-જુદી જાતની સામગ્રી મંગાવી અને તેમાંથી દરેકના છેલ્લા ભાગનો એક-એક કણ તિષ્ય-ગુપ્તને આપ્યો. આ જોઈને તિષ્યગુપ્તે કહ્યું : "શ્રાવક ! શું તમે મારી મજાક કરી રહ્યા છો ?" શ્રાવકે કહ્યું : "મહારાજ, આપના મુજબ છેલ્લો પ્રદેશ જ જીવ છે, તો મેં શું ભૂલ કરી ? જો એક કણમાં આપ પૂર્ણ નથી માનતા તો આપનો સિદ્ધાંત ખોટો સાબિત થયો." શ્રાવકની પ્રેરણાથી તિષ્યગુપ્તે પોતાની ભૂલ સમજી. મિત્રશ્રીએ તેમને ખૂબ જ સન્માન અને પ્રતિલાભ આપ્યો તેમજ તેમને પાછા ગુરુની સેવામાં મોકલીને તેમની સંયમશુદ્ધિમાં મદદ કરી.

## મહાવીર અને ગોશાલક

ભગવાન મહાવીર અને ગોશાલકનો વરસો સુધી નજીકનો સંબંધ રહ્યો છે. જૈનશાસ્ત્રો મુજબ ગોશાલક પ્રભુનો શિષ્ય હોવા છતાં પણ તેમનો પ્રબળ હરીફ રૂપે વ્યવહાર કરતો રહ્યો. ભગવાને ગોશાલકને પોતાનો કુશિષ્ય કહીને પરિચય આપ્યો. ગોશાલકના નામકરણ વિશે 'ભગવતીસૂત્ર'માં સ્પષ્ટ નિર્દેશ મળે છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે - 'પહેલાના વખતમાં મંખ નામની જાતિના લોકો કોઈ દેવનું ચિત્રપટ બતાવીને આજીવિકા કમાતા હતા. ગોશાલકના પિતા મંખલી આ મંખ જાતિના હતા. ગોશાલકની માતાનું નામ ભદ્રા હતું. જ્યારે ગોશાલકની માતા તેને ગર્ભમાં ધારણ કરેલ હતી અને તેના જન્મનો સમય નજીક આવી ગયો હતો, તો મંખલી, સરવલ ગામના ગોબહુલ બ્રાહ્મણની ગૌશાળામાં રોકાયેલા હતા. આ જ ગૌશાળામાં જન્મ થવાને લીધે બાળકનું નામ ગોશાલક રાખવામાં આવ્યું. આ રીતે ગોશાલકનું પૂરું નામ મંખલિપુત્ર ગોશાલક હતું. મોટો થયા બાદ તે પણ ચિત્રપટ હાથમાં લઈને આજીવિકા માટે ફરવા લાગ્યો.'

આચાર્ય ગુણચંદ્ર વડે રચેલ 'મહાવીર-ચરિયં' મુજબ ઉત્તરાપથના સિલિંધ નામના સન્નિવેશમાં કેશવ નામનો એક મુખીઓ રહેતો હતો. તેની પત્નીનું નામ શિવા હતું. તેમને એક પુત્ર થયો, જેનું નામ મંખ રાખવામાં આવ્યું. મંખ જ્યારે યુવાન થયો તો એક દિવસ પોતાના પિતા સાથે સ્નાન કરવા માટે એક તળાવે ગયો. ત્યાં તેણે ઝાડ પર બેઠેલા એક ચક્રવાક-યુગલને જોયું, જે પરસ્પર જુદી-જુદી પ્રેમક્રીડાઓ કરી રહ્યું હતું. તે જ વખતે એક શિકારીએ ધીરેથી તીર મારી દીધું. જે ચકવાને લાગી ગયું, ને તે તડપવા લાગ્યો. ચકવાને તડપતો જોઈને ચકવીએ વિલાપ કરીને જીવ આપી દીધો અને થોડીવારમાં ચકવો પણ મરી ગયો. ચકવો અને ચકવીની આ દશા જોઈને મંખ બેહોશ થઈને જમીન પર પડી ગયો. તેને બેહોશ જોઈને તેના પિતા કેશવ ચિંતાતુર થઈ ગયા. મંખને ભાન આવતા કેશવે તેને તેની બેહોશીનું કારણ પૂછ્યું. મંખે આખી ઘટના જણાવી અને કહ્યું કે - "ચકવો-ચકવીની આ હાલત જોઈને મને મારા પૂર્વજન્મની યાદ આવી ગઈ, જેમાં હું પણ મારી ચકવી સાથે આ જ રીતે મૃત્યુ પામીને આપના ત્યાં પેદા થયો છું."

કેશવ મંખને સમજાવી-ફોસલાવીને ઘરે લઈ આવ્યો, પણ ઘેર પહોંચીને પણ મંખ ખૂબ જ ઉદાસ રહેવા લાગ્યો, અને ખાવાનું-પીવાનું છોડીને હંમેશાં ચિંતાતુર રહેતો. મંખનો ઘણી રીતે ઉપચાર કરવામાં આવ્યો. કેટલાય તાંત્રિકોને બતાવવામાં આવ્યો, પણ બધું જ વ્યર્થ. એક દિવસ એક વૃદ્ધે સલાહ આપી કે - 'આના પૂર્વજન્મના ચકવા-ચકવીવાળા વૃત્તાંતને ચિત્રપટ પર અંકિત કરાવડાવો. તે ચિત્ર લઈને મંખ ભ્રમણ કરે, લોકોને બતાવે. આવું કરવાથી કદાચ કોઈને પોતાના પૂર્વજન્મની યાદ આવી જાય અને આની પૂર્વજન્મની પત્ની મળી જાય, તો આને શાંતિ મળે કેશવે આવું જ કર્યું અને મંખ તે ચિત્રપટને લઈને ફરવા લાગ્યો.

લોકો ચિત્ર જોતા અને ક્યારેય મંખને તે ચિત્ર વિશે પૂછતા, તો તે આખી કથા વિગતે જણાવતો. આ રીતે ફરતા-ફરતા મંખ ચંપા-નગરી પહોંચ્યો. તેનું ભાથું પૂરું થઈ ગયુ હતું, આથી જીવન-ગુજારા માટે બીજું કોઈ સાધન ન જોઈને મંખ તે જ ચિત્રપટને પોતાની આવકનું સાધન બનાવીને ગીતો ગાતાં-ગાતાં ભિક્ષા માટે ફરવા લાગ્યો.

તે જ નગરીમાં મંખલી નામની એક પરમ આળસુ વ્યક્તિ રહેતી હતી. જેની પત્નીનું નામ સુભદ્રા હતું. તે હંમેશાં એ જ ઉપાયની શોધમાં રહેતી હતી કે કેવી રીતે તે સહેલાઈથી પોતાનું ગુજરાન ચલાવી શકે. એક દિવસ તેની મુલાકાત મંખ સાથે થઈ. તેણે મંખનો સાથ પકડી લીધો. તેની સેવા-ચાકરી કરવા લાગ્યો, તેની પાસેથી થોડાં ગીત પણ શીખી લીધાં, અને થોડા સમય બાદ મંખના મૃત્યુ બાદ વિસ્તૃત વર્ણન સાથે તેવું જ ચિત્રપટ તૈયાર કરાવીને પોતાને ઘેર ગયો. પોતાની પત્નીને પણ સાથે લઈ લીધી અને મંખની જેમ જ ચિત્રપટ બતાવીને ગુજરાન ચલાવવા લાગ્યો. જ્યાં પણ જતો, લોકો તેને પહેલાનો મંખ સમજીને 'મંખ આવ્યો, મંખ આવ્યો' કહીને બોલાવતા. ધીમે-ધીમે મંખલીનું નામ 'મંખલી-મંખ' થઈ ગયું. ફરતાં-ફરતાં મંખલી એકવાર સરવણ ગામ પહોંચ્યો અને ગોબહુલ બ્રાહ્મણની ગૌશાળામાં રોકાયો. ત્યાં તેની પત્ની સુભદ્રાએ એક પુત્રને જન્મ આપ્યો, જેનું નામ ગોશાલક રાખવામાં આવ્યું.

ગોશાલક સ્વભાવે દુષ્ટ પ્રકૃતિનો હતો. માતા-પિતાની વાત નહોતો માનતો અને બધાની સાથે ખરાબ વ્યવહાર કરતો. મા જ્યારે પણ કહેતી:

"મેં તને નવ મહિના મારા ગર્ભમાં રાખ્યો, પ્રેમથી પાલન-પોષન કર્યું, તો પણ તું મારી એક પણ વાત નથી માનતો." તો તે જવાબ આપતો : "મા, તું મારા પેટમાં આવી જા, હું તને બમણા સમય સુધી રાખીશ." તેના આ દુષ્ટ સ્વભાવને લીધે લોકો તેનાથી મોં ફેરવી લેતા. એક વાર તેણે પોતાનાં માતા-પિતા સાથે ઝગડો કર્યો અને તેમના ગુજરાનનું સાધન ચિત્રપટ લઈને એકલો જ ભ્રમણ કરવા નીકળી પડ્યો ને ફરતાં-ફરતાં તે શાળામાં પહોંચ્યો, જ્યાં ભગવાન મહાવીર બિરાજમાન હતા.

ભગવાન મહાવીર પોતાની સાધનાના બીજા વરસે રાજગૃહની બહાર નાલંદામાં માસિક તપ સાથે ચાતુર્માસ કરી રહ્યા હતા, તે જ વખતે ગોશાલક પણ પોતાના હાથમાં પરંપરાગત ચિત્રપટ લઈને હરતો-ફરતો તંતુવાય શાળામાં આવ્યો. તેણે પણ ત્યાં ચાતુર્માસ વિતાવવાનું નક્કી કર્યું. ભગવાન મહાવીરે પહેલા મહિનાના પારણા વિજય ગાથાપતિને ત્યાં કર્યાં. તેના દાનની દેવોએ મહિમા કરી અને પંચદિવ્ય પ્રગટ થયો. મંખલીપુત્ર ગોશાલક આ દૃશ્ય જોઈને ચકિત થઈ ગયો. તે ભગવાન મહાવીર પાસે પહોંચ્યો અને પ્રદક્ષિણા કરી વંદન કરીને બોલ્યો : "ભગવન્ ! આજથી હું આપનો શિષ્ય છું અને આપ મારા આચાર્ય, મને આપના ચરણ-શરણમાં લઈને સેવાનો મોકો આપો." પ્રભુ તેની વાત સાંભળીને મૌન રહ્યા.

ભગવાન ગોચરી માટે બહાર નીકળ્યા હતા ત્યારે ગોશાલક ત્યાં નહોતો, આથી તંતુવાય શાળા પાછા ફર્યા બાદ જ્યારે ગોશાલકે ભગવાનને ન જોયા તો ખૂબ દુઃખી થયો. તેણે આખી રાજગૃહી ખૂંદી નાંખી, પણ પ્રભુનો પત્તો ન લાગ્યો. છેવટે હારી જઈને ઉદાસ મને ગોશાલક પ્રભુની શોધમાં કોલ્લાગ સન્નિવેશ તરફ ચાલી નીકળ્યો. રસ્તામાં લોકો વચ્ચે બહુલને ત્યાં થયેલ દિવ્ય-વૃષ્ટિના સમાચાર સાંભળીને ગોશાલકને વિશ્વાસ થઈ ગયો કે ભગવાન ત્યાં જ બિરાજમાન છે.

ભગવાન પાસે પહોંચીને ગોશાલકે વિધિસર વંદન કરીને કહ્યું : "પ્રભુ ! હું તમારા વગર હવે ઘડી પણ બીજે ક્યાંય નથી રહી શકતો. મેં મારું જીવન આપનાં ચરણોમાં અર્પણ કરી દીધું છે. હું પહેલાં પણ કહી ચૂક્યો છું કે - હું આપનો શિષ્ય છું અને આપ મારા ધર્માચાર્ય છો." પ્રભુએ ગોશાલકના વિનયપૂર્વકના અંતઃકરણને જોયું, તો તેની

પ્રાર્થના પર 'તથાસ્તુ'ની મહોર લગાવી દીધી. પ્રભુ દ્વારા પોતાની પ્રાર્થનાનો સ્વીકાર થવાથી ગોશાલક છ વરસથી વધુ સમય સુધી શિષ્યરૂપે ભગવાનની સાથે વિચરણ કરતો રહ્યો. એક દિવસ પ્રભુ પાસેથી તેજોલેશ્યા પ્રાપ્ત કરવાની વિધિ જાણીને તે તેમનાથી અલગ થઈ ગયો અને નિયતિ-વાદનો પ્રબળ પ્રચારક બની ગયો. થોડા દિવસો પછી તેને થોડા સમર્થક, સાથી અને શિષ્ય પણ મળી ગયા અને ત્યારે તે પોતાની જાતને જિન અને કેવળી પણ જાહેર કરવા લાગ્યો.

## આજીવક અને આજીવકચર્યા

ગોશાલક પરંપરા આજીવકના નામે પ્રસિદ્ધ છે. આ પરંપરાના અનુયાયી પણ ભાત-ભાતનાં તપ અને ધ્યાન કરતાં હતાં. તેઓ આત્મવાદી, નિર્વાણવાદી અને કષ્ટવાદી હોવા છતાં પણ કટ્ટર નિયતિવાદી હતા. તેમના મતે પુરુષાર્થ કોઈ પણ રીતે કાર્ય-સાધક નથી. આજીવક નામ જાણીતું થવા પાછળ બીજાં જે પણ કારણ રહ્યાં હોય, આ નામ સર્વમાન્ય થવાનું એક કારણ આજીવિકા પણ છે. 'જૈનાગમ ભગવતી' મુજબ ગોશાલક નિમિત્તશાસ્ત્રનો પણ અભ્યાસી હતો. આજીવક લોકો પણ આ વિદ્યાના જોરે પોતાના સુખની સામગ્રી ભેગી કરતા હતા. એના વડે તેઓ સરળતાથી પોતાની આજીવિકા ચલાવતા. આ જ કારણ છે કે જૈનશાસ્ત્રોમાં આ મતને આજીવક અને લિંગ-જીવી કહેવામાં આવે છે.

'મજ્ઝિમનિકાય' મુજબ નિર્ગ્રંથો જેવા આજીવકોની જીવનચર્યાના નિયમ પણ કઠોર જણાવવામાં આવ્યા છે. તેમની ભિક્ષાચરીના પ્રશંસા-ત્મક ઉલ્લેખ કરતા લખ્યું છે કે - 'આજીવક સાધુ એક-બે ઘરો પછીથી, કેટલાક ત્રણ અને યાવત્ સાત ઘરો છોડીને ભિક્ષા ગ્રહણ કરે છે.' છ લેશ્યાઓની જેમ ગોશાલકે છ અભિજાતિઓનું વર્ણન કર્યું છે. જેના કૃષ્ણ, નીલ વગેરે નામ પણ મળે છે. 'ભગવતી'ના આજીવક ઉપાસકોના આચાર-વિચારનો ટૂંકો પરિચય આપતા બતાવવામાં આવ્યું છે કે - 'ગોશાલકના ઉપાસક અરિહંતને દેવ માનતા, માતા-પિતાની સેવા કરતા, ઉમરડો, વડ, બોરડી, અંજીર અને પિલંખુ નામનાં પાંચ ફળો નથી ખાતાં, બળદોને લાંછિત નથી કરતા, તેમના નાક-કાન નથી છેદતા અને તેવો વેપાર નથી કરતા, જેનાથી ત્રસપ્રાણીઓની હિંસા થાય:

## આજીવક મતનો પ્રવર્તક

હજુ સુધી ઘણા વિદ્વાન ગોશાલકને આજીવક મતના સંસ્થાપક માનતા આવ્યા છે. જૈનશાસ્ત્રો મુજબ ગોશાલક, નિયતિવાદનો સમર્થક અને આજીવક મતનો મુખ્ય આચાર્ય રહ્યો છે, પણ સંસ્થાપક રૂપે તેના નામનો ઉલ્લેખ ક્યાંય નથી મળતો બૌદ્ધગ્રંથ 'દીઘનિકાય' અને 'મજ્ઝિમનિકાય'માં મંખલી ગોશાલક સિવાય 'કિસ્સ સંકિચ્ચ' અને 'નંદવચ્છ' નામના બે અન્ય આજીવક નેતાઓના નામ મળે છે, જે ગોશાલક પહેલાના આજીવક ભિક્ષુ હતા. હોય શકે છે કે આજીવક મત સ્વીકાર કર્યા બાદ ગોશાલકને ઉપલબ્ધિ અને નિમિત્તશાસ્ત્રનો જાણકાર સમજીને આજીવક સંઘનો નેતા બનાવી દીધો હોય. આજીવક મતની સ્થાપનાનો સ્પષ્ટ ઉલ્લેખ ન હોવા છતાં પણ એ અનુમાન લગાવવામાં આવે છે કે - 'ઉદાયી કુંડિયાયન આજીવક સંઘના પ્રવર્તક રહ્યા હોય, જે ગોશાલકના સ્વર્ગવાસના ૧૩૩ વરસ પહેલાં થઈ ચૂક્યા હતા.

## આજીવક વેશ

આજીવકોના કોઈ ખાસ વેશનો ઉલ્લેખ નથી મળતો. બૌદ્ધશાસ્ત્રોમાં પણ આજીવક ભિક્ષુઓને નગ્ન જ બતાવવામાં આવ્યા છે અને તેમની માટે 'અચેલક' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ગોશાલકના લિંગ-ધારણ પર મહાવીરની સ્પષ્ટ અસર જોવા મળે છે, કેમકે જ્યારે તે નાલંદાની તંતુવાય શાળામાં ભગવાન મહાવીરને પહેલી વાર મળ્યો હતો, તો તેની પાસે કપડાં હતાં. 'દીઘનિકાય'માં કશ્યપના મોઢે અને 'મજ્ઝિમનિકાય'માં સચ્ચકના મોઢેથી આજીવકોના આચાર નીચે પ્રમાણે કહેવાયો છે : "તેઓ બધા કપડાંઓને ત્યાગ કરે છે, શિષ્ટાચારોને દૂર રાખીને ચાલે છે અને પોતાના હાથમાં ભોજન કરે છે વગેરે."

'મંજ્ઝિમનિકાય'માં આજીવકોના આચાર વિશે લખ્યું છે કે - 'તેઓ ભિક્ષા માટે પોતાના આવવાની તેમજ રાહ જોવા સંદર્ભે કોઈની વાત નથી માનતા, પોતાને માટે બનાવડાવેલ આહાર નથી લેતા, જે વાસણમાં ભોજન બનાવ્યું હોય, તેમાંથી તે નથી લેતા, ઊંબરાની વચ્ચે રાખેલું, ખાંડણીમાં ખાંડેલું અને ચૂલા પર થતું ભોજન ગ્રહણ નથી કરતા. તેઓ જાત-જાતના ઉપવાસ કરતા. આ રીતનો આચાર નિર્ગ્રંથ પરંપરા સિવાય ક્યાંય બીજે નથી મળતો. સ્પષ્ટ છે કે ગોશાલક પર મહાવીરના આચારની અસર છે. આજીવક અને નિર્ગ્રંથોના આચારની સમાનતા

જોઈને કેટલાક જ્ઞાનીઓ વિચારે છે કે - 'આ બંનેના આચાર એક છે, પણ ખરેખર બંને પરંપરાઓના આચારમાં મૌલિક ફેર પણ છે. મૂળમાં નિર્ગ્રંથો અને આજીવકોના આચારમાં પહેલો ભેદ સચિત્ત-અચિત્તનો છે. જ્યાં નિર્ગ્રંથ પરંપરામાં સચિત્તનો સ્પર્શ સુધ્ધાં પણ નિષેધ માનવામાં આવ્યો છે, ત્યાં આજીવક પરંપરામાં સચિત્ત ફળ, બીજ અને ઠંડુ પાણી ગ્રાહ્ય બતાવેલ છે.

## દિગંબર પરંપરામાં ગોશાલક

શ્વેતાંબર પરંપરામાં ગોશાલકને ભગવાન મહાવીરનો શિષ્ય બતાવવામાં આવ્યો છે, પણ દિગંબર પરંપરામાં ગોશાલકનો પરિચય પાર્શ્વનાથ પરંપરાના મુનિરૂપે આપવામાં આવે છે. કહેવાય છે કે - 'મસ્કરી ગોશાલક મહાવીરના પ્રથમ સમવસરણમાં હાજર થયો, પણ મહાવીરે દેશના ન આપી અને તે નારાજ થઈને ચાલ્યો ગયો.' કોઈ કહે છે કે - 'તે ગણધર બનવા ઈચ્છતો હતો, પણ તેને ગણધરપદ ન મળ્યું તેથી તે જુદો થઈ ગયો. જુદો થઈને તે સાવત્થીમાં આજીવક સંપ્રદાયનો નેતા બની ગયો અને પોતાની જાતને તીર્થંકર કહેવા લાગ્યો. આજીવક સંપ્રદાયનો મૂળસ્રોત શ્રમણ પરંપરામાં દર્શાવેલ છે. આજીવકો અને શ્રમણોમાં મુખ્ય ફેર એ વાતનો છે કે જીવનનું ગુજરાન ચલાવવા માટે પોતાની વિદ્યાનો ઉપયોગ કરે છે, જ્યારે શ્રમણ પરંપરામાં આની મનાઈ છે. આજીવક મૂળભૂત રીતે પાર્શ્વનાથ પરંપરા સાથે સંકળાયેલ માનવામાં આવ્યા છે. 'સૂત્રકૃતાંગ'માં નિયતિવાદીને 'પાસત્થ' કહેવામાં આવ્યો છે. કેટલાક લોકો આ કારણે પણ આજીવકને પાર્શ્વનાથ પરંપરાથી જોડે છે. 'પાસત્થ'નું સંસ્કૃત અર્થ 'પાર્શ્વસ્થ' થાય છે, પણ તેનો અર્થ પાર્શ્વનાથની પરંપરા સાથે કરવો યોગ્ય નથી જણાતું. આમ તો 'પાસત્થ'નો મતલબ કોઈ પણ પરંપરાના સાધુ સાથે થઈ શકે છે. 'પાસત્થ' એટલે કે પાસમાં સ્થિત, સારા અનુષ્ઠાનના પાસમાં, જ્ઞાન વગેરેના પાર્શ્વમાં - બાહુપાશમાં જકડાયેલ આજીવકને પાસત્થ એટલા માટે કહેવામાં આવ્યો છે કે તેઓ જ્ઞાન વગેરે - ત્રયને પાર્શ્વ(પાશ)માં રાખી મૂકે છે. આથી આજીવક ગોશાલકને પાર્શ્વ પરંપરા સાથે જોડવું યોગ્ય નથી. જૈન આગમોમાં પ્રાપ્ત સામગ્રી મુજબ ગોશાલકને મહાવીરની પરંપરાની સંકળાયેલ માનવું જ વધુ યોગ્ય લાગે છે.

# મહાવીરકાલીન ધર્મપરંપરાઓ

ભગવાન મહાવીરની વખતે ધર્મપરંપરાઓ મૂળરૂપે ચાર પ્રકારની હતી - (૧) ક્રિયાવાદી, (૨) અક્રિયાવાદી, (૩) અજ્ઞાનવાદી, (૪) વિનયવાદી. 'સ્થાનાંગ' અને 'ભગવતી'માં એમને પણ ચાર સમોસરણ નામે બતાવવામાં આવી છે.

**ક્રિયાવાદી** : ક્રિયાવાદી આત્મા સાથે ક્રિયાનો સીધો સંબંધ માને છે. તેમનો મત છે કે - 'કર્તા વિના પુણ્ય-પાપ વગેરે ક્રિયાઓ નથી થતી.' તેઓ જીવ વગેરે નવ પદાર્થોને એકાંત અસ્તિ રૂપે માને છે. ક્રિયાવાદના ૧૮૦ ભેદ છે - ૧. જીવ, ૨. અજીવ, ૩. પુણ્ય, ૪. પાપ, ૫. આસ્રવ, ૬. સંવર, ૭. બંધ, ૮. નિર્જરા અને ૯. મોક્ષ. આ નવ પદાર્થ છે. એમાંથી દરેકના સ્વતઃ, પરતઃ, નિત્ય, અનિત્ય આ ચાર અને પછી કાળ, ઈશ્વર, આત્મા, નિયતિ અને સ્વભાવ આ પાંચ રૂપ-ભેદ કરવાથી ૧૮૦ ભેદ થાય છે.

**અક્રિયાવાદી** : તેમની માન્યતા છે કે ક્રિયા-પુણ્ય વગેરે રૂપ નથી, કેમકે ક્રિયા સ્થિર પદાર્થને લાગે છે અને પેદા થતાં જ વિનાશ થવાથી સંસારમાં કોઈ પણ સ્થિર પદાર્થ નથી. આ આત્માઓને પણ નથી માનતા. આમના ૮૪ પ્રકાર છે - (૧) જીવ, (૨) અજીવ, (૩) આસ્રવ (૪) સંવર, (૫) નિર્જરા, (૬) બંધ અને (૭) મોક્ષરૂપી સાત પદાર્થ, સ્વ અને પર અને તેમના (૧) કાળ, (૨) ઈશ્વર, (૩) આત્મા, (૪) નિયતિ, (૫) સ્વભાવ અને (૬) યદચ્છા - આ છ ભેદો સાથે ગુણાકાર કરવાથી ૮૪ પ્રકાર થાય છે. આત્માનું અસ્તિત્વ સ્વીકાર નહિ કરવાથી એમના મતમાં નિત્ય-અનિત્ય ભેદ નથી માનવામાં આવતા.

**અજ્ઞાનવાદી** : તેમના મતે જ્ઞાનમાં ઝગડો થાય છે, કેમકે પૂર્ણ જ્ઞાન તો કોઈને હોતું નથી અને અધૂરા જ્ઞાનથી જુદાં-જુદાં મત પેદા થાય છે. આથી જ્ઞાન મેળવવું વ્યર્થ છે. અજ્ઞાનથી જ જગતનું કલ્યાણ છે. એમના ૬૭ ભેદ બતાવવામાં આવ્યા છે. જીવ વગેરે નવ પદાર્થોના (૧) સત્વ, (૨) અસત્વ, (૩) સદસત્વ, (૪) અવાચ્યત્વ, (૫) સદ્‌વાચ્યત્વ, (૬) અસદવાચ્યત્વ અને (૭) સદસદવાચ્યત્વ રૂપે સાત ભેદ કરવાથી ૬૩ તથા ઉત્પત્તિના સત્વ વગેરે ૪ વિકલ્પ જોડવાથી કુલ ૬૭ ભેદ થાય છે.

**વિનયવાદી** : વિનયપૂર્વક ચાલવાવાળો વિનયવાદી કહેવાય છે. એમના લિંગ અને શાસ્ત્ર જુદાં નથી હોતા. આ ફક્ત મોક્ષને માને છે.

એમના ૩૨ ભેદ છે. - (૧) સુર, (૨) રાજા, (૩) યતિ, (૪) જ્ઞાતિ, (૫) સ્થવિર, (૬) અધમ, (૭) માતા અને (૮) પિતા. આ બધાં પ્રત્યે મન, વચન, શરીરથી દેશ - સમય (કાળ) મુજબ યોગ્ય દાન આપીને વિનય કરો. આ રીતે ૮ ને ૪ થી ગુણતા ૩૨ થાય છે.

## બિંબસાર શ્રેણિક

મહારાજ શ્રેણિક (બિંબસાર) ઇતિહાસપ્રસિદ્ધ શિશુનાગવંશના એક મહાન પ્રતાપી અને યશસ્વી રાજા હતા. વાહીક દેશના મૂળ રહેવાસી હોવાને લીધે તેમને વાહીક કુળના કહેવામાં આવ્યા છે. શ્રેણિક મગધના રાજા હતા અને મહાવીરના ભક્ત રાજાઓમાં મુખ્ય હતા. તેમના પિતા મહારાજ પ્રસેનજિત પાર્શ્વનાથ પરંપરાના ઉપાસક અને સમ્યગ્દૃષ્ટિ શ્રાવક હતા. શ્રેણિક બિંબસાર જન્મથી જૈન-ધર્માવલંબી હોવા છતાં પણ પોતાના રાજકાળમાં જૈન ધર્મના સંપર્કથી હટી ગયા હોય, એવું જૈન સાહિત્યની કેટલીક કથાઓથી લાગે છે. મહારાણી ચેલનાથી મહારાજા શ્રેણિકની ધાર્મિક ચર્ચા આની સાબિતી છે.

જૈન આગમ 'દશાશ્રુતસ્કંધ' મુજબ જ્યારે ભગવાન મહાવીર રાજગૃહ પધાર્યા તો પોતાના પરિજનોના મોઢેથી આ સમાચાર સાંભળી શ્રેણિક ખૂબ જ પ્રસન્ન થયા. ત્યાર બાદ તેઓ મહારાણી ચેલના સાથે ભગવાન મહાવીરની સેવામાં હાજર થયા. તેમના ત્યાગ, વિરાગ અને ઉપદેશથી પ્રભાવિત થઈને શ્રેણિક નિર્મળ ચિત્તથી જૈન ધર્મમાં આસક્ત થયા, તેમને જૈન ધર્મનો યોગ્ય બોધ મળ્યો.

મહારાજ શ્રેણિકને નિર્ગ્રંથ ધર્મ પર ખૂબ શ્રદ્ધા હતી. મેઘકુમારની દીક્ષાના પ્રસંગે તેમણે કહ્યું કે - 'નિર્ગ્રંથ ધર્મ સત્ય છે, શ્રેષ્ઠ છે, પરિપૂર્ણ છે. મુક્તિમાર્ગ છે, તર્ક-સિદ્ધ અને ઉપમારહિત છે.' કેવળજ્ઞાનના. પહેલા વરસે જ્યારે ભગવાન મહાવીર રાજગૃહ પધાર્યા તો તેમણે સમ્યક્ત્વ ધર્મ સ્વીકાર કર્યો.

ત્યાર બાદ તેમના પુત્ર કૂણિકે પોતાના કેટલાક ભાઈઓને પોતાની સાથે લઈને મહારાજ શ્રેણિકને બંદીઘરમાં બંધ કરી દીધા અને પોતે રાજા બની ગયો, પોતાના પિતાને જાત-જાતની તકલીફો પણ આપી. એક દિવસ મહારાણી ચેલનાએ જ્યારે કૂણિકને, તેના પ્રત્યેના શ્રેણિકના પ્રેમ અને ઉપકારની વાતો જણાવી, તો તેને પોતાની ભૂલ પર પસ્તાવો

થયો. તે ભાવનાવશ પિતાના બંધન કાપવા માટે કુહાડી લઈને બંદીગૃહ તરફ ચાલ્યો. શ્રેણિકને લાગ્યું કે - 'કૂણિક તેમને મારવા માટે કુહાડી લઈને આવી રહ્યો છે.' પોતાના પુત્રને પિતૃહત્યાના કલંકથી બચાવવા માટે તેમણે પોતાની વીંટીનું ઝેર ચાટી લીધું અને મરીને નિકાચિત કર્મબંધના કારણે પ્રથમ નરકમાં પેદા થયા. પોતાના જીવનકાળમાં શ્રેણિકે મહાવીરના ધર્મશાસનની ખૂબ જ પ્રભાવના કરી. ફળસ્વરૂપે તેમણે તીર્થંકર ગોત્ર મેળવ્યુ. નરકથી નીકળીને આવનારી ચોવીસીના પ્રથમ તીર્થંકરના રૂપે પેદા થશે અને ભગવાન મહાવીરની જેમ જ પંચ-મહાવ્રત-રૂપી ધર્મની દેશના કરશે.

## મહારાજા ચેટક

શ્રેણિકની જેમ જ ચેટક પણ જૈન પરંપરાના દૃઢધર્મી ઉપાસક માનવામાં આવે છે. 'આવશ્યકચૂર્ણિ'માં તેમને વ્રતધારી શ્રાવક બતાવવામાં આવ્યા છે. તેઓ ભગવાન મહાવીરના પરમભક્ત અને સાંસારિક સંબંધે મામા હતા. વૈશાલી ગણતંત્રના પ્રમુખ અને હૈહયવંશી રાજા હતા. પોતાના વખતના વીર યોદ્ધા, કુશળ રાજકર્તા અને ન્યાયના મહાન પક્ષકાર હતા. પોતાની આ જ નીતિને લીધે તેમણે કૂણિક સાથે ભયંકર યુદ્ધ કરવું પડ્યું અને છેવટે વૈશાલી પતનથી નિર્વેદ પ્રાપ્ત કરીને તેમણે અનશન કરીને સમાધિપૂર્વક કાળ કરી દેવત્વ પ્રાપ્ત કર્યું.

## અજાતશત્રુ કૂણિક

ભગવાન મહાવીરના ભક્ત રાજાઓમાં કૂણિકનું પણ મોટું નામ છે. મહારાજ શ્રેણિક તેમના પિતા અને મહારાણી ચેલના તેમની માતા હતાં. માતાએ સિંહનું સપનું જોયું. ગર્ભકાળમાં માતાને ભાવ પેદા થયો કે - 'શ્રેણિક રાજાના કલેજાનું માંસ ખાઉં.' રાજાએ અભયકુમારની બુદ્ધિ કૌશલ્યથી ભાવના પૂરી કરી, પણ ગર્ભકાળમાં જ બાળકની આવી દુર્ભાવના જોઈને ચેલના ખૂબ દુઃખી થઈ. તેણે ગર્ભ પાડવાનો પ્રયત્ન કર્યો, પણ સફળ ન થઈ, તો જન્મ બાદ તેને કચરામાં ફેંકાવી દીધો. જ્યાં મરઘાએ તેની આંગળી કરડી ખાધી અને પરુ જમા થઈ ગયું. બાળક રડવા લાગ્યો તો શ્રેણિકે મોઢાથી ચૂસી-ચૂસીને પરુ કાઢ્યું અને આંગળી ઠીક કરી. આંગળીના ઘાને લીધે તેનું નામ કૂણિક રાખવામાં

આવ્યું. મોટો થતાં જ કૂણિકના મનમાં રાજ કરવાની ઈચ્છા જાગી. પોતાના કેટલાક ભાઈઓને પોતાની તરફ કરીને તેણે શ્રેણિકને જેલમાં નાંખી દીધા અને પોતે રાજા બની બેઠો. માતાના સમજાવવાથી તેને પોતાની ભૂલ બદલ પસ્તાવો થયો. તે ભાવાવેશથી પિતાના બંધન કાપવા માટે કુહાડી લઈને જેલ તરફ ગયો. શ્રેણિક સમજ્યા કે કૂણિક તેમને મારવા માટે કુહાડી લઈને આવી રહ્યો છે. પોતાના પુત્રને પિતૃહત્યાના કલંકથી બચાવવા માટે તેમણે પોતાની વીંટીમાંનું ઝેર ચાટી લીધું અને મૃત્યુ પામ્યા.

આ આખી ઘટનાથી કૂણિકને ખૂબ જ દુઃખ થયું ને તેણે રાજગૃહ છોડીને ચંપામાં મગધની રાજધાની વસાવી અને ત્યાં જ રહેવા લાગ્યો. માતા ચેલનાનો સંગ અને બીજા સંસ્કારોએ કૂણિકના મનમાં ભગવાન મહાવીર પ્રત્યે અતૂટ ભક્તિ ઉત્પન્ન કરી. તેણે ભગવાન મહાવીરની દૈનિક વિહારચર્યા વગેરેની સૂચના મેળવવા તથા જરૂરી જાણકારી રાખવા માટે એક અલગ વિભાગ જ બનાવી રાખ્યો હતો. એકવાર જ્યારે ભગવાન ચંપા નગરીના ઉપવનમાં પધાર્યા, તો પોતાનાં પુરજનો-પરિજનો સાથે પ્રભુની સેવામાં હાજર થયો. ભગવાનના અમૃત-વચન સાંભળીને કૂણિક આત્મવિભોર થઈ ઊઠ્યો અને વંદન કરીને રાજમહેલ પાછો ફર્યો. તે શરૂઆતથી જ ખૂબ તેજસ્વી અને શૂરવીર હતો. પોતાના શાસન-કાળમાં ઘણા દુશ્મનોને હરાવીને તે અજાતશત્રુ નામથી પ્રખ્યાત થયો.

## કૂણિક દ્વારા વૈશાલી પર ચઢાઈ

કૂણિક રાજગૃહના મહારાજ શ્રેણિક અને મહારાણી ચેલનાનો પુત્ર હતો. મહારાજ શ્રેણિકને ચેલના વડે કૂણિક સિવાય બીજા બે પુત્ર હતા હલ્લ અને વિહલ્લ. 'નિરયાવલિકા'માં ફક્ત વેહલ્લકુમારનો ઉલ્લેખ છે. શ્રેણિકે પોતાના આ બંને રાજકુમારોને તે સમયના સર્વશ્રેષ્ઠ હાથી સેચનક અને દેવો દ્વારા આપેલ મોંઘો હાર આપી દીધા હતા. લોકોના મોઢે તે હાર અને હાથીના વખાણ સાંભળી કૂણિકની રાણી પદ્માવતીએ તે પડાવવા માટે કૂણિક પાસે હઠ પકડી. પિતા દ્વારા આપેલ આ બંને વસ્તુઓને પોતાના જ સગા ભાઈઓ પાસેથી લઈ લેવાની વાત કૂણિકને કોઈ પણ રીતે નીતિસંગત ન લાગી, પણ સ્ત્રીહઠ સામે તેને નમવું પડ્યું અને તેણે હલ્લ અને વિહલ્લ પાસે તે બંને વસ્તુઓની માંગ કરી. હલ્લ

અને વિહલ્લે કહ્યું કે - "આ બંને વસ્તુઓ પિતાશ્રીએ પોતે તેમને આપી છે, માટે તે બંને પર તેમનો જ હક્ક છે. છતાં પણ જો ચંપાનરેશ કૂણિક તેમને લેવા માંગતા હોય તો બદલામાં અડધું રાજ્ય તેમને આપી દે." કૂણિકે પોતાના ભાઈઓની ન્યાયયોગ્ય માંગનો અસ્વીકાર કર્યો. આથી હલ્લ અને વિહલ્લ બળ-પ્રયોગની શંકાથી પોતાના પરિવાર સહિત સેચનક હાથી પર સવાર થઈને હાર પહેરીને પોતાના નાના ચેટક પાસે વૈશાલી ચાલ્યા ગયા.

હલ્લ-વિહલ્લના વૈશાલી જવાના સમાચાર સાંભળીને કૂણિક ખૂબ જ ગુસ્સે ભરાયો. તેણે મહારાજ ચેટક પાસે દૂત મોકલાવીને કહેવડાવ્યું કે - 'તેઓ હાર અને હાથી સાથે હલ્લ અને વિહલ્લને તેની પાસે મોકલી આપે.' મહારાજ ચેટકે જવાબમાં સંદેશો મોકલાવ્યો કે - 'બંને કુમાર તેના શરણાર્થી છે, તેઓ તેમને અસહાય રૂપે કૂણિક પાસે ન મોકલી શકે. ચંપાધીશ જો ઈચ્છે તો ચંપાનું અડધું રાજ્ય હલ્લ-વિહલ્લને આપીને બદલામાં હાથી અને હાર લઈ શકે છે.'

ચેટકના જવાબથી ગુસ્સે થઈને પોતાની અને પોતાના દસ ભાઈ-ઓની સેનાઓ સાથે કૂણિકે વૈશાલી પર ચઢાઈ કરી દીધી. મહારાજ ચેટક પણ પોતાની તથા કાશી અને કૌશલની વિશાળ સેનાઓ સાથે રણભૂમિમાં આવી પહોંચ્યા, યુદ્ધનો પહેલો દિવસ પૂરો થતાં-થતાં કૂણિકના સેનાપતિ કાલકુમારે મહારાજ ચેટક તરફ પોતાનો હાથી હાંક્યો અને તેમને યુદ્ધ માટે આમંત્રિત કર્યા. ચેટકે પણ ઉપેક્ષાભર્યા સ્મિત સાથે મહાવતને પોતાનો ગજરાજ કાલકુમાર તરફ વાળવાનો હુકમ કર્યો. બંનેની ઉંમરમાં આકાશ-પાતાળનો ફરક હતો. નાનાનો આદર કરતા કાલકુમારે કહ્યું : "આર્ય ! પહેલાં આપ પ્રહાર કરો." ચેટકે કહ્યું : "ના, પહેલો પ્રહાર તારે જ કરવો પડશે. કેમકે ચેટકની પ્રતિજ્ઞા સૌ જાણે છે કે તે પ્રહારક પર જ પ્રહાર કરે છે."

કાલકુમારે પોતાનું બધું જ જોર લગાવીને, ચેટકના કપાળને નિશાન બનાવીને પોતાનું બાણ છોડ્યું. ચેટકે અદ્‌ભુત હસ્તકળાથી સૌને ચકિત કરતા પોતાના અર્ધચંદ્રાકાર ફળવાળા બાણથી કાલકુમારના તીરને વચ્ચે જ કાપી નાંખ્યું અને કહ્યું : "કુમાર ! હવે આ વૃદ્ધના તીરના પ્રહારથી પોતાનો જીવ બચાવવા ઈચ્છતો હોય તો રણભૂમિમાંથી મોં

ફેરવીને જતો રહે, નહિ તો...'' અને ચેટકે કુમારના કપાળને નિશાન બનાવીને પોતાનું તીર છોડી દીધું. રક્ષાના બધા જ ઉપાય નિષ્ફળ રહ્યા અને કાલકુમાર તત્કાળ કાળને શરણે પહોંચીને હાથીની અંબાડી પર જ હંમેશ માટે સૂઈ ગયો.

કાલકુમારના મૃત્યુ બાદ તેના મહાકાલ વગેરે નવ ભાઈ પણ એક-એક કરીને પછીના નવ દિવસોમાં મહારાજા ચેટક દ્વારા મરાયા. છેવટે કૂણિકે દૈવીશક્તિનો સહારો લેવાનું નક્કી કર્યું. તેણે બે દિવસનો ઉપવાસ કરીને શક્રેન્દ્ર અને ચમરેન્દ્રનું ધ્યાન ધર્યું. પૂર્વજન્મની દોસ્તી અને તપના પ્રભાવથી બંને ઈન્દ્ર કૂણિકની સામે હાજર થયા. કૂણિકે કહ્યું : ''ચેટકે પોતાનાં અમોઘ બાણોથી મારા દસ ભાઈઓનાં રામ રમાડી દીધા છે. મેં પ્રતિજ્ઞા કરી છે કે - 'વૈશાલીને નષ્ટ કરીને વૈશાલીની ધરતી પર ગધેડાઓથી હળ ચલાવડાવીશ, નહિ તો ઉત્તુંગ શૈલશિખર પરથી કૂદકો લગાવીને મોતને ભેટી જઈશ.' આથી તમે લોકો ચેટકની જીવનલીલા સમાપ્ત કરવાનો કોઈ માર્ગ બતાવો.'' દેવરાજ શક્રે કહ્યું : ''પ્રભુ મહાવીરના પરમ ભક્ત શ્રાવક અને પોતાના સ્વધર્મી ચેટકને હું મારી તો નથી શકતો, પણ તેનાં અમોઘ બાણોથી તારી રક્ષા જરૂર કરી શકું છું.'' આટલું કહીને તેમણે કૂણિકને એક અભેદ કવચ આપ્યું. ચમરેન્દ્ર પણ પોતાના પૂર્વજન્મમાં કૂણિકનો તપસ્વી-સાથી હતો. તેણે કૂણિકને 'મહાશિલા કંટક' નામનું એક પ્રક્ષેપણ અસ્ત્ર અને 'રથમૂસલ'નામનું પ્રલયકારી અસ્ત્ર બનાવવાની અને તેના પ્રયોગની વિધિ બતાવી. આ રીતે દૈવી મદદથી સજ્જ થઈને બીજા દિવસે બેગણા ઉત્સાહ સાથે કૂણિક યુદ્ધભૂમિમાં ઊતર્યો.

ચેટકે પોતાનો હાથી આગળ વધાર્યો. પોતાના ધનુષ્ય પર બાણ ચઢાવીને પ્રત્યંચાને પોતાના કાન સુધી ખેંચી અને કૂણિક પર પોતાનું અમોઘ બાણ ચલાવી દીધું. તે બાણ શક્ર દ્વારા આપેલ વ્રજ કવચ સાથે અથડાઈને ટુકડે-ટુકડા થઈ ગયું. પોતાના અમોઘ બાણને નિષ્ફળ થતું જોઈને પણ સત્યવાદી ચેટકે તે દિવસે બીજું બાણ ન ચલાવ્યું. આ બાજુ કૂણિકે ચમરેન્દ્ર દ્વારા દર્શાવેલ 'મહાશિલા કંટક' અસ્ત્રનો પ્રયોગ કર્યો. આ યંત્રના માધ્યમથી તણખલું, લાકડું, પાન, લોઢું, બાલુકા-કણ વગેરે જે કાંઈ પણ વૈશાલીની સેના પર ફેંકવામાં આવતા, તેમનો ઘા વિસ્તરેલી શિલાઓના ઘા કરતા પણ વધુ ઘાતક થતાં થોડા જ સમયમાં

વૈશાલીની સેનાના યોદ્ધાઓ મોટી સંખ્યામાં જમીનદોસ્ત થઈ ગયા. આ દિવસનું યુદ્ધ 'મહાશિલાકંટક સંગ્રામ'ના નામથી પ્રખ્યાત થયું.

બીજા દિવસે કૂણિક 'રથમૂસલ' નામનું પ્રલયકારી સ્વસંચાલિત યંત્ર લઈને સેના સહિત રણભૂમિમાં પહોંચ્યો. ચેટકે આગળ વધીને કૂણિક પર એક બાણનો ઘા કર્યો, પણ ચમરેન્દ્રના વ્રજ કવચ સાથે અથડાઈને તે ટુકડે-ટુકડા થઈ ગયું. દૃઢ-પ્રતિજ્ઞાવાળા ચેટકે તે દિવસે બીજું કોઈ બાણ ન ચલાવ્યું. પ્રલય-દૂત જેવું, રાક્ષસી, લોઢાનું બનેલ જાતે ચાલતું, 'રથમૂસલ' યંત્ર કોઈ વાહન વગર, કોઈ વાહક કે ચલાવ-નાર વગર પોતાની પ્રલયકારી, ઘોર મેઘ ઘટાઓ જેવી ગર્જનાઓથી ધરતીને કાંપતી કરીને વીજળીવેગે વૈશાલીની સેના પર તૂટી પડ્યું. તેમાં લાગેલા વિશાળ, યમદંડ જેવું મુદ્‌ગરાકાર મૂસલ આપમેળે જ અવિરત પ્રહાર કરવા લાગ્યું. ચક્રાવાત જેવી તેની ઝડપ એટલી બધી તેજ હતી કે, પળવારમાં ચારે તરફ નરસંહારનું પ્રલય સદૃશ દૃશ્ય દેખાવા લાગ્યું. ચારે બાજુ હાહાકાર થઈ ગયો. આખી યુદ્ધભૂમિ લોહી અને માંસના કીચડવાળો કાદવ દેખાવા લાગ્યો. કોઈને બીજું કોઈ અસ્ત્ર વાપરવાની તક જ ન મળી. વૈશાલીનાં બધાં જ ગણરાજ્યોની સેના ભયભીત થઈને જીવ બચાવવા માટે પોતપોતાનાં નગર તરફ ભાગી ગઈ. આ એક દિવસના રથમૂસલ-સંગ્રામમાં મોટી સંખ્યામાં સૈનિકોનો સંહાર થયો. બીજો કોઈ ઉપાય ન જોઈને મહારાજ ચેટક પોતાના વધ્યા-ઘટ્યા લડવૈયાઓ સાથે વૈશાલી પાછા ફર્યા અને નગરના બધાં જ દરવાજા-બારણાં બંધ કરાવી દીધાં. કૂણિકે પોતાની સેના સાથે વૈશાલીની ચારે બાજુ ઘેરો ઘાલી દીધો.

જૈન આગમ અને આગમ સિવાયના સાહિત્યથી એવું લાગે છે કે કૂણિકે ઘણાં લાંબા સમય સુધી વૈશાલીને ઘેરી રાખ્યું. આ બાજુ રાતના વખતે હલ્લ અને વિહલ્લ સેચનક હાથી પર સવાર થઈને બહાર આવતા અને કૂણિકના સૈનિકોનો સંહાર કરીને પાછા ફરી જતા. આ ક્રમ કેટલાય દિવસો સુધી ચાલુ રહેવાથી જે સૈનિકોનો ભારી વિનાશ થયો, તેનાથી કૂણિક હતાશ અને ચિંતિત થયો.

કૂણિકે કોટ તોડવા માટે ઘણા ઉપાય કર્યા, પણ સફળતા ન મળી. છેવટે કોઈ અદૃશ્ય શક્તિ વડે તેને જાણ થઈ કે કૂલવાલક નામનો શ્રમણ તપસ્વી વૈશાલીને ખોલાવવામાં મદદ કરી શકે છે. તેની માટે કૂણિકે વૈશાલીની પ્રસિદ્ધ ગણિકા માગધિકાની મદદ લીધી. તેણે તપસ્વી કૂલવાલકને

પોતાના પ્રેમપાશમાં ફસાવીને તેને વૈશાલીને ખોલાવવામાં મદદ કરવા માટે તૈયાર કરી લીધો.

આ બાજુ હલ્લ-વિહલ્લની રાતની ચળવળથી થતા નુકસાન માટે પણ કૂણિકે કૂટનીતિ શોધી કાઢી. તેમના રસ્તામાં એક ઊંડી ખાઈ ખોદીને તેને સળગતા અંગારાથી ભરી દીધી અને ખાઈને સાવચેતીથી ઢાંકી દીધી. રાતે હલ્લ-વિહલ્લ સેચનક હાથી પર સવાર થઈને બહાર નીકળ્યા. ખાઈ પહોંચતાં જ વિભંગ-જ્ઞાન દ્વારા ભયના ભણકારા પામી જઈને હાથી ત્યાં જ રોકાઈ ગયો. હલ્લ-વિહલ્લે આને હાથીની કાયરતા સમજીને તેને ખરું-ખોટું કહ્યું અને લલકાર્યો અને આગળ વધવા માટે મજબૂર કરી દીધો. છેવટે બીજો કોઈ ઉપાય ન જોઈને સેચનકે બંને ભાઈઓને નીચે ઉતારી દીધા અને પોતે આગની ખાઈમાં કૂદીને ભસ્મ થઈ ગયો. બંને ભાઈઓને આખી વાતની સમજ પડી, તો તેમને ખૂબ જ પસ્તાવો થયો ને પોતાના જીવનથી તિરસ્કાર થઈ ગયો. જિનશાસન-રક્ષિકા દેવીએ તેમને ભગવાન મહાવીર પાસે પહોંચાડી દીધા, જ્યાં તેઓ દીક્ષિત થઈને શ્રમણ બની ગયા.

કૂલવાલકે નૈમિત્તિકનો વેશ બનાવ્યો અને ખૂબ જ સરળતાથી વૈશાલીમાં પ્રવેશ કરી ગયો. તેણે ખબર કાઢી કે વૈશાલીમાં આવેલ ભગવાન મુનિસુવ્રતના એક ભવ્ય સ્તૂપને લીધે વૈશાલીનો કિલ્લો ને કોટ અભેદ બનેલો છે. કૂલવાલક નૈમિત્તિકનો વેશ ધારણ કરી ફરી રહ્યો હતો, તો કેટલાક નાગરિકોએ ખૂબ ઉત્સુકતાથી પૂછ્યું : "મહારાજ, આ ઘેરો ક્યાં સુધી હટશે ?" કૂલવાલકે સારી તક જોઈને કહ્યું : "જ્યાં સુધી આ સ્તૂપ ઊભો રહેશે, ત્યાં સુધી આ ઘેરો પણ પડ્યો રહેશે. આ સ્તૂપ જ બધા અશુભ અને અમંગળનું કારણ છે." આ સાંભળીને લોકો સ્તૂપને તોડવા લાગ્યા અને થોડી જ વારમાં સ્તૂપનું નામોનિશાન સુધ્ધાં મટી ગયું. કૂલવાલકે કૂણિકને ઈશારાથી ખબર આપી દીધી. રાત્રે કૂણિકે ચઢાઈ કરીને વૈશાલીના કોટને તોડવામાં સફળતા મેળવી. વૈશાલીભંગના સમાચાર સાંભળીને મહારાજ ચેટકે અનશન કરીને જીવ આપી દીધો અને દેવલોકમાં દેવરૂપે પેદા થયા. કૂણિકે વૈશાલીની ઉજ્જડ ધરતી પર ગધેડાઓથી હળ ચલાવડાવ્યા અને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી ચંપા પાછો ફરી ગયો.

'મહાશિલાકંટક' અને 'રથમૂસલ'જેવાં વિનાશક અસ્ત્રો મેળવીને કૂણિક પોતાની જાતને અજેય સમજવા લાગ્યો અને તેના મનમાં ચક્રવર્તી

બનવાની ઈચ્છા જાગી. ભગવાન મહાવીર ચંપાના પૂર્ણભદ્ર ચૈત્યમાં બિરાજમાન હતા. તે એમની સેવામાં પહોંચ્યો અને બોલ્યો : 'ભગવન્ ! શું હું ભરત વિસ્તારના છ ખંડોને જીતીને ચક્રવર્તી બની શકું છું ?' ભગવાને કહ્યું : "ના, વર્તમાન અવસર્પિણી કાળના બધા જ બાર ચક્રવર્તી થઈ ચૂક્યા છે. આથી તમારું ચક્રવર્તી બનવું અશક્ય છે." ત્યારે તેણે પૂછ્યું : "ચક્રવર્તીની શું ઓળખ છે ?" ભગવાને કહ્યું : "તેમની પાસે ચક્ર વગેરે ચૌદ દિવ્યરત્ન હોય છે." કૂણિકે ભગવાન પાસે તે રત્નો વિશે પૂરી જાણકારી મેળવી અને પોતાના મહેલ તરફ પાછો ફર્યો.

તેને ભગવાનનાં વાક્યો પર પૂરો વિશ્વાસ હતો, પણ સાથોસાથ તે પોતાનાં દિવ્ય શસ્ત્રોનો અદ્‌ભુત ચમત્કાર પણ જોઈ ચૂક્યો હતો. તેણે શ્રેષ્ઠ શિલ્પીઓની મદદથી ચક્ર વગેરે કૃત્રિમ રત્ન બનાવડાવ્યાં અને અષ્ટમતપ વગેરે સાથે પ્રબળ સેના અને બધાં જ યુદ્ધ-અસ્ત્રોથી સુસજ્જિત થઈને તે ષટ્‌ખંડ વિજય માટે નીકળી પડ્યો. અનેક રાજ્યોને પોતાને આધીન કરતો-કરતો તે તિમિસ્રગુફાના દરવાજે પહોંચ્યો. ત્યાં અષ્ટમતપ કરીને તેણે તિમિસ્રગુફાના દરવાજા પર ઘા કર્યો. ગુફાના રક્ષકદેવે જાહેર થયા વગર પૂછ્યું : "કોણ છે ?" કૂણિકે જવાબ આપ્યો : "ચક્રવર્તી અશોકચંદ્ર." દ્વારરક્ષક દેવે કહ્યું : "અસંભવ, બાર ચક્રવર્તી થઈ ચૂક્યા છે." કૂણિકે કહ્યું : "હું તેરમો ચક્રવર્તી છું." આથી દ્વારરક્ષક દેવે ગુસ્સે થઈને હૂંકાર કર્યો અને કૂણિક તત્કાળ ત્યાં જ ભસ્મીભૂત થઈ ગયો. મરીને તે છઠ્ઠા નરકમાં પેદા થયો. ભગવાન મહાવીરનો ભક્ત હોવા છતાં પણ કૂણિક સ્વાર્થ અને લોભના કારણે માર્ગથી ભટકી ગયો અને દુર્ગતિને પાત્ર બન્યો.

કૂણિક જીવનભર ભગવાન મહાવીરનો ભક્ત અને અનુયાયી રહ્યો. જો કે ડૉ. સ્મિથ લખે છે કે - 'બૌદ્ધ અને જૈન બંને અજાતશત્રુને પોત-પોતાનો અનુયાયી જણાવે છે. પણ જૈનોનો દાવો વધુ આધારયુક્ત છે. કૂણિકનું સાચું નામ અશોકચંદ્ર અથવા, સમ્રાટ અશોક હતું.

## મહારાજા ઉદાયન

ભગવાન મહાવીરના ભક્ત અને ઉપાસક અનેક શક્તિશાળી રાજાઓની સંખ્યામાં શ્રેણિક, કૂણિક અને ચેટકની જેમ મહારાજા ઉદાયન પણ અગ્રગણ્ય નરેશ માનવામાં આવ્યા છે. મહારાજા ઉદાયન

સિંધુ-સૌવીર રાજ્યના લોકપ્રિય રાજા હતા. સિંધુ-સૌવીર રાજ્યની રાજધાની વીતભય નગરી હતી, જે ખૂબ જ વિશાળ, સુંદર અને બધી રીતે સમૃદ્ધ હતી. મહારાજા ઉદાયનની મહારાણીનું નામ પ્રભાવતી અને પુત્રનું નામ અભીચકુમાર હતું. ઉદાયનનો ભાણો કેશીકુમાર પણ તેમની સાથે જ રહેતો હતો. મહારાજા ઉદાયનને ભગવાન મહાવીરનાં કથનો પર ખૂબ જ શ્રદ્ધા હતી. તેઓ મહાવીરના બાર વ્રતધારી શ્રાવક હતા. એક વાર મહારાજા ઉદાયન પોતાની પૌષધશાળામાં પૌષધ કરીને રાતના વખતે ધર્મચિંતન કરી રહ્યા હતા. કે તેમના મનમાં ભાવના થઈ 'તે લોકો ધન્ય છે, જે શ્રમણ ભગવાન મહાવીરનાં દર્શન કરે છે, તેમની વાણી સાંભળે છે અને તેમની સેવા કરીને કૃત-કૃત્ય થાય છે. મને આવી સુવર્ણ તક ક્યારે મળશે !'

બીજા જ દિવસે મહારાજ ઉદાયનની ઇચ્છા પૂરી થઈ અને પ્રભુ ચંપા નગરીથી વિહાર કરીને વીતભય નગરીના મૃગવન બાગમાં પધાર્યા. ભગવાનના આગમનના સમાચાર સાંભળીને ઉદાયનના આનંદનો પાર ન રહ્યો. તેમણે સિંહાસનથી ઊઠીને ભાવ-વિભોર થઈને ત્રણ વાર પ્રભુને વિધિસર વંદન કર્યાં અને પોતાના બધાં જ પરિજનો અને પુરજનો સાથે પ્રભુની સેવામાં પહોંચ્યા. મહારાજા ઉદાયન પર ભગવાનના વીતરાગમય ઉપદેશનો એવો પ્રભાવ પડ્યો કે તેમણે ભગવાનને વિનંતી કરી : "હું મારા પુત્ર અભીચિકુમારને રાજ્ય સોંપીને આપનાં ચરણોમાં દીક્ષિત થવા ઇચ્છું છું." પ્રભુએ કહ્યું : "જે કામમાં સુખ મળે તે કલ્યાણકારી કામમાં આળસ ન કરો."

મહારાજ ઉદાયન પરમ સંતોષનો અનુભવ કરતા-કરતા પોતાના મહેલ તરફ પાછા ફર્યા. રસ્તામાં તેમના મનમાં વિચાર આવ્યો - 'જે રાજ્યને મહાદુઃખનું કારણ જાણીને હું છોડી રહ્યો છું, તે જ રાજ્યનો ઉત્તરાધિકારી જો હું મારા પુત્રને બનાવું છું, તો તે વધુ મોહી હોવાથી રાજ્યભોગોમાં આસક્ત અને લીન થઈને પોતાનો અપાર સંસાર વધારી લેશે. આથી તેનું કલ્યાણ એમાં જ છે કે હું તેને રાજ્ય ન આપીને મારા ભાણા કેશીકુમારને રાજ્ય આપી દઉં.' તે મુજબ તેમણે કેશીકુમારને પોતાના વિશાળ રાજ્યનો ઉત્તરાધિકારી બનાવ્યો અને પોતે ભગવાન મહાવીર પાસે સંન્યાસી બની ગયા.

પિતા દ્વારા પોતાના પૈતૃક અધિકારથી વંચિત કરવાથી અભીચિ-કુમારના હૃદય પર ઊંડો આઘાત લાગ્યો, તો પણ તેણે પિતાની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કર્યું અને શાંતિપૂર્વક મગધસમ્રાટ કૂણિક પાસે ચંપા નગરીમાં જઈને રહ્યો. પોતાના પિતાનો આ વ્યવહાર જીવનભર તેના મનમાં કાંટાની જેમ ખૂંચતો રહ્યો. ભગવાન મહાવીરનો શ્રદ્ધાળુ શ્રમણોપાસક હોવા છતાં પણ તેણે જીવનભર પોતાના પિતા શ્રમણ ઉદાયનને નમસ્કાર સુધ્ધાં ન કર્યા. આ વેરને અંતર્મનમાં રાખીને શ્રાવક-ધર્મનું પાલન કરતા-કરતા તેણે એક મહિનાની સંલેખનાથી આયુષ્ય પૂરું કર્યું. પિતા પ્રત્યે પોતાની દુર્ભાવનાની આલોચના કર્યા વગર મૃત્યુ પામવાથી તે અસુરકુમાર દેવ બન્યો. અસુરકુમારની ઉંમર પૂરી થયાં બાદ તે મહાવિદેહ વિસ્તારમાં માનવભવ મેળવીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

શ્રમણ ઉદાયને દીક્ષિત થયા બાદ અગિયાર અંગોનો અભ્યાસ કર્યો અને કઠોર તપસ્યાથી પોતાનાં કર્મ-બંધનોને કાપવામાં લાગી ગયા. જુદી-જુદી જાતની ઘોર તપસ્યાઓથી તેમનું શરીર હાડપિંજર માત્ર રહી ગયું અને પ્રતિકૂળ આહારથી તેમના શરીરમાં ભયંકર વ્યાધિ પેદા થઈ ગઈ. વૈદ્યોની વિનંતીથી તેઓ દવારૂપે દહીં ખાવા લાગ્યા.

એકલા જ વિહાર કરતા-કરતા એક વાર ઉદાયન વીતભય નગરી પહોંચ્યા. મંત્રીને ખબર પડી, તો તેણે દુર્ભાવથી મહારાજ કેશીને કહ્યું : "રાજર્ષિ ઉદાયન ફરીથી પોતાનું રાજ્ય લેવા માટે આવ્યા છે. આથી યેન-કેન રીતે ઉદાયનને મોતને ઘાટ ઉતારી દેવામાં જ આપણું કલ્યાણ છે." કેશી એકદમ મંત્રીની વાત સાથે સહમત ન થયો, પણ મંત્રીની લગાતાર સમજાવટથી તે ઉદાયનને ઝેરયુક્ત ભોજન આપવાની યોજનામાં સહમત થઈ ગયો. તેના કહેવાથી એક ગોવાલણ વડે રાજર્ષિ ઉદાયનને ઝેરયુક્ત દહીં આપવામાં આવ્યું. જેને ખાવાની થોડી વાર બાદ ઝેરની અસર થતાં જોઈ રાજર્ષિ ઉદાયન આખી વાત કળી ગયા અને તેમણે સમભાવથી સંથારો ધારણ કરીને શુક્લધ્યાનથી ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને અર્દ્ધમાસ (અડધા મહિના)ની સંલેખનાથી શાશ્વત નિર્વાણ પ્રાપ્ત કર્યું. રાજર્ષિ ઉદાયન ભગવાન મહાવીર વડે છેલ્લા મોક્ષગામી રાજા બતાવવામાં આવ્યા છે.

એક વાર ભગવાન મહાવીર પોત્તનપુર નગરના મનોરમ નામના બાગમાં બિરાજમાન હતા. ત્યાંના રાજા પ્રસન્નચંદ્ર ભગવાનનો વીતરાગમય ઉપદેશ સાંભળીને સંસારથી વિરક્ત થઈને દીક્ષિત થઈ ગયા અને સ્થવિરો પાસે જ્ઞાન-આરાધના કરતા-કરતા સૂત્રાર્થના પાઠી થઈ ગયા. થોડા વખત પછી ભગવાન પોત્તનપુરથી વિહાર કરીને રાજગૃહ પધાર્યા. મુનિ પ્રસન્નચંદ્ર પણ તેમની સાથે હતા. રાજગૃહમાં ભગવાનથી થોડા દૂર જઈને એક એકાંત રસ્તા પર ધ્યાનમગ્ન થઈ ગયા. સંજોગોવશાત્ રાજા શ્રેણિક ભગવાનની સેવામાં જતી વખતે તે રસ્તે જ નીકળ્યા. તેમણે પ્રસન્નચંદ્રને એકપગે ધ્યાનમાં ઊભેલા જોયા. ભગવાનને વંદન વગેરે કર્યા બાદ સવિનય બોલ્યા : "ભગવન્ ! રસ્તામાં જે મુનિ ધ્યાનસ્થ છે, તે જો આ વખતે કાળ કરે તો કઈ ગતિમાં જાય ?"

ભગવાને કહ્યું : "સાતમા નરકમાં."

પ્રભુની વાણી સાંભળીને શ્રેણિકને આશ્ચર્ય થયું કે - 'એક ઉગ્ર તપસ્વી પણ નરકમાં જઈ શકે છે.' થોડી વાર પછી તેમણે જિજ્ઞાસાપૂર્વક ફરી એ પ્રશ્ન પૂછ્યો. ભગવાન મહાવીરે કહ્યું : "આ સમયે કાળ કરે તો સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ બનીને પેદા થશે." આ સાંભળીને શ્રેણિક વધુ વિસ્મિત થયા. ભગવાને શ્રેણિકની શંકાનું સમાધાન કરીને કહ્યું : "રાજન્ ! પહેલી વાર જ્યારે તમે પ્રશ્ન કર્યો હતો, તે વખતે ધ્યાનસ્થ મુનિ પોતાના પ્રતિપક્ષી સામંતો સાથે માનસિક યુદ્ધ કરી રહ્યા હતા અને પછીના પ્રશ્નકાળમાં તેઓ પોતાની ભૂલ માટે આલોચના કરીને ઉચ્ચ વિચારોની શ્રેણી પર આરૂઢ થઈ ગયા હતા. માટે બંને પ્રશ્નોના જવાબમાં આટલો બધો ફેર દેખાઈ રહ્યો છે."

શ્રેણિકની પ્રાર્થના પર ભગવાને આગળ કહ્યું : "રસ્તામાં જતાં સુમુખ-દુર્મુખ નામના બે સેનાપતિઓની વાત ધ્યાનસ્થ મુનિ પ્રસન્નચંદ્રના કાને પડી. તેમણે જ્યારે એ જાણ્યું કે પોતાના જે અબોધ પુત્રને તેઓ રાજ્યનો ભાર સોંપીને મુનિ બન્યા હતા, શક્ય છે કે રાજ્યનો ધૂર્તમંત્રી અને દુશ્મન રાજા તેને પદભ્રષ્ટ કરીને તેના રાજ્યને હડપ કરી લે, તો તેઓ ખળભળી જઈને પુત્રમોહના કારણે પોતાના વિરોધી રાજા અને ધૂર્તમંત્રી સાથે મનોમન યુદ્ધ કરવા લાગ્યા. પરિણામોની તે ભયંકરતા

વખતે તમે પ્રશ્ન કર્યો, આથી તેમને સાતમા નરકના અધિકારી બતાવવામાં આવ્યા; પણ થોડી વાર પછી જ્યારે તેમને એ ભાન થયું કે - 'તેઓ તો મુનિ-છે અને તેમને રાજ-તાજથી શું મતલબ ?' ત્યારે આત્માલોચન કરતા-કરતા વિચારોની ઉચ્ચશ્રેણી પર આરૂટ થઈ રહ્યા હતા. ત્યારે સર્વાર્થસિદ્ધ વિમાનની ગતિ બતાવવામાં આવી.''

ભગવાન મહાવીર શ્રેણિકને પોતાના કથનનું રહસ્ય સમજાવી રહ્યા હતા, ત્યારે જ આકાશમાં દુંદુભિનાદ સંભળાયો. ભગવાને શ્રેણિકને કહ્યું : ''તે જ પ્રસન્નચંદ્ર મુનિ, જે સર્વાર્થસિદ્ધ વિમાનને યોગ્ય અધ્યવસાય પર હતા, શુક્લધ્યાનની વિમલશ્રેણી પર આરૂઢ થઈને મોહકર્મની સાથોસાથ જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો પણ ક્ષય કરીને કેવળજ્ઞાન અને કેવળદર્શનના અધિકારી બની ગયા છે. તેની જ મહિમામાં દેવલોકો દુંદુભિ વગાડી રહ્યા છે.'' શ્રેણિક પ્રભુની સર્વજ્ઞતા પર મનોમન રાજી થયા.

એક વાર ભગવાન મહાવીર રાજગૃહીના બાગમાં બિરાજમાન હતા. તે વખતે એક વ્યક્તિ ભગવાન પાસે આવી અને પગમાં પડીને બોલી : ''ભગવન્ ! આપનો ઉપદેશ ભવસાગરને પાર કરાવવાવાળા જહાજ જેવો છે. મને એક વાર આપની વાણી સાંભળવાનો મોકો મળ્યો હતો અને તે વખતના ઉપદેશે મારા જીવનને સંકટથી બચાવ્યું છે. આજે હું આપની વાણી સાંભળવાનો લાભ લઈશ.'' આ રીતે દૃઢ નિર્ણય કરીને તેણે પ્રભુનો ઉપદેશ સાંભળ્યો, જેના પ્રભાવથી તેના મનમાં પોતાના પહેલાંનાં કૃત્યો પર અત્યંત દુઃખ થયું. તેણે હાથ જોડીને ભગવાનને વિનંતી કરી : ''ભગવન્ ! મારું પહેલાંનું જીવન કુકર્મોથી કાળું બનેલું છે. શું તેને ધોવા માટે શું હું આપની સેવામાં સ્થાન મેળવી શકું છું ? શું એક ચોર અને અત્યાચારી પણ શ્રમણ-ધર્મનો હકદાર બની શકે છે ?'' તે વ્યક્તિના છળમુક્ત વાક્યને સાંભળીને ભગવાને કહ્યું : ''રોહિણેય ! સાચા પસ્તાવાથી પાપની કાળાશ ધોવાઈ જાય છે. તારા મનની બધી જ કાળાશ આત્માલોચનની ભઠ્ઠીમાં બળીને ભસ્મ થઈ ગઈ છે. આથી તું શ્રમણપદ પામવાનો હકદાર બની ગયો છે.''

કુખ્યાત ચોર રોહિણેય જોત-જોતામાં સાધુ બની ગયો અને તે પોતાનાં સદ્‌કર્મો અને તપસ્યાથી ખૂબ આગળ વધી ગયો. વીતરાગ પ્રભુની વાણીએ ઘોર પાપીને પણ ધર્માત્મા બનાવી દીધો.

## મગધ મહામંત્રી અભયકુમાર

મગધસમ્રાટ શ્રેણિક અને તેમના પરિવારની ગણના ભગવાન મહાવીરના શ્રેષ્ઠ ભક્તોમાં કરવામાં આવે છે. આ શ્રેયમાં તેમના મહામંત્રી અભયકુમારનો મોટો હાથ રહ્યો છે. અભયકુમાર મહારાજ શ્રેણિકનો પુત્ર પણ હતો. જેનો જન્મ રાણી નંદાથી થયો હતો. અભયકુમારે કેટલીય વાર રાજનૈતિક સંકટોથી શ્રેણિકની રક્ષા કરી હતી.

એક વાર ઉજ્જૈનીના રાજા ચંડપ્રદ્યોતે કેટલાક બીજા રાજાઓ સાથે મળીને રાજગૃહ પર ચઢાઈ કરી. અભયકુમારે એવી બુદ્ધિ બતાવી કે ચંડપ્રદ્યોત જાતે જ ડરીને પાછો ફરી ગયો. અભયકુમારે જ્યાં દુશ્મનની છાવણી લાગવાની હતી, ત્યાં પહેલાથી જ સુવર્ણ મુદ્રાઓ દટાઈ દેવડાવી. જ્યારે ચંડપ્રદ્યોતે રાજગૃહને ઘેરી લીધું ત્યારે અભયકુમારે સૂચના મોકલાવી કે - "આપના હિતેચ્છુ સંબંધે હું આપને સાવધાન કરી દેવા ઈચ્છું છું કે - 'આપના સાથી રાજા શ્રેણિક સાથે મળી ગયા છે અને તે બધા આપને દગાથી શ્રેણિકના હાથે કેદી બનાવવાની યોજના બનાવી ચૂક્યા છે. તેના બદલામાં શ્રેણિકે તેમને ખૂબ ધન આપ્યું છે, જે આપની છાવણીની જમીન નીચે જ દાટી દેવામાં આવ્યું છે." આ સૂચના મળતાં જ ચંડપ્રદ્યોતે જમીન ખોદાવડાવી, તો દટાયેલી સુવર્ણ મુદ્રાઓ મળી. આનાથી ડરીને તે જેમનો તેમ ઉજ્જૈની પાછો ફરી ગયો.

રાજગૃહીનો એક કઠિયારો દ્રુમક આર્ય સુધર્મા પાસે દીક્ષિત થયો. દ્રુમક ભિક્ષા માટે નગરમાં જતો તો લોકો તેની મશ્કરી કરતા ને કહેતા : "આ આવ્યા છે મોટા ત્યાગી પુરુષ, કેટલો મોટો વૈભવ છોડ્યો છે તેમણે ?" લોકોના આવા વ્યવહારથી દ્રુમક ખૂબ દુઃખી થયો અને તેણે પોતાની આ વ્યથા આર્ય સુધર્માને સંભળાવી. દ્રુમકના દુઃખને દૂર કરવાના વિચારથી આર્ય સુધર્માએ બીજા જ દિવસે ત્યાંથી વિહાર કરવાનું નક્કી કરી લીધું. જ્યારે અભયકુમારને આ વાતની જાણ થઈ તો તેમણે આર્ય સુધર્માને પોતાનો નિર્ણય બદલવાની વિનંતી કરી. પછી અભયકુમારે નગરમાં એક-એક કરોડ સુવર્ણમુદ્રાઓના ત્રણ ઢગલા કરાવ્યા અને નગરના લોકોને આમંત્રિત કરીને જાહેરાત કરાવડાવી કે - 'જે વ્યક્તિ આજીવન સ્ત્રી, અગ્નિ અને પાણીનો ત્યાગ કરશે, તે આ ત્રણ કરોડ સુવર્ણ મુદ્રાઓ લઈ શકે છે.' જ્યારે કોઈ પણ તૈયાર ન થયું ત્યારે

અભયકુમારે કહ્યું : "જુઓ તે દ્રુમક મુનિ કેટલા મોટા ત્યાગી છે. તેમણે જીવનભર માટે સ્ત્રી, અગ્નિ અને સચિત્ત પાણીનો ત્યાગ કરી દીધો છે." અભયની આ બુદ્ધિસભર યુક્તિના પરિણામે દ્રુમક મુનિ માટેની લોકોની વ્યંગ ચર્ચા સમાપ્ત થઈ ગઈ.

ભગવાન મહાવીર જ્યારે રાજગૃહ પધાર્યા તો અભયકુમાર પણ તેમની દેશનામાં હાજર થયા. દેશનાના અંતે અભયે ભગવાનને પૂછ્યું : "ભગવન્ ! આપના શાસનમાં છેલ્લા મોક્ષગામી રાજા કોણ હશે ?" જવાબમાં ભગવાને કહ્યું : "વીતભયના રાજા ઉદાયન, જે મારી પાસે જ દીક્ષિત મુનિ છે, તે જ છેલ્લા મોક્ષગામી રાજા હશે." અભય-કુમારે વિચાર્યું કે - 'જો હું રાજા બનીને દીક્ષા ગ્રહણ કરીશ તો મારી માટે મોક્ષનો રસ્તો જ બંધ થઈ જશે. સારું થશે કે હું કુમાર અવસ્થામાં જ દીક્ષા ગ્રહણ કરી લઉં.' અભયકુમારે જ્યારે પોતાનો આ વિચાર શ્રેણિક સામે મૂક્યો તો શ્રેણિકે કહ્યું : "વત્સ ! દીક્ષા ગ્રહણ કરવાનો સમય તો મારો છે, તારે તો રાજ્ય ગ્રહણ કરવું જોઈએ." જ્યારે અભયકુમારે વધુ આગ્રહ કર્યો તો શ્રેણિકે કહ્યું કે - 'જે દિવસે હું કોઈ વાતે નારાજ થઈને તને કહું, 'ચાલ્યો જા અહીંથી અને ભૂલથીય ક્યારેય મને પોતાનું મોઢું ન દેખાડતો', તે જ દિવસે તું સંન્યાસી બની જજે."

સમય જતાં ભગવાન મહાવીર ફરીથી રાજગૃહ પધાર્યા. તે વખતે ભયંકર ઠંડીની ઋતુ હતી. એક દિવસ રાજા શ્રેણિક પોતાની રાણી ચેલના સાથે ફરવા ગયા. સંધ્યા ટાણે પાછા ફરતી વખતે તે લોકોએ નદીકિનારે એક મુનિને ધ્યાનમાં લીન જોયા. રાતના વખતે એકાએક રાણી જાગી તો તેને તે મુનિની યાદ આવી અને તેના મોઢામાંથી નીકળી પડ્યું - 'આહ ! તેઓ શું કરતા હશે ?' આ સાંભળીને રાજાના મનમાં રાણી પ્રત્યે શંકા પેદા થઈ ગઈ અને તેમણે પરોઢિયે અભયકુમારને આદેશ આપ્યો : "ચેલનાનો મહેલ સળગાવી દો, ત્યાં દુરાચાર ઉછરી રહ્યો છે." અભયકુમારે મહેલમાંથી ચેલનાને કાઢીને તેમાં આગ લગાવી દીધી.

ત્યાં શ્રેણિકે ભગવાનની સામે રાણીઓના આચારવિચાર પર જિજ્ઞાસા પ્રગટ કરી, તો મહાવીરે કહ્યું : "તમારી ચેલના વગેરે બધી જ રાણીઓ નિષ્પાપ અને શીલવતી છે." ભગવાનના મોઢેથી પોતાની રાણીઓ પ્રત્યે આ વાક્ય સાંભળી રાજા પોતાની આજ્ઞા પર પસ્તાવા લાગ્યા અને એ ભયથી ક્યાંક કોઈ નુકસાન ન થઈ જાય, મહેલ તરફ પાછા ફર્યા. રસ્તામાં

અભયકુમારને જોતાં જ રાજાએ પૂછ્યું : "મહેલનું શું થયું ?" અભયે કહ્યું : "આપની આજ્ઞા મુજબ તેને સળગાવી દીધો." આ સાંભળીને રાજા ખૂબ દુઃખી થયા અને બોલ્યા : "તેં આ ઠીક નથી કર્યું. મારી આજ્ઞા હોવા છતાં પણ તારે પોતાની બુદ્ધિથી કામ લેવું જોઈતું હતું અને થોડો વખત ટાળીને આજ્ઞાનું પાલન કરવું જોઈતું હતું." આથી અભયે જવાબ આપ્યો : "તમારે આ રીતે વિચાર્યા વગર, સમજ્યા વગર આજ્ઞા નહોતી આપવી જોઈતી."

અભયના પ્રશ્ન-જવાબ અને પોતાની વડે આપવામાં આવેલ દુષ્ટ આજ્ઞાથી રાજા ખૂબ ગુસ્સે થયો અને તેના મોઢેથી એકાએક નીકળી ગયું - "ચાલ્યો જા અહીંથી અને ભૂલથી પણ મને તારું મોં ના બતાવતો." અભય તો આ જ ઇચ્છતો હતો. તરત જ તે ત્યાંથી ચાલી નીકળ્યો ને ભગવાનનાં ચરણોમાં જઈને તેણે સંન્યાસ ગ્રહણ કરી લીધો. રાજા શ્રેણિકે મહેલમાં પહોંચીને જ્યારે બધાને સુરક્ષિત જોયા, તો તેને ફરી એક વાર પોતાની એકાએક આપવામાં આવેલ આજ્ઞા પર દુઃખ થયું તેને લાગ્યું કે - 'તેણે ભૂલથી પોતાના ચતુર પુત્ર અને યોગ્ય મંત્રીને ખોઈ દીધો છે.' તે તરત જ ભગવાન મહાવીર પાસે પહોંચ્યા, પણ ત્યાં સુધી અભયકુમાર દીક્ષિત થઈ ચૂક્યો હતો. અભયકુમાર મુનિ વિશુદ્ધ મુનિધર્મનું પાલન કરીને વિજય નામના અનુત્તર વિમાનમાં અહમિન્દ્ર બન્યા.

## ઐતિહાસિક દૃષ્ટિથી નિર્વાણકાળ

ભગવાન મહાવીરનું નિર્વાણ ૫૨૭ ઈ.પૂ.માં થયું હતું. આ વાતના પુરાવા જૈન પરંપરાના પ્રાચીન અને અર્વાચીન, મોટા ભાગે બધી જ જાતના ગ્રંથોમાં પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. જે સાબિત થયેલા અને પ્રબળ પુરાવાઓના આધારે ઉપર જણાવેલ નિચોડ કાઢવામાં આવ્યો છે, તેમની પ્રામાણિકતા પૂરી રીતે શંકા વિનાની છે, તેમ છતાં પણ થોડા આધુનિક ઈતિહાસના વિદ્વાન શોધકર્તાઓએ આ વિષય પર જુદી-જુદી નજરેથી વખતો-વખત ઊંડું સંશોધન કરવાનો પ્રયત્ન કર્યો છે.

તે વિદ્વાનોમાં ડૉ. હર્મન જૈકોબીનું નામ સૌ પ્રથમ લેવામાં આવે છે. બધા જ પુરાવાઓમાં લગભગ મહાવીર નિર્વાણકાળ ને બુદ્ધ નિર્વાણકાળની સરખામણી કરવામાં આવી છે અને એ નિચોડ કાઢ્યો છે કે -

'બુદ્ધ મહાવીર કરતા નાના હતા.' ડૉ. જૈકોબીના પુરાવાઓનો યોગ્ય અભ્યાસ કરવાથી કેટલાક વિદ્વાનોએ આ મંતવ્ય જાહેર કર્યું છે કે - 'જૈકોબીના નિર્ણયને અંતિમ રૂપે માની લેવું યોગ્ય નથી.' આચાર્ય હેમચંદ્ર મુજબ મહાવીરનો નિર્વાણકાળ ઈ. પૂ. ૫૨૭ જ યોગ્ય જણાય છે. ડૉ. કે. પી. જયસ્વાલનું કહેવું છે કે - 'બૌદ્ધ આગમોમાં વર્ણવેલ મહાવીરના નિર્વાણના પ્રસંગો ઐતિહાસિક તથ્યો નક્કી કરવામાં કોઈ રીતની ઉપેક્ષાને પાત્ર નથી. તેમણે મહાવીર-નિર્વાણને બુદ્ધથી પહેલાં ગણ્યું છે. ડૉ. રાધા- કુમુદ મુખર્જી અને પુરાતત્ત્વ સંશોધક મુનિ જિન-વિજયજીએ પણ ડૉ. જયસ્વાલના મત મુજબ ભગવાન મહાવીરનું મોટાપણું સ્વીકાર્યું છે. આજ રીતે ડૉ. હસ્લેએ બુદ્ધનું નિર્વાણ મહાવીરથી પાંચ વરસ પછી બતાવ્યું છે. તે મુજબ બુદ્ધનો જન્મ મહાવીરથી ત્રણ વર્ષ પહેલાં થઈ ચૂક્યો હતો.

મુનિ કલ્યાણ વિજયજીએ પણ ભગવાન મહાવીરનો નિર્વાણકાળ ઈ.પૂ. ૫૨૭ માન્યો છે, જે પરંપરા-સંમત પણ છે અને પુરાવા-સંમત પણ. શ્રી વિજયેન્દ્રસૂરિ વડે લખાયેલ 'તીર્થંકર મહાવીર'માં પણ જુદાં-જુદાં પુરાવાઓ સાથે ભગવાન મહાવીરનો નિર્વાણકાળ ઈ. પૂ. ૫૨૭ જ પ્રમાણિત કરવામાં આવ્યો છે.

ભગવાન મહાવીરના નિર્વાણકાળનો વિચાર જે આધારો પર કરવામાં આવ્યો છે, તે બધામાં સાક્ષાત્ અને સ્પષ્ટ પુરાવો બૌદ્ધપિટકોનો છે. આમાં બુદ્ધે આનંદ અને ચુંદ સાથે ભગવાન મહાવીરના નિર્વાણની વાત કરી છે. જ્યાં સુધી બુદ્ધ પહેલાં ભગવાન મહાવીરના નિર્વાણનો પ્રશ્ન છે, આપણે એટલા માટે પણ શંકા ન કરવી જોઈએ, કેમકે જૈન આગમોમાં આનાથી વિરુદ્ધનો કોઈ ઉલ્લેખ નથી મળતો - મુનિ નગરાજજી મુજબ મહાવીરનું મોટાપણું સાબિત કરવા માટે બૌદ્ધ સાહિત્યમાં ઘણા પ્રસંગ જોવા મળે છે, જેમાં બુદ્ધ પોતે પોતાની જાતને નાના સ્વીકારે છે. દાખલા તરીકે ભગવાન બુદ્ધ કોઈક વખતે શ્રાવસ્તીમાં અનાથ પિંડિકના જેત્તવનમાં વિહાર કરી રહ્યા હતા, ત્યારે રાજા પ્રસેનજિતે કોઈ પ્રસંગે તેમને પૂછ્યું હતું કે - "આપ તો નાના અને સ્વયં સંન્યાસી છો, પછી એમ કેવી રીતે કહી શકો છો કે તમે સમ્યક્ સંબોધિનો સાક્ષાત્કાર કર્યો છે ?" આથી બુદ્ધે કહ્યું હતું : 'અગ્નિ, સાપ, ક્ષત્રિય અને ભિક્ષુને નાના સમજીને અપમાન ન કરવું જોઈએ."

તે વખતના ધર્માચાર્યો ધર્મનાયકોમાં બુદ્ધની સૌથી નાની ઉંમરનો આ સૌથી સબળ પુરાવો છે. આ બધું જોતાં મહાવીરના મોટાપણા અને પૂર્વનિર્વાણમાં શંકાને કોઈ સ્થાન નથી રહેતું. તે જ રીતે તેમનો નિર્વાણકાળ પણ પારંપરિક અને ઐતિહાસિક બંને દૃષ્ટિથી અને આધારોથી ઈ.પૂ. ૫૨૭ જ યોગ્ય જણાય છે.

આ જ વિષયમાં એક બીજો પુરાવો એ પણ છે કે ઇતિહાસમાં સમ્રાટ ચંદ્રગુપ્તનું રાજ્યારોહણ ઈ.પૂ. ૩૨૨ માનવામાં આવ્યું છે. જે જૈન પરંપરા મુજબ મહાવીરના નિર્વાણના ૨૧૫ વર્ષ પછી માનવામાં આવ્યું છે. જેની ગણતરી અવંતિ રાજ્યારોહણની સાથે કરવામાં આવે છે અને આ એક ઐતિહાસિક તથ્ય છે કે - 'ચંદ્રગુપ્ત મૌર્યે પોતાના રાજ્યની સ્થાપના રાજ્યારોહણના દસ વરસ પછી કરી હતી.' આ રીતે ૩૨૨-૧૦=૩૧૨+૨૧૫=૫૨૭ એટલે કે જૈનકાળ ગણતરી મુજબ પણ મહાવીરના નિર્વાણનો સમય ૫૨૭ ઈ.પૂ. જ થાય છે. ઈ.પૂ. ૫૨૭ને ભગવાન મહાવીરના નિર્વાણને નિઃશંકપણે સાબિત કરવાવાળો સૌથી પ્રબળ અને સર્વસામાન્ય પુરાવો એ પણ છે, જેને શ્વેતાંબર અને દિગંબરના બધા પ્રાચીન આચાર્યોએ એકમતે સ્વીકાર કર્યો છે, તે છે મહાવીર-નિર્વાણના ૬૦૫ વરસ અને પાંચ મહિના બાદ શક સંવત શરૂ થવાનો પુરાવો. આ રીતે ઈ.પૂ. ૫૨૭ જ મહાવીર-નિર્વાણનો ઈતિહાસ સિદ્ધ થયેલો અને માન્યતા પ્રાપ્ત કાળ છે.

## મહાવીર અને બુદ્ધના નિર્વાણકાળની સરખામણી

ભગવાન મહાવીર અને બુદ્ધ સમકાલીન હતા. આથી તેમના નિર્વાણ-કાળનો નિર્ણય કરતી વખતે લગભગ બધા જ વિદ્વાનોએ બંને મહાપુરુષોનાં નિર્વાણકાળને નક્કી કરવામાં એક-બીજાના કાળનો એકબીજા સાથે સંબંધ જાણીને સાથે-સાથે ચર્ચા કરી છે. એ વાત અલગ છે કે આના લીધે સમસ્યા ઉકેલાવાના બદલે વધુ ગૂંચવાઈ ગઈ છે. ઈતિહાસકાર પં.ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ 'બુદ્ધનિર્વાણ સંવત'ની ચર્ચા કરતા લખ્યું છે કે - 'બુદ્ધનું નિર્વાણ કયા વરસે થયું, તેનો ચોક્કસ નિર્ણય હજુ સુધી નથી થઈ શક્યો. લંકા, બર્મા અને શ્યામમાં બુદ્ધનું નિર્વાણ ૫૪૪ ઈ.પૂ. માનવામાં આવે છે અને એવું જ આસામના રાજગુરુ માને છે. ચીની યાત્રી હ્યુએનસાંગ મુજબ આ કાળ ઈ.પૂ. ચોથી સદીની વચ્ચે આવે છે. બીજા કેટલાક ઈતિહાસકારોએ આને ઈ.પૂ.

ચોથી અને પાંચમી સદીની વચ્ચેનો માન્યો છે. મુનિ કલ્યાણવિજયે એ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે - 'મહાત્મા બુદ્ધ તીર્થંકર મહાવીરથી ૨૨ વરસ મોટા હતા અને બુદ્ધના નિર્વાણથી ૧૫ વરસ પછી મહાવીરનું નિર્વાણ થયું. આ રીતે બુદ્ધનું નિર્વાણ ઈ.પૂ. ૫૪૨માં થયું જણાવવામાં આવે છે. આપણે અહીં વિદ્વાનોની ધારણાઓના વિશ્લેષણમાં ન પડીને ફક્ત તે તથ્યો અને પુરાવાઓનો ઉલ્લેખ કરવા માંગીશું, જેનાથી નિર્વાણકાળનો સાચો સમય જાણી શકાય.

યાદ રહે કે આપણે આજથી લગભગ અઢી હજાર વરસ પહેલાંની ઘટના સંદર્ભે નિર્ણય કરવાનો છે. સૌ જાણે છે કે તે વખતે જૈન, વૈદિક અને બૌદ્ધ આ ત્રણ ધર્મપરંપરાઓ જ મુખ્ય રીતે હતી, જે આજે પણ જાણીતી છે. બુદ્ધના જીવન સંબંધે જૈન આગમોમાં કોઈ વર્ણન નથી મળતું. બૌદ્ધશાસ્ત્ર અને સાહિત્યના બુદ્ધના નિર્વાણ સંબંધે જે વર્ણનો ઉપલબ્ધ થાય છે, તે પરસ્પર એટલા વિરોધી છે કે તેમનામાંથી કોઈ એકને પણ યોગ્ય નથી માની શકાતું. આવી પરિસ્થિતિમાં અમારી માટે પૌરાણિક સાહિત્યમાં એવી સામગ્રીની શોધ અત્યંત જરૂરી બની જાય છે. સૌભાગ્યથી 'શ્રીમદ્ભાગવતપુરાણ'ના પહેલા સ્કંધમાં એક એવો શ્લોક છે જે બુદ્ધ વિશે થોડો પ્રકાશ પાથરે છે. તે શ્લોકનો અર્થ એ થાય છે કે - 'કલિયુગ આવી જવાથી મગધ દેશ(બિહાર)માં દેવતાઓનો દ્વેષ કરવાવાળા રાક્ષસોને મોહિત કરવા માટે અંજની (આંજની)ના પુત્ર રૂપે આપનો બુદ્ધ અવતાર થશે.'

ખરેખર શ્લોકમાં ભાગવત્કારે બુદ્ધના પ્રસંગમાં તે સમયમાં પ્રતાપી રાજા અંજનના નામનો ઉલ્લેખ કર્યો છે. બુદ્ધ વિશેનાં વર્ણનો મુજબ બુદ્ધના પિતાનું નામ શુદ્ધોધન હતું. આથી શ્લોકના આધારે બુદ્ધને અંજનના પુત્ર માનવાની વાત ઊભી જ નથી થતી. ખરેખર ભાગવત-કારનો મતલબ બુદ્ધને રાજા અંજનની પુત્રી આંજનીના પુત્ર બતાવવાથી છે. આ એક તદ્દન નવું પણ ઐતિહાસિક તથ્ય છે કે મહાત્મા બુદ્ધ મહારાજ અંજનના દૌહિત્ર હતા. શ્લોકમાં જનકની પુત્રી જાનકી, મૈથિલની પુત્રી મૈથિલીના રૂપે જ અંજનની પુત્રી આંજનીના પ્રયોગની મદદ લેવામાં આવી છે.

એ સાબિત થઈ ચૂક્યું છે કે - 'બર્મી-બૌદ્ધ પરંપરા મુજબ બુદ્ધના નાના મહારાજા અંજન શાક્ય ક્ષત્રિય હતા, જેમણે પોતાના નામ પર

સંવત પણ ચલાવ્યો હતો. તેમનું નામ ઈતજાના હતું. બર્મી ભાષામાં 'ઈતજાના' શબ્દનો અર્થ અંજન થાય છે. 'ઈતજાના' સંવત મુજબ બુદ્ધનું નિર્વાણ ઈતજાના સંવત ૧૪૮ની વૈશાખી પૂનમના રોજ મંગળવારના દિવસે થયું હતું, જે ઈસવી સન કાળક્રમ મુજબ ૫૦૧ ઈ.પૂ. ૧૫ એપ્રિલ, મંગળવાર ઠરે છે.

આ સમસ્યા ઉકેલવામાં 'વાયુપુરાણ'નો એક શ્લોક પણ મદદરૂપે સાબિત થયો છે. જેના અર્થમાં પ્રદ્યોત નામના એક રાજાનું વર્ણન છે, જે પોતાના પિતા મુનિક દ્વારા રાજાની હત્યા કર્યા પછી અવંતિના રાજસિંહાસન પર બેસાડવામાં આવશે અને બધા જ સામંતોને પોતાના વશમાં રાખીને ૨૩ વર્ષ સુધી રાજ કરશે. તિબેટી બૌદ્ધ પરંપરા મુજબ બુદ્ધ અને ચંડપ્રદ્યોતે એક જ દિવસે જન્મ લીધો અને ચંડપ્રદ્યોત અવંતિના રાજસિંહાસન પર એ જ દિવસે બેઠો, જે દિવસે બુદ્ધને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું. બધા ઈતિહાસકાર આ તથ્યને એકમતે સ્વીકારે છે કે - 'બોધિપ્રાપ્તિના સમયે બુદ્ધ ૩૫ વરસના હતા.' આનો મતલબ એ થયો કે પ્રદ્યોત પણ ૩૫ વરસની ઉંમરમાં અવંતિનો રાજા બન્યો. 'વાયુપુરાણ'ના શ્લોક મુજબ પ્રદ્યોતે ૨૩ વરસ સુધી રાજ કર્યું અને ત્યાર બાદ તેનો પુત્ર પાલક અવંતિનો રાજા બન્યો. જૈન પરંપરાના બધા જ પ્રામાણિક ગ્રંથોમાં એ વાતનો ઉલ્લેખ છે કે - 'જે દિવસે પોતાના પિતાના મૃત્યુ બાદ પાલક અવંતિના રાજસિંહાસન પર બેઠો, તે જ દિવસે ભગવાન મહાવીરનું નિર્વાણ થયું. આ રીતે વૈદિક, જૈન અને બૌદ્ધ ધારણાઓ મુજબ સાબિત થયેલા પુરાવાઓના સમન્વયથી આ સાબિત થાય છે કે - 'જે દિવસે ભગવાન મહાવીરે ૭૨ વરસની ઉંમર પૂરી કરી નિર્વાણ પામ્યા, તે દિવસે ૫૮ વરસની ઉંમરમાં પ્રદ્યોતનું દેહાવસાન થયું અને તે જ દિવસે બુદ્ધ પણ ૫૮ વરસના થઈ ગયા હતા. બુદ્ધનું આખું આયુષ્ય ૮૦ વરસનું માનવામાં આવ્યું છે, જેથી બુદ્ધનો જન્મકાળ મહાવીરના જન્મના ૧૪ વરસ પછી અને નિર્વાણકાળ ભગવાન મહાવીરના નિર્વાણના ૨૨ વરસ પછી સાબિત થાય છે.

'આવશ્યકચૂર્ણિ'માં ચૂર્ણિકારે લખ્યું છે કે - 'જે વખતે ભગવાન મહાવીર ૨૮ વરસના થયા, તે વખતે તેમનાં માતા-પિતાનો સ્વર્ગવાસ થઈ ગયો.' ચૂર્ણિકારના જણાવ્યા મુજબ મહારાજ સિદ્ધાર્થ અને ત્રિશલા-

દેવીના સ્વર્ગગમન વખતે પ્રદ્યોતની ઉંમર ૧૪ વરસની હતી. તે મુજબ પ૨૭ ઈ.પૂ.માં ભગવાન મહાવીરનો પ્રામાણિક નિર્વાણકાળ માનતા મહાવીરનો જન્મ ઈ.પૂ. ૫૯૯માં અને બુદ્ધનો જન્મ ઈ.પૂ. ૫૮૫માં થયો સાબિત થાય છે. આ બધાં તથ્યોને એકબીજાં સાથે જોડીને વિચાર કરવાથી એ જ નિચોડ નીકળે છે કે - 'ભગવા મહાવીરનું નિર્વાણ ઈ.પૂ. ૫૨૭માં થયું અને બુદ્ધનું નિર્વાણ મહાવીરના નિર્વાણના ૨૨ વરસ બાદ એટલે કે ઈ.પૂ. ૫૦૫માં થયું.'

અશોકના શિલાલેખોમાં અંકાયેલ ૨૫૬નો આંકડો, જેને વિદ્વાનો બુદ્ધ નિર્વાણ વરસનું સૂચક માને છે, એ જ સાબિત કરે છે કે બુદ્ધનું નિર્વાણ ઈ.પૂ. ૫૦૫માં થયું. શિલાલેખો પર લખવામાં આવેલ આ આંકડા વિશે ઘણા વિદ્વાનોનો એ મત છે કે - 'જે દિવસે આ શિલાલેખ લખાવવામાં આવ્યા, તે દિવસે બુદ્ધ નિર્વાણપ્રાપ્તિના ૨૫૬ વરસ વીતી ચૂક્યાં હતાં. ઈતિહાસકારો જણાવ્યા મુજબ અશોકનો રાજ્યાભિષેક ૨૬૯ ઈ.પૂ.માં થયો હતો. રાજ્યાભિષેકના આઠ વરસ પછી તેમણે કલિંગ પર વિજય પ્રાપ્ત કર્યો, જે યુદ્ધમાં થયેલ ભીષણ નરસંહારને જોઈને તેમના મનમાં યુદ્ધ પ્રત્યે તિરસ્કાર થઈ ગયો અને તેઓ બૌદ્ધ ધર્મના અનુયાયી બની ગયા. તેમણે પોતાની અને પોતાના રાજ્યની સઘળી શક્તિ બૌદ્ધ ધર્મના પ્રચાર અને પ્રસારમાં લગાવી દીધી. પરિણામે બૌદ્ધ ધર્મ ભારતમાં જ નહિ, પણ ભારતની બહાર પણ કેટલાય દેશોમાં પ્રગતિની ટોચ પર પહોંચી ગયો. ત્યાર બાદ તેમણે ઉપરોક્ત શિલાલેખ વગેરેનું નિર્માણ શરૂ કર્યું હશે. આ બધાં કામોમાં લગભગ દસ-બાર વરસ લાગ્યાં હશે, એટલે કે આ શિલાલેખ રાજ્યાભિષેકના વીસમાં વરસ એટલે કે ઈ.પૂ. ૨૪૯મા તૈયાર કરવામાં આવ્યો હશે. જે દિવસે બુદ્ધના નિર્વાણના ૨૫૬ વરસ વીતી ચૂક્યા હતા આ ગણતરી મુજબ બુદ્ધનો નિર્વાણકાળ ૫૦૫ ઈ.પૂ. ઠરે છે, જે 'વાયુપુરાણ'માં ઉલ્લેખ કર્યા મુજબ પ્રદ્યોતના રાજકાળના આધારે સાબિત થયેલ નિર્વાણકાળનું સમર્થન કરે છે. આ બધાં અટલ ઐતિહાસિક તથ્યોના આધાર પર નિઃશંકપણે અને ચોક્કસરૂપે એમ કહી શકાય છે કે - 'ભગવાન મહાવીરનું નિર્વાણ ઈ.પૂ. ૫૨૭માં અને બુદ્ધનું નિર્વાણ ઈ.પૂ. સન ૫૦૫માં થયું હતું.

# નિર્વાણસ્થળ

જૈન માન્યતા મુજબ ભગવાન મહાવીરનું નિર્વાણસ્થળ પટના જિલ્લામાં આવેલ રાજગૃહની નજીક પાવાપુરી છે. જેને આજે ભવ્ય મંદિરો વડે એક જૈનતીર્થ બનાવી દેવામાં આવ્યું છે. ઈતિહાસકાર એનાથી સહમત થતાં નથી દેખાતા, એનું કારણ એ છે કે જે સમયે ભગવાન મહાવીરનું નિર્વાણ થયું હતું, તે વખતે મલ્લો અને લિચ્છવીઓના અઢાર ગણરાજા હાજર હતા. આ ઉત્તરીય બિહારના પાવાપુરીમાં હોવું જ શક્ય છે, કેમકે ઉપર જણાવેલ બધાં જ ગણરાજય બિહારની ઉત્તર દિશામાં આવેલ છે. દક્ષિણ બિહારનું પાવા તો તેમના દુશ્મન વિસ્તારમાં હતું. ડૉ. જૈકોબીએ પણ બૌદ્ધશાસ્ત્રોમાં વર્ણવેલ મહાવીરનું નિર્વાણસ્થળ પાવાને શાકયભૂમિમાં હોવું સ્વીકાર્યું છે. પં. રાહુલ સાંકૃત્યાયને પણ આ જ તથ્યને ટેકો આપ્યો છે. પં. રાહુલ સાંકૃત્યાયને અને નાથૂરામ પ્રેમીએ પણ એવી જ શક્યતા વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે - 'ભગવાન મહાવીરનું નિર્વાણ ખરેખર ગંગાના ઉત્તરીય આંચલમાં આવેલ પાંવા નગરીમાં જ થયું હતું, જે વર્તમાન ગોરખપુર જિલ્લામાં આવેલ પપુહર નામના ગામથી જાણીતું છે.

卐

## પૂજ્ય આચાર્યશ્રી હસ્તીમલજી મહારાજનો ટૂંકો પરિચય

- પી. શિખરમલ સુરાણા

૧. ફક્ત દસ વરસની નાની ઉંમરમાં બાળક હસ્તીએ આ અસાર સંસારને છોડીને મુનિજીવન અપનાવી લીધું. સાડા પંદર વરસની કિશોર વયમાં તેમણે એટલી અર્હતા અને વિદ્વત્તા પ્રાપ્ત કરી લીધી કે સંઘના આચાર્ય રૂપે તેમની પસંદગી કરી લેવામાં આવી. જૈન ઇતિહાસમાં તેઓ સૌથી ઓછી ઉંમરના આચાર્ય રૂપે પસંદગી પામેલ મુનિ બની ગયા અને ફક્ત ઓગણીસ વરસની તરુણાવસ્થામાં તેઓ સંઘના આચાર્ય બની ગયા.

૨. આચાર્ય બન્યા બાદ તેમણે ૬૧ વરસો સુધી દેશભરમાં પગપાળા વિહાર કર્યો. પોતાની વિહારયાત્રાઓમાં તેમણે પાંચ મહાવ્રતો અને કઠોર જૈન શ્રમણાચારનું પૂરું પાલન કર્યું.

૩. એકસઠ વરસો સુધી દરરોજ પોતાના પ્રભાવશાળી ઉપદેશો વડે તેમણે જન-જનને માણસાઈનો સાચો પાઠ ભણાવ્યો અને દુર્લભ માનવજીવનની મહત્તા સમજાવી.

૪. તેમની મંગળ પ્રેરણાથી તેમના સાંનિધ્યમાં પંચ્યાસી મુમુક્ષુઓએ દીક્ષા લીધી. દીક્ષિત સાધુ-સાધ્વીઓએ સ્વ અને પર કલ્યાણ કર્યું અને કરી રહ્યાં છે.

૫. જૈનશાસ્ત્રો અને બીજા વિષયો પર તેમણે સરળ-સચોટ વિવેચનાઓ વ્યાખ્યાઓ લખી.

૭. ઘણા સ્થળોએ તેમણે સમાજમાં કેટલીય જાતના ઝગડાઓને હંમેશને માટે સમાપ્ત કરાવી દીધા અને પ્રેમ અને મિત્રતાની પ્રતિષ્ઠા કરી.

૮. ઘણા એવા પ્રસંગ આવ્યા, જ્યારે તેમણે પોતાની જિંદગીને ખતરામાં નાંખીને પણ બીજાં પ્રાણીઓની જિંદગી બચાવી.

૯. પ્રખ્યાત જ્યોતિષી, સાંસદ અને રાજકારણી ડૉ. લક્ષ્મીમલ સિંઘવીએ લખ્યું - 'મારી જિંદગીના દરેક પડાવે આચાર્ય હસ્તીએ મને અનુપ્રેરિત કર્યા.'

૧૦. આર. બી. આઈ.ના પૂર્વ ડેપ્યુટી ગવર્નર, સમાજસેવક, પદ્મભૂષણ શ્રી દેવેન્દ્રરાજ મહેતા લખે છે - "ઈમાનદાર, નીતિપૂર્વક અને સાદગીમય જીવન અને બીજાની નિઃસ્વાર્થ સેવાની પ્રેરણા મને આચાર્ય હસ્તી દ્વારા (વડે) મળી."

૧૧. આર. એસ. કૂમટ (આઈ.એ.એસ.) કહે છે : "તેમના જીવનનાં રૂપાંતરણમાં આચાર્ય હસ્તીની મહત્ત્વની ભૂમિકા રહી છે."

૧૨. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ શ્રી આર. એમ. લોઢાના પિતા-ન્યાયાધીશ શ્રી શ્રીકૃષ્ણમલ લોઢા મુજબ -

- "આચાર્ય હસ્તી જે કાંઈ કહેતા હતા, તે સાચું થઈ જતું હતું."
- "તેમને ભવિષ્યનો પૂર્વાભાસ થઈ જતો હતો. આ અતીન્દ્રિય જ્ઞાનના આધારે તેઓ તેમના ભક્તોનું માર્ગદર્શન ને સંરક્ષણ કરતા હતા. મારા પરિવાર પર પણ તેમની અસીમ કૃપા રહી."
- "તેમના આશીર્વાદ ખૂબ જ મંગલકારી હતા. તેમના આશીર્વાદથી તનાવો દૂર થઈ જતા હતા અને અસીમ શાંતિનો અનુભવ થતો હતો."

૧૩. ભારતીય રક્ષાવિજ્ઞાનના પ્રણેતા પદ્મવિભૂષણ વૈજ્ઞાનિક ડૉ. દૌલતસિંહ કોઠારી લખે છે -

- "પ્રાણીમાત્રનું કલ્યાણ ઈચ્છતા તેઓ એક લોકપ્રિય અને વિદ્વાન જૈન સંત હતા."
- "જ્યારે તેઓ મૌન - સાધનામાં હતા, ત્યારે પણ તેમનાથી સ્ફુરતી સકારાત્મક પ્રેરણા, ઊર્જા મારા હૃદય સુધી પહોંચી ગઈ."
- "તેમના વડે ચાર ભાગોમાં લખેલ - "જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ' એક અત્યંત મહત્ત્વપૂર્ણ, કીમતી અને પ્રેરક અવદાન છે."

૧૪. રાજસ્થાન ઉચ્ચ અદાલતના ન્યાયાધીશ શ્રી જસરાજ ચોપડા કહે છે કે - "તેમને નિત્ય સામાયિક-સ્વાધ્યાયની પ્રેરણા આચાર્ય હસ્તીથી મળી.

૧૫. કોલકાતા વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ સાહિત્યકાર પ્રોફેસર કલ્યાણમલ લોઢાએ લખ્યું છે - "તેઓ પોતે વીતરાગી ભગવાન સમાન હતા."

૧૬. ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીની જેમ તેમણે પણ લોકોને પ્રેરિત કર્યા કે પોતાની જાતને ધનના માલિક નહિ, થાપણદાર સમજવું જોઈએ. તેમની પ્રેરણાથી અનેક વ્યક્તિઓએ પોતાની કમાયેલી સંપત્તિને પારમાર્થિક કામોમાં લગાવી દીધી. તેમના અનેક

અનુયાયી આજે પણ નિર્લિપ્ત-અનાસક્ત જીવન જીવે છે. પ્રખ્યાત ઉદ્યોગપતિ. શ્રી મોફતરાજ મુણોત જેવી અનેક સફળ અને સમૃદ્ધ વ્યક્તિ તેના જીવંત ઉદાહરણ છે.

૧૭. (i) એક્યાસી વરસ સુધી નિર્દોષ જીવન જીવ્યા બાદ તેમને લાગ્યું કે - 'તેમનો છેલ્લો સમય નજીક છે.' એવું જાણીને નિમાજ-(પાલી-રાજસ્થાન)માં તેમણે પોતાના જીવનનાં બધાં જાણ્યાં-અજાણ્યાં પાપોની આલોચના કરી તથા પ્રાણીમાત્રથી ખમત-ખામણા કરીને સંથારો ગ્રહણ કરી લીધો. અનાજ, પાણી, દવા, ઉપચાર વગેરેનો પૂરો ત્યાગ કરીને તેઓ આત્મધ્યાનમાં લીન થઈ ગયા. સંથારાકાળમાં અસંખ્ય લોકોએ તેમનાં દર્શન કરીને પોતાની જાતને ધન્ય ગણ્યા.

(ii) સંથારાકાળમાં નિમાજના સેંકડો મુસ્લિમ તેમનાં દર્શન માટે આવ્યા અને સંકલ્પ કર્યો કે - 'તેમનો સંથારો ચાલશે ત્યાં સુધી તેઓ ન તો પશુવધ કરશે અને ન તો માંસાહાર કરશે.' તેમણે તે સંકલ્પને પૂરો નિભાવ્યો.

(iii) તેર દિવસના ઐતિહાસિક તપ-સંથારા પછી તેમણે પોતાનો નશ્વરદેહનો ત્યાગ કરીને મહાપ્રયાણ કર્યું.

(iv) એક લાખથી વધુ લોકો તેમની અંતિમ યાત્રામાં સામેલ થયાં, જેમાંથી લગભગ અડધી સંખ્યા જૈન સિવાયના વર્ગના લોકોની હતી અને તેમાં પણ હજારોની સંખ્યામાં મુસ્લિમ હતા.

(v) તેમની અંતિમ યાત્રાના સંબંધે આ તથ્યોનો ઉલ્લેખ ન્યાયાધીશ શ્રી જસરાજ ચોપડા અને સેબીના પૂર્વ અધ્યક્ષ શ્રી ડી. આર. મહેતાએ પણ કર્યો.

૧૮. આવા અસામાન્ય અદ્ભુત વ્યક્તિત્વના ધણી મહાન સંત આચાર્ય શ્રી હસ્તીમલજી મ.સા.ની જન્મ શતાબ્દીના પાવન પ્રસંગે તેમને કોટિ-કોટિ વંદન.

**અધ્યક્ષ : સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ**
**૬૧-૬૩, ડૉ. રાધાકૃષ્ણન રોડ.**
**મૈલાપુર, ચેન્નઈ - ૬૦૦ ૦૦૪ (ભારત)**

(૫ એપ્રિલ ૨૦૧૦ એ ચેન્નઈમાં આયોજિત આચાર્ય હસ્તી જન્મશતી કરુણા રત્ન એવોર્ડ સમારોહમાં અંગ્રેજીમાં પ્રસ્તુત પરિચયનું ગુજરાતી રૂપાંતર)

# સંદર્ભ સૂત્ર ગ્રંથાદિ


(અ)

- અંગુત્તરનિકાય - ૫૦૩, ૫૦૪
- અંતગડ, અંતકૃત દશાંગ સૂત્ર - ૩૮૪, ૩૮૯, ૩૯૦, ૩૯૩, ૪૧૧, ૬૨૫, ૬૨૬, ૬૩૪, ૭૪૦.
- અગસ્ત્ય ઋષિ કૃત ચૂર્ણિ - ૨૦
- અગ્નિપુરાણ - ૧૩૭
- અથર્વવેદ - ૪૩૦
- અણુત્તરોવવાઈ - ૬૨૨, ૬૨૬, ૬૨૮, ૭૪૦
- અભયદેવીયા વૃત્તિ - ૭૩૦
- અભિધાન ચિન્તામણિ - ૫૫૯
- અભિધાન રાજેન્દ્ર કોશ - ૬૧, ૬૮, ૬૯, ૫૨૯, ૬૯૦, ૭૧૪, ૭૩૬
- અશોક કે ધર્મલેખ - ૭૮૨

(આ)

- આકંખેય સુત્ત - ૫૦૬
- આગમ ઔર ત્રિપિટક - ૭૩૧
- આચારાંગ સૂત્ર - ૫૪૧, ૫૪૨, ૫૪૪, ૫૫૫, ૫૫૮, ૫૬૦, ૫૬૧, ૫૬૭, ૫૬૮, ૫૬૯, ૫૭૦, ૫૭૨, ૫૭૩, ૫૭૫, ૫૯૨, ૫૯૩, ૬૪૧, ૬૪૫, ૭૧૧.
- આજકલ - ૧૩૫
- આદિ પુરાણ - ૫, ૪૨, ૧૩૯, ૪૮૦, ૫૫૫
- આપ્ટે સંસ્કૃત-ઇંગ્લિશ ડિક્શનરી - ૫૬૬
- આવશ્યક ચૂર્ણિ - ૬, ૯, ૨૦, ૨૩, ૨૭, ૩૭, ૪૬, ૪૭, ૪૮, ૬૮, ૭૨, ૭૩, ૧૨૨, ૧૨૩, ૧૨૭, ૧૫૦, ૧૯૪, ૨૨૮, ૨૯૮, ૩૦૭, ૩૧૫, ૪૮૨, ૫૩૩, ૫૬૨, ૫૬૩, ૫૬૪, ૫૬૭, ૫૬૮, ૫૬૯, ૫૭૧, ૫૭૨, ૫૭૪, ૫૭૬, ૫૭૯, ૫૮૦, ૫૮૪, ૫૮૫, ૫૯૯, ૬૦૧, ૬૦૨, ૬૦૬, ૬૦૮, ૬૨૬, ૬૨૭, ૭૦૦, ૭૧૪, ૭૪૪, ૭૫૬, ૭૬૩.
- આવશ્યક નિર્યુક્તિ - ૩, ૪, ૫, ૬, ૧૦, ૧૩, ૧૪, ૨૧, ૨૩, ૨૪, ૩૧, ૩૬, ૩૭, ૪૫, ૪૬, ૬૭, ૬૯, ૭૩, ૭૪, ૧૧૪, ૧૧૫, ૧૧૬,

૧૭૩, ૨૪૧, ૩૦૮, ૪૨૮, ૫૪૭, ૫૫૭, ૫૬૫, ૫૭૫, ૫૮૩, ૬૦૯, ૬૧૩, ૬૩૪, ૬૯૬, ૬૯૯

- આવશ્યક મલયગિરિ વૃત્તિ - ૧૨, ૨૪, ૪૮, ૭૪, ૧૧૭, ૧૨૨, ૧૨૪, ૫૩૩, ૫૭૫, ૫૭૭, ૬૦૩, ૬૦૯

(ઇ)

- ઇન્ડિયન એન્ટીક્વેરી - ૫૦૦, ૫૦૩
- ઇન્ડિયન ફિલોસોફી - ૫૦૩
- ઇન્ડિયોલૉજિકલ સ્ટડીઝ - ૭૧૯

(ઈ)

- ઈશાન સંહિતા - ૧૩૨

(ઉ)

- ઉત્તર પુરાણ - ૪૮૦, ૪૮૧, ૪૮૩, ૪૮૬, ૪૮૮, ૪૯૧, ૫૩૯.
- ઉત્તરાધ્યયન ચૂર્ણિ - ૬૯૧
- ઉત્તરાધ્યયન સૂત્ર - ૩૧૫, ૩૩૦, ૩૭૦, ૩૭૨, ૩૭૭, ૩૮૨, ૩૮૩, ૪૬૩, ૫૩૦, ૫૪૮, ૬૫૦, ૬૫૮, ૭૦૯, ૭૩૫.
- ઉપકેશ ગચ્છ-ચરિતાવલી - ૫૨૫, ૫૨૯
- ઉપકેશ ગચ્છ-પ્રટ્ટાવલી - ૫૨૭, ૫૨૯
- ઉપાસક દશાંગ સૂત્ર - ૬૨૮, ૬૫૭, ૬૬૯, ૬૭૫, ૭૩૪
- ઉવવાઈ સૂત્ર - ૭૦, ૭૪૪, ૭૪૫, ૭૪૬

(ઋ)

- ઋગ્વેદ - ૪૨૯
- ઋષિભાષિત સુત્ત - ૪૨૯

(એ)

- એકવિંશતિસ્થાન પ્રકરણ - ૫૬૬
- એન એડ્વાન્સ્ડ હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા - ૭૬૯, ૭૭૪
- એનસાઇક્લોપીડિયા ઑફ ઇન્ડિયા - ૭૭૬
- એનસાઇક્લોપીડિયા ઑફ રિલિજન એન્ડ એથિક્સ - ૭૩૩
- ઇન્સિયેન્ટ જોગ્રાફી ઑફ ઇન્ડિયા - ૫૫૮
- એપિટોમ ઑફ જૈનિઝમ - ૭૬૮
- એસ. બી. ઈ. વૉલ્યૂમ - ૭૬૬

(ઐ)

- ❑ ઐન્દ્ર વ્યાકરણ - ૫૬૪

(ઔ)

- ❑ ઔપપાતિક સૂત્ર - ૬૧૬, ૬૩૨, ૬૪૫, ૬૬૨, ૭૪૫

(ક)

- ❑ કઠોપનિષદ - ૪૭૬
- ❑ કલ્પચૂર્ણિ - ૭૨૮
- ❑ કલ્પસૂત્ર - ૧૩, ૧૪, ૨૦, ૪૫, ૬૧, ૬૭, ૪૨૮, ૪૯૩, ૪૯૪, ૫૦૧, ૫૨૩, ૫૪૩, ૫૪૫, ૫૫૧, ૫૫૬, ૫૬૦, ૫૬૧, ૬૦૯, ૬૧૦, ૬૯૦, ૬૯૧, ૬૯૨, ૬૯૪
- ❑ કલ્પ કિરણાવલી - ૩૦
- ❑ કલ્પસૂત્ર સુબોધિની ટીકા - ૩૦, ૩૮, ૪૧, ૪૯૫, ૫૭૫
- ❑ કહાવલી - ૨૧, ૨૩
- ❑ કાર્પ્સ ઇન્સ્ક્રિપ્શન્સ ઇન્ડિકેશન્સ - ૭૭૬
- ❑ કાલમાધવીય નાગર ખંડ - ૧૩૨
- ❑ કુવળય માળા - ૬૧૭
- ❑ કૂર્મ પુરાણ - ૧૩૭
- ❑ કેદાર પટ્ટિક - ૭૧૯
- ❑ કેમ્બ્રિજ હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા - ૫૦૩

(ખ)

- ❑ ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલી - ૫૪

(ગ)

- ❑ ગીતા - ૪૭૭
- ❑ ગૌતમ ધર્મસૂત્ર - ૫૩૪

(ચ)

- ❑ ચઉવન્ન મહાપુરિસ ચરિયં - ૧૪૯, ૧૬૭, ૧૬૯, ૧૭૨, ૧૯૬, ૧૯૯, ૨૦૨, ૨૧૮, ૨૨૪, ૨૨૭, ૨૨૮, ૨૩૮, ૨૩૯, ૨૪૨, ૨૪૫, ૨૯૨, ૨૯૭, ૩૦૭, ૩૧૭, ૩૩૨, ૩૪૦, ૩૪૧, ૩૪૩, ૩૪૮, ૩૫૦, ૩૫૧, ૩૫૫, ૩૬૦, ૩૬૯, ૩૯૧, ૩૯૩, ૪૦૭, ૪૧૦, ૪૧૮, ૪૧૯, ૪૨૬, ૪૫૮, ૪૬૧, ૪૬૩, ૪૬૯, ૪૭૨, ૪૭૯, ૪૮૮, ૪૯૧, ૪૯૨, ૬૧૨, ૬૩૨, ૬૯૪, ૭૦૭.
- ❑ ચન્દ્રગુપ્ત મૌર્ય એન્ડ હિઝ ટાઇમ્સ - ૭૭૩
- ❑ ચાતુર્યામ - ૫૦૦

(છ)

- છાન્દોગ્યોપનિષદ - ૪૭૭

(જ)

- જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ - ૩, ૭, ૯, ૧૮, ૧૯, ૪૧, ૪૫, ૧૨૮, ૧૩૨, ૫૫૫, ૬૮૨, ૬૮૮
- જનરલ ઑફ બિહાર ઍન્ડ ઉડીસા રિસર્ચ સોસાયટી - ૭૬૯
- જાતક અટ્ઠકથા - ૭૪૨
- જીવન વિજ્ઞાન - ૫૪૮
- જૈન દર્શન - ૭૦૯
- જૈન પરમ્પરાનો ઈતિહાસ - ૫૨૯
- જૈન સાહિત્ય અને ઈતિહાસ - ૭૮૪
- જૈન સાહિત્યનો ઈતિહાસ - ૪૩૦
- જૈન સૂત્ર (એસ.બી.ઈ.) - ૫૦૬
- જ્ઞાતાધર્મ કથાંગ સૂત્ર - ૧૦, ૨૮૦, ૨૮૧, ૨૮૬, ૨૮૭, ૪૦૧, ૪૦૪, ૪૦૬, ૪૦૭, ૪૨૭, ૫૧૮, ૫૨૦, ૭૪૦.

(ત)

- તત્ત્વાર્થ સૂત્ર - ૧૦
- તિત્થોગાલી પઈન્નય - ૭૬૮, ૭૭૩
- તિલોય પણ્ણત્તિ - ૫, ૮, ૧૬૨, ૧૬૮, ૧૭૩, ૧૭૪, ૨૨૩, ૪૮૦, ૪૮૧, ૪૮૬, ૪૯૩, ૪૯૪, ૫૬૬, ૬૧૬, ૭૭૪.
- તીર્થંકર મહાવીર - ૫૮૯, ૫૯૫, ૬૪૮, ૭૪૧, ૭૪૨
- તીર્થંકર વર્દ્ધમાન - ૭૩૩
- તીર્થોદ્ધાર પ્રકીર્ણ - ૭૭૩
- ત્રિપિટક - ૭૨૦
- ત્રિલોકસાર - ૭૭૪
- ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર - ૫૧, ૫૪, ૫૬, ૭૨, ૧૧૭, ૧૧૮, ૧૨૨, ૧૬૨, ૧૬૭, ૧૭૨, ૧૭૪, ૧૯૬, ૨૦૨, ૨૦૫, ૨૦૮, ૨૧૧, ૨૧૩, ૨૧૫, ૨૨૧, ૨૨૪, ૨૨૫, ૨૨૮, ૩૧૯, ૩૪૫, ૩૪૬, ૩૫૧, ૩૫૨, ૩૫૫, ૩૫૯, ૩૬૦, ૩૬૨, ૩૬૮, ૩૭૦, ૩૭૬, ૩૭૮, ૩૮૦, ૩૮૨, ૩૯૩, ૪૦૪, ૪૦૭, ૪૦૯, ૪૧૧, ૪૧૮, ૪૧૯, ૪૨૬, ૪૨૭, ૪૬૧, ૪૬૨, ૪૭૦, ૪૭૨, ૪૭૯, ૪૮૦, ૪૮૨, ૪૮૪, ૪૯૦, ૫૩૭,

૫૩૮, ૫૪૯, ૫૫૧, ૫૫૪, ૫૬૦, ૫૬૧, ૫૬૩, ૫૭૧, ૫૭૪, ૫૭૬, ૫૮૫, ૫૮૬, ૫૮૯, ૫૯૪, ૬૦૮, ૬૧૭, ૬૧૯, ૬૨૦, ૬૨૨, ૬૨૩, ૬૩૨, ૬૫૮, ૬૭૬, ૬૮૫, ૬૯૪, ૭૦૦, ૭૩૯, ૭૪૧, ૭૬૩, ૭૬૮.

(દ)

- દર્શન દિગ્દર્શન - ૭૮૪
- દર્શનસાર - ૫૦૬, ૫૦૭
- દશ ભક્તિ - ૫૫૬, ૫૬૦
- દશવૈકાલિક સૂત્ર - ૩૮૬, ૬૮૫, ૭૧૩
- દશાશ્રુત સ્કંધ - ૭૪૦
- દાઇ લૈહ દેર જૈનાજ (જર્મન) ૬૪૭
- દીર્ઘનિકાય - ૫૦૦, ૫૦૬, ૭૨૬, ૭૩૦, ૭૩૨, ૭૩૩, ૭૬૭, ૭૭૦
- ધી ઉત્તરાધ્યયન સૂત્ર ઇન્ટ્રોડકશન - ૪૭૬
- ધી ફિલોસોફિઝ ઑફ ઇન્ડિયા - ૧૩૬
- ધી વન્ડર ધેટ વાઝ ઇન્ડિયા - ૪૭૫
- ધી સેક્રેટ બુક્સ ઑફ ધી ઈસ્ટ - ૪૭૫, ૫૦૨, ૫૫૬
- દૈવી ભાગવત - ૮
- દુ:ખ વિપાક - ૬૯૧

(ધ)

- ધમ્મપદ - ૧૩૫, ૭૨૦
- ધર્મ ઔર દર્શન - ૭૭૪
- ધર્મરત્ન પ્રકરણ - ૭૬૩

(ન)

- નન્દીશ્વર ભક્તિ - ૬૪
- નય સૂત્ર - ૬૪૭
- નારદ પુરાણ - ૧૧૩
- નાસદીય સૂક્ત - ૪૭૬
- નિરિયાવલિકા - ૫૦૭, ૫૦૯, ૫૧૩, ૫૧૬, ૬૩૩, ૭૪૪, ૭૫૪, ૭૬૨
- નિર્યુક્તિ દીપિકા - ૨૩
- નિશીથ ચૂર્ણિ - ૬૧૭, ૭૩૯

(પ)


- પઉમ ચરિયં - ૬, ૩૦૦, ૩૧૫, ૩૫૫
- પદ્મ ચરિત્ર - ૪૮૦, ૪૮૬
- પદ્મ પુરાણ - ૩૦૦, ૫૬૬
- પરિશિષ્ટ પર્વ - ૭૬૭, ૭૬૮
- પાઈય લચ્છી નામમાલા - ૫૮
- પાણિનિકાલીન ભારતવર્ષ - ૭૨૬
- પાતઞ્જલ મહાભાષ્ય - ૭૨૦
- પાતઞ્જલ યોગ સૂત્ર - ૭૦૯
- પાર્શ્વચરિત્ર - ૪૯૪, ૪૯૮, ૪૯૯
- પાર્શ્વનાથનો ચાતુર્યામ ધર્મ - ૪૯૮, ૫૦૦, ૫૦૫, ૫૦૬
- પાર્શ્વનાથની પરમ્પરાનો ઈતિહાસ - ૫૨૯, ૫૩૦
- પાર્શ્વનાથ ચારિત્ર - ૪૮૩, ૪૯૮, ૪૯૯
- પાસનાહ ચરિઉં - ૪૮૧, ૪૮૨, ૪૮૮, ૪૯૧, ૪૯૨
- પાસાદિક સુત્ત - ૫૦૬
- પૉલિટિકલ હિસ્ટ્રી ઑફ એન્સિયેણ્ટ ઈન્ડિયા - ૭૭૪
- પ્રબુદ્ધ કર્ણાટકા - ૭૭૯, ૭૮૦
- પ્રભાવક ચરિત્ર - ૫૬
- પ્રભાસ પુરાણ - ૪૩૦
- પ્રવચન સારોદ્ધાર - ૧૭૪,. ૨૨૩, ૪૨૮, ૫૦૨, ૭૩૮, ૭૩૯
- પ્રશ્ન વ્યાકરણ સૂત્ર - ૭૨, ૭૩, ૨૯૮
- પ્રાકૃત ભાષાઓનું વ્યાકરણ - ૬૧૭
- પ્રાકૃત સાહિત્યનો ઈતિહાસ - ૬૧૭
- પ્રાચીન ભારત - ૭૭૩


(બ)


- વાલ્મીકિય રામાયણ - ૫૦૨
- બિલોંગ્સ ઑફ ધી બૌદ્ધ - ૫૦૪
- બુદ્ધિષ્ટ ઈન્ડિયા - ૫૩૫
- બ્રહ્માંડ પુરાણ - ૭૩, ૧૩૭
- બ્રહ્માવર્ત પુરાણ - ૧૩૩

(ભ)


- ❑ ભગવતી સૂત્ર - ૫૫૭, ૫૮૫, ૫૮૬, ૫૯૭, ૬૦૫, ૬૧૯, ૬૨૦, ૬૨૨, ૬૨૫, ૬૨૮, ૬૨૯, ૬૩૧, ૬૩૨, ૬૩૭, ૬૩૮, ૬૪૦, ૬૪૩, ૬૪૫, ૬૪૯, ૬૫૫, ૬૫૮, ૬૬૦, ૬૬૨, ૬૬૫, ૬૬૮, ૬૭૧, ૬૭૨, ૬૭૫, ૬૮૫, ૬૮૭, ૭૧૦, ૭૧૭, ૭૨૦, ૭૩૦, ૭૩૨, ૭૩૬, ૭૩૭, ૭૪૬, ૭૫૪, ૭૫૫, ૭૫૭
- ❑ ભગવતી સૂત્ર અભયદેવીયા ટીકા - ૬૪૫
- ❑ ભગવાન બુદ્ધ - ૭૭૦, ૭૭૭
- ❑ ભગવાન મહાવીર - ૬૭૩
- ❑ ભરતેશ્વર બાહુબલી વૃત્તિ - ૬૨૨, ૬૩૪, ૭૬૨
- ❑ ભારતનો બૃહદ્ ઇતિહાસ - ૭૭૩
- ❑ ભારતીય ઇતિહાસ એક દૃષ્ટિ - ૪૭૫, ૭૪૨
- ❑ ભારતીય ઇતિહાસમાં જૈન ધર્મનું યોગદાન - ૫૦૭
- ❑ ભારતીય પ્રાચીન લિપિ માલા - ૭૭૫
- ❑ ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનું યોગદાન - ૪૭૭
- ❑ ભાવ પ્રકાશ નિઘણ્ટુ - ૬૪૬
- ❑ ભાવ સંગ્રહ - ૭૩૫


(મ)


- ❑ મજ્ઝિમ નિકાય - ૫૦૦, ૭૨૦, ૭૨૯, ૭૩૦, ૭૩૨, ૭૩૩, ૭૭૦
- ❑ મત્સ્ય પુરાણ - ૮
- ❑ મનુસ્મૃતિ - ૭, ૨૧, ૧૨૮, ૫૩૩, ૫૩૪
- ❑ મહાપરિનિવ્વાણ સુત્ત - ૫૫૮, ૭૭૦
- ❑ મહા પુરાણ - ૬, ૧૪, ૨૦, ૩૦, ૪૭, ૫૭, ૫૮, ૧૧૭, ૧૧૯, ૧૨૪, ૧૩૯, ૪૮૧, ૪૮૨, ૪૮૬, ૪૮૯
- ❑ મહાભારત - ૩૨૪, ૩૨૯, ૪૨૯, ૪૩૦, ૪૩૧, ૪૩૭, ૪૭૦
- ❑ મહાવંશ - ૫૨૭
- ❑ મહાવીર કથા - ૭૩૩
- ❑ મહાવીર ચરિયં - ૫૪૭, ૫૪૯, ૫૫૦, ૫૬૦, ૬૧૨, ૬૧૬, ૬૧૭, ૬૨૦, ૬૨૬, ૬૯૦, ૬૯૧, ૭૨૫, ૭૪૦, ૭૪૧, ૭૭૪
- ❑ મહાવીરનો સંયમ ધર્મ - ૭૩૧
- ❑ મહાસિંહનાદ સુત્ત - ૫૦૦

# ઇતિહાસ ગ્રંથમાળા પર પ્રાપ્ત વિદ્વાનોના લેખ

## ડો. દૌલતસિંહ કોઠારી, પદ્મ-વિભૂષણ
## ચાન્સલર - જવાહરલાલ નેહરુ વિશ્વવિદ્યાલય, નવી દિલ્હી

આચાર્યશ્રીના અથાગ ચિંતન, મનન, પરિશ્રમ અને અણમોલ માર્ગદર્શને 'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ'નામક ગ્રંથમાળાના રૂપમાં જે પ્રેરણાદાયી બહુમૂલ્ય દેન જૈન ધર્મ અને જૈન ઇતિહાસને પ્રાપ્ત થયેલ છે, તેના માટે પરમ પૂજ્ય આચાર્ય શ્રી હસ્તીમલજી મ.સા.નાં પ્રતિ મનના ઊંડાણથી અગાધ કૃતજ્ઞતા પ્રગટ કરીએ છીએ.

## શ્રી દેવેન્દ્રમુનિ 'શાસ્ત્રી'ના ઉદગાર (સંક્ષિપ્ત)

સાહિત્યની અન્ય વિદ્યાઓની અપેક્ષાએ ઇતિહાસનું લેખન દુષ્કર કાર્ય છે. તેમાં સત્ય તથ્યોની અન્વેષણા સાથે લેખકની તટસ્થ દૃષ્ટિ અપેક્ષિત હોય છે. જો લેખક પૂર્વગ્રહથી ગ્રસ્ત અને તેનામાં તટસ્થ દૃષ્ટિનો અભાવ હોય તો તે ઇતિહાસ-લેખનમાં સફળ ના થઈ શકે. મને પરમ આનંદ છે કે આચાર્ય પ્રવર શ્રી હસ્તી-મલજી મ.સા. એક તટસ્થ વિચારક, નિષ્પક્ષ ચિંતક અને આચાર પરંપરાના એક સજગ પ્રહરી સંતરત્ન છે. એમના જીવનના કણ-કણમાં અને મનના અણુ-અણુમાં આચાર પ્રતિ ગહરી નિષ્ઠા છે, અને તે ગહરી નિષ્ઠા ઇતિહાસના લેખનકળામાં યત્ર-તત્ર સહજ રૂપમાં પ્રગટ થઈ છે. પ્રત્યેક લેખકની પોતાની આગવી શૈલી હોય છે. વિષયને પ્રસ્તુત કરવાની પોતાની કળા હોય છે. પ્રત્યેક પાઠકનું લેખકના વિચારથી સહમત થવું આવશ્યક નથી, છતાં પણ અધિકાર સાથે કહી શકાય કે આચાર્ય પ્રવરના તત્ત્વાવધાનમાં બહુ જ દીર્ઘદર્શિતાથી ઇતિહાસનું લેખન કરવામાં આવ્યું છે. એમની પારદર્શી સૂક્ષ્મ પ્રતિભાનાં દર્શન ગ્રંથના પ્રત્યેક અધ્યાયમાં થઈ રહ્યાં છે. ગ્રંથની ભાષા પ્રવાહપૂર્ણ અને શૈલી ચિત્તાકર્ષક છે.

## શ્રી વિનયઋષિજી મહારાજસાહેબ (મહારાષ્ટ્રના મંત્રી તથા પ્રવર્તક)

ગ્રંથ શું છે, માનો સાહિત્યિક વિશેષતાઓથી ભરપૂર એક મહાન કૃતિ છે, જે ભારતીય સાહિત્ય ભંડારમાં, વિશેષતઃ જૈન સાહિત્યમાં અભિવૃદ્ધિની સાથે-સાથે એક જરૂરી આવશ્યકતાની સંપૂર્તિ કરે છે.

આ ગ્રંથ ઇતિહાસ પુરાતત્ત્વ અને શોધકાર્યની સાથે-સાથે અભ્યાસુ વિદ્વાનો તથા સાધારણ પાઠકોની જ્ઞાનપિપાસાને એકસાથે પૂર્ણ કરે છે. આ નવોદિત સર્વોત્તમ ગ્રંથરત્ન છે.

## આત્માર્થી મુનિશ્રી મોહનઋષિજી મ.સા.

અનેક વર્ષોની સાધના અને તપશ્ચર્યા પશ્ચાત્ આચાર્યશ્રીની આ કૃતિ સમાજની સામે આવી છે. આટલી લગનની સાથે આટલો પરિશ્રમ કદાચ જ આજ સુધી કોઈ અન્ય લેખકે કર્યો હશે ! ભાવિ પેઢી માટે અપૂર્વ દેન સિદ્ધ થશે.

**સમ્યગ્-દર્શન (સૈલાના) ૨૦ માર્ચ, ૧૯૭૨**
**સમીક્ષક : શ્રી ઉમેશમુનિ 'અણુ' (સંક્ષિપ્ત)**

પૂજ્યશ્રીની સૈદ્ધાંતિક દૃષ્ટિ આ લેખનકાર્યમાં બરાબર સ્થિર રહી છે. ભાષા પ્રવાહપૂર્ણ અને સરસ છે. કથા-રસપ્રેમી અને ઇતિહાસપ્રેમી બંનેની રુચિને સંતુષ્ટ કરવાનું સામર્થ્ય છે. આ ગ્રંથમાં આટલી વિશાળ પૃષ્ઠભૂમિમાં તીર્થંકરોના વિષયમાં એક જ ગ્રંથમાં પ્રમાણ આધારિત આલેખનો મારી દૃષ્ટિએ આ પ્રથમ વ્યવસ્થિત પ્રયાસ છે. ઐતિહાસિક શોધકર્તાઓ માટે આ ગ્રંથ ખૂબ જ સહાયક થઈ શકે છે. સંક્ષિપ્તમાં કહીએ તો ગ્રંથમાં ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં તીર્થંકરોની બાબતે ઉપલબ્ધ તથ્યો, પુરાણો આદિનો સમાવેશ કરીને એકાંગી દૃષ્ટિકોણ ન અપનાવીને સાચું મૂલ્યાંકન કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. મને વિશ્વાસ છે કે ઇતિહાસના વિદ્યાર્થીઓની માફક જ સાધારણ પાઠકવર્ગ દ્વારા પણ આ ગ્રંથનું પઠન-પાઠન કરવામાં આવશે.

**શ્રી મધુકર મુનિજી મ.સા.**

ઇતિહાસલેખન વસ્તુતઃ સરળ નથી. એના આલેખનમાં પ્રમુખ આવશ્યકતા હોય છે, 'તટસ્થતા' અને 'સજાગતા' અનેક પુરાતન અને નવ્ય-ભવ્ય ગ્રંથોના અધ્યયન, અવલોકન કર્યા પછી આચાર્યશ્રીજીએ આ ગ્રંથ તૈયાર કર્યો છે, અને તેમાં તેઓ સફળ થયા છે તેવો મારો અભિમત છે.

**પરમ વિદુષી મહાસતીજી શ્રી ઉજ્જ્વળ કુમારીજી મ.સ.**

તીર્થંકરોના જીવનની પ્રામાણિક સામગ્રી પ્રાપ્ત કરવા માટે આચાર્યશ્રીજીએ મહાન પરિશ્રમ કર્યો છે, એને જોઈ કોઈ પણ વ્યક્તિ ધન્યવાદ આપ્યા વગર રહી શકે નહિ.

**ડો. રઘુવીરસિંહ (M.A., ડી.લિટ.) સીતામઉ (મધ્ય પ્રદેશ)**
**૨૬ જાન્યુઆરી, ૧૯૭૨નો પત્રાંશ**

અત્યાર સુધી જૈન ધર્મનો પ્રામાણિક પૂરો ઇતિહાસ ક્યાંય પણ અને વિશેષ કરી હિન્દીમાં તો જોવા મળ્યો ન હતો, એથી આ ગ્રંથના પ્રકાશનથી એક બહુ મોટી કમી કંઈક અંશે પૂરી થઈ છે, તેથી આ ગ્રંથના પ્રકાશનને હું હૃદયપૂર્વક આવકારું છું. હર્મન જેકોબી આદિ કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ અવશ્યપણે જૈન ધર્મના ઇતિહાસ બાબતે કાંઈક ધ્યાન રાખ્યું હતું, છતાં અહીં પ્રાચીન ભારતીય ઇતિહાસ વિષયક સંશોધકો અને ઇતિહાસકારોએ જૈન ધર્મના ઇતિહાસ તથા તે સંબંધી આધાર-સામગ્રીની પ્રાયઃ ઉપેક્ષા જ કરી છે. જૈન ધર્મના ઇતિહાસની આધારસામગ્રી અધિકતર અર્ધમાગધી આદિ પ્રાચીન ભાષાઓમાં પ્રાપ્ત છે, અને તેનું સમ્યક્જ્ઞાન અને અધ્યયન ન થવાના કારણે પણ ઇતિહાસકારોએ ઉક્ત સામગ્રીમાં પ્રાયઃ જાણકારી તરફ ધ્યાન નહોતું આપ્યું, છતાં થોડું ધ્યાનમાં આવ્યું છે, તેથી આ વાત સ્પષ્ટ છે કે પ્રાચીન કાળમાં તો જૈન ધર્માવલંબીઓની ભારતીય ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે, તેથી પ્રાચીન ભારતીય ઇતિહાસના તે પ્રકરણનું સંપૂર્ણ અધ્યયન કર્યા વગર તે સંબંધી સત્યની જાણકારી થઈ શકશે નહિ. મારો વિશ્વાસ છે કે એ દૃષ્ટિથી પણ 'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ' વિશેષ રૂપથી ઉપયોગી અને સહાયક સિદ્ધ થશે.

પૂર્વ ઐતિહાસિક કાળના વિવરણને જૈનગ્રંથના આધાર પર પ્રસ્તુત કરી તે કાળ પર આગળ શોધ કરવાવાળાને તત્સંબંધી અધિક જાણકારી અને અધ્યયનમાં બહુ મોટી સહાયતા આપવામાં આવી છે. તત્સંબંધી જૈન પરંપરાઓનું અત્યાર સુધી અધ્યયન અને વિશ્લેષણ નહોતું થયું, કારણ કે સુનિશ્ચિત રૂપમાં સુબોધ ઢંગથી તે ઈતિહાસજ્ઞોને ઉપલબ્ધ નહતું. અતઃ હવે આ મૌલિક ઈતિહાસમાં પ્રસ્તુત વિવરણના આધારે તે પણ ભવિષ્યમાં સંભવ થઈ જશે.

જૈન ધર્મનાં તત્ત્વો આદિની પણ સરળ-સુબોધ ઢંગથી વ્યાખ્યા કરવામાં આવી છે. આમ આ ગ્રંથને બહુવિધ જાણકારીથી પરિપૂર્ણ બનાવવામાં આવ્યો છે. જૈન ધર્મ જ નહિ, પરંતુ ભારતીય સંસ્કૃતિ અને પુરાતન પરંપરાઓના પહેલુ-વિશેષની જાણકારીના ઈચ્છુકોની જાણકારી માટે આ ગ્રંથ બહુ જ ઉપયોગી અને પ્રામાણિક બનશે, તેથી આ વાત નિઃસંકોચ કહી શકાય કે હિન્દી સાહિત્યની વિશેષ ઉપલબ્ધીના રૂપમાં આ ગ્રંથને વિશેષ સ્થાન પ્રાપ્ત થશે.

### પંડિત હીરાલાલ શાસ્ત્રી (નસિયાં, બ્યાવર)

'મેં' આ ગ્રંથનું ઊંડાણપૂર્વક અધ્યયન કર્યું. દિગંબર અને શ્વેતાંબર પરંપરાની બાબતોને લગતા વિષયક ગ્રંથોનું મનન કરી જે નિષ્પક્ષતાથી આ ગ્રંથ લખવામાં આવ્યો છે, તેના માટે તેના લેખક-નિર્દેશક આચાર્યશ્રી હસ્તીમલજી મ.સા. તથા સંપાદક મંડળનું જૈનસમાજ સદૈવ ઋણી રહેશે. પ્રત્યેક તીર્થંકરના સમયમાં થયેલ શલાકા પુરુષ અને અન્ય પ્રસિદ્ધ પુરુષોનું ચરિત્રચિત્રણ કરીને સંક્ષિપ્તમાં અનેક ગ્રંથોના સારને મૂકી દેવામાં આવ્યો છે. આજના સમયમાં આવા જ જૈન ઈતિહાસના ગ્રંથની આવશ્યકતા ઘણા લાંબા સમયથી અપેક્ષિત હતી, એની પૂર્તિ કરીને ઈતિહાસ સમિતિએ એક મોટી કમીની પૂર્તિ કરી છે, એ માટે આપ સૌ ધન્યવાદને પાત્ર છો.

### શ્રી અગરચંદ નાહટા

પુસ્તક ખૂબ ઉપયોગી છે. ખૂબ પરિશ્રમથી તૈયાર થયેલ છે. આનાથી થોડાંક નવાં તથ્ય સામે આવેલાં છે. દિગંબર-શ્વેતાંબર તુલનાત્મક કોષ્ટક ઉપયોગી છે. આવા પુસ્તકની ઘણી જ આવશ્યકતા હતી.

### શ્રીચંદ જૈન M.A.,LL.B આચાર્ય અને ઉપાધ્યક્ષ, હિન્દી વિભાગ સાંદીપનિ સ્નાતકોત્તર મહાવિદ્યાલય, ઉજ્જૈન. (મ.પ્ર.)

વસ્તુતઃ ઈતિહાસ લખવું એ તલવારની ધાર પર તીવ્રગતિથી ચાલવા સમાન છે. આ કઠિન સાધનામાં સફળતા તે જ વિદ્વાનને પ્રાપ્ત થાય છે, જેના માનસમાં સત્ય પ્રાપ્ત કરવાની જ્વાલા અગ્નિજ્વાલાની માફક પ્રજ્વલિત હોય છે.

આચાર્ય શ્રી હસ્તીમલજી મ.એ જે સુનિશ્ચિત અને વ્યાપક દૃષ્ટિકોણને અપનાવીને જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ લખ્યો છે, તે તેમની સતત સાધનાનો એક અવર્ણનીય કીર્તિસ્તંભ છે. તેમાં તેમનું વિસ્તૃત અધ્યયન, નિષ્પક્ષ ચિંતન, અકાટ્ય તર્કશીલતા અને અંતર્મુખી આત્માનુભૂતિની નિષ્કલંક છબી પ્રસ્ફુરિત થઈ છે. જે પ્રકારે વ્યગ્ર તોફાનોમાં નાવિકનું ચાતુર્ય પરીક્ષિત થાય છે તેવી જ રીતે હજારો વિરોધી પ્રમાણોની પૃષ્ઠભૂમિમાં એક માનવતાવાદી, દાર્શનિક અને ઐતિહાસિક સત્યની સ્થાપના કરવામાં

ઇતિહાસકારની વિવેકશીલતા પ્રગટ થાય છે. પૂજ્ય હસ્તીમલજી મ.સા.ની લેખનીમાં આ વિશિષ્ટતા સર્વત્ર વિદ્યમાન છે. વિદ્વાનોની આ એક માન્યતા છે કે - 'ઇતિહાસ સુસ્ત વિષય છે, તેથી પાઠક તેને વાંચતાં જ ગોથા ખાય છે. પરંતુ પૂજ્ય આચાર્યશ્રીની શૈલી પૂર્ણરૂપેણ સરસ છે, સરળ છે અને ઊંચી છે. ગ્રંથમાં સર્વત્ર ભાષાશૈલીની સુઘડતા ઉલ્લેખનીય છે. ભાવોને વ્યવસ્થિત રૂપમાં પ્રગટ કરવાવાળી પ્રવાહપૂર્ણ આવી ભાષા બહુ જ ઓછા વિદ્વાનોના ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે.'

સમાલોચ્ય રચના એક એવા અભાવની પૂર્તિ કરે છે, જે સેંકડો વર્ષોથી જૈન-મનીષીઓને ખટકતું હતું. પરંતુ આસ્થા-વિશ્વાસની કમીના કારણે કોઈ નિષ્ઠાવાન ઇતિહાસના વિદ્વાન આગળ વધવાનું સાહસ કરી ના શક્યા. આ ગ્રંથમાં મૌલિકતાનું પ્રાધાન્ય છે. સાહિત્યસાધનાને સમર્પિત સંત જ આ મહાન કાર્ય કરી શકે છે.

પરિસ્થિતિઓનું ચિત્રણ આ રચનાની વિશેષતા છે. આ ઇતિહાસથી એવાં ઘણાં તથ્યો પ્રકાશમાં આવ્યાં છે કે જે ઐતિહાસિક પીઠિકાને બળવાન બનાવે છે. આનાથી પ્રસિદ્ધ ઇતિહાસકારોને પણ પોતાની માન્યતાઓને પરિવર્તિત કરવી પડશે. આચાર્યશ્રીની આ સાહિત્યસાધના યુગ-યુગો સુધી સ્મરણીય રહેશે. આવા મહિમામય ગ્રંથને પ્રકાશિત કરી ઇતિહાસ સમિતિ સાધુવાદને સર્વથા યોગ્ય છે.

**ડો. મહાવીરસરન જૈન એમ.એ., ડી.ફિલ, ડી.લિટ**
**અધ્યક્ષ - સ્નાતકોત્તર હિન્દી અને ભાષાવિજ્ઞાન વિભાગ. જબલપુર વિશ્વવિદ્યાલય**

'જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ' તીર્થંકર ખંડ મેં અંત સુધી વાંચ્યો. જૈન ધર્મના ચોવીસ તીર્થંકરોના સંબંધમાં પ્રચુરમાત્રામાં નવાં તથ્યોનું રહસ્યોદ્ઘાટન અને વિવેચન થયેલ છે. આ ઇતિહાસની સૌથી મોટી વિશેષતા એ છે કે તેનામાં ઉપલબ્ધ સમસ્ત સામગ્રીનો ઉપયોગ તથા દિગંબર અને શ્વેતાંબર બંને પરંપરાની માન્યતાને પ્રતિપાદિત કરવામાં આવેલ છે.

**સમીક્ષા**
**આકાશવાણી જયપુર. સમીક્ષક - સ્વ. શ્રી સુમનેશ જોશી**

પ્રસ્તુત ખંડમાં ચોવીસ તીર્થંકરો સંબંધમાં પ્રાચીન અને આધુનિક ગ્રંથોના પ્રકાશમાં અનુશીલનાત્મક, પ્રામાણિક અને સુવ્યવસ્થિત સામગ્રી પ્રસ્તુત કરવામાં આવેલ છે અને સાથે તે વાતોનું ખંડન પણ કરવામાં આવ્યું છે, જે ભ્રામક હતી. આચાર્યશ્રીએ નક્કી કરેલ છે કે આ ગ્રંથ સામાન્ય પાઠકો માટે સફળ, સુબોધ શૈલીમાં પ્રસ્તુત કરવામાં આવે. તેમને આ પ્રયાસમાં સંપૂર્ણ સફળતા મળી છે. પરિશિષ્ટમાં ચોવીસ તીર્થંકરો બાબતે અલભ્ય ઐતિહાસિક સામગ્રી વર્ગીકૃત ઢંગથી આપવામાં આવેલ છે, તેણે ગ્રંથનું મહત્ત્વ અનેકગણું વધારી દીધું છે.

જૈન પરંપરાના તીર્થંકરોના વિષયમાં એકસાથે આટલા વ્યવસ્થિત રૂપમાં સંભવત્ પ્રથમવાર જ ઇતિહાસ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. જૈન અને જૈનેત્તર એવા તમામ લોકો માટે આ ગ્રંથ અત્યંત મહત્ત્વનો છે. જે જૈન પરંપરાના ચોવીસે તીર્થંકરનું જીવનવૃત્તાંત, કઠોર તપસાધના અને એમનાં ઉદાત ચરિત્રોને જાણવા ઇચ્છે છે.

## અનેકાન્ત - શ્રી પરમાનંદ જૈન શાસ્ત્રી

ગ્રંથમાં યથાસ્થાને મતભેદો અને દિગંબર માન્યતાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે. લેખનશૈલીમાં ક્યાંય પણ કટુતા, સાંપ્રદાયિકતાનો ઉભાર થયો નથી. ભાષા સરળ અને મુહાવરેદાર છે. તેમાં ગતિ અને પ્રવાહ છે.

પરિશિષ્ટના ચાર્ટ બહુ ઉપયોગી છે. પુસ્તક પઠનીય અને સંગ્રહનીય છે.

## ડો. કમલચંદ સોગાની

ઈતિહાસ સમિતિ - જયપુર એક બહુ જ ઉત્તમ કાર્યમાં લાગેલી છે. આચાર્યશ્રીના અથક પરિશ્રમે આપણને આવું ઉત્તમ પુસ્તક પ્રદાન કર્યું છે.

તીર્થંકરોના પરંપરાગત ઈતિહાસ પર હજુ સુધી કોઈ પુસ્તક આવું વ્યવસ્થિત જોવા નથી મળ્યું. આમાં લેખકે તમામ દૃષ્ટિકોણથી તીર્થંકરોનાં ચરિત્ર લખવામાં સફળતા પ્રાપ્ત કરેલ છે. મૂળ સંદર્ભ ગ્રંથોની સૂચિ આપવાથી પુસ્તક પ્રામાણિક અને પ્રમાણિત બની ગયું છે.

## તીર્થંકર (ઇંદૌર) જાન્યુઆરી - ૧૯૭૨
## સમીક્ષક ડો. નેમીચંદ જૈન

આ ગ્રંથ આ દશકનું એક મહત્ત્વપૂર્ણ અને ઉલ્લેખનીય પ્રકાશન છે. આમાં જૈન તીર્થંકર પરંપરાને લઈને તુલનાત્મક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી જૈન તથ્યોને આંકલિત, સમીક્ષિત અને મૂલ્યાંકિત કરવામાં આવેલ છે. આમ તો જૈન ધર્મના ઈતિહાસની બાબતે છૂટાછવાયા પ્રયાસ થયા છે, પણ આ ગ્રંથનું આ સંદર્ભે સ્વતંત્ર મહત્ત્વ છે. આમાંની સામગ્રી પ્રામાણિક, વિશ્વસનીય, વ્યવસ્થિત અને વસ્તુન્મુખ છે.

ગ્રંથની મહત્તા એમાં નથી કે કયા તીર્થંકરની કેટલી સામગ્રીનો ઉલ્લેખ થયો છે, પણ પહેલીવાર આટલી વિપુલ માત્રામાં પ્રામાણિક, વૈજ્ઞાનિક, વિશ્વસનીય, તુલનાત્મક અને ગવેષણાત્મક ઢંગથી તમામ સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સમગ્રતા અને સમીક્ષાત્મક દૃષ્ટિ આ ગ્રંથની પ્રમુખ વિશેષતા છે. બીજી મહત્ત્વપૂર્ણ વાત છે કે આમાં કેવળ અથક શ્રમ અને સૂક્ષ્મ આલોડન જ નહિ, પરંતુ તથ્યોની સમીક્ષા કરવામાં આવી છે, તેથી જ આ ગ્રંથ સુવ્યવસ્થિત ઐતિહાસિક ગ્રંથ છે. સ્વતંત્ર ગવેષણાત્મક દૃષ્ટિના કારણે જૈનેતર સ્રોતોનો પણ ઉદારતાપૂર્વક આમાં ઉપયોગ થયેલ છે અને જૈન દૃષ્ટિથી લખવાથી તથ્યોના વિવાદથી બચી શકાયેલું છે. આચાર્યશ્રી હસ્તીમલજી મ.સા.ના સુયોગ્ય નિર્દેશનનું મણિકાંચન યોગ સર્વત્ર દ્રષ્ટવ્ય છે. એમનાં દ્વારા લખાયેલ પ્રાક્કથને આ ગ્રંથના મહત્ત્વને સ્વયંમેવ વધારી દીધેલ છે. પ્રાક્થનમાં કાંઈક મૌલિક તથ્યો પર પહેલીવાર વિચાર થયેલ છે જેમ કે - 'તીર્થંકર અને ક્ષત્રિયકુળ' 'તીર્થંકર અને નાથ સંપ્રદાય.' પરિશિષ્ઠે ગ્રંથની ઉપયોગિતામાં વૃદ્ધિ કરી છે. પ્રાયઃ જૈન ગ્રંથોમાં આટલા વ્યાપક અને તુલનાત્મક પરિશિષ્ઠ જોવા મળતાં નથી. પરંતુ આ ગ્રંથનાં ત્રણે પરિશિષ્ટ કંઈક વિશેષ તથ્યોને ઉજાગર કરે છે. આપવામાં આવેલ તથ્ય તુલનાત્મક અને શ્વેતાંબર તથા દિગંબર દૃષ્ટિકોણને અનાસક્ત ભાવે પ્રગટ કરે છે.

તથ્યોનાં પ્રતિપાદનની શૈલી સુબોધ અને રોચક છે. ઇતિહાસની નીરસતા અને શુષ્કતાની અપેક્ષાએ આ સાહિત્યમાં સહજ લોકભાષાની સમાયેલ છટા દેખાય છે. આ કારણે ગ્રંથ પઠનીયતામાં વૃદ્ધિ થઈ છે. જૈન વિચાર, આચાર અને સંબંધિત મહાપુરુષોને લઈને આ ગ્રંથ મૌલિક છે અને પોતાનામાં વિશેષ સ્થાન રાખવાવાળું છે.

અમને વિશ્વાસ છે કે આનું ઇતિહાસ અને ધર્મના મર્મજ્ઞોમાં સમાદર થશે અને જૈન ધર્મના વિભિન્ન સંપ્રદાય આની સમગ્રતાથી પ્રભાવિત થઈ અધિક નિકટ આવશે.

**જૈનસંદેશ - ૨૪ ફેબ્રુઆરી - '૭૨**
**સમીક્ષક : પં. કૈલાસચંદ્ર શાસ્ત્રી**

ક્યાંય પણ શૈલીમાં સાંપ્રદાયિકતાના દર્શન થતાં નથી. પુસ્તક પઠનીય છે. સંગ્રાહ્ય છે. લેખનની જેમ પ્રકાશન પણ આકર્ષક છે. આજના સમયે આવા પ્રકાશનની આવશ્યકતા છે. અમે ઇતિહાસ સમિતિને તેમના આવા સુંદર પ્રકાશન પર અભિનંદન પાઠવીએ છીએ.

**ડો. ભાગચંદ્ર જૈન M.A., Ph.D.**
**અધ્યક્ષ પાલિ પ્રાકૃત વિભાગ, નાગપુર વિશ્વવિદ્યાલય, નાગપુર**

આમાં અત્ર-તત્ર જૈનેતર સાહિત્યનો પણ ભરપૂર સંદર્ભ લેવામાં આવ્યો છે. શાસ્ત્રથી વિપરીત ન જવાનું વિશેષ ધ્યાન વિદ્વાન લેખકે રાખ્યું છે, છતાં પણ દિગંબર જૈન પરંપરાનાં, બૌદ્ધ તથા વૈદિક પરંપરાના ગ્રંથોનો સમાવેશ ઐતિહાસિક તથ્યોને યથાસ્થાને ઉદ્ઘાટિત કરવાનો મહારાજસાહેબનો પ્રયત્ન સરાહનીય છે.

ભાષા, ભાવ, શૈલી અને વિષયની દૃષ્ટિએ લેખક નિઃસંદેહ પોતાના લક્ષ્ય-પ્રાપ્તિમાં સફળ થયેલ છે. આવા મહાન ગ્રંથ માટે લેખક અને સંપાદક મંડળ ધન્યવાદને પાત્ર છે -

**જૈનસમાજના ઉચ્ચકોટિના વિદ્વાન શ્રી દલસુખભાઈ માલવણિયા**

આચાર્યશ્રીજી,

સાદર બહુમાનપૂર્વક વંદના. 'જૈન ધર્મકા મૌલિક ઇતિહાસ' ભાગ-૨ના રોચક પ્રકરણ અને આપની પ્રસ્તાવના વાંચી... આપના આ ગ્રંથમાં જૈન ઇતિહાસની ગુત્થિઓને સૂલજાવવામાં જે પરિશ્રમ કર્યો છે, જેવી તટસ્થતા દેખાડી છે, તે દુર્લભ છે. ચિરકાળ સુધી આપનો આ ઇતિહાસ ગ્રંથ પ્રામાણિક ઇતિહાસના રૂપમાં કાયમ રહેશે. નવાં તથ્યોની સંભાવના હવે ઓછી જ છે. જે તથ્ય આપે એકત્રિત કર્યાં છે, અને તેમને યથાસ્થાને ગોઠવ્યા છે, તે એક સૂજ્ઞ ઇતિહાસના વિદ્વાનના યોગ્ય કાર્ય છે. આ ગ્રંથને વાંચ્યા પછી આપના પ્રતિ જે આદર હતો તે ઓર વધી ગયો છે. આશા છે આગળના ભાગોમાં પણ આપ આવું જ કરશો.

શ્રી રાઠોડનું પરિશ્રમ અને બહુશ્રુત્વ આ કામમાં આપને સહાયક બન્યું છે, જેને આપે સ્વીકાર કરેલ છે. જે આપના તથા તેમના વ્યક્તિત્વને વધારે છે.

## જૈન ધર્મનો મૌલિક ઇતિહાસ (પ્રથમ ભાગ) પર જૈન ધર્મના શીર્ષ વિદ્વાન શ્રી દલસુખ માલવણિયાના દિલના ઉદ્ગાર

આચાર્યશ્રી,

સાદર બહુમાનપૂર્વક વંદન.

'જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ'ના રોચક પ્રકરણ તથા આપની પ્રસ્તાવના વાંચી. આપે જૈન ઈતિહાસની ગુત્થિઓને સુલઝાવવામાં જે પરિશ્રમ લીધો છે, જે તટસ્થતા દર્શાવી છે, તે દુર્લભ છે. આપ દ્વારા લિખિત આ ઐતિહાસિક ગ્રંથ 'ઈતિહાસ' રૂપે ચીરકાળ સુધી કાયમ રહેશે. નવાં તથ્યોની સંભાવના હવે પછી ઓછી રહે છે. જે તથ્ય આપે એકત્રિત કરીને ગ્રંથમાં યથાસ્થાને સજાવ્યાં છે, તે એક સુજ્ઞ ઈતિહાસવિદ્વાન જ કરી શકે. આ ગ્રંથનું વાંચન કરી - મનન કર્યા પછી આપના પ્રત્યે જે આદરભાવ હતો તે અનેકગણો વધી ગયો છે.

## નવાં તથ્ય તથા નવી વિશેષતા

- ભગવાન ઋષભદેવથી ભગવાન મહાવીર સુધીના યુગનું ગવેષણાપૂર્ણ ચિત્રણ.
- માનવ-સભ્યતાના આદ્યઃ પ્રવર્તક ભગવાન ઋષભદેવનું રોચક વિવેચન.
- ભગવાન અરિષ્ટનેમિ અને તેમના યુગ સંબધના નવીન ખોજપૂર્ણ તથ્ય.
- ભગવાન પાર્શ્વનાથના પુરુષાદાનીય સ્વરૂપ તથા તત્કાલીન અન્ય ધાર્મિક પરંપરાઓનો વિશિષ્ટ પરિચય.
- ભગવાન મહાવીરના જીવન, સાધના, પ્રભાવ તથા સંબંધિત યુગના વ્યાપક તથા ગોશાલકના જીવન અને મહાવીર તથા બુદ્ધના કાળ-નિર્ણય સંબંધિત નવીનતમ પ્રામાણિક દિગ્દર્શન.

પ્રકાશક

સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ
બાપૂ બજાર, જયપુર